Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનલીલા

કાકાસાહેબ કાલેલકર

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

३०५०१

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक ... ६८ ग
... ६०
... ३०५०१...
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

CH... 1973
Initial ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ..... 6४ ग / ८०१
पञ्जिका संख्या ३०५०१
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जीवनलीला

काकासाहेब कालेलकर

विश्वस्य मातरः सर्वाः
सर्वाश् चैव महा-फलाः ।
अित्येताः सरितो राजन्!
समाख्याता यथा-स्मृति ।।
— भीष्मपर्व ९–३७

नवजीवन प्रकाशन मंदिर
अमदावाद

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

સર્વ હક પ્રકાશક સંસ્થાને આધીન

साहित्य अकादमी, दिल्ही तरफथी सूचवायेली आवृत्ति
પહેલી આવૃત્તિ : પ્રત ૩,૦૦૦

બે રૂપિયા નવેમ્બર, ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનલીલા

મેં કોક ઠેકાણે લખ્યું જ છે કે મારા ભારતપ્રવાસનાં વર્ણનો સાહિત્ય-વિલાસ નથી પણ ભારત-ભક્તિનો અને પૂજાનો એક પ્રકાર છે. ભગવાનના ગુણ ગાવા એ જેમ નવવિધા ભક્તિમાંનો એક પ્રકાર છે તેમ જ ભારતની ભૂમિ, એના પહાડો અને પર્વતશ્રેણીઓ, નદીઓ અને સરોવરો, ગામડાંઓ અને શહેરો, એમાં વસતા લોકો અને એમનો પુરુષાર્થ, એમને આશ્રયે રહેતાં ગ્રામ્ય પશુપક્ષીઓ અને એમની સાથે અસહકાર કરી સ્વતંત્રતા ભોગવતાં વન્ય પશુપક્ષીઓ — એ બધાંનું વર્ણન કરી એમનો પરિચય કેળવવો એ ભારત-ભક્તિનો એક અત્યંત આનંદ-દાયક પ્રકાર છે. એ ભક્તિ એકાંતમાં પણ થઈ શકે અને લોકાન્તમાં પણ ચલાવી શકાય. જ્યારે જ્યારે એકાદ નવયુવકનું રખડુ ટોળું મને મળવા આવે છે અને કહે છે કે તમારી પ્રવાસની ચોપડીઓ વાંચીને અમે ભારતની યાત્રાએ ઊપડ્યા છીએ ત્યારે મને ઘણો આનંદ થાય છે. અને જાણે તેઓ મારા ઉપર ઉપકાર કરવા જ નીકળ્યા હોય એવી કૃતજ્ઞ-બુદ્ધિથી હું એમના તરફ જોઉં છું.

મારાં એ પ્રવાસવર્ણનોમાંથી ભારતની નદીઓને જે ભક્તિકુસુમોની અંજલિઓ મેં આપી છે તે બધી એકત્ર કરી ‘લોકમાતા’ને નામે પ્રજા આગળ ક્યારની ધરી છે. મહાભારતકારે આપણી નદીઓને विश्वस्य मातरः કહી છે. સ્તન્યદાયિની એ માતાઓનું વર્ણન કરતાં આપણા પૂર્વજો થાક્યા જ નથી. અને મારો અનુભવ છે કે એ જ નદીઓનાં નવી ઢબનાં સ્તોત્રો જો લોકો આગળ રજૂ કર્યાં હોય તો આજના લોકો પણ પ્રેમપૂર્વક એનું સ્વાગત કરે છે.

હવે સ્વરાજ સરકારે હમણાં જ સ્થાપન કરેલી સાહિત્ય ઍકેડેમીએ (ભારત-ભારતી પરિષદે) સૂચના કરી કે ‘લોકમાતા’માં બીજાં કેટલાંક પ્રવાસવર્ણનો ઉમેરી એક ચોપડી તૈયાર કરી આપો. અમારે એ હિંદુસ્તાનની પ્રમુખ ભાષાઓમાં આણી પ્રકાશિત કરવી છે.

એ અનુગ્રહનો સ્વીકાર કરતાં મેં વિચાર્યું કે ગમે તેવાં પ્રવાસ-વર્ણનો ઉમેરવા કરતાં નદી, પ્રપાત અને સરોવર સાથે ભળી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવાં સાગરનાં, સાગર-સંગમનાં અને સાગર-કિનારાની વિવિધ રમતના વર્ણનો જ આપી દઉં તો પંચમહાભૂતોમાંના એક અત્યંત આહ્લાદક તત્ત્વની લીલાનું વર્ણન એકત્ર આવશે અને આ નવી ચોપડીમાં એક જાતની એકરૂપતા સચવાશે. એ વિચાર મિત્રોને અને સાહિત્ય ઍકેડેમીના ગુજરાતી સલાહકારોને અને સંચાલકોને ગમ્યો એટલે 'લોકમાતા' હવે આ 'જીવનલીલા'ના રૂપમાં વાચકોની સેવા કરવા ઊપડે છે.*

*　　　　*　　　　*

ખરું જોતાં પંચમહાભૂતોના સંયોગથી જ જીવન સંભવે છે છતાં આપણા લોકોએ કેવળ પાણીને જ જે જીવન નામ આપ્યું એમાં ઘણું રહસ્ય રહેલું છે. આપણી પૃથ્વીની આસપાસ વાયુમંડળ ગમે તેટલું ઘેરાયું હોય અને એ 'વાતના આવરણ' વગર આપણે એક ક્ષણ પણ જીવી ન શકીએ એવી સ્થિતિ ભલે હોય. છતાં પૃથ્વીને મહત્ત્વ છે એને ઘેરાઈને રહેલા ઉદાવરણનું જ. ઉદકમાં જે તાજગી છે, જે જીવન-તત્ત્વ છે, તે નથી અગ્નિની જવાળામાં કે નથી પવનમાં કે વાવાઝોડામાં. પાણી જ્યાં વહે છે ત્યાં શીતળતા બક્ષે છે. રણને પણ ઉપવન બનાવે છે. અને બધાં પ્રાણીઓને અનેક જાતના જીવન પ્રયોગ કરવાની સગવડો પૂરી પાડે છે. જળનો સ્વભાવ ચંચલ છે, તરલ છે, ઊર્મિલ છે. અને એથીયે વિશેષ, વત્સલ છે.

નિસર્ગના નિરીક્ષણનો આનંદ અનુભવતાં પહાડો, ખેતરો, વાદળાંઓ અને એમના ઉત્સવરૂપ સૂર્યોદય અને સૂર્યાસ્તના રંગ-ચમત્કારો મેં નિહાળ્યા છે. દરેકની ખૂબી જુદી, દરેકની ચમત્કૃતિ અનેરી, છતાં પાણીના પ્રવાહમાંથી કે વિસ્તારમાંથી જે જીવન-લીલા પ્રગટે છે તેની અસરની તોલે આવે એવો બીજો પ્રાકૃતિક અનુભવ નથી. પહાડ ગમે તેટલો ઉત્તુંગ ગગનભેદી હોય, પણ જ્યાં સુધી તેના વિશાલ વક્ષને વીંધીને કોઈ મોટું

---

* 'લોકમાતા'માં ફક્ત નદીઓનું જ વર્ણન હોઈ એના મુખપૃષ્ઠ પર 'વિશ્વસ્ય માતરઃ' વાળો મહાભારતનો શ્લોક બંધ બેસતો હતો. હવે એ ચોપડીએ વ્યાપક 'જીવન-લીલા'નું રૂપ ધારણ કર્યું છે એટલે એ શ્લોક વાપરવામાં અવ્યાપ્તિનો દોષ આવે છે. છતાં પરંપરા જાળવવા એ શ્લોક અહીં પણ ભક્તિભાવે રહેવા દીધો છે. का. का.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે નાનું ઝરણું ભૂસકો મારે નહીં ત્યાં સુધી એ પહાડની ભવ્યતા કોરી, સૂની અને અલૂણી જ લાગે.

સંસ્કૃતમાં ड ळ योः सावर्ण्यम् એ ન્યાયને આધારે જળને જડ પણ કહેતા હશે. પણ ખરેખર જળને જડ કહેનારની બુદ્ધિ જ જડ હોવી જોઈએ. જો કોઈ પણ વસ્તુમાં ખરેખર જાડ્યનો અભાવ હોય તો તે જળ જ છે.

જેમ કોઈ પહાડને જોયા પછી એના શિખર સુધી ચડવાનું મન થવાનું જ અને શક્ય હોય તો ટોચ સુધી પગ ચાલવાના જ, તેવી રીતે પાણીનું પણ છે. નદીનાં ઉગમ અને મુખ શોધ્યા વગર માણસને સુખ વળે નહીં. પાણી જોયું કે પ્રથમ એની નજીક જવાનું મન થાય છે. જો એ પેય હોય તો તરસ ન હોવા છતાં એને ચાખવાનું મન થવાનું જ. સ્નાનથી બાહ્ય શરીર અને પાનથી શરીરના અંદરના ભાગ પાવન કર્યા વગર માણસને સંતોષ થાય જ નહીં. બીજી સગવડ ન હોય તો માણસ પાણીમાં આચમન કરવાનો અથવા કાંઈ નહીં તો પાણીનાં બે ટીપાં આંખની પાંપણને અડાડવાનો.

હિમાલયના ઠંડા પ્રદેશમાં જ્યાં કપડાં ઉતારવાનું પણ મુશ્કેલ હોય છે ત્યાં આપણા ધર્મનિષ્ઠ લોકો પંચસ્નાની કરે છે. પાણીમાં આંગળાં બોળીને બે આંગળાં કપાળને અડાડ્યાં એટલે એક સ્નાન પૂરું થયું. બે આંખને અડાડવાથી બીજાં બે સ્નાન થાય છે. પછી એ જ પાણીનાં ટીપાં બે કર્ણમૂળને અડાડવાથી પંચસ્નાની પૂરી થાય છે! પાણીના સ્પર્શ વગર માણસને લાગે નહીં કે આપણે પવિત્ર થયા છીએ.

માણસ મરી જાય ત્યારે એનું શરીર જે પૃથ્વીમાંથી આવ્યું તેના જ ઉદરમાં દાટી દેવું એ રિવાજ બધે છે. પણ આપણે એમાં સુધારો કર્યો. શરીરને સડવા દેવા કરતાં એને અગ્નિ-સંસ્કાર કરવો એ આપણે વધારે શ્રેયસ્કર માનીએ છીએ. અગ્નિને આપણે પાવક કહીએ છીએ. પાવક એટલે પવિત્ર કરનારો. વસ્તુ ગમે તેટલી ગંદી હોય, સડેલી હોય, અથવા અપવિત્ર હોય, અગ્નિસંસ્કાર થયો એટલે એ પાવન થઈ ગઈ. એટલા માટે આપણે છાણાં, લાકડાં, ચંદન, ધૂપ અને કપૂર જેવા જ્વાલાગ્રાહી પદાર્થો એકત્ર કરીને શરીરને અગ્નિસંસ્કાર આપીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં સુધી તો ઠીક, પણ જીવનનિષ્ઠ સંસ્કૃતિને આટલેથી સંતોષ ન થયો. અગ્નિસંસ્કારને અંતે જે અસ્થિ અને ભસ્મ બચી જાય છે તે અવશેષોને આપણે પવિત્ર એવાં જળાશયોમાં જ્યારે પધરાવીએ છીએ ત્યારે જ આપણને પરમ સંતોષ થાય છે.

મહાત્માજીનાં અસ્થિ અને ચિતાભસ્મ આપણે આખા દેશમાં જ્યાં જ્યાં પવિત્ર જળાશયો છે ત્યાં ત્યાં પહોંચાડી દીધાં, હિમાલયની પેલી પાર કૈલાસને રસ્તે ફેલાયેલા માનસ સરોવરમાં પણ કેટલાક અવશેષો છોડવામાં આવ્યા. પ્રયાગ જેવા યજ્ઞ-સ્થાનમાં પધરાવ્યા પછી કેટલાક અવશેષો આપણા લોકો સમુદ્રકિનારે પણ લઈ ગયા, અને નોંધવા જેવી વસ્તુ એ કે જે આફ્રિકા ખંડમાં ગાંધીજીએ સત્યાગ્રહની શોધ કરી અને પોતાનું જીવનકાર્ય આરંભ્યું તે આફ્રિકામાં લઈ જઈ નીલ નદીના ઊગમના પ્રવાહમાં પણ એ અસ્થિ પધરાવ્યાં અને એ રીતે પાણીનું સર્વોપરી પાવિત્ર્ય સ્વીકાર્યું.

એવા પાણીનાં દર્શનનો આનંદ જેમાં છલકાય છે તેવાં જ વર્ણનો આ સંગ્રહમાં ભેગાં કર્યાં છે.

એમ કરતાં એક નાનકડું વર્ણન 'સ્મરણયાત્રા'માંથી ડોકિયું કરીને પૂછવા લાગ્યું, "અને મને ન લો?" એની ઉપેક્ષા કરી તે માટે માફી માગીને મેં એને કહ્યું: "જરૂર, જરૂર, તને પણ જીવન-લીલામાં સ્થાન હશે જ." માનસિક સૃષ્ટિ, કલ્પના સૃષ્ટિ અને માયાવી સૃષ્ટિ એ પણ અંતે પાર્થિવ સૃષ્ટિ સાથે સૃષ્ટિ તો ખરી જ. એટલે માણસની આંખોને અને મૃગોની આંખોને જે જળ જેવું લાગે અને જેનો પ્રવાહ એ બંનેને ખેંચે છે, તે ભલે પ્રાણવાયુ અને ઉદ્જનવાયુમાંથી બનેલું ન હોય, એને જીવનલીલામાં સ્થાન હોવું જ જોઈએ, એમ કહી નાનપણમાં મુસાફરી કરતાં જોયેલું તેરદાળનું મૃગજળ પણ અહીં ઉમેર્યું છે.

જો સહારાના રણની આસપાસ બપોરે ગયો હોત તો એ વિરાટ રણેશ્વરનું અને ત્યાંના મૃગજળનું વર્ણન આમાં જરૂર લઈ આવત. પણ પશ્ચિમ આફ્રિકાથી ઉત્તરે જતાં વખત અને જાન બંનેને બચાવવા માટે સહારાનું આખું રણ મેં ઓળંગ્યું હતું રાતના અંધારામાં; અને તે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવાઈ જહાજની મદદથી. પશ્ચિમ આફ્રિકાની મધ્યયુગીન નગરી કાનોથી ઊપડી મધરાત પછી ટ્રિપોલી પહોંચ્યો ત્યાર સુધી આખો વખત મીટ માંડીને સહારા જોયું; પણ તે રાત્રે અંધારામાં અંધારાથી-ભિન્ન-એવું કશું દેખાયું નહીં. સહારાનું રણ ઓળંગ્યા છતાં ત્યાંનું મૃગજળ જોવાયું નહીં! જ્યારે વિમાનમાંથી ઊતર્યો ત્યારે એટલું જ કહી શક્યો—

लिम्पतीव तमोऽङ्गानि वर्षतीवांजनम् नभः ।

આપણા સંસ્કૃત કવિઓનાં નદી-વર્ણનો અને સ્તોત્રો ઉપર હું મુગ્ધ છું. એ સ્તોત્રોમાં સૌથી વિશેષ તો ભક્તિ તરી આવે છે. એમનું શબ્દલાલિત્ય અસાધારણ હોય છે. જાણે ભાષાપ્રવાહ નદીના વહેણ સાથે હરીફાઈ કરે છે. કોક કોક ઠેકાણે એકાદ શબ્દમાં કે સમાસમાં આબાદ વર્ણન પણ આવી જાય છે. પણ સરવાળે એ સ્તોત્રો વર્ણનો નહીં પણ માહાત્મ્યો જ હોય છે.

આજે આપણી ભૂખ છે યથાર્થ વર્ણનોની અને શબ્દચિત્રોની. એની સાથે સહેજસાજ માહાત્મ્ય અને ગમે તેટલું કાવ્ય આવી જાય તો તે ઇષ્ટ જ છે. પણ વર્ણન વાંચતાં નદી કે સરોવર રીતસર જોયાનો ઓછોવત્તો સંતોષ મળવો જોઈએ. નહીં તો જૈન પુરાણોમાં જેમ નગરીઓનાં વર્ણન આવે છે તેમ જ થવાનું. એ વર્ણનો ગમે ત્યાંથી ઊંચકીને ગમે તે શહેરને લગાડી દઈએ તો વાંધો નથી. ઘણી વાર લેખકો વર્ણનની બેચાર લીટીઓ લખીને પછી પ્રામાણિકપણે કહે છે કે અમુક વાર્તામાં અમુક નગરીનું વર્ણન આવે છે તે જ ત્યાંથી ઊંચકીને અહીં મૂકી દેવું. આવાં વર્ણનો ન ગણાય યથાર્થ ચિત્રણ અને ન ગણાય માહાત્મ્ય.

એક જૂના હિંદી કવિએ એક પહાડી કિલ્લાનું વર્ણન કર્યું છે. એમાં ઘોડાર સાથે ગજશાળાનું પણ વર્ણન છે. કવિને શંકા ન આવી કે પહાડ ઉપર હાથીઓ જાય શી રીતે! બીજે એક ઠેકાણે બગીચાના વર્ણનમાં ઠંડા મુલકમાં તેમ જ ગરમ મુલકમાં, સમુદ્રકિનારે અને પહાડ પર ઊગતાં તમામ ફળઝાડો અને ફૂલઝાડો એકત્ર આણ્યાં હતાં. અને ત્યાં તમામ ફૂલોને એકસાથે ખીલતાં અને ફળોને એકસાથે પાકતાં મહિના કે ઋતુની મુશ્કેલી નડી ન હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા સાહિત્ય પ્રકારો સદ્‌ભાગ્યે હવે બંધ થયા છે એ ખરું, છતાં આજના લેખકો પરિચયને અભાવે સામાન્ય વર્ણનો લખે છે: આકાશમાં તારાઓ ચળકતા હતા, બગીચામાં જાતજાતનાં ફૂલો ખીલ્યાં હતાં, જંગલમાં વૃક્ષવેલીની ગીચ વસ્તી હતી, એવાં એવાં સામાન્ય વર્ણનો કરીને તેઓ સંતોષ માને છે. લેખક આકાશને અને ત્યાંના તારાને ઓળખે નહીં, એમનાં નામ જાણે નહીં, કયાં ફૂલો કઈ ઋતુમાં ઊગે છે એ વિગતે જાણે નહીં, કયાં જંગલોમાં કેવાં ઝાડો ઊગે છે અને કેવાં નથી ઊગતાં એની માહિતી એની પાસે હોય નહીં, એટલે પછી એ કરે શું? શબ્દ-વૈભવ પાથરીને અનુભવ દારિદ્ર છુપાવવાનો ગમે તેટલો પ્રયત્ન કરીએ તોપણ દારિદ્ર ઉઘાડું પડ્યા વિના રહેતું નથી.

આપણા દેશમાં પ્રવાસનાં સાધનો હવે ઘણાં વધ્યાં છે. અને વધતાં જાય છે. ફોટોગ્રાફીની કળા એટલી બધી વધી છે કે હવે તે લલિતકળાની કોટિએ પહોંચવા મથે છે. દેશપરદેશની ભાષામાંનાં પ્રવાસ-વર્ણનો વાંચીને આપણી કલ્પના ઉદ્દીપિત થઈ શકે છે ત્યારે હવે આપણે ભારતીય ભાષાઓનું, પ્રવાસવર્ણન પૂરતું, દારિદ્ર દૂર કેમ ન કરીએ?

આપણા પ્રિય દેશને આપણે અનેક રીતે શણગારીશું અને ઊછરતી પેઢીને ભારત-ભક્તિની દીક્ષા આપીશું.

દેશ એટલે કેવળ જમીન, પાણી અને એના પરનું આકાશ જ નહીં પણ દેશમાં વસતા માણસો પણ છે; એ જેમ આપણે જાણવું જોઈએ, તેવી જ રીતે આપણી દેશ-ભક્તિમાં કેવળ માનવ પ્રેમ જ નહીં પણ પશુપક્ષી જેવાં આપણાં ભાંડુ પ્રત્યેનો પ્રેમ પણ સંમીલિત હોવો જોઈએ.

આપણી દેશભક્તિમાં નદી, પહાડ, પર્વતશ્રેણી અને એનાં ઉત્તુંગ શિખરો અને એ બધાં ઉપર ચળકતા તારાઓના પરિચયમાં અને ભારત-ભક્તિમાં આપણે આપણા પૂર્વજો સાથે હરીફાઈ કરવી જોઈએ. આપણા પૂર્વજોને પ્રતાપે ગંગા જેવી નદીઓ, હિમાલય જેવા પહાડો, ઠેર ઠેર વેરાયેલાં આપણાં ધર્મક્ષેત્રો, પીંપળ કે વડ જેવાં મહાવૃક્ષો, તુળસી જેવા છોડો, ગાય જેવાં જાનવરો, ગરુડ કે મોર જેવાં પક્ષીઓ, ગોપીચંદન અથવા ગેરુ જેવા માટીના પ્રકારો,– એ બધા જ જે દેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિ અને આદરના વિષયો થયા છે, તે દેશમાં સંસ્કારોની અને લાગણીઓની સમૃદ્ધિ વધારવાની આપણા જમાનાની આપણી ફરજ આપણે ન ચૂકીએ.

દાદાભાઈ નવરોજી પુણ્યતિથિ,
૧–૬–'૫૯, મુંબઈ

काका कालेलकर

सरिता-संस्कृति

જે જમીન કેવળ વરસાદના પાણીથી ભીંજાય છે અને જ્યાં મેઘરાજાને આધારે જ ખેતી થાય છે તેને દેવ-માતૃક કહે છે. જ્યારે જે જમીન આવી રીતે વરસાદ ઉપર આધાર ન રાખતાં નદીના પાણીથી ભીંજાય છે અને ખાતરીનો પાક આપે છે તેને નદી-માતૃક કહે છે. ભારતવર્ષમાં જે લોકોએ જમીનના આવી રીતે એ ભાગ પાડ્યા તેમણે નદીને કેટલું મહત્ત્વ આપ્યું છે એ આપણે સહેજે સમજી શકીએ છીએ. પંજાબનું નામ જ એમણે સપ્તસિંધુ પાડ્યું. ગંગા-યમુનાની વચ્ચે આવેલા પ્રદેશનું અંતર્વેદી નામ રાખ્યું. આખા ભારત વર્ષના 'હિંદુસ્તાન' અને 'દખ્ખન' એવા બે ભાગલા પાડનાર વિંધ્ય કે સાતપુડાને આગળ કરવાને બદલે આપણા લોકો સંકલ્પ બોલતી વખતે गोदावर्याः दक्षिणे तीरे અથવા रेवायाः उत्तरे तीरे એમ નદી દ્વારા વિભાગ પાડે છે. કેટલાંક વિદ્વાન બ્રાહ્મણ કુળોએ પોતાનું નામ જ એક નદી પરથી લીધું છે—સારસ્વત. ગંગાકાંઠે રહેનારા પુરોહિતો અને પંડાઓ પોતાને ગંગાપુત્ર કહેવામાં મગરૂબી અનુભવે છે. પ્રજા રાજાને રાજ્યપદ આપે ત્યારે ચાર સમુદ્ર અને સાત નદીઓનાં જળ આણીને એના પાણીથી રાજાને અભિષેક કરે ત્યારે જ સમજે કે, હવે રાજા રાજ્ય કરવાનો અધિકારી થયો. ભગવાનની રોજની પૂજા કરવી હોય ત્યારે પણ હિંદુસ્તાનની બધી નદીઓને પોતાના નાનકડા કળશમાં આવી બેસવાની પ્રાર્થના ભારતવાસી કરવાનો જ—

गंगे ! च यमुने.! चैव गोदावरि ! सरस्वति ! ।
नर्मदे ! सिंधु ! कावेरि ! जलेऽस्मिन् सन्निधिं कुरु ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતવાસી તીર્થયાત્રાએ જાય છે તે પણ મોટે ભાગે નદીની મુલાકાતે જ જાય છે. તીર્થ એટલે નદીનો આરો. નદીને જુએ કે એ એનું પણ ભાન ભૂલી જાય છે કે જે નદીમાં નાહીને આપણે પવિત્ર થઈએ છીએ એને વળી અભિષેક કરવાનું શું હોય? ગંગાનું જ પાણી લઈને ગંગાને જ અભિષેક કર્યા વગર એની ભક્તિને સંતોષ થતો નથી. સીતા જ્યારે રામચંદ્ર જોડે વનવાસે ચાલ્યાં ત્યારે દરેક નદીને ઓળંગતાની સાથે માનતા રાખે કે, સહીસલામત પાછાં ફરીશું ત્યારે તારો અભિષેક કરીશું. માણુસ મરી જાય ત્યારે પણ એને વૈતરણી નદી ઓળંગવાની હોય છે. ટૂંકામાં, જીવનમાં અને મરણમાં આર્યોનું જીવન નદી સાથે સંકળાયેલું છે.

એની મુખ્ય નદી ગંગા. તે કેવળ પૃથ્વી ઉપર નહીં પણ સ્વર્ગમાંયે વહે છે અને પાતાળમાંયે વહે છે, તેથી એ ગંગાને ત્રિપથગા કહે છે. પાપ ધોઈને જીવનમાં આમૂલાગ્ર પલટો ખાવાનો હોય ત્યારે પણ માણુસ નદીમાં જઈ કેડ સુધીના પાણીમાં ઊભો રહી એ વિષેનો સંકલ્પ કરે ત્યારે જ એને થાય છે કે, હવે આપણો સંકલ્પ બર આવવાનો. વેદકાળના ઋષિઓથી માંડીને વ્યાસ, વાલ્મીકિ, શુક, કાલિદાસ, ભવભૂતિ, ક્ષેમેન્દ્ર, જગન્નાથ — ગમે તે કવિ લો, નદીને જોતાંવેંત એની પ્રતિભા પુરજોશમાં વહેવા માંડે છે. આપણી કોઈ પણ ભાષાની કવિતા જુઓ, એમાં નદીનાં સ્તોત્રો મળવાનાં જ. અને હિંદુસ્તાનની ભોળી જનતાનાં લોકગીતો જુઓ તોપણ ત્યાં નદીનાં વર્ણનો ઓછાં નથી.

ગાય, બળદ અને ઘોડા જેવાં ઉપયોગી જાનવરોની જાતિઓ નક્કી કરતાં પણ આપણા લોકોને નદી જ યાદ આવે છે. સારા સારા ઘોડાઓ સિંધુ નદીને કિનારે ઉછેરવામાં આવતા, એટલે ઘોડાનું નામ જ પડ્યું સૈંધવ. મહારાષ્ટ્રના પ્રખ્યાત ટટ્ટુઓ ભીમા નદીને કિનારે ઉછેરાતા, એટલે એમને ભીમથડીના ટટ્ટુ કહેતા. મહારાષ્ટ્રની સારામાં સારી દૂધ આપનારી અને રૂપાળી ગાયોને અંગ્રેજો આજે પણ 'કૃષ્ણા વેલી બ્રીડ' કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ ગ્રામ્ય પશુઓની જાતિનાં નામ નદી પરથી પડ્યાં છે, તેમ ઘણી નદીઓનાં નામ પશુપક્ષીઓ પરથી પડ્યાં છે: ગો-દા, ગો-મતી, સાભર-મતી, હાથ-મતી, વાઘ-મતી, સારસ્વતી, ચર્મણ્વતી, ઇત્યાદિ.

મહાદેવની પૂજા માટે પ્રતીકરૂપે જે ગોળ લીસા પથરા(બાણ) વપરાય છે તે નર્મદાના જ હોવા જોઈએ. નર્મદાનું માહાત્મ્ય જ એટલું બધું કે ત્યાંના જેટલા કંકર તેટલા શંકર. જ્યારે વૈષ્ણવોના શાલિગ્રામ ગંડકી નદીમાંથી આવે છે.

તમસા નદી વિશ્વામિત્રની બહેન ગણાય છે, તો કાલિંદી યમુના પ્રત્યક્ષ કાળભગવાન યમરાજની બહેન છે.

એક એક નદી એટલે સંસ્કૃતિનો પ્રવાહ. દરેકની ખૂબી જુદી; પણ ભારતીય સંસ્કૃતિ અનેકતામાંથી એકતા ઉપજાવે છે, તેથી બધીય નદીઓને આપણે સાગરપત્ની ઠેરવી છે. સમુદ્રનાં અનેક નામોમાં સરિત્પતિ એ એનું મહત્ત્વનું નામ છે. સમુદ્રનાં જળ એટલા જ માટે પવિત્ર ગણાય છે કે બધી નદીઓ પોતપોતાનાં પવિત્ર જળ સાગરને અર્પે છે. सागरे सर्वं तीर्थानि ।

જ્યાં બે નદીઓનો સંગમ થાય છે એ સ્થાનને પ્રયાગ કહી આપણે પૂજીએ છીએ; એટલા જ માટે કે સંસ્કૃતિઓનો જ્યારે સંગમ થાય છે ત્યારે તેને પણ શુભસંગમ ગણતાં શીખીએ. સ્ત્રીપુરુષ વચ્ચે વિવાહ થાય તે ભિન્નગોત્રી જ હોવાં જોઈએ, એવો આગ્રહ રાખીને પણ આપણે એમ જ સૂચવ્યું છે કે, એક જ સંસ્કૃતિમાં સબડતા રહેવું એમાં કલ્યાણ નથી. ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ વચ્ચે મેળ ખવડાવતાં આવડવો જ જોઈએ. લંકાની લાડી ઘોઘાના (સૌરાષ્ટ્ર) વર સાથે પરણે ત્યારે જ એ બંનેમાં જીવનના બધા સવાલો પ્રત્યે ઉદારતાની દૃષ્ટિએ જોવાની શક્તિ આવે. ભારતીય સંસ્કૃતિ પહેલેથી છે જ સંગમ-સંસ્કૃતિ. આપણા રાજપુત્રોએ દૂર દૂરથી કન્યાઓ આણી હતી. કેકય દેશની કૈકેયી, ગાંધારની ગાંધારી, કામરૂપની ચિત્રાંગદા, છેક દક્ષિણની મીનાક્ષી મીનળદેવી, સાવ પરદેશથી આવેલી ઉર્વશી અને મહાશ્વેતા, એમ કેટલાયે દાખલા આપી શકાય. આજે પણ રાજાઓ બનતાં સુધી દૂર દૂરની કન્યાઓને પરણે છે. નદીઓ પાસેથી જ આપણે આ સંગમ-સંસ્કૃતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખ્યા છીએ. પોતપોતાની નદીને વફાદાર રહી ચાલો તો અંતે સમુદ્રમાં પહોંચી જવાના. ત્યાં કશો ભેદભાવ રહી શકતો નથી. બધું જ એકાકાર, સર્વાકાર અને નિરાકાર થઈ જાય છે. सा काष्ठा सा परा गतिः ।

नदी-मुखेनैव समुद्रम् आविशेत्

સવારે કે સાંજે નદીને કાંઠે જઈ નિરાંતે બેસીએ એટલે મનમાં અનેક જાતના વિચારો ઉદ્ભવે છે. રેતીનો ધોળો વિશાળ પટ રોજ જેવો ને તેવો જ દેખાય છે, છતાં ત્યાંનો દરેક કણ પવનથી અને પાણીથી સ્થાનભ્રષ્ટ થાય છે. આટલી બધી રેતી ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે? રેતીના પટ ઉપર ચાલીએ એટલે સ્પષ્ટ કે અસ્પષ્ટ પગલાં રેતીમાં ઊઠે છે. ઘડી બે ઘડી પવન વાયો એટલે તેનું 'નામોનિશાન' પણ રહેતું નથી. બે કાંઠાની મર્યાદામાં નદી વહે છે, કોઈ કાળે તે થોભતી નથી. પાણી આવે છે અને જાય છે, આવે છે અને જાય છે. 'નાનપણમાં મનમાં થતું, કે સાંભળ્યા પ્રમાણે મધરાતે આ પાણી સૂઈ જતું હશે અને સવારે સૌથી વહેલું ઊઠી ફરી વહેતું હશે. જેમ સૂરજ, ચન્દ્ર અને નવલખ તારા વિસામો લેવા પશ્ચિમ તરફ ઊતરે છે તેમ આ પાણી પણ રાત્રે સૂઈ જતું હશે. વિસામો દરેકને જોઈએ છે.' પછી જોઈ લીધું કે ના, નદીના પાણીને વિસામાની જરૂર નથી. તે વહ્યાં જ કરે છે.

નદી જોતાંવેંત વિચાર આવે છે,—આ આવે છે ક્યાંથી અને જાય છે ક્યાં સુધી? એ વિચાર અથવા એ સવાલ સનાતન છે. નદીને આદિ અને અંત તો હોવા જ જોઈએ. નદીને જેટલી વાર જોઈએ તેટલી વાર એ સવાલ મનમાં ઊઠે જ છે; અને એ સવાલ જેમ જેમ જૂનો થતો જાય છે તેમ તેમ તે વધારે ગંભીર, કાવ્યમય અને ગૂઢ બનતો જાય છે. આખરે મન રહેતું નથી, પગ થોભી શકતા નથી. મન એકાગ્ર થઈ પ્રેરણા આપે છે અને પગ ચાલવા લાગે છે. આદિ અને અંત શોધવા એ સનાતન ખોજ નદી પાસેથી જ આપણને મળી હશે અને તેથી આપણે જીવનપ્રવાહને પણ નદીની જ ઉપમા આપતા આવ્યા છીએ. ઉપનિષદ્કારો અને દેશી કવિઓ, મૅથ્યુ આર્નોલ્ડ જેવા યુરોપિયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિઓ અને રોમેં રોલાં જેવા નવલકથાકારો જીવનને નદીની જ ઉપમા આપે છે. આ દુનિયાની પ્રથમ પ્રવાસી તે નદી, તેથી જ જૂના યાત્રાળુ લોકોએ નદીનો ઉગમ, નદીનો સંગમ અને નદીનું મુખ એ અત્યંત પવિત્ર સ્થાનો ગણેલાં છે.

જીવનના પ્રતીક સમી નદી ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે? શૂન્યમાંથી આવે છે અને અનંતમાં સમાઈ જાય છે. શૂન્ય એટલે અત્યલ્પ, સૂક્ષ્મ પણ પ્રબળ; અને અનંત એટલે વિશાળ અને શાંત. શૂન્ય અને અનંત બંને સરખાં જ ગૂઢ છે, બંને અમર છે. બંને એક જ છે. શૂન્યમાંથી અનંત—એ સનાતન લીલા છે. કૌશલ્યા કે દેવકીના પ્રેમમાં સમાવા માટે જેમ પરબ્રહ્મે બાલરૂપ ધારણ કર્યું, તેમ કારુણ્યથી પ્રેરાઈને અનંત પોતે જ શૂન્યરૂપ ધારણ કરી આપણી આગળ ઊભું થાય છે. જેમ જેમ આપણી આકલન શક્તિ વધે છે તેમ તેમ શૂન્ય વિકસતું જાય છે અને પોતાનો જ વિકાસવેગ સહન ન થવાથી મર્યાદા ઓળંગી કે તોડી અનંત બની જાય છે—બિંદુનો સિંધુ બની જાય છે.

માનવી જીવનની પણ આ જ દશા છે. વ્યક્તિમાંથી કુટુંબ, કુટુંબમાંથી જાતિ, જાતિમાંથી રાષ્ટ્ર, રાષ્ટ્રમાંથી માનવ્ય અને માનવ્યમાંથી ભૂમા વિશ્વ, આમ હૃદયની ભાવનાઓ વિકસતી જાય છે. સ્વ-ભાષા દ્વારા આપણે પ્રથમ સ્વજનોનું હૃદય સમજીએ છીએ અને આખરે આખા વિશ્વનું આકલન કરીએ છીએ. ગ્રામમાંથી પ્રાંત, પ્રાંતમાંથી દેશ અને દેશમાંથી વિશ્વ એમ આપણે સ્વનો વિકાસ કરી સર્વમાં સમાઈ જઈએ છીએ.

નદીનો અને જીવનનો ક્રમ સરખો જ છે. નદી સ્વધર્મને વફાદાર રહે છે અને પોતાની કૂલ-મર્યાદા સાચવે છે તેથી જ પ્રગતિ કરે છે. અને અંતે નામરૂપનો ત્યાગ કરી સમુદ્રમાં અસ્ત થઈ જાય છે. અસ્ત થયા છતાં તે નષ્ટ નથી થતી; ચાલ્યાં જ કરે છે. એ છે નદીનો ક્રમ. જીવનનો અને જીવન્મુક્તિનો પણ તે જ ક્રમ છે.

જીવનદાયી કેળવણીના ક્રમ વિષે આ પરથી આપણે શો બોધ લઈશું?

૧૯૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अुपस्थान*

જુદે જુદે પ્રસંગે ભારતવર્ષની જે જે નદીઓનાં દર્શન થયાં હતાં તેમાંથી કેટલાંકનું અહીં સ્મરણ કર્યું છે. અહીં ભૂગોળમાં અપાતી માહિતી ભેગી કરવાનો ઉદ્દેશ નથી, નદીની આપણા વેપાર–વાણિજ્ય ઉપર થતી અસર નોંધવાનો પણ અહીં પ્રયત્ન નથી. આ તો ફક્ત આપણા દેશની લોકમાતાઓનું ભક્તિપૂર્વક કરેલું નવી પદ્ધતિનું ઉપસ્થાન છે.

આપણા પૂર્વજોની નદીભક્તિ લોકવિશ્રુત છે. આજેય તે ક્ષીણ થઈ નથી. યાત્રાળુઓની નાની મોટી નદીઓ તીર્થસ્થાનો તરફ વહીને એ પ્રાચીન ભક્તિ હજીયે એવી ને એવી જાગ્રત હોવાનો પુરાવો આપે છે.

ભક્તહૃદયો ભક્તિના આ ઉદ્‌ગારો શ્રવણ કરીને સંતુષ્ટ થાઓ. યુવાનોમાં લોકમાતાઓનું દર્શન કરવાની અને વિવિધ રીતે એમનું સ્તન્યપાન કરી સંસ્કૃતિ-પુષ્ટ થવાની ઝંખના જાગો.

* * *

હિંદુસ્તાનનાં બધાં જ સુંદર સ્થળોનું વર્ણન કરવું માનવીની શક્તિની બહારની વસ્તુ છે. ભગવાન વ્યાસ પોતે જ્યારે ભારતની નદીઓનાં નામો આપવા બેઠા ત્યારે તેમને પણ કહેવું પડ્યું કે જેટલાં યાદ આવે છે તેટલાંનું જ નામસંકીર્તન અહીં કર્યું છે. બાકીની અસંખ્ય નદીઓ રહી જ ગઈ છે.

મારો સંકલ્પ જાતે જોયેલી નદીઓમાંથી બની શકે તેટલીનું સ્મરણ અને વર્ણન કરી પાવન થવાનો હતો. આજે આ ભક્તિ કુસુમાંજલિ જોતાં મનમાં વિષાદ પેદા થાય છે કે કૃતજ્ઞતા વ્યક્ત થાય એટલી નદીઓનું પણ ઉપસ્થાન હું કરી શક્યો નથી. વર્ણવાઈ થોડી અને અણવર્ણવાઈ છે ઘણી એવી સ્થિતિ છે. જે પ્રાન્તમાં હું લગભગ પા સદી રહ્યો તે ગુજરાતની નદીઓ પણ મેં ક્યાં વર્ણવી છે? નર્મદા અને

* મૂળ ચોપડી લોકમાતાની પ્રસ્તાવનામાંથી થોડા ફેરફાર સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાબરમતી વિષે હમણાં હમણાં જ થોડું લખી શક્યો. તાપી અથવા તપતી વિષે લખ્યું નથી. એનો પરિતાપ મનમાં છે જ. એ નદી મધ્ય પ્રાંતમાં બૈતુલ પાસે ઊગમ પામે છે. બરહાણપુર, ભુસાવળ થઈને આગળ જાય છે. એની મદદ વડે એક વાર સુરતથી હજીરા સુધી જઈ આવ્યો છું. તાપી પાસેથી ભગવાન સૂર્યનારાયણના પ્રેમ વિષે પૂછી લેવાય અને અંગ્રેજોએ વેપારને મિષે સુરતમાં કોઠી કેમ નાખી હતી અને બાજીરાવે મહારાષ્ટ્રનું સ્વાતંત્ર્ય અંગ્રેજોને એ જ ઠેકાણે ક્યારે સોંપી દીધું એ વિષે પણ પૂછી શકાય.

ગોધરા જતાં જે નાનકડી મહી નદી જોઈ હતી તે જ ખંભાતથી કાવી બંદર સુધી કાદવનો વિસ્તાર કેમ પાથરી શકે છે તે જોવાનું પણ સદ્ભાગ્ય મને સાંપડ્યું છે. પૂર્વમાં મહાનદી અને પશ્ચિમમાં મહી નદી બન્નેનું કાર્ય વિશેષ પ્રકારનું છે. સૂર્યા, દમણગંગા, કોલક, અંબિકા, વિશ્વામિત્રી, કીમ વગેરે અનેક ગુજરાતી નદીઓની મીઠી મહેમાનગીરી મેં કોઈ ને કોઈ દિવસે ચાખી છે. એમને અંજલિ ન અર્પણ કરું તો નગુણો ગણાઉં. અને જે આજીને કિનારે મહાત્માજીએ નાનપણમાં તોફાનો કર્યાં હતાં, એ તો ખાસ અંજલિની અધિકારી છે. વઢવાણની ભોગાવો વિષે મેં ક્યાંક લખ્યું હશે. પણ તે ભોગાવો કરતાં રાણકદેવીના સ્મરણ તરીકે જ હશે.

આ બધું હું ક્યારે લખીશ તે જાણતો નથી. પણ લખવું છે એ વિષે શંકા કે સંકલ્પની મોળાશ નથી.

ગુજરાત બહાર નજર ફેરવીને બીજી નદીઓનું સ્મરણ કરું છું ત્યારે તરત યાદ આવે છે સૌથી મોટી બ્રહ્મપુત્રા. એ તો હિમાલયની પેલી પારથી માનસ સરોવરમાં ઊગમ પામે છે અને હિમાલયના ઉત્તર તરફ વહી જતા પાણીનું એકેએક ટીપું ભેગું કરી હિમાલયની આખી દીવાલ પાર કરી ડુંગરોના અને જંગલોના અજ્ઞાત પ્રદેશોમાંથી વહેતી આવીને આસામ તરફ છોડી દે છે; અને પછી સદિયા, ડિબ્રુગઢ, તેજપુર, ગૌહાટી, ઢુબ્રી વગેરે સ્થાનોને પાવન કરતી કરતી બંગાળમાં ઊતરે છે, અને ગંગાને મળવું છે એટલા જ ખાતર થોડેક સુધી યમુના નામ ધારણ કરી આગળ જતાં પદ્મા બને છે. 'ઇતિહાસના ઉષા-કાળ'થી માંડીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાપાનીઓના તાજેતરના હુમલા સુધીનો બધો જ ઇતિહાસ બ્રહ્મપુત્રાને વિદિત છે. પણ એ તાજા ઇતિહાસની ઘણી વિગત તો મણિપુરની ઇમ્ફાલ નદી જ પૂરી પાડી શકે છે. છતાં એ નદીને પૂછવા જતાં એ કહેશે કે મને પૂછવા કરતાં એ બધું તમારી ઐરાવતીની બહેનપણી છિંદવીનને જ પૂછો. એ તમને બધું કહેશે. અને મણિપુર તરફથી નાસી આવેલા લોકોનો અમુક ઇતિહાસ તો સુર્માઘાટીની બરાક નદીને જ પૂછવો પડશે.

મેં નદીઓ તો ઘણી ઘણી જોઈ છે પણ જેની ગૂઢગામિતા અને નચિંત બેપરવાઈ ઉપર હું વધારેમાં વધારે આશક થયો તે કાલીમ્પોંગ તરફની તીસ્તા ઉપર જ. શો એ નદીનો ઉન્માદ! અને શું એનું આત્મગૌરવનું ભાન!

ઉત્કલમાં હું અનેક વાર ફર્યો છું. ત્યાંની મહાનદી, કાટજુડી અને કાકપેયા તો છે જ પણ બરી-કટકથી પાછા વળતાં ખરસ્રોતાને કિનારે જોયેલા સૂર્યોદય, તેમ જ બીજે પ્રસંગે ઋષિકુલ્યા નદી વિષે સાંભળેલો ઇતિહાસ અને તેના કિનારાનું સૌંદર્ય હું કેમ જ ભૂલી શકું? જૌગઢનો અશોકનો પ્રખ્યાત શિલાલેખ જોવા ગયો હતો ત્યારે ઋષિકુલ્યાનાં દર્શન થયાં અને હું ભૂલતો ન હોઉં તો ધવલીનો હાથીવાળો શિલાલેખ જોવા જતાં રસ્તામાં એક નદીની બે નદીઓ થતી મેં જોઈ છે. બે નદીનો સંગમ જોવો એ એક વાત છે. બે નદીઓ ભેગી થઈને પોતાનો જલરાશિ વધારે છે અને સંભૂય-સમુત્થાનના સિદ્ધાંત પ્રમાણે મોટો વેપાર ખેડે છે. એ તો શક્તિ વધારવાનો પ્રયાસ છે. પણ એક જ નદી દૂરથી આવીને જ્યારે જુએ કે બે બાજુએ પોતાના જળની સરખી જ જરૂર છે ત્યારે કોનો પક્ષપાત કરે? પોતાનાં જે જળ છે તે જ વહેંચી દઈને બે પ્રવાહમાં જ્યારે એ વહે છે ત્યારે બે બાળકની માતા જેવી એ નદી દેખાય છે અને એને વિશેષ ભક્તિપૂર્વક પ્રણામ કર્યા વગર રહેવાતું નથી.

કાળી નદી ધોળી થયાનું કોઈએ સાંભળ્યું છે? કારવારમાં એક કાળી નદી મેં નાનપણમાં જોઈ હતી. તે તો સમુદ્રને મળતાં સુધી કાળી ને કાળી જ રહી. પણ ગોવા તરફ એક કાળી નદી છે જે સાગરને મળવાની આતુરતાને લીધે પહાડના માથા ઉપરથી નીચે એવું ઝુકાવી દે છે કે એનો કાવ્યમય ધોળો દૂધ જેવો ધોધ બને છે. એનું નામ પડ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે દૂધસાગર. કોઈ બાળાએ નાહ્યા પછી પોતાના વાળ સૂકવવા માટે ફેલાવ્યા હોય એવું આ દૂધસાગરનું દૃશ્ય છે. શરાવતીના થતા જોગના ધોધનું વર્ણન મેં ત્રણ વાર કર્યું છે, તો દૂધસાગરના ગંભીર લલિત કાવ્યનું મનન મારે દશ વાર કરવું જોઈએ.

હિમાલય જતાં જોયેલી રામગંગાનું અને હિમાલયની પેલી પારથી આવતી સરયૂ ઘોઘરાનું વર્ણન તો રહ્યું જ છે. પણ લંકા (સિલોન)માં જોયેલી સીતાવાકા અને એ ત્રણ ગંગાઓ વિષે પણ મેં ક્યાં લખ્યું છે? મધ્ય પ્રાંતમાં જોયેલી ધસાન વિષે મેં લખ્યું અને વેત્રવતી છોડી દીધી, એ કેમ ચાલે? ઉજ્જયની જતાં જોયેલી શિપ્રા નદીને સ્મરણાંજલિ ન આપું તો કાલિદાસ જ મને શાપ આપશે. મુરાદાબાદમાં જોયેલી ગોમતીનું સ્મરણ કરતાંવેંત દ્વારકાની ગોમતી યાદ આવે છે અને તે જ ન્યાયે સિંધની સિંધુ સાથે મધ્યભારતની નાનકડી સિંધુ પણ યાદ આવવાની.

કાઠિયાવાડમાં ચોરવાડ પાસેની સમુદ્ર સુધી જતાં અટકનારી મેગળ નદી મેં જોઈ નથી પણ એવી જ એક નદી અડયાર, મદ્રાસ પાસે જોઈ છે જેને અને સમુદ્રને બનતું નથી. અડયાર નદી સમુદ્ર તરફ હૃદયસમૃદ્ધિનો કાંપ લઈ આવે છે અને સમુદ્ર ચિડાઈને એની આગળ રેતીનો એક બાંધ ઊભો કરે છે. ખંડિતાનું એ દૃશ્ય એટલું બધું કરુણ છે કે એની અસર વર્ષો સુધી મન પર રહી છે.

એના કરતાં કેરળ દેશના 'બૅકવૉટર' સારા. ત્યાં સમુદ્ર સાથે સમાંતર, કિનારે કિનારે એક લાંબી નદી ફેલાયેલી છે, જાણે સમુદ્રને કહેતી હોય કે તમારાં ખારાં પાણીનાં તોફાન ભારતની ભૂમિ સુધી નહીં પહોંચવા દઉં.

એનો જ એક નાનકડો નમૂનો આપણને જૂહુ તરફ જોવાને મળે છે. જૂહુના નારિયેળના પ્રદેશની પશ્ચિમે સમુદ્ર છે. અને પૂર્વ તરફ કોક વાર પાણી ફેલાયેલું હોય છે. એ જ સ્થિતિ જો કાયમની થઈ જાય અને એ પાણી જો ઉત્તર દક્ષિણ પચાસ કે સો માઈલ સુધી ફેલાય તો મુંબઈના લોકોને કેરળના 'બૅકવૉટર્સ'નો કંઈક ખ્યાલ આવી શકે, પણ કેરળના એ ભાગનું સૃષ્ટિસૌંદર્ય તો પ્રત્યક્ષ જોયા વગર ધ્યાનમાં આવવાનું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંધના કમલ-સુંદર મંચર સરોવર વિષે થોડુંક આપ્યું છે પણ ઉત્કલ પ્રાંતમાં જોયેલા ચિલ્કા સરોવર વિષે લખવાનું હજુ બાકી છે. લૉર્ડ કર્ઝને એક વાર કહ્યું હતું કે "હિંદુસ્તાનમાં શ્રેષ્ઠ સૌંદર્યધામ હોય તો તે ચિલ્કા સરોવર જ છે." સ્વીડન અને નૉર્વે તરફનાં સમુદ્રશાખાનાં ચિત્રો જ્યારે જ્યારે જોઉં છું ત્યારે ત્યારે મને એક વાર જોયેલા ચિલ્કાનું સ્મરણ થયા વગર રહેતું નથી. ઉત્કલના એક કવિએ એ સરોવર ઉપર એક સરસ સુદીર્ઘ કાવ્ય લખ્યું છે.

નદીઓ અને સરોવરો વિષે લખ્યા પછી જીવન-તર્પણ પૂરું કરવા માટે હિંદુસ્તાન, બ્રહ્મદેશ અને સિલોનને કિનારે કરેલાં ખાસ સમુદ્ર-દર્શનો પણ મારે લખી કાઢવાં જોઈએ. કરાંચી, કચ્છ અને કાઠિયા-વાડથી માંડીને મુંબઈ, દાભોળ કારવાર કે ગોકર્ણ સુધીનો સમુદ્રકિનારો, ત્યાર પછી કાલિકટથી માંડીને રામેશ્વરમ અને કન્યાકુમારી સુધીનો દક્ષિણનો કિનારો, ત્યાંથી ઉપર ચડતાં પૉંડીચેરી, મદ્રાસ, મચ્છલીપટ્ટણ, વિઝગાપટ્ટણ, આદિ સૂર્યોદયનો પૂર્વ કિનારો, અને છેવટે, ગોપાલપુર, ચાંદીપુર, કોણાર્ક, અને પુરી-જગન્નાથથી માંડીને ઠેઠ હીરાબંદર સુધીનો દક્ષિણાભિમુખ સમુદ્ર કિનારો જ્યારે યાદ કરું છું ત્યારે કાંઈ નહીં તો પચાસ-પોણોસો દૃશ્યો એકસામટાં નજર આગળ વિશ્વરૂપ-દર્શનની પેઠે એક અદ્‌ભુત ભરતી-ઓટ ચલાવે છે. સિલોન અને રંગૂનનાં દૃશ્યો તો વળી જુદાં જ. હૈયામાં એ બધો આનંદ એટલો તો ભરેલો છે કે એ બધો એકસામટો વાણી દ્વારા વહેવરાવું તો સમુદ્રમાંથી નીકળીને અનેક દિશાએ વહેતી એક નવી અલૌકિક સરસ્વતી પેદા થઈ જાય. કાંઈ નહીં તો હૈયું હળવું કરવા માટે પણ એ બધાં સંસ્મરણોને ગતિ આપ્યે જ છૂટકો.

હિંદુસ્તાનના પહાડો અને જંગલો, રણો અને મેદાનો, શહેરો અને ગામડાંઓ બધાં રાહ જોઈને બેઠાં છે. ગામડાંઓની હિમાયત કરવા ખાતર શહેરોની ગમે તેટલી નિંદા કરતો હોઉં અને શહેરોમાંનું મારું કામ પૂરું થાય તે પહેલાં જ ત્યાંથી નાસી છૂટવાનું મન ભલે થતું હોય છતાં શહેરોનું વ્યક્તિત્વ હું ઓળખી શકું છું. એના પ્રત્યે પણ પ્રેમભક્તિનો ભાવ સંઘરી રહ્યો છું. શું શહેરો મારા સ્વદેશવાસીઓના પુરુષાર્થનાં પ્રતીક નથી? શું શહેરોમાં સંસ્કારિતાની પેઢીઓ આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોએ સ્થાપેલી નથી? શું દરેક શહેરે પોતાનું વાતાવરણ, પોતાની ટેક અને પોતાનો પુરુષાર્થ અખંડપણે ચલાવેલાં નથી? શહેરો જો ગામડાંનાં ભક્ષક કે શોષક મટી પોષક બની જાય તો એમને પણ દરેક સમાજ-હિતચિંતકના આશીર્વાદ મળ્યા વગર રહે નહીં.

મારે મન તો હિંદુસ્તાનમાં જોયેલાં અનેકાનેક સ્મશાનો પણ મારી ભક્તિના વિષય છે. પછી હરિશ્ચંદ્રે સાચવેલું કાશીનું સ્મશાન હોય, દિલ્હીની આસપાસનાં અનેક રાજધાનીઓનાં સ્મશાનો હોય, કે મહાયુદ્ધ પછી હમણાં જ આસામમાં જોયેલાં હવાઈ જહાજોનાં એ ત્રણ રમૂજી સ્મશાનો હોય. સ્મશાન એટલે સ્મશાન. એને જોઈને માણસના તેમ જ રાજવંશના, સામ્રાજ્યના તેમ જ સંસ્કૃતિના જન્મમરણ વિષે ઊંડામાં ઊંડા વિચારો મનમાં ઘોળાયા વિના રહેવાના નથી.

જેમાં મારે પોતે જ છેલ્લે પહોંચવાનું હશે તે એક સ્મશાન છોડીને બાકી બધાંનું વર્ણન કરવાનું મન થઈ આવે છે. એ જો ન થઈ શકે તો જેમ યુદ્ધમાં "કામ આવેલા" અજ્ઞાતવીરોને અને શ્રાદ્ધ વખતે અજ્ઞાત સગાંસંબંધીઓને એક સામાન્ય પિંડ કે અંજલિ અર્પણ કરવામાં આવે છે તેમ હરિશ્ચંદ્ર, વિક્રમ, ભર્તૃહરિ, અને મહાદેવના ઉપાસક અસંખ્ય યોગીઓએ જે સ્મશાનને પોતાનો વાસો કર્યો તે પ્રાતિનિધિક 'સર્વસામાન્ય સ્મશાન'ને એક અંજલિ અર્પણ કરવાનું મન તો છે જ.

શું આ બધું હું કરી શકવાનો હતો? મને એની ચિંતા નથી. ઈશ્વર જ અવતાર ધારણ કરે છે એમ નહીં. જેને જેને સંકલ્પ ઉદ્ભવે છે તેને તેને અવતાર લેવા જ પડે છે. એ ને એ જ જીવાત્મા અનેક અવતાર ધારણ કરે છે એમ માનવાનીયે જરૂર નથી. અવતાર ધારણ કરવો પડે છે, અદમ્ય સંકલ્પને. અદમ્ય સંકલ્પ જ સાચો વિધાતા છે. સંકલ્પ જન્મ્યો એટલે એમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થવાની. પછી તે સાહિત્યની શબ્દ-સૃષ્ટિ હોય, બ્રહ્મદેવની પાર્થિવ સૃષ્ટિ હોય કે કેવળ કલ્પનાની ચિત્ર-સૃષ્ટિ હોય.

એ સૃષ્ટિ મારફતે જીવનદેવતા પોતાનો અનંતવિધ ઉલ્લાસ માણ્યા જ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રાસ્તાવિક

- જીવનલીલા ૩
- सरिता-संस्कृति ९
- नदी-मुखेनैव समुद्रम् आविशेत् १२
- ઉપસ્થાન ૧૪

૧. સખી માર્કંડી ૩
૨. કૃષ્ણાનાં સંભારણાં ૫
૩. મુળાસુઠાનો સંગમ ૧૦
૪. સાગરસરિતાનો સંગમ ૧૩
૫. ગંગામૈયા ૧૬
૬. યમુનારાણી ૨૦
૭. મૂળ ત્રિવેણી ૨૪
૮. જીવનતીર્થ હરદ્વાર ૨૫
૯. દક્ષિણગંગા ગોદાવરી ૨૯
૧૦. વેદોની ધાત્રી તુંગભદ્રા ૩૭
૧૧. નેલ્લૂરની પિનાકિની ૩૮
૧૨. જોગનો ધોધ ૪૦
૧૩. જોગના ધોધનું પુનર્દર્શન ૫૮
૧૪. જોગનો કોરો ધોધ ૬૬
૧૫. ગુર્જરમાતા સાબરમતી ૭૨
૧૬. ઉભયાન્વયી નર્મદા ૭૮
૧૭. સંધ્યારસ ૮૫
૧૮. અંબા-અંબિકા ૮૬
૧૯. રેણુકાનો શાપ ૮૯
૨૦. ઉંચળ્ળીનો ધોધ ૯૧
૨૧. ગોકર્ણની યાત્રા ૯૮
૨૨. ભરતની આંખે ૧૦૮
૨૩. વેળગંગા અથવા સીતાનહાણી ૧૧૧
૨૪. ખેડૂત નદી ઘટપ્રભા ૧૧૫
૨૫. કાશ્મીરની દૂધગંગા ૧૧૬
૨૬. સ્વધુંની વિતસ્તા ૧૧૭
૨૭. સેવાવ્રતા રાવી ૧૨૧
૨૮. સ્તન્યદાયિની ચીનાબ ૧૨૫
૨૯. જમ્મુની તવી ૧૨૭
૩૦. સિંધુનો વિષાદ ૧૨૮
૩૧. મંચરની જીવનવિભૂતિ ૧૩૨
૩૨. મોજાંઓનો તાંડવયોગ ૧૩૮
૩૩. સિંધુ પછી ગંગા ૧૪૩
૩૪. નદી પર નહેર ૧૫૦
૩૫. નેપાળની વાગ્મતી ૧૫૨
૩૬. વિહારની ગંડકી ૧૫૫
૩૭. ગયાની ફલ્ગુ ૧૫૬
૩૮. ગરજતો શોણભદ્ર ૧૫૭
૩૯. તેરદાળનું મૃગજળ ૧૫૯
૪૦. ચર્મણ્વતી ચંબલ ૧૬૧
૪૧. નદીનું સરોવર ૧૬૨
૪૨. નિશીથ-યાત્રા ૧૬૬
૪૩. ધુવાંધાર ૧૭૮
૪૪. શિવનાથ અને ઈબ ૧૮૩
૪૫. દુર્દૈવી શિવનાથ ૧૮૬
૪૬. અબરી ઈબ ૧૮૮
૪૭. તેંદુલા અને સુખા ૧૯૦
૪૮. સહસ્રધારા ૧૯૪
૪૯. રણ કે સરોવર ૧૯૯
૫૦. ચાંદીપુર ૨૦૨
૫૧. સાર્વભૌમ ભરતી–ઓટ ૨૦૭
૫૨. કરાંચી જતાં ૨૦૯
૫૩. દક્ષિણને છેડે ૨૧૧
૫૪. સમુદ્રની પીઠ પર ૨૨૨
૫૫. સરોવિહાર ૨૨૯
૫૬. સુવર્ણદેશની માતા ઐરાવતી ૨૩૧
૫૭. સમુદ્રના સહવાસમાં ૨૩૬
૫૮. નીલોત્રી ૨૪૨
૫૯. અર્ણવનું આમંત્રણ ૨૫૦

ટિપ્પણ ૨૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનલીલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

સખી માર્કંડી

શું દરેક નદી માતા જ હોય છે? ના. માર્કંડી તો મારી નાનપણની સખી છે. એ એટલી નાની છે કે એને હું મોટી બહેન તરીકે પણ ન ઓળખાવી શકું.

બેળગુંદીના અમારા ખેતરમાં ઊમરાના ઝાડ તળે બપોરની છાયામાં બેઠો હોઉં ત્યારે માર્કંડીનો મંદ પવન જરૂર બોલાવવાનો. માર્કંડીને કાંઠે કેટલીયે વાર બેઠો છું, અને પવનનાં મોજાંથી ડોલતાં ઘાસનાં પાનાં કલાકો સુધી જોયા કર્યાં છે. માર્કંડીને કાંઠે અસાધારણ અદ્ભુત એવું કશું નથી. ખાસ ફૂલો નથી, જાતજાતના રંગવાળાં પતંગિયાં નથી, રૂપાળા પથરાયે નથી. પોતાના કલકૂજિતથી ચિત્તને અસ્વસ્થ કરે એવા નાનામોટા પ્રપાત ક્યાંથી જ હોય? ત્યાં છે ફક્ત પ્રેમળ શાંતિ.

ભરવાડો કહે છે કે માર્કંડી વૈજનાથના ડુંગરમાંથી આવે છે. મને એનું મૂળ શોધવાની કદી ઇચ્છા થઈ નથી. અમારા તાલુકાનો નકશો હાથમાં આવે તોયે એમાં માર્કંડીની લીટી હું ન શોધું, કેમ કે તેમ કરતાં એ સખી મટી નદી થઈ જાય! મને તો એના પાણીમાં મારા પગ છોડીને બેસવાનું જ ગમે છે. પગ મૂક્યો કે તરત જ ખળખળ ખળખળ એવો અવાજ શરૂ થાય. નાનપણમાં અમે કેટલીય વાતો કરતાં. એકબીજાનો સહવાસ જ અમારા આનંદને માટે બસ થતો. માર્કંડી શું બોલે છે તે સમજવાની હું દરકાર ન કરું અને હું જે બોલું એનો અર્થ કરવા માર્કંડી ન થોભે. અમે એકબીજાને ઉદ્દેશીને બોલીએ છીએ એટલું જ બંનેને બસ હતું. ભાઈબહેન ઘણે વરસે મળે એટલે એકબીજાને હજાર સવાલ પૂછે. પણ એ સવાલો પાછળ જિજ્ઞાસા નથી હોતી; એ તો પ્રેમ વ્યક્ત કરવાનો એક પ્રકાર હોય છે. સવાલ શો પૂછ્યો અને જવાબ શો મળ્યો એ તરફ ધ્યાન રાખવા જેટલી સ્વસ્થ વૃત્તિ પ્રેમમિલન વખતે ક્યાંથી રહે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહ્યાદ્રિના કાન્તારમાં મહાબળેશ્વર પાસે ઊગમ પામી સાતારા સુધી દોડતાં કૃષ્ણાને બહુ વાર લાગતી નથી. પણ એટલામાં જ વેણ્યા કૃષ્ણાને મળવા આવે છે. એ સંગમને લીધે જ માહુલીને માહાત્મ્ય મળ્યું છે. બે છોકરીઓ એકબીજીના ખભા પર હાથ મૂકી રમવા જતી હોય એવું એ દૃશ્ય કાંઈ નહીં તો પાંત્રીસ વરસ હૃદયમાં કોતરાયેલું રહ્યું છે.

કૃષ્ણાનું કુટુંબ બહુ મોટું છે. કેટલીયે નાનીમોટી નદીઓ એને આવી મળે છે. ગોદાવરી સાથે કૃષ્ણાને પણ મહારાષ્ટ્રમાતા કહી શકાય. જ્યારે આજની મરાઠી ભાષા બોલાતી નહોતી તે વખતનું આખું મહારાષ્ટ્ર કૃષ્ણાએ જ વ્યાપ્યું છે.

૨

'નરસોબાની વાડી' જતાં નાવ પર ગાડી ચડાવી અમે કૃષ્ણા ઓળંગી તે કૃષ્ણાનું બીજું દર્શન. અહીં એક બાજુએ ઊંચી ભેખડ અને બીજી બાજુએ દૂર સુધી પથરાયેલો કૃષ્ણાનો કાંપ અને એમાં ઊગતાં રીંગણાં, ચીભડાં, કાકડી અને તડબૂચનાં અમૃતખેતરો. કૃષ્ણાકાંઠાનાં એ રીંગણાં જેણે ખાધાં છે તે સ્વર્ગમાંયે તેની ઇચ્છા કરે. બબ્બે મહિના સુધી લાગલાગટ રીંગણાં જ ખાઈએ તોયે ધરાઈએ નહીં; કંટાળો તો શાનો જ આવે?

૩

સાંગલી પાસે કૃષ્ણાકિનારે 'સંસ્થાની મહારાષ્ટ્ર'નો રાજવૈભવ પહેલવહેલો જોયો. એ સરસ સરસ બાંધેલા વિશાળ ઘાટ, ઘાટીલાં અને ચળકતાં વાસણો ભરી ભરીને ઘેર પાણી લઈ જતી મહારાષ્ટ્રની લલનાઓ, પાણીમાં ભૂસકો મારી કાંઠા પરના લોકોને પલાળવાની હોંશ રાખનાર અખાડાબાજો, ક્ષુદ્ર ઘંટિકાના તાલબદ્ધ અવાજથી પોતાનું આગમન સૂચવનાર પહાડ જેવા હાથીઓ; અને કર્‌ર્‌ર્ એવો એકશ્રુતિ અવાજ કાઢી રસપાન કરવા નોતરનાર શેરડીનાં કોલુઓ — એ કૃષ્ણાબાઈનું ત્રીજું દર્શન.

મને તરતાં ઠીક આવડતું નહોતું. છતાં મોટી ગાગર પાણીમાં ઊંધી તરતી રાખી તેને આધારે તણાઈ જવા એક વખત અહીં નદીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યો પણ એક ઠેકાણે કાદવમાં એવો તો સપડાયો કે એક પગ કાઢવા જતાં બીજો વધારે અંદર જાય. અને કાદવ પણ કેવો ? જાણે કાળુંમેંશ માખણ જ ! મને થયું કે જંગમ મટી ઊંધા ઝાડ જેવા આપણે અહીં સ્થાવર થવાના. તે દિવસની ગભરામણ પણ હજી ભૂલી શક્યો નથી.

૪

ચિંચલી સ્ટેશન પર અમને હમેશાં કૃષ્ણા નદીનું પાણી પીવા મળતું. અમારા એક ઓળખીતા ત્યાં સ્ટેશનમાસ્તર હતા. અમને તેઓ હેતપૂર્વક એકાદ લોટો પાણી મગાવી આપતા. તરસ હોય કે ન હોય, પિતાશ્રી અમને બધાંને ભક્તિપૂર્વક પાણી પીવાનું કહેતા. કૃષ્ણા એ મહારાષ્ટ્રની આરાધ્ય દેવતા. એનું એક ટીપું પણ પેટમાં જાય તો પાવન થઈ જઈએ. જેના પેટમાં કૃષ્ણાનું એક બિંદુ પણ પહોંચ્યું છે તે મહારાષ્ટ્રીપણું ભૂલવાનો નથી. શ્રીસમર્થ અને શિવાજી મહારાજ, શાહુ અને બાજીરાવ, ઘોરપડે અને પટવર્ધન, નાના ફડનવીસ અને રામશાસ્ત્રી પ્રભુણે — ટૂંકામાં કહીએ તો મહારાષ્ટ્રનું સાધુત્વ અને વીરત્વ, મહારાષ્ટ્રની ન્યાયનિષ્ઠા અને મુત્સદ્દીપણું, ધર્મ અને સદાચાર, દેશસેવા અને વિદ્યાસેવા, સ્વતંત્રતા અને ઉદારતા, બધું જ કૃષ્ણાના વત્સલ કુટુંબમાં ઊછરેલું છે. દેહૂ અને આળંદીનાં જળ કૃષ્ણાને જ મળે છે. પંઢરપુરની ચંદ્રભાગા પણ ભીમા નામ ધારણ કરીને કૃષ્ણાને જ મળે 'ગંગાનું સ્નાન અને તુંગાનું પાન' એ કહેવતમાં જેનું ગૌરવ સ્વીકારાયું છે તે તુંગભદ્રા કર્ણાટકના પ્રાચીન વૈભવના સ્મરણ સાથે કૃષ્ણામાં જ ભળી જાય છે. સાચું કહીએ તો મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગણ (આંધ્ર) એ ત્રણ દેશનું ઐક્ય સાધવા માટે જ કૃષ્ણા નદી વહે છે. આ ત્રણે પ્રાંતોએ કૃષ્ણાનું દૂધ પીધું છે. કૃષ્ણામાં પક્ષપાતી પ્રાંતીયતા નથી.

૫

કૉલેજના દિવસો. મોટી આશાએ પૂનેથી મોટાભાઈને મળવા ઘેર ગયો. પણ હું પહોંચું તે પહેલાં જ તેઓ ઇહલોક છોડીને ગયા હતા. મારે નસીબે એમનાં ફૂલ કૃષ્ણાનાં પવિત્ર જળમાં પધરાવવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યું. બેલગામથી હું કૂડચી ગયો. સાંજનો વખત હતો. રેલવેના પુલ તળે કૃષ્ણાની પૂજા કરી. મોટાભાઈનાં અસ્થિ કૃષ્ણાના ઉદરમાં અર્પણ કર્યાં. નાહ્યો, અને પલાંઠી વાળી જીવનમરણનો વિચાર કરવા લાગ્યો.

કૃષ્ણાના પાણીમાં કેટલાયે મહારાષ્ટ્રવીરોનું અને મહારાષ્ટ્રના શત્રુઓનું લોહી ભળ્યું હશે! ચોમાસાની મસ્તીમાં કૃષ્ણાએ કેટલાયે ખેડૂતો અને તેમનાં ઢોરોને જળસમાધિ આપી હશે! પણ કૃષ્ણાને એનું શું? મદમત્ત હાથીઓ એના જળમાં વિહાર કરે અને વીતરાગ સાધુઓ એને કાંઠે તપશ્ચર્યા કરે, કૃષ્ણાને બંને સરખાં છે. મારા ભાઈનાં અસ્થિ અને કાંકરા થઈ ગયેલાં પહાડનાં અસ્થિ વચ્ચે કૃષ્ણાને શો ભેદ? માહુલીમાં પોતાના ખભા પર મને ઊભો કરી પાણીમાં ભૂસકો મારવા મને ઉત્તેજન આપનાર મોટાભાઈનાં અસ્થિ મારે હાથે એ જ કૃષ્ણાનાં જળમાં મારે પધરાવવાં પડ્યાં! જીવનલીલા કેવી અકળ!

૬

કૃષ્ણાના ઉદરમાં મારો એક બીજો ભાઈ પણ સૂતેલો છે. બ્રહ્મચારી અનંતબુવા મરઢેકર હૃદયની લાગણીથી મારા સગા નાના ભાઈ હતા, અને દેશસેવાના વ્રતમાં મારા મુરબ્બી મોટાભાઈ હતા. સ્વદેશી, રાષ્ટ્રીય શિક્ષણ અને ગોસેવા એ ત્રિવિધ કાર્ય કરતાં કરતાં તેમણે દેહ છોડ્યો. મારી સાથે ગંગોત્રી અને અમરનાથની યાત્રા તેમણે કરેલી. પણ કૃષ્ણાને કાંઠે આવીને જ તેઓ અમર થયા. ભક્તિની ધૂનમાં ને ધૂનમાં તેઓ ભાન ભૂલી જતા અને અનેક ઠેકાણે અથડાતા એનો મને હિમાલયના પ્રવાસમાં અનેક વાર અનુભવ થયેલો. હું એમને અનેક વાર વઢતો, પણ તેઓ ગણકારતા નહીં. તેઓ તો શ્રીસમર્થની પ્રાસાદિક વાણીની સાત્ત્વિક મસ્તીમાં જ રહેતા. કૃષ્ણાને પણ એમને વઢવાનું સૂઝ્યું હશે. મંદિરની પ્રદક્ષિણા કરતાં ઉપરથી એક ધરામાં પડ્યા અને દેવલોક પામ્યા. જ્યારે વાઈના પથરાળ પટ પરથી વહેતી ગંગાનું સ્મરણ કરું છું, કૃષ્ણામાં દર ચોમાસે શિરસ્નાન કરતાં દેવમંદિરનાં શિખરોનું દર્શન કરું છું, ત્યારે કૃષ્ણાને ત્યાં મારા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ભાઈ કાયમના પહોંચ્યા છે એનું સ્મરણ થયા વગર રહેતું નથી, અને સાથે સાથે અનંતબુવાની તપોનિષ્ઠ પણ પ્રેમસુકુમાર મૂર્તિનું દર્શન થયા વગર રહેતું નથી.

૭

સન ૧૯૨૧નું વર્ષ! ભારતવર્ષે એક વરસમાં સ્વરાજ્યસિદ્ધિ કરવાની હામ ભીડી છે. હિંદુ-મુસલમાન એક થયા છે. તેત્રીસ કરોડ દેવ સમાન ભારતવાસીઓ કરોડોની સંખ્યામાં જ વિચાર કરતા થયા છે. સ્વરાજ્યઋષિ લોકમાન્ય તિલકનું સ્મરણ કાયમ કરવા તિલક સ્વરાજ ફાળામાં એક કરોડ ભેગા કરવા છે. મહાસભાના છત્ર તળે કામ કરનાર સદસ્યોની સંખ્યા પણ એક કરોડ કરવી છે. અને પટ-વર્ધન શ્રીકૃષ્ણના સુદર્શન જેવા તેટલા જ રેંટિયા પણ આ ધર્મ-ભૂમિમાં ચાલતા કરવા છે. ભારતપુત્રો એ માટે બેઝવાડામાં ભેગા થયા છે, શ્રી અબ્બાસ સાહેબ, શ્રી પુણતાંબેકર, ગિદવાણીજી અને હું, અમે એકત્ર બેઝવાડા પહોંચી ગયા છીએ. એવે મંગલ પ્રસંગે શ્રી કૃષ્ણાં-બિકાનું વિરાટ દર્શન કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું. વાઈમાં જે કૃષ્ણાને કાંઠે બેસી સંધ્યાવંદન કરેલું અને ન્યાયનિષ્ઠ રામશાસ્ત્રી તથા રાજકાજપટુ નાનાની વાતો કરેલી તે જ નાનકડી કૃષ્ણાને અહીં આવડી મોટી થયેલી જોઈ પ્રથમ તો સાચું પણ ન લાગ્યું. ક્યાં માહુલીની પેલી નાનકડી સાંકળ અને ક્યાં યુરોપ અમેરિકાને સાંધનાર કેબલ જેવાં અહીંનાં રાંઢવાં! હજારો અને લાખો લોકો અહીં નાહવા આવતા. સ્થૂલકાય આંધ્ર ભાઈઓમાં આજે ભારતવર્ષના તમામ ભાઈઓ ભળી ગયા છે. 'રાષ્ટ્રીય' હિંદીનો વાક્‌પ્રવાહ જ્યાં ત્યાં સંભળાય છે. કૃષ્ણા નદીને વેણ્ણા, વારણા, કોયના, ભીમા, તુંગભદ્રા આવીને મળે તેમ ગામડાંના લોકો ટોળેટોળાં આવીને બેઝવાડામાં ઊભરાય છે. એવે વખતે રોજ કૃષ્ણામાં નાહવાનો લહાવો મળતો. જે કૃષ્ણાએ જન્મ-કાળનું દૂધ આપ્યું તે જ કૃષ્ણાએ સ્વરાજ્યકાંક્ષી ભારતરાષ્ટ્રનું ગૌરવશાળી દર્શન કરાવ્યું. જયકૃષ્ણે! તારો વિજય થાઓ : ભારતવર્ષ એક થાઓ, સ્વતંત્ર થાઓ!!

જુલાઈ, ૧૯૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

મુળામુઠાનો સંગમ

નદીઓ તો આપણે ઘણી જોયેલી હોય છે. પણ બે નદીઓનો સંગમ કંઈ સહેજે જોવાનો મળતો નથી. સંગમનું કાવ્ય જ જુદું.

બે નદીઓ મળે એટલે એમાંની એક પોતાનું નામ છોડી બીજીમાં ભળી જાય છે. બધા દેશોમાં આ નિયમ સચવાયલો દેખાય છે. પણ કલંક વગર જેમ ચંદ્ર શોભે નહીં તેમ અપવાદ વગર નિયમ પણ ચાલે નહીં. અને કેટલીક વાર નિયમ કરતાં અપવાદ જ વધારે ધ્યાન ખેંચે છે. ઉત્તર અમેરિકાની મિસિસિપી–મિસોરી પોતાનું સપ્તાક્ષરી લાંબું નામ દ્વંદ્વસમાસથી ધારણ કરી દુનિયાની લાંબામાં લાંબી નદી તરીકે મશહૂર થઈ છે. સીતાહરણથી માંડીને વિજયનગરના સ્વાતંત્ર્યહરણ સુધીનો ઇતિહાસ સંભારતી તુંગભદ્રા પણ તુંગા અને ભદ્રાના મિલનથી પોતાનું નામ અને મહત્તા મેળવી શકી છે. પૂનાને પોતાની કેડે રમાડતી મુળામુઠા પણ મુળા અને મુઠાના સંગમથી બનેલી છે.

સિંહગઢની પશ્ચિમ બાજુની ખીણમાંથી મુઠા આવે છે. ખડકવાસલા સુધીની મુણ્ડી ટેકરીઓ એનું રક્ષણ કરે છે. ખડકવાસલાના બાંધે તન્વંગી મુઠાનું સુદીર્ઘ સરોવર બનાવ્યું છે. આ સરોવરને કાંઠે ઝાડોયે નથી અને મંદિરોયે નથી. દહાડે વાદળાં ને રાત્રે તારા પોતાનાં ચિંતાજનક પ્રતિબિંબ આ સરોવરમાં પાડે છે. અહીંની જ મુઠા પાસેથી નહેરના રૂપમાં બે જબરદસ્ત કરભાર લેવામાં આવે છે, જેમાંથી જ પૂના અને ખડકીની વસ્તી ધરાઈને પાણી પીએ છે. મુઠાને કાંઠે શેરડીનું વાવેતર વધતું જાય છે. વસંતઋતુમાં જ્યાં જુઓ ત્યાં શેરડીના કોલુ બાંગ પોકારી પોકારી લોકોને રસપાનનું સ્મરણ કરાવે છે, લકડીપુલને નામે ઓળખાતા પણ પથ્થરના બાંધેલા પુલ તળેથી નદી આગળ જાય છે અને દગડીપુલ નામથી ઓળખાતા પણ પથ્થરના નક્કર બાંધને વટાવે છે. ત્યાર પછી જ એને બહેન મુળાનો સંગમ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લકડીપુલથી ઓંકારેશ્વર સુધી ગમે તેટલાં મડદાં બળતાં હોય તોયે સંગમ વખતે એનો વિષાદ મુઠાના મોઢા પર દેખાતો નથી.

આટલો શાંત સંગમ બીજે ભાગ્યે જ હોય. આ જ સંગમ પર કૅપ્ટન મૅલેટ પેશવાઈની અંતઘડીની રાહ જોતો ધામા નાખી પડ્યો હતો. આજે તો સંસ્કૃત ભાષાનું સંશોધન યુરોપિયન પંડિતોના હાથમાંથી પાછું છીનવી લેવા મથતા આર્ય પંડિત ભાંડારકરનો સંગમાશ્રમ જ અહીં શોભે છે. સંસ્કૃત વિદ્યાના પુનરુદ્ધારને અર્થે સ્થાપેલી પાઠશાળાનું રૂપાંતર કરી જૂનાનવાનો સંગમ કરનાર ડેક્કન કૉલેજની સ્થાપના પણ આ સંગમ પાસે જ શોભે છે. અહીં ગોરાઓએ નૌકાવિહારને અર્થે નદીને બાંધ બાંધી પાણી રોક્યું છે, અને મચ્છરોના વિશાળ કુળને પણ અહીં આશ્રય આપ્યો છે. પાસેની ટેકરી પર ગુજરાતના એક લક્ષ્મીપુત્રની ઉત્તુંગશિરસ્ક પણ નમ્રનામધેય 'પર્ણકુટી' આવેલી છે. માણસની સ્વતંત્રતા હરી લેનાર યરોડાનું કારાગાર અને પ્રાણહરણપટુ લશ્કરી દારૂખાનું પણ આ સંગમથી બહુ દૂર નથી. કોણ જાણે કેટકેટલી વિચિત્ર વસ્તુનો સંગમ મુળામુઠાને કાંઠે થતો હશે ને થવાનો હશે! બાંધ પાસે આવેલા બંડ ગાર્ડનમાં લક્ષાધીશ ને ભિક્ષાધીશ લોકોનો સંગમ થાય છે એ પણ એનો જ એક દાખલો છે.

છેલ્લા બાંધ પરથી હાશ કરીને છૂટી જતાં મુળામુઠા અહીંથી આગળ ક્યાં જાય છે એની ખબર કોણ રાખે?

મહારાષ્ટ્રની નદીઓમાં ત્રણ નદીઓ સાથે મારી વિશેષ આત્મીયતા છે. માર્કણ્ડી મારી બાળપણની સખી, મારા ખેડૂત જીવનની સાક્ષી, અને મારી બહેન આક્કાની પ્રતિનિધિ. કૃષ્ણાને કાંઠે તો મારો જન્મ જ થયેલો. મહાબળેશ્વરથી માંડી બેઝવાડા અને મછલીપટમ સુધીનો એનો વિસ્તાર અનેક રીતે મારા જીવન સાથે વણાયેલો. અને ત્રીજી તે મુળામુઠા. બાળપણમાં અમે બધા ભાઈઓ કેળવણીને અર્થે પૂનામાં જઈ રહેલા, તે વખતથી મુળા અને મુઠાનો સંગમ મારી બાળકલ્પનાનો સાક્ષી છે. કૉલેજના દિવસોમાં અમે જે ક્રાન્તિકારી વિચારો સેવેલા તે પણ મુળામુઠા જાણે છે. પણ એ બધાં સંસ્મરણો કરતાં ચઢી જાય છે મહાત્મા ગાંધી સાથે ગાળેલા એના કાંઠાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

મુળામુઠાનો સંગમ

નદીઓ તો આપણે ઘણી જોયેલી હોય છે. પણ બે નદીઓનો સંગમ કંઈ સહેજે જોવાનો મળતો નથી. સંગમનું કાવ્ય જ જુદું.

બે નદીઓ મળે એટલે એમાંની એક પોતાનું નામ છોડી બીજીમાં ભળી જાય છે. બધા દેશોમાં આ નિયમ સચવાયલો દેખાય છે. પણ કલંક વગર જેમ ચંદ્ર શોભે નહીં તેમ અપવાદ વગર નિયમ પણ ચાલે નહીં. અને કેટલીક વાર નિયમ કરતાં અપવાદ જ વધારે ધ્યાન ખેંચે છે. ઉત્તર અમેરિકાની મિસિસિપી–મિસોરી પોતાનું સપ્તાક્ષરી લાંબું નામ દ્વંદ્વસમાસથી ધારણ કરી દુનિયાની લાંબામાં લાંબી નદી તરીકે મશહૂર થઈ છે. સીતાહરણથી માંડીને વિજયનગરના સ્વાતંત્ર્યહરણ સુધીનો ઇતિહાસ સંભારતી તુંગભદ્રા પણ તુંગા અને ભદ્રાના મિલનથી પોતાનું નામ અને મહત્તા મેળવી શકી છે. પૂનાને પોતાની કેડે રમાડતી મુળામુઠા પણ મુળા અને મુઠાના સંગમથી બનેલી છે.

સિંહગઢની પશ્ચિમ બાજુની ખીણમાંથી મુઠા આવે છે. ખડકવાસલા સુધીની મુણ્ડી ટેકરીઓ એનું રક્ષણ કરે છે. ખડકવાસલાના બાંધે તન્વંગી મુઠાનું સુદીર્ઘ સરોવર બનાવ્યું છે. આ સરોવરને કાંઠે ઝાડોયે નથી અને મંદિરોયે નથી. દહાડે વાદળાં ને રાત્રે તારા પોતાનાં ચિંતાજનક પ્રતિબિંબ આ સરોવરમાં પાડે છે. અહીંની જ મુઠા પાસેથી નહેરના રૂપમાં બે જબરદસ્ત કરભાર લેવામાં આવે છે, જેમાંથી જ પૂના અને ખડકીની વસ્તી ધરાઈને પાણી પીએ છે. મુઠાને કાંઠે શેરડીનું વાવેતર વધતું જાય છે. વસંતઋતુમાં જ્યાં જુઓ ત્યાં શેરડીના કોલુ બાંગ પોકારી પોકારી લોકોને રસપાનનું સ્મરણ કરાવે છે, લકડીપુલને નામે ઓળખાતા પણ પથ્થરના બાંધેલા પુલ તળેથી નદી આગળ જાય છે અને દગડીપુલ નામથી ઓળખાતા પણ પથ્થરના નક્કર બાંધને વટાવે છે. ત્યાર પછી જ એને બહેન મુળાનો સંગમ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લકડીપુલથી ઓંકારેશ્વર સુધી ગમે તેટલાં મડદાં બળતાં હોય તોયે સંગમ વખતે એનો વિષાદ મુઠાના મોઢા પર દેખાતો નથી.

આટલો શાંત સંગમ બીજે ભાગ્યે જ હોય. આ જ સંગમ પર કૅપ્ટન મૅલેટ પેશવાઈની અંતઘડીની રાહ જોતો ધામા નાખી પડ્યો હતો. આજે તો સંસ્કૃત ભાષાનું સંશોધન યુરોપિયન પંડિતોના હાથમાંથી પાછું છીનવી લેવા મથતા આર્ય પંડિત ભાંડારકરનો સંગમાશ્રમ જ અહીં શોભે છે. સંસ્કૃત વિદ્યાના પુનરુદ્ધારને અર્થે સ્થાપેલી પાઠશાળાનું રૂપાંતર કરી જૂનાનવાનો સંગમ કરનાર ડેક્કન કૉલેજની સ્થાપના પણ આ સંગમ પાસે જ શોભે છે. અહીં ગોરાઓએ નૌકાવિહારને અર્થે નદીને બાંધ બાંધી પાણી રોક્યું છે, અને મચ્છરોના વિશાળ કુળને પણ અહીં આશ્રય આપ્યો છે. પાસેની ટેકરી પર ગુજરાતના એક લક્ષ્મીપુત્રની ઉત્તુંગશિરસ્ક પણ નમ્રનામધેય 'પર્ણકુટી' આવેલી છે. માણસની સ્વતંત્રતા હરી લેનાર યરોડાનું કારાગાર અને પ્રાણહરણપટુ લશ્કરી દારૂખાનું પણ આ સંગમથી બહુ દૂર નથી. કોણ જાણે કેટકેટલી વિચિત્ર વસ્તુનો સંગમ મુળામુઠાને કાંઠે થતો હશે ને થવાનો હશે! બાંધ પાસે આવેલા બંડ ગાર્ડનમાં લક્ષાધીશ ને ભિક્ષાધીશ લોકોનો સંગમ થાય છે એ પણ એનો જ એક દાખલો છે.

છેલ્લા બાંધ પરથી હાશ કરીને છૂટી જતાં મુળામુઠા અહીંથી આગળ ક્યાં જાય છે એની ખબર કોણ રાખે?

મહારાષ્ટ્રની નદીઓમાં ત્રણ નદીઓ સાથે મારી વિશેષ આત્મીયતા છે. માર્કણ્ડી મારી બાળપણની સખી, મારા ખેડૂત જીવનની સાક્ષી, અને મારી બહેન આક્કાની પ્રતિનિધિ. કૃષ્ણાને કાંઠે તો મારો જન્મ જ થયેલો. મહાબળેશ્વરથી માંડી બેઝવાડા અને મછલીપટમ સુધીનો એનો વિસ્તાર અનેક રીતે મારા જીવન સાથે વણાયેલો. અને ત્રીજી તે મુળામુઠા. બાળપણમાં અમે બધા ભાઈઓ કેળવણીને અર્થે પૂનામાં જઈ રહેલા, તે વખતથી મુળા અને મુઠાનો સંગમ મારી બાળકલ્પનાનો સાક્ષી છે. કૉલેજના દિવસોમાં અમે જે ક્રાન્તિકારી વિચારો સેવેલા તે પણ મુળામુઠા જાણે છે. પણ એ બધાં સંસ્મરણો કરતાં ચઢી જાય છે મહાત્મા ગાંધી સાથે ગાળેલા એના કાંઠાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસો. લેડી ઠાકરસીની પર્ણકુટી, દિનશા મહેતાનું નિસર્ગોપચાર ભવન અને સિંહગઢનો નિવાસ, બધાં જ એકસામટાં યાદ આવે છે.

અને છેલ્લે છેલ્લે અંગ્રેજ સરકારે ગાંધીજીને જ્યાં પૂરી રાખેલા તે આગાખાન મહેલ પણ મુળામુઠાને કાંઠે જ છે. અને ત્યાં જ ગાંધીજીના એ જીવનસાથીઓએ સ્વરાજને કાજે, પોતાની અંતિમ આહુતિ આપેલી. કસ્તૂરબા અને મહાદેવ દેસાઈ બન્નેએ જેને કિનારે દેહ છોડ્યો, તે મુળામુઠા ભારતવાસીઓ માટે અને ખાસ કરીને અમ આશ્રમવાસીઓ માટે તીર્થસ્થાન ગણાય.

અને જ્યારે આજની મુળામુઠાનો વિચાર કરું છું, ત્યારે સિંહગઢની તળેટીમાં ખડકવાસલા સરોવરને કાંઠે જે રાષ્ટ્ર-રક્ષા-વિદ્યાલય સ્થપાયું છે તેનું સ્મરણ થયા વગર રહેતું નથી. એ સંસ્થાનું નામ યુદ્ધ મહા વિદ્યાલય ન રાખતાં રાષ્ટ્રીય રક્ષણ વિદ્યાલય રાખ્યું છે એ વાત પણ ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. જે સરોવરને કાંઠે આ વિદ્યાલય સ્થપાયું છે, તેનું નામ પણ મહારાષ્ટ્રના ઇતિહાસને અનુરૂપ જ હોવું જોઈએ. આવાં સરોવરને કોઈ અંગ્રેજનું નામ નહીં આપતાં નરવીર તાનાજી માલુસરેનું નામ આપવું જોઈએ. પોતાના પ્રાણને ભોગે જ્યારે તાનાજીએ છત્રપતિ શિવાજી માટે કોંડાણા ગઢ જીતી આપ્યો ત્યારે શિવાજીએ કહ્યું ‘गड आला पण सिंह गेला — ગઢ જિતાયો પણ મેં મારો સિંહ ખોયો’ અને તે દિવસથી એ ગઢનું નામ સિંહગઢ પડ્યું.

એ સરોવરને આપણે કાં તો તાનાજી સરોવર કહીએ અથવા સિંહ સરોવર.

૧૯૨૬–૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

સાગરસરિતાનો સંગમ

નાનપણમાં ભોજ અને કાલિદાસની વાર્તાઓ વાંચવા મળતી. ભોજરાજા પૂછે, "આ નદી કેમ રુએ છે?" નદીનું પાણી પથરા ઉપરથી પસાર થઈ અવાજ કરતું હશે. રાજાને સૂઝ્યું કે કવિ સામે એક કલ્પના ફેંકી દઈએ. એટલે તેણે ઉપરનો સવાલ પૂછ્યો. લોક-વાર્તાનો કાલિદાસ લોકમાનસને રુચે એવો જ જવાબ આપવાનો. એણે કહ્યું, "રોવાનું કારણ શું પૂછો છો મહારાજ? એ બાળા પિયરથી સાસરે જાય છે. પછી રુએ નહીં તો શું કરે?" તે વખતે મને થયું, "સાસરે જવાનું ગમતું નથી તો જાય શું કરવા?" કોઈ કે જવાબ આપ્યો, "છોકરીનું જીવતર સાસરે જવા માટે જ છે."

નદી જ્યારે પોતાના પતિ સાગરને મળે ત્યારે એનું આખું સ્વરૂપ ફરી જાય છે. એ પ્રવાહને નદી તરીકે ઓળખવો મુશ્કેલ થઈ જાય છે. સાતારા પાસે માહુલી નજીક કૃષ્ણાનો અને વેણ્ણ્યાનો સંગમ જોયેલો. પૂનામાં મુળા અને મુઠાનો. પણ નદી-સાગરનો સંગમ તો પહેલવહેલો જોયો કારવારમાં — ઉત્તર તરફના સરુના વનને છેડે. અમે બે ભાઈઓ સમુદ્ર-વેળાની રેતીમાં રમતા રમતા, ફરતા ફરતા આગળ ચાલ્યા હતા. રોજ કરતાં ખૂબ દૂર ગયા અને એકાએક એક સુંદર નદી સમુદ્રને આવીને મળતી જોઈ. બે નદીના સંગમ કરતાં નદીસમુદ્રનો સંગમ વધારે કાવ્યમય હોય છે. બે નદીઓના સંગમનો આનંદ ગૂઢ-શાંત હોય છે, જ્યારે સાગરસરિતા એકબીજાને મળે છે ત્યારે બંનેમાં ચોખ્ખો ઉન્માદ દેખાઈ આવે છે. અને એ ઉન્માદનો કેફ આપણને અચૂક ચડે જ છે. નદીનાં પાણી શાંત આગ્રહથી સમુદ્ર ભણી ધસતાં જાય છે. જ્યારે કોઈ કાળે પોતાની મર્યાદા ન છોડવા માટે પંકાયલા સમુદ્રનાં પાણી ચંદ્રમાની ઉશ્કેરણી પ્રમાણે ઘડીકમાં નદીને મારગ કરી આપે છે અને ઘડીકમાં સામાં થાય છે. નદી અને સાગરનો સામસામો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે સત્યાગ્રહ ચાલે છે ત્યારે અનેક જાતનાં દશ્યો જોવાને મળે છે. સમુદ્રનાં મોજાંઓ ત્રાંસાં કતરાતાં આવે ત્યારે પાણીનો એક ફુવારો એક છેડાથી બીજા છેડા સુધી દોડતો જાય છે. કોક કોક ઠેકાણે પાણી ગોળ ગોળ ફરી વમળ બનાવે છે. સાગરનું જોર વધ્યું એટલે નદીનું પાણી પાછું હઠતું જાય છે. આવે વખતે બે બાજુના કાંઠા ઉપર એનો મારો સખત હોય છે. નદીની ગતિની વિપરીત દશા જોઈ એનો લાભ લેનારી મતલબી હોડીઓ પુરજોશમાં અંદર ઘૂસે છે. એમને ખબર છે કે આ ભાગ્યની ભરતી સાથે જેટલું અંદર જવાય તેટલું ખરું. અને પછી જ્યારે સમુદ્રની ઓટ શરૂ થાય છે અને સાગરનાં મોજાં પોતાનો વિરોધ છોડી બાહુ ખોલીને નદીનાં પાણીને આવકાર આપે છે, ત્યારે મતલબી હોડીઓને પોતાની ત્રિકોણી પાઘડી ફેરવતાં વાર નથી લાગતી. પવન ગમે તે દિશાએ વાય તોયે જ્યાં સુધી એ પ્રત્યક્ષ સામો નથી ત્યાં સુધી એમાંથી કાંઈ ને કાંઈ મતલબ સાધવાની કુનેહ આ વૈશ્યવૃત્તિ હોડીઓમાં હોય જ છે. એમની પાઘડીની એટલે કે સઢની બનાવટ અને ગોઠવણ જ એવી કરેલી હોય છે.

અમે ગયા ત્યારે હોડીઓ આવી જ રીતે નદીની અંદર જતી હતી. પણ એ સમુદ્રનાં પતંગિયાંઓને નિહાળવાનો અમને રસ ન હતો. અમે તો સંગમ સાથે સૂર્યાસ્ત કેમ શોભે છે એ જોવામાં મશગૂલ હતા. સોનેરી રંગ બધે જ શોભે છે. પણ લીલા રંગ સાથેની એની બાદશાહી શોભા કંઈ ઓર જ હોય છે. ઊંચાં ઊંચાં ઝાડ ઉપર જ્યારે સંધ્યાનાં સુવર્ણ કિરણો આરોહણ કરે છે ત્યારે આ માનવીસૃષ્ટિ નથી, પરીઓની દુનિયા હોવી જોઈએ, એમ શંકા જાય છે. સમુદ્ર તો જાણે સોનાના રસનું સરોવર છલકાતું હોય તેવો શોભવા લાગ્યો. અમે એ શોભા જોઈને ધરાયા અથવા સાચું કહીએ તો જેમ જેમ એ શોભા જોતા ગયા તેમ તેમ હૈયું વધારે ને વધારે અસ્વસ્થ થતું ગયું. સૌંદર્યપાનથી અમે ગૂંગળાઈ જતા હતા.

સૂર્યાસ્ત પછી એ રંગ સૌમ્ય પડ્યા. અમે પણ ભાન ઉપર આવ્યા. અને પાછા ફરવાનો અમે વિચાર કર્યો. પણ હવે પાછા જવાય એમ હતું નહીં. પરિણામે અમે નદીને કાંઠે ઉપલાણે ચાલ્યા. ત્યાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીનાં પાણી બન્ને બાજુએ ફુલાતાં જતાં હતાં — જાણે પાડા પરની ભરાતી પખાલ. અમે જેમ જેમ ઉપલાણે ગયા તેમ તેમ પાણીમાં શાંતિ વધી. અંધારું પણ વધતું જતું હતું. આ કાંઠેથી પેલે કાંઠે આવજા કરનારી એક નાવડી એક ખૂણે પડી હતી અને ગામડાના કેટલાક મજૂરો લંગોટીની દોરીમાં પાછળની બાજુ એક લાકડાનું ચક્ર ભેરવી એમાં પોતાના 'કોયતા' લટકાવી જતા હતા. (કોયતા એ ધારિયા જેવું હથિયાર, દાતરડાના જેવી મૂઠમાં બેસાડેલું હોય છે. નાળિયેર છોલવામાં અને સામાન્યપણે કુહાડી જેવો એનો ઉપયોગ થાય છે.) આ લોકોનો પોશાક એક લંગોટી અને એક જાકીટ હોય છે. નદી ઓળંગવી હોય ત્યારે જાકીટ કાઢી માથા ઉપર લઈ લીધું એટલે બસ. કુદરતનાં બાળકો! જમીન અને પાણી એમને માટે બન્ને સરખાં જ હોવ છે.

ઘેર જવાની કેવળ અમને જ ઉતાવળ ન હતી. આ ગામડિયા લોકોને પણ ઉતાવળ થઈ હોય એમ લાગતું હતું. અને નદીને કાંઠે દોડતા નાના નાના કરચલાઓને પણ અમારી પેઠે જ ઉતાવળ હતી. રાત પડી અને અમે ઉતાવળે ઘેર આવ્યા. પણ મનમાં વિચાર તો સ્ફુર્યો કે કોઈક દિવસ આ નદીને કાંઠે કાંઠે ખૂબ ઉપર સુધી જવું જોઈએ. હાથમાં ડુંગળી કે કૅબેજ આવે કે તરત એનાં બધાં પડ ઉકેલી જોવાની જેમ ઇચ્છા થાય છે, તેમ જ નદી જોઈ ઊગમ તરફ ચાલવાનું માણસને મન થાય જ છે. ઊગમની શોધ એ સનાતન શોધ છે. ગંગોત્રી, જમનોત્રી, અને મહાબળેશ્વર કે ત્ર્યંબકની શોધ એ રીતે જ થઈ છે.

બાળપણની એ ઇચ્છા થોડાં જ વરસ થયાં બર આવી. શ્રી શંકરરાવ ગુલવાડી મને એક કેન્દ્ર જોવા ઉપલાણે દૂર સુધી લઈ ગયા. આ પ્રતીપ–યાત્રા વખતે જ કવિ બોરકરની કવિતા સાંભળ્યાનું આનંદદાયી સ્મરણ છે.

૧૯૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

ગંગામૈયા

૧

ગંગા કશું ન કરત અને એકલા દેવવ્રત ભીષ્મને જન્મ આપત તોપણ આર્યજાતિની માતા તરીકે આજે તે પ્રખ્યાત હોત. પિતામહ ભીષ્મની ટેક, ભીષ્મની નિઃસ્પૃહતા, ભીષ્મનું બ્રહ્મચર્ય અને ભીષ્મનું તત્ત્વજ્ઞાન એ આર્યજાતિને માટે હમેશનું આદરપાત્ર ધ્યેય બની ચૂક્યું છે. એવા આર્ય સંસ્કૃતિના આધારસ્તંભ જેવા મહાપુરુષની માતા તરીકે આપણે ગંગાને ઓળખીએ છીએ.

૨

નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદીમાતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતળ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃ-વાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય છે. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહો-જલાલી એ નદીને જ આભારી હોય છે. સાચે જ નદી જનસમાજની માતા છે. નદીકાંઠાના શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય છે ત્યારે આપણને કેટલો આનંદ થાય છે! શહેરનું મેલું વાતાવરણ ક્યાં અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે છે તો નદીને પણ વંદન કરવું યોગ્ય છે.

આ તો થઈ સામાન્ય નદીની વાત. પણ ગંગામૈયા તો આર્ય-જાતિની માતા છે. આર્યોનાં મોટાં મોટાં સામ્રાજ્યો એ નદીને કિનારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ સ્થપાયાં છે. કુરુપાંચાલ દેશનો અંગવંગાદિ દેશો સાથે ગંગાએ જ સંયોગ કર્યો છે. આજે પણ હિંદુસ્તાનની આબાદી ગંગાને કિનારે જ વધારેમાં વધારે છે.

ગંગાનું જ્યારે આપણે દર્શન કરીએ છીએ ત્યારે પાકથી ઊભરાતાં ખેતરો જ ધ્યાનમાં નથી આવતાં, માલથી લદાયેલાં વહાણો જ ધ્યાનમાં નથી આવતાં; પણ વાલ્મીકિનાં કવનો, બુદ્ધમહાવીરના વિહારો, અશોક, સમુદ્રગુપ્ત કે હર્ષ જેવા સમ્રાટોનાં પરાક્રમો અને તુલસીદાસ કે કબીર જેવા સંતજનોનાં ભજનો — એ બધાં યાદ આવે છે. ગંગાનું દર્શન એટલે શૈત્ય-પાવનત્વનું હાર્દિક તેમ જ પ્રત્યક્ષ દર્શન.

પણ ગંગાનું દર્શન કંઈ એકવિધ નથી. ગંગોત્રી પાસેના હિમાચ્છાદિત પ્રદેશોમાંનું એનું રમતિયાળ કન્યારૂપ, ઉત્તર કાશી તરફનું ચીડદેવદારના કાવ્યમય પ્રદેશમાંનું મુગ્ધાસ્વરૂપ, દેવપ્રયાગના પહાડી અને સાંકડા પ્રદેશમાં ચમકીલી અલકનંદા સાથેની તેની રમત, લક્ષ્મણઝૂલાની કરાલ દંષ્ટ્રામાંથી છૂટ્યા પછી હરદ્વાર પાસેનું એનું અનેક ધારે સ્વચ્છંદ-વિહરણ, કાનપુરને ઘસીને જતો એનો ઇતિહાસ-પ્રસિદ્ધ પ્રવાહ, પ્રયાગના વિશાળ પટ ઉપરનો એનો કાલિન્દી સાથેનો ત્રિવેણી સંગમ — દરેકની શોભા કંઈક જુદી જુદી જ છે. એક દૃશ્ય જોવાથી બીજાની કલ્પના ન આવી શકે. દરેકનું સૌંદર્ય જુદું, દરેકનો ભાવ જુદો, દરેકનું વાતાવરણ જુદું, દરેકનું માહાત્મ્ય જુદું.

પ્રયાગથી ગંગા જુદું જ સ્વરૂપ પકડે છે. ગંગોત્રીથી પ્રયાગ સુધી ગંગા વર્ધમાન છતાં એકરૂપ ગણાય. પણ પ્રયાગ પાસે એને યમુના મળે છે. યમુનાનું તો પહેલેથી જ એવડું કાઠું છે. તે ખેલે છે, કૂદે છે, પણ રમતિયાળ નથી દેખાતી. ગંગા શકુન્તલા જેવી તપસ્વી કન્યા દેખાય છે, જ્યારે કાળી યમુના દ્રૌપદી જેવી માનિની રાજકન્યા દેખાય છે. શર્મિષ્ઠા અને દેવયાનીની વાર્તા સાંભળીએ ત્યારે પણ પ્રયાગ પાસેના ગંગા અને યમુનાના મહામુશ્કેલીથી ભળતા શુક્લ-કૃષ્ણ પ્રવાહ યાદ આવે છે. હિંદુસ્તાનમાં અસંખ્ય નદીઓ છે અને તેથી સંગમો પણ પાર વિનાના છે. આપણા પૂર્વજોએ આ બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગમોમાં ગંગાયમુનાનો આ સંયોગ સૌથી વધારે પસંદ કર્યો છે, અને તેથી જ એનું પ્રયાગ-રાજ એવું ગૌરવભર્યું નામ રાખ્યું છે. હિંદુસ્તાનમાં મુસલમાનો આવ્યા પછી જેમ હિંદુસ્તાનના ઇતિહાસનું રૂપ બદલાયું, તેમ જ દિલ્હી–આગ્રા અને મથુરા–વૃંદાવન પાસેથી આવતા યમુનાના પ્રવાહને લીધે ગંગાનું સ્વરૂપ પણ પ્રયાગ પછી સાવ બદલાઈ ગયું છે.

પ્રયાગ પછી ગંગા કુલવધૂની પેઠે ગંભીર અને સૌભાગ્યવતી દેખાય છે. હવે પછી એને મોટી મોટી નદીઓ મળતી જાય છે. યમુનાનાં જળ મથુરાવૃંદાવનથી શ્રીકૃષ્ણનાં સ્મરણો અર્પે છે, જ્યારે અયોધ્યાથી આવતી સરયૂ આદર્શ રાજા રામચંદ્રના પ્રતાપી પણ કરુણ જીવનનાં સંભારણાં લાવે છે. દક્ષિણ તરફથી આવતી ચંબલ નદી રંતિદેવના યજ્ઞયાગની વાતો કરે છે, જ્યારે મહાન કોલાહલ કરતો શોણભદ્ર ગજગ્રાહના દારુણ યુદ્ધની ઝાંખી કરાવે છે. આવી રીતે પુષ્ટ થયેલી ગંગા પાટલીપુત્ર પાસે મગધ સામ્રાજ્ય જેવી વિસ્તીર્ણ થઈ જાય છે. તોપણ ગંડકી પોતાનો અમૂલ્ય કરભાર લઈ આવતાં અચકાઈ તો નથી જ. જનક અને અશોકની, બુદ્ધ અને મહાવીરની પ્રાચીન ભૂમિમાથી આગળ વધતાં ગંગા હવે ક્યાં જવું તેના જાણે વિચારમાં પડી જાય છે. આવડો પ્રચંડ વારિરાશિ પોતાના અમોઘ વેગથી પૂર્વ તરફ ધસતો હોય તેને દક્ષિણ તરફ વાળવો એ શું સહેલી વાત છે? છતાં તે તેમ વળ્યો છે. બે સમ્રાટો અથવા બે જગદ્‌ગુરુઓ જેમ એકાએક એકબીજાને મળતા નથી, તેમ ગંગા અને બ્રહ્મપુત્રાનું થયેલું દેખાય છે. બ્રહ્મપુત્રા હિમાલયની પેલી પારનું બધું પાણી લઈને આસામમાંથી પશ્ચિમ તરફ આવે છે અને ગંગા આ બાજુથી પૂર્વ તરફ ધસે છે. એમનો સામસામે મેળાપ કેમ થાય? કોણ કોને પ્રથમ નમે અથવા કોણ કોને મારગ આપે? આખરે બન્નેએ નક્કી કર્યું કે બન્નેએ દાક્ષિણ્ય કેળવી સરિત્પતિનાં દર્શને જવું, અને ભક્તિ-નમ્ર થઈ, જતાં જતાં જ્યાં બને ત્યાં રસ્તામાં એકબીજાને મળી લેવું.

આમ ગોઆલંદો પાસે જ્યારે ગંગા અને બ્રહ્મપુત્રાનાં વિશાળ જળ ભેગાં થાય છે ત્યારે સાગર આથી જુદો હોતો હશે કે કેમ, એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકા ઊપજે છે. વિજય પ્રાપ્ત કર્યાં પછી ધડાયેલી સેના પણ જેમ અવ્યવસ્થિત થઈ જાય છે અને વિજયી વીરો ફાવે તેમ ફરે છે તેમ હવે પછી આ મહાન નદીઓનું થાય છે. અનેક મુખે તે સાગરને જઈને મળે છે. દરેક પ્રવાહનું જુદું જુદું નામ છે. અને કોઈ કોઈ પ્રવાહને તો એક કરતાં વધારે નામો છે. ગંગા અને બ્રહ્મપુત્રા એક થઈ પદ્માનું નામ ધારણ કરે છે. એ જ આગળ જતાં મેઘનાને નામે ઓળખાય છે.

આ અનેકમુખી ગંગા ક્યાં જાય છે? સુંદરવનમાં નેતરનાં ઝુંડ ઉગાડવા કે સગરપુત્રોની વાસના તૃપ્ત કરી તેમનો ઉદ્ધાર કરવા? આજે જઈને જોશો તો જૂના કાવ્યમાંથી અહીં કશું રહ્યું નથી. જ્યાં જુઓ ત્યાં શણનાં ગૂણિયાં બનાવનારી મિલો અને એવાં જ બીજાં ભમરાળાં કારખાનાં. જ્યાંથી હિંદી કારીગરીની અસંખ્ય વસ્તુઓ હિંદી વહાણમાં લંકા અથવા જાવાદ્વીપ સુધી જતી એ જ રસ્તે હવે વિલાયતી અને જાપાની આગબોટો પરદેશી કારખાનામાં બનેલો કચરો માલ હિંદુસ્તાનનાં બજારોમાં ભરી દેવા માટે આવતી દેખાય છે. ગંગામૈયા પહેલાંની પેઠે આપણને અનેક જાતની સમૃદ્ધિઓ અર્પે જાય છે, પણ આપણા નબળા હાથ તે ઝીલી શકતા નથી.

ગંગામૈયા! આ દૃશ્ય જોવાનું તારા નસીબમાં હજી ક્યાં સુધી હશે?

ફેબ્રુઆરી, ૧૯૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

યમુનારાણી

હિમાલય તો ભવ્યતાનો ભંડાર છે. જ્યાં ત્યાં ભવ્યતા વેરી દઈ ભવ્યતાની ભવ્યતા ઓછી કરવી એ જ જાણે હિમાલયનો વ્યવસાય છે. છતાં એવા હિમાલયમાં એક સ્થાન એવું છે કે જેની ઊર્જસ્વિતા હિમાલયવાસીની પણ નજરે ચડે છે. યમરાજની બહેનનું એ ઊગમસ્થાન છે.

ઊંચેથી બરફ પીગળીને મોટા ધોધ પડે છે. આસપાસ ગગન-ચુંબી નહીં પણ ગગનભેદી ઘરડાં વૃક્ષો આડાં પડી કોહી જાય છે. ઉત્તુંગ પહાડો યમદૂતોની પેઠે રક્ષણ કરવા ઊભા છે. ઘડીકમાં પાણી થીજીને બરફ થાય છે, અને ઘડીકમાં બરફ ઓગળી એનું બરફ જેટલું ઠંડું પાણી થાય છે. એવે ઠેકાણે જમીનમાંથી અદ્ભુત રીતે ઊકળતું પાણી ઊછળે છે. બાષ્પયંત્રમાંથી ક્રોધાયમાન વરાળ છૂટતી હોય તેવો અવાજ જમીનમાંથી આવે છે, અને ઝરણમાંથી માથોડું ઊંચાં ઊડતાં ટીપાં એવી ઠંડીમાં પણ માણસને દઝાડે છે. એવા લોક-ચમત્કારી સ્થાનમાં અસિત ઋષિએ યમુનાનું મૂળ શોધ્યું. આ સ્થાને શુદ્ધ જળમાં સ્નાન અશક્ય જેવું છે. ટાઢે પાણીએ નાહીએ તો કાયમના ટાઢા પડી જઈએ. અને ગરમ પાણીમાં નાહીએ તો ત્યાં ને ત્યાં જ બટાટાની પેઠે બફાઈ જઈએ. એટલા માટે જ ત્યાં મિશ્ર જળના કુંડ તૈયાર કરેલા છે. એક ઝરણા ઉપર એક ગુફા છે. એમાં લાકડાનાં પાટિયાં મૂકી સૂઈ શકાય છે. માત્ર આખી રાત અવારનવાર પાસું ફેરવવું જોઈએ, કેમ કે ઉપરની ઠંડી અને નીચેની ગરમી બંને અસહ્ય હોય છે.

એ બહેનોમાં ગંગા કરતાં યમુના મોટી છે, પ્રૌઢ છે, ગંભીર છે, કૃષ્ણભગિની દ્રૌપદી જેવી કૃષ્ણવર્ણા તેમ જ માનિની છે. ગંગા જાણે બિચારી મુગ્ધ શકુન્તલા જ, પણ દેવાધિદેવે એનો સ્વીકાર કર્યો એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३०५०१

યમુનાએ પોતાનું મોટપણ છોડી ગંગાને જ મુરબ્બીપણું સોંપી દીધું. આ બંને બહેનો એકબીજાને મળવા અતિશય આતુર દેખાય છે. હિમાલયમાં એક ઠેકાણે તો લગભગ પાસે આવી જાય છે. પણ અદેખો દંડાલ પર્વત વચમાં વિઘ્નસંતોષીની પેઠે આડો પડવાથી એમનું મિલન ત્યાં થતું નથી. કાવ્યહૃદયી એક ઋષિ ત્યાં યમુનાને કાંઠે રહીને રોજ ગંગાસ્નાને જતો. પણ જમતો હતો પાછો આવી યમુનાને ઘેર. એ ઘરડો થયો (ઋષિઓ પણ અંતે ઘરડા થાય છે), ત્યારે એના થાકેલા પગ પર દયા ખાઈ ગંગાએ પોતાના પ્રતિનિધિરૂપ એક નાનકડું ઝરણું યમુના કાંઠે ઋષિના આશ્રમે મોકલી દીધું. આજે પણ એ નાનકડો ધોળો પ્રવાહ એ ઋષિને સ્મરતો વહે છે.

ડેહરાડૂન પાસે પણ આપણને આશા ઊપજે છે કે આ બે નદીઓ એકબીજીને મળશે. પણ ના, પોતાના શૈત્યપાવનત્વથી આખો અંતર્વેદી-નો પ્રદેશ પુનિત કરવાનું કર્તવ્ય પાર પાડ્યા પહેલાં એમને એક-બીજીને મળી ફુરસદની વાતો કરવાનું કેમ સૂઝે? ગંગા તો ઉત્તરકાશી, ટેહરી, શ્રીનગર, હરદ્વાર, કનોજ, બ્રહ્માવર્ત, કાનપુર વગેરે પુરાણ અને ઇતિહાસપ્રસિદ્ધ સ્થાનોને ધવડાવતી દોડે છે, જ્યારે યમુના કુરુક્ષેત્ર અને પાણીપતના હત્યારા ભૂમિભાગ નિહાળતી, ભારતવર્ષની રાજધાની પાસે આવી પહોંચે છે. યમુનાનાં પાણીમાં સામ્રાજ્યની શક્તિ હોવી જોઈએ. એના સ્મરણ-સંગ્રહાલયમાં પાંડવોથી માંડીને મોગલ સામ્રાજ્ય સુધીની અને બળવાના દિવસથી માંડીને સ્વામી શ્રદ્ધાનંદજીના ખૂન સુધીની બધી તવારીખ ભરેલી છે. દિલ્હીથી આગ્રા સુધી બાબરના વંશજો જ આપણી સાથે વાતો કરવા માગતા હોય એમ જણાય છે. બંને નગરોના કિલ્લાઓ સામ્રાજ્યના રક્ષણ માટે નહીં પણ યમુનાની શોભાના નિરીક્ષણને માટે બાંધેલા હોય એમ લાગે છે. મોગલ સામ્રાજ્યનાં નગારાં તો શાંત પડ્યાં, પણ મથુરાવૃંદાવનની બંસરી હજીયે વાગે છે.

મથુરાવૃંદાવનની શોભા કંઈ અનેરી જ છે. આ પ્રદેશ જેટલો રમણીય તેટલો જ સમૃદ્ધ છે. હરિયાણીની ગાયો એમના મીઠા સરસ, સકસ દૂધને માટે હિંદુસ્તાનમાં પ્રખ્યાત છે. યશોદામાતાએ અથવા

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપરાજા નંદે પોતે આ સ્થાન પસંદ કર્યું હતું એ જાણે અહીંની ભૂમિ ભૂલી શકતી જ નથી. મથુરાવૃંદાવન એટલે બાલકૃષ્ણની ક્રીડાભૂમિ, વીરકૃષ્ણની વિક્રમભૂમિ. દ્વારકાવાસ છોડી દઈએ તો શ્રીકૃષ્ણના જીવન સાથે કાલિંદીએ જ વધારેમાં વધારે સહકાર કર્યો છે. જે યમુનાએ કાલિયમર્દન જોયું એ જ યમુનાએ કંસનો શિરચ્છેદ ભાળ્યો. જે યમુનાએ હસ્તિનાપુરના દરબારમાં શ્રીકૃષ્ણની સચિવવાણી સાંભળી એ જ યમુનાએ રણકુશળ શ્રીકૃષ્ણની યોગમૂર્તિ કુરુક્ષેત્ર પર વિચરતી નિહાળી. જે યમુનાએ વૃંદાવનની પ્રણયબંસરી સાથે પોતાનો કલરવ મેળવ્યો, એ જ યમુનાએ કુરુક્ષેત્ર પર રોમહર્ષણ ગીતાવાણીનો પડઘો પાડ્યો. યમરાજની બહેનનું વીરાપણું શ્રીકૃષ્ણને જ છાજે.

જેણે ભારતવર્ષના કુળનો અનેક વાર સંહાર જોયો છે એ યમુનાને પારિજાતના ફૂલસમી તાજબીબીનું અવસાન કેટલું મર્મભેદી થવાનું હતું ? છતાં પ્રેમસમ્રાટ શાહજહાંનાં થીજેલાં આંસુઓનું પ્રતિબિંબ પાડતા રહેવાનું એણે સ્વીકાર્યું છે.

ભારતીય કાળમાં પ્રખ્યાત થયેલી વૈદિક નદી ચર્મણ્યવતીનો કરભાર લઈ યમુના જ્યાં આગળ વધે છે ત્યાં મધ્યયુગીન ઇતિહાસની ઝાંખી કરાવતી નાનીશી સિંધુ નદી આવીને ખડી થાય છે.

હવે યમુનાને ઉતાવળ થઈ છે. આટઆટલા દિવસ થયા બહેન ગંગાનું દર્શન નથી. કહેવાની વાતો પેટમાં માતી નથી. પૂછવાના સવાલ પાર વિનાના ભેગા થયા છે. કાનપુર અને કાલ્પી બહુ દૂર નથી. અહીં ગંગાની ભાળ કાને પડી એ આનંદથી જ મોઢામાં સાકર નાખી યમુના જે દોડી તે પ્રયાગરાજમાં ગંગાના ગળામાં બાઝી પડી. શો બંનેનો ઉન્માદ! મળ્યાં તોયે જાણે એમને સાચું ન લાગે કે આપણે મળ્યાં છીએ. ભારતવર્ષના એકેએક સાધુસંત એ પ્રેમસંગમ જોવા ભેગા થયા છે, પણ બહેનોને એનું ભાન નથી. આંગણે અક્ષયવટ ઊભો છે એની એમને પરવા નથી. વૃદ્ધ અકબર છાવણી નાખીને પડ્યો છે એને પૂછે જ કોણ? અને અશોકનો શિલાસ્તંભ આણીને ત્યાં ઊભો કરો તોયે શું બહેનો એ તરફ નજર નાખવાની હતી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમનો પ્રવાહ અખંડ વહ્યા જ કરે છે, અને એની સાથે કવિ-સમ્રાટ કાલિદાસની સરસ્વતી પણ અખંડ વહે છે!

क्वचित् प्रभा-लेपिभिर्अिन्द्रनीलैर् मुक्तामयी यष्टिरिवानुविद्धा ।
अन्यत्र माला सितपंकजानाम् अिन्दीवरैर् अुत्खचितान्तरेव ॥
क्वचित् खगानां प्रिय-मानसानां कादंबसंसर्गवतीव पंक्तिः ।
अन्यत्र कालागरुदत्तपत्रा भक्तिर् भुवश्चन्दनकल्पितेव ॥
क्वचित् प्रभा चांद्रमसी तमोभिश्छायाविलीनैः शबलीकृतेव ।
अन्यत्र शुभ्रा शरद्अभ्रलेखा-रन्ध्रेष्विवालक्ष्यनभःप्रदेशा ॥
क्वचित् च कृष्णोरगभूषणेव भस्मांग-रागा तनु अीश्वरस्य ।
पश्यानवद्यांगि ! विभाति गंगा भिन्नप्रवाहा यमुनातरंगैः ॥

[હે નિર્દોષ અંગવાળી સીતે! જો આ ગંગાના પ્રવાહમાં યમુનાના તરંગો ધસી જઈને એ પ્રવાહને ખંડિત કરે છે એ કેવું લાગે છે! ક્યાંક એવું ભાસે છે, જાણે મોતીની માળામાં પરોવેલા ઇંદ્રનીલ મણિ મોતીની પ્રભાને ઝાંખી કરી નાખે છે. ક્યાંક એવું ભાસે છે, જાણે ધોળા કમળના હારમાં નીલ કમળ ગૂંથી દીધેલાં છે. ક્યાંક જાણે માનસરોવર જતા શ્વેત હંસોની સાથે કાળા કાદંબ ઊડી રહ્યા છે. ક્યાંક જાણે શ્વેત ચંદનથી લીંપેલી જમીન પર કૃષ્ણાગરુનાં ચિતરામણ કર્યાં છે. ક્યાંક જાણે ચંદ્રની પ્રભા સાથે છાયામાં સૂતેલા અંધકારની રમત ચાલી રહી છે. ક્યાંક જાણે શરદઋતુના શુભ્ર મેઘની પાછળથી આકાશ જરા જરા દેખા દે છે. અને ક્યાંક એવું દેખાય છે, જાણે મહાદેવના ભસ્મચર્ચિત દેહ ઉપર કૃષ્ણ સર્પોનાં આભૂષણ ધરેલાં છે.]

કેવું સુંદર દૃશ્ય! ઉપર પુષ્પક વિમાનમાં મેઘશ્યામ રામચંદ્ર અને ધવલશીલા જાનકી ચૌદ વર્ષના વિયોગ પછી અયોધ્યા પહોંચવાને ઉતાવળાં થયાં છે, અને નીચે ઇંદીવરશ્યામ કાલિંદી અને સુધાજલા જાહ્નવી એકબીજાનો પરિરંભ છોડ્યા વગર સાગરમાં નામરૂપ તજીને વિલીન થવા દોડે છે. એ દૃશ્ય જોઈ સ્વર્ગમાંથી પુષ્પવૃષ્ટિ થઈ હશે અને ભૂતલ પર કવિઓની પ્રતિભાસૃષ્ટિના ફુવારા ઊડ્યા હશે!

સપ્ટેમ્બર, ૧૯૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

મૂળ ત્રિવેણી

બ્રહ્મા વિષ્ણુ મહેશ ત્રણે મળીને જેમ દત્તાત્રેય થાય છે તેમ અલકનંદા, મંદાકિની અને ભાગીરથી મળીને ગંગામૈયા થાય છે. આ ત્રણે ગંગાની બહેનપણીઓ નથી, પણ ગંગાનાં અંગો છે. ભાગીરથી ભલે ગંગોત્રીથી આવે, પણ મંદાકિનીનો કેદારનાથ અને અલકનંદાનો બદરીનારાયણ એ પણ ગંગાના જ ઊગમ ગણાય.

બ્રહ્મકપાલ આગળ થઈને જે અલકનંદા વહે છે અને ત્યાં એક વાર શ્રાદ્ધ કરવાથી અશેષ પૂર્વજોને એકસામટી કાયમની મુક્તિ આપી દે છે, તે અલકનંદાનું ઊગમસ્થાન શું ગંગોત્રી કરતાં ઓછું પવિત્ર ગણાય? બ્રહ્મકપાલ પર એક વાર શ્રાદ્ધ કર્યા પછી માણસથી કદી ફરી શ્રાદ્ધ કરાય જ નહીં. મોહથી કરે તો પિતરોની અધોગતિ થાય. કેટલું જાગ્રત સ્થાન!

બદરીનારાયણના ગરમ કુંડોનાં પાણી અલકનંદા લઈ આવે છે, જ્યારે મંદાકિની ગૌરીકુંડનાં ઉષ્ણ જલથી થોડીક વાર કવોષ્ણ થાય છે. કેદારનાથનું મંદિર બાંધણીમાં બીજાં બધાં મંદિરો કરતાં જુદું પડે છે. અંદરનું શિવલિંગ પણ સ્વયંભૂ, આકૃતિ વિનાનું છે. એટલું ઊંચું કે માણસ એના પર પડી એને હૃદયસ્પર્શ કરી શકે છે. મંદિરોની જેટલી વિશેષતા છે તેટલી જ મંદાકિનીની પણ વિશેષતા છે. અહીંના પથરા જુદા, અહીંનું વહેણ જુદું, અને નાહવાનો આનંદ પણ જુદો.

ગંગોત્રી તે ગંગોત્રી જ. આ ત્રણે પ્રવાહમાં ભાગીરથીના પ્રવાહ વધારે વન્ય અને મુગ્ધ દેખાય છે. ગંગામાં આ ત્રણ જ પ્રવાહ છે એમ નથી. નીલગંગા છે, બ્રહ્મગંગા છે, કેટલીયે ગંગાઓ છે. હિમાલયમાંથી નીકળતા બધા જ પ્રવાહો ગંગા ગણાય ને! જેનાં જેનાં પાણી હરિદ્વાર પાસે હરિના ચરણનો સ્પર્શ કરે તે બધા પ્રવાહો ગંગા જ છે. વાલ્મીકિએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જ્યારે ગંગાને આકાશમાંથી હિમાલયના શિખરરૂપી મહાદેવના જટાજૂટ પર પડતી અને ત્યાંથી અનેક ધારાએ નીકળતી જોઈ ત્યારે એની આર્ષ દૃષ્ટિએ સાત જુદા જુદા પ્રવાહ ગણાવ્યા હતા.

तस्यां विसृज्यमानायां सप्त स्रोतांसि जज्ञिरे।
ह्लादिनी पावनी चैव नलिनी च तथैव च॥
सुचक्षुश्चैव सीता च सिन्धूश्चैव महानदी।
सप्तमी चान्वगात् तासां भगीरथरथं तदा॥

૧૯૩૪

૮

જીવનતીર્થ હરદ્વાર

ત્રિપથગા ગંગાના ત્રણ અવતાર છે. ગંગોત્રી અથવા ગોમુખથી માંડી હરદ્વાર સુધીની ગંગા તે એનો પ્રથમ અવતાર. હરદ્વારથી પ્રયાગરાજ સુધીની ગંગા તે એનો બીજો અવતાર. પ્રથમ અવતારમાં એ પહાડના બંધનમાંથી – શિવજીની જટામાંથી – મુક્ત થવા મથે છે. બીજા અવતારમાં એ પોતાની બહેનપણી યમુનાને મળવા તલસે છે. પ્રયાગરાજથી ગંગા યમુનાને મળીને પોતાના મોટા પ્રવાહ સાથે સરિત્પતિ સાગરમાં વિલીન થવાને ઝંખે છે એ એનો ત્રીજો અવતાર. ગંગોત્રી, હરદ્વાર, પ્રયાગ અને ગંગાસાગર એ ગંગાપુત્ર આર્યોને માટે મોટામાં મોટાં તીર્થસ્થાનો છે. જેમ ઉપર ચડીએ તેમ તીર્થનું માહાત્મ્ય વધારે એમ મનાય છે. એક રીતે એ સાચું પણ છે. પણ મારે મન ભારતજાતિ માટે અત્યંત આકર્ષક સ્થાન હરદ્વાર જ છે. હરદ્વારમાં પણ પાંચ તીર્થો પ્રસિદ્ધ છે. દરેકનું માહાત્મ્ય પુરાણકારોએ શ્રદ્ધા ને રસથી વર્ણવ્યું છે, પણ એ કશું મહત્ત્વ જાણ્યા વગર પણ માણસ કહી શકે છે કે 'હરિકી પાયરી'માં જ ગંગાનું માહાત્મ્ય કહો તો માહાત્મ્ય અને કાવ્ય કહો તો કાવ્ય અધિક દેખાઈ આવે છે.

એમ તો દરેક નદીના લંબાણમાં કાવ્યમય ભૂમિભાગ હોય જ છે. ગંગાને કિનારે હરદ્વાર કરતાં અધિક રૂપાળાં સ્થાનો ન જ હોઈ શકે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાનો આશય નથી. હરિકી પાયરીની આસપાસ બનારસની શોભાનો સોમો ભાગ પણ ન જડે; છતાં અહીં કુદરત અને માણસ એકબીજાનાં વેરી ન થતાં એમણે ગંગાની શોભાને વધારવાનું કામ સહકારથી કર્યું છે. ગંગાનો એ સાદો, સ્વચ્છ પ્રવાહ, મંદિર પાસેનો એ દોડતો ઘાટ, ઘાટ તળેનો નાનો સરખો વાંકોચૂકો ધરો. આ બાજુ હજારો લોકો સુખેથી બેસી શકે એવો પટ જેવો ઘાટ અને પેલી બાજુ નાનકડા બેટની ગરજ સારે એવો કકડો અને એ બાજુને સાંધનાર જૂનો પુલ. એ બધું જ કાવ્યમય છે. કાંઠાનાં મંદિરો અને ધર્મશાળાનાં સાદાં શિખરો એમાંનું એકેય ગંગા તરફ ચોંટેલું આપણું ધ્યાન પોતા તરફ ખેંચતાં નથી અને છતાં એ બધાં ગંગાની શોભામાં ભળે એવાં જ છે. બનારસના બજારમાં બેસતા આળસુ પોઠિયા જુદા અને શાંતપણે વાગોળતા અહીંના પોઠિયા જુદા. અહીં ગંગામાં ક્યાંય કાદવનું નામ ન મળે. એકબીજા સાથે અનંતકાળથી અથડાઈ ને ગોળમટોળ થયેલા સફેદ પથરાઓ જ બધે જોઈ લેવા.

હરિકી પાયરીમાં સૌથી આકર્ષક વસ્તુ તરફ આપણું ધ્યાન જતું નથી. આપણે એની કેવળ અસર અનુભવીએ છીએ. અને એ છે અહીંની હવા. હિમાલયનાં દૂર દૂરનાં હિમાચ્છાદિત શિખરો પરથી જે પવનો દક્ષિણ તરફ વાય છે તે પહેલવહેલા અહીંની મનુષ્યવસ્તીને જ સ્પર્શે છે. આટલો પાવન પવન બીજે ક્યાંથી મળે? હરિકી પાયરી પાસે પુલ ઉપર ઊભા થાઓ એટલે ફેફસાંમાં અને હૈયામાં કેવળ આહ્‌લાદ જ ભરાઈ જાય છે. ઉન્માદકારી નહીં પણ પ્રાણદાયી છતાં પ્રશમ-કારી.

જેટલી વાર અહીં આવ્યો છું એટલી વાર એ ને એ જ શાંતિ, એ ને એ જ આહ્‌લાદ અને એ ને એ જ સ્ફૂર્તિ અનુભવી છે. મુંબઈની ચોપાટી સાથે કેટલાક લોકો આ ઘાટને સરખાવે છે. આત્યંતિક વિરોધનું સાદૃશ્ય આ બેમાં જરૂર છે. અહીં યાત્રીઓ માછલાંઓને આહાર આપે છે તો ત્યાં માછીઓ આહાર માટે માછલાંઓને પકડે છે.

હરિકી પાયરી જોવી હોય તો સાંજે સૂર્યાસ્ત પછી જવું. ચાંદરણું છે કે નહીં એનો વિચાર કરવાની જરૂર નથી. ચાંદરણું હશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે એક જાતની શોભા મળશે, નહીં હોય ત્યારે બીજી. એ એમાં જે પસંદગી કરવા બેસે તે કલાપ્રેમી નથી. સંધ્યાકાશમાં એક પછી એક તારાઓ પ્રગટે છે; અને નીચેથી એક પછી એક સળગતા દીવાઓ એમને જવાબ દે છે. એ આખા દશ્યની ગૂઢ શાંતિ મન ઉપર કંઈક અદ્ભુત અસર કરે છે, એટલામાં મંદિરમાંથી ટીંગ ટાંઙ્ગ ટીંગ ટાંઙ્ગ વાગતી ઘંટડીઓ આરતી માટે નોતરે છે. આ ઘંટાનાદને જાણે અંત જ નથી. ટીંગ ટાંઙ્ગ ટીંગ ટાંઙ્ગ ચાલ્યાં જ કરે છે. અને ભક્તો જાતજાતની આરતી ગાયાં જ કરે છે. પુરુષો ગાય છે, સ્ત્રીઓ ગાય છે, બ્રહ્મચારીઓ ગાય છે અને સંન્યાસીઓ પણ ગાય છે; સ્થાનિક લોકો ગાય છે અને પ્રાંત પ્રાંતના યાત્રીઓ પણ ગાય છે. કોઈ કોઈને ગણકારતું નથી; કોઈ કોઈનાથી અકળાતું નથી. દરેક જણ પોતાના ભક્તિભાવમાં તલ્લીન. સનાતનીઓ સ્તોત્રો ગાય છે, આર્યસમાજીઓ ઉપદેશ કરે છે. શીખો ગ્રંથસાહેબના એકાદ 'મહોલ્લા'માંથી આસા-દિ-વાર લલકારે છે. ગૌરક્ષા પ્રચારકો તમને અહીં સમજાવે છે કે દુનિયામાં સફેદ રંગ છે કેમ કે ગાયનું દૂધ સફેદ છે. ગાયના પેટમાં તેત્રીસ કરોડ દેવ છે; ફક્ત ત્યાં પેટ પૂરતું ઘાસ નથી. કેટલાક નાસ્તિકો આ મેદનીનો લાભ લઈ ઈશ્વર ન હોવાનું પ્રમાણસર સિદ્ધ કરી આપે છે અને ઉદાર હિંદુ ધર્મ એ બધું સદ્ભાવપૂર્વક ચલાવવા દે છે. ગંગામૈયાના વાતાવરણમાં કોઈનો જ તિરસ્કાર નથી; બધાંનો સત્કાર છે. ભગવાં કપડાં પહેરીને પોતે મુક્ત હોવાનો ડોળ કરનારા મુક્તિફોજના મિશનરીઓ પણ જો આવતી કાલે ઊઠીને અહીં હિંદુ ધર્મની વિરુદ્ધ પ્રચારે તો આપણા યાત્રાળુઓ એમને શાંતિથી સાંભળશે અને કહેશે કે ભગવાને જેવી બુદ્ધિ આપી છે તેવું બિચારો બોલે છે; એનો વાંક શો?

હિંદુ સમાજમાં દોષો અનેક છે અને એ દોષોને લીધે હિંદુ સમાજે ઘણું વેઠ્યું પણ છે પરંતુ ઉદારતા, સહિષ્ણુતા અને સદ્ભાવ એ હિંદુ સમાજની ખાસિયત દોષરૂપ નથી જ. ઉદારતાને લીધે હિંદુ ધર્મે ઘણું વેઠ્યું છે એમ કહેનારાઓ હિંદુ ધર્મની જડ જ કાપી નાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજી પેલો ઘંટ ચાલે છે અને આરતીની વેળા હજુ વહી ગઈ નથી એમ આળસુ લોકોને કહી એમને મનખાનું કલ્યાણ કરવા કરગરે છે.

અને પેલી બાળાઓ જાણે પોતાના ભાગ્યની પરીક્ષા કરતી હોય તેમ, ખાખરાનાં પાંદડાંના મોટા મોટા પાડિયામાં ફૂલો વચ્ચે ઘીના દીવાઓ રાખી એમને પ્રવાહમાં છોડી દે છે, અને તરત એ પડિયા હોડીની પેઠે ડોલતા ડોલતા,— પોતાની અંદર રહેલી જ્યોતિનું મહત્ત્વ જાણે જાણતા હોય તેવી રીતે ડોલતા, જીવનની સફર આરંભે છે.

ચાલી! એ જીવનયાત્રા ચાલી! એક પછી એક, એક પછી એક, દીવાઓ પોતાના ભાગ્યને જીવન-પ્રવાહમાં છોડી દે છે. મનુષ્યજીવનમાં વ્યક્તિઓનું થાય છે તેમ અહીં આ દીવાઓનું પણ થાય છે. કોઈ કોઈ અભાગિયા યાત્રાની શરૂઆતમાં જ પવનને વશ થઈ જાય છે અને ચોમેર વિષાદ ફેલાવે છે; કેટલાક ભારે આશા દાખવી નિરાશ કરે છે; કેટલાક આજન્મ માંદલાની પેઠે ટગુમગુ કરતાં દૂર સુધી પહોંચે છે; કોઈ કોઈ વાર એ પડિયા પાસે પાસે આવીને એકબીજાને ચોટી જાય છે અને પછી એ જોડાહોડી દંપતીની પેઠે લાંબી લાંબી મુસાફરી કરે છે. એમને ગોળ ગોળ ફરતા જોઈ મનમાં જે ભાવ પ્રકટ થાય છે તે વ્યક્ત કરવા કઠણ છે. કેટલાકની તો જીવનજ્યોતિ હોલવાઈ જાય તે પહેલાં જ તેઓ દૃષ્ટિ આડે થઈ જાય છે. મૃત્યુ અને અદૃષ્ટ બંને મનુષ્યજીવનના છેલ્લા અધ્યાય છે. આ બે આગળ કોઈનું કશું ચાલતું નથી, અને તેથી જ માણસને ઈશ્વરનું સ્મરણ થાય છે. મરણ ન હોત તો વખતે સ્મરણ પણ ન હોત.

હિંમત હોય તો કોક દિવસ સવારે ચાર વાગ્યે ઊઠી એકલા એકલા આ ઘાટ ઉપર આવીને બેસો; જુદી જ જાતના ભક્તો તમને અહીં દેખાશે. ત્રણ વાગ્યાથી માંડીને સૂર્યોદય સુધી વિશિષ્ટ લોકો જ અહીં આવવાના. વાજિનીવતી ઉષા સૂર્યનારાયણને જન્મ દે છે અને તરત વ્યવહારુ દુનિયા આ ઘાટનો કબજો લે છે. તેમ થાય તે પહેલાં જ આપણે અહીંથી ખસી જઈએ તે સારું. આકાશના તારાઓ પણ રાજી થશે.

માર્ચ, ૧૯૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

દક્ષિણગંગા ગોદાવરી

૧

બાળપણમાં સવારે ઊઠીને અમે ભૂપાળીઓ ગાતા તેમાંની આ ચાર લીટીઓ હજી સ્મરણમાં ચોંટેલી છે.

अुठोनियां प्रात:काळीं । वदनीं वदा चंद्रमौळी ।
श्रीबिंदुमाधवाजवळी । स्नान करा गंगेचें । स्नान करा गोदेचें ।।

*   *   *

कृष्णा वेण्या तुंगभद्रा । शरयू कालिंदी नर्मदा ।
भीमा भामा गोदा । करा स्नान गंगेचें ।।

ગંગા અને ગોદા એક જ છે. બંનેનાં માહાત્મ્યમાં જરાયે ફેર નથી. ફેર હોય તો એટલો જ કે કળિકાળના પાપને લીધે ગંગાનું માહાત્મ્ય અમુક કાળે ઓછું થઈ શકે છે. ગોદાવરીનું કોઈ કાળે ઓછું થાય જ નહીં. શ્રીરામચંદ્રના અત્યંત સુખના દિવસો આ ગોદાવરીને કાંઠે જ ગયેલા, અને જીવનનો દારુણ આઘાત પણ તેમને અહીં જ પહોંચેલો. ગોદાવરી તો દક્ષિણની ગંગા.

કૃષ્ણા અને ગોદાવરી એ બે નદીઓએ બે વિક્રમશાળી મહાપ્રજાઓને પોષી છે. મહારાષ્ટ્રનું સ્વરાજ અને આંધ્રનું સામ્રાજ્ય આ બે નદીઓને જ આભારી છે એમ કહીએ તો તેમાં જરાયે અતિશયોક્તિ નથી. સામ્રાજ્યો બંધાયાં અને તૂટ્યાં, મહાપ્રજાઓ ચડી અને પડી, પણ એ ઐતિહાસિક ભૂમિમાં આ બે નદીઓ અખંડ વહ્યે જ જાય છે. એ નદીઓ ભૂતકાળના ગૌરવશાળી ઇતિહાસની જેટલી સાક્ષી છે તેટલી જ ભવિષ્યકાળની મહાન આશાઓની પ્રેરક છે. તેમાંયે ગોદાવરીનું માહાત્મ્ય કાંઈક અનેરું છે. એ જેટલી સલિલ–સમૃદ્ધ છે તેટલી જ ઇતિહાસ-સમૃદ્ધ પણ છે. ગોપાલકૃષ્ણના જીવનમાં જેમ જ્યાં જુઓ ત્યાં વિવિધતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ભરેલી છે અને એક સરખો ઉત્કર્ષ જ દેખા દે છે, તેમ ગોદાવરીના અતિ દીર્ઘ પ્રવાહને કાંઠે સૃષ્ટિસૌંદર્યની વિવિધતા અને વિપુલતા ભરેલાં છે. બ્રહ્મદેવની એક કલ્પનામાંથી જેમ સૃષ્ટિનો વિસ્તાર થાય છે, વાલ્મીકિની એક કારુણ્યની લાગણીમાં જેમ રામાયણી સૃષ્ટિ વિસ્તરેલી છે, તેમ જ ત્ર્યંબકના પહાડની ભેખડમાંથી ટપકતી ગોદાવરીમાંથી જ આગળ જઈ રાજમહેંદ્રીનો વિશાળ વારિરાશિ વિસ્તર્યો છે. સિંધુ અને બ્રહ્મપુત્રાને જેમ હિમાલયને આલિંગન દેવાનું સૂઝયું, નર્મદા અને તાપીને જેમ વિંધ્ય-સાતપૂડાને પિગળાવવાનું સૂઝયું, તેમ ગોદાવરી અને કૃષ્ણાને દક્ષિણનો ઉન્નત પ્રદેશ પલાળીને ધનધાન્યથી સમૃદ્ધ કરવાનું સૂઝયું છે. પક્ષપાતથી સહ્યાદ્રિ પશ્ચિમ તરફ ઢળ્યો એ જાણે ન ગમવાથી એને પૂર્વ તરફ ખેંચવાનો અખંડ પ્રયત્ન આ બે નદીઓ કરતી હોય એવું જ લાગે છે. આ બંને નદીના ઊગમ પશ્ચિમ સમુદ્રથી ૫૦–૭૫ માઈલથી દૂર નથી, છતાં બંને ૮૦૦–૯૦૦ માઈલની મુસાફરી કરી પોતાનો જલભાર અથવા કરભાર પૂર્વ સમુદ્રને જ અર્પણ કરે છે. અને એ કરભારનો વિસ્તાર કંઈ નાનોસૂનો નથી. તેમાં આખો મહારાષ્ટ્ર દેશ આવી જાય છે. હૈદરાબાદ અને મૈસૂરનાં રાજ્યોનો અંતર્ભાવ થાય છે. અને આંધ્રદેશ તો આખો ને આખો સમાઈ જાય છે. મિશ્ર સંસ્કૃતિની માતા નાઈલ નદી ગોદાવરી આગળ કશી વિસાતમાં નથી.

ત્ર્યંબક આગળ પહાડની એક મોટી દીવાલમાંથી ગોદાનો ઊગમ છે. ગિરનારની ઊંચી દીવાલ પરથી પણ ત્ર્યંબકની દીવાલનો પૂરતો ખ્યાલ નહીં આવે. ત્ર્યંબક ગામથી જે ચડણ શરૂ થાય છે તે ગોદામૈયાની મૂર્તિના ચરણ સુધી ચાલુ જ રહે છે. એથીયે ઉપર જવા માટે ડાબી બાજુએ વિકટ પગથિયાં કરેલાં છે, અને એ રીતે માણસ બ્રહ્મગિરિ પહોંચી શકે છે એ ખરું. પણ એ દુનિયા જુદી છે. ગોદાવરીના ઊગમથી જે દૃશ્ય દેખાય છે તે જ આપણા વાતાવરણને માટે વિશેષ અનુકૂલ છે. મહારાષ્ટ્રના તપસ્વીઓ અને રાજવીઓએ સરખી રીતે આ સ્થાને પોતાની ભક્તિ રેડી છે. કૃષ્ણાકાંઠે વાઈ સાતારા અને ગોદાકાંઠે નાશક પૈઠણ એ મહારાષ્ટ્રની ખરી રાજધાનીઓ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ગોદાવરીનો ઇતિહાસ તો સહનવીર રામચંદ્ર અને દુઃખ-મૂર્તિ સીતામાતાના વૃત્તાંતથી જ શરૂ થાય છે. રાજપાટ છોડતાં રામને દુઃખ થયું નહીં, પણ ગોદાવરી-તીરે સીતા અને લક્ષ્મણ સાથે માણેલા આનંદનો અંત આવતાં રામનું હૃદય એકદમ શતધા વિદીર્ણ થયું. વાલ્કવસ્તુને અભાવે નિર્ભય થયેલાં હરણાં આર્ય રામભદ્રની દુઃખોન્મત્ત આંખો જોઈને દૂર ભાગી ગયાં હશે, સીતાની શોધમાં નીકળેલા દિયર લક્ષ્મણની ત્રાડો સાંભળીને મોટા મોટા હાથીઓ પણ ભયકંપિત થયા હશે, અને પશુપક્ષીનાં દુઃખાશ્રુથી ગોદાવરીનાં વિમલ જલ પણ કષાય થઈ ગયાં હશે. હિમાલયમાં જેમ પાર્વતી તેમ જનસ્થાનમાં સીતા અશેષ વિશ્વની અધિષ્ઠાત્રી હતી. એના ગયા પછીનું કલ્પાંતિક દુઃખ જો સાર્વભૌમ થયું હોય તો એમાં આશ્ચર્ય શું?

રામસીતાનો તો ફરી સંયોગ થઈ ગયો, પણ જનસ્થાનનો વિયોગ તો કાયમ જ રહ્યો. આજે પણ નાશક-પંચવટીમાં ફરીને જુઓ, ચોમાસામાં જાઓ કે ઉનાળામાં, આખી પંચવટી જાણે જટાયુની પેઠે 'સીતા સીતા'ની ઉદાસ વાણી બોલતી હોય એમ જ લાગે છે. મહારાષ્ટ્રના સાધુસંતોએ જો પોતાની મંગલ વાણી અહીં ફેલાવી ન હોત તો જનસ્થાન જાણે ભયાનક વેરાન મુલક થઈ ગયો હોત. ઉનાળાનો તાપ ઢાંકવા જેમ તૃણસૃષ્ટિ ચારે કોર ફેલાય છે, તેમ સાધુસંતો જીવનની વિષમતા ભુલાવવા સર્વત્ર વિચરે છે એ કેટલું ભાગ્ય છે! જ્યારે જ્યારે નાશક-ત્ર્યંબક તરફ જવાનું થાય છે ત્યારે ત્યારે વનવાસને માટે આ સ્થાન પસંદ કરનાર રામલક્ષ્મણની આંખે આખો પ્રદેશ નિહાળવાનું મન થાય છે; પણ દર વખતે ધ્રૂજતાં તરણાંમાંથી સીતામાતાની કાતર તનુયષ્ટિ જ નજરે પડે છે.

રામભક્ત સમર્થ રામદાસ જ્યારે અહીં રહેતા ત્યારે એમના હૃદયમાં કેવી ઊર્મિઓ આવતી હશે! શ્રીસમર્થે ગોદાવરીને કાંઠે છાણનો હનુમાન સ્થાપ્યો છે એ શા હેતુથી? પંચવટીમાં હનુમાન હોત તો તે સીતાનું હરણ બિલકુલ થવા ન દેત એમ કહેવા માટે? સીતામાતાએ કઠોર વચનથી લક્ષ્મણને ઘા કરી મહાસંકટ વહોરી લીધું. હનુમાનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો એવું કશું કહી ન શકત! પણ જનસ્થાન અને કિષ્કિંધા વચ્ચે અંતર ઘણું છે, અને ગોદાવરી કંઈ તુંગભદ્રા નથી.

૨

રામકથાનો કરુણ રસ દ્વાપરયુગથી આજ સુધી વહેતો જ આવ્યો છે. એને કોણ ખુટાડી શકે? એટલે આપણે અંત્યજ જાતિના ગણાતા પાડા પાસે વેદ બોલાવનાર શ્રીજ્ઞાનેશ્વર મહારાજની મુલાકાતે પૈઠણ જઈશું. ગોદાવરી જેમ દક્ષિણગંગા, તેમ એને કાંઠે આવેલી પ્રતિષ્ઠાન નગરી દક્ષિણની કાશી ગણાતી. અહીંના દશગ્રંથી બ્રાહ્મણો જે વ્યવસ્થા આપે તે ચારે વર્ણને માન્ય કરવી પડતી. મોટા મોટા સમ્રાટોએ આપેલાં તામ્રપત્રો કરતાં પણ અહીંના બ્રાહ્મણોનાં આપેલાં વ્યવસ્થાપત્રો વધારે મહત્ત્વનાં ગણાતાં. અહીં શાસ્ત્રધર્મ સામે હૃદયધર્મનો વિજય બતાવવો એ તો જ્ઞાનરાજ જ કરી શકે. પૈઠણમાં જ્ઞાનેશ્વરને જનોઈ ન મળી. સંન્યાસી શંકરાચાર્યની થયેલી પજવણીનું સ્મારક ટકાવવા જેમ ત્યાંના રાજાએ નાંબુદ્રી બ્રાહ્મણો પર કેટલાક રિવાજો ઠોકી બેસાડ્યા, તેમ સંન્યાસીપુત્ર જ્ઞાનેશ્વરનો કોઈ શિષ્ય રાજપાટનો અધિકારી હોત તો એણે મહારાષ્ટ્રી બ્રાહ્મણોને સજા કરી હોત કે જ્ઞાનેશ્વરને ના પાડનારા તમે તમારાથી હવે જનોઈ પહેરાય જ નહીં.

હાથની આંગળીઓનો જેમ પંખો થાય છે તેમ મોટી મોટી નદીઓને આવી મળતી અને આત્મવિલોપનનો કઠણ યોગ બતાવતી નાની નદીઓનો પણ પંખો બને છે. સહ્યાદ્રિ અને અજંટાના ડુંગરો-માંથી બનતા ખૂણામાં જેટલું પાણી પડે તે બધું ખેંચી ખેંચીને વહી જવાનું કામ આ નદીઓ કરે છે. ધારણા અને કાદવા, પ્રવરા અને મુળાને છોડી દઈએ તોયે મધ્યભારતમાંથી દૂર દૂરનું પાણી આણતી વર્ધા અને વૈનગંગાને કેમ ભૂલી જવાય? એ મળીને એક થયેલી નદીને જેણે પ્રાણહિતા નામ આપ્યું તેના મનમાં કેટલી કૃતજ્ઞતા હશે, કેટલું કાવ્ય હશે, કેટલો આનંદ હશે! અને છેક ઈશાન ખૂણેથી પૂર્વઘાટનાં નીર આણી આપનાર અષ્ટવક્રા ઇંદ્રાવતી અને એની સખી શ્રમણી તપસ્વિની શબરીને પ્રણામ કર્યા વગર કેમ ચાલે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોદાવરીની સંપૂર્ણ કળા તો ભદ્રાચલમથી જોઈ શકાય છે. જેનો પટ એકથી બે માઈલ જેટલો પહોળો તે ગોદાવરી ઊંચા ઊંચા પહાડ વચ્ચે થઈને પોતાનો રસ્તો કાઢતી કેવળ બસો વારની ખીણમાંથી જ્યારે નીકળતી હશે ત્યારે એને શું થતું હશે? પોતાની સંપૂર્ણ શક્તિ અને યુક્તિ વાપરીને બારીક સમયમાંથી પોતાની મહાજાતિને આગળ લઈ જનાર કોઈ રાષ્ટ્રપુરુષની પેઠે, અને જગતને વિસ્મિત કરે એવી ગર્જનાથી તે અહીંથી પસાર થાય છે. ઘોડાપૂર ને હાથીપૂરની વાતો આપણે સાંભળીએ છીએ, પણ એકાએક પચાસ ફૂટ જેટલું ઊંચું પૂર કલ્પનામાં પણ આવી શકે ખરું? પણ જે કલ્પનામાં શક્ય નથી તે ગોદાવરીના પ્રવાહમાં શક્ય છે. સાંકડી ખીણમાંથી પસાર થતાં પાણીને પોતાનો પૃષ્ઠભાગ પણ સપાટ રાખવો અશક્ય થઈ જાય છે. અર્ઘ્ય આપતાં અંજલિનું જેમ નાળચું બને છે તેમ ખીણમાંથી નીકળતાં પાણીના પૃષ્ઠભાગનું પણ ભયાનક નાળચું બને છે. પણ અદ્ભુત રસ તો એથીયે આગળ અને વધારે છે. એ નાળચામાંથી પોતાનું હોડકું લઈ જનાર હિંમતવાન નાવિકો પણ ત્યાં પડ્યા છે! હોડીની બે બાજુ પાણીની ઊંચી ઊંચી દીવાલો હોડીના વેગથી જ દોડતી જોતાં માણસના હૈયામાં શું થતું હશે?

ભદ્રાચલમથી રાજમહેન્દ્રી અથવા ધવલેશ્વર સુધી અખંડ ગોદાવરી વહે છે. ત્યાર પછી त्यागाय संभृतार्थानाम्નો સનાતન સિદ્ધાંત એને યાદ આવ્યો હશે. અહીંથી ગોદાવરીએ જીવનવિતરણ શરૂ કર્યું છે. એક છેડે ગૌતમી ગોદાવરી, બીજે છેડે વસિષ્ઠ ગોદાવરી. વચમાં કેટલાયે દ્વીપો અને અંતર્વેદી જેવા પ્રદેશો છે, અને એ પ્રદેશોમાં ગોદાના સરસ જલથી અને કાંપથી ઊગતા સોના જેવા શાલિધાન્ય પર પરિપુષ્ટ થઈ વેદઘોષ કરનાર બ્રાહ્મણો રહેતા આવ્યા છે. આવા સમૃદ્ધ દેશને સ્વતંત્ર રાખવાની શક્તિ આપણા લોકો જ્યારે ખોઈ બેઠા ત્યારે ડચ, અંગ્રેજ અને ફ્રેંચ લોકો પણ ગોદાવરીને કિનારે ધામા નાખવા ભેગા થયા. આજે પણ* યાનાન આગળ ફ્રાન્સનો ત્રિરંગી ઝંડો ફરકે છે!

---

* સદ્ભાગ્યે આ પરિસ્થિતિ હવે નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

મદ્રાસથી રાજમહેન્દ્રી જતાં એઝવાડા આગળ સૂર્યોદય થયો. ચોમાસાના દિવસો, એટલે પૂછવું જ શું? જ્યાં જુઓ ત્યાં વિવિધ છટાવાળો લીલો રંગ પથરાયો હતો. અને જાણે લીલો રંગ આમ જમીન પર પડ્યો રહે એ અસહ્ય થવાથી એના મોટા મોટા ગુચ્છ હાથમાં લઈને ઉપર ઉછાળનાર તાડનાં ઝાડ જ્યાં ત્યાં દેખાતાં હતાં. પૂર્વ તરફ એક નહેર રેલવેને કાંઠે કાંઠે વહેતી હતી. પણ ઊંચા કાંઠાને લીધે એનાં પાણી કોક વાર જ દેખાતાં. કેવળ પતંગિયાંની પેઠે પોતાના સઢ ફેલાવી હારમાં ઊભેલાં હોડકાં ઉપરથી જ એ નહેરની હસ્તી ધ્યાનમાં આવતી હતી. વચ્ચે વચ્ચે પાણીનાં નાનાંમોટાં તળાવો આવતાં હતાં. તળાવોમાં વિવિધરંગી વાદળાંવાળું આકાશ નાહવા ઊતરેલું હોવાથી પાણીનું ઊંડાણ અનંત ગણું ઊંડું લાગતું હતું. કોક કોક ઠેકાણે ચંચળ કમળો વચ્ચે નિસ્તબ્ધ બગલાંઓ જોઈ પ્રભાતવાયુનું અભિનંદન કરવાનું મન થતું. આવા કાવ્યપ્રવાહમાંથી પસાર થતા કોવ્વૂર સ્ટેશન સુધી આવ્યા. અહીંથી જ હવે ગોદાવરીમાતાનાં દર્શન થશે એવી ઉત્સુકતા ઊઘડી હતી. પુલ પર થઈને પસાર થઈશું ત્યારે જમણી બાજુ જોઈશું કે ડાબી એની ગડમથલ ચાલતી હતી. એટલામાં પુલ આવ્યો જ, અને ભગવતી ગોદાવરીનો સુવિશાળ વિસ્તાર નજરે પડ્યો.

ગંગા, સિંધુ, શોણભદ્ર, ઐરાવતી જેવા વિશાળ પ્રવાહો મેં ધરાઈને જોયા છે. એઝવાડામાં થયેલાં કૃષ્ણામાતાનાં દર્શન માટે હું હંમેશનો મગરૂર છું. પણ રાજમહેંદ્રી આગળની ગોદાવરીની શોભા કંઈક અનેરી જ હતી. એ સ્થાને મેં જેટલું ભવ્ય કાવ્ય અનુભવ્યું તેટલું ભાગ્યે જ બીજે કોઈ ઠેકાણે વહેતું જોયું હશે. પશ્ચિમ તરફ નજર ફેંકી તો દૂર દૂર ટેકરીઓનું એક સુંદર ધણ બેઠું હતું. આકાશમાં વાદળાં ઘેરાયેલાં હોવાને લીધે કોઈ પણ ઠેકાણે તડકો ન હતો. ઘેરાં વાદળાંને લીધે ગોદાવરીનાં ધૂલિ-ધૂસર જળની ઘેરાશ વધી જ હતી. પછી ભવભૂતિનું સ્મરણ કેમ ન થાય? ઉપરની અને નીચલી આ કાળાશને લીધે આખા દૃશ્ય પર વૈદિક પ્રભાતની સૌમ્ય સુંદરતા પથરાઈ હતી, અને ટેકરી પર અવતરેલાં કેટલાંક ધોળાં ધોળાં વાદળાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સાવ ઋષિ જેવાં જ લાગતાં હતાં. આ આખા દૃશ્યનું વર્ણન કેમ થઈ શકે?

એટલાં બધાં પાણી ક્યાંથી આવતાં હશે? સંકટમાંથી વિજય સાથે પસાર થયેલું રાષ્ટ્ર જેમ વૈભવની નવી નવી છટાઓ બતાવતું જાય છે અને ચારે કોર સમૃદ્ધિ ફેલાવતું જાય છે, તેમ જ ગોદાવરીનો પ્રવાહ પહાડમાંથી નીકળી પોતાના ગૌરવ સાથે આવતો દેખાતો હતો. નાનાંમોટાં જહાજ એ તો નદીનાં બાળકો. માતાનો સ્વભાવ ઓળખે એટલે એના ખોળામાં ગમે તેમ નાચે તો એને કોણ રોકનાર હતું? પણ બાળકની ઉપમા તો આ હોડીઓ કરતાં પ્રવાહમાં જ્યાં ત્યાં જામતાં વમળોને આપવી જોઈએ. ઘડીકમાં દેખાય, મોટું તોફાન કરવાનો ડોળ કરે, અને એક ક્ષણમાં હસી પડે. અને ફસકી જાય. ગમે ત્યાંથી આવે અને ગમે ત્યાં જાય અથવા અલોપ થાય.

આવા મોટા વિશાળ પટમાં જો બેટો ન હોય તો એટલી ઊણપ જ ગણાય. ગોદાવરીના બેટો પ્રખ્યાત છે. કેટલાક તો જૂના ધર્મની પેઠે સ્થિર રૂપ પકડીને બેઠા છે. પણ ઘણાખરા કવિની પ્રતિભાની પેઠે દર વખતે નવું નવું સ્થાન લે છે અને નવું નવું રૂપ ધારણ કરે છે. એના પર અનાસક્ત બગલાં સિવાય બીજું કોણ ઊભવા જાય? અને બગલાં ચાલે ત્યારે તો પોતાનાં પદચિહ્ન ઊંડાં ઉતાર્યાં વગર કેમ છોડે? પોતાના ધવલ ચરિત્રનું અનુસરણ કરનારને દિશા-સૂચન કરાવી ન આપે તો એ બગલો શાનો?

નદીનો કાંઠો એટલે માનવી કૃતજ્ઞતાનો અખંડ ઉત્સવ. ધોળા ધોળા પ્રાસાદો અને ઊંચાં ઊંચાં શિખરો એ તો એક અખંડ ઉપાસના છે જ. પણ એટલાથી કાવ્ય પૂરું થતું નથી. તેથી ભક્તો રોજ રોજ નદીની લહરી ઉપરથી મંદિરના ઘંટાનાદની લહરીઓ આ કાંઠાથી પેલા કાંઠા સુધી મોકલતા રહે છે.

સંસ્કૃતિના ઉપાસક ભારતવાસીઓ આ જ સ્થાને ગંગાજળના કળશ અર્ધા ગોદામાં રેડે છે, અને ફરી ગોદાના પાણીથી કળશ પૂર્ણ કરી લઈ જાય છે. કેટલો ભવ્ય વિધિ! કેટલું પવિત્ર ભાવભીનું કાવ્ય! એ ભક્તિરવ તો હૃદય હૃદયમાં રહેલો છે. એ ઘંટાનાદ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ભક્તિરવ પૂર્વસ્મૃતિએ જ સંભળાવ્યો. પ્રત્યક્ષ તો કેવળ એંજિનનો અવાજ જ સંભળાતો હતો. આધુનિક સંસ્કૃતિના આ પ્રતિનિધિ પ્રત્યેની સૂગ જો આપણે છોડી દઈએ તો રેલનાં પૈડાંનો તાલ કંઈ ઓછો આકર્ષક નથી હોતો. અને પુલ ઉપર તો એનો વિજયનાદ ચેપી જ નીવડે છે.

પુલ ઉપર ગાડી ખૂબ ચાલ્યા પછી મને થયું કે પૂર્વબાજુ તો રહી જ ગઈ. અમે એ બાજુ ઊલટ્યા. ત્યાં તો તદ્દન નવી જ શોભા. પશ્ચિમ તરફ ગોદાવરી જેટલી પહોળી હતી એના કરતાંયે પૂર્વમાં વિશેષ પહોળી. એને અનેક માર્ગે સાગરને મળવું હતું. સરિત્પતિને સરિતા મળવા જાય ત્યારે એને સંભ્રમ તો હોય જ. પણ ગોદાવરી તો ધીરોદાત્ત માતા; એનો સંભ્રમ પણ ઉદાત્ત રૂપે જ વ્યક્ત થઈ શકે. આ બાજુના બેટો જુદી જ જાતના. એમાં વનશ્રીની શોભા પૂરેપૂરી ખીલી હતી. બ્રાહ્મણોનાં કે ખેડૂતોનાં ઝૂંપડાં આ બાજુથી દેખાતાં ન હતાં. આવતા પાણીના ધસારા સામે ટક્કર ઝીલતા એ બેટોમાં કોઈ ઊંચા પ્રાસાદ બાંધ્યા હોત તો વખતે દૂરથી દેખાત. કુદરતે કેવળ ઊંચાં ઊંચાં ઝાડની વિજયપતાકાઓ ઊભી કરી હતી. અને ડાબી બાજુ રાજમહેંદ્રી અને ધવલેશ્વરની સુખી વસ્તી આનંદ માણતી હતી. આવા વિરલ દૃશ્યથી ધરાઈએ તે પહેલાં જ જમણી બાજુના નદીના કાંઠા ઉપર ઉન્મત્તપણે વહેતો કાશ ઘાસની ધોળી કલગીઓનો સ્થાવર પ્રવાહ દૂર દૂર સુધી ચાલતો દેખાયો. નદીના પાણીમાં ઉન્માદ હતો પણ એનાં મોજાં બન્યાં ન હતાં. આ કલગીપ્રવાહે પવન સાથે કાવતરું કરેલું હોવાથી એ ગમે તેટલાં મોજાં ઉછાળી શકતો હતો. નજર પહોંચે ત્યાં સુધી જોયું. અને નજરની પહોંચ અહીં ઓછી શા માટે હોય? પણ કલગીનો પ્રવાહ તો ચાલ્યો જ જતો હતો. ગોદાવરી જેવા પ્રવાહ સાથે હરીફાઈ કરતાં પણ એને સંકોચ ન હતો. અને એ શા માટે સંકોચ કરે? માતા ગોદાવરીના વિશાલ પુલિન પર એણે માતાનું સ્તન્યપાન ક્યાં ઓછું કર્યું છે?

માતા ગોદાવરી! રામ-લક્ષ્મણ-સીતાથી માંડી વૃદ્ધ જટાયુ સુધી બધાંને તેં સ્તન્યપાન કરાવ્યું છે. તારે કાંઠે શૂરવીરો પણ પાક્યા છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તત્ત્વ-ચિંતકો પણ પાકયા છે. સંતો પણ પાકયા છે અને મુત્સદ્દીઓ પણ પાકયા છે. દેશભક્તો પાકયા છે અને ઈશભક્તો પાકયા છે. ચારે વર્ણની તું માતા છે. મારા પૂર્વજોની તું અધિષ્ઠાત્રી દેવતા છે. અવનવી આશા સાથે તારે દર્શને આવ્યો છું. દર્શનથી તો કૃતાર્થ થયો છું. પણ આશાઓ હજી તૃપ્ત થઈ નથી. જેમ તારે કિનારે શ્રીરામચંદ્રે દુષ્ટ રાવણના નાશનો સંકલ્પ કર્યો તેવો સંકલ્પ ક્યારનો સેવતો આવ્યો છું. તારી કૃપા હશે તો હૃદયમાંથી તેમ જ દેશમાંથી રાવણનું રાજ્ય મટી જશે, રામરાજ્યની સ્થાપના જોઈશું અને ફરી તારે દર્શને આવીશું. કંઈ નહીં તો કાશ-કલગીના પ્રવાહની પેઠે મને ઉન્મત્ત બનાવ જેથી વગર-સંકોચે, એક ધ્યાને માતાની સેવામાં રત રહું અને બાકીનું બધું ભૂલી જાઉં. તારા નીરમાં અમોઘ શક્તિ છે. તારા નીરના એક બિંદુનું સેવન પણ વ્યર્થ નહીં જાય.

ઑક્ટોબર, ૧૯૩૧

૧૦

વેદોની ધાત્રી તુંગભદ્રા

નદીના પ્રવાહમાં આ હાથી જેવડા પથરા પાછળથી આવી પડ્યા છે કે હાથી જેવડા પથરામાંથી જ નદીએ પોતાનો માર્ગ શોધી કાઢ્યો છે એ કોણ કહી શકે? દક્ષિણમાં વૈદિક સંસ્કૃતિનો વિજય સૂચવતું વિજયનગરનું સામ્રાજ્ય આ નદીને કાંઠે જ ઘડાયું. અને આ નદીને કાંઠે જ કાચા ઘડાની માફક એ નંદાયું. વિજયનગરના સામ્રાજ્યની કીર્તિ ત્રિખંડમાં બોલાતી. ચીનનો સમ્રાટ, બગદાદનો બાદશાહ અને વિજયનગરના મહારાજાધિરાજ, આ ત્રણનો વૈભવ સૌથી મોટો ગણાતો. તે વખતે શું તુંગભદ્રા આવી જ દેખાતી હશે? અને આવી નહીં તો કેવી હશે? નદી શું માણસની કૃતિ છે કે એના વૈભવમાં ઉત્કર્ષ અને અપકર્ષ હોય?

જેમ મુળા અને મુઠા મળીને મુળામુઠા નદી થઈ છે તેમ જ તુંગા અને ભદ્રાના સંગમથી તુંગભદ્રા થઈ છે. द्वंद्वः सामासिकस्य च

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ન્યાયે આ બે નદીઓમાં ઉચ્ચનીચ ભાવ જરાયે નહીં. બંને નામ સરખી રીતે સાથે વહે છે. આ નદીના પાણીની મીઠાશ અને ફળદ્રુપતા પ્રાચીન કાળથી વખણાયેલી છે. ગંગાનું સ્નાન અને તુંગાનું પાન માણસને મોક્ષને રસ્તે લઈ જાય છે એમ બધા નદીભક્તોએ સ્વીકાર્યું છે. મોટરની મુસાફરી ન હોત તો તુંગભદ્રાને અનેક સ્થળે અનેક રીતે જોઈ હોત. તીર્થહળ્ળી પાસે જે નદી જોઈ તે તુંગા હતી કે ભદ્રા એ પણ આજે કહી શકાય એમ નથી. તુંગભદ્રા એ એક મોટી સંસ્કૃતિની પ્રતિનિધિ છે. આજે પણ વેદપાઠીઓમાં તુંગભદ્રાને કાંઠે વસતા બ્રાહ્મણોના ઉચ્ચાર આદર્શ અને પ્રમાણભૂત ગણાય છે. વેદોનું અસલી અધ્યયન ભલે સિંધુ અને ગંગાને કિનારે થયું હોય, એમનું યથાર્થ રક્ષણ તો સાયણાચાર્યના કાળથી તુંગભદ્રાને કાંઠે જ થયું છે.

૧૯૨૬–'૨૭

૧૧

નેલ્લૂરની પિનાકિની

નેલ્લૂર એટલે ડાંગરનું ગામ. દક્ષિણ હિંદુસ્તાનના ઇતિહાસમાં નેલ્લૂરે પોતાનું નામ કાયમનું કર્યું છે. બેઝવાડાથી મદ્રાસ જતાં નેલ્લૂર રસ્તામાં આવે છે.

ભારત સેવક સમાજવાળા સ્વ. હણુમંતરાવે નેલ્લૂરથી થોડે દૂર પલ્લીપાડુ નામના ગામમાં એક આશ્રમ સ્થાપ્યો છે. તે જોવા જતાં સુભગ-સલિલા પિનાકિનીનું દર્શન થયેલું. શ્રીમતી કનકમ્માના પવિત્ર હસ્તે કાંતેલા સૂતરનું ધોતિયું સ્વીકારી અમે આશ્રમ જોવા ચાલ્યા. થોડે દૂર સુધી તો જ્યાં જુઓ ત્યાં બગીચા. જ્યાં ત્યાં નહેરોમાં પાણી દોડે છે, અને લીલી લહેર હસે છે.

પછી આવી રેતી. આગળ, પાછળ, જમણી બાજુ ને ડાબી બાજુ રેતી જ રેતી. પવન પોતાની ઇચ્છા પ્રમાણે ઠેકઠેકાણે રેતીની ટેકરીઓ બાંધતો; અને મન બદલાય એટલે એટલી જ સહેલાઈથી ચીંખી નાખતો. આવી રેતીમાં સુખેથી ગુજરાત ચલાવનાર તુંગકાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાડવૃક્ષો આનંદમાં ડોલતાં હતાં. તાપથી અકળાઈને પોતે પોતાને જ ચમર નાખતાં હતાં કે અમારા જેવા પથિકોની દયા ખાઈને વીંજણો નાખતાં હતાં એ કોણ કહી શકે? બપોરનો તાપ કર્મકાંડી બ્રાહ્મણોની પેઠે કઠોર તપતો હતો. પગ બળતા હતા, માથું તપતું હતું અને શરીરના વચલા ભાગને સમવેદના આપવા માટે તરસ પોતાનું કામ કરતી હતી.

આવી રીતે ત્રિવિધ તાપથી તપ્ત થઈ અમે આશ્રમ પહોંચ્યા, ત્યાં હું એક મોટા ટેકરા પર જઈ ચડયો. અને એકદમ પિનાકિનીનો તરલ પ્રવાહ આંખે ચોંટયો. કેવું શીતળ એનું દર્શન! ઘઉંના રવા જેવી ધોળી રેતી પર સ્ફટિક જેવું પાણી વહેતું હોય, અને ઉપરથી ભાસ્કરનાં પ્રતાપી કિરણો વરસતાં હોય, એ શોભાનું વર્ણન કોણ કરી શકે? જાણે ચાંદીના રસની કોઠી ભઠ્ઠીનો તાપ ખમી ન શકવાથી ફૂટી ગઈ છે, અને અંદરનો રસ જ્યાં વહેણ મળે ત્યાં દોડયો જાય છે! પવનની દિશા ફરી અને પિનાકિની પરનો ઠંડો પવન આખા શરીરને આનંદ દેવા આવ્યો. પાસેના અમરાઈના એક ઝાડ પર ચડી બે ડાળ વચ્ચે આરામખુરશી જેવું સ્થાન શોધી હું બેસી ગયો. દૂર તાડ ડોલતા હતા. વયોવૃદ્ધ આંબા છાયા ઢાળતા હતા. અને પિનાકિની શીતળ વાયુ ફૂંકતી હતી. નંદનવનમાં પણ આના કરતાં વધુ સુખ મળતું હશે?

નદીકિનારાનું એ કાવ્ય પીને આંખો ઘેરાઈ અને બિડાવા લાગી. સ્વર્ગીય આસનથી ભ્રષ્ટ થવાની બીક ન હોત તો જાગૃતિના આ કાવ્યને તોલે આવે એવું સ્વપ્નકાવ્ય જરૂર મેં ત્યાં જ અનુભવ્યું હોત.

પિનાકિનીનો પટ મોટો છે. સાંભળ્યું કે ચોમાસામાં એ રુદ્રાવતાર ધારણ કરે છે. એ લીલાનાં વર્ણનોની શૈલી પરથી લાગ્યું કે અહીંના લોકોની પિનાકિની પ્રત્યેની ભક્તિ કંઈક ઓર જ છે.

૧૯૨૬–'૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨
જોગનો ધોધ

છેક નાનપણથી જ, કારવારમાં હતો ત્યારે, ગેરસપ્પા વિષે સાંભળ્યું હતું. તે વખતે સાંભળેલું કે, કાવેરી નદી પહાડ પરથી નીચે પડે છે અને તેનો એટલો બધો અવાજ થાય છે કે એ માઈલ ઉપર જો ગાગરોની ઉતરડ રાખી હોય તો તે હવાના ધબકારાથી પડી જાય. પછી એ ધોધનો અવાજ તો કેટલે સુધી પહોંચતો હશે? પાછળથી જ્યારે ભૂગોળ શીખ્યો ત્યારે મનમાં શંકા આવી કે, કાવેરી તો છેક કુર્ગમાંથી ઊગમ પામી પૂર્વસમુદ્રને મળે છે. એ પશ્ચિમઘાટના પહાડ પરથી નીચે પડી જ ન શકે. ત્યારે ગેરસપ્પામાં પડે છે તે નદી બીજી. એને તો પશ્ચિમસમુદ્રને બનતી ઉતાવળે હોન્નાવર પાસે જ મળવું હતું. એટલા માટે સવાસો દોઢસો માથોડાં જેટલી ઊંચાઈથી એણે ભૂસકો માર્યો છે. એ નદીનું નામ શું?

નાયગરાના ધોધનાં કેટલાંયે વર્ણન વાંચવામાં આવ્યાં હતાં. પ્રકૃતિમાતાએ અમેરિકાને આપેલું એ અદ્ભુત ઘરેણું છે. દુનિયાભરના લોકો એની યાત્રાએ જાય છે. મોટા મજબૂત પીપમાં બેસી એ ધોધ-માંથી પસાર થવાના કેટલાક લોકોએ પ્રયત્ન કર્યા, વગેરેનાં વર્ણનો જેમ જેમ વધારે વાંચીએ તેમ કુતૂહલ વધતું જાય. અનેક દિશાએથી લીધેલાં ચિત્રો અને અક્ષિપટો (Bioscopes) નાયગરાને નજર આગળ પ્રત્યક્ષ કરવા લાગ્યાં. જેમ જેમ નાયગરાનું દર્શન આમ વધવા લાગ્યું તેમ તેમ નાનપણમાં સાંભળેલા એ ગેરસપ્પાના ધોધની માનસપૂજા વધતી ગઈ. પછી જ્યારે જાણ્યું કે નાયગરા તો ફક્ત ૧૬૪ ફૂટની ઊંચાઈથી પડે છે, જ્યારે ગેરસપ્પાની ઊંચાઈ ૯૬૦ ફૂટ છે, ત્યારે તો મારા અભિમાનનો પાર ન રહ્યો. સૌથી મુખ્ય અને દુનિયાનો સૌથી ઊંચો પહાડ હિંદુસ્તાનમાં છે; સિંધુ, ગંગા, અને બ્રહ્મપુત્રા જેવી નદીઓ માટે કોઈ પણ દેશ જરૂર મગરૂર થઈ શકે. સૌથી લાંબી નદી પોતાને જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં છે, એમ સિદ્ધ કરવા માટે અમેરિકાને એ નદીઓની લંબાઈ ભેગી કરવી પડી છે. મિસોરી અને મિસિસિપી અલગ અલગ ગણીએ તો એમની લંબાઈ કેટલી? જેમ હિંદુસ્તાનનો ઇતિહાસ પૃથ્વીમાં જૂનામાં જૂનો છે તેમ હિંદુસ્તાનની ભૂરચના પણ આખા જગતમાં અદ્‌ભુત છે.

હિંદુસ્તાન શું એક ધોધની બાબતમાં હારી જાય? આખી દુનિયાએ કબૂલ કર્યું છે કે અશોક જેવો બીજો સમ્રાટ થયો નથી. ભૂગોળમાં પણ લોકોએ સ્વીકારવું જોઈએ કે ભવ્યતામાં ગેરસપ્પા (એનું સાચું નામ જોગ છે.) ની હારમાં બેસે એવો એકે ધોધ નથી.

કારકળ રાજકીય પરિષદ માટે દક્ષિણ કાનડામાં ગયો હતો ત્યારે આશા બંધાઈ હતી કે અગુંબા ઘાટ ચડી શિમોગા થઈને ગેરસપ્પા જોવા જઈશ. પણ તેમ ન બની શક્યું.

मनसा चिन्तितं कार्यं दैवेनान्यत्र नीयते ।

નિરાશામાં મેં માની લીધું કે, એ ચિરસંચિત આશા આખરે કાયમની વંચિત થઈ અને મારે ગેરસપ્પાનું દર્શન ધ્યાન દ્વારા જ કરવું રહ્યું.

પણ એટલું તો જાણી લીધું હતું કે જોગ મૈસૂર રાજ્યની સરહદ પર છે. ત્યાં જવાના બે રસ્તા છે. ઉપરનો રસ્તો શિમોગા, સાગર, થઈને અને બીજો મુખ તરફનો. એમાં બંદર હોન્નાવરથી હોડીમાં બેસી જંગલો વટાવી ગેરસપ્પાના ગામડા સુધી જવાનું; અને ત્યાંથી ઘાટ ચડવાનો. બંને રસ્તે જઈ આવેલા લોકો કહે છે કે એક બાજુની શોભા બીજે ન મળે; એક કરતાં બીજી ઊતરતી એમ તો ન જ કહેવાય. એક રસ્તે જાઉં અને બીજી બાજુનો સાક્ષાત્ અનુભવ લીધો ન હોય ત્યાં સુધી મારે કબૂલ કરવું જ પડે કે મેં જોગનાં અડધાં જ દર્શન કર્યાં છે.

ગુજરાતમાં રેલસંકટ ચાલતું હતું એ જ અરસામાં ગાંધીજી પોતાના મંદવાડના દિવસો બેંગલોરમાં ગાળતા હતા. હું એમને મળવા ગયો હતો. ત્યાંથી મૈસૂર રાજ્યમાં ફરતા ફરતા, ગાંધીજી સાગર સુધી પહોંચ્યા. શ્રી ગંગાધરરાવ અને રાજગોપાલાચારી સાથે હતા. સાગર ગયા પછી ગેરસપ્પા જોવા ન જવું એ તો મારે માટે અશક્ય હતું. મોટરથી એક જ કલાકનો રસ્તો. શિમોગામાં તુંગાને કિનારે ફરવા ગયા હતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે મેં ગાંધીજીને આગ્રહ કર્યો હતો કે, "આપ ગેરસપ્પા કેમ ન આવો? લૉર્ડ કર્ઝન કેવળ ગેરસપ્પા જોવા માટે આ બાજુ ખાસ આવેલા. આ બાજુ આવવાનું ફરી ક્યારે થવાનું હતું?" ગાંધીજી બોલ્યા, "મારાથી આટલોયે સ્વચ્છંદ ન કરી શકાય. તમે જરૂર જાઓ. તમે જોઈ આવશો તો વિદ્યાર્થીઓને ભૂગોળનો એકાદ પાઠ ભણાવશો." મેં ફરી દલીલ કરી, "પણ આ દુનિયાનું એ એક અદ્‌ભુત દૃશ્ય છે. નાયગરા કરતાં જોગ છ ગણો ઊંચો; ૯૬૦ ફૂટ ઉપર થઈને પાણી પડે છે. આપે એક વાર એ જોવો જોઈએ."

"વરસાદનું પાણી આકાશમાંથી પડે છે. એ કેટલે ઊંચેથી પડે છે!" હું હાર્યો. મનમાં કહ્યું, "स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम्।"

હું જાણતો હતો કે ગાંધીજીને સંગીતની પેઠે સૃષ્ટિસૌંદર્યનો પણ શોખ ભારે છે. ફરવા જતાં સૂર્યાસ્તની શોભા અથવા વાદળમાંથી ડોકિયું કરતી કોઈ અટૂલી તારાની શોભા તરફ એમણે મારું ધ્યાન કોઈ કાળે ખેંચ્યું નહોતું એમ નથી. પણ પ્રજાની સેવાર્થે ઊપડેલા ગાંધીજી જેવા સેવક મહાત્માઓ સ્વચ્છંદ શી રીતે કરે?

कुलशिखरिणः क्षुद्रा नैते न वा जलराशयः।

આ એક વાત આમ પતી ગઈ એટલે મેં બીજી વાત ગુજારી. "આપ નથી આવતા એટલે મહાદેવભાઈ પણ નથી આવતા. આપ એમને કહો તો જ એ આવે."

"એની ઇચ્છા હોય તો મહાદેવ ભલે તમારી સાથે જાય. મારી ના નથી, પણ એ નહીં આવે, હું જ એનો ગેરસપ્પા છું."

બાકીના અમે દુન્યવી આદર્શવાળા રહ્યા. ચર્મચક્ષુથી પહાડ પરનો ધોધ જોયા વગર અમને તૃપ્તિ થાય એમ ન હતું. એટલે જમ્યા પહેલાં જ સાગરથી અમે ઊપડ્યા અને મોટરની મદદથી જંગલ પસાર કરવા લાગ્યા. પહાડ કોતરીને રેલવેવાળા જ્યારે ભોંયરું કે બોગદું બનાવે છે ત્યારે આપણને ખૂબ આશ્ચર્ય થાય છે. પણ મુંબઈની વસ્તી કરતાં પણ ગીચ એવાં સહ્યાદ્રિનાં જંગલોમાંથી રસ્તો તૈયાર કરવો એ એથીયે વધારે મુશ્કેલીનું કામ છે. અહીં તમારું ડાયનેમાઈટ (સુરંગ) નહીં ચાલે. થડ તોડ્યા પછી પણ એક એક ઝાડ ડાળોની જાળમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુક્ત કરવું એ તો હિંદુ-મુસલમાનના ઝઘડા પતાવવા જેટલું અઘરું કામ છે. ખંડાળા ઘાટના ઊંડા ભોંયરામાં અધવચ્ચ ગયા પછી જે ભયાનક રમણીયતા માણસ અનુભવે છે તેવી જ સ્થિતિ આ જંગલોમાં અનુભવાય છે. આવાં જંગલોમાં શોભે એવાં પ્રાણી તો હાથી, વાઘ, અને અજગર. આમાં માણસ એવો તો તુચ્છ પ્રાણી દેખાય છે કે, અહીં ક્યાંથી આવી રહ્યો છે એમ જ થાય.

ખેર, અમે જંગલ વટાવીને શરાવતીને કિનારે આવ્યાં. આ તરફ એને ભારંગી પણ કહે છે. ભારંગી એટલે બારગંગે. ગંગા નદી કરતાં બારગણું માહાત્મ્ય આ નદીનું છે એમ અહીંના લોકો માનતા હોય તો આપણે એમની જોડે કજિયો નહીં કરીએ. દરેક બાળકને પોતાની મા જ સર્વશ્રેષ્ઠ લાગે ને! વરસાદ ઝીણો ઝીણો પડતો હતો. અહીં ગગનભેદી મહાવૃક્ષો પણ હતાં, અને નાનાંમોટાં ઝાંખરાં પણ હતાં, અમર ઘાસ પણ હતું અને જમીન તેમ જ ઝાડોની ઘરડી છાલ પર ઊગતી લીલ પણ હતી. સામા કાંઠા ઉપર નાનાંમોટાં ઝાડો નદીનું પાણી કેટલું ઠંડું છે અથવા ઊંડું છે એ તપાસવા માટે પોતાના પાંદડાંવાળા હાથ પાણીમાં નાખતાં હતાં. અને ધુમ્મસનાં કેટલાંક વાદળાં આળસુ પોઠિયાની પેઠે આમતેમ રખડતાં હતાં.

નદી જોઈ કે સવાલ ઊઠે છે, કે આ નદી ક્યાંથી આવી અને ક્યાં જાય છે. મને તો હંમેશ નદી ક્યાંથી આવી છે એ જ સવાલ પ્રથમ ઊઠે છે. ઘણાને પણ એમ જ થતું હશે. એનું કારણ શું? નદી ક્યાં જાય છે એ તપાસવું સહેલું છે. નદીમાં પડતું મૂક્યું એટલે એ આપણને અનાયાસે સાથે લઈ જાય. હિંમત ન ચાલે તો એકાદ ઝાડનું થડ કોતરીને એમાં બેસો એટલે બસ. પણ ક્યાંથી આવે છે એ તપાસવા માટે પ્રતીપ ગતિએ જવું જોઈએ. એ તો ઋષિઓ જ કરી શકે. ભારંગી કે શરાવતીનાં પાણી પહાડમાંથી આવે છે કે વાદળામાંથી એવી શંકા ઉપજાવે એવું તે દિવસનું દૃશ્ય હતું.

હોડીમાં બેસી અમે સામે કાંઠે ગયાં. કાંઠા પરની જમીનમાંથી કેટલાંયે બાળક-ઝરણાં કૂદી કૂદીને નદીમાં પડતાં હતાં. તે પરથી અમે સહેજે અનુમાન બાંધી શક્યાં કે આગલે દિવસે ભારે વરસાદ પડી નદીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી ખૂબ વધ્યું હતું. આજે તે લગભગ પાંચ ફૂટ ઊતર્યું હતું. હોડી અમને નીચે ઉતારી બાકીના લોકોને લેવા પાછી ગઈ. શાંત પાણીમાં હોડી હલેસાંનો ડબ ડબ અવાજ કરતી જાય અને આવે, એ દૃશ્ય કેટલું મજાનું! અને આપણાં પ્રિયજનોને હોડી જ્યારે પોતાના પેટમાં સ્થાન આપી ઊંડા પાણીના પૃષ્ઠ ઉપરથી ખેંચીને લઈ આવે છે ત્યારે ચિંતાનું કશું કારણ ન હોવા છતાં મનને બીક લાગ્યા વગર રહેતી નથી. રાજગોપાલાચાર્ય પોતાના દીકરા અને દીકરીને સાથે લઈ હોડીમાં બેસવા જતા હતા ત્યારે મેં કહ્યું કે, એક કુટુંબના બધા જ લોકો એકસામટા એક હોડીમાં બેસે એ બરાબર નથી એમ પૂર્વજોએ કહ્યું છે. કાં તો પિતા અમારી સાથે આવે અથવા તો પુત્ર, બંને નહીં. સાથીઓ એ રિવાજની ચર્ચા કરવા લાગ્યા. કોઈને એમાં પ્રતિષ્ઠાની બૂ આવી, કોઈને બીજું કાંઈ સૂઝયું. સર્વનાશનો સંભવ ટાળવા માટે એ નિયમ છે એટલુંયે કોઈના ધ્યાનમાં ન આવ્યું. મારે એ અર્થ સ્પષ્ટ કરીને વાતાવરણ વિષણ્ણ કરવું નહોતું. એટલે પૂર્વજોની બુદ્ધિની નિંદા સાંભળતો સાંભળતો હું પેલી પાર પહોંચ્યો. હોડી 'મંઝધાર' પહોંચી ત્યારે મંત્ર બોલી આચમન કરવાનું હું ભૂલ્યો નહીં. નદીના દર્શન સાથે સ્નાન, પાન અને દાનનો વિધિ થવો જ જોઈએ. તો જ નદીનો પૂરો સાક્ષાત્કાર કર્યો કહેવાય.

બીજી ટુકડી આવી પહોંચી અને અમે જમણી બાજુને રસ્તે ચાલ્યાં. નદીનો એ ડાબો કાંઠો હતો. રસ્તા પરનાં મોટાં મોટાં ઝાડો મસીદના થાંભલા જેવાં સીધાં ઊંચાં જતાં જોઈને અમને આનંદ થયો. અમારી ટોળી એટલી મોટી હતી કે, એ નિર્જન અરણ્યમાં જોતજોતામાં અમારો વાર્તાવિનોદ અને અમારું અટ્ટહાસ્ય ચારે કોર ફેલાયું. પણ કેટલી વાર? અમે કંઈક દૂર ગયાં અને નદીએ પોતાનો ગંભીર ધ્વનિ શરૂ કર્યો. એ અવાજને શાની ઉપમા અપાય! એટલો ગંભીર અવાજ બીજે સાંભળ્યો હોય તો ને? મેઘગર્જના ભીષણ હોય છે ખરી, અને તે આખું આકાશ વ્યાપે છે એ પણ ખરું, પણ તે સતત નથી હોતી. અહીં તો તમે સાંભળી સાંભળીને થાકો તોય અવાજ તો થોભે જ નહીં. અહીં શું વાદળાં તૂટે છે, તોપો ફૂટે છે, પહાડના મોટા મોટા પથરાઓની ધાણી ફૂટે છે, કે નદી પોતાનું ધ્યાનમૌન છોડી મહારુદ્રનો સ્તવરાજ બોલે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હવે કેવું દશ્ય આવશે', 'હવે કેવું દશ્ય આવશે', એવા કુતૂહલથી અમે આંખો ફાડીને ચારે કોર જોતાં જોતાં મુસાફરખાના સુધી પહોંચ્યાં. જ્યાંથી ધોધનું દર્શન સૌથી સરસ થાય છે ત્યાં જ મૈસૂર રાજ્ય તરફથી એ અતિથિશાળા બાંધેલી છે. અમે નિરીક્ષણના ઓટલા પર જઈ પહોંચ્યાં. પણ શું? સર્વવ્યાપી ધુમ્મસ વગર કાંઈ જ દેખાય નહીં. અને ધોધ તો ગંભીર અવાજે આખી ખીણને ગજવતો જ જાય. ખરે બપોરે પણ સૂરજનાં દર્શન ન થાય. જ્યાં જુઓ ત્યાં ધુમ્મસ, ધુમ્મસ ને ધુમ્મસ. ધુમ્મસના ગોટેગોટા જાણે કુરુક્ષેત્રનું મહાયુદ્ધ મચાવે છે અને જોગ પોતાના તાલનો એને જોગ આપે છે. આટલી આશાએ આવ્યા પછી આવો તમાશો અમને કોઈ કાળે મળ્યો ન હતો. મિનિટો જતી જાય અને અમારી નિરાશા સાથે ધુમ્મસ પણ વધતું જ જાય. આખરે અમે મૌન તોડી માંહોમાંહે વાતો કરવા લાગ્યાં. વાતો માટે કાંઈ ખાસ વિષય નહોતો પણ નિરાશાનું પોલાણ ભરી કાઢવા માટે કંઈક જોઈતું હતું એટલું જ.

ઇંદ્રદેવ કોપ્યો છે કે વરુણદેવ રિસાયો છે એનો હું વિચાર કરતો હતો એટલામાં વાયુદેવે મદદ કરી અને એક ક્ષણને માટે — ફક્ત એક જ ક્ષણને માટે — ધુમ્મસનો એ જાડો પડદો દૂર થયો અને જિંદગી આખી જેને માટે તલસતો હતો તે અદ્ભુત દશ્ય આખરે નજરે પડ્યું! મહાદેવના માથા પર ગંગા અવતરે તેમ એક મોટો ધોધ, નીચેની કરાડમાંથી બહાર નીકળી આવેલા હાથી જેવા પથરા પર પડી, પાણીનો લોટ બનાવી, બધી દિશાએ એની સેરો છોડે છે!!

ના. એ દશ્યનું વર્ણન થાય જ નહીં. આશ્ચર્યમગ્ન થઈ હું બોલી ઊઠ્યો:

> नमः पुरस्तात्, अथ पृष्ठतस् ते नमोऽस्तु ते सर्वत अेव सर्व ।
> अनन्त-वीर्यामित-विक्रमस् त्वम् सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ।।

તરત જ સામો હાથી જેવો પથરો માથા પરથી ધોધની જટા ખંખેરતો બોલ્યો:

> सुदुर्दर्शम् अिदं रूपं दृष्टवान् असि यन् मम ।
> देवा अप्यस्य रूपस्य नित्यं दर्शन-काङ्क्षिणः ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધુમ્મસનો પડદો ફરી પહેલાંની જેમ જામ્યો અને પછી તો અમે જે જોયું તે સ્વપ્નું હતું કે માયા હતી કે મતિનો ભ્રમ હતો એવી અમારી સ્થિતિ થઈ ગઈ! આવડી વિસ્તીર્ણ ખીણ, પેલું પહોળું પાત્ર, તે ભયાનક ઊંડાણ અને એની વચ્ચે પાણીનો નહીં પણ લોટનો — અરે મેંદાનો — પેલો અદ્‌ભુત ધોધ : આખું દૃશ્ય કલ્પનાતીત હતું. આપણે નરી આંખે જોઈએ છીએ એ સાચેસાચું જ છે એવી પ્રતીતિ દૃઢ થાય એ પહેલાં જ ધુમ્મસનો ક્ષીરસાગર ફરી ફેલાયો. અને અમે સામેના કાવ્ય સાથે એમાં ડૂબી ગયાં.

હવે કોઈ કોઈની સાથે બોલે નહીં. જે જોયું એના પર વિચાર કરવા લાગ્યાં. કાંઈ ન હતું તેમાંથી આવડી ઊંચી અને ઊંડી સૃષ્ટિ ક્યાંથી પેદા થઈ અને જોતજોતામાં ફરી ક્યાં અલોપ થઈ, એ જ આશ્ચર્યે અમને ઘેરી લીધાં.

મનમાં થયું કે ભલે એક ક્ષણને માટે પણ જે જોવા આવ્યાં હતાં તે જોયું. અદ્‌ભુત રીતે જોયું. એક ક્ષણને માટે જે દર્શન થયું એના સ્મરણ અને ધ્યાનમાં ગમે ત્યારે ઘડી પછી ઘડીઓ પસાર કરી શકાય.

એટલામાં ધોળી જટાવાળો પેલો પથરો ફરીથી બોલ્યો :

व्यपेतभीः प्रीतमनाः पुनस् त्वं तदेव मे रूपम् इदं प्रपश्य ।।

ધુમ્મસનું પડળ ફરી દૂર થયું અને હવે તો આ છેડેથી પેલા છેડા સુધી બધું જ સ્પષ્ટ દેખાવા લાગ્યું. સામી બાજુથી છેક ડાબા છેડા પર રાજા ધોધ અર્ધચંદ્રાકાર પથરા પરથી નીચે ભૂસકો મારતો હતો. એનાં પાણી વરસાદના કાદવને લીધે કૉફીના રંગનાં થયાં હતાં. પણ વધારેમાં વધારે પાણી રાજાને જ મળે છે. છાતી ફુલાવતો ફુલાવતો જ્યારે એ સીધો સોંસરો નીચે પડે છે ત્યારે કુદરતની શક્તિ કેટલી અમાપ છે તેનો ખ્યાલ આવે છે. રાજા ધોધનો વિસ્તાર પણ કાંઈ નાનો નથી. અને એની બંને બાજુઓ ઉપર મોટાં મોટાં મોતીના કેટલાયે હારો લટકતા દોડે છે. સાચે જ એ ધોધ રાજા નામને લાયક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની પડખેના જે ધોધનું દર્શન મને સૌથી પહેલવહેલું થયું હતું તે ખરું જોતાં ત્રીજો હતો. એ વીરભદ્ર. વચલો એક ધોધ રુદ્ર આ બાજુથી સ્પષ્ટ દેખાતો જ નથી. એ પગથિયે પગથિયે અરાડતો આખરે રાજામાં ભળી જાય છે.

છેક જમણી બાજુ એક નાનકડો ધોધ છે. એની કેડ કાંઈક પાતળી છે. એટલે એનું નામ મેં પાર્વતી પાડ્યું. ધરાઈ ધરાઈને જોયા પછી અમારી વાતો ફરીથી ચાલી. પોતે જે કંઈ જોયું હોય તે બીજાને બતાવવાની હોંશ ન હોય તો તે માણસ, માણસ નથી. માણસ સંચારશીલ છે, સંવાદશીલ છે; પોતે જે અનુભવ્યું, તે જ બીજાઓ પણ અનુભવે છે—અનુભવી શકે છે—એવી ખાતરી કર્યા વગર એને પરમ સંતોષ નથી થતો. રાજાજીએ ધ્યાન ખેંચ્યું, 'આ નીચે તો જુઓ! આ ઠંડી વરાળના ગોટેગોટા કેવા ઉપર કૂદી આવે છે?' દેવદાસ કહે, 'એ પેલાં પક્ષીઓ જુઓ! કેવાં નિર્ભય થઈને ઊડે છે?' મણિબહેને એવું જ કાંઈક ઉમેર્યું અને લક્ષ્મીએ પોતાના અણ્ણાને તામિલ ભાષામાં ઘણું ઘણું સમજાવી પોતાનો આનંદ વ્યક્ત કર્યો. અમારી સાથે એક ભાઈ હતા તે રસ્તામાં વગર કારણે ચિડાયા હતા. અમે જ્યારે આ સ્વર્ગીય દૃશ્યના આનંદમાં ગાંડાતૂર થયાં હતાં ત્યારે પેલા ભાઈને પોતાનું માની લીધેલું અપમાન જ વાગોળવું હતું. ચંદ્રશંકરે એની એ સ્થિતિ તરફ મારું ધ્યાન ખેંચ્યું. હું મનમાં બોલ્યો :

पत्रं नैव यदा करीर-विटपे दोषो वसंतस्य किम् ?
नोलूकोप्यवलोकते यदि दिवा सूर्यस्य किं दूषणम् ?

આ જગતમાં નિરાશા, ગેરસમજ, અપ્રતિષ્ઠા, કે વિયોગ એ સાચાં દુઃખો નથી. પણ અહંકાર એ જ મોટામાં મોટું દુઃખ છે. અહંકારની વિકૃતિ મોટા ધન્વંતરિ પણ દૂર ન કરી શકે.

પેલા ભાઈની અનેક જાતની મૂંઝવણો અને વિકૃતિઓ હું જાણતો હતો. તેથી ગેરસપ્પાના જોગ આગળ પણ એને ચાર ક્ષણ આપ્યા વગર મારાથી રહેવાયું નહીં. મેં એને ગેરસપ્પાની થોડીક માહિતી આપી અને એને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ધોધની પાછળની બખોલમાં અસંખ્ય પક્ષીઓ રહે છે, અને દૂર દૂરનાં ખેતરોમાંથી વીણી લાવેલા 'ઉચ્છિષ્ટ' અને ઉત્કૃષ્ટ દાણા સંઘરે છે. એ સંગ્રહ એટલો મોટો હોય છે કે સરકાર તરફથી એની હરાજી થાય છે, એમ એક વાર કોઈની પાસેથી સાંભળેલું. મધમાખોનું મધ લૂંટનાર માનવીપ્રાણી પક્ષીઓનો સંગ્રહ પણ લૂંટે એમાં નવાઈ શી? જે સંગ્રહ કરે તે લૂંટાય એવી સૃષ્ટિની જ વ્યવસ્થા દેખાય છે: परिग्रहो भयायैव ।

ફરી પડળ ફેલાયું અને મને અંતર્મુખ થઈ વિચારમાં ડૂબી જવાની તક મળી. આવા ભવ્ય દેખાવોનું રહસ્ય શું? ભૂગોળવેત્તાઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓ ઝટ કહી દેશે કે અહીંનો પહાડ નિમ્ન કોટિનો પથરાના પડનો બનેલો છે. ખીણમાંથી એક કરાડ તૂટી હશે તેથી આસપાસની માટી ધોવાઈ ગઈ. એક વાર ધોધ શરૂ થયો એટલે નીચલી જમીનને વધુ ને વધુ ઊંડી ખોદતો જાય અને જ્યાંથી ધોધ શરૂ થાય છે તે ખૂણાને ઘસતો જાય. ઉપરનું એ કપાળ જો સખ્ત પથરાનું હોય તો ઊંચાઈ હજારો વર્ષ સુધી ટકે. ધોધથી સમુદ્ર બહુ દૂર નહીં હોવાથી નદીનો આગળનો ભાગ સાફ થઈ ગયો છે અને ધોધની ઊંચાઈ કાયમની રહી છે. આ તો ધોધનું જડ રહસ્ય થયું. કોઈ આધુનિક યાંત્રિકને પૂછો તો તે કહેશે: એકલા ગેરસપ્પાના ધોધમાં એટલું પ્રચંડ સામર્થ્ય છે કે મૈસૂર અને કાનડા બંને જિલ્લાને જોઈએ એટલી શક્તિ એ પૂરી પાડી શકે. પછી તમે એમાંથી વીજળી લો, દરેક શહેર અને ગામડાને પ્રકાશિત કરો, કારખાનાં ચલાવો, અને તમારા મુલકના કે બીજા મુલકના ગમે તેટલા માણસોને મજૂરી વગરના બનાવી દો.

જો કંઈ કુદરત પાસેથી લાભ મળે તે પૃથ્વીનાં બધાં જ બાળકો અંદર અંદર સમજીને વહેંચી લઈએ અને જીવનયાત્રાનો બોજો હળવો કરીએ, એવી બુદ્ધિ માણસોને સૂઝે ત્યારની વાત જુદી છે. પણ આજે તો માણસના હાથમાં કોઈ પણ જાતની શક્તિ આવી ગઈ કે તરત જ એ બીજા માણસો ઉપર સરસાઈ ભોગવવાને જ મથે છે. પછી એ સરસાઈ મારીને મળતી હોય, ગુલામ બનાવીને મળતી હોય, કે અર્ધપેટ રાખીને મળતી હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૈસૂર રાજ્ય સુધરેલું છે. મોટા મોટા એંજિનિયરોએ દીવાનપદ શોભાવીને અહીંની સમૃદ્ધિ વધારવાના પ્રયત્નો કર્યા છે. આખી દુનિયાને જોઈતું ચંદનનું તેલ તો એકલું મૈસૂર રાજ્ય જ પૂરું પાડે છે એમ કહીએ તો એમાં ઝાઝી અતિશયોક્તિ નથી. હિન્દુસ્તાનની મોટામાં મોટી સોનાની ખાણો મૈસૂરમાં જ છે. ભદ્રાવતીના લોખંડના કારખાનાની કીર્તિ વધતી જ જાય છે. અને કૃષ્ણસાગર તળાવ માનવી પરાક્રમનો એક સુંદર નમૂનો છે. એ મૈસૂર રાજ્યને ગેરસપ્પાનો ધોધ વટાવી ખાવાની બુદ્ધિ નથી સૂઝી એમ તો ન જ બને. પણ હજી એ અમલમાં નથી આવી, એટલું જ. આટલી શક્તિનો ઉપયોગ શો કરવો એ સૂઝયું નથી, કે સરહદનો ઝઘડો આડે આવે છે, કે ત્રીજું જ કારણ છે તે હું ભૂલી ગયો છું. પણ એટલું ખરું કે ગેરસપ્પાની શોભા હજી એટલી ને એટલી જ પ્રાકૃતિક, ઉદાત્ત અને અક્ષુણ્ણ રહી છે.

ભગિની નિવેદિતાએ કરેલી પ્રખ્યાત તુલનાનું અહીં સ્મરણ થાય છે. કોઈ પણ સ્થાનની રમણીયતા હિંદવાસીને આકર્ષે કે તરત એણે એનું ધાર્મિક રૂપાંતર કર્યું જ છે. હિંદનું હૃદય કોઈ અદ્ભુત, રમણીય કે ભવ્ય દૃશ્ય જુએ કે તરત એને થાય છે કે, આ તો ગાય વાછરડાને બોલાવે તેમ પરમાત્મા જીવાત્માને બોલાવે છે. નાયગરાનો ધોધ જો હિંદુસ્તાનમાં ગંગામૈયાના પ્રવાહમાં હોત તો અહીંની જનતાએ એનું કેવું વાતાવરણ કરી મૂકયું હોત! આમોદપ્રમોદ અને ઉજાણીની ટોળીઓને બદલે અને રેલવેના મુસાફરોને બદલે ધોધની પૂજા કરવા માટે વાર્ષિક અથવા માસિક યાત્રાળુઓનાં ટોળેટોળાં ભેગાં થાત. ભોગવિલાસનાં બધાં સાધન પૂરાં પાડનાર હોટેલોને બદલે ધોધને કાંઠે, અથવા ધોધની વચોવચ પણ, ઊભરાતા હૈયાની ભક્તિ ઠાલવવા માટે મોટાં મોટાં મંદિરો હોત. સૃષ્ટિનો વૈભવ જોઈ ભપકાદાર અમનચમન અને મોજ-મજાને બદલે લોકોએ અહીં તપ કર્યું હોત. અને આવડી પ્રચંડ શક્તિને માણસના ફાયદા માટે અને સુખસગવડ માટે બંદીવાન કરવાનું સૂઝવાને બદલે કુદરત સાથેનું ઐક્ય અનુભવતી મસ્તીમાં ભૈરવજાપ ખાઈ પાણીના પ્રવાહમાં પોતાનો જીવનપ્રવાહ ભેળવી દેવાનું જ સૂઝત. સ્વભાવભિન્નતામાં કંઈ બાકી રહે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ શું કુદરતની ભવ્યતા જોઈ એમાં પોતાનો દેહ છોડી દેવો એમાં આધ્યાત્મિકતા છે? ના. દેહનાં બંધનો તૂટી જાય, 'ગમે તે ભોગે જીવીશ જ' એ જાતની પામર જીવનાશા માણસ છોડી દે, એમાં આધ્યાત્મિક પ્રગતિ છે એ વિષે શંકા નથી. પણ એ સ્થાયી વૃત્તિ હોવી જોઈએ.' ક્ષણિક ઉન્માદનો કાંઈ જ અર્થ નથી. ફના થવાની ઇચ્છા એ દરેક માણસમાં કોક વખતે આવે જ છે. ઇશ્કની એ એક વિકૃતિ છે. એમાં અમુક આધ્યાત્મિક તત્ત્વોની ઝાંખી જોઈ એના પર ફિદા થવું એ મનુષ્યજીવનની મહત્તાને શોભતું નથી. બુદ્ધ ભગવાને પોતાની અચૂક નજરે એને વિભવતૃષ્ણાનું નામ આપી ધિક્કારી કાઢી છે. વિભવ એટલે નાશ. ભગવાન મનુએ પણ એ જ વસ્તુ સ્પષ્ટ શબ્દોમાં કહી છે:

नाभिनन्देत मरणम्; नाभिनन्देत जीवितम् ॥

ગેરસપ્પાના જોગ જેવા રોમહર્ષણ દૃશ્ય આગળ યંત્રનો, શક્તિનાં હૉર્સપાવરનો, વીજળીના પ્રકાશનો અને કારખાનાંઓનો વિચાર કરવો એ આત્માને ભૂલી જઈ બાહ્ય વૈભવનું ધ્યાન કરવા બરાબર છે, એ વિષે શંકા નથી. પણ આસપાસનો મુલક દુષ્કાળથી પીડાતો હોય, લોકો અનેક રોગના ભોગ થઈ પડતા હોય, અને પ્રજાનું એ દુઃખ દૂર કરવાનો ઉપાય આ ધોધનાં પાણી બીજી રીતે વાપરવાથી જ થતો હોય, તો તે વખતે આપણો કેવો આગ્રહ હોય? સૃષ્ટિસૌંદર્યના રસિયા એવા આપણા ચિત્તના આહ્‌લાદક સાધનને — ધોધને — એમ ને એમ રાખીએ કે આપદ્‌ગ્રસ્ત એવા આપણા ભાઈઓને દુઃખમુક્ત કરવા માટે એનો ભોગ આપીએ? અનાજ પૂરતું મળતું ન હોય એવે વખતે અને ઠેકાણે અનાજની ખેતી છોડીને ગુલાબની ખેતી કરીએ તો એથી આપણો હૃદયવિકાસ થશે ખરો? ગુલાબમાં કાવ્ય છે, અનાજમાં કારુણ્ય છે. એમાંથી કયું પસંદ કરીએ? ઇંગ્લંડના પ્રાચીન રાજાએ અનેક ગામડાંઓ ઉજ્જડ કરી મૃગયા માટે એનું મહાન ઉપવન તૈયાર કર્યું. રાજા મરદાની રમતનો રસિયો હતો એ વિષે શંકા નથી. પણ સવાલ એ છે કે એને પ્રજાસેવક ગણાય કે નહીં. કળા સામે સેવાનો સવાલ આવીને ઊભો રહે, કાવ્યની કે કારુણ્યની કઈ વૃત્તિ પોષવી એ નક્કી કરવાનું હોય, ત્યારે નિર્ણય કઈ કસોટી પર કસીને આપવો? રોમ બળતું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને નીરો ફિડલ વગાડવા બેસે અને મિથિલા બળતી હોય ને જનક રાજા આધ્યાત્મિક ચર્ચા કરતા હોય એમાં ફરક છે. પ્રજાસેવામાં જેટલું થઈ શકે તેટલું બધું કર્યા પછી નાહકની ચિંતામાં હૈયું બાળવા કરતાં હૈયામાં અંતર્યામીનું સ્મરણ દૃઢ કરવાનો પ્રયત્ન આર્યવૃત્તિને સૂચવે છે. મુઠ્ઠીભર લોકોના વિલાસ કે ઐશ્વર્ય માટે કુદરતની શક્તિનો ઉપયોગ કરવો અને પ્રાકૃતિક સૌંદર્યનો નાશ કરવો એ અધર્મ છે. પણ પ્રાણીઓના આર્તિનાશથી થતો હૃદયવિકાસ છોડી પ્રકૃતિના વિભૂતિદર્શનમાંથી તે શોધવાની ઇચ્છા રાખવી એ ઇષ્ટ છે કે કેમ એ વિચારવા જેવું છે.

પેલા રિસાયેલા ભાઈ પોતાના કલ્પેલા અપમાનની બળતરામાં સામેના દૃશ્યને ભૂલી ગયા હતા, અને હું મારા તાત્ત્વિક કલ્પનાવિહારમાં શૂન્ય નજરે સામે જોતો હતો. બન્ને અભાગિયા હતા, કેમ કે કલ્પના કે બળતરા ચલાવવાને માટે પાછળથી ગમે તેટલો વખત મળત. ધુમ્મસનું પડળ ફરી ઘેરાયું. હવે કંઈ ધોધ ફરી દેખાવાનો હતો? રાજાજીએ કહ્યું, 'ઉનાળામાં જ્યારે ધોધ પડે છે ત્યારે પાણીનાં તુષાર ઉપર જાતજાતનાં ઇંદ્રધનુષ દેખાય છે. તે વખતની શોભા સાવ જુદી જ હોય છે.' અને ચાંદની રાત્રિમાં પણ કંઈ ધનુષ્ય નથી નીકળતાં એમ નથી. મૈસૂરનો સર્વસંગ્રહ (ગૅઝેટિયર) લખે છે કે, ઘાસના મોટા મોટા ભારા સળગાવી ધોધમાં છોડી દેવાથી અંધારી રાત્રિએ આખી ખીણ સળગી ઊઠી હોય એમ દેખાય છે. કેટલાક લોકોએ રાત્રે આતસબાજીનાં અનેક બાણ છોડીને પણ અહીં અદ્ભુત આનંદ મેળવ્યો છે. ઉત્પાતિયો માનવી શું શું ન કરે? મને તો એવું કશું ન ગમે. આવે ઠેકાણે કુદરત જે ખોરાક પીરસે તેની સ્વાભાવિક રુચિ અનુભવવામાં જ ખરી રસિકતા છે. માનવી મસાલા ઉમેરવાથી સ્વાદ અને પાચનશક્તિ બન્ને બગડી જાય.

હવે અમે બંગલાની અંદર પહોંચ્યાં. સાથે ખાવાનું આણ્યું હતું તે ઉદરસ્થ કર્યું. અહીંનું પાણી તો પિવાય નહીં, તરત મલેરિયા તાવ લાગુ પડે. ઘણાખરાઓએ તો ગરમ ગરમ કૉફી પીને જ તરસ છિપાવી. મેં તો તે દિવસે ચાતકની પેઠે વરસાદનાં થોડાંક ટીપાં મેળવીને જ સંતોષ માન્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોધનું ફરી એક વાર દર્શન કરી અમે પાછાં ફર્યાં. હવે તો બધી રીતે સ્પષ્ટ થયું કે ધોધ ત્રણ નથી પણ ચાર છે. ડાબી બાજુનો પહેલો મોટો ધોધ તે રાજા. એની પડખેની ખીણમાં આક્રોશ કરતો અને એને આવીને મળનાર 'રોઅરર' (Roarer) તે મારો રુદ્ર. માથા પર ફુવારાની ધોળી જટા ફૂલેલી બતાવનાર તે 'રૉકેટ'. તેને હવે વીરભદ્ર કહ્યા વગર છૂટકો નહોતો. અને છેલ્લે આવતા બાજુના ધોધનું તન્વંગી પાર્વતી એ જ નામ મેં કાયમ કર્યું. અંગ્રેજોએ રુદ્રને Roarer નામ આપ્યું છે, વીરભદ્રને Rocket, અને પાર્વતીનું નામ Lady પાડ્યું છે.

હવે અમે પાછાં ચાલ્યાં. પગે જળો બાઝવાની બીક હતી. અહીંના લોકોએ અમને બધાંને ચેતવણી તો આપી જ હતી કે ચેતીને ચાલજો. જળો ચોંટશે તો ખબરે ન પડે અને લોહી ચુસાશે. મેં કહ્યું, તેની ચિંતા નહીં કરતા. અંગ્રેજોને ઓળખતા થયા છીએ તો જળોથી નહીં ચેતીએ? છતાં લગભગ એકેએકના પગે એકેક જળો તો ચોંટી જ ગઈ. મારા શરીરમાં લોહીનું ઝાઝું આકર્ષણ નહીં હોવાથી, કે મારું લોહી કડવું હોવાથી, કે કાકદૃષ્ટિથી હું જોઈ જોઈને ચાલતો હતો તેથી, કોણ જાણે હું તો બચી ગયો હતો. અમે થોડાંક આગળ ચાલ્યાં પણ મણિબહેનથી રહેવાયું નહીં. 'જરા રહો. ફરી એક વાર બની શકે તો આ બાજુથી ધોધનાં દર્શન કરી આવું.' 'પણ ધુમ્મસ ઊઘડે જ નહીં તો?' 'ન ઊઘડે તો કંઈ નહીં, પાછાં આવીશું. પણ એક વાર જોવા તો દો.'

પાછા આવતાં રસ્તાનો એક ફાંટો ફંટાયો હતો એ રસ્તે જઈને કેટલાકોએ પાર્વતીનું નજીકથી દર્શન કર્યું અને ત્યાં જમીન લપસણી હોવાથી પાર્વતીને 'વંદે માતરમ' કહી સાષ્ટાંગ પ્રણિપાત પણ કર્યો!

જતાં જે રસ્તે અજ્ઞાત અને અનનુભૂત દશાનું કાવ્ય અનુભવ્યું હતું તે જ રસ્તે પાછાં વળતાં સંસ્મરણોનું સ્મૃતિકાવ્ય અમે અનુભવવા લાગ્યાં. જોકે એ ને એ જ દૃશ્યો ઊલટી દિશાથી જોવામાં નવીનતા ઓછી ન હતી. જે ઝાડો વિષે, જતાં અમે વાતો કરી હતી એ જ ઝાડો પાછાં આવતાં ધ્યાન ખેંચે જ; એટલે એ ઓળખીતા ભાઈઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમ છો' કરીને કુશળ પૂછ્યા વગર તો આગળ શી રીતે જવાય? અને ઝાડ ઝાડ વચ્ચે પ્રેમનો પુલ બાંધનાર વેલાઓ? એમની નમ્રતાને નમન કર્યા વગર આગળ જાય તે અરસિક. અમે ધીમે ધીમે નદીના કાંઠા સુધી આવી પહોંચ્યાં. હવે એ ને એ જ શાંત પ્રવાહ ઉપર થઈને પાછા જવું હતું. ધૂમસનાં વાદળાં વિખેરાયાં હતાં. નદીનાં શાંત પાણી ધીમે ધીમે ધોધ તરફ જતાં જોઈ મારા મનમાં બલિદાન માટે જતા ઘેટાંના ઝુંડનું ચિત્ર ખડું થયું. મેં એ પાણીને કહ્યું કે, 'આવડું મોટું અધઃપતન તમારા ભાગ્યમાં લખાયેલું છે એનો ખ્યાલ સરખો તમને નથી, તેથી જ આટલા સ્વસ્થ ચિત્તે તમે આગળ વધો છો. અથવા નહીં— હું જ ભૂલું છું. તમે જીવનધર્મી છો. તમને વિનાશનો ભો શો!

प्रायः कन्दुक-पातेन पतत्यार्यः पतन्नपि ।

જેટલી ઊંચાઈથી પડશો તેટલાં જ ઊંચાં ઊછળશો. તમારી દયા ખાનાર હું કોણ?' શરાવતીનાં પવિત્ર પાણીનો સ્પર્શ કરવા મેં મારો હાથ લંબાવ્યો ત્યાં પાણી ખળખળ હસીને બોલ્યાં, 'न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात ! गच्छति.' હોડી આ કાંઠે આવી ગઈ અને અમને સૂઝ્યું કે મોટર આ બાજુ જરા નીચે દોડાવીએ તો એ જ ધોધની ફરી જમણી જાત્રા પણ થશે. અમે જઈ આવ્યાં હતાં એ બાજુને મૈસૂર-બાજુ કહે છે અને જમણી બાજુએ જવા ઊપડ્યાં એ મુંબઈ-બાજુ તરીકે ઓળખાય છે. કેમ કે જોગ બે રાજ્યની સરહદ ઉપર છે.

અહીં તો અમે સાવ નજીક આવી ગયાં. મોટા મોટા ખડક વચ્ચે થઈને હું દોડવા લાગ્યો. બે વરસના માંદા તરીકે મારી ખ્યાતિ ઠીક ઠીક ફેલાયેલી હતી. એટલે મને દોડતો જોઈ રાજાજીને આશ્ચર્ય થયું. કોકે કહ્યું, 'એ તો મહારાષ્ટ્રના માવળા છે અને હિમાલયના યાત્રી પણ ખરા જ. માછલાંને પાણી તેમ આ મરાઠાઓને ડુંગર.' મારે ક્યાં આ વચનો સાંભળવા થોભવું હતું? હું તો દોડતો દોડતો રાજા ધોધને પડખે પેલી પ્રખ્યાત કરાડ છે ત્યાં જઈ પહોંચ્યો. અહીં ઊભા ઊભા નીચે જોવાય જ નહીં. ચક્કર આવીને માણસ પડી જ જાય. કાનમાં ચારે ધોધના અવાજ એટલા ભરાઈ ગયા હતા કે બીજું કંઈ સાંભળવા જેટલી એમાં જગ્યા જ રહી નહોતી. જેમ ધોધનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી ઉપરથી નીચે ખીણમાં પડી ફરી ઊંચે ઊછળતાં હતાં તેમ કાનમાંથી અવાજ પણ પાછા ઊછળતા હોવા જોઈએ. મારું પ્રથમ ધ્યાન ખેંચ્યું રાજાના ગંડસ્થળ પરથી લટકતા મોતીના હારે, અને જળપ્રલયમાંથી લોકોને બચાવવા જેમ વીર તારાઓ ભૂસકો મારે તેમ આ બાજુના ધોધમાં થઈને યુક્તિથી પસાર થનાર પક્ષીઓએ. શું આ પક્ષીઓને આ ધોધની ભીષણ ભવ્યતાનો ખ્યાલ જ નથી આવતો, કે ઈશ્વરે એમનાં હૈયાંમાં એટલી હિંમત પ્રેરી છે? મને લાગે છે કે આગંતુક પક્ષીઓ તો આટલી હિંમત નહીં કરે. આ જોગવાસીઓ અહીં જ જન્મેલાં, ધોધના પડગની સુરક્ષિતતામાં ઊછરેલાં. સિંહનાં બચ્ચાં સિંહણથી ન ડરે. સાગરનાં માછલાં મોજાંઓમાં માણે, તેવી જ રીતે આ જોગનાં બાળકો જોગ સાથે રમતાં હશે.

રાજા ધોધ મૈસૂરબાજુએ દૂરથી જોયો હતો ત્યારે એની અસર જુદી થતી હતી. અહીં તો જાણે હાથીના ગંડસ્થળ ઉપર જ સૂતાં હોઈએ એટલાં નજીક અમે હતાં. ઉપરનાં પાણી ધોધ તરફ એવાં તો ખેંચાતાં હતાં કે જાણે કોઈ મહાપ્રજા જાણ્યેઅજાણ્યે, મને-કમને મહાન ક્રાંતિ તરફ ધસતી હોય! મહાપ્રજા જ્યારે સામાજિક અને રાજકીય સુધારાઓના વેગમાં તણાય છે ત્યારે આગળ શું આવવાનું છે એનો એને ખ્યાલ નથી હોતો. અને ખ્યાલ હોય તોય, 'આપણી બાબતમાં એ સાચું નહીં ઠરે, આપણે જેમ તેમ બચી જઈશું,' એવી આંધળી આશા રાખે છે. દરમ્યાન સુધારાનો કેફ વધતો જ જાય છે. અંતે જહાલ લોકો સંયમ સૂચવે છે, જ્યારે મૉડરેટ લોકો આંધળા થઈ બેજવાબદાર લોકો જોડે ભળી જાય છે અને પછી ઇચ્છે તોય પાછા ફરી શકતા નથી! અથવા પોતે પાછા ફરે તોય શું? ધનુષ્યમાંથી છૂટેલું બાણ કોઈ કાળે પાછું ખેંચાયું છે? જે અટળ ન હોય તે ક્રાંતિ શાની?

ધોધનાં પાણી નીચે ક્યાં પહોંચે છે એ જોવું કે જાણવું અશક્ય હતું. કેમ કે ઊછળતાં પાણીનાં મોટાં મોટાં વાદળાં ધોધના પગને વીંટળાઈ વળ્યાં હતાં. શું એ પાણીનો ગાંડો ઉત્સવ! જાણે મહાદેવ સંહારકારી તાંડવ નૃત્ય જ નાચી રહ્યા છે અને સામેનો રુદ્ર એને તાલ દે છે. પણ રોમાંચકારી શોભાનો પરમ ઉત્કર્ષ તો પેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીરભદ્ર જ બતાવે છે. તમને લાગે જ નહીં કે અહીં પાણી પડે છે, પાણી ઊડે છે. મોટી મોટી તોપોમાંથી ગોળાને જોરે કોરા લોટના ફુવારા ઊડતા હોય એવો એ દેખાવ હતો. એ દેખાવનું વર્ણન શબ્દમાં આવી જ ન શકે, કેમ કે શબ્દો 'શાંતિ અને વ્યવસ્થા' વચ્ચે ઊછરેલા હોય છે.

અમે પડ્યાં પડ્યાં અહીંથી આ દૃશ્ય ધરાઈને જોયું. અથવા સાચું કહીએ તો ગમે તેટલા પડ્યા હોઈએ તોયે ધરાવું અશક્ય છે એની ખાતરી થાય ત્યાં સુધી જોયું. અમે ઊઠીને પાછાં ફર્યાં. પાછા ફરવું સહેલું નહોતું. એકાદ જણ ઊઠે જ નહીં. એને ખેંચી લાવવા બીજો જાય એ પોતે જ એ નયનોત્સવમાં ચોંટી જાય. પહેલો પસ્તાય અને ઊઠે તોય બોલાવવા પાછો ગયેલો ઊઠે નહીં. અને જ્યાં બંને માંડ સંયમ કરી પાછા ફરે છે ત્યાં બંને ઉપર ચિડાઈને વઢવા આવેલા ત્રીજા ભાઈ એક ઘડીક માટે આંખને તૃપ્ત કરવા માટે ત્યાં ઊભા રહે અને પેલા બે જણાના સંયમને જરાક મોળો કરે. બે જણના મનમાં થાય : આટલા ચિડાયેલા સમાજનિયંતા ભાઈ જેટલી છૂટ લે છે તેટલી આપણે લઈએ તો તેમાં કશું ખોટું નથી. આપણે ક્યાં એમના કરતાં વધારે સંયમી હોવાનો દાવો કરીએ છીએ? મને થયું કે એ પેલા ખડક ઉપર પહોંચું તો રાજાના પાણીમાં પગ બોળી શકું. પણ નદીનાં પાણી સહેજ વધતાં હતાં એમાં એ ખડક નાનો સરખો બેટ થયો હતો એટલે રાજાજીએ મને વાર્યો. મને પણ થયું કે એમનું નહીં માનું તો એવડી ઉદ્ધતાઈ થાય. રાજાજીની આજ્ઞા કેમ ઉથાપાય? અને 'રાજા'ને માથે પગ કેમ મુકાય?

અમે પાછાં વળ્યાં. ભક્તિ, વિસ્મય, માનવી જીવનની ક્ષણભંગુરતા, દૃશ્યની ભવ્યતા, આ ક્ષણની ધન્યતા, એમ કેટલીયે વૃત્તિનાં વાદળાં હૈયામાં ભરાયાં હતાં અને ત્યાંથી પેલા વીરભદ્રની પેઠે માથામાં પોતાનાં બાણ છોડતાં હતાં. વિચારની આ આતસબાજી અદ્ભુત હોય છે. હૃદયમાંથી બાણ છૂટે અને સોંસરું માથા સુધી પહોંચી ત્યાં ફૂટે ત્યારે સ્વસ્થ શરીર કેવું અસ્વસ્થ થઈ જાય છે, એનો જેણે અનુભવ કર્યો હોય તે જ એનો ચમત્કાર જાણે.

આ ઠેકાણે મંદિર કેમ નથી? આપણા લોકોનાં મંદિરો એટલે જન્મભૂમિનાં કાવ્યમય સ્થાનો. પહાડનું અમુક શિખર ઉત્તુંગ છે? ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ ઋષિ ધ્યાન ધરવા જઈ બેઠા જ છે અને ભક્તોએ ત્યાં એક મંદિર બાંધ્યું જ છે. પછી એ પૂના પાસેનું પર્વતી હોય, ચંપાનગરી પાસેનું પાવાગઢ હોય, જૂનાગઢ પાસેનું ગિરનાર હોય કે હિમાલય પાસેનું કૈલાસ શિખર હોય. દક્ષિણ તરફ દોડનારી નદી અમુક ઠેકાણે ઉત્તરવાહિની થઈ છે? ચાલો ત્યાં ગોઠવો એક તીર્થ. કરોડો લોકો આવે અને પાવન થઈ જાય. મોટી મોટી બે નદીઓ એકબીજીને મળે છે? તો એ પ્રયાગ ઉપર આપણા સંતોએ ત્રીજી પોતાની સરસ્વતી વહેવડાવી જ છે. બધી યાત્રાઓ પૂરી થઈ અને સમુદ્ર સુધી પહોંચ્યા? ત્યાં ભક્તોએ જગન્નાથને અથવા સેતુબંધ મહાદેવને બેસાડ્યા જ છે. જ્યાં જમીનનો અંત દેખાયો ત્યાં કાં તો કન્યાકુમારી હોય અથવા દેવેન્દ્ર હોય. લાંબા લાંબા રણમાં એકાદ સરોવર દેખાય તો એ નારાયણનું જ સરોવર છે, એની પૂજા થવી જ જોઈએ. અને ક્ષીરભવાની!

આપણા સંત કવિઓએ તીર્થસ્થળો ક્યાં ક્યાં કલ્પ્યાં છે એ શોધવા જઈએ તો હિંદુસ્તાનની આખી ભૂગોળ પૂરી કરવી પડશે. મુસલમાન સંતોએ અને રોમન કૅથલિક પાદરીઓએ પણ આપણા દેશમાં એવી જ રીતે અદ્‌ભુત કાવ્યમય સ્થાનો પસંદ કર્યાં છે અને ત્યાં પૂજા પ્રાર્થનાની સગવડ કરી છે. ત્યારે આ ધોધ પાસે મંદિર કેમ નથી? શું જીવનરાશિનો આવડો મોટો અધઃપાત જોઈ મુનિઓ ખિન્ન થયા હશે? ભૈરવઘાટીની માફક અહીં દેહ છોડી દેવાનો કેફ પેદા થશે એ ખ્યાલથી લોકસંગ્રહકાર મુનિઓએ લોકયાત્રા માટે આ સ્થાન નાપસંદ કર્યું હશે! અથવા મગજને ભરી દેનાર અખંડ અને ભીષણ ગર્જના ધ્યાનને માટે અનુકૂળ નથી એમ સમજીને ઉપાસકો અહીંથી વિમુખ થયા હશે? અથવા આ ધોધ પોતે જ અભયબ્રહ્મની મૂર્તિ છે, એની પડખે ધ્યાન ખેંચે એવી કઈ મૂર્તિ ઊભી કરવી, એ મૂંઝવણમાં તેઓ નિવૃત્ત થયા હશે? કોણ કહી શકે? આપણા પૂર્વજોએ અહીં મંદિર ન બાંધ્યું એનું મને જરાય દુઃખ નથી, પણ એમણે આ સ્થાન જોઈ સૂઝેલા ભાવોનું એકાદ તાંડવસ્તોત્ર તો જરૂર લખવું જોઈતું હતું. પાર્થિવ મૂર્તિ જ્યાં કામ ન આવે ત્યાં વાઙ્‌મયી મૂર્તિ જરૂર ઉદ્દીપક થઈ શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધી શોભા અમે ધોધને માથેથી જોતાં હતાં. હોન્નાવર તરફથી આવનાર લોકો ઉત્તર કાનડા જિલ્લાના મહાકાંતારમાં થઈને જ્યારે આવે છે ત્યારે એમને નીચેથી આ ધોધનું આ-પાદ-મસ્તક દર્શન થતું હશે. કયું સારું એ અનુભવ્યા વગર કોણ કહી શકે? અને અનુભવ્યા પછીયે શું? કુદરતની જુદી જુદી વિભૂતિઓમાં કોઈ કાળે સરખામણી થઈ છે! હિમાલયની ભવ્યતા, સાગરની ગંભીરતા, રણની ભીષણતા અને આકાશની નમ્ર અનંતતા વચ્ચે કોણ સરખામણી કે પસંદગી કરી શકે? એટલે એક વાર હોન્નાવરને રસ્તે જોગને દર્શને આવવું જોઈએ.

દરિયાઈ કાફલાનો અનુભવ લઈને કુશળ થયેલા કેટલાક લશ્કરી અમલદારો ધોધનું માપ લેવા આવ્યા હતા અને પારણામાં લટકતા ધોધ પાછળ પહોંચી ગયા હતા, તેમને કેવો અનુભવ થયો હશે? જોગિયાં પક્ષીઓએ એમનું કેવું સ્વાગત કર્યું હશે? ધોધના પડદામાંથી અંદર ફેલાતો બહારનો પ્રકાશ એમને કેવો દેખાયો હશે? અને અંધારી રાત્રિએ ધોધ પાછળ જો ઘાસ સળગાવીને મોટો પ્રકાશ કર્યો હોય તો આખી ખીણમાં કેવી ગંધર્વનગરી પેદા થાય એની કલ્પના કોઈને આવી છે! જ્યારે અહીં વીજળીનું કારખાનું થશે ત્યારે કેટલાક કલ્પનાશૂરો જરૂર આ ધોધ પાછળ વીજળીની બત્તીઓની હાર ગોઠવવાના અને દુનિયાએ ન જોયેલી એવી ઇન્દ્રજાળ પાથરવાના. તે વખતે આખી ખીણ એક મહાન રંગભૂમિ થશે અને ચારે ખંડના ભૂદેવો એ જોવા અવતરશે. પણ તે વખતે કોઈને ઈશ્વરનું સ્મરણ થશે ખરું? માણસે પોતાની બુદ્ધિશક્તિ ઈશ્વરને ઓળખવાને માટે વાપરવાને બદલે ઈશ્વરને ભૂલી જવાની યુક્તિઓ અને પદ્ધતિઓ શોધવામાં જ વાપરી લાગે છે!

વખતે એમ પણ હોય કે બુદ્ધિ બધી રીતે હાર્યા પછી જ ઈશ્વરને વધારે સારી રીતે સમજી શકશે.

દરેક વસ્તુને અંત આવે છે એટલે અમારી આ જોગ-યાત્રાનો પણ અંત આવ્યો. અત્યંત પવિત્ર અને મીઠાં સ્મરણો સાથે અમે પાછાં ફર્યાં. પણ ફરી એક વાર અહીં આવવાની વાસના તો રહી જ ગઈ. એટલે પુનરાગમનાય ચ એવા શાસ્ત્રોક્ત શબ્દોથી જ અમે ભારત-વૈભવની આ અસાધારણ વિભૂતિની વિદાય લઈ શક્યાં.

સપ્ટેમ્બર, ૧૯૨૭

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१३

જોગના ધોધનું પુનર્દર્શન

હિમાલય, વિંધ્ય અને સહ્યાદ્રિ જેવા ઉત્તુંગ પર્વતો; ગંગા, સિંધુ, નર્મદા, બ્રહ્મપુત્ર જેવી સુદીર્ઘ નદ-નદીઓ; ચિલ્કા, વુલર તથા મંચર જેવાં પ્રસન્ન સરોવરો જે દેશમાં વિરાજતાં હોય તે દેશમાં એકાદ મહાન, ભીષણ અને રોમાંચકારી જલપ્રપાત ન હોય તો પ્રકૃતિમાતા કેવી રીતે કૃતાર્થતા અનુભવે? દક્ષિણ હિંદમાં આવેલા કારવાર જિલ્લા તથા મૈસૂર સંસ્થાનની સરહદ ઉપર એવો એક ધોધ છે કે જે જગતમાં અદ્વિતીય અથવા સર્વશ્રેષ્ઠ પદનો એકમાત્ર ભોક્તા ન હોય તોય એવા સર્વશ્રેષ્ઠ ધોધમાંનો એક છે એમાં શંકા નથી. અંગ્રેજો તેને 'ગેરસપ્પા ફૉલ્સ' ને નામે ઓળખે છે. તેનું દેશી નામ 'જોગ' છે.

લૉર્ડ કર્ઝન જ્યારે હિંદુસ્તાનમાં આવ્યો ત્યારે જોગનો ધોધ જોવા તે એટલો ઉત્સુક થયો હતો કે આ દેશમાં આવ્યા પછી પહેલી તકનો લાભ લઈ તે જોગનો ધોધ જોવા ગયો, અને તેના અદ્ભુત સૌંદર્યથી તેણે પોતાની આંખો ઠારી. તે વખત પછી આપણા દેશમાં આ ધોધની પ્રતિષ્ઠા વધી. જે જગ્યાએથી લૉર્ડ કર્ઝને ધોધ જોઈ પોતાની જાતને કૃતાર્થ કરી તે જગ્યાએ મૈસૂર સરકારે એક બાંકડો મુકાવ્યો છે. તેને 'કર્ઝન સીટ' કહે છે.

ધોધની નજીકમાં જ મૈસૂર સરકારે એક અતિથિશાળા બંધાવી છે. ત્યાં મહેમાનોની નામાવળીમાં કુદરતપ્રેમી દેશી પરદેશી પ્રવાસીઓએ વખતોવખત પોતાના આનંદોદ્ગાર લખી મૂક્યા છે. આ ઉદ્ગારોનો જ એક સંગ્રહ છાપવામાં આવે તો તે પ્રકૃતિ–કાવ્યનો એક અસાધારણ ગુચ્છ થાય. એ આખું કાવ્ય ઊંચી કક્ષાનું હોત તોપણ જોગના પ્રત્યક્ષ દર્શનથી તો તેની અપૂર્ણતા જ સિદ્ધ થાય છે અને મોઢામાંથી એકદમ ઉદ્ગાર બહાર પડે છે:

एतावान् अस्य महिमा अतो ज्यायांश्च पूरुषः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરાવતી એક નાનકડી નદી. છતાં તેનાં ત્રણ ત્રણ નામ શા માટે પડ્યાં હશે? પ્રથમ તે ભારંગી અથવા બારગંગા નામથી ઓળખાય છે; વચલા ભાગમાં તેને શરાવતી કહે છે; અને જ્યાં તે પ્રૌઢપણે સમુદ્રને જઈ મળે છે ત્યાં તેને બાલનદી કહે છે! શરાવતીના પ્રવાહે એ રોમાંચકારી પ્રપાતનું રૂપ ધારણ ન કર્યું હોત તોયે તેણે પોતાના કુદરતી સૌન્દર્ય વડે માણસનું મન હરણ કર્યું જ હોત. પણ એવું થાત તો તે હિંદુસ્તાનની અનેક રૂપાળી નદીઓમાંની જ એક નદી ગણાત. આ પ્રપાતને કારણે નાનકડી શરાવતી નદી ભારતવર્ષની એક અદ્વિતીય સરિતા થઈ બેઠી છે.

જોગના અલૌકિક દૃશ્યનું દર્શન કરવા માટે રાજાજી તથા બીજા મિત્રો જોડે હું પ્રથમ ગયો હતો તે વખતના તે અદ્ભુત દૃશ્યના દર્શનથી એક કુતૂહલ તૃપ્ત થવા માંડ્યું, એટલામાં તો માનવી-સ્વભાવને અનુસરી એક નવો સંકલ્પ મનમાં ઊઠ્યો, કે આટલી ઊંચાઈએથી કૂદકો માર્યા પછી આ નદી આગળ ક્યાં જાય છે, ત્યાં કેવી દેખાય છે, અને સરિત્પતિ જોડે તેનો મેળાપ કેવી રીતે થાય છે એ બધું એક વખત જાતે જોવું જોઈએ. અને બની શકે તો બાળક બનીને શરાવતીના વક્ષસ્થળ ઉપર નૌકાવિહાર કરવો જોઈએ. અંતરાત્માની આ જિજ્ઞાસાને સત્યસંકલ્પ પરમેશ્વરે સાશીર્વાદ વધાવી લીધી અને એક તપનો અવધિ પૂરો થતા પહેલાં જોગનું બીજી વાર દર્શન લેવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું. પહેલી વાર અમે ઉપરની બાજુએથી ધોધ તરફ ગયા હતા; આ વખતે નદીના મુખ તરફથી પ્રવેશ કરી હોડીમાં બેસીને અમે પ્રતીપ-પ્રવાસ કર્યો અને હોડી અટકી પડી ત્યાંથી તૈલવાહન (મોટર)ની સહાયથી ઘાટ ચડી ધોધને માથે જઈ પહોંચ્યા.

ત્યાં શરાવતીના અર્ધચંદ્રાકાર દરીમાં ચાર ધોધ છે. જમણી બાજુએ 'રાજા' નામનો ધોધ છે તે ઉપરથી એકદમ ૯૬૦ ફૂટ નીચે કૂદકો મારે છે. એનું રાજા નામ યથાર્થ જ છે. તેનો જલરાશિ, તેનો ઉન્માદ, અને તેની હિંમત કોઈ જગદેકસમ્રાટને શોભે તેવાં જ છે. તેની ડાબી બાજુએ મહારુદ્રની જેમ ગર્જના કરનારો 'રુદ્ર (Roarer) પ્રપાત' રાજાના ચરણ ઉપર જઈ પડે છે. રુદ્રની ઘોર ગર્જના આસપાસની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેકરીઓ તથા ખીણને માઈલો સુધી નિનાદિત કરી મૂકે છે. તેના ધ્વનિને નહીં કહી શકાય મેઘગંભીર કે નહીં કહી શકાય સાગરગંભીર. કારણ મેઘગર્જના આકાશ-વિદ્રાવી હોય તોપણ ક્ષણજીવી હોય છે અને સાગરની સનાતન ગર્જનાને ભરતીઓટનાં ઝોકાં ખાવાં પડે છે. રુદ્રનો ધ્વનિ અવિરત, અખંડ અને ધારાવાહી છે. તે ધ્વનિનો ઉન્માદ કંઈ વિલક્ષણ હોય છે.

રાજાને અને રુદ્રને દુનિયામાં કોઈ પણ ઠેકાણે સમ્રાટની પદવી મળી શકે. પણ જોગનો સાચો વૈભવ તો આકાશમાં વિવિધ રૂપે ઊડનારી વીરભદ્ર (Rocket) ની શુભ્ર જલજટાને લીધે છે. વીરભદ્રનો પ્રપાત હાથીના ગંડસ્થળ જેવા એક વિશાળ શિલાખંડ ઉપર પડતાંની સાથે જ તેમાંથી દારૂખાનાનાં બાણ જેવા ફુવારા ઊંચે ને ઊંચે ઊડતા જ જાય છે. આ શું શંકરનું તાંડવ નૃત્ય? કે મહાકવિ વ્યાસની પ્રતિભાનો નવનવોન્મેષશાલી કલ્પનાવિલાસ? કે સૂર્યબિંબના પૃષ્ઠભાગમાંથી બહાર પડતી સર્વસંહારકારી પણ કલ્પનારમ્ય જ્વાળાઓ? કે વળી ભૂમાતાના વાત્સલ્યપ્રેરિત સ્તન્યધારાના ફુવારા? એવી અનેક કલ્પનાઓ મનમાં ઊઠે છે. સાચે જ જોનારની આંખોને વીરભદ્ર પાગલ બનાવી દે છે.

વીરભદ્રની ડાબી બાજુએ કર્પૂરગૌરા, તન્વંગી અને અનૂદરી પર્વતકન્યા પાર્વતી (Lady) પોતાના લાવણ્યથી આપણને આનંદિત કરે છે.

ચાર પ્રપાતોનું જાણે રક્ષણ કરવા માટે જ તેમની બન્ને બાજુએ બે પ્રચંડ પર્વતો ઊભા છે. ઊભા ઊભા આ સંત્રી બીજું શું કરી શકે? પ્રપાતોની અખંડ ગર્જનાને પ્રતિક્ષણ પ્રતિધ્વનિત કરવી, તેમનાં ઇંદ્રધનુષ્યો ધારણ કરવાં, અને વિવિધ પ્રકારની વનસ્પતિથી પોતાનો દેહ શણગારી પુલકિત રહેવું એ જ તેમની અવિરત પ્રવૃત્તિ થઈ બેઠી છે.

આ વખતે અમે ગયા ત્યારે ઉનાળાના દિવસો હતા. ભારંગીનાં પાણી સારી પેઠે ઓસરી ગયાં હતાં. વીરભદ્રની જટાઓ ક્યાંય દેખાતી ન હતી. રુદ્રની લાંબી લાંબી છલંગો પણ ટૂંકી થઈ ગઈ હતી. પાર્વતીએ હવે વિરહિણીનો વેષ ધારણ કર્યો હતો. કંઈ નહીં તો 'રાજા'નો વૈભવ તો જોવા જેવો હશે જ એવી અમે આશા રાખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી, પણ વિશ્વજિત યજ્ઞને અંતે જેમ કોઈ ધન્ય સમ્રાટ અકિંચન બની જાય છે અને એ રીતે પણ પોતાનો વૈભવ વ્યક્ત કરે છે — બરાબર એવી જ દશા 'રાજા'ની થયેલી હતી.

આ વખતે અમે શરાવતીની જમણી એટલે કે ઉત્તર તરફની બાજુએ આવી પહોંચ્યા હતા. અતિથિગૃહમાં ન રોકાતાં અમે દોડતા સીધા 'રાજા' પ્રપાતને પડખે જઈને ઊભા.

ત્યાં એક તરફથી સખત તડકો અને બીજી તરફથી નીચેથી ઊડતા તુષારોનું ઠંડું ધુમ્મસ એ બે વચ્ચે સપડાયાથી અમારી જે દશા થઈ તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. રાજાના મુગટ જેવા શોભતા ગરમ ગરમ પથ્થરો ઉપર વાંકા વળીને નીચે ખીણમાં અમે ડોકિયું કર્યું. ઉપરથી રાજાની જે ધારા નીચે પડતી હતી તે ઊંડે જમીન સુધી પહોંચતી જ ન હતી. કોઈ મદોન્મત્ત હાથીની સૂંઢ જેવો એક પ્રચંડ સ્રોત ઉપરથી નીચે પડતો અમને દેખાતો હતો. નીચે પડતાં પડતાં તે શતધા વિદીર્ણ થઈ તેની સહસ્ર ધારાઓ બની જતી અને આગળ જતાં તે ધારાનાં મોટાં જલબિંદુ બનીને મોતીની માળાની જેમ તેઓ શોભવા લાગતી. આ મોતીઓનું પણ હજી આગળ જતાં ચૂર્ણ થઈ તેના મોટા મોટા કણ દેખાવા લાગ્યા. હવે નીચે આગળ વધવું છોડી દઈ તેઓએ થોડોક સ્વચ્છન્દ-વિહાર શરૂ કર્યો. એ મોટા કણ પણ છિન્નભિન્ન થઈ ગયા અને તેઓએ સીકર-પુંજનું રૂપ ધારણ કર્યું અને વાદળાંની જેમ તેઓ વિહરવા લાગ્યા. પણ આટલેથી પ્રકૃતિમાતાને સમાધાન થયું નહીં. આ વાદળામાંથી આગળ જતાં નિહારિકાનું ધુમ્મસ બન્યું અને પવનની લહેરો સાથે ઊડીને તે બધી હવાને શીતળ બનાવવા લાગ્યું. નવાઈની વાત તો એ કે આટલી મોટી જલધારાનો એક છાંટો પણ ઠેઠ જમીન સુધી પહોંચતો ન હતો! નીચેની જમીન જોઈએ તો ગરમ અને ઉપરની ઠંડી! એવી સ્થિતિ જોઈને મને રાજાઓનું કશી વ્યવસ્થા વગરનું દાન યાદ આવ્યું. પ્રજાજનોને દુકાળથી પીડાતા જોઈને આપણા રાજાઓ જ્યારે ઉદાર હસ્તે પૈસા આપવા માંડે છે ત્યારે તેના જયનાદથી આખું વાતાવરણ ગાજી ઊઠે છે, પણ ગરીબ બિચારી જનતાના મુખ સુધી અન્નનો એક કણ પણ પહોંચતો નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંના ઇંદ્રધનુષ્યની શોભા એવી હતી કે અલકેશ્વરના મનમાં પણ ઈર્ષ્યા ઉત્પન્ન થાય. માત્ર આ ઇંદ્રધનુષ્યો સ્થાયી ન હતાં. પવનની લહેર જેમ દિશા બદલે તેમ એ સીકર-પુંજો પણ પોતાનું સ્થાન બદલતા. આથી પાર્વતીના ઇશારા પ્રમાણે જેમ શંકર નાચવા માંડે તેમ આ ઇંદ્રધનુષ્યો આમથી તેમ દોડતાં દેખાતાં હતાં. ક્ષણમાં તેઓ ક્ષીણ થઈ જતાં, તો બીજી જ ક્ષણે મયાસુરના મહેલની શોભા ધારણ કરતાં. કર્મની સાથે જેમ તેનું ફળ આવે જ છે, તે પ્રમાણે દરેક ધનુષ્ય સાથે તેનું પ્રતિ-ધનુષ્ય પણ પોતાનો વર્ણક્રમ બરાબર ઊલટો કરીને હાજર થતું. અમે જગ્યા બદલી એટલે પેલાં સુરધનુષ્યોએ પણ પોતાનું સ્થળ બદલ્યું. સુરધનુ અને સુરધુનીની આ આહ્લાદજનક રમત અમે લાંબા વખત સુધી વિસ્મય-વિમુગ્ધ ભાવે જોતા જ રહ્યા. જેટલું વધારે જોતા તેટલી દર્શનની પિપાસા વધ્યે જ જતી. કલાક બે કલાક જ અહીં થોભી શકાશે એમ અમે જાણતા હતા. પ્રતિક્ષણે અમારું સમયરૂપી પુણ્ય ક્ષીણ થતું જાય છે, અને થોડા વખતમાં જ અમારે મર્ત્યલોકમાં પાછા જવાનું છે એવું અમને ભાન હતું. સ્વર્ગલોભી દેવો જે વિષાદથી સ્વર્ગસુખનો ઉપભોગ લે છે, પરાક્રમી પુરુષો પોતાના યૌવનના ઉત્તરાર્ધમાં પોતાના સંકલ્પની પૂર્તિ માટે જેવા અધીરા બની જાય છે તેવા વિષાદથી અને તેટલા અધીરા થઈને અમે બધા પેલી ગંધર્વનગરીનું આંખ, કાન, ઘ્રાણ અને આખી ત્વચાથી સેવન કરવા લાગ્યા અને સાથે સાથે અમારી કલ્પનાઓ દ્વારા તે જ આનંદને શતગુણિત કરીને તેનો લહાવો લેવા લાગ્યા.

આગલે દિવસે અમે ત્રણ હોડીઓ લઈને નીકળ્યા હતા. વચલી હોડીમાં સ્ત્રીઓ અને બાળકો હતાં અને અમે પુરુષો બાજુએ ચાલતી બે હોડીઓમાં બેઠા હતા. રાત્રિનો સમય હતો. ઉપર આકાશમાં ચંદ્રમા હસતો હતો. તેનું તે કાવ્ય બાળાઓએ હૃદયમાં ઝીલ્યું અને ત્યાંથી તે એમના આલાપોના રૂપમાં બહાર પડવા લાગ્યું. દરેક બાળાએ પોતાનું વહાલું ગાયન નદીની સપાટી ઉપર તરતું મૂક્યું. તે નાદ કાને પડતાંવેંત કિનારા પરનાં નાળિયેર અને સોપારીનાં વૃક્ષ રોમાંચિત થયાં અને પોતાનાં ઉન્નત મસ્તકો કિંચિત્ નમાવીને તે આલાપોનું પાન કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યાં. થાકી જતાં સુધી બાળાઓએ ગાયનો ગાયાં. પછી તેઓ સૂઈ ગઈ. ચંદ્રમા આથમી ગયો. સર્વત્ર અંધારાનું સામ્રાજ્ય પ્રસ્થાપિત થયું અને અનંત તારકાઓ આસપાસની ટેકરીઓ તરફ મીટ માંડીને જોવા લાગી. આસપાસની નીરવ શાંતિ જાગતી હતી કે નિદ્રામાં પડી હતી તે કહેવું મુશ્કેલ છે.

જ્યારે જ્યારે ઊંઘમાંથી જાગીએ ત્યારે ત્યારે કોક વખત હલેસાંનો અવાજ, કોક વખત ખલાસીઓના વાંસ સાથે કુસ્તી ખેલતાં પાણીનો અવાજ અને વળી કોક વખત ખલાસીઓ એકબીજાને સાદ પાડતા તેનો તીણો અવાજ કાને પડતો. આખરે પરોઢ થયું. પક્ષીઓએ પોતાનો કિલકિલાટ શરૂ કર્યો. મને થયું : વચલી હોડીમાં સૂતેલી કોયલો પણ જાગે તો કેવું ! મારા ગદ્ય આમંત્રણને તેઓએ આલાપોથી જ જવાબ આપ્યો. વૃક્ષોએ પણ રાત્રે સાંભળેલા આલાપ યાદ કરીને 'આ જ તે ગઈ રાત્રિનું સંગીત' એમ એકબીજાને જણાવવા માટે પોતાનાં મસ્તકો હલાવવાની શરૂઆત કરી. રાત્રિનો જલવિહાર સાચે જ સાત્ત્વિક, શાંતિમય અને યૌવનમય હતો.

ઉષઃકાલનો જલવિહાર પણ એટલો જ સાત્ત્વિક, શાંતિમય અને યૌવન-પ્રસન્ન હતો જ્યારે ધોધનું આ દર્શન તો અદ્ભુત-ભીષણ અને રોમ-હર્ષણ હતું. હવે તે બાળાઓના મોઢા ઉપર પ્રાતઃકાળની મુગ્ધ પ્રસન્નતા રહી ન હતી. 'આવું અદ્ભુત દૃશ્ય કેવી રીતે સર્જાયું હશે ? સાચે જ આપણે પૃથ્વીતલ પર છીએ કે સ્વપ્નસૃષ્ટિમાં ?' એ જાતનો વિસ્મય તેમનાં મોઢાં ઉપર સ્પષ્ટ દેખાતો હતો; તેઓ એકબીજાની આંખ સામે જોઈને પોતાનો વિસ્મય વધારતી જતી હતી. અને એમનો તે વિસ્મય જોઈને અમે જ જાણે આ કાવ્યમય સૃષ્ટિના વિધાતા છીએ એવું અભિમાન અમને થતું હતું.

ખાવાનો સમય થઈ ગયો હતો. અમે એક ગામડા નજીક આવી પહોંચ્યાં હતાં. ત્યાં એક ડાંગર ભરડવાની ઘંટી હતી. ભક્ ભક્ ભક્ કરતી તે મિલ લોકોની શાંતિ, તેમનું સ્વાસ્થ્ય અને તેમની આજીવિકાને ભરડી નાખતી હતી. અમે ધરાઈને જમી લીધું અને અમારી વાટ જોતા ઊભેલા તૈલવાહનમાં આરૂઢ થયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તામાં અમારો સારથિ, પેટ્રોલના ડબ્બામાં થોડું તેલ હતું તેમાં જ પાણી ભરી લાવ્યો અને તે તેણે મોટરમાં રેડ્યું. પાણી ગરમ થયું અને તેલનો ધુમાડો પાણીમાં ભળ્યો એટલે પૂછવું જ શું? ડગલે ને પગલે મોટર અડવા લાગી, ચીસો પાડવા લાગી, તકરાર કરવા લાગી અને દુર્ગંધ છોડવા લાગી. અમે પણ કંટાળી ગયાં, ચિડાયાં, ક્રોધે ભરાયાં અને કશો ઉપાય નથી એ જોઈ ને અન્તે ઠંડાં પડી ગયાં. મને બંગાળી કહેવત યાદ આવી: 'जले तेले मिश खाय ना'. જેમતેમ કરીને મહામુસીબતે પાણીવાળી જગ્યાએ જ્યારે આવી પહોંચ્યાં ત્યારે જૂનું બંડખોર પાણી અમે કાઢી નંખાવ્યું અને એક જીનસી સજ્જન પાણી ભરી લીધું. ત્યાર પછીનો અમારો માર્ગ સાવ સહેલો થઈ ગયો.

ગેરસપ્પાના ધોધમાંથી વીજળી ઉત્પન્ન કરવી કે નહીં તેની ચર્ચા કેટલાંય વર્ષોથી ચાલુ છે. શરાવતીનું પાણી એક બાજુએ વાળી લઈ ને મોટા મોટા નળમાંથી નીચે ઉતારીને ત્યાં તેની સહાયથી વીજળી પેદા કરવામાં આવે તો આખા મૈસૂર સંસ્થાનને સસ્તામાં સસ્તે ભાવે તે પૂરી પાડી શકાય. એટલું જ નહીં પણ ઉત્તર અને દક્ષિણ કાનડા જિલ્લાને પણ તે પૂરી પાડી શકાય. તેથી લોકોને ભારે લાભ થશે. પણ આમ કરવાથી એ અદ્ભુતરમ્ય પ્રાકૃતિક દૃશ્ય કાયમનું નષ્ટ થશે. આ બે વસ્તુમાંથી કયું વધારે ઇષ્ટ છે તેનો હજી નિર્ણય થઈ શક્યો નથી. હજારો — નહીં લાખો લોકોને પેટ પૂરતું ખાવાનું મળશે, સેંકડો વિજ્ઞાનવેત્તા નવજુવાનોને પોતાની લાયકાત સિદ્ધ કરવાની તક મળશે, હજારો જનાવરોની પીડા દૂર થશે. એક ઠેકાણે આવી જાતનું કારખાનું યશસ્વી થાય તો હિંદુસ્તાનના બધા પ્રપાતોનો આવો જ ઉપયોગ કરી શકાશે અને દેશને એક મહાન શક્તિનો કાયમને માટે લાભ થશે. તો પછી શું કેવળ એક ભીષણરમ્ય દૃશ્યના લોભથી આપણે આ અનેક હિતકર વસ્તુઓને જતી કરવી? કલાના શોખને પણ કંઈ મર્યાદા હોય કે નહીં? પોતાની રાણીના મનોવિનોદને ખાતર પોતાની રાજધાની રોમને બાળી નાખનાર નીરોની સુલતાની વૃત્તિમાં અને આવી કલા-ભક્તિમાં તત્ત્વતઃ શો ફરક છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રશ્નના જવાબમાં જે ઉત્તર આપવામાં આવે છે તેનો ઉલ્લેખ કરતા પહેલાં થોડુંક વિષયાંતર કરવાની જરૂર છે. યુરોપમાં જ્યારે મહાયુદ્ધ શરૂ થયું અને લાખો જુવાનો તોપો તથા બંદૂકોના ભોગ બન્યા ત્યારે સાહિત્યશિરોમણિ રોમેં રોલાંની ભૂતદયા દ્રવીભૂત થઈ અને બીજા લોકોની પેઠે તેમણે પોતે પણ ઘવાયેલા લોકોની સવાનો થોડોક પ્રબંધ કર્યો. પણ ઉભયપક્ષના શત્રુઓએ જ્યારે એકબીજાની કલાપૂર્ણ ઇમારતો ઉપર બૉંબનો વરસાદ શરૂ કર્યો ત્યારે તેમનો કલાત્મા પુણ્યપ્રકોપથી સળગી ઊઠ્યો અને તેમણે બુલંદ અવાજે આખા યુરોપને ચેતવણી આપી કે "હે કમબખ્તો, તમારે એકબીજાને મારવા હોય તો ભલે મારી નાખો, તમારે જગતમાંથી સદંતર નષ્ટ થવું હોય તો નષ્ટ થાઓ; પણ આ કલાકૃતિઓ તો આત્માની અભિવ્યક્તિની અમર કૃતિઓ છે; એની દ્વારા જ સમસ્ત માનવજાતિનો આત્મા પોતાને વ્યક્ત કરે છે — કંઈ નહીં તો એમનો તો તમે નાશ ન કરો!"

રોમેં રોલાંની આર્ષવાણી યુરોપના આત્માએ સાંભળી અને યુદ્ધમાન પક્ષોએ કલાકૃતિઓનો સંહાર બંધ કર્યો. હવે સવાલ ઊઠે છે તો શું કલાકૃતિઓ સાચે જ માનવઆત્માની અભિવ્યક્તિની દ્યોતક કે પ્રેરક છે? કે પછી તે માત્ર ઉચ્ચ અભિરુચિના આવરણ પાછળ રહેલી વિલાસિતાની જ સાધનસામગ્રી છે?

કલાને જેણે સાચેસાચ ઓળખી છે તે તરત જ કહી દેશે કે કલા અને વિલાસિતા વચ્ચે આસમાન-જમીન જેટલો તફાવત છે અને સાચી કલાકૃતિ દ્વારા જે નિરતિશય આનંદ થાય છે તે સૂતેલા આત્માને ખરેખર જાગ્રત કરે જ છે. કરોડો વૉલ્ટની વીજળિક શક્તિ ઉત્પન્ન કરીને લાખો લોકોની આજીવિકાની વ્યવસ્થા કરવી એ કંઈ જેવીતેવી વસ્તુ નથી; પણ અસંખ્ય માણસોને કલા દ્વારા જે આનંદ અને સંસ્કારિતા મળે છે તે તો તેમના આત્માને પોષનારી વસ્તુ છે.

અને જોગ કંઈ માનવકૃત કલાકૃતિ નથી. ઊલટું એ તો કલાકારોને ભવ્યતા અને રમ્યતાનું એકીસાથે શિક્ષણ અને દીક્ષા આપનારી પ્રકૃતિમાતાની અલૌકિક વિભૂતિ છે. તેને બગાડવી એ નાસ્તિક વિદ્રોહ કરવા સમાન છે અને તેમ કરવા જતા પહેલાં આપણે હજાર વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરવો પડશે. જોગનો પ્રપાત કંઈ આ ચાલુ જમાનાની સંપત્તિ નથી. આપણા અનેક ઋષિ-પૂર્વજોએ એની પડખે બેસી પરમેશ્વરનું ધ્યાન ધર્યું હશે, અને આપણા વંશજોના વંશજો પણ તેનાં દર્શન કરી પોતાના જીવનની અજ્ઞાત વૃત્તિઓનો અને શક્તિઓનો સાક્ષાત્કાર કરશે.

ઉપયુક્તતાવાદનો આશ્રય લઈ अल्पस्य हेतोः बहु हातुम् अिच्छन् એવા આપણે જડ ન બનીએ. આ પ્રપાતને સુરક્ષિત રાખીને તેમાંથી જો કોઈ લાભ ઉઠાવી શકાતો હોય તો ભલે ઉઠાવો. એ વસ્તુ માનવબુદ્ધિ માટે અશક્ય ન હોવી જોઈએ. પણ આ તાંડવયોગના દર્શનથી મનુષ્યજાતિને વંચિત કરવાનો ધર્મતઃ કોઈને હક નથી. મંદિરમાં આપણે મૂર્તિની સ્થાપના કરીએ છીએ; કુદરતે પણ એવી જ રીતે અહીં વિરાટ સ્વરૂપની ભવ્ય પ્રતિમાઓ આપણી આગળ સ્થાપન કરેલી છે. અહીં કેવળ દર્શન, ધ્યાન અને ઉપાસના માટે આવવું અને હૃદયમાં કંઈ સામર્થ્ય હોય તો તદાકાર થઈ જવું. એ જ આપણો અધિકાર છે.

મે, ૧૯૩૮

૧૪

જોગનો કોરો ધોધ

કયા કવિએ કહ્યું છે તે યાદ નથી પણ એનો એ વિચાર મારી ભાષામાં મૂકી દઉં.

પહાડ જેવાં મોજાંઓ ઉછાળતો સમુદ્ર ભયાનક ખરો, પણ જો એનું બધું પાણી સુકાઈ જાય, અને પાત્ર ખાલી થઈ જાય, તો હજારો માઈલ સુધી ફેલાયેલા એના એ ઊંડા ખાડા કેટલા ભયાનક થશે એની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. કોઈ દુર્જન પાસે સંપત્તિના ભંડાર હોય તો એનો એ દુરુપયોગ કરી પ્રજાને રંજાડશે એ ખરું, પણ જો એની પાસેથી એ સંપત્તિ નષ્ટ થઈ જાય અને એ ભૂખ્યો બંગાલી બને તો એ કઈ રાક્ષસી દુષ્ટતા ન કરે? સારું જ છે કે સમુદ્ર પાણીથી ભરપૂર છે અને દુર્જનો પાસે એની દુષ્ટતાની આગ હોલવવા પૂરતી સંપત્તિ રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગેરસપ્પાના જોગના ધોધમાંથી રાજાનો અને રુદ્રનો ધોધ સુકાયેલો જોઈ કવિની ઉપરની ઉક્તિ યાદ આવવાનું કશું કારણ ન હતું. પણ એ ઉક્તિ યાદ આવી ખરી.

'૨૭ની સાલમાં જ્યારે પહેલવહેલો જોગનો ધોધ જોયો ત્યારે એ પોતાનો વૈભવ સોળે કળાએ ધોધાવતો હતો. પાણીનો મુખ્ય પ્રપાત પોતાના પ્રચંડ જથ્થા સાથે ૮૪૦ ફૂટ ભૂસકો મારતો હતો અને નીચલી ખીણમાં ધોધના પ્રવાહે જ તૈયાર કરેલી ૧૫૦ ફૂટ ઊંડા તળાવની ગાદી ઉપર પડતું મૂકતો હતો. એ મુખ્ય પ્રવાહની પ્રતિષ્ઠા વધારવા એની બે બાજુથી મોતીની માળા જેવી પાણીની અનેક ધારો બંને બાજુએ, અનેક ભાત સાથે પડતું મૂકતી હતી. એની દક્ષિણે ત્રાંસાં પગથિયાં ઉપર કૂદતો કૂદતો રુદ્ર પોતાનાં પાણી, અર્ધાઅધિક પાત પછી, રાજાના પાણીમાં ફેંકી દેતો હતો. રાજાની ગર્જના મોટે ભાગે નીચે પહોંચ્યા પછી જ પેદા થાય છે. રુદ્રનો ધોધ રાવણની પેઠે પોતાના જન્મ સાથે જ બરાડા પાડતો થાય છે.

એ બન્ને ધોધ અદ્‌ભુત તો ખરા જ. પણ તે વખતે મને જે દશ્ય અલૌકિક લાગ્યું તે વીરભદ્રની ઊછળતી જટાઓનું એ દશ્ય મને ફરી કોઈ કાળે જોવાને મળ્યું જ નથી, અને કોઈ ફોટોમાં પણ એ વીરભદ્રી જટાનું ચિત્ર આવ્યું નથી.

છેલ્લો પ્રપાત પાર્વતીનો. એ જોતાંવેંત મનમાં સ્ત્રીદાક્ષિણ્ય જ ઊપજે.

ત્યાર પછી દસ વરસે જ્યારે જોગનું ફરી દર્શન કર્યું, ત્યારે રાજાનો ધોધ ઘણો ક્ષીણ થયો હતો. વીરભદ્રની જટાઓનું મુંડન થયું હતું, રુદ્રના બરાડા ઓછા થયા ન હતા પણ એનો એ મોટો તાલ જોગના ક્ષીણ ધોધ સાથે ભળતો ન હતો. અને પાર્વતી તો સાવ જ કૃષાંગી તપસ્વિની થઈ હતી.

પણ આ બધા સંકોચને ભુલાવી નાખે એવી ખૂબી તો ધોધની ઠંડી વરાળમાંથી ઉત્પન્ન થતા ઇન્દ્રધનુષ્યના ભ્રૂવિલાસની હતી. અમે એ શોભા જેટલી બાજુએથી જોવા જઈએ, તેટલી બાજુથી ઇન્દ્રધનુષ્યો પોતાનું મોં ફેરવીને નવું નવું સૌન્દર્ય પ્રગટ કરતાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી બરાબર દસ વરસ પછી જોગનો એ જ ધોધ જોવા માટે જ્યારે આ વખતે અમે ગયા ત્યારે ચારમાંથી ત્રણ ધોધ સાવ સુકાઈ ગયા હતા. રુદ્રને અભાવે બધે સ્મશાન શાન્તિ ફેલાઈ હતી. રાજા સુકાઈ જવાથી એની પાછળની એકની નીચે એક એવી બે મોટી બાખોલો અઘરે કોતરી કાઢેલી સંભાજીની આંખો જેવી ભયાનક દેખાતી હતી. પાર્વતી જાણે દક્ષના યજ્ઞમાં બળીને ભસ્મ થઈ હતી અને વીરભદ્ર દક્ષનો નાશ કર્યા પછી કંઈક શાંત થઈને પોતાના સ્વામીના સસરાના મૃત્યુ પર નીરવ આંસુ સારતો હોય એવો દેખાતો હતો. આટલી ગમગીની તો મહાભારતના યુદ્ધ પછી પણ કુરુક્ષેત્ર પર છવાઈ નહીં હોય!

પહેલી વાર અમે ગયેલા તે શિમોગા-સાગરને રસ્તે, ગુજરાતના રેલસંકટના દિવસોમાં. બીજી વાર ગયા ત્યારે ઇરાદાપૂર્વક સમુદ્રને છેડેથી અવળે ક્રમે શરાવતીની અંદર ઉપલાણે પ્રવાસ કરીને. પૂર્વજોએ કહ્યું છે: नदीमुखेनैव समुद्रमाविशेत् । અમે એ શિખામણથી બરાબર ઊલટા શરાવતી-સાગર-સગમથી નૌકામાં બેસીને પ્રતીપ-ક્રમે જોગના પ્રપાતના પગથિયા સુધી પહોંચ્યા હતા અને ત્યાંથી પહાડની કેડીએ ચઢી ધોધને માથે પહોંચ્યા હતા. આ વખતની ત્રીજી મુસાફરી અમે ત્રીજે રસ્તે કરી. શિરસીથી સિદ્ધાપુર જઈ ત્યાંથી અમે એ ધોધની મુંબઈ-બાજુએ પહોંચ્યા. ત્યાં રાજાને માથે વિરાજતી એક મોટી શિલા ઉપર આડા સૂઈને નીચેનું રોમહર્ષણ દૃશ્ય અમે જોયું. ગોખલા જેવી ભયાનક ખીણને માથે પહોંચ્યાને અંદર જોતાં આખા શરીરને કંપ છૂટે છે. આ શિલા પોતાના જ ભારથી છૂટી થાય તો! એવી શંકા મનમાં ઊઠ્યા વગર રહેતી નથી.

એ શિલાને પડખે એટલી જ મોટી અને એટલી જ ભયાનક સ્થાને આવેલી બીજી શિલા છે. એના ઉપર પ્રાચીન કાળમાં કોઈ રાજાનો લગ્નમંડપ ઊભો કર્યો હશે. અત્યારે એ મંડપના ચાર થાંભલા બેસાડવાનાં ચાર કાણાંનો મોટો ચોરસ એ શિલા ઉપર દેખાય છે. ભયાનક ધોધની કરાડને કાંઠે મંડપ ઊભો કરી પરણનાર રાજાની કાવ્યમય વૃત્તિની બલિહારી! એવા શોખવાળા રાજા સાથે પરણનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકન્યાને એ મંડપમાં બેસતાં શું શું થયું હશે! કોકે કહ્યું: "ભીષણ રસના રસિયા એ રાજાને નામે જ એ ધોધનું નામ પાડવામાં આવ્યું છે." મેં મનમાં વિચાર કર્યો કે ત્યારે એની પરણેતર રાજકન્યાનું નામ આપણે જાણતા નથી એનો લાભ લઈને, એને જ આપણે પાર્વતી કેમ ન કહીએ? પર્વતની કરાડને કિનારે એ પરણી એટલું કારણ બસ નથી?

પહાડમાં ગોખલા જેવી ખીણો મેં નથી જોઈ એમ નથી. મસ્જિદોમાં પણ દીવાલમાં ઊંડાણ સાધી એને કિનારે મહેરાબ ગોઠવે છે. પણ રાજા તળેનો ગોખલો તો કાળપુરુષના મોઢા કરતાં પણ મોટો અને બોખો તો ખરો જ. એની અંદર જ્યાં જગા મળે ત્યાં પક્ષીઓ પોતાના માળા બાંધે છે અને વીણી આણેલા પરિપક્વ અનાજના દાણા સંઘરે છે.

મુંબઈ બાજુએ એટલે કે ઉત્તરની બાજુએ ધરાઈને જોયા પછી અમે મોટરમાં બેસી પૂર્વ તરફ ગયા. ત્યાં બે હોડીના બનાવેલા એક તરાપા ઉપર (આવા તરાપાને અહીં જંગલ કહે છે. એવા જંગલ ઉપર) અમારી મોટર ચડાવીને અમે શરાવતી નદી ઓળંગીને દક્ષિણ કિનારે આવી ગયા. ત્યાંથી મૈસૂર સરકારની અતિથિશાળા પાસેથી એ આખી ખીણનું દશ્ય ફરી વાર જોયું. વીસ વરસ પહેલાં આ જ ઠેકાણેથી રાજા, વીરભદ્ર અને પાર્વતીનું દેવદુર્લભ દશ્ય જોયું હતું આ વખતના કોરા દશ્યમાં કાવ્ય ન હતું એમ નથી. એક નીચે એક એવા બે મોટા ગોખલા ૮૪૦ ફૂટનું પતન માપી કાઢે છે એવું દશ્ય વિધાતાની વિવિધ સૃષ્ટિમાં જ્યાં ત્યાં થોડું જ જોવાને મળવાનું હતું?

મારા મનમાં છવાયેલો વિષાદ ખીણનાં ઝાડો ઉપર મેં ન જોયો. અને ગોખલામાં ગોળ ગોળ ચક્કર લેતાં પક્ષીઓ પણ વિષણ્ણ લાગતાં ન હતાં. આકાશમાં તરતાં રહી ધોધની ખીણમાં ડોકિયું કરનાર વાદળાંઓ પણ ગંભીર દેખાતાં ન હતાં. પછી પોલાણનું એ દશ્ય જોઈ હું જ શા માટે આટલો અસ્વસ્થ થાઉં છું? વીસ વરસ પહેલાં અહીં જોયેલી જળની સમૃદ્ધિ યાદ કરીને? યા દસ વરસ પહેલાં એમાં જોયેલા ઇંદ્રધનુષ્યનો ચમત્કાર યાદ કરીને? પણ એ જળસમૃદ્ધિ અને એ વર્ણસંકરનો ચમત્કાર કાયમને માટે થોડાં જ અલોપ થયાં છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજારો વરસ થયાં દર ઉનાળે આવું કોરાપણું જોવાને મળતું હશે. અને દર ચોમાસે ભારંગી આખી ખીણને સર્વત્ર જળબંબોળ કરતી હશે. આ ઘટમાળ ચાલ્યા જ કરવાની. तत्र का परिदेवना ?

જોગના ધોધના આ ત્રીજા દર્શન પછી અહીંના ઇતિહાસનો અમે નવો અધ્યાય ખોલ્યો.

વીસ વરસ પહેલાં મેં સાંભળ્યું હતું કે આ ધોધના પાણીમાંથી મૈસૂર સરકાર વીજળી પેદા કરવા માગે છે. મુંબઈ સરકાર અને મૈસૂર સરકાર વચ્ચે એ બાબતમાં પત્રવ્યવહાર ચાલે છે. એ બે સરકાર એકમત થઈ નથી, તેથી જ વીજળીની એ યોજના અમલમાં મુકાઈ નથી.

તે વખતે મેં મનમાં ઇચ્છ્યું હતું કે ભગવાન કરે ને એ બે એકમત ન થાય. વીજળી પેદા કરી કારખાનાંઓ ચાલશે અને દેશની સમૃદ્ધિ વધારવાને બહાને દેશના ગરીબો પિલાશે એવી બીક મારા મનમાં હતી. અને તેથાયે વધારે અકળામણ એ હતી કે યંત્રો આવશે એટલે ધોધ તૂટી જશે. અને કુદરતનું આ ભવ્ય દર્શન કાયમને માટે મટી જશે. પણ મારી એ બીક સદ્ભાગ્યે સાચી ન નીવડી.

ઇંજિનિયર લોકોએ ધોધને ખૂબ ઉપલાણે એક બાંધ બાંધી પાણીનો જથ્થો રોક્યો છે. હજી એ કામ પૂરું થયું નથી. બાંધ બાંધીને જે પાણી રોક્યાં છે એની ચાર નહેરો એક બાજુએ લઈ જઈ મૈસૂરની બાજુએ ધોધથી ઠીક દૂર, ટેકરી પરથી નીચે છોડી દીધી છે — ધોધના રૂપમાં નહીં પણ ત્રાંસા ઊતરેલા મહાકાય એવા ચાર નળ દ્વારા. પાણી નળ દ્વારા જ્યાં પહોંચે છે, ત્યાં એ પાણીના વેગથી ચાલનારાં યંત્રો ગોઠવી એમાંથી વીજળી પેદા કરવામાં આવે છે. હવે એટલી બધી વીજળી પેદા થશે કે મૈસૂર રાજ્યની ભૂખ ભાંગીને થોડીક વીજળી હૈદરાબાદના રાજ્યને પણ અપાશે. અને મુંબઈ સરકારની હોન્નાવરની સરહદ ઉપરથી શરાવતી નદી જાય છે એટલા માટે અમુક હજાર કિલોવૉટ વીજળી મુંબઈ સરકારને પણ અપાશે. ન્યાયતઃ એ વીજળી પર પહેલો હક હોન્નાવર તાલુકાનો અને કારવાર જિલ્લાનો ગણાય. પણ એ જિલ્લો ઔદ્યોગિક દૃષ્ટિએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજી ખીલેલો નથી, એ કારણુસર વીજળી ધારવાડ જિલ્લાને અપાશે એમ નક્કી થયું છે. આથી કારવાર જિલ્લાના લોકો નારાજ થયા છે. કારવાર જિલ્લાની ખનિજસંપત્તિ અને ઉદ્ભિજ્જસંપત્તિ ધારવાડ જિલ્લા કરતાં અનેક ગણી છે. એને સમુદ્રકિનારો હોવાથી એનો વેપાર પણ ખૂબ ખીલે એવો છે. કારવાર જિલ્લામાં કાળી, ગંગાવળી, અઘનાશિની અને શરાવતી એ ચાર નદીઓ નૌકાનયનને અનુકૂળ હોવાથી એ જિલ્લાનું ઉદ્યોગીકરણ બહુ સહેલું છે. પણ આજે એ જિલ્લામાં મોટા ઉદ્યોગો નથી એમ કહીને એને વીજળી આપવાની ના પડાય છે અને એની પાસે વીજળી નથી માટે ત્યાં ઉદ્યોગોની ખિલવણી થઈ ન શકે એમ પણ એને સંભળાવવામાં આવે છે. તામિલ ભાષાની એક કહેવત પ્રમાણે 'લગ્ન થતું નથી માટે છોકરીનું ગાંડપણ મટતું નથી, અને ગાંડપણ મટતું નથી એટલા માટે લગન થતાં નથી'— એના જેવી આ સ્થિતિ છે.

હું આશા રાખું છું કે સ્વરાજ્ય-સરકાર દ્વારા આ અન્યાય દૂર થશે અને કારવાર જિલ્લાને શરાવતીની વીજળી મળશે. એ ઉપરાંત કારવાર પાસે ઉંચળ્ળી, માગોડ જેવા બીજા પણ નાનામોટા ત્રણચાર સરસ ધોધો છે. શરાવતીની વીજળી મળે એટલે એની મદદથી બીજા ધોધો પણ પલાણાશે અને કારવાર જિલ્લામાં વરસાદની પેઠે વીજળીની પણ સમૃદ્ધિ થશે. જ્યાં ચાર નદીઓ પહાડી ઊંચાઈએથી ધબ દઈને નીચે પડે છે ત્યાં આજે નહીં તો કાલે માણસ વેપારી વીજળી પેદા કરવાનો જ.

મને સંતોષ થયો એટલા જ માટે કે શરાવતીનાં પાણીમાંથી વીજળી તૈયાર કર્યા છતાં જોગના ધોધનું પ્રાકૃતિક સ્વરૂપ છાંટાભાર ખંડિત થવાનું નથી. બાંધને લીધે ગમે તેટલાં પાણી રૂંધી રાખ્યાં હોય તોયે નદીના સામાન્ય પ્રવાહનાં પાણી ઓછાં નથી થતાં. ચોમાસાનાં પાણી ભરી લીધા પછી હંમેશનો પ્રવાહ હંમેશની પેઠે જ ચાલવાનો. એમાં પ્રવાહની દિશા, ગતિ કે પાણીનો જથ્થો — કશામાં ઊણપ આવવાની નથી. ઊલટો લાભ એ થશે કે ઉનાળાના દિવસોમાં હજારો વરસ થયાં જે ધોધ સુકાઈ જતો હતો તે, એકાદ દિવસ ધારીએ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાંધના ખજાનામાંથી પાણી છોડીને ગમે તેટલા પ્રચંડ અને તોફાની રૂપમાં પ્રત્યક્ષ કરી શકાય, જેને જોઈને આકાશમાંના ઉનાળાના ઉષ્મપા દેવો પણ ચકિત થઈ જાય!

બલિહારી માનવી વિજ્ઞાનની!

એપ્રિલ, ૧૯૪૭

૧૫

ગુર્જરમાતા સાબરમતી

અંગ્રેજ સરકાર જોડે અસહકાર પુકારી મહાત્માજી સ્વરાજ્યની તૈયારી કરે છે. અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ છે. સ્વાતંત્ર્યવાદી નવયુવકો મહાવિદ્યાલયમાં દાખલ થયા છે. એમને પોતાની આકાંક્ષાઓ અને કલ્પનાવિલાસ વ્યક્ત કરવા એક માસિક જોઈએ છે. મારી પાસે આવીને તેઓ પૂછે છે કે "માસિકનું નામ શું રાખીશું?" એ જમાનામાં કાકાને જ ફઈબાનું કામ કરવું પડતું.

મેં કહ્યું, "માસિકો ઘણાં નીકળે છે. તમે બબ્બે મહિને, ઋતુએ ઋતુએ, નવીન રૂપે પ્રગટ થનારું નિયતકાલિક શરૂ કરો અને એનુ નામ રાખો 'સાબરમતી.'" દ્વિમાસિકની કલ્પના તો ગમી. પણ 'સાબરમતી' નામ કોઈને રુચ્યું નહીં. 'સાબરમતી' તો એ પેલી આપણી હંમેશની નદી. રોજ એમાં નાહીએ છીએ. એમાં તે વળી શું નાવીન્ય છે કે એ નામ અમારા નવચેતનવંતા સાહિત્યપ્રવાહને આપીએ? મેં કહ્યું, "સાબરમતીનો પ્રવાહ સનાતન છે—તેથી જ નિત્યનૂતન છે." દાખલો આપવાની દૃષ્ટિએ મેં દલીલ કરી કે "સિંધ હૈદરાબાદના આપણા મિત્રોએ, પોતાના કૉલેજ મૅગેઝીન માટે 'ફુલેલી' નામ રાખ્યું છે. 'ફુલેલી' સિંધુની એક નહેર છે. આપણી આ અનાવિલા (કાદવરહિત) સાબરમતી ગાંધીયુગની પ્રતીક બની શકે છે. મારી વાત માનો અને સાબરમતી નામ સ્વીકારો."

યુવાનોએ મારી આમન્યા રાખવા ખાતર સાબરમતી નામ સ્વીકાર્યું. જોકે એમને તો વધારે જોશાલું નામ જોઈતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં નરહરિભાઈને કહ્યું—"સાબરમતી ગુજરાતની વિશેષ લોકમાતા છે. આબુના પરિસરમાં જે અનેક નદીઓ ઊગમ પામે છે એમાં એ જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ છે. એનું એક ગદ્યસ્તોત્ર લખી આપો. એમણે ઉત્સાહપૂર્વક એક નાનકડો, સુંદર લેખ લખી આપ્યો. વિદ્યાર્થીઓની ભાવના જાગ્રત થઈ. એમનામાં એ લોકમાતા પ્રત્યે ભક્તિ જામી છે એ જોઈને મેં તક સાધી અને વિદ્યાર્થીઓને કહ્યું, "મેં સૂચવેલું નામ તમે કમને સ્વીકારો એ મને ગમે નહીં. કહો તો બીજું નામ સૂચવું." બધાએ એક અવાજે જવાબ આપ્યો, "ના, ના, બીજું નામ જોઈતું નથી. સાબરમતી જ સૌથી સરસ છે."

મેં કહ્યું, "એમાં તો શંકા છે જ નહીં."

* * *

નદીપૂજક મારા હૃદયે ભારતની અનેક નદીઓને વખતોવખત અંજલિઓ આપી છે. સિંધુથી માંડીને બ્રહ્મપુત્રા અને ઇરાવતી સુધી, અને દક્ષિણમાં પિનાકિની અને કાવેરી સુધી અનેક નદીઓને મેં સ્મરણાંજલિ આપી. પણ એમાં ગુજરાતની જ મુખ્ય નદીઓ રહી ગઈ છે એમ જોઈ મારા અનેક વાચકોએ મને એનું કારણ પૂછ્યું અને ગુજરાતની લોકમાતાઓ વિષે લખવાનું આગ્રહપૂર્વક સૂચવ્યું.

મેં કહ્યું, "નદીના ઉપસ્થાનની પ્રેરણા મેં આપી છે. હવે ગુજરાતની નદીઓ વિષે, ગુજરાતીમાં કોઈ ગુર્જરી-પુત્ર લખે તેમાં જ ઔચિત્ય છે."

એની પણ ઠીક ઠીક રાહ જોવાઈ અને ફરી ફરી મને સૂચના કરવામાં આવી. પણ અંતે મારી શ્રદ્ધા સાચી નીવડી અને ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી, વનસ્પતિઉપાસક શ્રી શિવશંકરે ગુજરાતની લોકમાતાઓ વિષે લખવાનું શરૂ કર્યું. એ કામ જરૂર કોક વખતે પૂરું થશે. સાબરમતીના પ્રવાહકુટુંબ વિષે એમણે પૂરતું લખ્યું છે, એનો મને સંતોષ છે અને તેથી મારે વિસ્તારપૂર્વક લખવાની આવશ્યકતા રહી નથી. પણ જે નદીને કાંઠે મહાત્માજીના અને સાથીઓના સહવાસમાં ૨૫–૩૦ વરસ ગાળ્યાં, તે નદીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું કર્તવ્ય રહી જતું હતું. તે આહ્લાદપૂર્વક પૂર્ણ કરવા માટે થોડુંક લખું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃત કવિઓ દરેક નામને સંસ્કૃત રૂપ આપવાનો પ્રયત્ન કરવાના. સાબરમતીનું સંસ્કૃત કરવા જતાં એમણે સાભ્રમતિ શબ્દ ઉપજાવી કાઢ્યો, અને તેમાંય બે રીતે એનો પદચ્છેદ કર્યો. सा श्रमति — તે રખડે છે, વાંકાચૂંકા વળાંક લે છે, એવો અર્થ કેટલાક કરે છે. જ્યારે બીજા કહે છે કે એ નદીના પ્રવાહ પરના આકાશમાં અભ્ર — કહેતાં વાદળો દેખા દે છે માટે એ અભ્રમતી અથવા साभ्र मति છે. મને લાગે છે કે આ આખો મિથ્યા પ્રયાસ છે.

જે નદીને કાંઠે ગાયોનાં ધણ ફરે છે, ચરે છે, અને પુષ્ટ થાય છે, તે જેમ કાં તો ગો-દા(ગોદાવરી) અથવા ગો-મતી, જે નદીને કાંઠે અને પ્રવાહમાં પણ ઘણા પથરા છે તે જેમ દૃષદ્-વતી, તેવી જ રીતે અનેક સરોવરોને જોડતી અથવા સારસ પક્ષીઓથી શોભતી તે સરસ્-વતી. એ જ ન્યાયે વાઘ-મતી, હાથ-મતી, ઐરાવતી, ઇત્યાદિ અનેક નામો આપણા પૂર્વજોએ અહીંની નદીઓને આપ્યાં છે. એમાંની હાથમતી તો સાબરમતીને મળનારી જ નદી છે. હરણાં અને સાબર જેના કિનારે વસે છે, લડે છે અને મુક્તપણે વિહરે છે તે સાબર-મતી. એનો સંબંધ 'श्वभ्र' સાથે જોડી દેવાની કશી જરૂર નથી.

ગુજરાતની નદીઓમાં ત્રણ ચાર મોટી નદીઓ આંતરપ્રાંતીય છે. નર્મદા, તાપી, મહી — ત્રણે દૂરદૂરથી નીકળી પૂર્વ તરફથી આવી ગુજરાતમાં ધસે છે અને સમુદ્રમાં અલોપ થઈ જાય છે. સાબરમતી એથી જુદી છે. અરવલ્લીના પહાડમાં જન્મ લઈ અનેક નદીઓનો સાથ મેળવી દક્ષિણ તરફ વહેતી તે અંતે સાગરને મળે છે. સાબરમતી જેટલી કુટુંબ-વત્સલ નદીઓ આપણા દેશમાં પણ ઝાઝી નથી. સાબરમતીને વિશેષ રૂપે ગુર્જરી માતા કહી શકાય. એને કિનારે ગુજરાતના આદિવાસીઓ સનાતન કાળથી વસતા આવ્યા છે, એને કિનારે બ્રાહ્મણોએ તપ કર્યું છે, રાજપૂતોએ કોઈક વખતે ધર્મ માટે તો ઘણી વાર પોતાની બેવકૂફીભરી જીદ માટે વીર પુરુષાર્થ કરી બતાવ્યો છે, વૈશ્યોએ એને કાંઠે ગામડાં અને શહેરો વસાવી જાહોજલાલી ખીલવી છે અને હમણાં શૂદ્રોએ પણ આધુનિક યુગને અનુસરીને સાબરમતીને કાંઠે મિલો ચલાવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરું જોતાં આ નદીઓ સાથેનો ઘનિષ્ઠ સંપર્ક તો પશુપક્ષીની પેઠે આદિવાસીઓનો જ હોય છે. એટલે સાબરમતીના કુટુંબવિસ્તારનું કાવ્ય ભેગું કરવું હોય તો પુરાણો તરફ જવાને બદલે આદિવાસીઓની લોકકથાઓ અને લોકગીતો તરફ આપણું ધ્યાન જવું જોઈએ. બીક છે કે આજના સંશોધક યુવાનો આ કામ માટે ઉત્સાહ કેળવે અને આદિવાસી ગિરિજનો સાથે ભળવાનો વખત કાઢે તે પહેલાં આદિ-વાસીઓની નદી-કથાઓ લુપ્ત થઈ જવાની.

કેવળ નદી-ભક્તિથી પ્રેરાઈને આદિવાસીઓએ ગોઠવેલો વૌઠાનો મેળો જ્યાં સુધી ભરાય છે ત્યાં સુધી આ બાબતમાં સાવ નિરાશ થવાનું કારણ નથી. સાત નદીઓનાં પાણી ક્રમેક્રમે એકબીજામાં ભળી જે સ્થાને એકત્ર થાય છે તેનું કાવ્ય માણવા અથવા નાહવા માટે જ્યાં આદિવાસીઓ અને બીજા પણ ભેગા થાય છે એ સ્થાને સાબરમતી વિષેની આદિકથાઓ આપણને મળવી જ જોઈએ.

સાબરમતીનાં જૂનાં નામો શોધવા જતાં કશ્યપગંગા કે એવું કોઈ નામ જરૂર મળવાનું. નદીને કોઈ ને કોઈ રીતે ગંગાનો અવતાર બનાવ્યા વગર આર્યોને સંતોષ થવાનો નથી, પણ મને તો સાબરમતીનું જૂનું નામ ચંદના સૌથી વધારે આકર્ષે છે, કેમ કે સાંભળ્યા પ્રમાણે અમુક અમુક ઠેકાણે પીળી માટી વચ્ચે થઈને એ વહેતી હોવાથી એ ગોરોચનનો રંગ ધારણ કરે છે. પણ જે ઠેકાણે મેં સાબરમતીને કિનારે ત્રીસત્રીસ વર્ષ ગાળ્યાં ત્યાં સાબરમતીનાં જળ સજ્જનોનાં અને મહાત્માઓનાં મનની પેઠે તદ્દન નિર્મળ છે.

જ્યાં નદીનાં પાણી છીછરાં હોઈ સામા કાંઠા સુધી સહેજે તરી જવાય છે એવા સ્થાનને સંસ્કૃતમાં તીર્થ કહે છે. મુસાફરો અનેક ઠેકાણે પ્રયત્ન કરી જોયા પછી નક્કી કરે છે કે અમુક અમુક ઠેકાણે જ આરાઓ છે એટલે તેઓ ઓછુંવત્તું ચાલીને આરા પાસે જ આવવાના, ભેગા થવાના, ત્યાં બેસીને સહેજ વિસામો લેવાના, વાતચીત કરવાના, નદીનાં નીર એકાએક વધ્યાં હોય તો તે ઊતરી જાય નહીં ત્યાં સુધી અમુક કલાક કે અમુક દિવસ આરા પાસે બેસી પણ જવાના. આવી રીતે જ્યાં લોકો સ્વાભાવિક ભેગા થાય છે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમ કારુણિક સંતો ધર્મસેવા અને લોકસેવા માટે આવી વસવાના અને તેથી જ તીર્થ શબ્દને નવો અર્થ મળ્યો. મૂળે તીર્થ શબ્દનો અર્થ 'આરો' એટલો જ થતો. એથી વધારે કાંઈ નહીં. પણ જ્યાં સાધુઓ ભવનદી ઓળંગવાની શિખામણ આપે છે, અને તેમ કરવાની કળા પણ શીખવે છે એ સ્થાનને તીર્થની વિશેષ પવિત્રતા એની મેળે મળતી જાય છે.

અમદાવાદ પાસે સાબરમતીમાં રેલવે પુલથી માંડીને સરદાર-પુલ સુધી અને એથીયે દક્ષિણે કેટલાંક તીર્થો છે. એમાં ચંદ્રભાગા નદી જ્યાં સાબરમતીને મળે છે ત્યાં દધીચિએ તપ કરેલું હોવાથી એ સ્થાન વધારે પવિત્ર ગણાય છે અને આસપાસના લોકોએ ઇહલોક છોડી પરલોક જનારા ઉતારુઓને અગ્નિદાહ મારફતે વિદાય આપવાની જગ્યા પણ ત્યાં જ પસંદ કરી છે અને તેથી એ સ્મશાન આરો પણ થયો છે. સ્મશાનના અધિપતિ દૂધેશ્વર મહાદેવ ત્યાં વિરાજમાન થઈ એ મહાયાત્રાની દેખરેખ રાખે છે.

* * *

મને એ દિવસ યાદ છે કે જ્યારે પૂજ્ય ગાંધીજી પોતાના સ્નેહી રંગૂનવાળા ડૉ. પ્રાણજીવન મહેતાને અને રણોલીવાળા મારા સ્નેહી નાથાભાઈ પટેલને સાથે લઈ આશ્રમની ભૂમિ પસંદ કરવા ઊપડ્યા હતા. હું પણ સાથે હતો. તે દિવસથી એ ભૂમિ સાથે મારો સંબંધ બંધાયો. એ જગ્યાએ પહેલી કોદાળી ચલાવી તે મેં જ; પહેલી રાવટી પણ મેં જ ઊભી કરી અને ત્યાર પછી અનેક તંબૂઓ પણ ઊભા કર્યા; ઝૂંપડીઓ બાંધી. મકાનો બંધાયાં, ખાદીની પ્રવૃત્તિ, ખેતી અને ગૌશાળાની પ્રવૃત્તિ, રાષ્ટ્રીયશાળા, રાષ્ટ્રીય ઉત્સવો, રાસ-નૃત્ય, લોક-સંગીત અને શાસ્ત્રીય સંગીત, 'નવજીવન' અને 'યંગ ઇંડિયા', સાહિત્ય-નિર્માણ, સત્યાગ્રહો, મિલમાલિકો સાથે મજૂરોનો ઝઘડો અને છેવટે બ્રિટિશ સામ્રાજ્યને જડમૂળથી ઉખેડી નાંખવા માટે શરૂ થયેલી દાંડીકૂચ — આ બધું એ આશ્રમમાંથી જ ઉદ્ભવ્યું અને વિકસ્યું. રૌલેટ ઍક્ટ સામેની હિલચાલ, એમાંથી ઉત્પન્ન થયેલાં પંજાબનાં રમખાણો, જલિયાનવાલા બાગ, ખેડાનો સત્યાગ્રહ, બારડોલીની લડત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના, કૉંગ્રેસનાં અધિવેશનો, દેશની એકેએક રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક હિલચાલનું કેન્દ્ર એ સાબરમતીનો કિનારો હતો. સાબરમતીની રેતીમાં સભાઓ ભરાય ત્યારે લોકોની મેદની જામે. કેવળ ગુજરાતનું જ નહીં પણ આખા હિંદુસ્તાનનું જીવન ફેરવી દીધું એ સાબરમતીના વાતાવરણે અને એ જ વાતાવરણ આજે આખી દુનિયાના રાજકારણમાં નવી ભાત પાડે છે અને નવા યુગનું મંડાણ થાય છે.

એ સાબરમતીના નીરમાં અમે શું શું નથી માણ્યું? આશ્રમનાં કેટલાંયે છોકરા–છોકરીઓને અને શિક્ષકોને પણ, મેં ત્યાં તરવાની કળા શીખવી, એની રેતીમાં ગીતા અને ઉપનિષદનું ચિંતન-મનન કર્યું અને ગીતાપારાયણની અનેક સપ્તાહો ચાલુ કરી. એ ભૂમિ પરનું લગભગ એકેએક ઝાડ અમારે હાથે જ વવાયેલું છે.

એ રચનાકાળ હતો જ અદ્‌ભુત. દરેકના હૃદયમાં કોઈ નવો શક્તિશાળી આત્મા આવીને વસ્યો હતો અને એ બધા પાસેથી જાતજાતનાં કામો લઈ શક્યો. કેવળ ખાવાના પ્રયોગો પણ ત્યાં અમે ઓછા નથી કર્યા. કૌટુંબિક જીવનના અનેક પ્રકારો અજમાવ્યા. કેળવણીનું તંત્ર અનેક વાર ફેરવ્યું અને તેમાંયે અનેક વાર ક્રાન્તિ કરી. અને જીવનના દરેક પાસા માટે નવી નવી સ્મૃતિઓ તૈયાર કરતા ગયા. એ આખા પુરુષાર્થની સાક્ષી સાબરમતી નદી છે.

જ્યાં સુધી ભારતનો ઇતિહાસ દુનિયાને બોધ–દાયક હશે અને ભારતના ઇતિહાસમાં મહાત્માજીનું સ્થાન કાયમ હશે ત્યાં સુધી સાબરમતીનું નામ દુનિયાને મોઢે ચડેલું રહેશે.

મે, ૧૯૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

ઉભયાન્વયી નર્મદા

આપણો દેશ હિંદુસ્તાન મહાદેવની મૂર્તિ છે. હિંદુસ્તાનનો નકશો જો ઊંધો પકડીએ તો એનો આકાર શિવલિંગ જેવો દેખાય છે. ઉત્તરનો હિમાલય એ એનો પાયો અને દક્ષિણનો કન્યાકુમારીનો ભાગ એ એનું શિખર.

ગુજરાતનો નકશો જરા ફેરવીએ અને પૂર્વનો ભાગ નીચે લઈએ અને સૌરાષ્ટ્રનો છેડો — ઓખા મંડળ ઉપર તરફ આણીએ તો એ પણ શિવલિંગ જેવો જ દેખાશે. આપણે ત્યાં જેટલાં પહાડનાં શિખરો છે તે બધાં શિવલિંગો જ છે. કૈલાસના શિખરનો આકાર પણ શિવલિંગ જેવો જ છે.

અને આ પહાડોનાં જંગલોમાંથી જ્યારે કોઈ નદી નીકળે છે ત્યારે કવિઓ કહેવાના કે 'શિવજીની જટામાંથી ગંગા નીકળી.' કેટલાક લોકો પહાડમાંથી સરી આવતા પાણીના પ્રવાહને અપ્-સરા કહે છે. કેટલાક તો પર્વતની આવી તમામ દીકરીઓને પાર્વતી કહે છે.

આવી જ એક અપ્સરા જેવી નદીની વાત આજે કરવી છે. મહાદેવના ડુંગર પાસે માઈકાલ પર્વતની તળેટીમાં અમરકંટક કરીને એક તળાવ છે. એમાંથી નર્મદા નદી નીકળે છે. જે નદી સરસ ઘાસ ઉગાડીને ગાયોની સંખ્યા વધારે છે એને ગો-દા કહે છે. યશ આપનારી યશો-દા. અને જે નદી પોતાના પ્રવાહની અને કિનારાની કુદરતી શોભા દ્વારા 'નર્મ' એટલે આનંદ આપે છે તે છે નર્મ-દા. એ નદીને કિનારે કિનારે રખડતાં જેને ઘણો જ આનંદ મળ્યો એવા કોઈ ઋષિએ આ નદીને આ નામ આપ્યું.

જેમ હિમાલયનો પહાડ ટિબેટ અને ચીનથી હિંદુસ્તાનને જુદો પાડે છે તેવી જ રીતે આપણી આ નર્મદા નદી ઉત્તર ભારત અથવા હિંદુસ્તાન અને દક્ષિણ ભારત અથવા દખ્ખણ વચ્ચે આઠસો માઈલની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચળકતી નાચતી જીવતી દોડતી લીટી ખેંચે છે. અને રખેને કોઈ આ કુદરતી લીટી ભૂંસી નાંખે એટલા માટે ભગવાને એ નદીને ઉત્તરે વિંધ્ય અને દક્ષિણે સાતપુડાના લાંબા લાંબા પહાડ ગોઠવ્યા છે. આવા ઉમદા ભાઈઓના રક્ષણ વચ્ચે નર્મદા દોડતી અને કૂદતી અનેક પ્રાંતો વચ્ચે થઈને પ્રસાર થતી ભૃગુકચ્છ અથવા ભરૂચ પાસે સમુદ્રને જઈને મળે છે.

અમરકંટક પાસેનો નર્મદાનો ઊગમ સમુદ્રની સપાટીથી પાંચ હજાર ફૂટની ઊંચાઈએ છે. હવે આઠસો માઈલની અંદર પાંચ હજાર ફૂટ ઊતરવું સહેલું તો નથી જ. એટલે આપણી નર્મદા ઠેકઠેકાણે નાના મોટા ભૂસકા મારે છે. એ ઉપરથી આપણા કવિપૂર્વજોએ નર્મદાને બીજું નામ આપ્યું 'રેવા'. ('રેવ્' એટલે કૂદવું.)

જે નદી ડગલે ને પગલે ભૂસકો મારે છે એ નૌકાનયન માટે એટલે કે હોડીઓ દ્વારા દૂર સુધીનો પ્રવાસ કરવા માટે બહુ કામની નથી. સમુદ્રમાંથી જે વહાણ આવે છે તે નર્મદા નદીમાં માંડ ત્રીસ પાંત્રીસ માઈલ અંદર ઘૂસી શકે છે. ચોમાસાને અંતે બહુ તો પચાસ માઈલ પહોંચે.

જે નદીને ઉત્તરે અને દક્ષિણે બે પહાડ ઊભેલા છે એ નદીનું પાણી નહેર ખોદી દૂર સુધી ક્યાંથી લઈ જવાય? એટલે નર્મદા નદી જેમ વહાણવટાને માટે બહુ કામની નથી તેમ જ ખેતરોની સિંચાઈ માટે પણ વિશેષ કામની નથી. છતાં એ નદીની સેવા બીજી રીતે ઓછી નથી. એના પાણીમાં વિચરતા મગરો અને માછલાંઓ, એને કિનારે ચરતાં ઢોરો અને ખેડૂતો, અને બીજાં જાત જાતનાં પશુઓ અને એના આકાશમાં કલરવ કરતાં પક્ષીઓ બધાંની એ માતા છે.

ભારતવાસીઓએ પોતાની બધી ભક્તિ ભલે ગંગા ઉપર ઠાલવી હોય, પણ આપણા લોકોએ નર્મદા નદીને કિનારે ડગલે ને પગલે જેટલાં મંદિરો બાંધ્યાં છે એટલાં બીજી કોઈ પણ નદીના કિનારે નહીં હોય.

ગંગા, યમુના, ગોદાવરી, કાવેરી, ગોમતી, સરસ્વતી વગેરે નદીઓના સ્નાનપાનનું અને એમને કિનારે કરેલાં દાનનું માહાત્મ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરાણકારોએ ભલે ગમે તેટલું વર્ણવેલું હોય, પણ કોઈ ભક્તે એ નદીઓની પ્રદક્ષિણા કરવાનું વિચાર્યું નથી. જ્યારે નર્મદાના ભક્તોએ, કવિઓને સૂઝે એવા નિયમો કરી, આખી નર્મદાની પરિક્રમા અથવા 'પરિકમ્મા' કરવાનું ગોઠવ્યું છે.

નર્મદા નદીના ઊગમથી દક્ષિણ કિનારે ચાલતાં ચાલતાં સાગર-સંગમ સુધી જાઓ. ત્યાં હોડીમાં બેસી ઉત્તર કિનારે પહોંચો અને એ કિનારે ફરી પગપાળા ચાલતાં ચાલતાં અમરકંટક સુધી જાઓ ત્યારે એક પરિક્રમા પૂરી થઈ. આમાં નિયમ એવો છે કે પરિકમ્મા દરમ્યાન નદીનો પ્રવાહ ક્યાંયે ઓળંગાય નહીં અને છતાં પ્રવાહથી બહુ દૂર પણ ન જવાય. રોજ નદીનાં દર્શન થવાં જોઈએ. પાણી પિવાય તે નર્મદાનું જ. સાથે ધનદોલત રાખી, એશઆરામમાં પ્રવાસ ન કરાય. નર્મદાને કિનારે જંગલમાં વસતા આદિવાસીઓના મનમાં યાત્રાળુઓનાં ધનદોલત પ્રત્યે ખાસ આકર્ષણ હોય છે. વધારેપડતાં કપડાં, વાસણકૂસણ કે પૈસા હોય તો એ બોજમાંથી એ તમને મુક્ત કરવાના જ.

આપણા લોકોને એવા અકિંચન અને ભૂખ્યા ભાઈભાંડુઓનો પોલીસ મારફતે ઇલાજ કરવાનું કોઈ કાળે સૂઝ્યું નથી. અને આદિવાસી ભાઈઓ પણ માને છે કે યાત્રાળુઓ પર આપણો એ લાગો જ છે. જંગલમાં લૂંટાયેલા યાત્રીઓ જંગલમાંથી બહાર આવે એટલે દાની લોકો એમને નવાં કપડાં અને સીધું આપે છે.

ભાવિક લોકો બધા નિયમોનું પાલન કરીને — ખાસ કરીને બ્રહ્મચર્યનો આગ્રહ રાખીને નર્મદાની પરિક્રમા, ધીરે ધીરે કરતાં, ત્રણ વરસમાં પૂરી કરે છે. ચોમાસાના બે ત્રણ મહિના એક ઠેકાણે રહી જવાનો અને સાધુસંતોના સત્સંગથી જીવનનું રહસ્ય સમજવાનો તેઓ આગ્રહ રાખે છે.

આવી પરિક્રમાના બે પ્રકાર હોય છે. એમાંની જે આકરી હોય છે, તેમાં સાગર પાસે પણ નર્મદાને ઓળંગાતું નથી હોતું. ઊગમથી મુખ સુધી ગયા પછી એ જ રસ્તે પાછા ઊગમ સુધી આવી ઉત્તરને કિનારે સાગર સુધી પહોંચવાનું, અને ફરી એ જ ઉત્તરને કિનારે ઊગમ સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછા આવવાનું. આ પરિક્રમા આ રીતે એવડી થાય છે. આનું નામ છે જલેરી.

મોજમજા અને એશઆરામ છોડીને તપસ્યાપૂર્વક એક જ નદીનું ધ્યાન કરવાનું, એને કિનારે આવેલાં મંદિરોનાં દર્શન કરવાં, આસપાસ રહેતા સંત-મહાત્માઓનાં વચનો સાંભળવાં અને કુદરતની શોભા અને ભવ્યતાનું સેવન કરતાં જિંદગીનાં ત્રણ વરસો પસાર કરવાં, એ કાંઈ જેવી તેવી પ્રવૃત્તિ નથી. એમાં ખડતલપણું છે, તપસ્યા છે, બહાદુરી છે. અંતર્મુખ થઈને કરવાનું આત્મચિંતન, ગરીબો સાથે એકરૂપ થવાની લાગણી છે. કુદરતમય થવાની દીક્ષા છે અને કુદરત મારફતે કુદરતમાં વિરાજતા ભગવાનનાં દર્શન કરવાની સાધના છે.

અને એ નદીકિનારાની સમૃદ્ધિ જેવી તેવી નથી. અસંખ્ય જમાનાના ઉચ્ચ કોટીના સંતમહંતો, વેદાંતી સંન્યાસીઓ, અને ભગવાનની લીલા જોઈ ગદ્‌ગદ થનારા ભક્તો, પોતપોતાનો ઇતિહાસ આ નદીને કિનારે વાવતા આવ્યા છે. પોતાના ખાનદાનની ટેક જાળવનારા અને પ્રજારક્ષણ પાછળ પ્રાણ પાથરનારા ક્ષત્રિય વીરોએ પોતાનાં પરાક્રમો આ નદીને કિનારે અજમાવ્યાં છે. અનેક રાજાઓએ પોતાની રાજધાનીના રક્ષણને અર્થે નર્મદાને કિનારે નાનામોટા કિલ્લાઓ બાંધ્યા છે અને ભગવાનના ઉપાસકોએ ધાર્મિક કળાની સમૃદ્ધિનું જાણે સંગ્રહાલય તૈયાર કરવા માટે મુકામે મુકામે મંદિરો તૈયાર કર્યાં છે. અને દરેક મંદિર પોતાની કળા દ્વારા તમારું મન હરી લઈ અંતે શિખરની આંગળી ઊંચી કરી અનંત આકાશમાં પ્રકટ થતા મેઘશ્યામનું ધ્યાન કરવા પ્રેરે છે.

જેમ 'અજાન'નો અવાજ ખુદાપરસ્તોને નિમાજનું સ્મરણ કરાવે છે, તેમ જ દૂરદૂરથી દેખાતી શિખરરૂપી ચળકતી આંગળીઓ સ્તોત્રો ગાવાને પ્રેરે છે.

અને નર્મદાને કિનારે શિવજીનું કે વિષ્ણુનું, રામચંદ્રનું કે કૃષ્ણચંદ્રનું, જગત્પતિનું કે જગદંબાનું સ્તોત્ર શરૂ કરતાં પહેલાં નર્મદાષ્ટકથી પ્રારંભ કરવાનું હોય છે — सबिंदुसिंधु सुस्खलत् तरंगभंग-रंजितम् । આવી રીતે પંચચામરના લઘુ ગુરુ અક્ષરો જ્યારે નર્મદાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાહનું અનુકરણ કરે છે ત્યારે ભક્તો મસ્તીમાં આવીને કહે છે કે, 'માતા! તારા પવિત્ર જળનું દૂરથી દર્શન થયું કે તરત આ દુનિયાની સમસ્ત બાધા દૂર થઈ જ ગઈ — गतं तदैव मे भयं त्वदम्बु वीक्षितं यदा । અને અંતે ભક્તિમાં લીન થઈ એ નમસ્કાર કરે છે — त्वदीय पाद-पंकजं नमामि देवि नर्मदे ।

આપણે ભૂલવું ન જોઈએ કે જેમ નર્મદા આપણી અને આપણી પ્રાચીન સંસ્કૃતિની માતા છે તેમ જ તે આપણાં ભાઈભાંડુ આદિમજાતિ લોકોની પણ માતા છે. એ લોકોએ નર્મદાને બન્ને કિનારે હજારો વર્ષ સુધી રાજ્ય કર્યું હતું, કેટલાક કિલ્લાઓ પણ બાંધ્યા હતા અને પોતાની એક વિશાળ આરણ્યક સંસ્કૃતિ ખીલવી હતી.

મને હમેશાં લાગ્યું છે કે હિંદુસ્તાનનો ઇતિહાસ પ્રાંતવાર કે રાજ્યવાર લખવાને બદલે નદીવાર લખાયો હોત તો એમાં પ્રજાજીવન કુદરત સાથે વણાયું હોત, અને દરેક પ્રદેશની પુરુષાર્થી જાહોજલાલી નદીના ઉગમથી મુખ સુધી તણાયેલી જડી હોત. જેમ આપણે સિંધુના કિનારાના ઘોડાઓને સૈંધવ કહીએ છીએ, ભીમાના કિનારાનું પોષણ મેળવીને પુષ્ટ થયેલા ભીમથડીના ટટ્ટુને વખાણીએ છીએ, કૃષ્ણા નદીની ખીણના ગાય-બળદોને વિશેષ રીતે ચાહીએ છીએ, તેવી જ રીતે જૂના કાળમાં દરેક નદીને કિનારે વિકસેલી સંસ્કૃતિ અલગ અલગ નામે ઓળખાતી હતી.

એમાંયે નર્મદા નદી એ ભારતીય સંસ્કૃતિના બે મુખ્ય વિભાગની સીમારેખા ગણાતી. રેવાની ઉત્તરે પંચગૌડોની વિચારપ્રધાન સંસ્કૃતિ અને રેવાની દક્ષિણે દ્રાવિડોની આચારપ્રધાન સંસ્કૃતિ મુખ્ય ગણાતી. વિક્રમ સંવતની કાળગણના અને શાલિ-વાહન શકની કાળગણના બન્ને નર્મદાને કિનારે સંભળાય છે અને બદલાય છે.

ઉત્તર ભારત અને દક્ષિણ ભારત વચ્ચે એક લીટી દોરવાનું કામ નર્મદા કરે છે એમ મેં કહ્યું ખરું. પણ એની સાથે હરીફાઈ કરનારી એક બીજી નદી પણ છે. નર્મદાએ મધ્યહિંદુસ્તાનથી પશ્ચિમ કિનારા સુધી લીટી દોરી. એ જાણે બરાબર ન થયું એમ માનીને ગોદાવરીએ પશ્ચિમના પહાડ સહ્યાદ્રિથી પ્રારંભ કરી પૂર્વસાગર સુધી એક ત્રાંસી લીટી ખેંચી છે. એટલે ઉત્તરના બ્રાહ્મણો સંકલ્પ બોલતી વખતે કહેવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—"રેવાયાઃ ઉત્તરે તીરે." જ્યારે પૈઠણના રાજ્યના અભિમાની એમે દક્ષિણી લોકો "ગોદાવર્યાઃ દક્ષિણે તીરે" એમ બોલવાના. જે નદીને કિનારે શાલિવાહન અથવા શાતવાહન રાજાઓએ માટીમાંથી માણસો બનાવી એ ફોજ દ્વારા યવનોને હરાવ્યા, તે ગોદાવરીને સંકલ્પમાં સ્થાન ન મળે એ કેમ ચાલે?

* * *

નર્મદા નદીની પરિકમ્મા તો મેં નથી કરી. અમરકંટક જઈને ઊગમનું દર્શન કરવાનો સંકલ્પ બહુ જૂનો છે. ગયે વરસે રીવા રાજધાની સુધી ગયા પણ હતા. પણ અમરકંટક જવાયું નહીં. નર્મદાનાં દર્શન તો ઠેકઠેકાણે કર્યાં છે. એમાંનું વિશેષ કાવ્ય અનુભવ્યું તે જબલપુર પાસે ભેડાઘાટમાં.

ભેડાઘાટમાં, હોડીમાં બેસીને આરસપહાણના પીળાનીળા પથરા વચ્ચે જ્યારે જલવિહાર કરીએ છીએ ત્યારે એમ જ લાગે છે કે જાણે યોગવિદ્યામાં પ્રવેશ કરી માનવચિત્તનાં ગૂઢ રહસ્યો ઉકેલીએ છીએ. અને એમાંયે જ્યારે બંદરકૂદની પાસે પહોંચીએ છીએ અને જૂના સરદારો ઘોડાને ઇશારો કરી પેલી પાર સુધી કૂદ્યાની વાતો સાંભળીએ છીએ ત્યારે જાણે મધ્યકાલનો ઇતિહાસ ફરી વાર જીવતો થાય છે.

આ ગૂઢ સ્થાનનું આ માહાત્મ્ય ઓળખીને જ કોઈ યોગવિદ્યાના ઉપાસકે પાસેની ટેકરી ઉપર ચોસઠ યોગિનીનું મંદિર બાંધ્યું હશે અને એ યોગિનીના ચક્ર વચ્ચે નંદી ઉપર બિરાજેલાં શિવપાર્વતીને સ્થાપ્યાં હશે. એ યોગિનીની મૂર્તિઓ જોઈને ભારતીય સ્થાપત્ય પ્રત્યે માથું નમે છે અને એવી મૂર્તિઓ જેમણે ખંડિત કરી એમની ધર્માંધતા પ્રત્યે ગ્લાનિ પેદા થાય છે. પણ આપણે તો ખંડિત મૂર્તિઓ જોવાને ક્યારના ટેવાયા છીએ.

* * *

ધુંવાધાર, પ્રકૃતિનું એક સ્વતંત્ર કાવ્ય છે. પાણીને જો જીવન કહીએ તો અધઃપાતને કારણ ખંડ ખંડ થયા પછી પણ જે સહેજે પૂર્વરૂપ ધારણ કરે છે, અને શાન્તપણે આગળ વહે છે તે ખરેખર જીવનતમ છે. ચોમાસામાં જ્યારે આખો પ્રદેશ જળબંબોળ થાય છે ત્યારે ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે 'ધાર' અને ન નીકળે એમાંથી વરાળ જેવી 'ધુંવા'. ચોમાસું ઓસરી ગયા પછી જ ધુંવાધારની મસ્તી જોઈ લેવી. ધોધ ઉપર મીટ માંડીને ધ્યાન કરવાનું હું પસંદ નહીં કરું, કેમ કે ધોધ એ કેફી વસ્તુ છે. એ ધોધમાંથી જ્યારે ધોળીધાટનાં સાબુનાં પાણીની ભાત દેખા દે છે અને આસપાસ ઠંડી વરાળના ગોટેગોટા રમત રમે છે ત્યારે જેમ જુઓ તેમ ચિત્તવૃત્તિ અસ્વસ્થ થઈ જાય છે. એ દૃશ્ય ધરાઈને જોયા પછી, પાછા ફરતાં એમ જ લાગે છે કે જીવનના કોઈ કટોકટીના પ્રસંગમાંથી આપણે બહાર નીકળ્યા છીએ, અને આટલા અનુભવ પછી આપણે પહેલાંના જેવા રહ્યા નથી.

*　　　*　　　*

ઈટારસી–હોશંગાબાદ પાસેની નર્મદા સાવ જુદી જ છે. ત્યાંના પથરા ત્રાંસા ત્રાંસા જમીનમાં ખૂંચેલા હોય છે. કયા ધરતીકંપથી પથરાનાં પડો આવાં વિષમ થયાં છે એ કોઈ કહી શકે નહીં. નર્મદાને કિનારે ભગવાનની આકૃતિ ધારણ કરીને બેઠેલા પાષાણો પણ કશું કહી ન શકે.

અને એ જ નર્મદા જ્યારે પાઘડી-પને આવેલા ભરૂચના કિનારાને ધોઈ કાઢે છે અને અંકલેશ્વરના ખલાસીઓને રમાડે છે, ત્યારે એ નદી સાવ જુદી જ દેખાય છે.

*　　　*　　　*

કબીરવડ પાસે પોતાને ખોળે એક બેટને ઉછેરવાનો લહાવો જેને એક વાર મળ્યો, તે સાગર-સંગમ વખતે પણ એવા જ બેટબાળકને ઉછેરે અને કેળવે તો તેમાં આશ્ચર્ય શું?

કબીરવડ એ હિંદુસ્તાનનાં અનેક આશ્ચર્યોમાંનું એક છે. લાખો લોકો જેની છાયામાં બેસી શકે અને મોટી મોટી ફોજો જેની છાયામાં પડાવ નાખી શકે, એવો એક વડ નર્મદાપ્રવાહની વચ્ચોવચ્ચ એક બેટમાં પુરાણપુરુષની પેઠે અનંતકાળની પ્રતીક્ષા કરે છે. મહારેલ આવે એટલે બેટનો એક ભાગ એમાં તણાઈ જાય. એની સાથે એ વડની અનેક શાખાઓ અને વડવાઈઓ પણ તણાઈ જાય. કબીરવડના આવા ભાગલા અત્યાર સુધી કેટલી વાર થયા એની નોંધ ઇતિહાસ પાસે નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદી વહેતી જાય છે અને વડને નવી નવી કૂંપળો ફૂટતી જાય છે! સનાતનકાળ વૃદ્ધ પણ છે અને બાળક પણ છે. એ ત્રિકાળજ્ઞાની પણ છે અને વિસ્મરણશીલ પણ છે.

એ કાળ ભગવાનનું અને કાલાતીત પરમાત્માનું અખંડ ધ્યાન ધરનારા ઋષિમુનિઓ અને સંતમહાત્માઓ જેને કિનારે યુગેયુગ વસતા આવ્યા છે, તે આર્ય અનાર્ય સમસ્તની માતા નર્મદા ભૂત–ભવિષ્ય–વર્તમાનના માનવીઓનું કલ્યાણ કરે. જય નર્મદે હર!

ઑગસ્ટ, ૧૯૫૫

૧૭

સંધ્યારસ

ગૌરીશંકર* તળાવનું દર્શન ઓચિંતું થાય છે. આપણે બગીચામાં ગયા, ઝાડોની શોભા જોઈ, ચીની રકાબીના કકડાથી બનાવેલા નિર્જીવ હાથી, ઘોડા, સિંહનો રોફ જોઈ અને ઝાડો વચ્ચે લહેર કરતાં સજીવ પક્ષીઓનો કલરવ સાંભળી, તળાવને કાંઠે આવીએ, પગથિયાં ચડવા માંડીએ, ઠંડા પવનની શાંતિ અનુભવીએ, તોયે કલ્પના ન થાય કે તળાવ કેવું હશે. 'છેલ્લે (એટલે ઉપલે) પગથિયે જઈ પગ દીધો' અને એકદમ જાણે આકાશ ચીરીને અપ્સરા પ્રગટ થઈ હોય તેમ સરોવરનાં નીર આપણી સામે સસ્મિત વદને જોઈ રહે છે. ભલે તમે એકલા જ સરોવરને દર્શને જાઓ, ત્યાં તમે એકલા રહેવાના નથી. આકાશનાં વાદળાં અને બધા કરતાં વિશેષ ઉતાવળે દોડી આવેલી સંધ્યાતારકાને તમારી સાથે જ સરોવરની શોભા નિહાળતી તમે જોશો.

સરોવરો હમેશાં નીચાણમાં હોય. ડુંગરની નીચે ઊતરીએ ત્યારે સરોવરનાં જળમાં પગ પખાળવા પામીએ. પણ આ તો જાણે ગંધર્વ-કાસાર; જાણે વાદળાં પીગળીને ટેકરીને માથે છલકાતાં હોય!

સામો કાંઠો દેખાય એવું સરોવર કોને ગમે? આટલાં પાણી ક્યાંથી આવે છે એવી અતૃપ્ત જિજ્ઞાસા જેની સાથે ન હોય તેના

* સૌરાષ્ટ્રમાં આવેલા ભાવનગરનું બોર તળાવ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌંદર્યમાં દૈવી ગૂઢ ભાવ ક્યાંથી જડવાનો? રેલવે લાઈન પણ જો સાવ સીધી હોય તો આપણને ગમે નહીં. ઊંચાણ હોય, નીચાણ હોય, જમણી કે ડાબી બાજુ વાંક-વળાંક હોય તો જ એ શોભે. સરોવર એ કંઈ ધોધ નથી કે ઊંચાનીચાની ક્રીડા બતાવે. ગૌરીશંકર ચારે બાજુની ટેકરીઓથી ઘેરાયેલું છે. પણ એ ટેકરીઓ મરણિયા થયેલા વીરોની પેઠે ભીડ કરીને ઊભી નથી રહેલી; તેથી પાણીને આમતેમ બધી બાજુ ફેલાઈ જવાનો અવકાશ મળ્યો છે.

સરોવરના બાંધ ઉપરથી પશ્ચિમ તરફ જોતાં એકાદ અદ્‌ભુત નવલકથામાં નવે રસ ગૂંથેલા હોય તેમ જાતજાતના રંગ પાણીમાં ફેલાયેલા દેખાય છે. પગ તળે આત્મહત્યાનો ઘેરો લીલો રંગ જાણે ક્ષણે ક્ષણે આપણને અંદર બોલાવતો હોય એવો દેખાય છે. એમાં પણ બધે સરખાપણું નથી. કોક ઠેકાણે મેંદીના પાન જેટલો ઘેરો, તો કોક ઠેકાણે લિંબોઈના પાન જેટલો ઊંડો. ખૂબ નિહાળીએ ત્યારે લાગે છે કે એ પાણીનો રંગ નથી પણ પાણીમાં લપાયેલું સ્વતંત્ર ઝેર છે. સહેજ આગળ જુઓ એટલે નિરાશામાંથી આશા પ્રગટ થતી હોય તેવો બદામી રંગ દેખાય છે. રંગ તો બદામી, પણ એમાં ધાતુનો ચળકાટ છે. આગળ જઈ, એ જ રંગ થોડુંક રૂપાન્તર પામી નારંગી વર્ણે સંધ્યાનું ઉપસ્થાન કરતો દેખાય છે. વાદળાંની જાંબુડી છાયા જો વચમાં આડે ન આવી હોત, તો કોણ જાણે આ બાજુના નારંગી અને પેલી બાજુના સોનેરી વચ્ચે કેવી શોભા ખીલત!

આપણું ધ્યાન સોનેરી રંગ તરફ જાય એ પહેલાં જ મંદ મંદ વહેતો પવન જલપૃષ્ઠ ઉપર સૂક્ષ્મ વિચિમાલા ઉત્પન્ન કરી આપણને કહે છે, 'સાંભળો આ સમયોચિત સ્તોત્ર!' સામેની ટેકરીએ માથું ઊંચું ન કર્યું હોત તો આ રસવતી પૃથ્વી ક્યાં પૂરી થાય છે અને નિઃશબ્દ આકાશ ક્યાં શરૂ થાય છે એ જાણવું કોઈ પંડિતને પણ અઘરું થઈ પડત.

ડાબી બાજુએ કાટછાંટ કરેલી મેંદીની વાડ છે. સુઘડ વાડો જોવાનું કોને ન ગમે? પણ શૃંગાર-સાધિકા મેંદીનો શિરચ્છેદ મને જરૂર અસહ્ય લાગે છે. જમણી બાજુ જાણે સૂર્યનું તેજ ઠંડું પડેલું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થીજેલું નહીં એવું સરોવર, અને ડાબી બાજુ નીચે ઘાડી પાતળી ઝાડી. આવા પરસ્પર ભિન્ન રસ વચ્ચે જનકની પેઠે યોગયુક્ત ચિત્તે અમે આગળ ચાલ્યા. ત્યાં આવ્યો નિરાધાર સેતુ. સંસ્કૃત કવિઓએ એને જોયો હોય તો એનું નામ શિક્ય-સેતુ જ પાડ્યું હોત. આવા સેતુની શોધ પહેલવહેલી હિમાલયના વનેચરોએ જ કરેલી હોવી જોઈએ. આ નિરાધાર પુલ આપણને હળવે પગે લઈ જાય છે પાણી વચ્ચે તપ કરતા ઋષિ જેવા એક બેટના જટાભારમાં. પુલની અધવચ પહોંચ્યા એટલે આતિથ્યશીલ જળ ચેતવે છે, 'સાચવીને ચાલો, સાચવીને ચાલો.' અને યોગ્ય તક જડતાં પાદપ્રક્ષાલન કરતાં પણ પાણી ચૂકે નહીં.

અને પેલો દ્વીપ? એ તો નીરવ શાન્તિની મૂર્તિ. ચંદ્રમા પાણીમાં આટલો ખડખડાટ હસે છે છતાં એનો પડઘો ક્યાંય સંભળાતો નથી. જાણે કુદરતને બીક લાગે છે કે રખેને ધ્યાની મુનિની શાંતિમાં ભંગ થાય. આ બેટમાં નથી રહેતા કોઈ સરપ કે નથી રહેતો કોઈ કાકીડો. પક્ષીઓ હોય તોયે અત્યારે પોતાના માળામાં નિશ્ચિંત સૂઈ ગયેલાં છે. આતિથેય મંડપ તળે અમે વિરાજમાન થયા. હવે તો પાણી ઉપર અજ્ઞાત અથવા ગૂઢ અંધકારની છાયા ફેલાવા લાગી હતી. અષ્ટમીનું ચાંદરણું તો સીધું સોંસરું ઊતરીને પાણીમાં ઊતરી જતું હતું. ફક્ત જાતિવૈરી સુર-અસુરના ગુરુઓ દીર્ઘવિગ્રહથી કંટાળીને કંઈક વિષ્ટિ કરવા માટે ભેગા થયા હોય તેમ પશ્ચિમે ચળકતા હતા. પ્રકાશ અને અંધકારની સંધિ કરવાનો સંધ્યાએ અનેક વાર પ્રયત્ન કર્યો છે. તેમાં જો તે કોઈ કાળે ફાવે તો જ સુર-અસુરો વચ્ચે કાયમનું સમાધાન થાય. જુઓ, બન્નેના ગુરુઓ પોતાની દિશા ફેરવી પોતાની સ્વભાવોચિત ગતિએ ચાલ્યા જાય છે, અને સંધ્યાકાળની રક્ત કાલિમા બન્નેને કશા પક્ષ-પાત વગર ઘેરી લે છે. હંમેશ વિગ્રહ જ ચલાવે તેનો અસ્ત થવાનો જ.

હવે પાણીએ પોતાનો રંગ બદલ્યો. અત્યાર સુધી જાણે ચાંદીના રસ્તાઓ બનાવ્યા ન હોય તેવા પટાઓ પાણીના પૃષ્ઠ પર વગર કારણે દેખાતા હતા તે હવે બંધ થયા. ખેલ બહુ થયો. હવે ગંભીરપણે વિચાર કરવો જોઈએ, એમ કંઈક લાગવાથી પાણીની મુખમુદ્રા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતર્મુખ થઈ છે. ટેકરીઓ પ્રેતલોકના વાસનાદેહ વિચરતા હોય તેવી દેખાવા લાગી. વિસ્તીર્ણ શાંતિ પણ કેટલી અસ્વસ્થ કરી શકે છે એનો ખ્યાલ અહીં પૂરેપૂરો આવે છે. બધી ટેકરીઓ જાણે આપણો એક અવાજ સાંભળવાની જ રાહ જોતી ન હોય! જરાક સાદ પાડીએ તો 'હા! હા! એ આવીએ! એ આવીએ!' એમ કહેતી દોડતી આવશે એ વિષે જરાયે શંકા નથી રહેતી. પણ એમને બોલાવવાની હિંમત જ કેમ ચાલે? શું આ ટેકરીઓ મધરાતે કોઈ જોતું ન હોય ત્યારે કપડાં ઉતારીને સરોવરમાં નાહવા પડતી હશે? આજે તો નહીં જ ઊતરે, કેમ કે દુર્વિનીત ચંદ્રમા મધરાત સુધી એકી ટસે સરોવરમાં જોતો હશે. અને મધરાત પહેલાં જ શિશિરની ટાઢનું સામ્રાજ્ય શરૂ થવાનું. પછી ઉષઃકાલ પહેલાં માઘસ્નાન કરવાની ઇચ્છા એમને થઈ જાય તો કોણ જાણે. આવા કાંઈક પુણ્યસંચય વગર ટેકરીઓને પણ આટલી સ્થિરતા શી રીતે મળે?

કોક પુલ પરથી ચાલ્યું. પાણીમાં ખળભળાટ સંભળાય છે, અને એમાંથી નીકળતાં મોજાંનાં કૂંડાળાં દૂર દૂર દોડે છે. લોકો પોતપોતાનાં ગામડાંમાં રહેતા છતાં, જેમ ખબરો એમની મારફતે દૂર દૂરની મુસાફરી કરે છે, તેમ પુલ પાસેનો ક્ષોભ આ રીતે કિનારા સુધી પહોંચવાનો. શરીરમાં એક ઠેકાણે વાગે તો આખા શરીરને જેમ એની ખબર પડે છે તેમ પાણીનું પણ છે. પાણીની શાંતિનો ભંગ થાય તો એને પરિણામે એના ઉદરમાં પ્રતિબિંબિત થયેલું આખું બ્રહ્માંડ ડોલવા લાગે છે.

હવે તારાઓનો રાસ શરૂ થયો. પાણીમાં એનું અનુકરણ ચાલતું દેખાય છે, પણ ભૂલોકનો તાલ જુદો.

ફેબ્રુઆરી, ૧૯૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

અંબા–અંબિકા

ભીષ્મ-પિતામહે રાજા વિચિત્રવીર્ય પાસે અંબા–અંબિકા બે રાજ-કન્યાઓ જીતી આણી. કન્યાઓએ નિખાલસપણે કહ્યું, 'અમારું મન બીજે બેઠું છે.' વિચિત્રવીર્ય હવે એમને શી રીતે પરણે? અને જ્યાં એમનું મન બેઠું હતું તે રાજા પણ જિતાયેલી કન્યાઓને હવે શી રીતે સ્વીકારે? બિચારી કન્યાઓ કોઈ પતિને પામ્યા વગર જ ઝૂરી ઝૂરી મરી ગઈ.

આબુના પહાડ ઉપરથી ઉનાળાના દિવસોમાં સરસ્વતી અને બનાસ એ બે નદીઓનાં દર્શન કર્યાં હતાં. એ બિચારી નદીઓ સમુદ્ર સુધી પહોંચવા પામી નથી; વચમાં કચ્છના રણમાં જ તે ઝૂરી ઝૂરીને અલોપ થઈ જાય છે. અંબા–અંબિકાની પેઠે કૌમાર્ય, સૌભાગ્ય અને વૈધવ્ય એકે સ્થિતિ એમને માટે રહી નથી. ગુજરાત અને રાજપૂતાનાના ઇતિહાસમાં એ નદીઓને ગમે તેટલું મહત્ત્વ હોય તોયે રાજા કર્ણનાં બે આંસુ ઉપરાંત આપણે એમને શું આપી શકીએ?

૧૯૨૬–૨૭

૧૯

રેણુકાનો શાપ

રેણુકા એટલે રેતી. એના શાપથી કઈ નદી સુકાઈ ન જાય? ગયાની નદી પણ એમ જ અંતઃસ્રોતા થઈ છે ને! પછી વઢવાણ પાસેની ભોગાવો પણ એવી કેમ ન થાય? કાઠિયાવાડમાં ભોગાવો ઘણી છે. દરેકને શું કોઈ ને કોઈ રાણકદેવીનો શાપ નડ્યો હશે? શેત્રુંજી, ભાદર, મચ્છુ, આજી, રંગમતી, મેગળ — ચારે દિશામાં વહેનારી આ નદીઓમાંથી બારે માસ જેમાં પાણી વહે છે એવી કેટલી છે? ખંડસ્થ ભારતવર્ષથી સૌરાષ્ટ્ર કાઠિયાવાડ અનેક રીતે જુદું પડે છે. એનો આકાર તે કેવડો! ચોટીલા કે બરડા, શેત્રુંજો કે ગિરનાર પાણી આપી આપીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલું આપે? અને એમની દીકરીઓ પણ ખેંચી ખેંચીને કેટલું પાણી આણે? નીલગિરિ અને સહ્યાદ્રિ, સાતપૂડા અને વિંધ્યાદ્રિ, હિંદુકુશ અને હિમાલય, નાગા, ખાસી અને બ્રહ્મી યોમાઓ એવા સમર્થ પર્વત રાજાઓને જ વાદળાંઓનો મુખ્ય કારભાર મળે છે. એમની દીકરીઓ ગૌરવથી અલસ-લુલિત થઈ ચાલે, તેની આગળ બિચારી કાઠિયાવાડની નદીઓ શી વિસાતમાં? વરસાદ આવ્યો કે વહેવા લાગી. વરસાદ થોભ્યો કે વિમાસણમાં પડી અને વિરમી ગઈ.

દરેક નદીએ એકએ એકએ શહેરોને આશ્રય આપ્યો છે. ભોગાવોને લીધે વઢવાણની શોભા છે. રાણકદેવીનો શાપ ન હોત તો એ નદીનું મુખ કેટલું ઉજ્જ્વળ દેખાત! અંત્યજોનો શાપ લઈ હવેના લોકો એની ભવિષ્યમાં શી દશા કરવાના છે! શેત્રુંજીના વાંક જોવા હોય તો એના પીરાના શિખર પરથી જોઈ લેવા. કુંદન જેવું ઘાસ ઊગ્યું છે, દૂર દૂર સુધી ગાલીચા જેવાં ખેતરો પથરાયાં છે, અને વચ્ચે થઈને શેત્રુંજી પોતાનો માર્ગ ધીમે ધીમે કાઢતી જાય છે. શેત્રુંજીની એ ચાલ સંસ્કારી અને ચિત્તાકર્ષક છે.

અને મેગળનું નામ શા પરથી પડ્યું હશે? દેવધરામાં મગરે કોઈ હાથીને પકડી રાખ્યો હશે તેથી? કે સમુદ્રની અને એની વચ્ચે આવનાર ઊંચા વાળુપટ પર માથું પછાડે છે તેથી? દરેક નદીને સમુદ્રને મળવાનો હક તો છે જ. પણ બિચારી મેગળને વરસના આઠ મહિના ખંડિતાની પેઠે પોતાના પતિનાં દૂરથી જ દર્શન કરવાં પડે છે. ચોમાસામાં જ્યારે સમુદ્રથી પણ નથી રહેવાતું ત્યારે જ એ એનો સંગમ થાય છે. ચોરવાડના લોકોને એ સંગમ પર જ સ્મશાન ગોઠવવાનું શું સૂઝયું છે? અથવા એમાં પણ ઔચિત્ય નથી એમ કેમ કહેવાય? સ્મશાન એ પણ ઇહલોક અને પરલોકનો સંગમ જ છે ને!

જેને લીધે કાઠિયાવાડ મગરૂર છે તે તો એકલી ભાદર જ. ભાદરનું મૂળ નામ શું? ભાદ્રપદી કે ભદ્રાવતી? બહાદુર તો ન જ હોય. આ નદીની પ્રતિષ્ઠા ભારે છે. જેતપુર, નવાગઢ અને નવીબંદર જેવાં સ્થાનો એને કાંઠે ઊભેલાં છે. નવીબંદર જ્યારે વસ્યું હશે ત્યારે એને 'નવી' નામ આપનાર પુરુષોનાં હૈયાંમાં કેટલાં આકાંક્ષા અને ઉત્સાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે? પોરબંદર કરતાંયે એ શ્રેષ્ઠ થવાનું, મોટાં મોટાં વહાણો દૂર દેશનો માલ દેશની અંદર પહોંચાડવાનાં. દૈવ અનુકૂળ હોત તો ભાદરને ટેમ્સ નદીની પ્રતિષ્ઠા ન મળત? પણ નદીની પ્રતિષ્ઠા એના પુત્રોના પુરુષાર્થને લીધે હોય છે, અત્યારે તો ભાદરને હિંદુસ્તાનની પશ્ચિમવાહિની નદીઓનું અગ્રેસરત્વ છે એ જ બહુ છે.

રંગમતી, આજી અને મચ્છુ ગમે તેટલી પરોપકારી હોય, અને તેઓ નવાનગર, રાજકોટ અને મોરબીના વૈભવો અખંડ નિહાળતી હોય તોયે એમને સાગર છોડી નાનકડા અખાતને જ વરવું પડે છે.

કાઠિયાવાડની આ બધી નદીઓએ દેશી રાજ્યોની ખટપટો અને પ્રપંચો જૂના કાળથી જોયાં હશે. પણ કાઠિયાવાડના ભિન્ન ભિન્ન વિભાગની વિશિષ્ટ રીતભાતનું દર્શન જો તેઓ આપણને કરાવે તો તે કથા રોચક થાય ખરી.

સૌરાષ્ટ્રની નદીનું પાણી પીનાર કોઈ પુત્રનું એ કામ છે કે એ નદીઓ પાસેથી તેમનો પોતપોતાનો અનુભવ બોલાવે.

૧૯૨૬–૨૭

૨૦

ઉંચળ્ળીનો ધોધ

સાવ સુકાઈ ગયેલા જોગના ધોધના આ વખતના દર્શનની ગમગીની ધોઈ કાઢવા માટે બીજું એકાદ કંઈક ભવ્ય અને પ્રસન્ન દૃશ્ય જોવાની જરૂર હતી જ. કારવાર જિલ્લાના સર્વસંગ્રહ — ગૅઝેટિયર — નાં પાનાં ફેરવતાં શોધ થઈ કે, જોગથી સહેજ ઊતરતો ઉંચળ્ળી કરીને એક મજાનો ધોધ શિરસીથી બહુ દૂર નથી. લશિંગ્ટન કરીને એક કલેક્ટરે સને ૧૮૪૫માં એ ધોધની શોધ કરી હતી! જાણે તે પહેલાં કોઈ માણસે એ ધોધ જોયો જ નહીં હોય! અંગ્રેજની આંખે એ ચડ્યો એટલે એને દુનિયામાં સ્થાન મળ્યું!

આ ઉંચળ્ળી ક્યાં છે, ત્યાં ક્યાંથી જવાય, કેમ જવાય? અમારા કાર્યક્રમમાં એ ધોધ બેસે એમ છે કે નહીં, એની તપાસ મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવી. શ્રી શંકરરાવ ગુલવાડીએ જોયું કે, હવે ઉંચળ્ળીનો કાર્યક્રમ ગોઠવ્યા વગર શાંતિ કે સ્વાસ્થ્ય મળવાનાં નથી. અને તેઓ મારા કરતાં ઓછા ઉત્સાહી થોડા જ હતા? એમણે કહ્યું કે, જ્યારે વીજળી પેદા કરવાની દૃષ્ટિએ કારવાર જિલ્લાના ધોધોની તપાસ — 'સરવે' થઈ ત્યારે એંજિનિયર લોકોએ ઉંચળ્ળીના ધોધને પહેલે સ્થાને મૂક્યો હતો; ગેરસપ્પાના એટલે કે જોગના ધોધને બીજે નંબરે મૂક્યો હતો; માગોડનો ત્રીજો, અને સૂપા પાસે છે એ ચોથો.

સમુદ્ર સાથે કારવાર જિલ્લાની દોસ્તી બાંધી આપનાર ચાર મુખ્ય નદીઓ છે — કાળી નદી, ગંગાવળી, અઘનાશિની અને શરાવતી. આમાંની શરાવતી અથવા બાલનદી હોન્નાવર પાસે સમુદ્રને મળે છે. દસ વરસ પહેલાં જ્યારે જોગનો ધોધ બીજી વાર જોયો હતો ત્યારે આ જ શરાવતી નદી ઉપર હોડીમાં બેસી હોન્નાવરથી અમે ઉપલાણે ગયા હતા. શરાવતીનો કાંઠો એટલે વનશ્રીની ઉજાણી.

આ વખતે જ્યારે હુબળીથી અંકોલા ને કારવાર અમે ગયા ત્યારે આરબેલ ઘાટમાંથી નાગમોડી રસ્તો કાઢતી ગંગાવળીને અમે જોઈ હતી. અને અંકોલાથી ગોકર્ણ જતાં એના પૃષ્ઠ ભાગ ઉપર નૌકાક્રીડા પણ કરી હતી. કાળી નદીનાં દર્શન તો મેં નાનપણમાં જ કારવારમાં કર્યાં હતાં. પચાસ વરસ પહેલાંનાં એ સંસ્મરણો દસ વરસ પહેલાં તાજાં પણ કર્યાં હતાં અને આ ફેરે પણ કારવાર જતાંવેંત કાળી નદીનાં બે વાર દર્શન કર્યાં હતાં. પણ એટલેથી સંતોષ ન થયો, તેથી કારવારથી હળગા સુધીની ૧૦ માઈલની મુસાફરીની જા-આવ હોડીમાં કરી લીધી.

ચોથી નદી તે અઘનાશિની. એનું નામ જ કેટલું પાવન! એ નદી ગોકર્ણની દક્ષિણે તદડી બંદર પાસે આડીઅવળી ખૂબ ખૂબ ફેલાય છે, પણ સમુદ્રમાં પહોંચવા માટે માત્ર એને એક નાનકડો જ માર્ગ મળે છે. આ અઘનાશિની સમુદ્રને મળવા માટે ઉતાવળ કરી સહ્યાદ્રિના પહાડ પરથી જ્યાં ભૂસકો મારે છે, તે જ ઉંચળ્ળીના ધોધ તરીકે ઓળખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે સિદ્ધાપુરથી શિરસીનો રસ્તો લીધો. પણ શિરસી સુધી જવાને બદલે એક રસ્તો પશ્ચિમ તરફ ફંટાતો હતો, એ લઈને અમે નીલકુંદ સુધી પહોંચ્યા. ત્યાં ગોપાળ મડગાંવકરના કાકા રહેતા હતા. ઠીક પ્રતિષ્ઠિત જમીનદાર. એમની સ્વાગતાનો સ્વીકાર કરી અમે ઉંચળ્ળીની શોધમાં ઊપડ્યા. નીલકુંદથી હોસતોટ (=નવો બગીચો) જવાપણું હતું. લશ્કરી 'જીપ'ની સગવડ મળેલી હોવાથી જંગલી રસ્તો પાર કેમ કરાશે એ ચિંતા લગભગ ઓસરી ગઈ હતી. આ હોસતોટથી હોન્નેકોંબ (=સોનાનું શિંગડું) તરફ જવાનો રસ્તો અમારે લેવાનો હતો. પણ એ રસ્તે મોટર તો શું, બળદગાડી કે પાલખી પણ ન જઈ શકે. એ તો વાઘનો રસ્તો કહેવાય. માણસ પણ વાઘ જેવો થઈને જ એવે રસ્તે જાય. અમે અમારી જીપને એક ઝાડની છાયામાં આરામ કરવા મૂકી દીધી, અને अथातो धोध-जिज्ञासा કહી જંગલમાંથી રસ્તો કાઢવાની શરૂઆત કરી. હોસતોટથી એક સ્થાનિક જુવાન હાથમાં મોટો 'કોયતો' લઈ રસ્તો બતાવવા અમારી આગળ ચાલ્યો. એ બિચારાને ધીમે ચાલવાની ટેવ નહીં, અને સૃષ્ટિસૌન્દર્ય નિહાળવાની લત નહીં! એ તો આગળ ને આગળ ચાલ્યો. અમને એનો બહુ જ ઓછો ઉપયોગ થયો. અમે થોડુંક આગળ ચાલ્યા. ચડ્યા અને ઊતર્યા — ચડ્યા અને ઊતર્યા — ત્યાં જંગલ ઘનદાટ થવા લાગ્યું. થોડા વખત પછી એ ઘનઘોર થયું.

> So steep the path, the foot was fain,
> Assistance from the hand to gain.

અમારી મુખ્ય મુશ્કેલી પગ તરફની કેડીની હતી. ત્યાં એટલાં બધાં સુકાયેલાં પાંદડાં ભેગાં થયાં હતાં કે પગ ન લપસે તો આશ્ચર્ય! મહેર માલિકની કે એ પાંદડાંમાંથી સરસર કરીને કોઈ સરપ ન નીકળ્યો. નહીં તો અમારી ઉંચળ્ળી ત્યાંની ત્યાં જ રહી જાત. જ્યાં આકરો ઉતાર હોય ત્યાં લાકડી વતી પાંદડાં ખસેડી કોઈ મજબૂત પથરો કે ઝાડનું ચવડ મૂળિયું મળે છે કે કેમ એ જોવું પડતું.

બપોરના બાર વાગ્યાનો વખત હતો. પણ ઝાડોની 'સ્નિગ્ધ-છાયા'ની અંદર તડકો આવે ત્યારે ને? અમે ચાલીને ગરમ ન થયા હોત તો ટાઢ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત ! થોડાક આગળ જઈએ અને એકબીજાને પૂછીએ, 'આપણે કેટલું આવ્યા હઈશું ? હવે કેટલું બાકી છે ?' બધા જ અજ્ઞાન. પણ સિદ્ધાપુરથી એક આયુર્વેદિક ડૉક્ટર કૅમેરા લઈને અમારી સાથે આવ્યા હતા. એ ભાઈ એક વરસ પહેલાં બીજે ક્યાંકથી ઉંચળી ગયા હતા. તેટલા જૂના અનુભવ પરથી એ અમને બાકીનો રસ્તો કેટલો છે એનો અડસટ્ટો કહેતા હતા ! વચમાં વચમાં અમારો નામમાત્રનો રસ્તો પણ બંધ થતો. આગળ ક્યાંથી જવાનું એનો અંદાજ જ કરવો પડતો. પણ ખરી મુશ્કેલી રસ્તો બંધ થવાથી નથી ઊભી થતી; પણ જ્યારે એક કેડી ફંટાઈને સામે બે કેડી થઈ જાય, અને સાચી બાજુ કઈ એ બતાવનાર કોઈ ન હોય અને આંધળો અંદાજ કરનાર એક સાથીના અભિપ્રાય સાથે આપણો એટલો જ આંધળો અંદાજ મળતો ન હોય, ત્યારે ખરી મૂંઝવણ પેદા થાય છે. અને છેવટે यद् भावि तद् भवतु 'જે થવાનું હશે તે થાઓ' એમ કરીને નસીબને ભરોસે એકાદ કેડી પકડવી પડે છે.

એક જણે કહ્યું કે દૂરથી ધોધનો અવાજ સંભળાય છે. મારા કાન બહુ તીક્ષ્ણ નથી. એકે ક્યારનું રાજીનામું આપ્યું છે અને બીજો કાન કામ પૂરતું જ સાંભળે છે. પણ કલ્પનાશક્તિ વિષે એમ ન કહી શકું. મેં કાન અને કલ્પના બંનેને જોરે સાંભળવાનો પ્રયત્ન કર્યો પણ જેને ધોધનો અવાજ કહી શકાય એવું કશું જ સંભળાયું નહીં. ક્યાંક મધમાખો બણબણતી હોત તોપણ હું કહેત કે 'હા હા, ધોધ સંભળાય છે ખરો.' અગવડવાળી મુસાફરીમાં સાથ આપનાર સાથે ઝટ સહમત થવાના યાત્રાધર્મમાં હું પૂર્ણપણે માનું છું ! પણ અહીં હું લાચાર હતો.

એક તરફ જંગલની ભીષણ સુંદરતા હું માણતો હતો અને બીજી તરફ ચિ. સરોજના કેટલા બેહાલ થતા હશે એ ચિંતાથી એની તરફ જોતો હતો. જ્યારે સરોજે કહ્યું કે, 'આવી જંગલની મુસાફરીને અંતે કોઈ ધોધ જોવાને ન મળે તોયે આવ્યાનું સાર્થક થયું ગણાય. કેટલું મજાનું જંગલ છે ! આ મોટાં મોટાં ઝાડો અને એમને બાંધી દેનાર વેલાઓ — બધું જ મજાનું છે,' ત્યારે મને ઘણું સમાધાન થયું.

આગળ જતાં જ્યારે રસ્તો લગભગ અશક્ય થયો અને એક હાથે લાકડી અને બીજે હાથે કોઈનો ખભો પકડીને ઊતરવાનું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકાસ્પદ થયું, ત્યારે પણ સરોજ કહે, 'મારો ઉત્સાહ ઓછો નથી થયો, પણ બીજાને અગવડરૂપ થાઉં છું એ ખ્યાલથી જ નાસીપાસ થાઉં છું. આટલો ઉતાર પાછો ચડવાનો છે એનો પણ ખ્યાલ રાખવાનો છે.' મેં કહ્યું, 'એક વાર ઉંચઝળીનાં દર્શન થયા પછી પાછા જવાનું કોઈ ને કોઈ રીતે થશે જ. આપણે પૂરતો આરામ લેતાં લેતાં જઈશું. અહીં સુધી આવ્યાં છીએ, અને હવે ધોધનો અવાજ પણ સંભળાય છે એટલે આગળ વધ્યા વગર છૂટકો નથી.'

અમારા માર્ગદર્શકે નીચે જઈને ટૂક કરી. ડૉક્ટરે કહ્યું, 'એણે પાણી જોયું લાગે છે.' અમારો ઉત્સાહ વધ્યો. અમે ફરી ઊતર્યા અને વધુ ઊતર્યા. આગળ ગયા, પછી જમણી બાજુએ ગયા અને આખરે —જેને માટે આંખો તલસતી હતી તે ધોધનું માથું નજરે પડ્યું!

એક સાંકડી ખીણની આ બાજુ અમે હતા અને સામી બાજુએથી અઘનાશિનીનાં પાણી, જે અમે સવારથી કરેલી જીપની મુસાફરીમાં ત્રણ ચાર વાર ઓળંગ્યાં હતાં, તે અહીં એક મોટા પથરાના ત્રાંસા પડ પરથી નીચે પહોંચવાની તૈયારી કરતાં હતાં. ગીત જેમ તંબૂરાના તાલ સાથે જ સંભળાય, તેમ જ ધોધનાં દર્શન ધમધમના નગારાના સાથની સાથે જ કરાય.

ઉંચઝળીનો ધોધ જોગના રાજા ધોધની પેઠે એક ભૂસકે નીચે નથી પહોંચતો. સવારની પાતળી ઊંઘનો દરેક કકડો જેમ આપણે અર્ધ જાગ્રત સ્થિતિમાં માણીએ છીએ, તેમ જ અઘનાશિનીનાં પાણી પગથિયે પગથિયે કૂદીને ધોળા રંગનો અનેક ભાતવાળો પડદો બનાવે છે. આટલાં ધોળાં પાણીમાં જગતનું કાળામાં કાળું પાપ પણ સહેજે ધોવાઈ જાય.

સૂપડામાં ધાન મૂકી સૂપડું ત્રાંસું ત્રાંસું હલાવાય છે ત્યારે જેમ દાણા નાચતા નાચતા જમણી બાજુના ખૂણા તરફ દોડે છે અને સાથે સાથે આગળ પણ જાય છે, તેમ જ અહીંનાં પાણી પહાડના પથરા પરથી ઊતરતાં ત્રાંસાં પણ દોડે છે અને ફીણનાં વલયો કરતાં ભૂસકો પણ મારે છે. એક ઠેકાણે પાણીએ અવતાર કર્યો કે તરત ફરી ત્યાં અંગરખાના ઘેરાવાની પેઠે કે ધોતિયાની કલ્લીની પેઠે એ ફેલાવા લાગે છે અને અનુકૂળ દિશા મેળવી ફરી ભૂસકો મારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તો આ પાણી આમ કેટલાં નખરાં કરવાનાં છે અને અંતે ક્યાં સુધી પહોંચવાનાં છે એ જાણ્યા વગર છૂટકો જ ન હતો. અમારામાંથી કેટલાક આગળ ચાલ્યા. ફરી ઊતરો, હજી ઊતરો; ઝાડની લચકવાળી ડાળો પકડીને ઊતરો. એમ કરતાં કરતાં આખા ધોધનો અખંડ સાક્ષાત્કાર કરાવતા એક મોટા પથરાને માથે પહોંચ્યા. એ કરાડને માથે ઊભા રહી સામી કરાડ પરથી અવતરતા પાણીના પદક્રમ નિહાળવા એ જીવનનો અનેરો લહાવો હતો. અમે મીટ માંડીને પાણીને નિહાળતાં હતાં, પણ પાણી કાંઈ અમને નિહાળવા જેટલાં નવરાં ન હતાં. એ હતાં પોતાની મસ્તીમાં ચૂર. કપૂરના ચૂરામાં જે ધોળા રંગનો ઉત્કર્ષ હોય છે તે જ આ જીવનાવતારમાં હતો.

ભગવાન સૂર્યનારાયણ માથા પરથી અમને પોતાના આશીર્વાદ આપતા હતા. પરસેવાનાં ટીપાંના રેલા અમારા લમણા પરથી ગમે તેટલા ઊતરે તોયે તે સામેના ધોધ આગળ કોઈનું ધ્યાન થોડું જ ખેંચી શકે? સૂર્યનારાયણના આશીર્વાદ ઝીલવાની શક્તિ જેમ ઉંચળીના ધોધમાં હતી તેમ મારામાં ન હતી. પાણી ચળકીને ધોળા રેશમની કે સાટીનની શોભા બતાવવા લાગ્યાં. A moving tapestry of white satin and silver filigree.

કટકમાં ચાંદીમાંથી ઝીણા ઝીણા તારો ખેંચી કાઢી એનાં અત્યંત નાજુક અને અત્યંત મોહક ઘરેણાં બનાવે છે. તારનાં પીંપળપાન, કમળો, કરંડકો — અનેક પ્રકાર મેં ઓરિસ્સામાં ધરાઈને જોયા છે અને કહ્યું છે, 'આ ઘરેણાંએ કટકનું નામ સાર્થક કર્યું ખરું.'

કુદરતને હાથે ઘડાતાં અને ક્ષણે ક્ષણે બદલાતાં રૂપાનાં રૂપાળાં અને જીવતાં ઘરેણાં અહીં ફરી વાર જોઈ કટકનું સ્મરણ થયું. સોનાના ઢાંકણાથી સત્યનું રૂપ ઢંકાતું હશે, પણ રૂપાના આ જીવંત તાર-કામથી કુદરતનું સત્ય અદ્ભુત રીતે પ્રગટ થતું હતું. 'હવે આ સત્યનું શું કરું? કઈ રીતે એને પી જાઉં? એને ક્યાં સંઘરું? શી રીતે ઊંચકીને લઈ જાઉં?' એવી મીઠી મૂંઝવણ હું અનુભવતો હતો. એટલામાં જૂની ટેવને કારણે, વગર ઇરાદે, કંઠમાંથી ઈશાવાસ્યનો મંત્ર જોરથી ગુંજવા લાગ્યો. હા, ખરેખર — આ જગત એના ઈશથી ઢાંકવું જ જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

— જેમ સામેનો ત્રાંસા પડવાળો પથ્થર પાણીના પડદાથી ઢંકાય છે અને એ પડદો ચૈતન્યના ચળકાટથી ઢંકાય છે, તેમ જ. જે જે નજરે પડે છે — પછી તે ચર્મચક્ષુની નજર હોય કે કલ્પનાની દૃષ્ટિ હોય — તે બધું જ આત્મતત્ત્વથી ઢાંકી દેવું જોઈએ. તો જ અલિપ્ત ભાવે અખંડ જીવન આખર સુધી માણી શકાય. માણસને માટે બીજો રસ્તો નથી.

નજર નીચે ગઈ ત્યાં એક શીતળ કુંડ પોતાની લીલી નીલાશમાં ધોધનાં પાણી ઝીલતો અને પરિગ્રહ સારો નહીં એ જાણવાથી થોડી જ વારમાં એક રૂપાળા પ્રવાહમાં એ તમામ જથ્થાને વહેતો કરતો હતો. અઘનાશિની પોતાના વાંકાચૂકા વહેણ દ્વારા આસપાસની તમામ ભૂમિને પાવન કરવાનું અને માણસજાતનું વાંકુંચૂકું (जुहुराण) પાપ (એનસ્) ધોઈ કાઢવાનું પોતાનું વ્રત અવિરત ચલાવતી હતી. મેં એને જ અંતે પ્રાર્થના કરી :

युयोधि अस्मत् जुहुराणम् एनः
भूयिष्ठां ते नम उक्तिं विधेम ।

હે અઘનાશિની ! અમારું વાંકુંચૂકું કુટિલ પાપ લડી કાઢ. અમે તારે માટે ઘણા ઘણા નમસ્કારનાં વચનો રચીશું !

જૂન, ૧૯૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

ગોકર્ણની યાત્રા

લંકાપતિ રાવણ હિમાલયમાં જઈને તપશ્ચર્યા કરવા બેઠો. એની માએ એને મોકલ્યો હતો. શિવપૂજક મહાન સમ્રાટ રાવણની મા શું મામૂલી પથરાના લિંગની પૂજા કરે? એણે દીકરાને કહ્યું, 'જા બેટા, કૈલાસ જઈ ખુદ મહાદેવ પાસેથી જ એનું આત્મલિંગ લઈ આવ. તો જ મારે ત્યાં પૂજા થઈ શકે.' માતૃભક્ત રાવણ ઊપડ્યો. માનસ સરોવરમાંથી રોજ સહસ્ર કમળ તોડી કૈલાસનાથથી પૂજા કરવા લાગ્યો. તપશ્ચર્યા હજાર વરસ ચાલી.

એક દિવસ, કોણ જાણે શાથી, નવ કમળ ઓછાં આવ્યાં. પૂજા કરતાં કરતાં ઉકાય નહીં અને સહસ્રની સંખ્યામાં એક પણ કમળ ઓછું હોય એ ચાલે નહીં. હવે શું થાય? આશુતોષ મહાદેવ શીઘ્રકોપી છે. સેવામાં જરાક ન્યૂનતા આવી તો સર્વનાશ જ. રાવણની બુદ્ધિ કે હિંમત કાચી હતી જ નહીં. એણે એક એક શિરકમળ ઉતારી ચડાવવા માંડ્યું. આવી ભક્તિથી શું ન પ્રાપ્ત થાય? ભોળાનાથ રાજી થયા. કહેવા લાગ્યા, 'વર માગ, વર માગ. જેટલું માગે તેટલું ઓછું.' રાવણે કહ્યુ, 'મા પૂજામાં બેઠી છે. તારું આત્મલિંગ જોઈએ છે.' શબ્દ નીકળવાની જ વાર. શંભુએ હૃદય ફાડી આત્મલિંગ કાઢી આપ્યું.

ત્રિભુવનમાં હાહાકાર વર્તી ગયો. દેવોના દેવ મહાદેવ આત્મલિંગ આપી બેઠા! અને તે પણ કોને? સુરાસુરના કાળ રાવણને! હવે ત્રિલોકીનું શું થશે? બ્રહ્મા દોડ્યા વિષ્ણુ પાસે. લક્ષ્મી સરસ્વતીને પૂછવા ગયાં. ઇન્દ્ર મૂર્છિત થયો. આખરે વિઘ્નનાશક ગણપતિની સૌએ આરાધના કરી અને કહ્યું, 'ગમે તે કરજે, પણ આ લિંગ લંકા પહોંચવા ન પામે એમ કરજે.'

મહાદેવે રાવણને કહ્યું હતું, 'લે આ લિંગ. જ્યાં જમીન પર રાખીશ ત્યાં જ તે સ્થિર થઈ જશે.' મહાદેવનું લિંગ પારા કરતાંયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારે. રાવણ લઈને પશ્ચિમ સમુદ્રને કિનારે કિનારે જતો હતો. સાંજ પડવા આવી હતી. રાવણને લઘુશંકાની હાજત થઈ. શિવલિંગ હાથમાં રાખી બેસાય નહીં; જમીન પર તો કેમ જ રખાય? આ મૂંઝવણ ચાલતી હતી ત્યાં, દેવોના સંકેત પ્રમાણે, ગણેશજી ભરવાડના છોકરાનું રૂપ લઈને ગાયો ચારતા પ્રગટ થયા. રાવણ કહે, 'અલ્યા છોકરા, આ લિંગ જરાક ઝાલ જોઉં. જમીન પર રખે મૂકતો.' ગણેશ કહે, 'આ છે તો ભારે. થાકી જઈશ તો ત્રણ વાર બૂમ પાડીશ. એટલામાં તું આવ્યો તો ઠીક, નહીં તો પછી તારી વાત તું જાણે.'

હાજત તો લઘુશંકાની જ હતી. એને કેટલી વાર લાગે? રાવણ બેઠો. બેઠો ખરો પણ કોણ જાણે આજ એના પેટમાં સાત સમુદર ભરાઈ રહ્યા હતા! જનોઈ કાને ભેરવી એટલે તો બોલાય પણ નહીં! સિદ્ધિ-વિનાયકે, કરાર પ્રમાણે, ત્રણ વાર રાવણના નામની બૂમ પાડી, અને ભાર અસહ્ય થયો હોય તેમ 'અર્ર્ર્ર્'ની ચીસ પાડી લિંગ જમીન પર મૂકી દીધું! મૂક્યું કે પાતાળ સુધી તે પહોંચી પણ ગયું! રાવણ ક્રોધે રાતો થઈને આવ્યો અને ગણપતિના કપાળમાં ભડાક દઈને મુક્કો માર્યો. ગજાનનનું માથું લોહીલોહાણ થઈ ગયું.

પછી રાવણ દોડ્યો લિંગ ઉખેડવા. પણ તે વાત તો હવે અશક્ય હતી. પાતાળ સુધી ગયેલું લિંગ ઊંચકાય શી રીતે? આખી ધરતી ધ્રૂજે પણ લિંગ બહાર આવે નહીં. આખરે રાવણે લિંગ ઝાલી આમળી નાખ્યું; એટલે એના ચાર કકડા હાથમાં આવ્યા. નિરાશાના આવેશમાં તેણે ચાર કકડા ચારે દિશામાં ફેંકી દીધા અને બિચારો ખાલી હાથે લંકા પાછો ગયો.

આમળેલા લિંગનો મુખ્ય ભાગ જે રહ્યો તે જ ગોકર્ણમહાબળેશ્વર. આખી પૃથ્વી પર એના કરતાં વધારે પવિત્ર તીર્થસ્થાન નથી.

* * *

ગોકર્ણ–મહાબળેશ્વર કારવાર અને અંકોલા એ બે બંદર વચ્ચે આવેલા તદડી બંદરથી છએક માઈલ ઉત્તરે બરાબર સમુદ્રને કાંઠે આવેલું છે. દક્ષિણ દેશમાં કાશી કરતાંયે એનું માહાત્મ્ય વધારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિંગ મોટે ભાગે જમીનની અંદર જ છે. તેની જળાધારીમાં વચ્ચોવચ્ચ એક મોટું કાણું રાખેલું છે. તેમાંથી અંદર અંગૂઠો નાખીએ ત્યારે અંદરના લિંગનો સ્પર્શ થાય. દર્શનનો તો સવાલ જ નહીં. ત્યાંના પૂજારીઓ કહે છે કે લિંગની શિલા અત્યંત સુંવાળી છે. ભક્તોના સ્પર્શથી એ ઘસાઈ જાય, તેથી પ્રાચીન લોકોએ આ વ્યવસ્થા કરી છે. ઘણાં વરસ પછી શુભ શુકન થાય એટલે જળાધારી કાઢી આજુબાજુનું ચણતર દૂર ખસેડી, મૂળ લિંગ બેત્રણ હાથ ઊંડે સુધી ખુલ્લું કરે છે. અમુક મહિના સુધી ખુલ્લું રાખ્યા પછી મોતીચૂનો બનાવી આસપાસનું ચણતર ફરી ચણી નાખે છે. આ ક્રિયાને, હું ભૂલતો ન હોઉં તો, 'અષ્ટબંધ' કે એવું જ કંઈક નામ આપેલું છે.

અમે કારવાર હતા ત્યારે એક વાર કપિલાષષ્ઠી જેવો દુર્લભ અષ્ટબંધનો એ યોગ આવ્યો. પિતાશ્રી, આઈ અને હું, અમે ત્રણ જણાં એ યાત્રાએ ગયાં. તદડી બંદર ઉપર મને તેડી લેવા માટે 'કુલી' કરવામાં આવ્યો હતો. એના ખભા પર બેસી હું ગોકર્ણ ગયો. કોટિ-તીર્થમાં નાહ્યો. ગોકર્ણ–મહાબળેશ્વરનું દર્શન કર્યું. સ્મશાનભૂમિ અને તેની રખેવાળી કરનાર હરિશ્ચંદ્રનું દર્શન કર્યું. હાડકાં નાંખીએ તો હાડકાં ઓગળી જાય એવા પાણીવાળું એક તીર્થ જોયું. અહલ્યાબાઈના અન્નછત્રમાં તે સાધ્વીનું બાવલું જોયું. માથે ઘવાયેલા અને બે હાથવાળા એવા ગજાનનનું દર્શન કર્યું. બ્રહ્માની એક મૂર્તિ જોઈ, અને સૌથી અગત્યની વાત તે રાવણની પેલી પ્રખ્યાત લઘુશંકાનો કુંડ પણ જોયો! આજે પણ તે ભરેલો હોય છે ને ગંધાય છે. બીજું ઘણું જોયું હશે, પણ આજે તે યાદ નથી.

હા, આ પ્રદેશની એક ખાસિયત તો કહેવી ભૂલી જ ગયો. ઘર ગરીબનું હોય કે તવંગરનું, જમીન તો ગારાની, પણ કાળા આરસપહાણ જેવી સખત અને ચકચકતી જ હોય. સાચે જ અંદર મોઢું દેખાય! ગરમીના દિવસોમાં બપોરે કંઈ પણ પાથર્યા વગર માણસ એ ગારાની છો પર સુખેથી સૂઈ શકે. વખતોવખત આ જમીન છાણ ને મેશ ભેળવી તેનાથી લીંપવામાં આવે છે. પણ આ લીંપણ હાથ વતી થાય નહીં. સોપારીના ઝાડ પર એક જાતનું પૂંઠું તૈયાર થાય છે. તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતી જમીન ઘસી ઘસીને ઓપવામાં આવે છે. આ પૂંઠાને ત્યાંની ભાષામાં 'પોવલી' કહે છે.

ગોકર્ણથી પાછા આવતાં તદડી સુધી દરિયાવાટે વાફર એટલે સ્ટીમલોંચમાં બેસીને જવાનો વિચાર રાખેલો. મોસમનું તોફાન શરૂ થવાને બહુ જ થોડા દિવસ હતા. આઠ દિવસ પછી આગબોટો પણ બંધ થવાની હતી. એટલે પાછા જનાર યાત્રાળુઓની ભીડ પાર વગરની હતી. તદડી બંદરેથી ચડનાર લોકોને સ્ટીમરમાં જગ્યા મળે કે નહીં એની જ શંકા હતી. એટલા જ માટે અમે સ્ટીમલોંચમાં બેસી સ્ટીમર સુધી વહેલા પહોંચવાનું પસંદ કર્યું હતું.

ગોકર્ણનું બંદર કંઈ બાંધેલું નથી. કાંઠેથી મારી છાતી જેટલા પાણી સુધી તો ચાલીને જવું પડતું. ત્યાં હોડીમાં બેસી સ્ટીમલોંચ સુધી જવું પડતું. જુવાન લોકો હોડી સુધી ચાલતા જાય. બૈરાંછોકરાં તો કુલીની ખાંધે બેસી અથવા બે કુલીના હાથની પાલખી બનાવી તેના પર બેસી જાય.

શરૂઆતમાં જ એક અપશુકન થયા. એક ગરીબ ડોશી શરીરે કાંઈક સ્થૂળ; પણ બે કુલી કરવા જેટલા પૈસા એની પાસે ન હતા. એણે એક લોભી કુલીને સહેજ વધારે મજૂરી આપવાની લાલચ બતાવી પોતાને ખાંધે ઉપાડી જવાનું એની પાસેથી કબૂલ કરાવ્યું. પેલો હતો દૂબળો. એ કાંઠે બેઠો. વિધવા ડોશી એને ખાંધોલે સવાર થઈ. પણ કુલી ઊઠવા જાય છે ત્યાં તો બંને તોલ ગુમાવી ગબડી પડ્યાં. એટલામાં એક અદેખા મોજાએ દોડતા આવી બંનેને કૃતાર્થ કર્યાં!

બોટ લગભગ છેલ્લી હોવાથી ગોકર્ણમાં પણ યાત્રીઓ ઘણા હતા. તે બધા સ્ટીમલોંચમાં કેમ માય? એટલે, સો માણસો બેસી શકે એવડો મોટો એક પડાવ, (એટલે કે હોડી) સ્ટીમલોંચની પાછળ બાંધી દેવામાં આવ્યો હતો. અને એની પાછળ કસ્ટમ ખાતાના એક અમલદારની સફેદ હોડી બાંધવામાં આવી હતી. મેં જોયું કે ખાનગી હોડીઓનાં હલેસાં કડછી કે પંખા જેવાં ગોળ હોય છે. જ્યારે કસ્ટમ-વાળાઓનાં હલેસાં ક્રિકેટ-બૅટ જેવાં લાંબાં લાંબાં ને ચપટાં હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારો સંઘ સવેળા ઊપડ્યો. એક બે માઈલ ગયા હોઈશું એટલામાં આકાશ વાદળાંથી ઘેરાયું; પવન જોરથી ઘૂઘવવા લાગ્યો; ભારે ઉજાણી મળી ગઈ હોય તેમ મોજાં જોરથી ઊછળવા લાગ્યાં; હોડીઓ ડોલવા લાગી; અને સ્ટીમલૉંચ પરનું તાણ પણ વધવા લાગ્યું. અરે! આ શું? ટીપાં! વરસાદનાં ટીપાં! મોટાં મોટાં બોર જેવડાં ટીપાં! હવે શું થશે? મોજાં જોરજોરથી ઊછળવા લાગ્યાં. સ્ટીમલૉંચ તોફાની ઘોડાની પેઠે ઉપર નીચે કૂદવા લાગી. પાછળની હોડીનાં રાંઢવાં કર્ર્ર્ કર્ર્ર્ અવાજ કરવા લાગ્યાં. એટલામાં સ્ટીમલૉંચ અને હોડી વચ્ચે એવું તો એક મોટું મોજું આવ્યું કે હોડી દેખાય જ નહીં.

હું સ્ટીમલૉંચમાં બૉઈલર પાસેની પાટિયાંની ઓટલી પર બેઠો હતો. અમારા ટંડેલને બનતી ઉતાવળે સ્ટીમર સુધી પહોંચવું હતું. એણે સ્ટીમલૉંચ ગાંડાની પેઠે પુરજોશમાં છોડી દીધી. પાટિયું ગરમ થયું. હું દાઝવા લાગ્યો. શું કરવું એ સૂઝે નહીં. જરા ખસવા જાઉં તો 'સમુદ્રાસ્તૃપ્યન્તુ' થવાય! અને બેસવું તો લગભગ અશક્ય! આ મૂંઝવણમાંથી ભયંકર રીતે છુટકારો મળ્યો. સમુદ્રનું એક પ્રચંડ મોજું ચડી આવ્યું અને એણે મને નખશિખાન્ત નવડાવી દીધો. હવે ઓટલી ગરમ રહે જ શાની? પિતાશ્રી મૂંઝાયા. આઈને તો કુળદેવનું સ્મરણ સૂઝ્યું: 'મંગેશા! મહારુદ્રા! માયબાપા! તૂચ આતાં આમ્હાંલા તાર.' વરસાદ મુશળધાર પડવા લાગ્યો. અમે સ્ટીમલૉંચવાળા કંઈક સુરક્ષિત હતા. પણ પેલા હોડીઓવાળાઓનું શું? શરૂશરૂમાં તો સ્ટીમલૉંચને પાણી કાપવાનું હોવાથી તેમાં પાણી સહેલાઈથી આવતું; જ્યારે હોડીને દરેક આવતા મોજા પર સવાર જ થવાનું હોવાથી, હોડી ગમે તેટલી ડોલે તોપણ પાણી અંદર આવતું નહીં. પણ જ્યારે પવન અને વરસાદ વચ્ચે હરીફાઈ શરૂ થઈ અને બંનેનું અટ્ટહાસ્ય વધ્યું, ત્યારે એક જ મોજા સાથે અડધીક હોડી ભરાઈ જવા લાગી. મોજાં સામેથી આવે ત્યાં સુધી તો ઠીક; હોડી મોજાં પર ચડી પેલી પાર પસાર થતી. ઘડીકમાં મોજાંના શિખર પર તો ઘડીકમાં બે મોજાં વચ્ચેની ખીણમાં. કોક કોક વાર એક મોજા પરથી હોડી ઢળી પડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં જ નીચેથી નવું મોજું ઊપસી આવી હોડીને અધ્ધર ઝીલી લેતું. આવી અણધારી હિલચાલથી અંદર ઊભેલા લોકો ધડાધડ એકબીજા પર પડી જતા.

પણ હવે મોજાં બાજુએથી અથડાવા લાગ્યાં. હોડીની અંદરનાં બૈરાંછોકરાંને તો પોક મૂકી રોવાનો જ એક ઇલાજ હતો. જેટલા જવાંમર્દ હતા તે બધા ડોલ, ગાગર કે ડબો, જે હાથમાં આવે તે લઈ, ભરી ભરીને પાણી બહાર કાઢતા. ફાયર એન્જિનના પંપ એથી વધારે ઝડપથી કામ શું કરી શકે? હોડી માંડ ખાલી થઈ જાય એટલામાં એકાદ ક્રૂર મોજું વિકટ હાસ્ય કરી 'ધ......ડ' દઈને હોડીના પાસા પર અથડાય અને અંદર ચડી બેસે. એ વખતની ચીસો અને કિકિયારીઓ કાનને ફાડી નાખતી હતી, કાળજાં ચીરી નાખતી હતી. કોઈ યાત્રીઓ અવધૂત દત્તાત્રેયના 'ધાવા' લલકારવા લાગ્યા, તો કોઈ પંઢરપુરના વિઠોબાને બોલાવવા લાગ્યા. કોઈ અંબાભવાનીની માનતા રાખે, તો કોઈ વિઘ્નહર્તા ગણેશને બોલાવે. શરૂશરૂમાં સ્ટીમલૉંચનો કપ્તાન અને ખલાસીઓ અમને સૌને ધીરજ આપતા અને કહેતા, 'અરે તમે ડરો છો શાના? જુમ્મેદારી અમારી છે. અમે તો એવાં કેટલાંય તોફાનો જોઈ નાખ્યાં છે.' પણ જોતજોતામાં મામલો એવો વધી ગયો કે કપ્તાનનું પણ મોઢું ઊતરી ગયું. એ કહેવા લાગ્યો, 'બાપુ આમ રોયે શો લાભ? ઇન્સાનને એક વાર મરવું તો છે જ. પછી તે પથારીમાં હોય કે ઘોડા પર, શિકારમાં કે દરિયામાં. તમે જુઓ છો, અમારાથી બનતું અમે કરીએ છીએ. પણ ઇન્સાનના હાથમાં છે શું? માલિક કરે તે ખરું.' એના મોં તરફ હું તાકીને જોતો હતો. મુસાફરીએ ઊપડતા પહેલાં જે માણસ ગાજર જેવો લાલચુંદ હતો તે હવે અળવીના પાન જેવો લીલો લીલો થઈ ગયો હતો!

હું એ વખતે સાવ બાળક તો હતો, પણ ગંભીર પ્રસંગે બાળક પણ પ્રસંગને સમજી શકે છે. પળે પળે હું સ્થાનભ્રષ્ટ થતો હતો. માંડ બે હાથે પકડીને મારું સ્થાન સાચવતો હતો. અમારો બધો સામાન એક બાજુ પર પડ્યો હતો. એનો તો ભાવ જ કોણ પૂછે? પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજાની બધી મૂર્તિઓ અને નાળિયેર નેતરની એક 'સાંબળી' (ડબા)માં રાખેલાં હતાં તે હું મારી ગોદમાં લઈને બેસતાં ભૂલ્યો ન હતો.

મારા મનમાં કેવા કેવા વિચારો આવતા હતા! એ જમાનો મારી મુગ્ધ ભક્તિનો હતો. રોજ સવારે બબ્બે કલાક તો મારું ભજન ચાલતું. જનોઈ દીધેલી નહીં એટલે સંધ્યાપૂજા ક્યાંથી કરાય? છતાં પિતાશ્રી પૂજામાં બેસે ત્યારે ત્યાં બેસી મદદ કરવામાં ખૂબ રસ આવતો. મનમાં વિચાર આવ્યો કે, આજે જો ભાગ્યમાં ડૂબી જવાનું હશે તો આ દેવોની સાંબળી છાતી સરસી ચાંપીને જ ડૂબી જઈશ. બીજી ક્ષણે વિચાર આવ્યો, જો આઈના દેખતાં લૉંચમાંથી પાણીમાં ઊલળી પડીશ તો આઈની શી દશા થશે? એ વિચાર એટલો તો અસહ્ય થઈ ગયો કે શ્વાસ રૂંધાયો. છાતીમાં પથરો વાગ્યો હોય એમ દુખવા લાગ્યું. મેં ઈશ્વરની પ્રાર્થના કરી કે, ડુબાડવાં જ હોય તો આઈ અને હું એકબીજાને બાથમાં લઈ ડૂબી જઈએ એટલું કરજે.

દરેક બાળકને મન એના પિતા એટલે ધૈર્યના મેરુ. આભ તૂટે પણ પિતા ધીરજ ખોઈ ન બેસે એવી તો બાળકને ખાતરી. એટલે આવો પ્રસંગ જ્યારે બને ત્યારે પિતાને પણ દિગ્મૂઢ થયેલા, બેબાકળા બનેલા બાળક જુએ છે, ત્યારે તો બાળકને કંઈ ને કંઈ થઈ જાય છે. હું તોફાનથી એટલો ડર્યો ન હતો, વરસાદથી એટલો ડર્યો ન હતો, 'માણુસ ગંધાય, માણુસ ખાઉં' કરીને મોં વકાસીને આવતાં મોજાંથી પણ એટલો ડર્યો ન હતો, જેટલો પિતાશ્રીનો મૂંઝાયેલો ચહેરો જોઈ ને અને ગળગળો અવાજ સાંભળીને ડર્યો.

જે તે ટંડેલને પૂછે, 'હવે કેટલે આવ્યા છીએ? હવે કેટલું બાકી છે?' ચારે તરફ જ્યાં નજર નાખીએ ત્યાં વરસાદ, પવન, મોજાંનું તાંડવ! આટલો વરસાદ પડ્યો પણ આકાશ કંઈ ઊઘડ્યું જ નહીં. મેં ટંડેલને કરગરીને કહ્યું, 'લૉંચ જરા કિનારા તરફથી લઈ જાઓને કે ડૂબી જઈએ તો કેટલાક તો કાંઠા સુધી તરીને જાય!' ટંડેલ ઉત્સાહ વગરનું હાસ્ય કરીને બોલ્યો, 'કેવો બેવકૂફ છોકરો! કિનારાથી જેટલા દૂર છીએ તેટલા જ સુરક્ષિત છીએ. જરાક પાસે ગયા કે ખડક પર ચૂરેચૂરા થઈ જવાના. આજે તો જાણીજોઈ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે કિનારાથી દૂર રહ્યા છીએ. સ્ટીમર સુધી પહોંચીએ એટલે કમાયા. આજે બીજો આરો નથી.'

મેં કોઈ કાળે પુખ્ત ઉંમરનાં લોકોને એકબીજાને વળગીને રોતાં જોયાં ન હતાં. તે દૃશ્ય આજે પેલી હોડીમાં જોયું. ત્યાં તો સ્ત્રીપુરુષો એકબીજાને બાથમાં લઈ રડારોળ કરતાં હતાં. એક બેત્રણ છોકરાંની મા બધાંને એકસામટાં બાથમાં લેવા મથતી હતી. બસ, પાંચપચીસ જવાંમર્દ તનતોડ મહેનત કરી દરિયા સાથે અ-સમાન યુદ્ધ લડતા હતા. તોફાન એટલું તો વધી પડ્યું અને લૉંચ તથા હોડી એટલી બધી ડોલવા લાગી કે, લોકો બીકના માર્યા રોતા બંધ થયા. એક કાળી છાયા બધે ફેલાઈ. ભાનમાં હતા એક પેલા હોડીમાંના બહાદુરો, અને બીજા કાળાં કાળાં અંગરખાં પહેરેલા સ્ટીમલૉંચના ખલાસીઓ. અમારો ટંડેલ હુકમ છોડતાં કોક વખત મૂંઝાતો હતો પણ ખલાસીઓ બરાબર એકાગ્ર થઈ, વગર ભૂલ્યે, વગર મૂંઝાયે પોતપોતાનું કામ કર્યે જતા હતા. કર્મયોગ શું આથી જુદો હશે?

આખરે તદ્દી બંદર આવ્યું. અમે સ્ટીમરને જોઈએ તે પહેલાં જ સ્ટીમરે અમારી લૉંચને જોઈ લીધી. સ્ટીમરે ભૂંગળું વગાડ્યું: ભોં . . . ! જાણે બધાંની કરુણ વાણી સાંભળી ઈશ્વરે 'मा भैः'ની આકાશવાણી ઉચ્ચારી! અમારી સ્ટીમલૉંચે પોતાના તીણા અવાજે વરાળી જવાબ વાળ્યો. સૌનાં હૈયાંમાં આશાના અંકુર ઊગ્યા, બધે જયજયકાર થયો.

એટલામાં, જાણે છેલ્લો પ્રયત્ન કરી જોવા અને અમારાં બધાંના ભાગ્ય સામે હારતાં પહેલાંની છેલ્લી લડત ચલાવવા ખાતર, એક મોટું મોજું અમારી લૉંચ ઉપર ધસી આવ્યું. મારા પિતાશ્રી બેઠા હતા ત્યાંથી પાછળ પડી ગયા. મેં એક કારમી ચીસ પાડી. અત્યાર સુધી હું રોયો ન હતો. જાણે તેનું સાટું એક જ ચીસમાં વાળતું હતું. બીજી જ ક્ષણે પિતાશ્રી બેઠા થયા અને મને છાતી સરસો ચાંપી કહ્યું, 'દત્તુ, બીશ મા, મને કંઈ થયું નથી.'

અમે સ્ટીમર પાસે પહોંચી ગયા. પણ અડોઅડ જવાની હામ કોણ ભીડે? કસ્ટમવાળી બોટ એ લોકોએ ક્યારની છોડી હતી, કેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે લૉંચ અને મોટી હોડીના હેલા એ ખમી શકતી ન હતી. એની સલામતી તો છૂટા થવામાં જ હતી. અમારી સ્ટીમલૉંચ દૂરથી સ્ટીમરની પ્રદક્ષિણા કરી વળી, પણ કેમે કર્યો પાસે આવવાનો લાગ મળે નહીં. મોજાંથી જો લૉંચ સ્ટીમર સાથે અથડાય, તો છેક છેલ્લી ઘડીએ બધાંના ભુક્કા ઊડી જાય. આખરે ઉપરથી રાંઢવું ફેંકાયું અને ખલાસીઓ લૉંચની છત ઉપર ઊભા થઈ લાંબા લાંબા વાંસ વતી સ્ટીમરની દીવાલ સાથેની અથડામણ રોકવા લાગ્યા. મોજું લૉંચને સ્ટીમર પર ફેંકી દેવા જાય ત્યાં ખલાસીઓ પોતાના લાંબા લાંબા વાંસની અણીની ઢાલ બનાવી, અધો માર પોતાના હાથ અને પગ પર જીરવી લે. છતાં આખરે સ્ટીમરની સીડી સાથે સ્ટીમલૉંચની છત અથડાઈ, અને કડડડ દઈને એક લાંબું પાટિયું તૂટીને સમુદ્રમાં પડ્યું.

હું પાસે જ હતો, એટલે સ્ટીમરમાં ચડવાનો પહેલો વારો મારો જ આવ્યો. ચડવાનો શાનો? દડાની પેઠે ફેંકાઈ જવાનો. ટંડેલ પોતે અને બીજો એક ખલાસી સ્ટીમલૉંચમાં ઊભા રહી, એક એક માણસને પકડી, સ્ટીમરની સીડીને સૌથી નીચલે પગથિયે ઊભેલા ખલાસીના હાથમાં લગભગ ફેંકી દે. એમાં ખાસ સાવચેતી એ રાખતા કે, મોજાંની ખીણમાં લૉંચ ઊતરી હોય ત્યારે તાકીને રાહ જુએ, અને બીજી ક્ષણે મોજાંના શિખર પર લૉંચ આવે અને સીડી સાવ પાસે આવી ગઈ હોય ત્યારે ઝટ દઈને માણસને સોંપી દે! બંને બાજુના ખલાસીઓ જો માણસના હાથ પકડી જ રાખે, તો બીજી જ ક્ષણે લૉંચ ખીણમાં ઊતરે ત્યારે માણસના ફાટીને ચીરા જ થઈ જાય! હું ઉપર સીડી પર ચડ્યો અને પાછો વળીને આઈ આવે છે કે નહીં તે જોવા લાગ્યો. સાવ અજાણ્યા મુસલમાનને આઈનાં બાવડાં ઝાલતો જોઈને મને કંઈ ને કંઈ થઈ ગયું. પણ એ તો પ્રાણ બચાવવાનો વખત હતો. ત્યાં કંઈ સુંવાળી લાગણીઓ કામ આવે? જરાક થોભ્યા ત્યાં પિતાશ્રી પણ આવી ગયા. દેવાની સાંબળી તો મેં ખભે જ ભેરવી હતી. ઉપર સારી જગ્યા શોધી અમને બેસાડી, પિતાશ્રી પાછા સામાન લાવવા ગયા. હું શ્રદ્ધાળુ છોકરો ખરો, પણ તે ક્ષણે પિતાશ્રી પર ખરેખરી ચીડ ચડી. બળ્યો બધો સામાન! જીવ જોખમમાં નાખવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછા શું કામ જતા હશે? પણ તેઓ તો ત્રણ ફેરા જઈ આવ્યા. છેલ્લે ફેરે પાછા આવીને કહે, 'ગોકર્ણ-મહાબળેશ્વરના પ્રસાદનું નાળિયેર પાણીમાં પડી ગયું!' એક જ ક્ષણે આઈ અને હું બોલી ઊઠયાં; આઈએ કહ્યું, 'અરેરે!' અને મેં કહ્યું, 'એટલું જ કેની?'

લૉંચવાળા બધા ઉતારુઓ ચડયા પછી હોડીવાળાઓનો વારો આવ્યો; તેઓ બધા ચડ્યા. ત્યાર પછી લૉંચ અને હોડી નિશાચર ભૂતોની પેઠે ચીસો પાડતી તદડીના કિનારા ભણી ગઈ અને કિનારા પર તપશ્ચર્યા કરતા બેઠેલા યાત્રાળુઓને હફતે હફતે લાવવા લાગી. તોફાન હવે કંઈક શમ્યું તો હતું. પણ અંધારી રાત અને ઊછળતાં મોજાં વચ્ચે એ લોકોના જે હાલહવાલ થયા તેનું વર્ણન કોણ કરી શકે?

સ્ટીમર યાત્રાળુઓથી ચિક્કાર ભરાઈ ગઈ. જે બોલે તે પોતાનો સામાન સમુદ્રમાં ડૂબી ગયાની વાતો જ સંભળાવે. આખરે યાત્રાળુઓ બધા આવી ગયા. મહેર માલિકની, કે એકે જીવનું નુકસાન ન થયું.

સ્ટીમર આખરે ઊપડી અને લોકો પોતપોતાની જૂની મુસાફરીનાં આવાં જ જોખમનાં સ્મરણો એકબીજાને કહી આજનું દુઃખ ઓછું કરવા લાગ્યા. રાત્રે લાંબા વખત સુધી કોઈને ઊંઘ ન આવી. હું ક્યારે ઊંઘ્યો, કારવાર બંદર ક્યારે આવ્યું, અને અમે ઘેર ક્યારે પહોંચ્યા, એમાંનું કશું આજે યાદ નથી. પણ તે દિવસનો તે તોફાનનો પ્રસંગ જાણે ગઈ કાલે જ વીત્યો હોય એવો સ્મરણપટ પર તાજો છે. સાચે જ: दुःखं सत्यं सुखं मिथ्या; दुःखं जन्तोः परं धनम् ।

ઑક્ટોબર, ૧૯૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

ભરતની આંખે

કિનારે ઊભા રહી સમુદ્રની શોભા નિહાળવી એમાં હૈયાપૂર આનંદ છે. જો ઊંચાઈએથી એ શોભા નિહાળવાને મળે તો તો પૂછવું જ શું? જહાજના તૂતક પરથી અથવા દેવગઢ જેવા બેટના માથા પરથી સમુદ્રનું કાંઠા પરનું આક્રમણ જોવું એ તો વળી એક નોખો જ આનંદ છે. આપણે સમુદ્રના રાજા છીએ અને મોજાંઓની આ સેના આપણી વતી જ સામેના ભૂમિભાગને પાદાક્રાન્ત કરે છે એમ લાગતાં આપણામાં એક પ્રકારનું અભિમાન સ્ફુરવા લાગે છે. આપણે બરોબર નિહાળીને જોઈએ તો દેખાય છે કે લીલુંછમ કે કાળું ભમ્મર પાણી મોજમાં આવી ધોળી રેતીના કાંઠા પર આક્રમણ કરે અને છેલ્લી ઘડીએ 'અરે, આ તો કેવળ વિનોદ હતો' એમ કહી હસી પડે, ત્યારે એના ખૂટલપણા ઉપર આપણાથી પણ મુક્તદંતે હસી પડાય છે.

સમુદ્રકિનારે રહેનારાઓને આવાં દૃશ્યો ગમે ત્યારે જોવા મળે છે. પણ જો સમુદ્ર અને રેતીનો પટ જ્યાં અખંડ જલક્રીડા કરે છે એની બાજુથી કાટખૂણામાં ઊંચાઈએ ઊભા રહી, એ રેતીનો જલવિહાર અને મોજાંઓનો સિક્તાવિહાર નિહાળવાનું ભાગ્ય કોક દિવસ લાધે તો માણસ अद्य मे सफला यात्रा; धन्योऽहं अप्रसादतः એમ કેમ ન ગાય?

જે ગોકર્ણની યાત્રા સન ૧૮૯૫માં મેં કરી હતી, અને જે ગોકર્ણનાં દર્શન મુ. ગંગાધરરાવ દેશપાંડે જોડે દસ વરસ પહેલાં મેં કર્યાં હતાં, તે જ ગોકર્ણને પવિત્ર કિનારે સંગવવેળાએ* સમુદ્રનાં દર્શન કરવાનું અહોભાગ્ય મળ્યું તેથી તો હું પાગલ બન્યો જ હતો. ગોકર્ણનો

* ગાયો દોહી અને ગોશાળા સાફ કરી પરવાર્યા પછી ચરવા માટે તેમને વનમાં જવા જ્યારે ભેગી કરવામાં આવે છે, તે વખતને (સવારના લગભગ નવ વાગ્યાને) સંગવવેળા કહે છે. વેદકાળનો આ શબ્દ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદ્રકિનારો ખાસો પહોળો અને ભવ્ય છે. જમણી એટલે ઉત્તર તરફ કારવાર બાજુના પહાડો અને બેટો ધૂંધળા ક્ષિતિજમાં આછા આછા સૂચિત થાય છે, ડાબી એટલે દક્ષિણની બાજુએ રામતીર્થનો પહાડ અને તેના પરનું ભરતનું નાનું સરખું મંદિર દેખાય છે. અને સામે અગાધ અનંત સાગર 'તું અમર થઈને આવ' એમ અહોરાત આમંત્રણ આપે છે, એવું હૃદયને ઉન્મત્ત કરનારું દૃશ્ય એક વાર જોયા પછી કોઈ કાળે ભુલાય ખરું? રામતીર્થના ખડક ઉપર જઈ ત્યાંના ઝરણા તળે નાહવાનો સંકલ્પ ન હોત તો એ સાગરના દૃશ્યમાં તરતા રહેવાનું જ મેં પસંદ કર્યું હોત. અમે નારિયેળના બગીચા અને ખરબચડા ખડક વટાવી રામતીર્થ સુધી પહોંચ્યા. ત્યાં ધારા તળે નાહવાનો સાત્ત્વિક જીવનાનંદ આપાદમસ્તક મેળવી, રામેશ્વરનાં દર્શન કર્યાં. શાંડિલ્યમહારાજ નામના એક સાધુએ અહીંનું બાંધકામ અસંખ્ય લોકોમાં ઉત્સાહ પ્રગટાવીને મફત કરાવેલું. આ મંદિર સમુદ્રમાં ઘૂસેલા ઉન્નત પહાડ ઉપર હોઈ મંદિરની ઊંચાઈએથી રેતીનો પટ અને મોજાંઓનો પટ જ્યાં એકબીજાને બાથમાં લઈને રમે છે એનું માઈલો સુધી ફેલાયેલું સૌંદર્ય અમે જોઈ શક્યા. નારિયેળનાં બે ત્રણ વૃક્ષોએ એ જ સ્થળે ઊભા રહી એ સાગર-સિક્તા-મિલનના દૃશ્યનો આનંદ સેવવાનું ઠરાવ્યું હતું. પોતાની ડાળીઓ હલાવીને એમણે અમને કહ્યું: 'આવો, આવો! બસ આ જ જગા બરાબર છે. અહીંથી સિક્તા-સાગરના મિલનની રેખા સામે સીધી દેખાય છે.'

અહીંથી મને દેખાયું કે પાણીનાં મોજાંઓને સાગરના ઊંડા પાણીનું પીઠબળ હતું. રેતીના પટને પીઠબળ કોણ આપે? કોઈ ટેકરીઓ નજીક હતી નહીં એટલે નારિયેળ, સરુ જેવાં ઝાડોએ એ જવાબદારી પોતાને માથે લીધી હતી. આ ઊંચાં ઝાડ અને પેલાં ઊંડા પાણી— બન્નેના લીલા રંગમાં ફરક હતો ખરો, પણ એમના કાર્યમાં કશો ફરક દેખાતો ન હતો. ઝાડ પોતાના પગ તળેની રેતીને આશીર્વાદ આપે અને સમુદ્રનાં ઊંડાં પાણી મોજાંઓને આગળ ધપવા સિસકારે —એ દૃશ્ય જોતાં કોઈ ધરાય ખરું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ દૃશ્યથી માણસ ધરાય નહીં એટલા ખાતર એક ઠેકાણે ઊભા રહીને એ આરોગતા રહેવાનું માણસને શાનું ગમે? મેં જોયું કે રામતીર્થના ઝરણાની અને રામેશ્વરના મંદિરની જાણે ચોકી કરવા માટે શ્રી રામચંદ્રના કારભારી ભરત ટેકરીને માથે ઊભા છે. એમનાં દર્શન કરવાં જ જોઈએ. અને બની શકે તો એમની નજરે, યોગ્ય ઊંચાઈએથી સાગરને જોવો જોઈએ. ઊંચે ચડ્યા વગર વિશાળ દૃષ્ટિ કેમ જ કેળવાય? પગથિયાંઓએ આમંત્રણ આપ્યું, એટલે હું જાણે સદ ઓઢ્યા હોય તેમ નાચતો અને કૂદતો અથવા ઊડતો ભરતના મંદિર સુધી પહોંચી ગયો. ત્યાં નાનકડા ધોળા ભરત રૂપાળા પીતાંબરનો કચ્છ વાળીને સમુદ્રદર્શન કરતા હતા.

ખરું જોતાં ભરતની મૂર્તિની આસપાસ મંદિર બાંધવું જ જોઈતું ન હતું. તાપ, પવન અને વરસાદની તપશ્ચર્યા જ એને કરવા દેવી જોઈતી હતી. સમુદ્ર પરથી આવતા શીતળ પવનમાં સૂરજનો તાપ એ સહેજે ખમી શકત. અને લોકો કેમ ભૂલી ગયા કે ભરત આખરે રાજપુત્ર સૂર્યવંશના જ હતા? વાયુપુત્ર હનુમાનનું અને સૂર્યવંશી રાઘવોનું સ્મરણ કરતા અમે ત્યાં કેટલોય વખત ઊભા રહ્યા. હૃદયમાં ભક્તિભાવનો ઊભરો ચડી રહ્યો હતો અને સામે સમુદ્રના પાણીની ભરતી ચડતી હતી.

તે દિવસનાં એ ભવ્ય-પાવન દર્શન માટે રામતીર્થનો અને દિક્‌પાલ ભરત મહારાજનો હંમેશાં આભારી રહીશ.

મે, ૧૯૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

વેળગંગા અથવા સીતાનહાણી

વેરૂળનો લીલો કુંડ જોઈ પાછા વળતાં રસ્તામાં વેળગંગાનું ઝરણું જોયું હતું. એટલું નાનકડું ઝરણું કે એને નાળું પણ ન કહેવાય. પણ એને વેળગંગાનું પ્રતિષ્ઠિત નામ મળેલું છે. નદીનું નામ સાંભળ્યા પછી એનો ઊગમ ક્યાં છે એ શોધ્યા વગર રહેવાય? પણ અમે તો ગુફાઓની અદ્‌ભુત કારીગરીમાં મસ્તપણે વિહરતા હતા, તેથી વેળગંગાનું સ્મરણ સરખું ન થયું. 'અપૌરુષેય' કારીગરીવાળી કૈલાસની ગુફા છોડી જૈન તીર્થંકરોની ઇન્દ્રસભા તરફ અમે જતા હતા ત્યાં શ્રી અચ્યુત દેશપાંડેએ કહ્યું કે વેળગંગાનો ઊગમ અહીં જ છે. નામ સાંભળ્યું માત્ર અને વેળગંગા વળગી!

ઇન્દ્રસભાથી પાછા ફરતાં અમે ૨૯મી ગુફામાં આવી પહોંચ્યા. અનેક ગુફાઓમાં રખડવાથી થાક તો સારી પેઠે ચડ્યો હતો. આખા શરીરનાં હાડકાંમાં કળતર શરૂ થયું હતું અને એ જ વખતે મુંબઈ પાસેની ધારાપુરીની એલિફંટાનું સ્મરણ કરાવતી ૨૯મી ગુફાએ ભવ્યતાનો કળશ ચડાવ્યો. ફરી ફરીને પગ વધારે થાક્યા હતા, કે જોઈ જોઈને આંખો વધારે થાકી હતી, એ કહેવું મુશ્કેલ હતું. હવે નાસ્તા સાથે થાક ખાધા પછી જ આગળ જવાય એમ અમે નિશ્ચય કરતા હતા એટલામાં સીતાનહાણીનું સ્મરણ થયું.

અયોધ્યાથી જનસ્થાન સુધીની મુસાફરી દેવી સીતાએ પગપાળા કરી હતી. ત્યાંથી રાવણ એને ઊંચકીને લંકા લઈ ગયો. દુઃખાવેગમાં સીતાએ દક્ષિણનો એ પ્રદેશ જોયો પણ નહીં હોય, પણ રામે રાવણનો નિઃપાત કરી, એના જ પુષ્પક વિમાનમાં બેસી જ્યારે લંકાથી અયોધ્યા સુધીનો હવાઈ પ્રવાસ કર્યો ત્યારે સીતામાતાએ નીચે જોઈ કેટલો આનંદ માણ્યો હશે! રામાયણમાં વાલ્મીકિએ જ્યાં ત્યાં, સીતાજીનો પ્રકૃતિના સૌંદર્ય પ્રત્યેનો પક્ષપાત વર્ણવ્યો છે. ભવભૂતિએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ, સૃષ્ટિસૌંદર્ય જોઈ સીતાને કેવો અલૌકિક આનંદ થતો, એનું વર્ણન આપ્યું છે. સીતાએ જો હિંદુસ્તાનનાં લલિત અને ભવ્ય, સુંદર અને પવિત્ર સ્થાનોનું વર્ણન પોતે લખવાનું માથે લીધું હોત, તો, મને લાગે છે કે ત્યાર પછી સંસ્કૃતમાં કોઈ પણ કવિએ સૃષ્ટિવર્ણનમાં એક લીટી પણ ઉમેરવાની હિંમત ન કરી હોત.

સીતામાતા પહાડો જોઈને રાચતી, નદીઓને આનંદાશ્રુથી નવડાવતી, હાથીનાં બચ્ચાંઓને પંપાળતી, સારસ યુગલોને આશીર્વાદ આપતી, સુગંધી ફૂલોના સૌરભનો નશો કરતી અને દરેક સ્થળે એ બધો આનંદ રામમય બનાવી પોતે સીતા છે એ પણ ભૂલી જતી. લંકામાં રામવિરહથી સુકાતી સીતા પણ ત્યાંની એક નદી સાથે એકરૂપ થયા વગર રહી નહીં. આજે પણ સિલોનની સીતાવાકા ચોમાસામાં બન્ને બાજુ ઊભરાય છે અને જેટલાં ખેતરો ડુબાડે છે તે બધાંને સુવર્ણમય બનાવી દે છે. સીતાનો જન્મ જ જમીનમાંથી થયેલો. ભારતભૂમિની ભક્તિના રૂપમાં આજે પણ એ આપણને દર્શન દે છે.

સીતાને થયું હશે કે ગોદાવરીના વિશાળ પ્રદેશમાં ચાલી ચાલીને આપણે થાક્યાં. લક્ષ્મણને વનફળ લાવવા મોકલી દઈએ. રામ તો ધનુષ્ય લઈને પહેરો ભરવાના જ. ત્યારે આ ચંદ્રાકાર કરાડ તળે વેળગંગાનું આતિથ્ય સ્વીકારી થોડો જલવિહાર કેમ ન કરીએ?

*　　　*　　　*

અમારી દાનત પ્રથમ અનુકૂળ ઠેકાણેથી વેળગંગાના સુંદર પ્રપાતનું ફક્ત દર્શન કરવાની જ હતી. એટલે નંબર ર૯ની ગુફામાં, ગુફાની ડાબી અને અમારી જમણી બાજુએ ઝરૂખો દેખાતો એ તરફ અમે ગયા. મનમાં ચોરી ખરી કે જો નીચે જવાતું હશે તો એ લહાવો લેવાનું ચૂકીએ નહીં.

ઝરૂખામાંથી જોયું તો એક પાતળો પ્રપાત પવન સાથે રમતો નીચે ઊતરે છે અને પોતાની આંગળીઓ હલાવી હલાવી અમને છાનોમાનો નોતરે છે. હું વિચાર કરવા લાગ્યો કે નીચે ઊતરાય કે નહીં, એટલો વખત ખરચાય કે નહીં, સાથીઓને આ સ્વચ્છંદ ગમશે કે નહીં? મને આમ વિમાસણમાં પડેલો જોઈ ખીણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોડમદોડા કરતાં નાનાં નાનાં પક્ષીઓ તિરસ્કારથી હસી પડ્યાં: "જુઓ તો, કેવો અરસિક માનવી છે! ધોધ આટલા હેતથી નોતરે છે, અને એ ત્યાં વિચારમાં પડ્યો છે! આ માનવીઓમાં કાવ્ય લખનારાં ઘણાં છે, પણ કાવ્ય માણનારા જવલ્લે જ મળે છે. અને આ સામેનો માનવી તો પોતાને પ્રકૃતિનો બાળક કહેવડાવે છે; લોભી આંખે ધોધ તરફ જુએ છે; નીચેનું સ્ફટિક જેવું પાણી જોઈ એનું હૈયું પણ પલળે છે; છતા એનો સંકલ્પ જામતો નથી, એના પગ ચાલવા માંડતા નથી. એને કોઈએ શાપે આપ્યો નથી કે 'તું શિલા થઈને પડ્યો રહીશ.' છતાં એ પથરાને ચોટ્યો જ છે!"

પક્ષીઓની આ નિર્ભર્ત્સના સાંભળી હું શરમાયો, અને મને ખબર પડી તે પહેલાં જ મારા પગ પગથિયાં ઊતરવા લાગ્યા. હવે જમણી બાજુથી નીચેનો ધરો ઓળંગી, સામે કાંઠેથી પ્રપાત પાસે અવાય, કે ડાબી બાજુથી કરાડની કેડે ચાલીને ૨૮ નંબરની નાનકડી ગુફા સુધી પહોંચી ત્યાં ધોધના છાંટા લેવાય એ વિચાર મનમાં ચાલ્યો. જમણો રસ્તો લાંબો અને સલામત હતો, જ્યારે ડાબા રસ્તામાં કાવ્ય હતું. નાહવાની તૈયારીથી જ ઊતર્યો હતો, એટલે રખેને પલળી જવાશે એવો તો સવાલ જ ન હતો.

૨૮ નંબરની નાનકડી ગુફાની અંદર એક બે મૂર્તિઓ છે ખરી, પણ તે ગુફાની અંદર ઝાઝું કાવ્ય નથી. કાવ્ય તો બહાર જ પથરાયેલું છે. એ ગુફામાં બેસી જો કોઈ બહાર જુએ તો પાણીના પહોળા પડદામાંથી એને આગળનો સૃષ્ટિનો વિસ્તાર જીવનમય દેખાશે. ધોધ પડે છે, પણ તે એટલો જાડો નથી કે આરપાર કશું દેખાય નહીં. આ ગુફા પાણીના પડદા પાછળ ઢંકાયેલી હોવા છતાં બિલકુલ પલળતી નથી, કેમ કે રમતિયાળ પવન પણ પાણીના છાંટા ગુફાની અંદર નથી લઈ જઈ શકતો. ગુફાની જરાક બહાર આવો, તો પછી તકરાર નહીં કરતા કે પવને આપણને કેમ પલાળ્યા.

અમે એ ગુફાથી નીચે ઊતર્યા. પહાડી ચતુષ્પાદ બનીને જ ઊતરવી પડી એ કહેવાની જરૂર ન હોય. જ્યાં એ ધોધ પથરા સાથે ભટકાતો હતો ત્યાં મેં મારું આસન જમાવ્યું. સો ફૂટની ઊંચાઈએથી પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે તે કાંઈ ગદ્યઅદિયાં કરીને સંતોષ નહીં માને. એણે પ્રથમ માથા ઉપર ટપલીઓ મારવાનું શરૂ કર્યું, પછી ખભા ઉપર થપાટ પડી, પછી પીઠ ઉપર ૨૫, ૨૫, ૨૫, ૨૫ ચાપટીઓ મળતી જાય અને મુસાફરીનો આખો થાક ઊતરતો જાય. સામાન્ય રીતે આપણે માલિશ કરાવીને પછી નાહીએ છીએ. અહીં તો માલિશ એ જ સ્નાન અને સ્નાન એ જ માલિશ. સીતામાતાએ અહીં પોતાના વાળ છૂટા મૂકી પાણીમાં સાફ કરકરા કર્યા હશે.

પણ અરે, આ શું! હું રખડુ મુસાફર છું કે આ દુનિયાનો બાદશાહ છું? મારી પલાંઠી તળે આ રત્નખચિત આસન ક્યાંથી આવી ગયું? પાણીના તુષાર ચારે કોર ફેલાય છે, જાણે મોતીની માળા! અને આસન તળે બે રૂપાળાં ઇન્દ્રધનુષ્યો મને સમ્રાટની પ્રતિષ્ઠા આપી રહ્યાં છે. અલકાપુરીના કુબેર કરતાં મારો વૈભવ હવે કઈ બાબતમાં ઓછો છે? ઇન્દ્રધનુષ્યની બેવડી કિનારવાળા, ચાંદીના ધાગાવાળા આસન ઉપર બેઠો છું, અને મોતીની માળાનું ઉત્તરીય ઓઢી અહીં આનંદ કરું છું. માથે સૂર્યનારાયણનું ચળકતું છત્ર છે અને આસપાસ આ ઊડતા દ્વિજગણો જગન્નાથનાં સ્તોત્રો ગાય છે!

શરીર સ્વચ્છ કરવા માટે નહીં, પણ વ્યાયામનો આનંદ લેવા માટે પથરા પર સવાર થઈ, ધોધ તળે મેં આખું શરીર ચોળ્યું. સ્નાનપાનનો આનંદ મેળવ્યો અને રામરક્ષાસ્તોત્રનું સ્મરણ કર્યું. સીતામાઈએ જે સ્થાન પસંદ કર્યું ત્યાં રામરક્ષાસ્તોત્રનું ગાયન જ સ્ફુરે એ સ્વાભાવિક હતું. અને માથાથી પગ સુધી બધાં ગાત્રો ચોળીને સાફ કરતી વખતે "शिरो मे राघवः पातु: भालं दशरथात्मजः" ઇત્યાદિ શ્લોકો યાદ કરવા એ ન્યાસ કેટલો ઉચિત હતો!

* * *

સ્વર્ગે પહોંચેલા લોકો પણ જો અંતે મૃત્યુલોકમાં પાછા આવે છે, તો એ પ્રપાતસ્નાનની મસ્તી ચડ્યા છતાં એમાંથી વ્યુત્થાન કરી પાછા ગદ્યમય જીવનમાં પ્રવેશ કરવાની આવશ્યકતા જણાઈ એમાં આશ્ચર્ય શું? એટલે આખરે આટલો બધો આનંદ સ્વેચ્છાએ જતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની પોતાની સંયમશક્તિની કદર કરતો કરતો પાછો આવ્યો. અને નવાં કપડાં પહેરી નાસ્તા માટે તૈયાર થયો! નાસ્તો શું — કલા-નિરીક્ષણ કાજે કરેલી બપોર સુધીની તપસ્યા અને પ્રપાતસ્નાનની શાંતિ પછીનું એ અમૃતભોજન જ હતું. અને વેળગંગાનો કૃપા-પ્રસાદ.

ગુફામાં સ્થિર થઈને ઊભેલા દ્વારપાળોને જો જોવાની આંખ હોત તો એમણે જરૂર અમારી અદેખાઈ કરી હોત.

સપ્ટેંબર, ૧૯૪૦

૨૪

ખેડૂત નદી ઘટપ્રભા

ઘટપ્રભા અને મલપ્રભા એ અમારા તરફના કર્ણાટકની પ્રમુખ નદીઓ; સ્વભાવે ખેડૂત. જ્યાં જાય ત્યાં ખેતી કરે, જમીનને ખાતર આપે, પાણી આપે, મહેનતુ પ્રજાને સમૃદ્ધિ આપે. એમાં વળી ગોકાક પાસે એક મોટો બાંધ બાંધી માનવીએ એ નદીની શક્તિ વધારી દીધી. જ્યાં નદીનાં પાણીની પહોંચ ન હતી ત્યાં આ બાંધને કારણે એ પહોંચી. ઘટપ્રભાના નામ સાથે ગોકાક પાસેનો લાંબો લાંબો બાંધ ધ્યાનમાં આવવાનો જ. મોટી મોટી નદીઓ જ્યાં ત્યાંથી કાંપ ખેંચીને લઈ જાય છે. જ્યારે આવી નાની નદીઓ બને ત્યાંથી થોડો થોડો કરી સરસ કીમતી કાંપ ખેડૂતોને પોતાના પાણી સાથે મફતનો બક્ષી પોતાનાં બાળકોનું પાલન કરે છે. ખરેખર ઘટપ્રભા ન્યાતે ખેડૂત છે.

બેલગામથી આટલો નજીક હોવા છતાં ગોકાક પાસેનો એનો ધોધ હજી મારે જોવાનો બાકી જ છે.

૧૯૨૬–'૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

કાશ્મીરની દૂધગંગા

શ્રીનગરમાં પાણીનો તોટો ક્યાંથી હોય ?

સતીસર નામનું પૌરાણિક સરોવર તોડીને જ તો કાશ્મીરનો મુલક બનેલો છે. ઝેલમ નદી જાણે એ ઉપત્યકાની લંબાઈ અને પહોળાઈ તપાસતી હોય તેમ સર્પાકારે વહે છે. એ ઉપરાંત જ્યાં જુઓ ત્યાં કમળ, શિંગોડાં અને જાતજાતનાં શાકપાન ઉગાડતાં ‘ દલો ’ (સરોવરો) ફેલાયેલાં છે. જળપ્રલય ન થાય તે વરસ સદ્‌ભાગ્યનું. આવા મુલકમાં ગાડાની નાળ જેવડા પ્રવાહને પૂછે જ કોણ ? છતાં આવો એક પ્રવાહ કાશ્મીરમાં પણ પ્રતિષ્ઠિત થયો છે.

એમાં પાણી ઝાઝું ભલે ન હોય, પણ એ પ્રવાહ અખંડ વહે છે. ઓછો થતો નથી અને વધતો નથી. પાણી ધોળું ધોળું છે, તેથી જ એનું નામ પડ્યું હોવું જોઈએ. નારાયણાશ્રમમાં અમે રહેતા ત્યાં પાસેથી જ એ દૂધગંગા વહેતી. એક લાંબું લાકડું નાખી એના પર પુલ બનાવેલો હતો. દૂધગંગા નાહવાને બહુ અનુકૂળ. એમાં ઊભા ઊભા નવાય, અને તરવું હોય તો થોડું તરાય પણ ખરું. બુવા માંદા હતા ત્યારે વાસણ ઊટકવામાં, કપડાં ધોવામાં અને બીજા વાપરમાં દૂધગંગાની મને ખૂબ મદદ થતી. એ અજાણ્યા મુલકમાં જ્યારે અમે બન્ને માંદા હતા ત્યારે દૂધગંગાની મદદ ન હોત તો અમારી શી વલે થાત !

કૃતજ્ઞતાને કારણે દૂધગંગાનું માહાત્મ્ય શોધવાનું મન થયું. ત્યાંના સાર્વજનિક પુસ્તકાલયમાં જઈ અનેક ચોપડીઓ શોધી કાઢી. આવડી નાનકડી દૂધગંગા ખૂબ દૂરથી આવે છે ને દૂર દૂર જાય છે એ જોઈ મને આશ્ચર્ય થયું. કયા ઋષિએ દૂધગંગાને જન્મ આપ્યો, કોણે કોણે એને કાંઠે તપશ્ચર્યા કરી એ બધી હકીકત સંશોધનપૂર્વક મેં મેળવી. ઇતિહાસની અનંત બીનાઓની પેઠે આ માહિતી પણ વિસ્મૃતિના પ્રવાહમાં ફરી તણાઈ ગઈ, અને મૂળ કૃતજ્ઞતા જ કેવળ બાકી રહી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોજ સવારે મઠના સાધુએ નદી પર નાહવા ભેગા થતા અને રાત્રે સૌ સૂઈ ગયા પછી દૂધગંગાને કાંઠે બેસી હું આકાશના ધ્રુવનું ધ્યાન ધરતો એટલું યાદ છે. મારું ધ્યાન પણ ઝાઝું ન ચાલ્યું કેમ કે કાશ્મીરમાં ધ્રુવ એટલો બધો ઊંચો હોય છે કે એના તરફ જોતાં ડોક દુખવા આવે છે. ત્યાં સપ્તર્ષિમાંનો અરુંધતી સહિત, વસિષ્ઠ, સીધો માથા પર વિરાજમાન થતો. એ જોઈ કેટલું આશ્ચર્ય થતું!

કાશ્મીર-તલ-વાહિની સતી-કન્યા દૂધગંગાને નમન હજો.

૧૯૨૬-'૨૭

૨૬

સ્વર્ધુની વિતસ્તા

'દુનિયામાં જો કોઈ ઠેકાણે સ્વર્ગ હોય
'તો તે અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે.'

એમ સમ્રાટ જહાંગીરે ઝેલમ નદીનો ઊગમ જોઈ કહ્યું. એનું એ વચન ત્યાંના અષ્ટકોણી તળાવની બાજુ ઉપર કોતરી રાખેલું છે. ખરેખર એ સ્થાન ભૂસ્વર્ગની પદવીને લાયક જ છે. વેદકાળમાં આ નદીનું નામ વિતસ્તા હતું.

અંગેઅંગમાં અને રોમેરોમમાં પ્રાણ ફૂંકતો, ઠંડો મીઠો પવન જ્યાં વાય છે, જ્યાં વનશ્રી પોતાના યૌવનનો પૂરેપૂરો ઉન્માદ બતાવે છે, જ્યાં પહાડ પોતાના સૌંદર્યથી એ ખરેખર પહાડ છે કે રંગભૂમિનો પડદો છે એવી શંકા ઉપજાવે છે અને જ્યાંની શાંતિ ચૈતન્યથી ભરેલી છે એવે ઠેકાણે ઝેલમ નદીનો ઊગમ છે. જહાંગીર બાદશાહે આ ઊગમના સ્થાન ઉપર એક સુંદર અષ્ટકોણી તળાવ બાંધ્યું છે. અને અંદરનું પાણી! પાણી તો જાણે નીલમણિનો અમૃતરસ. જોતાંવેંત થાય છે કે અહીં ગળીમાં રંગેલાં કપડાં કોઈએ ધોઈ કાઢ્યાં હશે, પણ એટલું સ્વચ્છ મીઠું પાણી બીજે ક્યાં મળે?

આ તળાવની એક બાજુમાંથી જે સુંદર, સીધી નહેર વહે છે તે જ આપણી વિતસ્તા, ઝેલમ. આ સ્વર્ગનો આનંદ લૂંટવા માટે જાણે ગંધર્વો માછલાનું રૂપ ધારણ કરી આ તળાવમાં અને નહેરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાહવા ઊતર્યાં હોય એવી એમની શોભા છે. આ ભાગમાં માછલાં પકડવાની સખત મનાઈ ન હોત તો આ શોભાની શી વલે થાત ? મેં મોટું તપેલું નહેરમાં ડુબાડ્યું તો તપેલામાં જ પાંચસાત નેહરુ માછલાં આવી ગયાં, એટલાં એ અહીં ભેળાં છે. મેં એમને પાછાં નહેરમાં મૂકી દીધાં.

આ સ્થાનને વેરીનાગ કહે છે. ત્યાંથી આગળ જતાં ખનબલ કરીને એક સ્થાન આવે છે ત્યાંથી ઝેલમ નદી હોડીઓ ચલાવવા જેટલી મોટી થાય છે. ખનબલ પાસે જ અનંતનાગ કરીને એક સુંદર તળાવ છે, અહીંથી બધે જમીન સમતલ છે. કાશ્મીરની આખી ખીણુ એવી જ ચારે કોર સપાટ છે.

ઝેલમને સીધું ચાલવાનું સૂઝતું જ નથી. વળાંક લેતી લેતી મંદ ગતિએ આગળ જાય છે. એને કાંઠે એક મોટી વૈભવશાળી સંસ્કૃતિ વિસ્તરીને અસ્ત પામી. વિતસ્તા હજી એવી ને એવી જ વહે છે.

ખનબલથી આગળ જતાં બીજબ્યારા કરીને એક સ્થાન આવે છે. ત્યાં એક ખાસ ચિનારનું ઝાડ અમે જોયું; નવ જણાએ હાથ પહોળા કરીને બાથમાં એના થડનું માપ કાઢ્યું. બરાબર ચોપન ફૂટનો ઘેરાવો છે!

બીજબ્યારાના મંદિર વિષે અહીં એક રમૂજી દંતકથા અમે સાંભળી જે અંગ્રેજી લેખકોએ પણુ નોંધી રાખી છે.

ધર્માંધ મુસલમાનો જ્યારે આ મંદિર તોડવા આવ્યા ત્યારે અહીંના પૂજારીઓએ ન કશો વિરોધ કર્યો, ન કાંઈ ધન આપી એ બચાવવાની વાત કરી. એમણે કહ્યું, “ આવો, આવો, આ મંદિર તોડી નાખો. અમારાં શાસ્ત્રોમાં લખ્યું જ છે કે યવનો આવશે અને મૂર્તિનો નાશ કરી આ મંદિર તોડશે. અમારાં શાસ્ત્રોમાં લખેલું અન્યથા થનાર નથી.” બુતશિકન ગાઝીને થયું, “ જો આપણે મંદિર તોડ્યું તો આ કાફિરોનાં શાસ્ત્રો સાચાં હોવાનું પ્રમાણ મળશે. એના કરતાં જવા દો, એક મંદિર છોડી દઈએ.” આ વાર્તા કેટલે દરજ્જે સાચી છે તે આપણે જાણુતા નથી, પણુ આપણે ત્યાંની વાણિયાની વાર્તા જેવી જ આ ચતુરાઈની વાર્તા છે ખરી. અને એ પણુ ખરું કે બીજ-બ્યારાનું મંદિર મુસલમાન આક્રમણ કે અમલ દરમ્યાન પણુ તૂટ્યું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંથી થોડે દૂર અનંતપુર કરીને એક પ્રાચીન શહેર જમીન તળે દટાઈને ટેકરી થયું છે. ખેતરોમાં ખોદતાં જૂનું સુંદર બાંધકામ, કેટલીયે પ્રાચીન કોઠીઓ અને કોલસો થઈ ગયેલા ચોખા અહીં જડી આવેલા મેં નજરે જોયા છે.

નદી આમતેમ ભટકતી એટલી તો ધીમે ચાલે છે કે પાણીનો પ્રવાહ જણાતો જ નથી. નદીના પ્રવાહની વિરુદ્ધ દિશામાં જવાનું હોય છે ત્યારે હલેસાં મારવાને બદલે હોડીના નાકને ખૂબ લાંબી દોરી બાંધી એક યા બે જણા કાંઠા ઉપરથી ખેંચતા ચાલે છે. હોડી પ્રવાહમાં જ ચાલે, કાંઠે ન આવે એટલા માટે હોડીમાં બેઠેલો માંઝી હાથમાંના હલેસાનું સુકાન બનાવી ત્રાંસું પકડી રાખે છે.

કાશ્મીરી શાલોના ખૂણા ઉપર જે કેરીના કે કાજુના આકારની ભાત હોય છે તે અહીંની કારીગરીની ખાસિયત છે. ઝેલમ નદીના વળાંક જોઈ કારીગરોને એ ભાત સૂઝી છે એમ કહેવાય છે. એક વખતે અમે નદીમાં એક બંદરથી ચૌદ માઈલની મુસાફરી કરી ત્યાં તો પાછલા બંદર ઉપર જરાક મોડો પડેલો મુસાફર ચાલી આવીને અમને મળ્યો. એને કેવળ અઢી માઈલ જ ચાલવું પડ્યું. એટલા બધા વળાંક આ નદી લેતી જાય છે.

આ વળાંકને કારણે પ્રવાહનું જોર તૂટી જાય છે અને નદીનું પાત્ર ઘસાતું નથી. જ્યારે રેલસંકટ આવે છે ત્યારે જ માત્ર સર્વતઃ સંપ્લુતોદકેની સ્થિતિ થઈ જાય છે. અહીંના પ્રાચીન ઇજનેર રાજાઓએ એની સામે એ નદીને કાબૂમાં રાખવા માટે આવા અનેક વળાંકો અને નહેરો ખોદી રાખ્યાં છે.

આ ઉપાય એટલો તો અકસીર છે કે આજે પણ એનું જ અનુકરણ કરવું પડે છે. એક મોટી હોડીમાંથી ભૂંડના દાંત જેવું એક મોટું રાક્ષસી હળ નદીના તળિયાની જમાન ખોદતું જાય છે અને અંદરનો કાદવ વીજળીના પંપ વતી બહાર ફેંકતું જાય છે. આ બધી પ્રવૃત્તિ વરાહમૂલમ્ (હાલનું બારામુલ્લા) ક્ષેત્રમાં જોવાને મળે છે.

બારામુલ્લા એ કાશ્મીરની ખીણની પેલી પારનો છેડો છે. ત્યાંથી આગળ ઝેલમ ખૂબ જોરથી દોડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આખા પ્રદેશની વચ્ચોવચ્ચ કાશ્મીરની રાજધાની આવેલી છે. શ્રીનગર શહેર નદીને બન્ને કાંઠે વસેલું છે. નદી ઉપર અમુક અમુક અંતરે સાત કદલ (પુલ) બાંધેલા છે. તે ઉપરાંત બન્ને બાજુએ શહેરની અંદર સુધી નદીમાંથી નહેરો ખોદેલી હોવાથી અનાયાસે પ્રવાહી શાંત રસ્તાઓ મળે છે. નદીનો મુખ્ય પ્રવાહ એ ધોરી રસ્તો; અને બાકીની નહેરો તે એ ધોરી રસ્તાને આવીને મળતા ગૌણ રસ્તાઓ. રસ્તા પર જેમ ગાડીઓ દોડે છે તેમ અહીં લાંબી અને સાંકડી 'શિકારા' હોડીઓ તીરની પેઠે દોડે છે. નદીમાં હોડીઓની ગમે તેટલી ધમાલ હોય તોયે એ અવાજ વગરની હોય છે.

બપોરે જ્યારે મહારાજાના મંદિરની પૂજા પૂરી થાય છે અને આગલા દિવસનાં નિર્માલ્ય ફૂલો નદીના પટ ઉપર ફેંકી દેવામાં આવે છે, ત્યારે એ ફૂલો લગભગ અર્ધા માઈલ સુધી ધીમે ધીમે લાંબી હારમાં સુંદરપણે વહેતાં દેખાય છે.

અને આ નદીના કાંઠાની પ્રવૃત્તિ પણ કેવી! કોક ઠેકાણે શેતરંજીઓ વણાય છે તો કોક ઠેકાણે અપ્રતિમ ગાલીચાઓ. એક ઠેકાણે અખરોટના લાકડામાંથી સુંદર કારીગરીનું કામ ચાલે છે તો બીજે ઠેકાણે રેશમનું કારખાનું કદરૂપા કીડાને ઉકાળીને એમાંથી સુંદર સુંવાળુ રેશમ તૈયાર કરે છે. ચીન, તિબ્બત તેમ જ સમરકંદ અને બુખારાના વેપારીઓ અહીં મહિનાઓ સુધી ધામો નાખી પડેલા હોય છે અને હોશિયાર પંજાબીઓ એમની સાથે વેપાર કરવામાં મશગૂલ હોય છે. જ્યાં જુએ ત્યાં હાથ કરતાં લાંબી બાંયવાળા ડગલા પહેરેલા લોકો ફરતા દેખાય છે.

આગળ જતાં એ જ ઝેલમ હિંદુસ્તાનના મોટામાં મોટા સરોવર–વુલરમાં જઈને પડે છે અને એમાં અલોપ થઈ જઈ ગુપ્તરૂપે લાંબી મુસાફરી કરી, બીજે છેડેથી બહાર નીકળે છે અને બારામુલ્લા તરફ જાય છે. ત્યાં આ નદીમાંથી એક કૃત્રિમ નહેર પેદા કરી એમાંથી જે વીજળી તૈયાર કરવામાં આવે છે તે જ કાશ્મીર રાજ્યને શક્તિ પૂરી પાડે છે. અમટાબાદની નજીક આ નદી દિશા ફેરવે છે અને આગળ દોડતી જાય છે. ઝેલમની આખી ખીણ એના સૌંદર્ય માટે પ્રખ્યાત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકવાર્તા કહે છે કે, અકબર બાદશાહે એ ખીણના સૌંદર્યના કેફમાં ઉપરથી પડતું મૂક્યું હતું. ભલે એ કવિકલ્પના હોય, પણ એ ખીણ જોતાં આવો કેફ ચડવાનો સંભવ તો જરૂર જણાય છે. આવી દંતકથાઓ કોઈ બાદશાહનું ગૌરવ બતાવવા કરતાં એ નદીનું સૌંદર્ય કેટલું મોહક છે એ બતાવવા માટે જ અર્થવાદ તરીકે જોડી કાઢેલી હોય છે.

જ્યારે હિંદુસ્તાનનો સાચો ઇતિહાસ લખાશે ત્યારે એમાં મોટી મોટી નદીઓ પરત્વે દેશના જુદા જુદા વિભાગ પાડવામાં આવશે. એવા એ ઇતિહાસમાં ઝેલમની સ્વર્ગીય સંસ્કૃતિનો વિભાગ નાનોસૂનો નહીં હોય. ખરેખર ઝેલમને સ્વર્ધુનીનું નામ શોભે છે.

૧૯૨૬-'૨૭

૨૭

સેવાવ્રતા રાવી

સિન્ધુ નદીને કરભાર આપતી પાંચ નદીઓમાં વિતસ્તા – ઝેલમ અને શુતુદ્રી એ જ મહત્ત્વની ગણાય. બાકીની પોતાને ભાગે આવેલું કામ નમ્રતાથી કરી છૂટે છે. કોઈ શ્રેષ્ઠ પુરુષને મળવા શિષ્ટમંડળ જાય તેમ આ નદીઓ ધીમે ધીમે ભેગી થઈને આખરે સિન્ધુને મળે છે. બીઆસ સતલજને મળે છે. ચીનાબ ઝેલમને મળે છે અને રાવી એ બેને મળે છે. મુલતાન આગળ જઈ ત્રણ નદીનાં પાણી આણતી ઝેલમ હિંદુસ્તાનની પેલી પારથી આવતી સતલજને મળી જાય છે, અને આખરે એ બધાનો થતો પંજનદ સિન્ધુમાં ભળી જઈ કૃતાર્થ થાય છે. સિન્ધુ જોડે વાત કરતા શિષ્ટમંડળનું પ્રમુખસ્થાન તો સતલજનું જ હોઈ શકે; કેમ કે એ પણ સિન્ધુની પેઠે પરલોકથી (હિમાલયની પેલી પારથી) જ આવેલી છે.

આ પાંચ નદીઓમાં મધ્યસ્થાન ઇરાવતીનું એટલે જ રાવીનું છે. વેદમાં ઇરા એટલે પાણી, આહ્લાદક પેય. એમ તો નદી એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં પાણી તો હોવાનું જ. પણ આ નદીનો વિશેષ ગુણ જોઈને ઋષિઓએ એને ઇરાવતી કહી હોવી જોઈએ. બ્રહ્મદેશની ઐરાવતી (ઇરાવાન્ = સમુદ્ર) સમુદ્ર જેટલી પહોળી જોઈને એનું એ નામ પાડેલું હશે? રાવી કંઈ એટલી પહોળી નથી.

સ્વામી રામતીર્થના જીવનચરિત્રમાં રાવીનો ઉલ્લેખ અનેક વાર આવે છે. રાવીને જોઈને સ્વામી રામતીર્થની આંખો પ્રેમથી ભરાઈ જતી. વૈરાગ્ય અને સંન્યાસના કાચા વિચારો આ નદીને કિનારે એમણે પાકા કર્યા. પણ રાવી તો શીખગુરુ અર્જુનદેવ અને શીખ રાજવી રણજિતસિંહ માટે જ આંસુ સારતી દેખાય છે.

લાહોર ગયેલો ત્યારે ઇરાવતીનાં પુણ્યદર્શન કરી શક્યો હતો. શી એ નદીની તે વખતની શાન્તિ! એના વિશાળ પટ પર આખું લાહોર ઊલટયું હતું. લોકોની ધમાલ અને પૈસાદાર લોકોના શોખ ને વિલાસ આગળ રાવીની શાન્તિ વિશેષ દીપી નીકળતી. આખા લાહોરને પોતાના ખોળામાં લઈ રમાડતી હોય એવો અહીં રાવીનો દેખાવ હોય છે.

પોતાનાં પાવન અને પોષક જલ આપવા ઉપરાંત રાવી એનાં બાળકોની વિશેષ સેવા કરે છે. હિમાલયનાં ગહન અરણ્યોમાં ચીડ, દેવદાર, બાંઝ, સફેતા વગેરે આર્ય વૃક્ષોનાં ગીચ નગરો વસેલાં છે. કેટલેક ઠેકાણે તો ખરે બપોરે સૂરજનો તડકો જમીન સુધી પહોંચવો મુશ્કેલ થઈ જાય છે; અને વયોવૃદ્ધ વૃક્ષોનો એકાદ પિતામહ જ્યારે ઉન્મૂલ થઈ પડે છે ત્યારે પણ એને જમીન સુધી પહોંચવું અશક્ય થઈ જાય છે. આસપાસનાં વૃક્ષો પોતાના બલિષ્ઠ બાહુ વડે એને અધ્ધર ઝીલી રાખે છે. જાણે બાણશય્યા પર પડેલા ભીષ્માચાર્ય. વરસો સુધી અધ્ધર ને અધ્ધર ટાઢ, તડકો અને વરસાદ ખમીને આખરે એ ભીષ્માચાર્યનું વિશાળ શરીર છિન્ન અને ચૂર્ણિત થઈ અલોપ થવાનું.

આવાં જંગલમાંથી ઇમારતી લાકડાં વહેરીને લાવવાં એ સહેલી વાત નથી. એટલે લોકોએ રાવીનો આશ્રય લીધો. રાવીને કાંઠે જ્યાં મોટાં મોટાં જંગલો છે ત્યાં વહેરણિયા જાય છે, અને લાકડાના મોટા મોટા પાટડા કાપી કાઢી રાવીના પ્રવાહમાં છોડી દે છે. બસ, હોહા કરતા પાટડા ચાલ્યા. કોક કોક ઠેકાણે વળી આળસુ છોકરાઓ નિશાળે જતા હોય તેમ, ધીમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે થોભતા થોભતા પણ એ પાટડા ચાલવાના. કોક ઠેકાણે ગોરજ વખતે ગોધા ઘરભણી દોડતા હોય તેમ આ પાટડા કૂદતા કૂદતા, નીચે ઉપર થતા, એકબીજા સાથે અથડાતા દોડતા જાય છે.

સજીવ જનાવરોને પણ હાંકવાને ભરવાડની જરૂર પડે છે. આ નિર્જીવ પાટડા એવી દેખરેખ વગર મુકામ સુધી શી રીતે પહોંચે? ક્યાંક નદીનો જરાક વળાંક જોયો કે બધા પાટડા થોભી ગયા. એક થોભ્યો એટલા માટે બીજો થોભ્યો. એને આશરે ત્રીજો થોભ્યો. 'આગળ જવાનો રસ્તો નથી' એમ કહી ચોથો થોભ્યો. 'શું જોઈને આ બધા ઊભા રહ્યા છે, જોઉં તો ખરો?' એમ કહી પાંચમો થોભ્યો. રાતવાસો કરવાનો આ પડાવ હશે એમ પ્રામાણિકપણે માની સાતમો, આઠમો અને દશમો થોભ્યો. પાછળથી આવેલા તો માનવા લાગ્યા કે આપણો મુકામ જ અહીં છે, હવે યાત્રા કરવાનું રહ્યું જ નથી: જ્યાં બધા થોભ્યા सा काष्ठा सा परा गतिः ।

સવાર પડે એટલે પાટડાના ભરવાડ આવવાના, અને એ બધાને આગળ હાંકવાના. 'અરે ભાઈ, ચાલો ચાલો' કરતો એ સંઘ ફરી ઊપડે છે. નદીનું વહેણ ઠીક હોય ત્યાં સુધી તો આ મુસાફરી બરાબર ચાલે છે. પણ જ્યાં પ્રવાહ અત્યંત વેગવાળો, છીછરો કે પથરાળો હોય ત્યાં ભારે મુશ્કેલી. એકાદ લાંબા પાટડાને બે મોટા પથરાનો આશ્રય મળ્યો એટલે ગળિયો થઈને એ ત્યાં જ થોભી જવાનો અને કહેવાનો, 'હું તો અહીંથી નહીં જ ખસું, પણ બીજાને પણ નહીં જવા દઉં.' આવે ઠેકાણે પાટડાને જવા માટે પાંચસાત જ સુએઝની નહેરો હોવાની. એ રૂંધાઈ ગઈ એટલે આખો કાફલો રોકાઈ જવાનો. ભરવાડ અહીં તરતા આવવાની હિંમત પણ ન કરે, કેમ કે એને આ પાટડા કરતાં પોતાનું માથું વધારે વહાલું હોય છે. કાંઠા પર ઊભા રહી લાંબા લાંબા વાંસથી ઘોંચપરોણા કરી કેટલાક પાટડાને કાઢી શકાય. પણ પ્રવાહ વચ્ચોવચ્ચ રોકાયા હોય તેમનું શું?

માણસે આ આફત સામે પણ ઇલાજ શોધી કાઢ્યો છે. હિમાલયમાં ભેંસ જેવાં મોટાં જાનવરો રહેતાં હશે. એમનું આખું ચામડું સળંગ ઉતારી એને સીવી કોથળી બનાવે છે. ગળા તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંદર પવન ભરી ત્યાં પણ બંધ કરે છે. એટલે એ જનાવર અપ્સરાની પેઠે માંસ કે હાડકાં વિનાનું પવનથી ભરેલું થઈ જાય છે, અને પાણી પર સરવાને લાયક બને છે. એના ચાર પગ પણ હાડકાં કાઢીને એમ ને એમ રાખેલા હોય છે. પછી આ તરતા ફુક્કા કે મશકને પાણીમાં મૂકી પેલા ભરવાડો એના પેટ પર પોતાની છાતી મૂકી દે છે, અને પગ હલાવતા ધારેલે ઠેકાણે પહોંચી જાય છે. ફુક્કાને લીધે પાણીમાં તરવું સહેલું થાય છે. ફુક્કાના પગ પકડી રાખવાથી એ છાતી તળેથી ખસી જતો નથી અને પ્રવાહના જોરમાં ક્યાંક પથરા પર અથડાય તો ચામડાના એ તરાપાને વાગે, માણસને ન વાગે.

આટલી તૈયારી થયા પછી પાટડા શાના રઝળતા રહી શકે? એકેએકને આગળ ધપ્યે જ છૂટકો. પહાડની ખીણો વટાવીને એક વાર બહાર નીકળ્યા એટલે એ પાટડા સ્વચ્છન્દે અલગ અલગ ન જઈ શકે એટલા માટે પાટડાના ભરવાડ એ બધાને દામણાંથી બાંધીને એમના પર બેસીને એમને લઈ જાય છે.

લાહોરમાં રાવીના પ્રવાહ પર આ પાટડાનાં કેટલાંયે ધણ તરતાં દેખાય છે. એમના વેરી એમને પાણીમાંથી કાઢીને એમના કકડેકકડા કરી નાખે છે અને પછી માણસનાં મકાનો કે બીજાં રાચરચીલાં તૈયાર કરવા માટે દધીચિ ઋષિની પેઠે એમને પોતાનો દેહ અર્પણ કરવો પડે છે. પોતાના પાર્વતીય સહોદરને માણસની સેવામાં આમ આણીને છોડતાં રાવીને શું થતું હશે? રાવી એટલું જ કહેતી હશે કે, 'ભાઈઓ, परोपकाराय इदं शरीरम्।'

જૂન, ૧૯૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

સ્તન્યદાયિની ચીનાબ

કાશ્મીરથી પાછા ફરતાં પગ ઊપડતા નથી. જતાં જે ઉત્સાહ હતો તે પાછો આવતાં ક્યાંથી હોય? એ જ કારણસર, જતાં જે રસ્તો લીધો હતો તે છોડી, પીરપુંજાલના પહાડ ઓળંગી, જમ્મુને રસ્તે અમે આવતા હતા. શ્રીનગરથી જમ્મુ ગાડાવાટ નથી. હિંમત હોય તો પગે ચાલો, નહીં તો કાશ્મીરી ટટ્ટુ પર સવાર થાઓ. રસ્તામાં કુદરતની સુંદરતા અને જહાંગીરની વિલાસિતાનો ડગલે ને પગલે અનુભવ થાય છે. જ્યાં જુઓ ત્યાં જલાશયો બાંધેલાં, પહાડમાં રસ્તા તૈયાર કરેલા. આજે સિમલાની જે પ્રતિષ્ઠા છે તે જ, અથવા તેથી વિશેષ જહાંગીરના વખતમાં શ્રીનગરની હતી. એવા બાદશાહી પહાડી રસ્તે પાછા આવતાં ભગવતી ચંદ્રભાગાનાં દર્શન થયેલાં. લોકો આજે એને ચીનાબને નામે ઓળખે છે.

જો હું ભૂલ કરતો ન હોઉં તો રામબનની આસપાસ ક્યાંક અમે હતા. આખો દિવસ અને આખી રાત ચાલવાનું હતું. ચાંદરણું સરસ પડ્યું હતું. થાક્યાપાક્યા અમે પીધેલા માણસની પેઠે લથડતે પગે રસ્તા પર ચાલતા હતા. પગનાં તળિયાં પર ફોલ્લા ઊઠેલા. ઘૂંટણમાં કળતર થતું હતું અને નિરાશ થયેલી ઊંઘનું રૂપાન્તર અર્ધા ઘેનમાં થયું હતું. નિદ્રા સુખાવહ હોય છે, તન્દ્રા તેવી નથી હોતી.

આવી સ્થિતિમાં ચાલતા હતા ત્યાં રસ્તાની જમણી બાજુએ ઊંડી ખાઈમાંથી ગંભીર ધ્વનિ સંભળાયો. સામી ટેકરી પરથી કમાન ખાઈને આવેલો પવન શીતલ-સુરભિ લાગવા માંડ્યો. ઘેન ઊડી ગયું. જીવમાં હોશ આવ્યો. અને દૃષ્ટિ એ કલરવનું મૂળ શોધવા દોડી. કેટલું મનોહર એ દૃશ્ય! ઉપરથી દૂધ જેવું ચાંદરણું વરસે છે. નીચેથી ચંદ્રભાગાનાં પાણી પથરા સાથે અથડાઈ ધોળાં ધોળાં ફીણ ઉછાળે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એનો આસ્વાદ લઈ તૃપ્ત થયેલો પવન ત્યાંની શીતલતા અમને અર્પે છે !

સાથેના એક માણસને પૂછ્યું, "આ શું કોઈ નદી છે કે પહાડી પ્રવાહ છે?" એણે કહ્યું, "બંને. એ તો મૈયા ચીનાબ છે." મેં નમસ્કાર કર્યા. નીચે ઊતરાય એવું તો હતું નહીં, દૂરથી દર્શન કરી પાવન થયો, નમસ્કાર કરી કૃતાર્થ થયો, અને આગળ ચાલ્યો.

શું આ જ તે વેદકાલીન ભગવતી ચંદ્રભાગા! કેટલાયે ઋષિ-ઓએ પોતાનું ધ્યાન અને પોતાની ગાયો અહીં પુષ્ટ કર્યાં હશે, અને આજ પણ ઉદ્યમી લોકો એ નદીમાતાનું દોહન ઓછું નથી કરતા. મારા જીવનની સ્મૃતિ શરૂ થાય છે એ જ અરસામાં પહાડ જેવા પંજાબીઓ આ નદીને કાંઠે નહેરો ખોદતા હતા. આજે ૨૫ લાખ એકર જમીન આ માતાના દૂધમાંથી રસકસ મેળવતી થઈ છે, અને પંજાબી વીરોને પોષે છે. વેદકાલીન ચીનાબનું સત્ત્વ આર્યોના ઉત્કર્ષમાં કામ આવતું. રણજિતસિંહના વખતમાં એ જ જલ ગુરુકી ફતેહ પોકારતું. આજનો રંગ એ કંઈ છેલ્લો નથી. ચીનાબનાં પાણી સાવ નિઃસત્ત્વ નથી થયાં. પંચનદની પ્રતિષ્ઠા ફરીયે જાગશે અને સપ્તસિંધુનો પ્રદેશ ભારતવર્ષને ભાગ્યના દિવસો બતાવશે.

[ચીનાબનો પ્રવાહ પંજાબની ભાગ્યરેષા થવાને બદલે આજે પંજાબના ભાગલાની રેષા થવાની તૈયારી છે એ કેટલો દૈવ-દુર્વિપાક! —૧૯૪૭]

૧૯૨૬–'૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

જમ્મુની તવી

કોઈ નદી વિષે કહેવા જેવું કશું ન જડ્યું હોય તોયે શું? એમાં નાહ્યાનો આનંદ કંઈ ઓછો થવાનો હતો? નદીની મહત્તા સ્વતઃસિદ્ધ છે. એના નામ સાથે કંઈક ઇતિહાસ સંકળાયેલો હોય તો એ ઇતિહાસની ધન્યતા. નદીને એનું શું? ઇતિહાસનો રસ વિગ્રહ સાથે વધારે હોય છે, —જ્યારે નદીનું કામ સંધિનું હોય છે. ખેડૂતોને અને પથિકોને, પશુઓને અને પક્ષીઓને પોતાના જળથી સંતુષ્ટ કરતી નદી જ્યારે વહે છે ત્યારે એ 'આત્મરતિ, આત્મક્રીડ અને आत्मन्येव च संतुष्ट' એવી દેખાય છે. નદીને પૂછો, 'તારો ઇતિહાસ શો છે?' એ કહેશે કે 'હું પર્વતની દીકરી છું. અસંખ્ય માનવ તથા તિર્યક્ પ્રજાની માતા છું, સાગરની સેવા કરું છું, અને આકાશનાં વાદળાં એ જ મારું સ્વર્ગસ્થાન છે, એટલો ઇતિહાસ મારે મન મહત્ત્વનો છે. બાકી તમારા ગાંડાઓનો ઇતિહાસ તમે જાણો. વેરનો અને ગાંડપણનો તે ઇતિહાસ લખાતો હશે? એ તો ભૂલી જવાની વાત હોય છે, ભૂલી જવાની. વેરઝેર કાયમ કરવા ઇતિહાસ લખો છો? એને દાટી દો કે ધોઈ નાખો. સેવાનો ઇતિહાસ તે જ સાચો ઇતિહાસ.'

કાશ્મીરની મુસાફરી પૂરી કરી જમ્મુ આવ્યા અને રઘુનાથજીના મંદિરમાં વાસો કર્યો. પાસે જ તવી નદી વહેતી હતી. જમ્મુ તરફનો તવીનો કાંઠો ઠીક ઠીક ઊંચો છે. ઘણી નદીઓ હોય છે એવી જ તવી પણ છે. એમાં અસાધારણ કશું નથી. એક મહારાષ્ટ્રી એંજિનિયરને મળવા ગયા હતા તેમણે કહ્યું કે, 'તવી ઉપર વીજળીનાં યંત્ર ગોઠવ્યાં છે. એ વીજળીથી ઘણું કામ થઈ શકે એમ છે.' પણ તવીને એનું શું? એ તો વહ્યા જ કરે છે.

૧૯૨૬–'૨૭

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦

સિંધુનો વિષાદ

હિમાલયની પેલી પાર, પૃથ્વીના એ માનદંડની લગભગ બરાબર અધવચ, કૈલાસનાથની નજર તળે ચિરહિમાચ્છાદિત એવો એક પુણ્યવાન પ્રદેશ છે કે જેના ટૂંકા ક્ષેત્રમાં આર્યાવર્તની ચાર લોકમાતાઓનો ઉગમ છે. પેલી પાર અને આ પારનો હિસાબ ન રાખીએ તો ઉત્તર ભારતની લગભગ બધી નદીઓ અહીંથી ઝરે છે એમ કહીએ તો ચાલે.

હિમાલય હિંદુસ્તાનનો જ છે, બીજા કોઈ દેશનો નથી, એમ સિદ્ધ કરવા હિમાલયના ઉત્તર તરફ ઢળતા પાણીનું એકેએક ટીપું ભેગું કરી, હિમાલયને બન્ને છેડે ફરી વળી હિંદી મહાસાગર સુધી પહોંચાડવાનું કામ સિંધુ અને બ્રહ્મપુત્ર બન્ને નદ અખંડ કરે છે. શ્રીકૈલાસનાથે ભારતવર્ષને પોતાની બાથમાં લેવા માટે જાણે એ કારુણ્યબાહુ પ્રસાર્યા હોય એવા આ બે નદ છે! હિમાલયની આડાઈ જાણે સહન ન થતી હોય તેમ સતલજ અને ઘોગ્રા હિમાલયની કેડમાંથી સોંસરો રસ્તો કાઢી માનસરોવરનાં જળ ભારતવર્ષના મોટા બે પ્રાંતોને પાવા લાગે છે. જ્યારે ગંગા, યમુના અને એમની અસંખ્ય બહેનપણીઓ પિતાની આમન્યા રાખી આ બાજુ રહી એ જ કામ કરે છે. પંજાબની પાંચ નદીઓ અને યુક્ત પ્રાંતની પાંચ નદીઓ મળી ભારતવર્ષની સમૃદ્ધિ દસ ગણી કરે છે. આ દસે નદીઓ ભારતીય છે. ફક્ત સિંધુ અને બ્રહ્મપુત્ર અતિભારતીય ગણાય.

ભારતવાસીઓ ગંગામૈયાને પ્રાપ્ત કરી જાણે સિંધુને ભૂલી ગયા છે. સિંધુને કાંઠે આર્યોનાં ધર્મપ્રસિદ્ધ તીર્થો છે જ નહીં. જેમ વૈદિક દેવોના દેવ ઇન્દ્રને આપણે ભૂલી ગયા તેમ વૈદિક સપ્ત-સિંધુમાંની મુખ્ય નદીને પણ જાણે આપણે વીસરી ગયા છીએ. દક્ષિણ અને પૂર્વ તરફ મહાસામ્રાજ્યો સ્થાપી પ્રાચીન આર્યો વાયવ્ય દિશા તરફ કંઈક ઉદાસીન થયા અને તેથી હમેશાં આફતમાં આવી પડ્યા. ઉત્તર તરફ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમવાનનું રક્ષણ છે જ. પશ્ચિમ તરફ છેક અંદરની બાજુ રાજપૂતાનાની મરુભૂમિ અને રજપૂત તેમ જ ડોગરા જાતિના શૌર્યથી પૂરતું રક્ષણ મળતું હતું. એની બહાર વેગવતી સિંધુનું રક્ષણ હતું. એથી આગળ જઈ કરતાર (ખિરથર)થી માંડીને હિંદુકુશ સુધી પ્રચંડ પર્વતમાળાનું રક્ષણ હતું. પહાડી પરોપનિસદી (અફઘાન) લોકોની સ્વાતંત્ર્યપ્રિયતા પણ વિદેશીઓને આ તરફ આવવા દેતી નહીં. પણ જ્યાં દેશવાસીઓ ઉદાસીન થયા ત્યાં દીવાલો અને નદીઓ કેટલું રક્ષણ આપે? પરોપનિસદી લોકોમાં યવનો ભળ્યા અને બાલ્હીક નજીક હિંદુસ્તાનની જે શાસ્ત્રીય લશ્કરી સરહદ હતી તે ખસતી ખસતી અટક સુધી આવીને અટકી. અને અટકે પણ પરદેશીઓને અંદર આવતા અટકાવવાને બદલે ભારતવાસીઓને બહાર જતા અટકાવ્યા. રાણી સેમીરામીસ હિંદુસ્તાનમાં આવતાં ન અટકી. ફારસના સમ્રાટો પંજાબ અને સિંધુ પાસેથી સુવર્ણકરભાર લેતાં ન અટક્યા. યુએચી તથા હૂણ લોકો હિંદુસ્તાનમાં આવતાં ન અટક્યા. સિકંદર પાંચે નદીઓ ઓળંગતો ન અટક્યો. મહમદ કે બાબરને પણ અટક ન નડી. કાબુલ નદીનું પાણી જે નદીએ સ્વીકાર્યું તે પશ્ચિમ તરફથી આવતા લોકોને રોકે નહીં એટલું આપણે લોકોએ જાણવું જોઈતું હતું!

પશ્ચિમ તિબેટમાં કૈલાસની તળેટીમાંથી સિંધુનો ઊગમ છે. ત્યાંથી સીધી લીટીમાં વાયવ્ય તરફ એ દોડે છે, કેમ કે એને આખરે નૈઋત્ય તરફ જવું છે! કાશ્મીરમાં ઘૂસી લેહની લશ્કરી છાવણીની મુલાકાત લઈ કારાકોરમ પહાડના રક્ષણ તળે એ સીધી આગળ વધે છે. સ્કાર્ડુ પાસે એને ભાન થાય છે કે આપણે હિંદુસ્તાનમાં જવું છે. ગિરગિટનો કિલ્લો દૂરથી જોઈ એ દક્ષિણ તરફ વળે છે. ચિત્રાલ તરફ એને પોતે જવું નથી, એટલે એ મુલકમાં પાણી કેવું છે એ તપાસવા એ સ્વાતને પોતાની પાસે બોલાવે છે. સ્વાત એકલી શાને આવે? એની નિષ્ઠા કાબુલ તરફ છે. સફેદ કોહનું પાણી લાવનાર કાબુલ સાથે ભળી એ અટક પાસે સિંધુમાં મળી જાય છે. અને હવે સિંધુ પૂરેપૂરી ભારતીય થઈ જાય છે. સ્વાત અને કાબુલ પાસેથી સાંભળવાનો કેટલોય ઇતિહાસ છે. ખૈબરઘાટમાં થઈને કોણ કોણ આવ્યું અને ગયું, બૅક્ટ્રિયાના ગ્રીક લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયે રસ્તે આવ્યા અને ત્યાંથી માંડીને કર્નલ યંગહસબંડ કયાંથી ચિત્રાલની ચડાઈ પર ગયો તે બધું આ બે નદીઓ કહી શકે છે. અમીર અમાનુલ્લાએ ઉનાળાની ઘેલછામાં પરમ દિવસે જ જે ચડાઈ કરી એની વાતો પૂછો તોયે એ કહી શકે. અને કોહાટની ક્રૂરતા પણ સિંધુથી અજાણી નથી. વઝીરિસ્તાન અને બન્નુમાં બનેલા ક્ષાત્રધર્મને લજવે એવા પ્રસંગો કુરમને મોઢેથી સાંભળી સિંધુનો જીવ થથરે છે. કુમુ અથવા કુરમ નદી સિંધુને મળે એટલે સિંધુનું વહેણ બગડે છે. પહાડને અભાવે એ મર્યાદામાં રહી શકતું નથી. નાનામોટા બેટો બનાવતી બનાવતી સિંધુ ડેરા ઇસ્માઈલખાનથી ડેરા ગાઝીખાન સુધી જાય છે.

હવે સિંધુ પાંચે નદીઓનાં પાણીની રાહ જોતી સાંકડી થઈને દોડે છે. જમ્મુ તરફથી આવતી ચીનાબ, કાશ્મીરી ઝેલમ નદીને મળે છે. લાહોરનો વૈભવ અનુભવીને તૃપ્ત થયેલી રાવી એ બંનેને મળે છે. બ્યાસના પાણીથી પુષ્ટ થયેલી સતલજ એ ત્રણેનાં પાણીમાં ભળી જાય છે. અને પછી ઉન્મત્ત થયેલો પંચનદનો પ્રવાહ પોતાના સર્વ વેગથી મિઠ્ઠનકોટ પાસે સિંધુ ઉપર ધસી પડે છે. આવડો મોટો હુમલો ઝીલી, પચાવી, પોતાનું જ નામ કાયમ રાખનાર સિંધુની શક્તિ તેટલી જ મોટી હોવી જોઈએ.

સિંધુ પોતાનું નામ રાખે છે એટલું જ નહીં પણ હવે પછી પોતાના જીવનની ઉદાર કૃપા અનેક રીતે ફેલાવતી આસપાસના પ્રદેશને પણ પોતાનું નામ અર્પે છે. त्यागाय संभृतार्थानाम् એવા આર્ય રાજાઓનું જ તે અનુકરણ કરે છે. મોટી મોટી સાત ખીણોનું પાણી એ ભેગું કરે છે ખરી, પણ એ બધું અનેકમુખે મહાસાગરને આપવા માટે જ. અને રસ્તામાં ગરજુ માણસને એમાંથી ગમે તેટલું, ગમે ત્યાં લઈ જવું હોય તો સિંધુને વાંધો નથી.

છતાં ગંગામૈયાની ઉદારતા સિંધુ પાસે નથી. તેથી અટક અને સક્કરથી માંડીને હૈદરાબાદ કોટરી સુધી એના પર પુલ બંધાઈ ગયા છે. સક્કરનો પુલ લશ્કરી દૃષ્ટિએ બહુ મહત્ત્વનો છે. સિંધુમાં આવતા એક મોટા બેટનો લાભ લઈ એ પુલ બંધાયો છે. પણ જ્યાં રોહરી તરફ પાણી ઊંડું છે ત્યાં એ પુલ પંખાની પેઠે ગમે ત્યારે સમેટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય છે. લશ્કરને માટે સિંધુ ઓળંગવી અશક્ય કરવી હોય ત્યારે જાણે એક મંત્ર બોલવાથી આખો પુલ અલોપ થઈ શકે છે. પછી શિકારપુર-સક્કર જુદું અને રોહરી જુદું. શિકારપુર-સક્કરને કંઈ અંગ્રેજોએ મહત્ત્વ આપ્યું છે એમ નથી. અહીંના હિંદુ વેપારીઓ પ્રાચીન કાળથી બોલનઘાટને રસ્તે કંદહાર થઈ મધ્ય એશિયામાં વેપાર કરવા જતા આવ્યા છે. હિરાત કે મર્વ, બુખારા કે સમરકંદ ગમે ત્યાં જુઓ, શિકારપુરના વેપારીઓ જડવાના જ. શિકારપુરી હૂંડી મોસ્કો અને પિટર્સબર્ગ (લેનિનગ્રાડ) સુધી શિકારાતી અટકી નથી. સક્કરનું સ્મરણ કરીએ અને મોટા જહાજની પેઠે પાણીમાં તરતા સાધુબેલા નામના બેટનું વિસ્મરણ રહે એ શક્ય નથી. સાધુઓની કાવ્યમય અભિરુચિ હમેશ સુંદરમાં સુંદર સ્થળો પસંદ કરે છે. સાધુબેલાની સુંદરતાની અદેખાઈ સમ્રાટો પણ કરે.

સિંધુને આરામ લેવાનું સૂઝયું કે શિંગોડાં ખાવાનું મન થયું કોણ જાણે, એ અહીંથી મંચર સરોવરની દિશાએ દોડે છે. પણ વખતસર ચેતી અથવા કરતારની કહી એ પાછી વળે છે, અને શેવણ પાસેથી આગ્નેય દિશા લઈ હૈદરાબાદ સુધી જાય છે. આ મુલક કેટલીયે લડાઈનો સાક્ષી છે. જયદ્રથના કાળમાં અહીંની સ્થિતિ કેવી હશે કોણ જાણે પણ દાહિર અને જચ્ચના દિવસોમાં આ પ્રાંત ખૂબ પછાત હોવો જોઈએ. ચંદ્રગુપ્ત પહેલાં ઈરાની સામ્રાજ્યને સોનું આપી આપી નિઃસત્ત્વ થઈ તેથી કહો, અથવા ત્યાંના બ્રાહ્મણ રાજાઓના અનાચારે કહો, પ્રજા સાવ ચુસાઈ ગઈ હતી. ઈરાનના બાદશાહ આવે કે સિકંદર આવે, બગદાદનો મહમદ બીન કાસીમ આવે કે સર ચાર્લ્સ નેપિયર આવે, સિંધુકાંઠાના લોકો દર વખતે હાર્યા છે.

સિકંદર જ્યારે જહાજોમાં બેસી સિંધુવાટે પસાર થયો ત્યારે પોતાના રક્ષણને સારુ એણે બન્ને બાજુએ પોતાની ફોજ ચલાવી હતી. આજે અંગ્રેજોએ સિંધુના રક્ષણ અર્થે ખાસ નહીં, પણ પંજાબના ઘઉં વિલાયત લઈ જવા માટે સિંધુને બંને કાંઠે રેલવે દોડાવી છે. સિંધુનો પ્રવાહ ઘણો વેગવાન હોવાથી ગંગાની પેઠે એમાં વહાણો ચાલી શકતાં નથી, તેથી જ કરાંચી આગળ કેટી બંદરનું કશું મહત્ત્વ નથી રહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંધુના મુખનો પ્રદેશ સિંધુના જ પુરુષાર્થનો બનેલો છે. દૂર દૂરથી કાંપ અને રેતી આણીને એ ઠેલતી ગઈ છે, પરિણામે અરબી સમુદ્રને હમેશ અત્યંત સૂક્ષ્મતાથી, અથવા બહાદુરીથી પાછા હઠવું પડ્યું છે.

સિંધુનો પ્રવાહ સિંધુ નામને છાજે એવો જ વિસ્તીર્ણ અને તરસ્વી છે. ઉનાળામાં ઓગળી ગયેલા બરફના પાણીનું પૂર જ્યારે એમાં આવે છે, ત્યારે એ રેલને ઘોડા કે હાથીની ઉપમા છાજે તો શું, સૂઝે પણ નહીં, એ તો જળપ્રલય જ કહેવાય. સાગરનાં મોજાં ઊછળે તેમ સિંધુનાં મોજાં ઊછળે છે. મગરમચ્છોના ગુરુ સમા તારાઓ પણ આવે વખતે પાણીમાં પડવાની હિંમત ન કરે.

પ્રેમઘેલી સતી સુહિણીનું જ, કાચા ઘડાને આધારે, આવા પ્રવાહમાં પડવાનું હૈયું ચાલે. પ્રેમનો પ્રવાહ, પ્રેમનો વેગ અને પરિણામ વિષેનો પ્રેમનો નિરાદર મહાસિંધુ કરતાં પણ મોટો જ હોય.

સપ્ટેમ્બર, ૧૯૨૯

૩૧

મંચરની જીવનવિભૂતિ

જેણે પાણીને જીવનનું નામ આપ્યું તે કવિ હતો કે સમાજશાસ્ત્રી? મને લાગે છે, તે બન્ને હોવો જોઈએ. પાણી વગર ન વનસ્પતિ જીવી શકે, ન પશુપક્ષી જીવી શકે. પછી બન્નેનો આશ્રિત એવો મનુષ્ય પાણી વગર નભી જ શી રીતે શકે? ઈશ્વરે પૃથ્વીના પૃષ્ઠભાગ પર ત્રણ ગણું પાણી અને એક ગણી જમીન કરીને એ જ વાત સિદ્ધ કરી છે કે, પાણી એ જ જીવન છે. બેભાન થયેલો માણસ આંખે પાણીનું એક ઠંડું ટીપું અડવાથી પણ હોશમાં આવે છે, તો પછી અનંત ટીપે ટીપે ભરાયેલું સરોવર જોઈ એને જીવ્યા જેવો આનંદ થાય તો એમાં આશ્ચર્ય શું?

અનંત સાગર અને એનાં અનંત મોજાઓ જોવાનો ઉન્માદ તો છે જ. પણ જેના સામા કાંઠાની સહેજસાજ ઝાંખી થઈ શકે છે, અને તેથી જેના વિશાળ વિસ્તારનું માપ મેળવ્યાનો આનંદ આંખોને થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે, એવા શાંત સરોવરનું દર્શન મિત્રદર્શન જેટલું આહ્લાદક હોય છે. સાગરનું આમંત્રણ અજ્ઞાતમાં ઝંપલાવવા નોતરે છે; જ્યારે સરોવર પોતાની અરીસા જેવી શાંતિ દ્વારા માણસને આત્મપરિચય પામવાનું પ્રોત્સાહન આપે છે. સરોવરમાં આપણને જીવનની પ્રસન્નતાનું દર્શન થાય છે, જ્યારે સાગરમાં જીવનની પ્રક્ષુબ્ધ વિરાટતાનો સાક્ષાત્કાર થાય છે. સાગરનું તાંડવ જોઈને જે માણસ કહેશે :

'दिशो न जाने न लभे च शर्म'

તો એ જ માણસ વિશાળ સરોવરને કાંઠે પહોંચતાંવેંત 'હાશ' કરી ગાશે :

'अिदानीम् अस्मि संवृत:, सचेता:, प्रकृतिं गत: ।

સાગર અને સરોવર આ રીતે જીવનની બે પ્રધાન અને ભિન્ન વિભૂતિઓ છે.

હું જાણતો હતો — ક્યારનો જાણતો હતો — કે જીવનવિભૂતિનું આવું એક સુભગ દર્શન સિંધમાં સદાને માટે પથરાયેલું છે. પણ એ જોવાના સદ્ભાગ્યનો ઉદય હમણાં હમણાં સુધી થયો ન હતો. જ્યારે મારા લોકસેવક રસિક મિત્ર, સંસ્કારસંપન્ન, શ્રી નારાયણદાસ મલકાનીએ મને આ વખતે સિંધમાં ફરવાનું આમંત્રણ આપ્યું, ત્યારે મેં એમની સાથે શરત કરી કે, આ વખતે જો જીવન અને મરણ બંનેનો સાક્ષાત્કાર કરાવવા તૈયાર હો તો જ હું આવું ! મેં આવી અવળવાણીની મૂંઝવણમાં મિત્રને લાંબા વખત નાખવાનું પસંદ ન કર્યું. મેં એમને લખ્યું કે, જ્યાં ઉપરાઉપરી ત્રણ યુગો દટાઈ ગયા છે, અને જ્યાં મૃત્યુએ પોતાનું સૌથી મોટું મ્યૂઝિયમ ખોલ્યું છે, તે 'મોહન-જો-દડો'* મારે ફરી વાર જોવો છે. તેમ જ જ્યાં બીહના મૂળિયામાંથી ઊગતાં અસંખ્ય કમળો, એ કમળો વચ્ચે નાચતાં નાનાંમોટાં માછલાંઓ, એ માછલાંઓ પર ગુજરાન ચલાવનાર વરણાગિયાં પક્ષીઓ, અને બીહથી માંડીને પક્ષીઓ સુધી બધાંને, કશા પક્ષપાત વગર, પોતાના ઉદરમાં સ્થાન આપનાર સર્વભક્ષી માણસો નિશ્ચિંતપણે વધે છે, એ જીવનરાશિ મંચર સરોવરનું પણ મારે દર્શન કરવું છે. નારાયણની તો 'ભાવતું હતું અને વૈદે કહ્યું' એવી

---

* 'મૂવન જો દડો' એ સાચું નામ છે. એનો અર્થ થાય છે મરેલાઓનો ટીંબો અથવા ટીલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ થઈ હશે. એમણે સિંધના સૂફી તત્ત્વજ્ઞાનનું પાલન કરી પ્રથમ લારકાનાને રસ્તે ‘મરણના ઢગલાનું’ દર્શન કરાવ્યું, અને ત્યાર પછી જ જીવનના આ વિસ્તાર તરફ એ અમને લઈ ગયા !

સિંધુને પશ્ચિમ કિનારે, પંજાબના ઘઉં કરાંચી સુધી પહોંચાડનાર જે રેલવે દોડે છે, એને કાંઠે દાદુ અને કોટરી વચ્ચે બુબકનું સ્ટેશન આવ્યું છે. પૂછ્યા વગર માણસ કેમ અનુમાન કરી શકે કે, અબુબકર નામની બન્ને બાજુ ટૂંકાવીને બુબકનું નામ સરજાયું છે ? સ્ટેશનથી પશ્ચિમે ચાર માઈલ ધૂળનો રસ્તો વટાવી, અમે બુબક પહોંચ્યા. ત્યાંના લોકો વાજિંત્ર, શરણાઈ, અને થોડીઘણી દક્ષિણા લઈને સામે મળવા આવ્યા. આખું ગામ ફરીને, શેરીઓ નિહાળીને, અમે અમારા મેજબાન શ્રી ગોધૂમલજીને ત્યાં પહોંચ્યા. એમની મહેમાનગીરીનું સ્વાગત કરી ખાધુંપીધું, દશ પંદર મિનિટ સ્વપ્નસૃષ્ટિ પર રાજ્ય કર્યું, ત્યાંના ગાલીચાઓ અને છીપા કામની કદર કરી, અને મંચરના દર્શને અમે ઊપડ્યા.

ફરી ધૂળવાળો એ માઈલનો રસ્તો અમારે કાપવો પડ્યો. ત્યાર પછી જ આવી, ખેતરો વચ્ચે આડીઅવળી વાતો કરતી અને નેસડાઓની મુલાકાત લેતી, એક નહેર. જ્યાંથી એ શરૂ થતી, ત્યાં જ જૂનીનવી હોડીઓનું એક ધણ કાદવમાં આળોટતું હતું. એમાંની જ એક પુષ્ટસરખી હોડી પસંદ કરી અમે એમાં સવાર થયા. (‘સવાર’ અથવા ‘અસવાર’ એટલે ‘અશ્વારોહી’; અમે તો નૌકારોહી થયા હતા.) અને એ રીતે બીજા બે માઈલની અમે પ્રગતિ કરી. બન્ને બાજુ પાણી સાથે ગેલ કરતી ઘટમાળોને ફેરવવાનું પુણ્ય મેળવતા ઊંટ અમે જોયા. ઉઘાડામાં જ પોતાનું જીવન, પોતાનો વિનોદ, અને પોતાનો ઉદ્યોગ ચલાવનારા ખેડૂતો પણ અમે ત્યાં જોયા. અને જમીન અને પાણી વચ્ચે આવજા કરનારાં વણજારા પક્ષીઓ પણ જોયાં.

અમારી ટોળીમાં વીસે જણા આનંદના ઉપાસક હતા, કેટલાકોએ ‘ચલ ચલ રે નવજવાન — રુકના તેરા કામ નહીં, ચલના તેરી શાન’નું કૂચગીત છેડ્યું. એમાં હસવાની વાત એટલી જ હતી કે, નૌકારોહી અમે પોતાને પગે કૂચ કરતા ન હતા, પણ લાંબા લાંબા વાંસ વતી કાદવને ઘોંચી ઘોંચી આગળ આગળ વધતા હતા. અમારા પગ તો કશું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલનચલન કર્યા વગર અજગરોની ઉપાસના કરતા હતા. પણ જ્યારે બધા જ ખુશમિજાજ હોય છે, ત્યારે વાતોમાં અને ગાયનમાં ઔચિત્યના વ્યાકરણને રજા આપવામાં આવેલી હોય છે.

જ્યારે ચિ. રૈહાનાબહેનને 'બેનવા ફકીર'ના મુરલીના સૂર છેડવાનું નોતરું અપાયું ત્યારે જ ખરેખરો રંગ જામ્યો, અને એ જ વખતે અમારી નહેરે પોતાનું મોઢું પહોળું કરી અમારી હોડીને સરોવરમાં ધકેલી દીધી. પછી તો પૂછવું જ શું? જ્યાં જુઓ ત્યાં જીવનનો વિસ્તાર! પંદરથી વીસ માઈલ લાંબો અને દશ માઈલ પહોળો જીવનનો કાવ્યમય વિસ્તાર!! પાણીનો પહોળો ચળકાટ અને વચમાં વચમાં લીલા ઘાસના બેટોની શાતા! કુદરતને આટલું કાવ્ય ક્યાંથી સૂઝયું હશે? મેં ગોધૂમલજીને કહ્યું, 'અહીં તો મારું હૈયું ઓગળી જાય છે!' તેમણે એટલી જ રસિકતાથી મને કહ્યું, 'જો નવેમ્બરમાં અહીં આવ્યા હોત તો તમે અહીંનાં લક્ષાવધિ કમળોમાં દટાઈ જ ગયા હોત. જો તમારે એ ઉલ્લાસ જોવો હોય તો તમારા વિષ્ણુશર્માને ગમે તે વરસે લખી જણાવો. તેઓ મને લખશે અને હું તમારી બધી તૈયારી કરી રાખીશ. અમારો મુલક એટલો બાજુએ પડ્યો છે કે, તમારા જેવા કોઈ ભાગ્યે જ અહીં આવે છે. મારા સ્મરણ પ્રમાણે, આ પહેલાં એક જ મહારાષ્ટ્રી પ્રોફેસર અહીં આવ્યા હતા, અને તેઓ પણ તમારી પેઠે જ રાજી રાજી થયા હતા. હા, દર વરસે કેટલાય ગોરા લશ્કરી અમલદારો અહીં માછલાં મારવા કે શિકાર કરવા આવે છે ખરા; પણ તેથી અમને શો લાભ થવાનો હતો?'

દૂરથી એક હોડી દેખાઈ. ગામડાનું કોઈ કુટુંબ સ્થળાંતર કરતું હશે. એમની નારંગી ઓઢણીઓ અને નીલા પાયજામાનું પ્રતિબિંબ પાણીમાં કેટલું શોભતું હતું — જાણે ગ્રામીણ કાવ્ય જ આનંદમાં આવીને જળવિહાર કરે છે! દૂર દૂર કાળી જળકૂકડી પાણીના પૃષ્ઠભાગ પર તરતી તરતી ઉદરપૂજન કરતી હતી. અમારામાંથી કેટલાકને હોડીને કાંઠે બેસી પાણીમાં પગ પખાળવાનું સૂઝયું. તેમણે રિપોર્ટ આપ્યો કે, કોક કોક ઠેકાણે પાણી સાવ ટાઢું હતું, જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોક કોક ઠેકાણે કોકરવાયું હતું. આનું કારણ તો લોકો મને જ પૂછે ને? આવા લહેરી ટોળામાં હું હંમેશ સર્વજ્ઞ હોઉં છું. મેં તરત કારણ ઉપજાવી કાઢ્યું અને બધાંને શાસ્ત્રીય ઉપપત્તિનું સમાધાન આપ્યું.

'એ સામે ટેકરીઓ દેખાય છે એમનું નામ શું?' મેં આસપાસના લોકોને પૂછ્યું. એમને મારા પ્રશ્નથી આશ્ચર્ય થયું. સ્વદેશની ટેકરીઓનું નામ પણ હોઈ શકે છે એની જ જાણે એમને ખબર ન હતી, જ્યારે દરેક રૂપ સાથે જો નામ જોડાય નહીં, તો મારો દાર્શનિક આત્મા સંતુષ્ટ થાય નહીં. ટોળીમાં બુબકનો એક નાનો સરખો, નાજુક અને શરમાળ છોકરો એક ખૂણામાં બેઠો હતો. 'ઇસ્સરદાસ' કહીને મેં એને બોલાવ્યો. નિશાળમાં ભણવી પડતી ભૂગોળ એને કામ આવી. એણે તરત કહ્યું, 'સામેની ટેકરીઓને ખિરથર કહે છે.' હું હસી પડ્યો અને મારા મોઢામાંથી વચન નીકળ્યું, 'ધન્ય છે કરતાર!' અમારા નાનપણમાં હાલા અને સુલેમાન પર્વતનાં નામો અમે ગોખ્યાં હતાં. આગળ જતાં હાલા પર્વતે કરતારનું નામ ધારણ કર્યું હતું. અને એનું કારણ એટલું જ કે, અંગ્રેજોએ ખિરથરની સ્પેલિંગ કરી હતી Kirthar. પરદેશી લિપિને કારણે આપણે ત્યાં કેટલાય અનર્થો થયા છે, એમાંનો જ આ એક હતો. ખિરથરની ટેકરીઓ આ કાંઠેથી દશ બાર માઈલ દૂર છે. ત્યાં સિંધ પૂરો થઈ બલૂચિસ્તાન શરૂ થાય છે.

હવે સૂર્ય થાકીને ખિરથરનો આશ્રય લેવાનો વિચાર કરતો હતો. અમે પણ વિચાર કર્યો કે પાછા ફરી ઘરભેગા થવું જોઈએ અને સાત વાગ્યા પહેલાં જઠરાગ્નિને આહુતિ આપવી જોઈએ! હોડીની દિશા ફરી અને અમે પૂર્વ તરફની શોભા જોવા લાગ્યા. 'આટલે મોડે એSSS સામી હોડી પશ્ચિમ તરફ ક્યાં જાય છે?' મેં ભાઈ ગોધૂમલને પૂછ્યું. એમણે કહ્યું, 'સામે કાંઠે, ખિરથરની બાજુ પર એક ગામડું છે, ત્યાં મહાશિવરાત્રિનો એક મેળો ભરાય છે. એ દિવસે હિંદુઓ મહાશિવરાત્રિ માટે ભેગા થાય છે, અને મુસલમાનો એ જ ઠેકાણે અને એ જ દિવસે એમના કોઈ પીરને નામે ભેગા થાય છે. બહુ મોટો મેળો હોય છે. એ મેળા માટે જ એ લોકો જતા હોવા જોઈએ.' અમે ગયા તે ૨૧મી ફેબ્રુઆરીનો દિવસ હતો અને મહાશિવરાત્રિ તો સાવ પાસે એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪મીએ હતી. અમારો કાર્યક્રમ ફેરવાય એવું હતું જ નહીં. 'જો આજે ૨૪મી હોત તો હું વહેલો નીકળી સામે કાંઠે ગયા વગર રહેત નહીં. હું મહાશિવરાત્રિનું વ્રત કરું છું. એ દિવસે હિંદુ અને મુસલમાન બન્ને એકહૃદય થઈ એક જ ઈશ્વરની ભક્તિ કરવા હજારોની સંખ્યામાં ભેગા થાય, એ દૃશ્ય જોઈને મારા હૃદયને પુનિત કરવાની એ તક હું ન છોડત. શિવરાત્રિને દિવસે જે વૃત્તિથી હિંદુ અને મુસલમાન પ્રેમથી ભેગા થાય છે, એ જ વૃત્તિ જો હિંદુસ્તાનમાં બધે ફેલાય તો એ દિવસ હિન્દુસ્તાન માટે સુદિન અને શિવદિન થઈ જાય.'

આટલું કહી હું શાંત થયો. હવે કોઈની સાથે વાતો કરવામાં રસ ન રહ્યો. હું દૂર દૂર જોવા લાગ્યો. પૃથ્વી ઉપર કે આકાશમાં નહીં, પણ કાળના ઉદરમાં જોવા લાગ્યો. કોલંબસ જેમ શ્રદ્ધાપૂર્વક અમેરિકાનો રસ્તો શોધે, તેમ શિવરાત્રિનો શિવદિન ક્યારે થશે એની હું શ્રદ્ધાની નજરે શોધ કરવા લાગ્યો.

'એ સામે લીલાં લીલાં ખેતરો દેખાય છે એની પાછળ તમાકુની અને ભાંગની ખેતી છે.' બુબકના એક સાથીદારે મારા ધ્યાનનો ભંગ કર્યો. અમે સરોવરમાંથી નહેરમાં પ્રવેશ કર્યો હતો. નહેરને કાંઠે, વાંસની કમાન ઉપર પગ બાંધી રાખેલા બગલાઓ માછલાંનું ધ્યાન ધરતા હતા. ઝૂંપડીઓમાંથી ચૂલાનો ધુમાડો શરૂ થયો હતો. આંખો બુબકનાં ઊંચાં ઊંચાં ચોરસ મકાનોનું સ્થાપત્ય નિહાળવા લાગી. એ મકાનોના કેટલાક મંઘો (વા–દરી) બગલાની પેઠે ડોક ઊંચી કરીને વાયુસેવનના પેંતરામાં ઊભા હતા. અમે તમાકુનાં અને ભાંગનાં ખેતરો વટાવ્યાં, ભાંગ વિષેની સરકારી નીતિનો ઇતિહાસ સાંભળ્યો, ઘેર જઈને વખતસર ખાવા બેઠા. પણ મારું મન તો મંચરના 'ઢંઢ' ઉપર મહાશિવરાત્રિ રાચતું હતું.

માર્ચ, ૧૯૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

મોજાંઓનો તાંડવયોગ

[કરાંચી પાસે કીઆમારીથી સહેજ દૂર મનોરા કરીને એક બેટ આવેલો છે. ત્યાં એક મજાનું મંદિર છે. બેટ ઉપર મોટે ભાગે પોર્ટટ્રસ્ટના લોકો અને થોડુંક લશ્કર રહે છે. મનોરા બેટ કરાંચીનું ઘરેણું અને સમુદ્રનું રમકડું છે. એ બેટને દક્ષિણ છેડે એક મોટી કરાડ આવેલી છે, જ્યાં સમુદ્રનાં મોજાંઓ અથડાય છે. અને એથી આગળ ઠીક દૂર સુધી એક મોટી દીવાલ બાંધી મોજાંઓને પ્રતિબંધ કરેલો છે. તેથી ત્યાં મોજાંઓનો અખંડ સત્યાગ્રહ જોવાને મળે છે. આ દૃશ્ય જોવા હું એક વાર ગયો હતો.

હિંદી સાહિત્ય સંમેલન માટે આ વર્ષે કરાંચી જતાં ફરી વાર એ દૃશ્ય જોઈ આવ્યો. મોજાંઓની અસર પેલા પથરાઓ ઉપર ભલે ન થાઓ પણ હૃદય ઉપર એમની અસર થયા વિના કેમ રહે? હૃદય અને સમુદ્ર બંને સ્વભાવે જ ઊર્મિલ હોય છે.]

કોઈ પણ કુદરતી દશ્ય પહેલી વાર જોઈને જે અસર થાય છે તે અસર બીજી વાર જોઈને નથી થતી. પહેલી વાર બધું નવું નવું હોય છે. અજ્ઞાત વસ્તુનો પરિચય કરવાનો હોય છે. ડગલે ને પગલે આશ્ચર્ય અને ચમત્કૃતિનો અનુભવ થાય છે. બીજી વાર એ જ ઠેકાણે જવાથી ત્યાં કંઈ કંઈ વસ્તુની અપેક્ષા કરવી તેનો ખ્યાલ માણસને હોય છે. એટલે એટલા પ્રમાણમાં ચમત્કૃતિને અવકાશ ઓછો હોય છે. પરિચિત વસ્તુ પ્રત્યે પ્રેમ બંધાઈ શકે છે પણ આશ્ચર્ય અને ચમત્કૃતિ તો અપરિચિત વસ્તુ માટે જ હોઈ શકે છે.

એવી જ કંઈક પ્રેમપૂર્ણ પણ ઔત્સુક્ય-રહિત વૃત્તિથી હું કરાંચી પાસે આવેલા મનોરાનાં મોજાં જોવા આ વખતે ગયો. જૂના પણ જુવાન મિત્રો સાથે આ રમ્ય ઠેકાણે વિસ્રબ્ધ વાર્તાલાપ થઈ શકશે એ આશા પણ ખરી. મોજાંઓ તો ત્યાં છે જ. એમને જોતાં આનંદ થવાનો છે જ; એથી વિશેષ કાંઈ નહીં એમ મનને સમજાવીને ત્યાં ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયે ફેરે ઊછળતાં મોજાંઓનું ધવલ હાસ્ય પકડવા માટે જાતજાતના ફોટા લીધા હતા. પણ એમાંથી એકે સારો આવ્યો નહોતો. એટલે એ મોજાંઓ પ્રત્યે મનમાં થોડીક ચીડ હોવા છતાં વાર્તાલાપ માટે અનુકૂળ વાતાવરણ ત્યાં મળવાનું જ છે એટલો વિશ્વાસ હતો.

પણ ત્યાં જઈને મેં શું જોયું? ગયે ફેરે જે દૃશ્ય જોયું હતું અને એનાં કાવ્યમય ચિત્રો જે ચિત્તમાં સંઘરી રાખ્યાં હતાં એમને ફિક્કાં પાડી ભૂંસી નાખનારાં મોજાંઓનું એક અખંડ તાંડવ જ એકાએક નજરે પડ્યું. હવે વાર્તાલાપ શાનો અને વિસ્રબ્ધ કથા શાની? મને તો ત્યાં ઉન્મત્ત કરનાર જાણે નશો જ મળી ગયો. આ ઠેકાણે એકલો હોત તો એ મોજાંઓના તાંડવમાં ઝંપલાવીને એની સાથે એકરૂપ થવાના અંદરના ખેંચાણને હું રોકી શકત કે કેમ એ હું નિશ્ચયપૂર્વક ન કહી શકું.

એક જણ ગાય એટલે બીજાને ગાવાનું સ્ફુરણ થાય જ; એક શિયાળ રાત્રિની શાંતિ સામે બળવો જગાડે એટલે બધાં જ ક્રાંતિકારી શિયાળવાં પોતાનાં ફેફસાંની કસરત એમાં ઉમેરવાનાં જ; અરે! તરફવાળી સતારના તારો પોતાના પ્રાણથી છેડી જુઓ; તરત નીચેના તારો એની મેળે પોતાનો આનંદઝંકાર શરૂ કરી દે છે. તો પછી મારા જેવો કુદરત-ઘેલો જીવ કુદરતની ભવ્યતાનું દર્શન કરી એની સાથેની પોતાની જુદાઈ ભૂલી જાય તો માનવીડહાપણની દૃષ્ટિએ એમાં ભલે આશ્ચર્ય હોય પણ એ કાંઈ અનહોની વાત નથી.

જેમ હાથીની આખી શોભા એના ગંડસ્થલમાં કેન્દ્રીભૂત થાય છે, કિલ્લાની શોભા એના ગજેન્દ્ર–ભવ્ય બુરજમાં હોય છે, જહાજની શોભા એના ઉપરના તૂતકમાં પરિપૂર્ણ થાય છે તેમ જ મનોરાના આ છેડે જે કિલ્લા જેવી દીવાલો છે તેને કારણે આ બેટ અહીં વિશેષ શોભે છે અને સમુદ્રનાં મોજાંઓ પણ આ જ ઠેકાણે વપ્રક્રીડા ચલાવી પોતાની કંડુ શમાવે છે. આ કંડુ–વિનોદ સતત ચાલે તોયે એમાંથી કંટાળો ઊપજતો નથી, એટલે એ દૃશ્ય ચિરમનોહારી હોય જ છે. પણ આ સ્થળે માણસે એક લાંબી દીવાલ બાંધી દરિયાનાં મોજાંને અનહદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેડ્યાં છે અને આટલાં વર્ષ થયાં એ મોજાં આવો આક્ષેપ હજી સાંખી શક્યાં નથી અને કોઈ કાળે સાંખીને બેસવાનાં નથી. જેટલી વાર એ અપમાનનું સ્મરણ એમને થાય છે એટલી વાર તેઓ ભારે કટક લઈ આવીને એ દીવાલ પર ધસારો કરે છે અને પથરાને પડકાર કરવાને એકબીજાને સિસકારતાં જાય છે. શો એમનો એ ઉન્માદ! શી એમની દૃઢ પ્રતિજ્ઞા! શો એ જીવલેણ ધસારો! આજે તો એમના એ અમર્ષને પૂરી ભરતી આવી હતી. પછી પૂછવું જ શું! જાણે વીરભદ્ર તમામ શિવગણોને ભેગા કરી મોજાંના રૂપમાં અહીં પ્રલયકાળ ભજવવા માગે છે!

એક એક મોજું જાણે ઊછળતી ટેકરી. એકની ઉત્તુંગ શોભા જોઈ બીજાં મોજાંએ એનું કૌતુક જ કરવું ઘટે છે. પણ તેમ કરવાને બદલે બંને જણાં એક થઈ એક નવી જ ઊંચાઈએ પહોંચે છે અને આસપાસનાં મોજાંને પણ પોતાના જેટલી ઊંચાઈએ ચડવાને ઉત્તેજન આપતાં જાય છે. અને આ નાચ એક ક્ષણ પણ થોભ્યા વિના અખંડ ચાલુ જ રહે છે. ઠીક મીટ માંડીને આ તાંડવ જોયા કરો એટલે એમાં એક પ્રચંડ તાલ દેખાઈ આવે છે. જાણે શિવ–તાંડવ–સ્તોત્રનું પ્રમાણિકા–વૃત્ત પોતાની શક્તિ અજમાવવા માંડે છે અને હૈયું ભરાઈ આવે એટલે ઓધ વધવાથી જોતજોતામાં પ્રમાણિકાનું પંચચામર થઈ જાય છે. અને પછી પોતાના તોરનું ભાન છોડી દઈ એ તાલ સાથે પુષ્પદંત પણ તાંડવનૃત્ય નાચવા માંડે છે.

જે બાજુએ મોજાંઓનો ધસારો વધારેમાં વધારે છે અને જ્યાં અફળાતાં મોજાંના ચૂરેચૂરા થાય છે અને આકાશમાં એનો ઇંદ્રધનુષ ઝીલતો મોટો પંખો તૈયાર થાય છે ત્યાં જ કેટલાંક પગથિયાં અખંડ સ્નાન કરતા ઋષિઓની પેઠે ધ્યાન કરતાં બેઠાં છે. મોજાંનું પાણી એમને માથે પડી હસતું હસતું અને ગૌમૂત્રિક-બંધ કરતું પગથિયાં ઊતરતું જાય છે. દિલ્હી-આગ્રામાં, કાશ્મીર કે મૈસૂરનાં વૃંદાવનમાં માણસે વિલાસનાં જે સાધનો ઉપજાવ્યાં છે અને પાણીનો પ્રવાહ શ્રાવણ-ભાદરવાના ધોધમાં વહેવડાવ્યો છે તેનું સ્મરણ અહીં થયા વિના નથી રહેતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કેટલાંક મોજાંઓ તો પેલી લાંબી દીવાલ સાથે અથડાઈ ને એને માથે પાણીની લાંબી લાંબી શેરો ફેંકવામાં જ મશગૂલ રહે છે. મોજું અથડાય, દીવાલ ઉપર સવાર થાય અને દીવાલની પહોળાઈ નો અનાદર કરી સામી બાજુ કૂદી પડે અને આ હોળીની પિચકારીઓ દૂરથી આપણા તરફ દોડતી આવે એ દૃશ્ય દરેક રીતે ઉન્માદક હોય છે. અને આવો મહોત્સવ માણવા આવેલા આપણું જાણે સ્વાગત કરવાની ફરજ પોતાને માથે આવી પડી હોય તેવી રીતે આ સેરોમાંથી અને પેલા પંખામાંથી ફેલાતું પાણીનું ઝણ્ય આખી હવાને ઠંડી કરી મૂકે છે. આ ખરું ઝાકળ આંખની પાંપણ ઉપર, નાકના ટેરવા ઉપર અને આશ્ચર્યથી ખુલ્લા થયેલા હોઠો પર જ્યારે જામે છે ત્યારે આપણને થાય છે કે આપણે પણ નાગરિક કે ગ્રામવાસી નથી પણ વરુણના સામુદ્રિક રાજ્યની પ્રજા છીએ.

અને મહાસાગર ઉપરથી દોડતો આવતો શુદ્ધ પવન કહે છે કે, "આ દૃશ્યની મહેમાનગીરી સ્વીકારવાની પૂરી શક્તિ તમારા પામર હૈયામાં ક્યાંથી હોય! ચાલો હું તમને દૂર દૂરથી આણેલા ઓઝોનની (પ્રાણવાયુની) દીક્ષા આપું, ભાથું આપું; ઓઝોન જ્યારે હૈયામાં ભરાશે ત્યારે તમારાં ફેફસાં પ્રાણપૂર્ણ થશે, પવિત્ર થશે, અને પછી જ અહીંનું વાતાવરણ અને ઉદ્દાવરણ તમે ખમી શકશો." અને ખરેખર પ્રાણવાયુના શ્વાસોચ્છ્વાસથી દરેકના મોઢા ઉપર ઉષાની રતાશ આવી હતી. અમે આઠ જણા આઠે બાજુ જોઈ જોઈ ને ધરાતા નહોતા.

એ જ ઠેકાણે અમારા પહેલાં એક સિંધીભાઈ એક મોટા પથ્થર ઉપર બેસી ચૂપચાપ એ આખા દૃશ્યના કાવ્યમાં તરબોળ નાહતો હતો. ન બોલે ન ચાલે, ન હસે ન ગાય. તલ્લીન થઈ સહેજસાજ ડોલતો હતો. અમે વાતો કરતા હતા, હૃદયના ઉદ્ગારો ફોડતા હતા પણ પેલા ભાઈ ને એનું શું! એને માણસની મોજ માણવી નહોતી પણ મોજાંની મસ્તી અપનાવવી હતી; પી જવી હતી. એક પગ ઉપર બીજા પગની પલાંઠી વાળીને તેના ઉપર હાથની કોણી ટેકવીને વાંકી ડોકે એ સમુદ્રધ્યાન કરતો હતો. એના ઓળેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળના સેંથામાં સીકરબિન્દુની મુક્તામાલા ચળકતી હતી. જાણે વરુણદેવે પોતાનો વરદ હસ્ત એને માથે રાખ્યો હોય!

અમે સ્થાન ફેરવી ફેરવીને અનેક દૃષ્ટિકોણથી એ દૃશ્ય જોયું એટલે મોજાંઓના મનમાં અમારા પ્રત્યે સદ્‌ભાવ જાગ્યો. તેઓ કહે, "આવો આવો, આટલે દૂરથી શું નિહાળો છો? તમે કાંઈ પરાયા નથી. પાસે આવો, મોજ માણો, મોજાં માણો, હસો અને કૂદો. આ ક્ષણ અને અનન્ત કાળ વચ્ચે કશો ફરક નથી. ચાલો આવો." મોજાંઓનો વિવેક જુદો હોય છે. તેઓ આમંત્રણ આપતી વખતે હાથ ઝાલતાં નથી પણ પગ પખાળે છે. અમે વિવેકસર એ સ્વાગતનો સ્વીકાર કરી કહ્યું: "ખરેખર આવવાનું મન થાય છે, પણ હમણાં નહીં. હજીયે અમારું કામ પૂરું થયું નથી. ઘણું બાકી છે. કેટલાયે સંકલ્પો પાર પાડવાના રહ્યા છે. જે ભારતમાતાનાં ચરણોનું પ્રક્ષાલન તમે અખંડ કરો છો તે ભારતમાતા હજી સ્વતંત્ર થઈ નથી. માણસ માણસ વચ્ચેનો વિગ્રહ હજી શમ્યો નથી. ગરીબ અને દબાયેલી જનતા સાથે એકતા જ્યાં સુધી પૂરેપૂરી અનુભવી નથી ત્યાં સુધી તમારી સાથેની એકતા માણવાનો અધિકાર અમને ક્યાંથી આવે! તમે મુક્ત છો, અખંડ કર્મયોગી છો, સતત કાર્ય કરતાં છતાં કર્તવ્ય જેવું તમને કશું રહ્યું નથી. અમે તો કર્તવ્યનો ઢગલો દૃષ્ટિ આગળ જોતાં છતાં આળસમાં પડ્યા છીએ. અમને તમારી હારમાં જઈ નાચવાનો અધિકાર નથી. તમે અમને પ્રેરણા આપો, અમારાં હૈયાંમાં તમારી મસ્તી ભરી દો, તમારો વેદાન્ત અમારા ચિત્તમાં વાવી દો. પછી અમારું કાર્ય પૂરું કરતાં, ભારતને આઝાદ કરતાં વાર લાગવાની નથી. અને એ એક સંકલ્પ બર આવ્યો એટલે કશા વિષાદ વગર તમારી પાસે દોડી આવીશું: તમારી સાથે અદ્વૈત સાધીશું અને તેમ કરતાં આ હાડકાં, ચામડી અને માંસ વાંધા ઉઠાવે તો જેમ અગવડ કરતાં કપડાં ફાડી નંખાય તેમ આ શરીરના ચૂરેચૂરા કરી નાખીશું અને પછી એ લોચાના નવા નવા આકાર થતા જોઈ હસવા માંડીશું."

"વારુ, તમારે ફાવે ત્યારે આવજો. તમો આવો કે ન આવો, અમારું આ તાંડવનૃત્ય ચાલવાનું જ. જીવનનો રાસ પૂરો કરી ગોપીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમાં ભળી છે. સંસારના ચકરાવામાંથી મુક્ત થયેલા તમામ સાધુ-સંતો, ફકીરો અને ઓલિયાઓ આમાં ભળ્યા છે. વિજ્ઞાનવીરો અને સત્યના ઉપાસકો આમાં ભળીને શાંત થયા છે અને તેથી જ અમારો આ સંઘ અખંડ અશાંતિ મચાવવા છતાં શાંતિનું સાગર-સંગીત સંભળાવી શકે છે.

"સંભળાય છે એ સંગીત?"

જૂન, ૧૯૩૭

૩૩

સિંધુ પછી ગંગા

ફેબ્રુઆરીની ૧૫મી તથા ૧૬મીએ છેક પશ્ચિમે રોહરી સક્કર વચ્ચેના સિંધુના વિશાળ પટ ઉપર જળવિહાર કર્યા પછી, અને ૨૮-મીએ એ જ સિંધુનાં કોટરી પાસેનાં છેલ્લાં દર્શન કર્યા પછી, બાર-પંદર દિવસની અંદર જ પૂર્વે પાટલિપુત્ર પાસેનો ગંગાનો પાવન પ્રવાહ જોવાને મળ્યો એ કેટલું સદ્ભાગ્ય! આર્યોની વૈદિક માતા સિંધુ અને એ જ ભારતીયોની સનાતન માતા ગંગાનાં દર્શન આમ ઉપરાઉપરી થાય એ સદ્ભાગ્ય કયો નદીપુત્ર ન વધાવી લે? ગંગાને જેમ એના પાણીનો ઉપયોગ કરનાર ભગીરથ મળ્યો, તેમ સિંધુને પણ મળ્યો હોત, તો રાજસ્થાન અને સિંધનો ઇતિહાસ બીજી જ રીતે લખાયો હોત. સિંધુ જો વગર કહ્યે પણ અનેક દિશાએ વહે છે અને પોતાનું પાત્ર ફેરવતાં સંકોચ કરતી નથી, તો ભગીરથ અને જહ્નુ જેવા ઉપાસક ઇજનેરો એને મળ્યા હોત, તો એણે સિંધુ અને સૌવીર દેશ માટે શું શું ન કર્યું હોત? સ્વચ્છન્દ-વિહારિણી એ સિંધુ આજે રોહરી અને સક્કર વચ્ચે પોતાનાં પાણી એકત્ર કરી, નહેરોના સાત પ્રવાહમાં પોતાનું સ્તન્ય સિંધુદેશને પાવા નથી લાગી શું?

સિંધુ નદી પંજાબમાંનાં સાત પ્રવાહનાં પાણી એકત્ર કરી કાશ્મીર અને મિટનકોટ સુધી યુક્તવેણી હોય છે, એ જ સિંધુ સક્કર-રોહરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી પહેલવહેલી મુક્તવેણી થાય છે અને કોટરી પછી કેટીબંદર સુધી તો કોણ જાણે સિંધુ નદી કેટલાં મુખથી સમુદ્રને મળે છે!*

ગંગા નદી ગોઆલંદો સુધી યુક્તવેણી છે. ગોઆલંદોમાં ગંગા અને બ્રહ્મપુત્રા એક થયા પછી એમના અમર્યાદ પ્રવાહનું એવું તો અરાજક જામે છે કે, મુક્ત અને યુક્ત વેણીનો ભેદ પણ પરખાતો નથી. કલકત્તા પછી સુંદરવનનો પંખો જોવાને મળે છે એ ખરું. પણ ગંગાનો વિસ્તાર આટલો જ છે એમ કહી શકાતું નથી.

અમે ગાંધીસેવાસંઘની છેલ્લી બેઠક માટે માલીકાંદા ગયા હતા, ત્યારે અસમ પ્રાંતમાંથી શિલોંગને રસ્તે સુરમાની ખીણમાં થઈને પાછા ફર્યા હતા. જતાં અને આવતાં ભગવતી ગંગાનાં વિવિધ દર્શન કર્યાં હતાં. પણ સમ્રાટ અશોકના પાટલિપુત્ર (હાલના પટના) આગળ ગંગાની શોભા કંઈક ઓર જ છે. પટના પાસે ગંગા મેં ભિન્ન ભિન્ન વખતે, કાંઈ નહીં તો ત્રણ ચાર વાર ઓળંગી હશે. છતાંયે અહીં ગંગાના દર્શનનું નાવીન્ય ઓછું થતું જ નથી. મને લાગે છે કે, મુજફ્ફરપુરથી નેપાળની યાત્રા આટોપી હું કલકત્તા ગયો હતો તે વખતે હું પહેલવહેલો પટના આવ્યો હતો. ફાલ્ગુન મહિનાના દિવસો હતા. જ્યાં જાઓ ત્યાં આંબાના મોરથી હવા મઘમઘતી હતી. અને અજાણ્યો હું પટનાના નાનામોટા રસ્તા ઉપર પાઘેલાની પેઠે મારા અંતઃકરણમાં વસંતોત્સવ માણતો હતો. એ પહેલવહેલી છાપ જે મન પર પડી છે તે હજી કાયમ છે. અને છતાં ત્યાર પછી જ્યારે જ્યારે પટના ગયો છું ત્યારે ત્યારે કાંઈ ને કાંઈ નવીનતા મને મળી જ છે.

---

* અનેક પ્રવાહ આવીને એક નદીમાં ભળી જાય ત્યારે એ આખા પ્રદેશને અંગ્રેજીમાં region of tributories કહે છે. અને એક નદીમાંથી અનેક પ્રવાહો નીકળીને જ્યારે ચારે કોર ફેલાય છે ત્યારે એને region of distributories કહે છે. આપણે ત્યાં એ જ ભાવ વ્યક્ત કરવા માટે 'યુક્તવેણી' અને 'મુક્તવેણી' એ શબ્દો યોજાયેલા છે.

જ્યારે નદી સમુદ્રને મળવા માટે બે અથવા અનેક મુખોમાં વિભક્ત થાય છે ત્યારે વચલા ત્રિકોણી પ્રદેશને એ જ આકારના ગ્રીક અક્ષર ઉપરથી delta ડેલ્ટા કહે છે. આપણે એવા પ્રદેશને 'નદીનો પંખો' કહેવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રાજેન્દ્રબાબુ જ્યાં રહે છે અને જ્યાં બિહાર વિદ્યાપીઠ ચાલે છે, તે સદાકત આશ્રમ ગંગાને છેક કિનારે જ છે. આશ્રમ આગળનો રસ્તો ઓળંગો અને ત્રણ ફૂટનો બાંધ ચડો, એટલે ગંગાનો વિસ્તીર્ણ જલરાશિ પશ્ચિમથી આવીને પૂર્વ તરફ વહેતો નજરે પડવાનો જ. સામો કાંઠો ક્યાં છે એ જોવા જઈએ તો જમીનની એક ઝીણી લીટી ઉપરાંત સામે કશું દેખાતું જ નથી. ચકિત થઈને સાથેના કોઈ માણસ આગળ તમે કહો, 'ગંગાનો પટ કેટલો બધો પહોળો છે!' તો તરત જ તે હસીને કહેશે કે, 'એ સામે દેખાય છે એ તો એક બેટ જ છે, એના પછી પણ ગંગા છે જ. સામો કાંઠો અહીંથી દેખાતો નથી.'

સામે જે ઝીણી લીટી દેખાય છે તે એક પહોળો બેટ છે એ સાંભળ્યા છતાં કેમે કરીને માન્યામાં નથી આવતું કે, પાણીના આટલા વિસ્તાર પછી એ લીટીની પેલી પાર બીજો વિસ્તાર હોઈ શકે છે. શંકા એક વાર મનમાં આવી કે કુતૂહલનું રૂપ ધારણ કરવાની જ. કુતૂહલ પાકીને એમાંથી સંકલ્પ જાગવાનો. અને સંકલ્પ જેવી અસ્વસ્થ કરી મૂકનારી બીજી કઈ વસ્તુ છે?

સદાકત આશ્રમમાં હતા ત્યાં સુધી રોજ ગંગાને કિનારે ફરવાનું કામ અમારું. કેમ કે ગંગાની સંસ્કૃતિપુનિત મોહિની ન હોત તોયે કાંઠા પર ઊભેલા પુરાણપુરુષ જેવાં વૃક્ષોની હાર અમને ખેંચ્યા વગર ન રહેત. સહ્યાદ્રિનાં અને હિમાલયનાં ઉત્તુંગ વૃક્ષો જેણે જોયાં છે, તેને લલચાવવાની મામૂલી વૃક્ષોની શક્તિ નથી. પણ ગંગાને કાંઠે, પટનાની આસપાસ, યોજનો સુધી જઈએ—બધે ઊંચાં ઊંચાં વૃક્ષો પોતાની પુષ્ટ શાખાઓ ચારે બાજુ ઉપર અને નીચે દૂર દૂર સુધી ફેલાવવાનાં. પટના એક વખતે અશોકના સામ્રાજ્યની રાજધાની હતી ખરી, પણ આજે એ જ પટના વૃક્ષોનું એક વિશાળ સામ્રાજ્ય પોષે છે.

બહુ દૂર નહીં અને બહુ પાસે નહીં એવે અંતરે ઊભા રહીને આ મોટાં વૃક્ષોનાં અંગપ્રત્યંગોની શોભા નિહાળીએ તો એમનો સ્વભાવ, એમની ચિત્તવૃત્તિ અને એમની ખાનદાનીનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી. બધાં જ વૃક્ષો તપસ્વી નથી હોતાં. કેટલાંક મૌની ધ્યાની

જી–૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવાં દેખાય, કેટલાંક રમતિયાળ હોય છે; કેટલાંક વિયોગી વિરહી જેવાં, જ્યારે કેટલાંક અત્યુત્કટ પ્રેમી હોય છે. પણ દરેક સ્થિતિમાં તેઓ પોતાનું આર્યત્વ છોડતાં નથી. કેટલાંકની શાખાઓ એવી તો ઊંચે ફેલાયેલી હોય છે કે જાણે આભને તૂટી પડતું અટકાવવાનું કામ એમને માથે આવ્યું હોય.

ચાર ડોસાઓ નિરાંતે ગંભીર વાતો કરતા હોય અને કાલી કાલી વાતો કરતાં છોકરાંઓ એમના ખોળામાં ફૂદંફૂદા કરતાં હોય, એવું દૃશ્ય તમે જોયું છે? ડોસાઓ બાળકોને ધમકાવતા નથી. કોમળતાથી પંપાળે છે. છતાં એમની ગંભીર વાતોમાં ખંડ પડતો નથી. ગંગાકિનારે સનાતન મંત્રણા ચલાવનાર આ ઝાડો વચ્ચે જ્યારે નાનાંમોટાં પક્ષીઓ પોતાની મીઠી લવરી ચલાવે છે, ત્યારે બરાબર એ જ વૃદ્ધ-અર્ભક-દૃશ્ય નવી ઢબે ભજવાય છે.

ફાલ્ગુન પૂર્ણિમાની આસપાસના દિવસો. સાંજે ફરવા નીકળ્યા હોઈએ, એટલે ચાંદામામા ઝાડો વચ્ચે દર્શન દેવાના જ. અહીં અમે એક નવા આનંદની શોધ કરી. હીરો જેમ અલગ અલગ ઢબની વીંટીમાં બેસાડ્યો હોય એટલે નવી નવી શોભા બતાવે છે, તે જ રીતે ચંદ્ર જુદાં જુદાં ઝાડની વચ્ચે જોવાથી નવી નવી છબી ધારણ કરે છે. એક વાર શીંગડા જેવી બે ડાળો વચ્ચે એને ઊભો કરીને જોયો. બીજી વાર ગોલ-કીપર (goal-keeper) લક્ષ્યપાલ જેવા એક ઊંચા ઝાડને એ જ ચંદ્રને પવન-દડાની પેઠે ઉછાળતાં જોયો. દીઘાઘાટના બંદર પાસે એક ઠેકાણે તો બે ઝાડો વચ્ચે ચંદ્ર એવો તો ગોઠવાયો હતો કે, "તારો નહીં પણ એ ચંદ્ર મારો છે,' એમ કહી ઝાડો માંહોમાંહે લડતાં હોય, એવો જ ભાસ થતો. અને અંતે એ બેનો ઝઘડો પતાવવા ચંદ્રે ડાવકું મોઢું રાખીને કહ્યું, 'હું તો તમ બેમાંથી એકકેયનો નથી, જાઓ,' કહીને ચંદ્ર થોભ્યા વગર ઊંચે જ ચાલ્યો. ચંદ્રની આ તટસ્થતાની કદર કરી અમે સહેજ આગળ ચાલ્યા ત્યાં તો પોતાનું ન્યાયાધીશપણું ભૂલી જઈ એ એક ઝાડને જઈને વળગ્યો જ! અને અન્તે બાથમાં સપડાયાને કારણે હસવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ચાંદનીના દિવસોમાં 'થોડોક સમય સામેના વિજન બેટમાં ગાળ્યો હોય તો કેવું' એવો સંકલ્પ મનમાં ઊઠ્યો. હોળી અને ધુળેટી-ના દિવસો જવા દેવા પડ્યા; કેમ કે લોકો હોળી પીને માતેલા હતા, અને એમણે કિનારાના કાદવનું અને ઝાડો પરના રંગનું એ દિવસ અનુકરણ કરવાનું નક્કી કર્યું હતું. એમાંથી તેઓ નવરા પડ્યા એટલે અમે એક હોડીની વ્યવસ્થા કરી ઊપડ્યા.

ઊપડવામાં, ચંદ્ર ઊગવા માંડે એટલું મોડું કર્યા વગર મજા શી રીતે આવે ? પણ ચંદ્રને ઉતાવળ જ ન હતી. ઊગ્યો તોયે ચળકે નહીં. કશી જાણ થયા વગર કોઈ નવો ધર્મ સ્થપાય તેમ ચંદ્રમા ઊગ્યો. એટલો મંદ કે સ્વાતિ પણ એની દયા ખાતી હતી. જ્યાં ચંદ્ર જ આટલો મંદ, ત્યાં વફાદાર ચિત્રા અદૃશ્ય રહે એમાં આશ્ચર્ય શું ? શનિ અને ગુરુ મંત્ર બોલતા બોલતા પશ્ચિમે આથમતા હતા. તારકાંકિત ઝૂંપડીનો સ્વામી અગસ્તિ દક્ષિણ ઉપર આરોહણ કરતો હતો. અમારી હોડી ચાલી. પાણીમાં ચંદ્રનો એક લાંબો સ્તંભ દેખાવા લાગ્યો. પ્રથમ સ્થિર, પછી તરલ. જેમ જેમ અમે આગળ વધવા લાગ્યા તેમ તેમ પાણીનો પૃષ્ઠ ભાગ વધુ ને વધુ ચંચલ થવા લાગ્યો, અને નવી નવી ભાત બતાવવા લાગ્યો.

મને વિચાર આવ્યો કે, 'પાણીનો જથ્થો અને વેગ બદલાય તેમ આ ભાત બદલાય છે. હવે આ ભાતનું અધ્યયન કરી, દરેક ભાતને અલગ અલગ નામ આપી, એવી ગોઠવણ કેમ ન કરવામાં આવે કે, નદીનો વેગ બતાવવા માટે તે તે ભાતનું જ નામ આપી દેવાય ? જો ઊંચ નીચ ધ્વનિને આપણે સા, રે, ગ, મ, પ, ધ, ની, જેવાં નામ આપી શકીએ; અત્યંત ઉગ્ર તાપને (white heat) સૂર્યકાન્તિ ઉષ્ણતા તરીકે ઓળખીએ; તો નદીના વેગને ગોમૂત્રિકાવેગ, વલયવેગ, આવર્તવેગ, વિવર્તવેગ, ઇત્યાદિ નામો કેમ ન અપાય ?'

આ કલ્પના સાથે હું પણ વિચારવમળમાં પડ્યો, અને ચિત્રા ક્યારે છતી થઈ એની ખબર ન પડી. અમે મઝધાર પહોંચ્યા અને મને પ્રાર્થના સૂઝી. એવે ઠેકાણે આંખો મીંચીને અંધારી પ્રાર્થના કરાય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે અમારો પ્રાર્થના-સ્વામી અમારી સામે વિવિધ રૂપે પ્રત્યક્ષ વિરાજમાન છે, ત્યારે આંખો મીંચીને અમે ગુહા-પ્રવેશ શા માટે કરીએ? 'रसो वै सः' કહીને જેને ઓળખીએ છીએ, તેને રસાળ ભૂમિ, પવિત્ર જળ, સૌમ્ય તેજ, આહ્‌લાદકારી પવન અને પિતૃવાત્સલ્યથી આપણને નિહાળતો આકાશનો વિસ્તાર, એવાં વિવિધ રૂપે જોતા હોઈએ અને 'विषया विनिवर्तंते निराहारस्य देहिनः रसवर्जं; रसोप्यस्य परं दृष्ट्वा निवर्तते ।' એ પ્રાર્થનાનો શ્લોક ગાતા હોઈએ, ત્યારે આખું જીવન-તત્ત્વજ્ઞાન નવેસર વિચારાય છે. ઊંડો વિચાર લાંબો હોય જ છે એમ નથી. રસનું નિવર્તન ક્યારે થાય છે અને પરિવર્તન શી રીતે થાય છે, એની આખી મીમાંસા ત્રણચાર ક્ષણની અંદર મનમાં ગોઠવાઈ, અને જોતજોતામાં પ્રાર્થનામાં તાજગી આવી. 'રઘુપતિ રાઘવ રાજા રામ'ની ધૂન શરૂ થઈ અને અટક્યાળું મન જીવનરસની ગંભીર મીમાંસા છોડી તરત પૂછવા લાગ્યું કે, શ્રીરામચંદ્રજીએ ગૂહકજીની મદદથી ગંગા ક્યાં પાર કરી હશે? ગૂહકની હોડી અમારી હોડી જેટલી પહોળી હશે કે કોઈ ઝાડના થડમાંથી કોતરી કાઢેલી નાનકડી દોણી જેવી હશે?

જોતજોતામાં અમે પેલા બેટ ઉપર પહોંચી ગયા. અને સલિલ-વિહાર છોડી અમે સિકતા-વિહાર શરૂ કર્યો. ચળકતી રેતી ચળકતા પાણી કરતાં ઓછી આનંદદાયક ન હતી. બેટને કાંઠે થોડુંક નરમ ઘાસ ઊગ્યું હતું. એક ક્ષણનો વિચાર કરી અમે મનની ખાતરી કરી લીધી કે, અહીં સરપ, વીંછી, કાંટા કશું જ હોઈ ન શકે. અહીં તો અક્ષુણ્ણ રેતી જ પથરાયેલી છે. જો કોઈ નિશાની હોય તો તે અસ્થિર-મતિ પવનની લહેરોની જ. ગંગાનાં મોજાંને કારણે જે ભાત રેતીમાં પડી હોય તે ભૂંસી નાખવાની ક્રીડા મોજીલો પવન કેમ કરે છે, તેનો આલેખ અહીં જોવાને મળતો હતો. નિશાળિયા છોકરાઓ થાકીને ઊંઘી ગયા હોય અને એમની નોટો અને સ્લેટો ચોપડીઓ સાથે આમતેમ પડી હોય, તેમ આ રેતી પરની ભાત દેખાતી હતી. કોક ઠેકાણે લહેરી પવનનું લખાણ દેખાઈ આવતું, તો કોક ઠેકાણે લહેરોની સ્વરલિપિ રેતીમાં અંકાઈ હતી. એમાં પોતાનાં માનવી પગલાં પાડતાં જીવ ચાલતો ન હતો, પણ રેતીના બટકણા પોપડા જ્યારે પગ તળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાંગી જતા ત્યારે પાપડ ખાવા જેટલો આનંદ આવતો. પગનો આનંદ આખા શરીરે ઓળખ્યો અને એને થયું કે, ખરું જોતાં સાંબેલાની પેઠે ઊભા ઊભા ચાલવું એમાં પૂરી મજા નથી. All rights reserved નો દાવો કરનાર કોઈ ગવૈયું અહીં હતું નહીં, એટલે અમે નિઃશંક-પણે રેતીમાં આળોટવાનો મનસૂબો કર્યો. પણ દુર્ભાગ્યે અમારી મંડળી એમાં એકમત થઈ ન શકી. કોઈને પ્રતિષ્ઠા આડે આવી, તો કોકનું કૈંકર્ય એમને નડ્યું. અમારા ખલાસીઓ તો અમને ત્યાં જ છોડીને બેટને બીજે છેડે કોકને મળવા ગયા. શરાબના પીઠાના નોકરો પીધેલા લોકોને જે નજરે જુએ એ નજરે જ તેમણે સૌંદર્યપિપાસુ અમારા તરફ જોયું હશે.

ગયા કૉંગ્રેસ પછી અમે ચંપારણ તરફ ગયા હતા, ત્યારે આ જ ઠેકાણે અમે ગંગા ઓળંગી હતી અને તે વખતે આશ્રમના બે વિદ્યાર્થી-ઓએ એક મીઠું ભજન લલકાર્યું હતું: 'મંગલ કરહુ દયાઽઽઽ કરી દેવી.' એ બધું આ સ્થાને આવતાંવેંત યાદ આવ્યું અને હું ભીમસેનનું અનુકરણ કરી મુક્તકંઠે ગાવા લાગ્યો. સાથેના બધાઓએ ઉદારતાથી એ સહન કર્યું એટલે હું તો ચગ્યો અને મથુરાબાબુને કહેવા લાગ્યો કે, 'છપરાથી મુંગેર સુધી મારે હોડીમાં પ્રવાસ કરવો છે. કેટલો વખત લાગશે?' આવી મુસાફરી નસીબમાં છે કે નહીં, કોણ જાણે! પણ મેં તો કલ્પનામાં એ પૂરી કરી પણ લીધી.

આકાશમાં બ્રહ્મહૃદય આથમવાની તૈયારી કરતું હતું. મહાશ્વાન પોતાની મૃગયા ચલાવતું હતું. અગસ્તિની ઝૂંપડી હવે ઠેકાણે આવી હતી. અને કૃત્તિકા તટસ્થપણે સ્મિત કરતા હતા. પુનર્વસુની હોડીએ પોતાનું અગ્ર જરા ઊંચું કરી દક્ષિણની યાત્રા આરંભી અને અમને સ્મરણ કરાવ્યું કે, અમે આ બેટના નિવાસી નથી; અહીંથી પાછા વળવાનું છે, અને પરીઓની સૃષ્ટિ છોડી માનવી સૃષ્ટિમાં પહોંચવાનું છે. અમે તરત બેટના કિનારા સુધી પાછા પહોંચ્યા અને પુનર્વસુની પેઠે અમારી હોડી અમે દક્ષિણ તરફ હંકારી.

'ફરી અહીં ક્યારે આવીશું' એવો વિષાદ મનમાં ન ઊઠ્યો. ગંગોત્રીથી માંડીને હીરાબંદર સુધી ગંગાનું અનેક વાર દર્શન કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાવન થયો છું અને મૈયાની કૃપાથી હજીયે અનેક વાર દર્શન થશે. પણ હવે એ પૂર્ણાનંદમાં વધઘટ થવાનો સંભવ નથી. તેથી જ પાછા વળતાં મોઢામાંથી શાંતિપાઠ નીકળ્યો :

'ॐ पूर्णम् अदः, पूर्णम् अिदं; पूर्णात् पूर्णम् अुदच्यते ।
पूर्णस्य पूर्णम् आदाय पूर्णम् अेवावशिष्यते ॥'

એપ્રિલ, ૧૯૪૧

૩૪

નદી પર નહેર

શ્રાવણ પૂર્ણિમા એટલે જનોઈનો દિવસ; અને બ્રાહ્મણ્ય ભૂલી જઈએ તો રાખીનો દિવસ. એ દિવસે અમે રૂડકી પહોંચ્યા. રમતિયાળ વેણીપ્રસાદે જોતજોતામાં મારી સાથે પરિચય બાંધ્યો, અને કહેવા લાગ્યો, 'અજી કાકાજી, આજ તો આપકે હાથસે હી જનેઉ લેંગે; યહાંકે બ્રાહ્મણ વેદમંત્રી બરાબર બોલતે હી નહીં. આપ' મહારાષ્ટ્ર હો. આપ હી હમેં જનેઉ દીજિયેગા.' વેણીપ્રસાદના મામા પરમભક્ત હતા. એમની જોડે જનોઈની વાર્તા ચાલી. ઉત્તર હિંદુસ્તાનના બ્રાહ્મણો ઇચ્છે છે કે પોતે જ નહીં પણ ત્રણે દ્વિજ વર્ણ નિયમિત જનોઈ પહેરે અને સંધ્યાદિ નિત્યક્રમ કરે; પણ અહીંના લોકોની અનાસ્થા ભારે. એથી ઊલટું દક્ષિણમાં બ્રાહ્મણેતરો જનોઈ માગે છે ત્યારે મહારાષ્ટ્રના બ્રાહ્મણો 'कलौ आद्यन्तयोः स्थितिः' એ વચનને આધારે, વચલા બે વર્ણ છે જ નહીં એવી બેહૂદી જીદ લઈને બેસે છે. [સદ્‌ભાગ્યે આજે એ સ્થિતિ રહી નથી.] જેમને જનોઈ મળે છે તેઓ પહેરવા ઇંતેજાર નથી; અને જેઓ મારામારી કરીને પણ જનોઈ પહેરવાનો હક મેળવવા માગે છે તેમને પોતાનું દ્વિજત્વ સિદ્ધ કરતાં મુશ્કેલી ઊભી કરાય છે! આ ચર્ચા સાંભળી વેણીને થયું કે આપણને આજે જનોઈ મળવાની નથી. એણે દલીલ કરી, 'કળજુગમાં શું ન થઈ શકે? જો નદી પર નદી સવાર થઈ શકે તો મહારાષ્ટ્ર બ્રાહ્મણ પણ અમને જનોઈ આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે.' વાત સ્વીકારાઈ ગઈ. પણ વિષય બદલાયો, અને કળજુગના ભગીરથોની બહાદુરીના નમૂના રૂપ ગંગાની નહેર વિષે વાતો ચાલી.

બપોરે અમે માનવીનો એ પ્રતાપ જોવા ઊપડ્યા. ગંગાની નહેર શહેર પાસેથી જાય છે. છોકરાઓ એમાં માછલાંની પેઠે સાતતાળી રમતા હતા. નહેરને કાંઠે કાંઠે અમે એ પ્રખ્યાત પુલ સુધી ગયા. સાચે જ એ ભવ્ય દેખાવ હતો. પુલ તળે ગરીબ બ્રાહ્મણી જેવી સોલાના નદી વહેતી હતી, અને ઉપર ગંગાની નહેર પોતાનો પહોળો પટ જરાયે સંકોચ્યા વિના પુલ પર થઈને દોડતી જતી હતી. પુલ પર પાણીનો ભાર એટલો લાગતો કે હમણાં એની બાજુની દીવાલો તૂટી જશે અને બંને બાજુએ હાથીની સૂંઢ જેવા મોટા ધોધ શરૂ થશે એમ થતું હતું. પુલની દીવાલ પર ઊભા રહી નહેરના વહેણ તરફ તાકીને જોઈએ એટલે મગજ પર એની અસર થાય. દુઃખી માણસને જેમ ઉદ્વેગના નવા નવા ઊભરા આવે છે તેમ નહેરના જળમાં ઊભરાઓ આવતા. પણ સાસરે આવેલી વહુ પોતાની બધી લાગણીઓને નવા ઘરમાં દબાવી દે છે તેમ ગંગા નદીની આ પરતંત્ર પુત્રી એ બધા ઊભરાઓ દબાવી દેતી. પ્રથમ દર્શને એનો વિસ્તાર જોઈ આ કોઈ ધનમત્ત શેઠાણી છે એમ લાગતું, પણ પાસે જઈ નિહાળતાં શ્રીમંતાઈ તળે પારતંત્ર્યનું દુઃખ જ એના વદન પર દેખાઈ આવતું.

ઊંચેથી નિમ્નગા સોલાનાનું ક્ષીણ પણ સ્વતંત્ર વહેણ બંને બાજુએ આકર્ષક લાગતું. માત્ર સાલતું એટલું જ કે નહેરની બંને બાજુની દીવાલમાં પરીવાહ તરીકે કેટલાંક કાણાં રાખેલાં એમાંથી નહેરનું થોડુંક પાણી જાણે ઉપકાર કરતું હોય તેમ સોલાનામાં પડતું.

અમે પુલ પરથી નીચે ઊતર્યા અને સોલાનાને કાંઠે જઈ બેઠા. ઊંચેથી અપાતા ઉપકારનો અસ્વીકાર કરવા જેટલી સોલાના માનિની ન હતી. પણ કંઈ કૃપા અવતરશે કે કેમ એવી આશાળુ નજર નાખવા જેટલી તે હીન પણ ન હતી. હીનતા એનામાં હતી જ નહીં. અને માનિનીપણું એને શોભત નહીં. એનું નિર્વ્યાજ સ્વાભાવિકપણું કેળવાયેલા ઉદાત્ત ચારિત્ર્ય કરતાં પણ વધારે શોભી નીકળતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગીરથવિદ્યા (ઇરિગેશન એંજિનિયરિંગ)માં પાણીના પ્રવાહ લઈ જવાના છ પ્રકાર કહ્યા છે. એમાં અદ્ભુત અને અઘરો પ્રકાર એ એક પ્રવાહ ઉપર થઈને બીજો પ્રવાહ લઈ જવાનો છે. રેલવેના અને મોટરના માર્ગ આવી રીતે જતા આપણે ઘણા જોયા છે. પણ હું જાણું છું ત્યાં સુધી હિંદુસ્તાનમાં એવા જલપ્રવાહનો આ એક જ દાખલો છે. સંસ્કૃતિના પ્રવાહની દૃષ્ટિએ જો વિચાર કરીએ તો આખું ભારતવર્ષ આવા પ્રકારથી જ ભરેલું છે. અહીં દરેક જાતિની સંસ્કૃતિ જુદી, અને સામસામી અનેક વાર મળતી છતાં એ એક બીજાથી અસ્પૃષ્ટ, રહી શકી છે!

૧૯૨૬–'૨૭

૩૫

નેપાળની વાઘમતી

જેમ કાશ્મીરની દૂધગંગા તેમ નેપાળની વાઘમતી અથવા બાઘમતી. આટલી નાની નદી તરફ કોઈનું ધ્યાન પણ ન જાય. પણ વાઘમતીએ એવું ઇતિહાસપ્રસિદ્ધ સ્થાન પોતાનું કર્યું છે કે, એનું નામ લાખો લોકોની બત્રીશીએ ચડયું છે. નેપાળની ઉપત્યકા એટલે અઢાર કોસના ઘેરાવાવાળું અને ચારે બાજુ પહાડોથી સુરક્ષિત એવું રમણીય લંબ-વર્તુલ મેદાન. દક્ષિણે ફરપિંગ-નારાયણ એનું રક્ષણ કરે છે. જ્યારે ઉત્તરે ગૌરીશંકરની છાયા તળે આવેલા ચંગુ-નારાયણ એની રક્ષા કરે છે. પૂર્વે બિશંગુ-નારાયણ છે અને પશ્ચિમે ઇચંગુ.

હિમાલયની ગોદમાં વસતા સ્વતંત્ર હિંદુ રાજ્યના આ માળામાં ત્રણ ઈંડાં મૂક્યાં હોય તેવી ત્રણ રાજધાનીઓ છે. બહુ જ જૂની રાજધાની તે પટ્ટન, ત્યાર પછીની ભાદગાંવ અને હાલની કાઠમાંડુ અથવા કાષ્ઠમંડપ. નેપાળનાં મંદિરોનો ઘાટ હિંદુસ્તાનનાં અન્ય સ્થળોના ઘાટ જેવો નથી. મંદિરનાં નેવાં જ્યાં પડે છે ત્યાંની પાણપટ્ટીએ નેપાળી લોકો ઝીણી ઝીણી ઘંટડીઓ ટીંગાડી રાખે છે. અને વચ્ચે લટકતા લોલકને પીતળના પાતળા પતરાનાં પીપળપાન બેસાડેલાં હોય છે. જરાક પવન વાય કે કઈ રીતે નાચવું એ પીપળપાનને શીખવવું ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે. એની સાથે અનેક ઘંટડીઓ કિણુકિણુ કિણુકિણુ અવાજ કરી ઊઠે. એ મંજુલ ધ્વનિ મંદિરની શાન્તિ બગાડતો નથી. ઊલટો શાંતિને વધારે ઉઠાવદાર અને મુખરિત કરે છે. ભાદગાંવની કેટલીક મૂર્તિઓ તો શિલ્પકળાના અદ્‌ભુત નમૂના છે. શિલ્પશાસ્ત્રના બધા નિયમો સાચવવા છતાં કલાધર પોતાની પ્રતિભાને કેટલી છૂટી મૂકી શકે છે એના નમૂના જોવા હોય તો આ મૂર્તિઓ જોવી. કળા તો અતિમાનુષી જ હોય એમ અહીંના મૂર્તિકારો માનતા લાગે છે.

ખેતરોમાં દૂર દૂર ભવ્યાકૃતિ સ્તૂપો સમાધિ અનુભવતા હોય તેવા બેઠેલા દેખાય છે.

અને કાઠમાંડુ એટલે તો આજના નેપાળી રાજ્યનો વૈભવ. નેપાળમાં જવાની રજા સહેજે મળતી નથી. અને તેથી જ પડદા પાછળ શું છે, અવગુંઠનની અંદર કેવું સૌન્દર્ય છે એ જાણવાનું કુતૂહલ જેમ એની મેળે ઉત્પન્ન થાય છે, તેમ નેપાળ વિષે પણ થાય છે. આઠ દિવસ રહેવાનું મળ્યું છે. જોવાનું હોય એ જોઈ લો. એક વાર પાછા ગયા એટલે ફરી આવવાનું નહીં બને. આવી મનઃસ્થિતિમાં જ્યાં ત્યાં કાવ્ય જ દેખાય છે.

પશુપતિનાથનું મંદિર કાઠમાંડુથી દૂર નથી. મંદિરોના ધણમાં જાણે મોટો પોઠિયો બેઠો છે. પાસે જ વાગ્મતી વહે છે. રેતાળ માટીમાં થઈને એ પાણી આવતું હોવાથી પાણી હંમેશ ડહોળાયેલું લાગે છે. એમાં તરવાનું મન થાય ખરું. પણ પાણી એટલું ઊંડું છે જ ક્યાં? ગુહ્યેશ્વરી અને પશુપતિનાથ વચ્ચે થઈને એ પ્રવાહ વહે છે એટલા માટે જ એનો મહિમા.

પશુપતિનાથથી સીધા પશ્ચિમે શિંગુ-ભગવાનનું દર્શન કરવા અમે ગયા. રસ્તામાં આવી વાગ્મતીની બહેન વિષ્ણુમતી. એ નદી પર જ્યાં ત્યાં પુલ પાથરેલા હતા. પુલ એટલે શું? નદીના પટમાં પાણીથી એક હાથ ઊંચે લાકડાનાં વેંત વેંત પહોળાં પાટિયાં. સામેથી કોઈ માણસ આપણને મળે તો વેંતિયા પુલ ઉપર થઈને બંને શી રીતે પસાર થાય? એમાંથી એકે પાણીમાં ઊતરવું રહ્યું. કોક કોક ઠેકાણે પાણી વધારે ઊંડું હોય છે, ત્યાં તો માણસ ખાસો ઘૂંટણ સુધી પલળી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિંગુ-ભગવાનની તળેટીમાં ધ્યાની બુદ્ધની એક મોટી મૂર્તિ તાપ-તડકામાં તપ કરે છે. ટેકરી ઉપર એક મંદિર છે. એમાં ત્રણ મૂર્તિઓ છે. એક બુદ્ધ ભગવાનની, બીજી ધર્મ ભગવાનની, અને ત્રીજી સંઘ ભગવાનની! દરેક આગળ ઘીનો દીવો બળે. અને એક ખૂણે 'ૐ મામે પામે હુમ્' (ૐ મણિપદ્મેઽહમ્)નો પવિત્ર મંત્ર જેના પર અનેક વાર કોતરેલો છે એવું પીતળનું ભૂંગળું લાકડાના ચોકઠામાં ઊભું રાખેલું છે. એક હાથો ફેરવો એટલે ભૂંગળું ગોળ ગોળ ફરે. રુદ્રાક્ષની, સુખડની કે તુળસીની માળા ફેરવવા કરતાં આ સગવડ ઘણી સારી! દરેક ફેરા સાથે એના પર જેટલી વાર મંત્ર લખેલો હોય એટલી વાર મંત્ર જપ્યાનું પુણ્ય તમને એની મેળે મળવાનું, એ વિષે શંકા રાખવાનું કારણ નથી! नात्र कार्या विचारणा। તથાગતને પોતાના સંદેશાનું આ સ્વરૂપ જોવા ન મળ્યું એ એનું દુર્ભાગ્ય, બીજું શું? આ જ મંદિર આગળ પીતળનું બનાવેલું ઇંદ્રનું વજ્ર એક ચોતરા ઉપર રાખેલું છે. ભગિની નિવેદિતાને એ વજ્રનો આકાર બહુ જ ગમેલો. ભારતવર્ષના રાષ્ટ્રધ્વજ ઉપર એ વજ્ર ચીતરવામાં આવે એવી સૂચના તેમણે કરેલી.

વાગ્મતીને કિનારે ડાંગર, ઘઉં, મકાઈ અને અડદ પુષ્કળ પાકે છે. તુવેર ત્યાં પાકતી જ નથી. તે લોકોએ પ્રયત્ન કર્યો છે કે નથી એની ખબર નથી. કપાસનું વાવેતર કરવાનો પ્રયત્ન હમણાં હમણાં ત્યાં શરૂ થયો છે. વાગ્મતી એ નેપાળી લોકોની ગંગા-માતા છે. ગોરક્ષ-નાથ એ એમના પિતા છે.

૧૯૨૬–'૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬

વિહારની ગંડકી

ગંડકી નદી નેપાળમાંથી આવે છે અને એમાં શાલિગ્રામ મળે છે એટલું જ નાનપણમાં સાંભળ્યું હતું. શાલિગ્રામ એ એક જાતનાં શંખલા જેવાં જ પ્રાણી છે, એમને તુલસીનાં પાંદડાં બહુ ભાવે છે, પાણીમાં તુલસીનાં પાંદડાં નાખે એટલે એ પ્રાણી ધીમે ધીમે બહાર આવી પાંદડાં ખાવા માંડે છે, એને પકડીને અંદરના જીવડાને મારીને કાઢી નાંખે છે અને કાળા પથરા જેવા એ શંખલા સાફ કરી પૂજા માટે વેચાય છે; આજકાલ ધૂર્ત લોકો કાળી શિલાનો એક ગોળ કકડો લઈ એમાં કાણું પાડી એનો નકલી શાલિગ્રામ બનાવે છે વગેરે વગેરે વાતો સાંભળી હતી. અને તેથી આવી નદી એક વાર જોવી જોઈએ એમ ઘણા દિવસથી મનમાં હતું.

મહાદેવનાં બાણ તે નર્મદાના પથરા અને વિષ્ણુના શાલિગ્રામ તે બૌદ્ધ સ્તૂપોના પ્રતીક તરીકે ગંડકીમાંથી આણેલા પથરા એમ સ્વામી વિવેકાનંદે કોક ઠેકાણે લખ્યાનું યાદ છે. બાણ અને શાલિગ્રામ એ બૌદ્ધ જગતના બે છેડા સૂચવે છે, એમ એમણે પારિસના મોટા પ્રદર્શન વખતે એક ભાષણમાં કે લેખમાં જાહેર કર્યું હતું.

ગંગા નદી જ્યાંથી નીકળે છે ત્યાંથી જ બન્ને બાજુથી કરભાર લેતી જાય છે. એની માંડલિક નદીઓ મોટે ભાગે ઉત્તર તરફની અને ડાબી બાજુની છે. ચંબલ અને શોણ બાદ કરતાં કોઈ મહત્ત્વની નદી દક્ષિણથી ઉત્તર તરફ જતી નથી. ગંગાની દક્ષિણવાહિની માંડલિક નદીઓમાં ગંડકી બિહારનું પાણી ગંગા માટે લઈ આવે છે.

અમે બિહારમાં મુઝફ્ફરપુર જ્યારે ગયા હતા ત્યારે એક દિવસે ગંડકીમાં નાહવા ગયા. બિહારની ભૂમિ એટલે અનાસક્તિના આદ્ય પ્રવર્તક સમ્રાટ જનકની કર્મભૂમિ, દયાધર્મના મહાન પ્રચારક મહાવીરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપોભૂમિ, અષ્ટાંગિક માર્ગના શોધક અથવા સંશોધક બુદ્ધ ભગવાનની વિહારભૂમિ. એ બધા ધર્મસમ્રાટો આ નદીને કાંઠે અહર્નિશ વિચરતા હશે. એમના અસંખ્ય સહાયકોએ અને અનુયાયીઓએ આ નદીમાં સ્નાનપાન કર્યું હશે. સીતામાતાએ બાળપણમાં અહીં કેટલોયે જળવિહાર કર્યો હશે. તે જ આ ગંડકી નદી મને પોતાના શૈત્યપાવનત્વથી કૃતાર્થ કરો, એવો સંકલ્પ બોલી મેં ત્યાં સ્નાન કર્યું. નદીના પાણીને કશી જ ઉતાવળ ન હતી. કશો ઉત્પાત ન હતો. એ શાંત રીતે વહી જતી હતી. જાણે મારને જીત્યા પછી બુદ્ધ ભગવાને ચલાવેલું અખંડ ધ્યાન જ.

૧૯૨૬–'૨૭

૩૭

ગયાની ફલ્ગુ

સંસ્કૃતમાં ફલ્ગુના બે અર્થ થાય છે. ફલ્ગુ એટલે નિ:સાર, ક્ષુદ્ર, તુચ્છ; અને ફલ્ગુ એટલે સુંદર. ગયા પાસે આવેલી નદીનું ફલ્ગુ નામ બન્ને અર્થમાં સાર્થ છે. પુરાણો કહે છે કે એને સીતાનો શાપ નડ્યો. સીતાના શાપનું તો જે હશે તે ખરું. પણ સિક્તાનો શાપ નડ્યો છે એ તો આપણે નરી આંખે જોઈ શકીએ છીએ. જ્યાં જુઓ ત્યાં રેતી; બિચારો ક્ષીણ પ્રવાહ માથું બહાર કાઢે જ શી રીતે? યાત્રાળુઓ જ્યાં ત્યાં વીરડા ખોદીને ખાબોચિયાં તૈયાર કરે છે. લાકડાના મોટા પાવડાને લાંબી દોરી બાંધી હળની પેઠે એને આ ખાબોચિયામાં ફેરવે છે. એટલે ગાળ નીકળી જઈ ખાબોચિયું વધારે ઊંડું થાય છે અને વધારે પાણી આપે છે.

અસંખ્યાત શ્રદ્ધાળુ યાત્રીઓ ફલ્ગુના પટમાં 'સનાન' કરી પિતરો માટે ચોખા રાંધે છે અને પિંડ તૈયાર કરે છે. ચોખા, પાણી, માટલું અને છાણાં બધાંનું પ્રમાણ પંડાઓએ કાયમનું નક્કી કરી નાખ્યું છે. નિયમ પ્રમાણે પૈસા આપો એટલે પંડા બધી સામગ્રી લઈ આવે છે. છાણાં ગોઠવી સળગાવીને એના પર ચોખાનું માટલું મૂકી દો. અમુક વિધિઓ પૂરા થાય તેટલામાં ચરુ ચડીને તૈયાર થાય જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફલ્ગુને કાંઠે મંદિરો અને ધર્મશાળાઓની શોભા ભારે છે. તેમાંયે શ્રીગદાધરના મંદિરનું શિખર તો સહેજે ધ્યાન ખેંચે એવું છે.

ગયાથી બોધિગયા તરફ જતા હોઈએ ત્યારે ફલ્ગુની સાચી શોભા જોઈ લેવી. રેતીનો લાંબો પહોળો પટ, આસપાસ તાડનાં ઊંચાં ઊંચાં ઝાડ, અને વચમાં થઈને વાંકોચૂંકો જતો ફલ્ગુનો ક્ષીણ પ્રવાહ. પણ એને ક્ષુદ્ર કે નિઃસાર કોણ કહે? અહીં રામચંદ્ર અને સીતાજી આવી ગયેલાં, બુદ્ધ ભગવાન ફરેલા, અને કેટલાયે સત્પુરુષો શ્રાદ્ધને કાજે આવેલા. આ મહાતીર્થને નિઃસાર તો ન જ કહેવાય. આખરે ફલ્ગુ એટલે સુંદર એ જ અર્થ ખરો.

૧૯૨૬–'૨૭

૩૮

ગરજતો શોણભદ્ર

'अयं शोणः शुभ-जलोऽगाधः पुलिन-मण्डितः ।
'कतरेण पथा ब्रह्मन् संतरिष्यामहे वयम् ?' ।।
अेवम् अुक्तस् तु रामेण विश्वामित्रोऽब्रवीद् अिदम् ।
'अेष पन्था मयोद् दिष्टो येन यान्ति महर्षयः' ।।

આસેતુહિમાલય ભારતવર્ષનો એકસામટો વિચાર કરનાર આ ક્ષત્રિય ગુરુશિષ્યની જોડી જ્યારે શોણનદ ઓળંગતી હશે ત્યારે એમના મનમાં શા શા વિચારો આવ્યા હશે? કુદરતના કવિ વાલ્મીકિએ વિશ્વામિત્ર અને રામ બંનેનો નિસર્ગપ્રેમ મુક્તકંઠે વર્ણવ્યો છે. ત્રણે જનગણ-હિતકારી મૂર્તિઓ. એમની ભાવનાનો ધોધ પણ શોણભદ્રની પેઠે વહેતો હશે. અને આસપાસની ભૂમિને મુખરિત કરતો હશે.

અમરકંટકની આસપાસની ઉન્નત ભૂમિ ભારતવર્ષની લગભગ મધ્યમાં ઊભી છે. ત્યાંથી ત્રણ દિશાએ એણે પોતાની કરુણાનું સ્તન્ય છોડી દીધું છે. ભૌગોલિક રચનામાં જેમની વચ્ચે ઘણું સામ્ય છે, પણ બીજી રીતે સંપૂર્ણ વૈષમ્ય છે, એવા બે પ્રાંતને એણે બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીઓ આપી છે. નર્મદા ગુજરાતને ભાગે આવી, અને મહાનદી ઉત્કલને મળી.

અમરકંટકનો ત્રીજો સ્રોત તે પીવરકાય શોણભદ્ર. નર્મદા સુદીર્ઘા છે, મહાનદી અષ્ટાવક્રા છે, જ્યારે શોણભદ્ર સુઘોષ છે. લગભગ પાંચસો માઈલનું પરાક્રમ પૂરું કરી પટના પાસે એ ગંગાને મળે છે. શોણ પરથી જ શોણપુરનું સ્થાન પ્રખ્યાત થયું છે. કહે છે કે, ગ્રાહ જોડે ગજેન્દ્ર લડેલો તે ગંગા–શોણના સંગમ પાસેના ધરામાં જ. જાણે એ જ પ્રસંગને યાદગાર કરવા માટે હજી શોણપુરમાં લાખો લોકોની યાત્રા ભરાય છે, અને એ યાત્રામાં સેંકડો હાથીઓ વેચાય છે.

સિન્ધુ અને બ્રહ્મપુત્ર સાથે શોણભદ્રને નર નામ આપી પ્રાચીન ઋષિઓએ એની બરાબર કદર કરી છે. બનારસથી ગયા જતાં એ મહાકાય અને મહાનાદ નદનાં દર્શન થયેલાં. ગાડી મોટા પુલ પરથી જાય અને શોણભદ્રનો, કેમે કર્યો ખૂટે નહીં એવો પુલિનમંડિત મહાપટ દેખાયા કરે. સાંકડી ખીણમાંથી પોતાનો વિકાસ અટક્યાની અધીરાઈથી દોડતાં દોડતાં એકદમ વિશાળ ક્ષેત્ર મળવાથી ક્યાં જાઉં ને ક્યાં ન જાઉં એમ થઈ ગયેલું એના મોઢા પર સ્પષ્ટ દેખાતું હતું. नाल्पे सुखम् अस्ति; यो वै भूमा तत् सुखम् એમ માનનારા મહર્ષિઓ શોણને કાંઠે આરો શોધતા ફરતા હશે, ત્યારે એમના મનમાં શા શા વિચારો આવ્યા હશે? એ તો વિશ્વામિત્ર જાણે અથવા મખત્રાતા પ્રભુ શ્રીરામચંદ્ર જાણે.

૧૯૨૬–'૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

તેરદાળનું મૃગજળ

પરણ્યા પછી થોડે જ દિવસે અમે શાહપુરથી જમખંડી ગયાં. પિતાશ્રી અમારા પહેલાં ત્યાં પહોંચી ગયા હતા. રાત પડ્યે અમે કુડચી સ્ટેશને ઊતર્યાં. ત્યાંથી રાત્રે જ બળદગાડીમાં બેસીને ઊપડ્યાં. બંને બળદ ધોળા અને કદાવર હતા. રંગ, શીંગડાંનો આકાર, મુખમુદ્રા અને ચાલવાની ઢબ, એ બધાંમાં બંને સરખા હતા. અમારે ત્યાં આવી જોડીને ખિલ્લારી કહે છે. આ બળદોએ અમને ચોવીસ કલાકની અંદર ૭૫ માઈલ પહોંચાડી દીધા.

જમખંડી જતાં રસ્તામાં ઇતિહાસ-પ્રસિદ્ધ તેરદાળ આવે છે. તેરદાળ પાસે અમે પહોંચ્યા ત્યારે મધ્યાહ્નનો સમય થયો હતો. જમણી બાજુ ખેતરો દૂર દૂર પથરાયેલાં હતાં. ઘણે દૂર, લગભગ ક્ષિતિજ પાસે એક મોટી નદી વહેતી હતી. પાણી પર સખત તડકો પડતો હોવાથી એ ચળકાટ મારતું હતું અને પાણી કેટલા જોરથી વહે છે એનો પણ કંઈક ખ્યાલ આવતો હતો. આવી સુંદર નદીને કાંઠે ઝાડ કેમ ઓછાં, એ હું સમજી ન શક્યો. મેં ગાડીવાળાને પૂછ્યું, 'આ નદીનું નામ શું? કેવડી મોટી દેખાય છે? એ કૃષ્ણા નદી તો ન હોય?' ગાડીવાળો હસ્યો: 'અહીં વળી નદી કેવી? એ તો મૃગજળ કહેવાય. પાણીના આ દેખાવથી બિચારાં તરસ્યાં હરણાં છેતરાય છે, અને તડકામાં દોડી દોડી તરફડિયાં મારીને મરી જાય છે, તેથી એને મૃગજળ કહે છે.'

મૃગજળ વિષે મેં વાંચેલું તો હતું. મૃગજળમાં ઉપરનાં ઝાડનું પ્રતિબિંબ પણ દેખાય છે, રણમાં ચાલતા ઊંટના પડછાયા પણ દેખાય છે, વગેરે માહિતી અને એનાં ચિત્રો મેં ચોપડીમાં જોયેલાં. પણ હું માનતો કે ઝાંઝવાં તો આફ્રિકામાં જ દેખાતાં હશે. સહરાના રણની એકવીસ દિવસની મુસાફરીમાં જ એ અદ્ભુત દૃશ્ય જોવા મળતું હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુસ્તાનમાં પણ મૃગજળ સંભવે છે એવી મને કલ્પના હોત તો, હું આટલી સહેલાઈથી અને આટલો આબાદ છેતરાઈ ન જાત.

હવે હું જોઈ શક્યો કે, અમે જેમ જેમ ગાડામાં આગળ જતા હતા તેમ તેમ પાણી પણ જોડે જોડે આગળ ખસતું જતું હતું. મેં એ પણ જોયું કે, પાણીની આસપાસ લીલોતરી નહોતી, અને પાણીનો પટ આસપાસની જમીનથી નીચાણમાં નહોતો; જમીન ઉપરથી જ પાણી વહેતું હતું! ઉપરની હવામાં પણ તડકાની અસર દેખાતી હતી. પછી તો ઝાંઝવાંની મજા જોવામાં અને એનું સ્વરૂપ સમજવામાં ભારે આનંદ આવવા લાગ્યો. બિચારા બળદો અર્ધ આંખો મીંચીને પોતાની ગતિના તાલમાં એકસરખા ચાલતા હતા. એકાદ બળદ ચાલતાં ચાલતાં મૂતરે તેનો આલેખ જમીન પર પડતો, તે થોડી જ વારમાં સુકાઈ જતો. અમે અર્ધે અર્ધે કલાકે કૂજામાંથી પાણી લઈને પીતા, તોયે તરસ છીપતી નહીં.

આમ કરતાં તેરદાળ આવ્યું. ધર્મશાળા પથ્થરની બાંધેલી હતી. દેશી રાજ્યનું ગામ એટલે ધર્મશાળા સરસ બાંધેલી હતી; પણ ધૂમ તડકાને લીધે એ પણ અળખામણી લાગી. મુકામે પહોંચ્યા પછી હું તળાવમાં નાહી આવ્યો. સાથે પૂજાના દેવો હતા. એમને નેતરની પેટીમાંથી બહાર કાઢી પૂજા માટે ગોઠવ્યા. દેવોમાં એક શાલિગ્રામ હતો. એ તુલસીપત્ર વગર જમે નહીં, એટલે દદડતે ધોતિયે, પણ ઉઘાડે પગે હું તુલસીપત્ર લેવા ઊપડ્યો. એક ઘરના આંગણામાં ધોળી કરેણનાં ફૂલ પણ જડ્યાં ને તુલસીપત્ર પણ મળ્યાં. બપોરનો વખત, પેટમાં ભૂખ, પગ દાઝે, માથું તપી ગયેલું, — આવા ત્રિવિધ તાપમાં હું પૂજા કરવા બેઠો. દેવો કંઈ ઓછા ન હતા. ઈશ્વર એક છે ખરો, પણ તેથી બધાની વતી એક જ દેવની પૂજા કરું તો ચાલે એમ ન હતું. પૂજા કરતાં આંખે અંધારાં આવ્યાં. માંડ માંડ પૂજા પૂરી કરી અને જમીને જરા સૂઈ ગયો.

સ્વપ્નમાં હરણાંનું એક મોટું જૂથ દડાની જેમ દોડતું મૃગજળનાં પાણી પીવા જતું હતું.

૧૯૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦

ચર્મણ્વતી ચંબલ

જે નદીમાં સ્નાનપાન કર્યું હોય તેમનું જ ઉપસ્થાન અહીં કરવાનો સંકલ્પ છે. છતાં એમાં એક અપવાદ કર્યા વગર રહેવાતું નથી. મધ્ય દેશની ચંબલ નદીનાં દર્શન કર્યાનું સ્મરણ નથી, પણ પૌરાણિક કાલના ચર્મણ્વતી એ નામ સાથે એ નદી સ્મરણમાં કાયમની થઈ ગઈ છે. નદીનાં નામો એના કાંઠા પરનાં પશુ, પક્ષી કે વનસ્પતિ ઉપરથી પડ્યાના દાખલાઓ છે. દૃષદ્વતી, સારસ્વતી, ગોમતી, વેત્રવતી, કુશાવતી, શરાવતી, વાઘમતી, હાથમતી, સાબરમતી, ઇરાવતી, ઇત્યાદિ નામો તે તે પ્રજાનું સૂચન કરે છે. નદીના નામમાં જ એની સંસ્કૃતિ વ્યક્ત થાય છે. ત્યારે ચર્મણ્વતી એ નામ શું સૂચવે છે? એ નામ સાંભળતાંવેંત દરેક ગૌસેવકના શરીર ઉપર રુવાંટાં ઊભાં થયા વગર રહે નહીં.

પ્રાચીન રાજા રંતિદેવ અમર કીર્તિ મેળવી ગયો. મહાભારત જેવો વિરાટ ગ્રંથ રંતિદેવની કીર્તિ ગાતાં થાકતો જ નથી. એ રાજાએ આ નદીને કાંઠે અનેક યજ્ઞો કર્યા. તેમાં જે પશુઓ મરાતાં તેના લોહીથી નદી હંમેશાં લાલ રહેતી. એ પશુઓનાં ચામડાં સૂકવવા એ નદીને કાંઠે એટલાં બધાં પથરાયેલાં રહેતાં કે એ નદીનું નામ જ ચર્મણ્વતી પડ્યું. મહાભારતમાં ઉત્સાહપૂર્વક એક પ્રસંગ વર્ણવ્યો છે. રંતિદેવના યજ્ઞમાં એટલા બધા બ્રાહ્મણો ઊલટતા કે કોઈક કોઈક વાર રસોઇયાઓને ભૂદેવોને વીનવવું પડતું કે ભગવન્! આજે માંસ ઓછું રંધાયું છે, આજે કેવળ પચીસ હજાર જ પશુ મારેલાં છે. એટલે શાક કચુંબર વધારે લેશો.

તે વખતનો હિંદુ ધર્મ અને આજનો હિંદુ ધર્મ એમાં કેટલું અંતર પડ્યું છે! ગ્રીક લોકોનાં 'હેકેટોમ'ને ફીકા પાડે એવા મોટા મોટા યજ્ઞો કરી સ્વર્ગના દેવોને તેમ જ ભૂદેવોને તૃપ્ત કરીશું, એ તે વખતના ધાર્મિકોના કોડ હતા. પાછળના ધાર્મિકોએ સવાલ ઉઠાવ્યો :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वृक्षान् छित्वा, पशून् हत्वा, कृत्वा रुधिर-कर्दमम्
स्वर्गः चेत् गम्यते मर्यैः नरकः केन गम्यते ?

'ઝાડો તોડીને, પશુઓને મારીને અને લોહીનો કાદવ બનાવીને જો પ્રાણીથી સ્વર્ગે જવાતું હોય, તો નરકે જવાનું સાધન કયું ?' એ ચર્મણ્વતી નદીને કાંઠે કેટલીક લડાઈઓ થઈ હશે! માણસે માણસનું લોહી પણ વહેવડાવ્યું હશે. પણ ચંબલનું નામ લેતાં રાજા રંતિદેવના જમાનાનું જ સ્મરણ થાય છે.

આપણને જો આટલો ઉદ્વેગ થાય છે તો સમસ્ત-પ્રાણી-માતા ચર્મણ્વતીને તે વખતે શું થતું હશે?

૧૯૨૬-'૨૭

૪૧
નદીનું સરોવર

આપણા દેશમાં સૌંદર્યસ્થાનો એટલાં બધાં વેરાયાં છે કે કોઈ એનો હિસાબ જ રાખતું નથી. જાણે કુદરતે ઉડાઉપણું કર્યું એની માણસ એને સજા કરે છે. જેમ આશ્રમમાં ચોવીસે કલાક બાપુજી સાથે રહેવાની અને વાતો કરવાની તક જેમને મળી છે, તે લોકો બાપુજીનું મહત્ત્વ સમજતા મટયા છે અને બાપુજીનો ભાવ પણ પૂછતા નથી, તે જ પ્રમાણે આપણા દેશમાં કુદરતની ભવ્યતાનું થયું છે.

અમે માણિકપુરથી ઝાંસી જતા હતા. રસ્તામાં હરપાલપુર અને રોહા વચ્ચે અચાનક એક વિશાળ સુંદર દૃશ્ય જોયું. આ સરોવર છે કે નદી? એની પણ ખબર ન પડે. આસપાસનાં ઝાડો એટલાં તો કાંઠાની નજીક આવ્યાં હતાં કે આ નદી ન જ હોઈ શકે એમ અનુમાન નીકળતું. પણ સરોવરની તો ચારે બાજુ ઓછીવત્તી ઊંચી હોવી જોઈએ. અહીં સામી બાજુ એક ઊંચો પર્વત આસપાસના જંગલને આશીર્વાદ આપતો ઊભો હતો. અને પાણીમાં જોનાર લોકોને પોતાનું અવળું દર્શન આપતો હતો. દાઢી રાખીને માથું મૂંડાવનાર મુસલમાનોની પેઠે આ પહાડે પોતાની તળેટીમાં જંગલ ઉગાડીને પોતાના શિખરનું તોલું કર્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુલની ડાબી બાજુ પાણીના વિસ્તાર વચ્ચોવચ્ચ એક નાનકડો બેટ હતો, બે એક ફૂટ લાંબો અને એક હાથ પહોળો, અને પાણીના પૃષ્ઠભાગથી કાંઈ નહીં તો ખાસો છ ઇંચ ઊંચો હશે. એટલે આ બેટનો તોર જોવા જેવો હતો. જાણે પાસેના પહાડને કહેતો હોય કે તું તો તીરે ઊભો ઊભો તમાસો જોયા કરે છે, હું જુવો કેવો જલવિહાર કરું છું.—"માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા ઝૂજે (દાઝે) જોને !"

ત્યારે આ નદી છે કે સરોવર? હમણાં જ બેલાતાલ સ્ટેશન ગયું એટલે આ પ્રદેશમાં ઠેકઠેકાણે તળાવો હશે એમ લાગ્યું. પણ ખાતરી ન થઈ. ડબ્બામાં બેસનારા લોકોને પુછાય ખરું, પણ એક તો પેસેન્જર ગાડી હોવા છતાં દિવાળીના દિવસોને કારણે સ્થાનિક મુસાફરો ન હતા, અને હોત તોયે તેઓ ઝાઝી માહિતી આપી શકે એમ થોડી જ આશા રખાય? જમાનાઓ સુધી જીવનયાત્રા વિષમ થવાને કારણે લોકોના જીવનમાંથી તમામ કાવ્ય સુકાઈ ગયું છે. એટલે જે સવાલ પૂછીએ તેનો જવાબ વિષાદમય બેદરકારીનો જ મળે છે. લોકોની ભલમનસાઈ હજી કાંઈક ટકી છે, પણ કાવ્ય, ઉત્સાહ અને કલ્પનાનાં ઉડ્ડયનો હવે સ્મૃતિશેષ જ થયાં છે.

પણ આટલું સુંદર દૃશ્ય જોયા પછી કાંઈ વિષાદના વિચારો સેવાય? મુસાફરીમાં હમેશાં હું એક બે નકશાઓ સાથે રાખું જ છું. બલિહારી આધુનિક જમાનાની, આવાં સાધનો સહેજે મળે છે. મેં Road Map of India (મોટરવાળાનો નકશો) કાઢી જોયો. હરપાલપુર અને મઉરાનીપુર વચ્ચે થઈને એક લાંબી નદી દક્ષિણથી ઉત્તરે દોડે છે, બેતવાને જઈને મળે છે અને બેતવાની મદદથી હિંમતપુર આગળ પોતાનાં નીર જમુનાના ચરણે ધરે છે, 'પણ આ નદીનું નામ શું?' મેં નકશાને પૂછ્યું. એ આળસુ કહે, 'જોને ક્યાંક નોંધેલું પડ્યું હશે.' અને ખરેખર એ જ ક્ષણે નામ જડ્યું—ધસાન! આટલા બધા ડાહ્યા ડમરા શાંત પાણીનું નામ 'ધસાન' શી રીતે પડ્યું હશે? આ તો એનું અપમાન કહેવાય. હું હોત તો આ નદીનું નામ પ્રસન્ના રાખત. મંદસ્રોતા રાખત અથવા હિમાલયની માફી માગીને એને મંદાકિની કહેત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપણને શી ખબર કે જે લોકકવિએ આ નદીનું નામ ધસાન પાડ્યું તેણે તેનું દર્શન કઈ ઋતુમાં કર્યું હશે. ચોમાસું પુર-જોસમાં બેઠું છે, આસપાસના પહાડો વાદળાંને ખેંચી પાડી રગદોળે છે અને મસ્તી કરનારાં નીર હાથીના વેગથી ઉત્તરની દિશાએ ધસે છે, ખબર નથી પડતી કે પાસેની ટેકરીઓ ટકશે કે ગબડી પડશે. એવે વખતે લોકકવિ બોલ્યો હશે, "જુઓ તો આ ધસાન નદીનું તોફાન, જાણે મહારાજ પુલકેશીની સેના ઉત્તર જીતવા નીકળી છે!"

પણ અત્યારે એ નદી એટલી શાંત લાગતી, કે જાણે ગોકુળમાં તોફાન કર્યા પછી જશોદા માતા આગળ ગરીબ ગાય બનેલો કનૈયો!

સવારે ઊઠીને નાસ્તા વખતે આટલી અણધારી ઉજાણી મળી એટલે એને કોણ છોડે?

ધરાઈને ખાધા પછી સગાંવહાલાંનું સ્મરણ થવાનું જ. હવે આ ધસાનનું મંગલદર્શન ઇષ્ટ મિત્રોને શી રીતે કરાવાય? નથી પોતાની પાસે કૅમેરો અને નથી ટ્રેનમાંથી ફોટો પાડવાની સગવડ. અને ફોટોનું ગજું કેટલું? ફોટોમાં જો બધો આનંદ મવડાવી શકાત તો રખડવાની તકલીફ કોઈ ન લેત. હું કવિ હોત તો આ દૃશ્ય જોઈ હૃદયના ઉદ્‌ગારોની એક સરિતા જ ધસાવત. પણ એ પણ ભાગ્યમાં નથી. એટલે દૂધની તરસ છાસથી છિપાવવાને ન્યાયે આ કાગળ લખું છું. ભારતની ભક્તિ માણનારો કોઈ સમાનધર્મા ઝાંસીથી પચાસ માઈલ અંદર આવેલે આ ઠેકાણે દર્શને જરૂર આવશે.

સ્ટેશન બરવાસાગર, ૧૪-૧૧-'૩૯

તા. ૧૯-૧૧-'૩૯

ધસાનથી આગળ વધ્યા અને ઓરછા આગળ બેતવા નદી જોઈ. એ નદી પણ સારી પેઠે રૂપાળી હતી. એના પ્રવાહમાં કેટલાયે પથરા અને કેટલાંયે ઝાડો હતાં. એના લાવણ્યમાં અલૂણું કહેવાય એવું કશું ન હતું. દૂર દૂર ઓરછાનાં મંદિરો અને મહેલો દેખાતાં હતાં, ક્યાંય કાદવનું દર્શન ન મળે. આ અનાવિલા નદી જોઈને ઝાંસી પહોંચ્યા. ત્યાં શ્રી મૈથિલીશરણના ભાઈ— સિયારામશરણ અને ચારુશીલાશરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના પરિવારના બીજા ભાઈઓ સાથે ખાવાનું લઈને આવ્યા હતા. મારા મનમાં શંકા હતી કે કાવ્યો વાંચી વાંચીને કાવ્યો ઉપજાવનારા આપણા કવિઓ જેમ કુદરતનું પ્રત્યક્ષ દર્શન હૃદયથી કરતા નથી, તેમ આ કવિભાઈઓએ પણ ધસાન અને બેતવા વિષે કશું લખ્યું ન હોય એટલે મેં એમને સીધેસીધું કહ્યું કે, જો એ બે નદીઓ વિષે તમે કશું ન લખ્યું હોય તો નિંદાને પાત્ર છો ! સિયારામશરણે પોતાના વિનયથી મને પરાસ્ત કર્યો. એમણે કહ્યું, "ભૈયાજીએ (મૈથિલીશરણ) તો આ નદીઓ વિષે ગાતાં કહ્યું છે કે શોભામાં તો બુંદેલખંડની આ નદીઓ ગંગા-યમુના કરતાંયે ચઢી જાય, એટલે મારા મોટાભાઈ તો તમારા ઉપાલંભમાં આવતા નથી. મેં પોતે આ નદીઓ વિષે લખ્યું નથી એ ખરું, પણ હું ક્યાં ઘરડો થયો છું. મારે તો હજીયે ઘણું લખવું છે."

એમની પાસેથી મેં જાણ્યું કે ધસાનનું મૂળ નામ દશાર્ણ હતું. અને બેતવા તે વેત્રવતી એની મને ખબર હતી. દશાર્ણ = દશાઅણ = દશાણ = ધસાન. આટલું ધ્યાનમાં આવ્યા પછી ધસાન નામ વિષે મેં કરેલી ઉટપટાંગ કલ્પના ભેખડની પેઠે તૂટી પડી. કશા પુરાવા વગર કેવળ કલ્પનાને જોરે સંશોધન કરનાર મારા જેવા આ દેશમાં કેટલાયે હશે. એમની ભૂલ બતાવવા જેટલું જાણનાર કોઈ ન હોવાથી આવી નરી કલ્પના પણ ઇતિહાસ તરીકે રૂઢ થઈ જાય અને આગળ જતાં રૂઢિના અભિમાનીઓ ઝનૂનપૂર્વક એવી કલ્પનાને પણ વળગવા માગે !

મેં એક વાર 'વતી-મતી'વાળી નદીઓનાં નામ ભેગાં કર્યાં હતાં, તેથી જ વેત્રવતી ધ્યાનમાં રહી હતી. જેને કિનારે નેતર ઊગે છે, તે વેત્રવતી. દૃષદ્વતી (પથરાવાળી), સરસ્વતી, ગોમતી, હાથમતી, વાઘમતી, ઐરાવતી, સાબરમતી, વેગમતી, માહિષ્મતી (?), ચર્મણ્વતી (ચંબલ), ભોગવતી (?), શરાવતી. આટલી નદીઓ તો હમણાં યાદ આવે છે. બહુ શોધવા જઈએ તો હજીયે પાંચદશ મળી આવે. મહાભારતમાં જ્યાં તીર્થયાત્રા પ્રકરણ આવે છે ત્યાં કેટલાંય નામો ભેગાં કહેલાં છે. પરશુરામ, વિશ્વામિત્ર, બળરામ, નારદ, દત્તાત્રેય, વ્યાસ, વાલ્મીકિ, સૂત, શૌનક વગેરે પ્રાચીન રખડુ ભૂગોળવેત્તાઓને પૂછ્યું હોય, તો તેઓ ઘણાં નામો આપશે. અથવા ઉપજાવી કાઢશે. આપણી નદીઓનાં નામો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ રહેલી માહિતી, કલ્પના, કાવ્ય અને ભક્તિ વિષે હજીયે કોઈએ શોધખોળ કરી જ નથી. પછી ભારતીય જીવન પાછું સમૃદ્ધ શી રીતે થશે?

નવેમ્બર, ૧૯૩૯

૪૨

નિશીથ-યાત્રા

જબલપુર નજીકના ભેડાઘાટ પાસે આવેલા નર્મદાના પ્રવાહનું રક્ષણ કરનારા સંગેમરમરના પહાડો અમે રાત્રિએ જોઈ આવીશું એવી કલ્પના મધ્યરાત્રિના સ્વપ્નમાં પણ આવત નહીં. પણ 'સબિન્દુસિન્ધુ સુસ્ખલત્ તરંગભંગ રંજિતમ,' એવું જેનું વર્ણન એક કાળે સંધ્યાવંદન સાથે અમે ગાતા હતા તે શર્મદા નર્મદાનાં દર્શન કરવા માટે એ એક સુંદર કાવ્યમય સ્થાન હોવું જોઈએ એવો એક અસ્પષ્ટ ખ્યાલ મનના કોઠારમાં ક્યાંક સંઘરાયો પડ્યો હતો.

હિમાલયની યાત્રાએ જતાં રસ્તામાં હું જબલપુરમાં ઊતર્યો હતો, પણ ત્યારે ભેડાઘાટની નર્મદાનું સ્મરણ સુધ્ધાં નહોતું થયું. ગંગોત્રી અને શ્રીનગરના ચિંતન આગળ નર્મદાનું સ્મરણ ક્યાંથી થાય? નર્મદા-કાંઠાની ગહનતાના મહાદેવને છોડી, હું ગંગોત્રીની યાત્રાએ નીકળ્યો હતો.

ફૈઝપુર કૉંગ્રેસ વખતે ફક્ત અજંટા જવાનું અમે ઠરાવ્યું હતું. પણ રેલવે કંપનીએ ઝોન ટિકિટો કાઢી અમારામાં આડોઅવળો વધુ પ્રવાસ કરવાની વૃત્તિ જગાવી. જબલપુરની યાત્રા મફત થાય છે તો જવામાં હરકત શી? — એવો વિચાર કરી અમે નીકળ્યા. અમે કોઈ ખાસ કામ નિમિત્તે જબલપુર જતા નહોતા એ ખરું; પણ કેવળ એક દિવસની મોજ કરવી એવી પણ અમારી વૃત્તિ નહોતી.

દેશમાંનાં જુદાં જુદાં ધાર્મિક સ્થળો, ઐતિહાસિક સ્થાનો, કલા-મંદિરો અને નિસર્ગરમણીય દૃશ્યો જોવાં એને મેં કદી નરી નયનતૃપ્તિ માની નથી. મંદિરમાં જઈ જેમ આપણે દેવદર્શન કરીએ છીએ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ રીતે ભૂમિમાતાની આ વિવિધ વિભૂતિનાં દર્શને આવ્યો છું એવી જ ભાવનાથી મેં મારી સઘળી યાત્રાઓ આજ સુધી કરી છે. મારા દેશની રગેરગની માહિતી મને હોવી જોઈએ અને એ માહિતી સાથોસાથ ભક્તિની પણ વૃદ્ધિ થવી જોઈએ એવી મારી અપેક્ષા હોય છે.

જેમ જેમ હું પ્રવાસ કરું છું અને અભિમાન તથા પ્રેમથી હૃદય ભરાઈ જાય એવાં દશ્યો જોઉં છું તેમ તેમ એક વાત મને અસ્વસ્થ કર્યા જ કરે છે : આવડો સુંદર અને ભવ્ય આ મારો દેશ પરતંત્ર છે એને માટે હું જવાબદાર છું. પારતંત્ર્યનું લાંછન કપાળે લઈને હું આ અદ્ભુત-રમ્ય દેશની ભક્તિ પણ શી રીતે કરું એમ મને લાગી આવે છે. આ દેશ મારો જ છે એમ શું મારાથી કહી શકાય? હું દેશનો છું એમાં તો શંકા નથી; કારણ કે દેશે મને જન્મ આપેલો છે; તે જ મારું પાલનપોષણ અખંડ કરે છે, તે જ મને રહેવાને સ્થાન, ખાવાને અન્ન અને આરામ માટે આશરો આપે છે; મારાં બાળબચ્ચાંને એના જ આધારે હું નિશ્ચિંતપણે છોડી શકું છું; જે ઉજ્જ્વલ ઇતિહાસ વડે હું જગતમાં ઊંચું માથું કરીને ચાલું છું એ આર્યોનો પ્રાચીન ઇતિહાસ પણ દેશે જ મને આપ્યો છે. આમ, મારું સર્વસ્વ મને દેશ પાસેથી જ મળ્યું છે. પણ આ દેશ મારો છે એમ કહેવાયોગ્ય દેશને સારુ મેં શું કર્યું છે? મારો જન્મ થવાની સાથે હું તો દેશનો થયો, પણ દેશને મારો છે એમ કહેતા પહેલાં મારે જિંદગીભર ખપી જવું જોઈએ.

આ જાતનું વિચાર-વમળ મનમાં ઊઠી હું ક્ષણભર અસ્વસ્થ થાઉં છું, પણ એ અવસ્થામાંથી જ ધર્મનિષ્ઠા ઉત્પન્ન થઈ દૃઢ થાય છે. આ અસ્વસ્થતાને લીધે જ સ્વરાજ્યસંકલ્પ બળવાન બને છે અને દેશ ખાતર — દેશમાં અસહ્ય કષ્ટ ઉઠાવનારા ગરીબો ખાતર — યત્કિંચિત્ પણ કષ્ટ સહન કરવાની સંધિ મળે છે ત્યારે ઉપકૃત થયા જેવું લાગે છે. અને જેમ જેમ પ્રવાસ કરતો જાઉં છું તેમ તેમ અંગમાં નવી શક્તિનો સંચાર થતો લાગે છે. જુવાનોને હમેશાં જ હું કહેતો આવ્યો છું કે, ‘સ્વદેશમાં ફરીને દેશનાં અને દેશના લોકોનાં દર્શન કરવાની એક પણ તક ન ગુમાવતા.’

पुस्तकालय
गुरुकुल काँगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના પ્રકારની ઉત્કટ ભાવના જ્યારે હૃદયમાં ઉદય પામે છે ત્યારે પાસે કોઈ ન હોય તો સારું એમ થાય એ સ્વાભાવિક છે. આપણી નાજુક ભાવનાઓ લખીને લોકો સમક્ષ મૂકવી એ એટલું કઠિન નથી. પણ એ ભાવનાથી અસ્વસ્થ થતાં આપણી જે વિહ્વળ દશા થાય છે ને આપણે જે ઘેલાં કાઢીએ છીએ તે કોઈની નજરે પડે એ આપણાથી સહન નથી થતું. આથી હું જયારે જ્યારે ભક્તિયાત્રાએ નીકળું છું ત્યારે ત્યારે મને લાગે છે કે, હું એકલો જ જાઉં અને એકાંતમાં જ નિસર્ગનો અનુનય કરું તો ઠીક.

પણ મારી જાત કાગડાની, એકલાં એકલાં સેવન કરેલું કંઈ જ મને પચતું નથી. એટલે હું અનિચ્છાએ પણ બધાને કહી વળું છું કે, 'મારાથી હવે થોભાવાનું નથી, હું તો આ નીકળ્યો.' અને પરિણામે કોઈ ને કોઈ સાથે આવે જ છે. લોકોને થાય છે કે જોડે જવાથી આપણાં ચર્મચક્ષુને એના પ્રેમચક્ષુની મદદ મળશે અને આપણો દેશ આપણે ચાર આંખે ધરાઈને જોઈ શકીશું. આ જ મારી સ્થિતિ મારા એક મિત્રને મેં એક વાક્યમાં જણાવી હતી કે, 'હું શોધું છું એકાન્ત, પણ સાધું છું લોકાન્ત.'

છેવટે આ બધાનું એ પરિણામ આવે છે કે, મારે સમુદાય જોડે પ્રવાસ કરવો પડે છે અને તેથી મારે મારી ઊછળેલી મનોવૃત્તિઓ દબાવવી પડે છે અને એક બાજુ મન અંતર્મુખ બનીને ચિંતનમગ્ન હોવા છતાં બીજી બાજુ બહારની મંડળીના વાતાવરણને અનુકૂળ થવું પડે છે.

પ્રવાસમાં શું કે ગમે તેવા મહત્ત્વનું કામ કરતાં શું, જો મંગળાચરણમાં એકાદુંયે વિઘ્ન ન નડે તો મને કંઈક ગુમાવ્યા જેવું લાગે છે. નિર્વિઘ્ન પ્રવૃત્તિ મારી સ્વપ્નસૃષ્ટિમાંયે મેં દેખી નથી, તો જાગૃતિમાં તો એ ક્યાંથી જ આવે? મોટા ઉત્સાહથી અમે ભુસાવળથી નીકળ્યા અને ઇટારસીમાં પહેલી જ ઠેસ વાગી. અગાઉથી જણાવ્યા છતાં ઇટારસીના સ્ટેશન માસ્તર અમારે સારુ કંઈ વ્યવસ્થા કરી શક્યા ન હતા. નવો ડબો જોડવામાં આવે તો એંજિનમાં તે ખેંચવાની તાકાત નહોતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ, ઇટારસીની પહેલાં જ, ગાડીને વધુમાં વધુ ડબ્બા જોડાયા હતા ને સઘળા ડબ્બામાં માણસો ખીચોખીચ ભરાયાં હતાં.

હવે અહીંથી જ પાછા જવું કે શું ! કેવડી નિરાશા ! ! એક વિચાર આવ્યો કે મન વાળીએ અને આંસુ લૂછવા સારુ અહીંથી હોશંગાબાદ સુધી મોટરમાં જઈ નર્મદામાતાનાં દર્શન કરીએ ને ફૈઝપુર તરફ પાછા ફરીએ; પણ એટલી હિંમત હારવાનીયે હિંમત ન થવાથી છેવટે અમે આવેલી ગાડીમાં જેમતેમ કરીને ઘૂસ્યા.

જબલપુર જઈને સ્થાનિક એક બે સજ્જનોની મદદથી અમે નજીકની એક ધર્મશાળામાં જઈ પહોંચ્યા અને મોટર મેળવવાની મહેનતમાં પડ્યા.

એકાદ મોટો સંઘ સાથે લઈને પ્રવાસ કરવામાં જે વ્યવસ્થા-શક્તિની આવશ્યકતા છે તે જ યુદ્ધોમાં મોટાં સૈન્યોની હિલચાલ કરવા માટે જરૂરી હોય છે. એકાદ આશ્રમ, એકાદી સંસ્થા, એકાદું મંદિર અથવા નાનાંમોટાં સંસ્થાન ચલાવવામાં જે ગુણ અને શક્તિનો વિકાસ થાય છે તેનો જ ઉપયોગ એકાદ રાજ્ય અથવા સામ્રાજ્ય ચલાવવામાં થાય છે. કોઈ બાહોશ ખેડૂત તક મળતાં ઉત્તમ કારભારી થઈ શકે છે; અને જબરાં કારખાનાં ચલાવનાર કલ્પક અને યોજક કારખાનદાર એકાદ સામ્રાજ્યનાં સૂત્રો સુખેથી ચલાવી શકે છે. પ્રવાસમાં મનુષ્યની જાતજાતની કુશળતાની પરીક્ષા થાય છે. અને એમાં યોગ્યતાવાળા પુરુષો — અને સ્ત્રીઓ પણ — એ રીતે આપોઆપ આગળ નીકળી આવે છે.

આ વિચાર અહીં કેમ સૂઝ્યો એ જણાવવા સારુ નહીં થોભીએ. આપણે વેળાસર ભેડાઘાટ પહોંચવાનું છે, અને વરસાદ તો જાણે ‘ આ આવ્યો ’ એમ તોળાઈ રહ્યો છે. ખરું જોતાં તો આ કંઈ વરસાદના દિવસ નથી; પણ હિંદુસ્તાનના ચારે ખૂણાના લોકો ફૈઝપુરની મહાસભામાં જઈ રહ્યા છે ત્યારે વરસાદને થયું કે આપણે પણ જુદાં જુદાં સ્થાનો જોતા ચાલો ફૈઝપુર થઈ આવીએ. પણ શિયાળાના દિવસોમાં વરસાદના પગમાં જોર નથી હોતું; એટલે દોડતાં દોડતાં તે રસ્તામાં જ તૂટી પડ્યો ને ફૈઝપુર સુધી પહોંચી શક્યો નહીં ! તેના હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરાજ્યની જ્યોત હોત તો કદાચ લોકોએ તેને ઊઠીને આગળ ધપવા માટે મદદ કરી હોત.

હશે. અમારી બંને મોટરો તેલ-વેગે ઊપડી અને સંધ્યાકાળને વખતે અમે ભેડાઘાટ પહોંચ્યા. સંગેમરમરના ખડકો જોવા સારુ આ પહેલાં આવે વખતે કોઈ આવેલું નહીં હોય. પણ કુદરત-ઘેલાને વળી વખતની સાથે શું લાગેવળગે?

* * *

અહીં આવીને અમે મોટી દુવિધામાં પડ્યા. નજીક જ એક ટેકરી પર મહાદેવનું મંદિર ઘેરીને ચોર્યાસી યોગિનીઓ તપ કરતી બેઠી હતી. તપ કરતાં કરતાં અહલ્યાની પેઠે તે શિલારૂપ બની ગઈ હશે. રામના ચરણનો સ્પર્શ થવાને બદલે મુસલમાનોના દંડાઓનો સ્પર્શ થવાને લીધે એમાંની ઘણીખરી યોગિનીઓની ભારે દુર્દશા થયેલી છે. આ ટેકરીઓની પેલી પાર ધુવાંધાર નામથી ઓળખાતો એક પ્રખ્યાત ધોધ છે. એ જોવા જવું કે સંગેમરમરના ખડકો જોવા સારુ નૌકાવિહાર કરવો?

વિહાર કરવા સારુ નૌકા માત્ર બે જ હતી, એટલે અમે બધાં કોઈ એક વાત પર એકમત થઈએ એમાં લાભ નહોતો. માટે અમે બે ટુકડીઓ પાડી. આ સ્થાન સંગેમરમરના ખડકો માટે જ પ્રસિદ્ધ હોવાથી મોટી ટુકડીએ એ બાજુ જવાનું પસંદ કર્યું. થોડુંક અજવાળું છે તેટલામાં એ બાજુ જોઈ લેવામાં જ ડહાપણ હતું એમાં શક નહીં. અમારી બીજી ટુકડીએ યોગિનીઓનાં દર્શન કરી ધુવાંધાર જવાનું નક્કી કર્યું અને અમે પગથિયાં ચડવા લાગ્યા. સર્વે યોગિનીઓનાં દર્શન અમે અમારા હાથમાંની એક વીજળીની નાની મશાલની મદદથી કર્યાં! મૂર્તિઓ સુંદર રીતે કોતરેલી ને કલાપૂર્ણ લાગી. મંદિરમાંના મહાદેવ તથા તેમનો નંદી પણ જોવાલાયક છે.

મનમાં વિચાર આવ્યો કે જ્યારે એકાદ લડાઈમાં આપણે ઘાયલ થઈએ છીએ ત્યારે તરત ઇલાજ કરીને આપણે સારાં થઈએ છીએ. ગામમાં કોઈ રોગચાળાથી માણસો મરે ત્યારે તેમને તરત બાળી કે દાટી દઈએ છીએ. જમીન પર દૂધ ઢોળાય તો એના અભદ્ર ડાઘા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન પર રહેવા ન જોઈએ એમ માની આપણે તે લીંપી નાખીએ છીએ. એવો મનુષ્યસ્વભાવ હોવા છતાં આપણી ખંડિત મૂર્તિઓ આપણે કેમ જેમની તેમ રહેવા દીધી છે? ધર્માન્ધ મુસલમાનોના અત્યાચારોનું સ્મારક રાખવા? કે આપણી કાયરતા અને સામાજિક બેજવાબદારીની કબૂલાત તરીકે? અપ્રતિમ કલામૂર્તિઓ તૈયાર કરવાનો કસબ આપણા દેશમાંથી નષ્ટ થયો હોય તો આવા પ્રાચીન અવશેષના નમૂના સાચવી રાખવા એ યોગ્ય ગણાત. પણ મેં જોયું છે કે આબુ પરના દેલવાડાના મંદિરમાં આરસની કારીગીરી કરનારાં કુટુંબોની કાયમી નિમણૂક કરવામાં આવી છે અને મંદિરમાંના કોઈ પણ ભાગમાં કાંઈ ભાંગફોડ થઈ કે તરત અસલ જેવી જ તેની દુરસ્તી કરી લેવામાં આવે છે; અને એ જ રીતે લાહોરના મ્યૂઝિયમમાં પણ મેં જોયું છે કે મૂર્તિનો એકાદ કુશળ સર્જન ઘાયલ થયેલી મૂર્તિના હાથ પગ નાક હોઠ વગેરે સિમેન્ટની મદદથી બેમાલૂમ રીતે સાંધી સુધારી શકે છે. પરંતુ આપણાં મંદિરો યોગ્ય અથવા પુરુષાર્થી લોકોના તાબામાં છે જ ક્યાં? 'ધણી વગરનાં ઢોર' જેવી આપણા સમાજની સ્થિતિ છે!

યોગિનીઓના આશીર્વાદ લઈ અમે ટેકરી ઊતરવા લાગ્યા. હજુયે થોડો થોડો પ્રકાશ હતો એટલે અમે હસતાખેલતા પણ ઉતાવળે ધુવાંધારની શોધે નીકળ્યા. આગળ થનારાઓની લગામ ખેંચવાનું અને પાછળ રહેનારાઓને ચાબુક ચોડવાનું કામ એક જ જીભને કરવાનું હતું. મારો અનુભવ છે કે તાજી આઝાદીથી છૂટેલ ઘેટા વાછરડાને જેમ જેમ પાસે લાવવા પ્રયત્ન કરીએ તેમ તેમ સંઘ છોડીને દૂર દૂર ભટકવામાં તેમને મોટી બહાદુરી લાગે છે. અને પછી તેમના પર ગુસ્સે થઈ તેમને પાછાં આણવામાં પડતા કષ્ટને કારણે સંઘપતિને પણ પોતાનું મહત્ત્વ વધ્યા જેવું લાગે છે. પરસ્પરની ખેંચતાણના ત્રાસની મજા બંનેથી છોડાતી નથી.

જ્યાં જોઈએ ત્યાં સફેદ સફેદ પથ્થર. જબલપુરનો જ એ પ્રદેશ! પણ એક ઠેકાણે અમને શંખજીરાનું એક ખેતર જ મળી આવ્યું. શંખજીરું એ એક અદ્ભુત વસ્તુ છે. પથ્થર તો ખરો જ; પણ બિલકુલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીસો. જાણે પેન્સિલમાંનું સીસું. નાનપણમાં એક વખત મને સંગ્રહણી થયેલી ત્યારે આ શંખજીરાની ભૂકી વસ્ત્રગાળ કરી માવાની બરફીમાં નાખી ખવડાવી હતી. ત્યારથી શંખજીરા પર મારી શ્રદ્ધા બેઠી હતી. આંતરડાંમાં મરડાથી જ્યાં જ્યાં જખમો પડ્યા હોય ત્યાં ત્યાં આ ભૂકી ભરાઈને તે પૂરવામાં મદદ કરે છે. અને જખમ પુરાઈ જતાં પેટમાંથી આપોઆપ નીકળી જાય છે. પથ્થરની ભૂકી એ થોડી જ પચવાની છે! પેટમાં રહે તો રોગ થાય. પણ પોતાનું કામ પૂરું થતાંવેંત ઉપકારનાં વચનો વસૂલ કરવા સારુ પણ તે વધુ દિવસ રહેવાની ભૂલ નથી કરતી.

હવે તો ચારે બાજુ ઠીક ઠીક અંધકાર જામી ગયો. સર્વત્ર ભયંકર એકાંત હતું અને અફાટ સમુદ્રમાં કોઈ વહાણ ચાલે તેમ એ એકાંતને કાપતી અમારી ટુકડી આગળ વધતી હતી. હવા કાંઈક ગૂંગળાયેલી લાગતી હતી. ક્યારે વરસાદ આવે એનો નેમ નહોતો. આકાશમાં જોયું તો કાળાં કાળાં અભ્રો વચ્ચે એક બાજુ એક જ તારકા ચળકતી હતી:—ચળકતી શાની? દુ:ખે કષ્ટે બિચારી સહેજ ડોકિયું કરતી હતી. એક મોટા વિશાળ મકાનમાં કોઈ એકાકી વૃદ્ધા ગોખમાં બેસીને ખાલી રસ્તા પર જોતી હોય એમ. અમે આગળ ચાલ્યા. હવે જમીન ઠીક ઠીક ભીની હતી, વચ્ચે વચ્ચે પાણી અને કીચડનાં ખાબોચિયાં પણ આવતાં.

અંધારું ખૂબ વધી ગયું. ખાડાખડબામાંથી રસ્તો કાઢવો મુશ્કેલ પડવા લાગ્યો. આગળ જવાનો ઉત્સાહ ખૂબ ઓછો થઈ ગયો. આવી મુશ્કેલ જગ્યાએ અંધારી રાતે અમે અહીં સુધી આવ્યા એને જ પ્રવાસનો આનંદ માની અમે પાછા જવાનો વિચાર કર્યો. આવા નિર્જન અને ભયાનક સ્થળે ચોર ભેટે તો!—એવી શંકા મનમાં આવી.

કેટલાક લોકોને એકલા પ્રવાસ કરતાં ચોર-ચપેટાની બીક લાગે છે. મોટા સમુદાય હોય તો બીક જાણે સઘળામાં વહેંચાઈ જઈ, પ્રત્યેકને ફાળે બહુ ઓછી આવે છે અને એકમેકના આધારે પ્રત્યેક જણ પોતાની બીક મનમાં ને મનમાં પણ દાબી દઈ શકે છે. કેટલાક લોકોનું એથી ઊલટું જ હોય છે. એકલા હોતાં તેમને પોતાની કંઈ જ પરવા નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોતી. પોતાનું ચાહે તે થાય. મારામારી કરવાનો પ્રસંગ આવે તો મનસુરાદ લડતાં લડતાં આબરૂભેર આખે શરીરે માર ખાઈ લેવામાં કંઈ વિશેષ નુકસાન નથી; અને અહિંસક વૃત્તિ હોય તો ગુસ્સો ન કરતાં કે ડરીને નાસી ન જતાં માર ખાતા રહેવાની મજા કંઈ જુદી જ છે; કારણ કે સત્યાગ્રહી વૃત્તિએ ખાધેલો માર દેનારાને જ નડે છે કેમ કે અહિંસકને મારનારો પ્રત્યેક ક્ષણે પોતાના જ મન સમક્ષ ફજેત થાય છે.

પરંતુ જ્યારે મોટી ટોળી સાથે હોય છે ત્યારે પ્રત્યેક જણ કેમ વર્તશે, એની આપણને ખાતરી નથી હોતી. છોકરાંઓ અથવા બૈરાંઓ સાથે હોય ત્યારે જુદી રીતે જ વિચાર કરવો પડે છે. પોતાની જાતને સંકટમાં નાખવામાં જે લિજ્જત હોય છે તે એવે પ્રસંગે અનુભવવામાં નથી આવતી. બધા જ સત્યાગ્રહી હોય તો જુદી વાત, પણ મોટું ખિચડાટોળું સાથે લઈને સંકટને ઠેકાણે કદી પણ જવું નહીં. શ્રીકૃષ્ણના કુટુંબ-કબીલાને લઈને જનારા વીર અર્જુનની પણ કેવી દશા થઈ તે આપણે પુરાણોમાં વાંચીએ જ છીએ.

આ આવા અંધારામાં ખડકો વચ્ચે થઈને ક્યાં સુધી જવું અને ત્યાં શું જોવા મળવાનું, એની કલ્પના ન હોવાથી અહીંથી જ પાછા જવું સારું એવો વિચાર મનમાં આવ્યો. એટલામાં જમણી બાજુએ એક નાનીશી તૂટીફૂટી ઝૂંપડી નજરે પડી. આવા નિર્જન પ્રદેશમાં ચોર પણ શાની ચોરી કરે? પણ ચોરી કરીને થાક્યા પછી શાંત અને નિશ્ચિંતપણે બેસવા સારુ આ જગ્યા સરસ છે. ચોરોની શોધ કરવા નીકળેલા લોકોને અહીં સુધી આવવાની કલ્પના સરખી ન આવે. ત્યારે શું આ ઝૂંપડીમાં નિરંજનનું ધ્યાન ધરનારો કોઈ અલખ-ઉપાસી સાધુ રહે છે? અમે નજીક ગયા. અંદર કોઈ જ નહોતું! ત્યારે તો આ ઝૂંપડી સાધુની ન હોય. ફકીર આખો દિવસ ગમે ત્યાં રખડે પણ રાતે તો પોતાની મસીદમાં આવવાનું ન જ ચૂકે. અને બાવો હોય તો તેની રાત બહાર ક્યાંયે ન વીતતાં પોતાની સહચરી આગની ધૂણીના સહવાસમાં જ જવાની.

ત્યારે તો આ ઝૂંપડી માછલાં મારનાર માછીમારોની હોવી જોઈએ. ચાહે તેની હો, આપણને તેનું શું? આપણે થોડી જ આજની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત અહીં કાઢવાની છે? થોડેક આગળ જતાં ખાતરી થઈ કે રસ્તો વગેરે ઠીક ન હોવાથી હવે આગળ અંધારામાં જવું એ કેવળ કષ્ટને જ નોતરવા જેવું છે. એટલે મેં હુકમ છોડ્યો, 'ચાલો, હવે આપણે પાછા ફરીએ.' એટલામાં કેમ જાણે સત્ત્વપરીક્ષા પૂરી થઈ હોય તેમ વાદળાં થોડાંક હટ્યાં અને બરાબર માથે આવેલા ચંદ્રે 'પશ્યાશ્ચર્યાણિ ભારત', કહીને આસપાસનો પ્રદેશ પ્રકાશિત કર્યો. સૂર્ય બધું જ પ્રગટ કરી દેતો હોવાથી તેના પ્રકાશમાં કંઈ કાવ્ય નથી હોતું. અંધારી રાતે આકાશમાંના તારામાં વિચરનારી દૃષ્ટિને ચંદ્ર પૃથ્વી પર મોકલે છે ને કહે છે: થોડુંક આંખોથી જુઓ અને બાકીનું બધું કલ્પનાથી ભરી કાઢો.

ચન્દ્રે કાંઈક મદદ કરી અને દૂર દૂરથી ધુવાંધારનો ઘોષ પણ સંભળાવા લાગ્યો. મારો હુકમ બાજુએ જ રહ્યો અને બધા પગ જોરથી આગળ ઊપડવા લાગ્યા. થોડાક જ આગળ ગયા ત્યાં જાણે દૂધનો સ્રોત વહેતો હોય એવો ધુવાંધાર નજરે પડ્યો. સર-સર ધબ-ધબ! સુળમુળ ધબ-ધબ! કર્ ર્ ર્ ર્ ધબ-ધબ! ધબ-ધબ; ધબ-ધબ! ઉન્મત્ત પાણી વહ્યે જ જતું હતું અને એ પાણીમાંથી બહાર નીકળતી સીકરવૃષ્ટિ સર્વત્ર પ્રસરતી હતી. વૃષ્ટિ શાની? તુષારનો ફુવારો જ! કેટલું બધું અતિથિશીલ! આ સૂક્ષ્મ જીવનકણોએ અમારી આ જીવનક્ષણોનું સાર્થક્ય કર્યું. ચંદ્ર હસતો હતો, પાણી રમતું હતું, તુષાર ઊડતા હતા, હવા ઝૂલતી હતી ને અમે ડોલતા હતા. આ જુઓ, આ જુઓ, ત્યાં જુઓ, કેવી મજા છે, એવા ઉદ્‌ગારોનો ધોધ જોતજોતાં શરૂ થયો. અમારી સાથે આવેલા સ્વયંસેવક ભોમિયાએ જુદી જુદી ઋતુમાં ધુવાંધાર કેવો દેખાય છે તેનું વર્ણન કરવાની શરૂઆત કરી. અહીં લોકો તરવા કેમ આવે છે, ક્યાંથી ડૂબકી મારી શકાય છે, ઉનાળામાં ધુવાંધારની ઊંચાઈ કેટલી હોય છે વગેરે કેટલીક માહિતી તેણે અમને સંભળાવી, અને પોતાની માહિતી અને રસિકતા બદલ અમારી પાસેથી એણે પોતાની કદર કરાવી લીધી. હવે બધા શાંત થયા. અને એકધ્યાને ધુવાંધારની સાથે એકરૂપ થવામાં ગરક થયા. કેટલાં ભવ્ય-પાવન દર્શન એ! અરણિના મંથનમાંથી પ્રથમ ગરમી પેદા થાય છે; એ પછી ધુમાડો નીકળવા લાગે છે; અને ધુમાડો વધતાં એમાંથી તણખા ખરે છે ને પછી ભડકો નીકળવા લાગે છે. એ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે નિસર્ગયાત્રાથી પ્રથમ કુતૂહલ જાગ્રત થાય છે, તેમાંથી અદ્ભુતતા જન્મ લે છે અને તે સારી રીતે એકઠી થતાં, એકાએક ભક્તિનો ઉમળકો બહાર પડે છે. 'ચાલો આપણે અહીં શિલા પર બેસીને પ્રાર્થના કરીએ.' પ્રાર્થના માટે આવું પવિત્ર સ્થાન ને આવો શુભ કાળ હમેશાં નથી મળતો. સર્વે જણ ટપોટપ ફાવે ત્યાં ગોઠવાઈ ગયા અને 'યં બ્રહ્મા વરુણેન્દ્ર . . . .'નો ધ્વનિ ધુવાંધારને કાને પડ્યો.

જેમ જુદા જુદા વખતે જુદા જુદા રાગ ગાવામાં આવે છે તેમ મને જુદે જુદે સ્થળે જુદાં જુદાં સ્તોત્ર સૂઝે છે. હિંદુસ્તાનની દક્ષિણે કન્યાકુમારી ત્રણ વખત ગયો હતો તે વેળા મને ગીતાનો દસમો તથા અગિયારમો અધ્યાય સૂઝ્યો હતો. વિભૂતિયોગ અને વિશ્વદર્શનયોગનો ઉત્કટ પાઠ કરવા સારુ એ જ યોગ્ય સ્થાન છે. અને જ્યારે સિલોનના મધ્ય ભાગે — અનુરાધાપુર નજીક — મહેન્દ્ર પર્વતના શિખર પર સંધ્યાસ્તે પહોંચ્યો હતો, ત્યારે પાટલિપુત્રથી આકાશમાર્ગે આવી, આ શિખર પર ઊતરનારા મહેન્દ્રનું સ્મરણ કરી હું ઈશાવાસ્યોપનિષદ બોલ્યો હતો. અનાત્મવાદી બુદ્ધ શિષ્યોના આત્માને ઈશોપનિષદ સાંભળી શું થયું હશે દૈવ જાણે! અને પૂનાથી શિવનેરી ગયો હતો ત્યારે મસીદની ઊંચી ભીંતનાં પગથિયાં ચડી, શ્રી શિવાજી મહારાજના બાલ્યકાળની ક્રીડાભૂમિનાં દૂરથી દર્શન કરવા લાગતાં, કોણ જાણે કેમ, માંડુક્યોપનિષદ ઠીક લાગ્યું. એ ઉપનિષદ શ્રી સમર્થને પ્રિય હતું એમ માનવાનો ક્યાંયે પુરાવો નથી. પણ 'नान्तःप्रज्ञं न बहिःप्रज्ञं नोऽभयतः प्रज्ञं न प्रज्ञानघनम् न प्रज्ञं नाप्रज्ञम् ।' એ કંડિકા બોલવા લાગતાં કેમ જાણે શિવકાલીન મહારાષ્ટ્ર તેમ જ આત્મારામની અભેદ-ભક્તિ કરનારા સાધુસંતો જોડે હું તદ્દન એકરૂપ થઈ જતો હતો. 'નથી જોઈતું આ જુદું વ્યક્તિત્વ; એકરૂપ સર્વરૂપ થઈ જઈએ આ સમસ્ત દૃશ્ય સાથે' એમ તે વખતે થઈ ગયું હતું. ધુવાંધારની મસ્તી અને તેના તુષારનું હાસ્ય જોઈને અહીં સ્થિતપ્રજ્ઞ ગાવું ઠીક લાગ્યું.

ઉત્કટ ભાવનાનું સેવન લાંબા વખત સુધી કર્યા જ કરવું જોઈએ એવું કાંઈ નથી. એકાદ આલાપમાં એક અખિલ ભાવસૃષ્ટિ સમાવી શકાય છે. એકાદ જલબિંદુમાં પ્રચંડ સૂર્ય પ્રતિબિંબિત થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાદ દીક્ષામંત્રથી યુગયુગનું અજ્ઞાન હટાવી શકાય. એક ઘડીમાં અમે ધુવાંધારનું વાતાવરણ અમારું કર્યું. આંખોની શક્તિ કેટલી અજબ છે! ધુવાંધારનું પાન મોંએથી કરવું અશક્ય હતું. અમે થોડા જ કુંભ-સંભવ અગસ્તિ હતા! પણ અમારી બે નાનકડી કીકીઓએ એ અખંડ વહેનારા ધોધનું આકંઠ પાન કર્યું: મને લાગે છે કે આવા દૃગ્-પાનને 'આ-કંઠ' ન કહેતાં 'આ-પાંપણ' કહેવું જોઈએ. અમે સૌએ પોતપોતાની આંખોમાં આ લૂંટ એક ક્ષણમાં ભરી લીધી; અને પાછા ફર્યા. અમારી આ આખી ભૂતાવળ તરેહ તરેહની વાતો કરતી અને ગર્જના જગાવતી મોટરના અડ્ડા પર આવી પહોંચી.

અહીં ભેડાઘાટવાળા સંગે-મરમરના ખડકો જોઈ આવેલી ટુકડી અમને મળી. પરસ્પરના અનુભવની અમે આપ લે કરી અને એ ટુકડીને મુરબ્બીવટથી સલાહ આપી કે, 'આટલી રાતે ધુવાંધાર જવું કંઈ જ ઉપયોગનું નથી, તેથી તમે તૈલવાહનમાં બેસી સીધા જબલપુર જાઓ. અમે માત્ર તમે ગયેલ ઠેકાણે થોડો નૌકાવિહાર કરી તરત જ પાછા આવીએ છીએ.' અમારી આ સલાહ એ ટુકડીને રુચી કે નહીં તે કોણ જાણે. પણ માન્યા વગર ચાલે એમ ન હતું.

રસ્તાની બાજુએ ઊતરતા ઊતરતા અને અંધારામાં ટિચાતા ટિચાતા અમે પ્રવાહના કિનારા પર્યંત પહોંચ્યા. અને ફરી અમારી પણ બે ટુકડીઓ પાડી બે હોડીમાં અમે ચડી બેઠા. અમારી હોડી આગળ નીકળી. જ્યાં જોઈએ ત્યાં છલોછલ શાંતિ ભરી હતી. અને કેમ જાણે તે કેટલે ઊંડે સુધી પ્રસરેલી છે તેનો તાગ લેવો હોય તેમ વચ્ચે વચ્ચે અમારી હોડીનાં હલેસાં તાલબદ્ધ અવાજ કરતાં હતાં. ચંદ્ર પોતાની ટમટમતી મશાલ માથે ધરી, 'આસપાસની શોભા દિવસે કેવી દેખાય છે એની કલ્પના કરો' એવો કોયડો જાણે રજૂ કરતો હતો. કેટલેક ઠેકાણે બિલકુલ અંધારું હતું. વચ્ચે વચ્ચે ચાંદનીના ડાઘા હતા. આકાશ નિરભ્ર નહોતું એટલે ચાંદની છાશ જેવી પાતળી બની ગઈ હતી. અને આકાશમાંનાં વાદળાં વચ્ચે વચ્ચે મલમલ જેવાં પાતળાં છે એ વાત તરફ ધ્યાન ખેંચાઈ જતું હતું. બંને બાજુના સંગેમરમરના ખડકો કેટલા ઊંચા દેખાતા હતા! ઊંચા અને બિહામણા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે કોઈ રાક્ષસોની જમાત જ વસેલી ન હોય! અને આ ખડકો વચ્ચે નર્મદાનો પ્રવાહ વળાંક લઈ લઈને પોતાનો ચક્રવ્યૂહ રચતો હતો.

ઊંચા ઊંચા ખડક અથવા પહાડ જ્યાં બહુ પાસે પાસે આવે છે, ત્યાં 'પ્રાચીન કાળમાં એક સરદારે પોતાના ઘોડાને એડી મારી આ શિખરથી સામેના શિખરે કુદાવેલો' એવા પ્રકારની દંતકથા ચાલવાની જ. વાંદરા તો ખરેખર એવા કૂદકા મારે જ છે. અહીં પણ આવી વાતો હોડીવાળા ખલાસીઓ પાસેથી તમને સાંભળવા મળવાની.

અહીં આ ખડકોમાં કેટલીક ગુફાઓ પણ છે. આ ગુફાઓમાં ઋષિમુનિઓ ધ્યાન ધરવા રહેતા હોવા જોઈએ જ, અને મધ્ય યુગમાં રાજકુલમાંના આપદ્ગ્રસ્ત લોકો તથા સ્વાતંત્ર્યની સાધના કરનારા દેશભક્તો પણ અહીં જ આત્મરક્ષણ સારુ લપાઈ રહેલા હશે, અને પછી છછુંદરની જેમ સરતી હોડીઓ એવા લોકોને ગુપ્તપણે આહાર, સમાચાર અને આશ્વાસન પહોંચાડતી હશે. આ ગુફાઓને જો વાચા હોત તો ઇતિહાસમાં ન નોંધાયેલો એવો કેટલોયે વૃત્તાંત એમણે આપણને જણાવ્યો હોત.

હોડીમાં કોતરની વચ્ચોવચ જતાં જતાં અમે એક એવે ઠેકાણે આવ્યા કે જેને શાંતિનું ગર્ભગ્રહ કહી શકાય. અહીં અમે હલેસાં બંધ કરાવ્યાં, શ્વાસ પણ સંભળાશે એ ભયે મંદ કર્યો. પ્રાર્થનાના શ્લોક અમે ત્યાં બોલ્યા કે નહીં તેનું સ્મરણ નથી. પણ મેં માત્ર મનમાં સોળ ઋચાઓનું પુરુષસૂક્ત મોટી ઉત્કટતાથી બોલી લીધું. પછી લાગ્યું કે આટલી શાંતિમાં આપોઆપ સમાધિ જ લાગવી જોઈએ. કેટલો વખત ગયો એ કોણ જાણે. પણ એટલામાં ડબ ડબ ડબ કરતી બીજી હોડી આવી પહોંચી. તેમાંની ટોળીએ એક મંજુલ ગીત ગાવાની શરૂઆત કરી. આસપાસનાં કોતરો તેનો પ્રતિધ્વનિ કરવો કે ન કરવો એ દુવિધામાં અરધોપરધો ઉત્તર દેતાં હતાં.

હવે અહીંથી આગળ જવું શકય નથી, અહીંથી પાછા જ વળવું જોઈએ એમ હોડીવાળાએ જણાવ્યું એટલે અમે દોડતા મનને પાછું ખેંચી બોલ્યા, 'ચાલો ત્યારે તો! पुनरागमनाय च!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે જવું તો વર્ષાની આખરે, ચાંદનીના દિવસ જોઈને, દિવસ-રાત આ મૂર્તિમંત કાવ્યમાં તરતા રહેવા સારુ જ જવું. ખરેખર, આ રમણીય સ્થાન જોઈને મનમાં નિશ્ચય થયો કે જો ફરી વાર અહીં આવવાનું ન હોય તો અહીંથી નીકળવું પણ નહીં.

ઑક્ટોબર, ૧૯૩૭

૪૩

ધુવાંધાર

ઈજા, બીજા, ત્રીજા! ધુવાંધાર હમણાં ત્રીજી વાર જોઈ લીધો. ધુવાંધાર નામ સરસ છે. નામમાં જ આખું દૃશ્ય આવી જાય છે. પણ આ વખતે એ પ્રપાત જોતાં જોતાં મનમાં ઊગ્યું કે એને ધાર-ધુવાં કેમ ન કહું. ધાર પડે છે, ફુવારા ઊડે છે અને તરત એના તુષાર થઈને ધૂમસ જેવા ગોટા હવામાં દોડે છે, માટે ધારધુવાં એ જ નામ બંધ બેસે છે. પણ એ નામ ચાલે નહીં!

જબલપુરથી ત્યાંના ગોળમટોળ પથરા અને ચળકતાં તળાવ જોતાં જોતાં નર્મદાના કિનારે આવી પહોંચીએ છીએ. રસ્તાનું દૃશ્ય કહે છે કે આ કાવ્યભૂમિ છે. જ્યાં જુઓ ત્યાં નાનાંમોટાં ઝાડ રમતો રમવા ઊભાં છે. પાસે એક મોટી ભેખડ પડી ગઈ છે. પણ એને માથે, ઊગેલાં ઝાડ પોતાનાં અરધાં મૂળિયાં છૂટાં પડ્યાં છતાં જરા સરખાં પણ ગમગીન કે ચિંતાતુર નથી દેખાતાં. એવાં ઝાડો પાસેથી જીવનદીક્ષા લઈને જ આગળ જવાય.

ભેખડ તો તૂટે, પણ તૂટેલો ભાગ કંઈ સહેજે જમીનદોસ્ત થાય નહીં. એણે એક બે મિનારા અને એક મોટું શિખર બનાવી રાખ્યું છે, જે કહે છે કે જો વિનાશમાંથી પણ નવી સૃષ્ટિ ન બનાવીએ તો અમે કલ્પ-કવિ શાના? ભેખડ ઉપરથી નીચેનું પથરા-પાણીનું દૃશ્ય દૃઢતાના ને તરલતાના વિચારો એકસામટા મનમાં પેદા કરતું હતું. પુલ ઓળંગી આગળ આવ્યા અને યોગિનીની ટેકરી તળેનું અનેક વાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયેલું બજારુ દૃશ્ય જોયું. આ દૃશ્ય એટલું તો ગરીબડું છે કે એના પ્રત્યે ચીડ ચડતી નથી. અહીંના ગરીબ કારીગરો પથરામાંથી નાનીમોટી ચીજો બનાવી વેચતા બેસે છે. ધોળાં, કાળાં, લાલ, પીળાં, વાદળી અને કાબરચીતરાં સંગેમરમરનાં બાણુની પડખે શંખજીરાના ડબ્બાઓ, શિવાલયો, હાથીઓ અને એવાં જ નાનાંમોટાં રમકડાં સ્વયંવર માંડીને ઊભાં હોય છે. જેની નજરમાં આવે તે એમને ઊંચકીને લઈ જાય. આ બધાં રમકડાં આજે એક આસન ઉપર બેઠાં છે. કાલે કોણ જાણે કયું રમકડું ક્યાં જશે? કેટલાંક તો હિંદુસ્તાન બહાર પણ જશે અને ત્યાં વરસો સુધી ધુવાંધારનું ધારાવાહિક સંગીત યાદ કરી કરીને મૂકપણે તે સંભળાવશે.

બે વાર અહીંથી ધુવાંધાર સુધી ચાલવાની તપશ્ચર્યા કરી હતી. પહેલી વારની મુસાફરી રાત્રીની હતી. બીજી વારની સવારની નાહવા ટાણેની હતી. દરેકનું કાવ્ય જુદું. આજે ત્રીજો પ્રહર પસંદ કર્યો હતો. આ વખતે ઝાઝી તપસ્યા કરવી પડી નહીં. બ્યોહાર રાજેન્દ્રસિંહજીએ પોતાનું તૈલવાહન (મોટર) અમને સોંપ્યું હોવાથી અમે લગભગ ધુવાં-ધાર સુધી વગર મહેનતે પહોંચ્યા. શંખજીરાના ખેતર પાસે ઊતરી, ત્યાંના વગડાની ત્રણ દુકાનો વટાવી, પથરા વચ્ચે થઈને ધુવાંધાર પહોંચ્યા. પથરાઓ જેમ અગવડ ઊભી કરતા જાય તેમ ચાલવાનો સ્વાદ વધે. આમ કરતા કરતા ધુવાંધાર પાસે પહોંચ્યા.

પ્રપાત એટલે જીવનનો અધઃપાત, પણ અહીં એવું લાગતું નથી. પહેલી વાર ગયેલા તે ડિસેમ્બર મહિનામાં અને અંધારામાં. આકાશનાં વાદળાંઓ ચંદ્ર સામે કાવતરું કરીને બેઠાં હતાં એટલે ચાંદની રાત હોવા છતાં ત્યાં અમાસની ભીષણતા હતી. અમાસની રાતે આકાશના તારાઓ એ ભીષણતાને હસી કાઢે છે. પણ વાદળાં આગળ એની પણ આશા રહી નહીં. પરિણામે તે રાતે ધુવાંધારે જ પોતાની ભવ્યતાથી અમને પ્રસન્ન કરવા પડેલા. રાતની પ્રાર્થના કરી અમે એ આનંદ પચાવ્યો અને પાછા આવ્યા.

બીજી વાર ગયા હતા તે ત્રિપુરી કૉંગ્રેસ પછી નવ દસ વાગ્યે વધતા તડકાના સ્વાગત સાથે. ધુવાંધારનાં સંપૂર્ણ દર્શન એ જ વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શક્યા હતા. માર્ચ મહિનો હતો એટલે પાણીમાં ઉનાળી દુકાળ ન હતો. ભેખડનાં કેટલાંક ખડબચડાં પગથિયાં ઊતરી નીચેથી અમે ધુવાંધાર પડતો જોયો. પાણીનો એ વેગ અને ફુવારાની એ ચંચળતા આશ્ચર્યકારક રીતે ચિત્તને સ્થિર કરે છે. પાણી તરફ જોયા જ કરીએ અને પછી અનુભવીએ કે નવનવોન્મેશશાલિની ધારાઓ વેગની સમાધિ ધારણ કરી ઊભી છે! તે જ વખતે હું જોઈ શક્યો કે ત્યાંના લીલ-વાળા પથરાઓ ઉપરથી ગમે તેવા દેખાતા હોય, પણ અંદરથી તો પ્રેમનો રંગ ખીલવતા લાલ છે. પાણીના જોરે પથરાનો એક કકડો ઊડી ગયો અને જાણે ઘા પડ્યો હોય તેમ અંદરનો ગુલાબી લાલ રંગ સ્પષ્ટ દેખાવા લાગ્યો.

ધુવાંધાર જોવાની સારામાં સારી મોસમ તે દિવાળીની. વરસાદ નહીં હોવાથી રસ્તામાં ક્યાંયે કાદવ ન હતો. ચોમાસામાં આવીએ છીએ ત્યારે આખો પ્રદેશ જળબંબોળ થવાથી પ્રપાતને સ્થાન જ હોતું નથી. જ્યાં અત્યારે હૃદયને હચમચાવી મૂકનારો ધોધ છે, એ જ ઠેકાણે ચોમાસામાં માથામાં ચક્કર આવે એવાં વમળ દેખાતાં હોવાં જોઈએ. એ વમળનું રુદ્ર સ્વરૂપ જોવા માટે જો અહીં સુધી અવાતું હોય તો હું આવ્યા વગર રહું નહીં. વમળ એટલે ક્રાંતિનું પ્રતીક. એનું આકર્ષણ અનેરું જ હોય. કોક વખતે જીવલેણ પણ નીવડે!

દિવાળીના વખતે જલરાશિ સૌથી વધારે પુષ્ટ, પ્રપાતની શોભા સૌથી સમૃદ્ધ અને માહ તડકાના સેવન પછી તુષારનાં વાદળાંની ચૂંટીઓ સૌથી વધારે આહ્લાદક હોય છે. જેવી અપેક્ષા કરી હતી તેવું જ આજનું દૃશ્ય હતું. તુષારના ગોટેગોટા દૂરથી જ દેખાતા હતા. રસોડાનો ધુમાડો જોઈ અતિથિને જેમ આનંદ થાય છે તેમ આ ધુવાંના ગોટા જોઈને જ હવે અહીં કેવી ઉજાણી મળવાની છે એનો ખ્યાલ હું કરી શક્યો. ધારધુવાં જેવો ધોધ જોવા જવાનું હોય છે ત્યારે એક પાટિયાનો કામચલાઉ પુલ પણ કલાપૂર્ણ અને આતિથ્યશાલ લાગવા માંડે છે. અમે પરિચિત કાંઠે જઈને બેઠા અને જતાંવેંત હેતાળ પવને તુષારનું એક ઝાપટું અમારી તરફ મોકલી કહ્યું 'સ્વાગતમ્', 'સુ-સ્વાગતમ્'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ક્ષણની અંદર અમારો અધ્વખેદ ઊતરી ગયો. અમે તાજા થયા અને તાજી આંખે ધુવાંધાર જોવા લાગ્યા.

ધુવાંધાર એટલે પથ્થરના વિસ્તારમાં તૈયાર થયેલી અર્ધચંદ્રાકાર ખીણ. એમાંથી જ્યારે પાણીનો જથ્થો નીચે ભૂસકે છે ત્યારે મધ્યમાં જે કાચ જેવો લીલો રંગ દેખાય છે તે ઝેર જેવી બીક ઉત્પન્ન કરે છે. એની ડાબી બાજુ એટલે કે આપણી જમણી બાજુનો ખડક હાથીના માથા જેવો આગળ આવ્યો છે. એના પરથી જ્યારે પાણી પડે છે ત્યારે અસંખ્ય હીરાના હાર પગથિયે પગથિયે કૂદતા કૂદતા શરત રમતા હોય એવો દેખાવ થાય છે. જેમ કૂદતા જાય છે તેમ હસતા જાય છે અને પાણી પીંજી પીંજીને એમાંથી ધોળો રંગ ખીલવતા જાય છે. વચલો મુખ્ય ધોધ ખીણમાં પડ્યો કે તરત એવા તો જોરથી ઊછળે છે કે આતશબાજીનાં બાણોને પણ એની ઈર્ષા આવે. એક ફુવારો ઉપર ઊડી જરાક ઢીલો થાય છે એટલામાં બીજા ફુવારા નવા જોમથી એની પાછળ પાછળ આવી પહેલા ફુવારાને ધક્કો દઈ ફોડી નાખે છે અને પછી એના ચૂરેચૂરા, પૃથ્વીનું આકર્ષણ ભૂલી જઈ, ધુમાડાના રૂપમાં વ્યોમ-વિહાર શરૂ કરે છે. એ તુષાર સહેજ ઉપર આવ્યા કે પવનના ઝપાટાની પરંપરા એમને ઉડાડતી ઉડાડતી ચારેકોર ફેલાવે છે. આ ધુમાડાનાં મોજાં હવામાં જાડાંપાતળાં દોડતાં હોય ત્યારે ખૂબ જ મજાની વાયલની ભાત નજરે પડે છે.

અને નીચે! નીચેના પાણીની મસ્તીનું વર્ણન થઈ જ ન શકે. જાણે પાણી અદ્વૈતાનંદમાં લપસી પડ્યાં. જેટલાં પડ્યાં તેટલાં ઊડ્યાં; લીલા રંગમાંથી ધોળું ફીણ પેદા કર્યું અને મરજીમાં આવે તેમ વિહાર કર્યો. એ અપૂર્વ લહાવો યાદ કરી કરીને નીચેનાં પાણી ફરી ફરી ઊભરાતાં હતાં. ધોબીઘાટ પરના સાબુના પાણીની ઉપમા જો અરસિક ન હોત તો નીચેના પાણીના ઊભરાને હું એની સાથે જ સરખાવત. પણ ધોબીના સાબુનું પાણી ગંદું હોય છે. એમાં વેગ અને મસ્તી પણ નથી હોતાં, બેપરવાઈ અને તાંડવ પણ નથી હોતાં; અને હાસ્ય મોળું પડતાંવેંત મોઢા ઉપર ફરી નિર્મળ ભાવ ધારણ કરવાની કળા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની પાસે હોતી નથી. અહીંનાં પાણી જોઈને ધોબીઘાટનું સ્મરણ જ કેમ થયું? એમાં તો કોઈ જાતનું ઔચિત્ય ન હતું!

માણસને સમાધિની મસ્તી જોઈતી હોય તો એણે આ સ્થાને આવવું, એને કોઈ પણ કારણે નિરાશ થવું નહીં પડે.

આ બાજુની (જમણી) ભેખડનાં બે પગથિયાં આ વખતે ફરી ઊતર્યો. અહીં આ ફેરે ઉપનિષદ ગાવાનું સૂઝયું. માથે સૂરજ તપતો હતો અને હું મોઢેથી ગાતો હતો — पूषन्नेकर्षे ! यम ! सूर्य ! प्राजापत्य व्यूह । रश्मीन्; समूह तेजो । જ્યારે પાઠનો અંત નજદીક આવ્યો અને હું બોલ્યો ॐ क्रतो સ્મર; कृतं સ્મર ।' ત્યારે એકાએક ત્રણચાર વરસનું મારું આખું જીવન એકસામટું આ જીવનધારા આગળ ખડું થયું અને જાણે મારું પોતાનું જીવન આ મસ્ત જીવનની કસોટી ઉપર કસતો હોઉં અને જોઈ તો કસ ઊતરતો નથી એમ જોઈ મૂંઝાતો હોઉં તેમ તે ક્ષણે લાગ્યું. બીજી જ ક્ષણે એ ત્રણ વરસની સ્મૃતિના પણ તુષાર થઈ આકાશમાં ઊડી ગયા અને હું ધોધ સાથે એકરૂપ થઈ ગયો. ખરેખર, આ ધોધ પૂર્ણ છે. અને હું પણ એ પૂર્ણનો જ એક અંશ હોઈ તત્ત્વતઃ પૂર્ણ છું. અમે બન્ને વિ-સદૃશ નથી; એક જ પરમ તત્ત્વની નાનીમોટી વિભૂતિઓ છીએ, એવું ભાન જાગ્રત થતાં ચિત્ત શાન્ત થયું અને હું ઉપર આવ્યો.

ચિ. સરોજિની પણ એ આખું દૃશ્ય ઉત્કટ નયને ધરાઈને પીતી હતી. આ આખો આનંદ શી રીતે સમજવો, શી રીતે પચાવવો અને શી રીતે વ્યક્ત કરવો એની મીઠી મૂંઝવણ એની આંખમાં દેખાતી હતી.

અહીંથી તરત પાછા જઈ ચોસઠ યોગિનીનાં દર્શન કરવાં હતાં, નર્મદાના રક્ષક ધોળા, પીળા, નીલા, પહાડો જોવા હતા, એટલે વહુ જેમ પિયર છોડીને સાસરે જાય ત્યારે બંને બાજુના સુખદુઃખના મિશ્ર ભાવો અનુભવતી જાય તેમ અમે ધુવાંધારને હાર્દિક પ્રણામ કરી પાછા ફર્યા.

હિંદુસ્તાનમાં આવા અનેક પ્રપાતો અખંડ વહેતા રહે છે અને ભવ્યતાના તેમ જ ઉન્મત્ત અવસ્થાના પાઠો ભણાવતા જાય છે. હજારો વરસો થયાં — અને લાખો નથી જ થયાં એની ખાતરી નથી — ધુવાધાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો ને એવો જ ગબડ્યા કરે છે. શ્રીરામચંદ્ર અહીં આવ્યા હશે. વિશ્વામિત્ર ને વશિષ્ઠ અહીં નાહ્યા હશે. ચંદ્રગુપ્ત અને સમુદ્રગુપ્તના સૈનિકોએ અહીં આવી જલવિહાર કર્યો હશે. શ્રી શંકરાચાર્યે અહીં બેસી પોતાનાં સ્તોત્રો રચ્યાં હશે. કલચુરી અને વાકાટક વંશના વીરોએ આ જ પાણીમાં પોતાના જખમો ધોયા હશે. અને અલ્હણદેવીએ અહીં જ બેસીને ચોસઠ યોગિનીનું સ્મારક બનાવવાનો સંકલ્પ કર્યો હશે. અને ભવિષ્યકાળમાં ધુંવાંધારને કિનારે શું શું થવાનું હશે એ કોણ કહી શકશે? ધુંવાંધારને પોતાને જ એ કશાની ખબર નથી. એ તો પડ્યા જ કરે છે અને તુષારના રૂપમાં ઊડ્યા જ કરે છે.

નવેમ્બર, ૧૯૩૯

૪૪

શિવનાથ અને ઈબ

કલકત્તા આવતાં જતાં અનેક નદીઓની મુલાકાત થાય છે. આ પ્રદેશનો ઇતિહાસ હું જાણતો નથી, એની શરમ આવે છે. અહીંના લોકો કેટલા સરળ અને ભલા લાગે છે! તેમણે જો મનુષ્ય-સંહારની લીલા હસ્તગત કરી હોત તો તેમનું નામ ઇતિહાસમાં અમર થયું હોત. કેટલાક મરીને અમર થાય છે; કેટલાકનાં નામ મારનાર તરીકે અમર થાય છે. મલિક કફૂર, કાલા પહાડ વગેરે લોકો બીજી કોટિમાં ગણાય.

આ નદીઓને કિનારે લડાઈઓ થઈ હોય તો હું જાણતો નથી. તેથી મારે મન આ નદીઓનાં જળ અત્યારે તો વિશેષ પવિત્ર છે. ચર્મણ્વતીએ યજ્ઞ-પશુનાં લોહીનો લાલ રંગ ધારણ કર્યો, શોણ અને ગંગાએ સમ્રાટોનાં મહત્ત્વાકાંક્ષી રક્તોને પચાવ્યાં; આ નદીઓએ પણ એમ જ કર્યું હોય તો નવાઈ નથી. પણ જ્યાં સુધી હું જાણતો નથી ત્યાં સુધી અનિશ્ચયનો લાભ એમને આપું છું.

પણ આ નદીઓને કિનારે ઘણા સાધુઓએ જરૂર તપ કર્યું હશે અને કૃતજ્ઞતાપૂર્વક એમણે એમને માટે સ્તોત્રો પણ ગાયાં હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પણ હું જાણતો નથી. અને છતાં કહું છું કે હું ભારતવાસી છું!

* * *

એક વાર દુર્ગ ગયો હતો ત્યારે શિવનાથ નદીની સહેજસાજ ઓળખાણ થઈ. ગોંડ, ભીલ વગેરે પર્વતીય જાતિઓની એ માતા છે. આખા છત્તીસગઢની તો એ સ્તન્યદાયિની છે. એની કરુણ કથા* ચિત્તને ગમગીન કરનારી છે. પુણ્યસલિલા નદીની કહાણી વળી આવી હોય? પણ નદી શું કરે! વિજયી આર્યોએ જો એની કથા રચી હોત તો એમાં ઉલ્લાસનું તત્ત્વ જડી આવત. આ તો હારેલી, દબાયેલી અને મૂંઝાયેલી આદિવાસી કોમનાં સંસ્મરણો સાથે વહનારી નદી! એની કહાણીઓ એવી જ ગમગીની-ભરી હોવાની.

કલકત્તાની વાટે શિવનાથ ફરી ફરી મળે છે અને કહે છે: રાજાઓના અને સાધુઓના ઇતિહાસથી તું સંતોષ નહીં માનતો. વિજેતાઓના અને સમ્રાટોના ઇતિહાસમાં લોકહૃદય ન મળે. બ્રાહ્મણ અને શ્રમણ, મુલ્લાં અને મિશનરી, કોઈએ જેમની પીડ જાણી નથી એવા પહાડી લોકોના દર્દનું અધ્યયન કરવાની દીક્ષા તને આપું છું. લેવાની હિંમત છે?

હિંદુસ્તાનની મૂક પ્રજાને બોલકણી એકતા આપવાના ઉદ્દેશથી હિંદુસ્તાનીનો પ્રચાર કરી રહ્યો છું. એ જ કાજે હમણાં પૂના જઈ આવ્યો, એ જ કાજે રામગઢ જવા ઊપડયો છું. ત્યાંની કોંગ્રેસમાં તમામ પ્રાંતોના લોકો આવશે. ગાંધીજીના આગ્રહને કારણે કોંગ્રેસો હવે ગામડાંઓમાં ભરાવા લાગી છે. તે બધું સારું છે. પણ શું રામગઢમાં પણ આ પર્વતીય લોકો આવશે? બિહારના 'સાન્થાલ' અને 'હો' વખતે આવે તો આવે, પણ આ શિવનાથના પુત્રો આવશે કે નહીં, કોણ જાણે?

* * *

આજે સવારથી અનેક નદીઓ જોઈ. લાંબા લાંબા પહોળા પથરાવાળી નદી પણ જોઈ અને કાદવવાળી નદી પણ જોઈ. જેને કિનારે એકે ઝાડ નથી એવી નદી પણ જોઈ, અને જેણે એક બાજુ ઝાડોની એક જાડી દીવાલ ઊભી કરે છે એવી નદી પણ જોઈ. ધોળા ધોળા

---

*જુઓ 'દુર્દૈવી શિવનાથ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બગલાંઓ એના પટમાં કાદવ પર પોતાનાં પગલાંઓની ભાત પાડતા હતા. પણ એ ચરણ-લિપિમાંથી હું કશો ઇતિહાસ પામી ન શક્યો, કોઈ દંતકથાઓ ઉકેલી ન શક્યો, નદી આશાએ લખતી જાય છે અને નિરાશાથી એ લેખ ભૂંસી નાખતી જાય છે. અને નવા વાચકોની રાહ દેખતી રહે છે.

અમે ઝારસૂગુડા જંક્શન પાસે જઈએ છીએ. એક નાનકડું સ્ટેશન નજીક આવે છે. એટલામાં અમારા રસ્તા તળેથી વહેતી એક સુંદર નદી અમે જોઈ. નદીમાત્ર સુંદર હોય જ છે, પણ આ નદીમાં અસાધારણ રૂપાળી ભાત પાડવાની કળા દેખાઈ. પાણીના સ્રોતમાં વમળો પેદા થતાં હશે. લીલ બાઝીને પાણીને વિશેષ રૂપ મળતું હશે. ઉપરથી એ બધી ભાત જોઈ મને રવીન્દ્રનાથનાં ચિત્રો યાદ આવ્યાં. આ નદીની ભાત પણ કશું બોલ્યા વગર, કશો બોધ આપ્યા વગર, હૃદય સુધી પહોંચતી હતી અને ત્યાં પોતાની કાયમની છાપ પાડતી હતી. એનું નામ તે સાચી કળા!

પણ આ નદીનું નામ શું? પરિચય થાય અને નામ ન જડે એ કેવી વિચિત્ર સ્થિતિ! એટલામાં ઈબ સ્ટેશન આવ્યું. અમે લોકોને પૂછ્યું કે આ નદીનું નામ શું? તેમણે કહ્યું 'ઈબ'. 'નદીના નામ પરથી જ સ્ટેશનનું નામ પડ્યું છે.' ત્યારે તેમાં ઔચિત્ય નથી એમ કોણ કહી શકે? પણ મનમાં શંકા આવી ખરી. આ ઠેકાણે ભેડેન કરીને એક નદી ઈબને મળે છે. અને સ્ટેશન તો ભેડેનને કિનારે છે. ઈબ જરા મોટી છે, એટલા ખાતર ભેડેનને અન્યાય કરી એનું નામ સ્ટેશનને ન આપ્યું. ભેડેન કંઈ નાનીસૂની નદી નથી, ખાસી પહોળી છે. દૂરથી આવે છે. પણ કશા ગર્વ વગર પોતાના પાણી ઈબને સોંપી દઈ પોતાના નામનો પણ આગ્રહ રાખતી નથી. મેં ઈબને કહ્યું, 'જો, ઉદારતામાં આ ભેડેન તારા કરતાં શ્રેષ્ઠ છે કે નહીં?' ઈબે જરાક સરખું ભાતવાળું સ્મિત કરીને કહ્યું, "તે તો તમે માણસો જ જાણો. ભેડેને પોતાનું નામ છોડી દઈ પોતાનાં નીર મને સોંપ્યાં એની ઉદારતાનાં વખાણ કરવા કરતાં એની પાસેથી એ જ દીક્ષા લેવી અને એના જેવું જ થવું એ મને વધારે ઠીક લાગે છે. હું એનાં અને મારાં નીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેગાં કરી મહાનદીને સોંપવા, આ જુઓ સંબલપુર ચાલી. ત્યાં હું પણ મારું નામ છોડી દેવાની છું, આમ ઉત્તરોત્તર નામરૂપનો ત્યાગ કરવાથી જ અમને બધાને મહાનદીનું મહત્ત્વ પ્રાપ્ત થયું છે, અને એ પણ સાગરને અર્પણ કરવા માટે જ."

અને જતાં જતાં ઈબે એક લીટી અનુષ્ટુપ છંદમાં ગાઈ બતાવી :

सर्वे महत्त्वं अिच्छन्ति कुलं तत् अवसीदति ।
सर्वे यत्र विनेतारः राष्ट्रं तत् नाशं आप्नुयात् ॥

* * *

ઈબનો એ સંદેશો સાંભળી હું રામગઢ ગયો.

માર્ચ, ૧૯૪૦

૪૫
દુર્દેવી શિવનાથ

['શિવનાથ અને ઈબ'વાળા લેખમાં જેનો ઉલ્લેખ છે તે લોકકથાનો સાર બેમેતરા-દ્રુગથી લખેલા નીચેના કાગળમાં મળશે.]

કાલે અને આજે શિવનાથ નદીનાં દર્શન થયાં. એમ તો કલકત્તા આવતાં જતાં શિવનાથ એક બે વાર ઓળંગવી પડે જ છે. અહીં મોટા ઊંચા પુલ પરથી શિવનાથનો પ્રવાહ ઊંચી ઊંચી ભેખડમાં થઈને જતો જોવાનો મળે છે. કાલે સાંજે બાલોડથી પાછા આવ્યા ત્યારે શિવનાથને કાંઠે ખાસ ફરવા ગયા હતા.

ચોમાસું બેઠું તો છે, છતાં નદીમાં પાણી હજી આવ્યાં નથી; પરિણામે શિવનાથ કોઈ વિરહિણી જેવી મ્લાનવદના દેખાઈ. જે નદી શ્રાવણ–ભાદરવામાં પોતાના બે કાંઠા ઓળંગી ગાઉના ગાઉ સુધી ફેલાય છે, તેને જ આમ પોતાના જ પટમાં અજગરની પેઠે એક ખૂણે પડેલી જોઈ ગમે તેના મનમાં વિષાદ પેદા થાય જ.

દ્રુગના લોકોને શિવનાથ વિષે પૂછ્યું : નદી ક્યાંથી આવે છે? કેટલી લાંબી છે? આગળ એનું શું થાય છે? કોઈ પણ મને ચોક્કસ જવાબ આપી ન શક્યા. આ નદીનું માહાત્મ્ય પુરાણોમાં ક્યાંય વર્ણવ્યું છે? એને વિષે કોઈ લોકગીત પ્રચલિત છે? કોઈ દંતકથા સંભળાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે? એકે સવાલનો "હા"માં જવાબ ન મળ્યો. નદી વિષે વળી જાણવાનું શું હોય! રોજ સવારે એની સેવા લઈએ એથી વધુ એનો શો સંબંધ?

આખરે મેં દ્રુગ તહસીલનું ગૅઝેટિયર મંગાવ્યું. એમાં ઉપરના સામાન્ય સવાલોના જવાબ તો આપ્યા જ છે, પણ એ ઉપરાંત શિવનાથ વિષેની દંતકથા પણ આપેલી છે. એ જ કથા આજે અહીં મારી ભાષામાં આપવા માગું છું.

શિવા કરીને એક ગોંડ છોકરી હતી. જંગલી ગોંડ જાતિની હોવા છતાં છોકરી સંસ્કારી અને રસિક હતી. ગોંડ જાતિના જ એક છોકરાનું એના પર મન બેઠું. છોકરીના હૈયાનું આકર્ષણ કરી શકે એવો એકે ગુણ એનામાં ન હતો. સ્વચ્છંદપણે વર્તવુ અને જેની તેની પાસેથી ધમકાવીને કામ કઢાવવું એટલું જ એ જાણતો હતો. શિવાનું ધ્યાન કરતો જાય અને એને મેળવવાનો રસ્તો જડતો નથી માટે મૂંઝાતો જાય. આખરે પોતાની કોમના રિવાજ પ્રમાણે એણે લાગ શોધીને શિવાનું હરણ કર્યું. અને રાક્ષસ-પદ્ધતિથી એની સાથે એ પરણ્યો!

વિવાહવિધિમાંથી પસાર થવું એને માટે સહેલું હતું, પણ શિવા પોતાની બનાવવી એ શી રીતે બને?

શિવા જેવી સંસ્કારી અને ભાવનાશાળી બાળા એના તરફ શાની જુએ? અને પેલો જડમૂઢ અનુનય જેવી વસ્તુ શા રીતે જાણે? એણે પતિની હકૂમત ચલાવવાનો પ્રયત્ન કર્યો. પેલીએ અબળાનું સામર્થ્ય પ્રગટ કર્યું. શિવાને લૂંટીને આણનાર યુવક શિવાના બાઉેલા હૈયા આગળ હાર્યો. એનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. શરીરને જ સમજનાર માણસ શરીર બહાર જઈ ન શકે. એણે અંતે શિવાને મારી નાખી એના શરીરના કકડા એક ઊંડી ખીણમાં ફેંકી દીધા!!

જ્યાં શિવાનું શબ પડયું એ જ સ્થાનેથી એક નદી તરત વહેવા લાગી. તે જ આપણી આ શિવનાથ, જે આગળ જઈને મહાનદીમાં પોતાનાં પાણી છોડી દે છે.

આજે સવારે ઊઠી અમે બેમેતરા જવા ઊપડ્યા. રસ્તામાં એક અકસ્માત થયો. અમારી દોડતી મોટર સાથે એક બળદગાડા અથડાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એક બળદનું આખું શીંગડું ઊખડી ગયું. અમે થોભ્યા અને મદદે દોડ્યા. લટકતું શીંગડું કાપી કાઢવાની સલાહ મારે આપવી પડી, અને જ્યાંથી લોહી વહેતું હતું ત્યાં પેટ્રોલનો પાટો બાંધવો પડ્યો. આખું વાતાવરણ કરુણ અને ગમગીન થયું હતું. એવી સ્થિતિમાં શિવનાથ નદીનું બીજી વાર દર્શન થયું. અહીં નદીનો પટ સુંદર છે. આસપાસના પથરા જાંબુડા લાલ રંગના છે. નદીનું પાત્ર પણ રૂપાળું છે. પ્રતિબિંબ કાવ્યમય લાગતું હતું. પણ પેલો કરુણ કિસ્સો મનમાં રમતો હતો, એટલે આ દર્શનમાં પણ વિષાદની જ છાયા હતી.

શિવનાથનું નસીબ જ આવું લાગે છે. આખરે મનની ગમગીની ઓછી કરવા માટે આ કાગળ લખી કાઢ્યો. હવે હૈયું કાંઈક હળવું થયું છે.

મે, ૧૯૪૦

૪૬

અબરી ઈબ

કલકત્તાથી વર્ધાની મુસાફરી કરતો હતો. ગાડીમાં રાત્રે કશું ઓઢ્યા વગર સૂતો હતો. ઓઢવાની જરૂર નહોતી. છતાંય ઓઢ્યું હોત તો વાંધા જેવું ન હતું. સવારે પાંચ વાગ્યે જ્યારે જાગ્યો ત્યારે હવામાં કાંઈક ઠંડી હોવાથી ચાદરની હૂંફ ન મેળવ્યા બદલ પસ્તાવો થયો. આખરે 'હવે શું?' કરીને ઊઠ્યો. કવિઓને જેટલો ભવિષ્યકાળ દેખાય એટલું જ બહાર દેખાતું હતું. આખું દશ્ય પ્રસન્ન હતું. પણ પૂરતું સ્પષ્ટ ન હતું.

એટલામાં એક નદી આવી. પુલના બે છેડા વચ્ચે એની ધારા અનેક લીટીએ વહેંચાઈ હતી. દરેક નદીનું એમ જ હોય છે, પણ આ નદીએ કાંઈક વિશેષ સૌંદર્ય સાધ્યું હોય એમ સ્પષ્ટ લાગતું હતું. પાતળા અંધારામાં પ્રભાતનું આકાશ નક્કી કરી શકતું ન હતું કે, પાણીની ચાંદી બનાવવી? કે એનો જૂના કાળનો ચળકતા લોઢાનો અરીસો બનાવવો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે પુલની અધવચ આવ્યા. હું પ્રવાહની શોભા નિહાળવા લાગ્યો. એટલામાં પાણી ઉપર કોઈએ ધોળો રંગ છાંટ્યો હોય અને ધીમે ધીમે એની અબરી* બની હોય એમ લાગ્યું. એ ભાત જોઈ હું ખુશ ખુશ થયો. હમણાં જ દિલ્હીમાં જામિયા મિલિયાનાં નાનાં છોકરાંઓને કાગળ પર અબરીની ભાત પાડતાં જોયાં હતાં. મને આ કુદરતી આકારો ઘણા આકર્ષક લાગે છે.

આ નદીનું નામ શું? કોણ કહી શકે? મેં વિચાર કર્યો, બીજું નામ ન મળે તો આને હું અબરી નદી કહીશ.

નદી ગઈ અને મને એ નદી ક્યાંની એ જાણવાની ઉત્કંઠા વધી. કેમ કે એ નદી પછી ધુમાડા છોડતી એક બે ચીમનીઓ દેખાઈ હતી. અને પાસેની વસ્તીમાં વીજળીના દીવાઓ પણ ઝબૂક્યા હતા.

રેલવેનું ટાઇમટેબલ કાઢી મેં એને પૂછ્યું કે, ‘પાંચ હમણાં જ થયા છે. અમે ક્યાં છીએ?’ એનો જવાબ સાંભળતાંવેંત મોઢામાંથી પરિચયના આનંદનો ઉદ્‌ગાર નીકળ્યો, ‘ઓહો! એ તો આપણી ઈબ!’ રામગઢ જતાં એણે કેટલી મજાની ભાત બતાવી હતી! મેં એને કૃતજ્ઞતાની અંજલિ પણ આપી હતી. ઈબને હું કેમ ન ઓળખી શક્યો? અબરીનો આવો કળાવિલાસ શું ગમે તે નદી બતાવી શકતી હશે?

ત્યારે આ ઈબ નદી અબરીનું કામ કઈ વર્ધા-નિશાળમાં શીખી હશે? અથવા એમ જ હશે કે, આની પાસેથી જ દુનિયાએ અબરી-કળા સૌથી પ્રથમ મેળવી હશે.

મે, ૧૯૪૧

---

* ચોપડીના પૂંઠા ઉપર કે અંદરની બાજુ જે રંગીન ભાતવાળો કાગળ વપરાય છે અને જેને અંગ્રેજીમાં ‘Marble Paper’ કહે છે તેને માટે આપણો શબ્દ છે, ‘અબરી’.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭

તંદુલા અને સુખા

આજે એક અણધાર્યો અને અસાધારણ આનંદ અનુભવી શક્યો.

વર્ધાથી દ્રુગ આવ્યા છીએ : — આસપાસનાં બે ગામડાંમાં રાષ્ટ્રીય ગ્રામશિક્ષણ (બેઝિક એજ્યુકેશન) શરૂ કરવા માટે શિક્ષકો તૈયાર કરનાર એક સંસ્થાનું ઉદ્ઘાટન કરવા સવારે ચાર વાગ્યે દ્રુગ આવી પહોંચ્યા. નાહીધોઈ નાસ્તો કરી બાલોડ જવા ઊપડ્યા.

બાલોડ દ્રુગની બરાબર દક્ષિણે ૩૭ માઈલ પર છે. રસ્તો મોટે ભાગે જાણે દોરી છાંટીને બનાવ્યો હોય એવો સીધો છે. માઈલના માઈલ સુધી સીધી લીટીમાં દોડતા રહેવું એમાં જેમ એકધારાપણું છે તેમ એક જાતનો કેફ પણ છે. બાલોડ પાસે આવ્યા અને કોકે કહ્યું કે અહીં પાસે જ તંદુલા બંડ અને કૅનૉલ છે. નાનકડી વસ્તુ પણ સ્થાનિક લોકોને મન મહત્ત્વની હોય છે. ભાઈ તામનસ્કરે જ્યારે કહ્યું કે વ્યાખ્યાન થયા પછી આપણે એ બંડ જોવા જઈશું ત્યારે કશા ખાસ ઉત્સાહ વગર મેં હા પાડી. એમાં કશું મજાનું જોવાનું હશે એમ તો માન્યું જ ન હતું. હા પાડી તે સ્થાનિક લોકોના આતિથ્યનો ઉત્સાહભંગ ન થાય એ જાતની ભલમનસાઈને લીધે જ.

ખાસો ૩૭ માઈલનો જે પ્રવાસ કરેલો એમાં રસ્તે ખાડાટેકરા કશું જ ન હતું. બધે સપાટ જમીન. ગુજરાતની પેઠે આ જમીનમાં વાડનું નડતર પણ ન જડે. આવી સપાટ જમીન જોયા પછી એકાદ નદીનાળું જોવાને મળશે, એકાદ બંધ નજર સામે અથડાશે તો મનને એટલું વ્યંજન મળશે એમ ધારી હું કબૂલ થયો. જેણે પૂનાના બંડ-ગાર્ડનથી માંડીને ભાટઘરના પ્રચંડ બંધ સુધી અનેક બંધ જોયા છે તેનું કુતૂહલ એમ સહેજે જાગ્રત ન થાય.

બીજાપુરમાં કૃષ્ણા નદી પરનો ભવ્ય બંધ, ગોકાક પાસેનો ઘટપ્રભા આડો બાલ્યપરિચિત બંધ, લોણાવલાના બે ત્રણ આકર્ષક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધ, મૈસૂરમાં વૃંદાવનને પોષનાર બાદશાહી કૃષ્ણસાગર, દિલ્હી પાસેનો યમુના પરનો રમણીય 'ઓખલા'નો બંધ, અને નાશકથી મોટરરસ્તે ૫૦ માઈલ દૂર જઈ જોયેલો 'પ્રવરા' નદીનો સુંદરતમ અને રોમાંચકારી બંધ; — આવાં આવાં અનેક જળાશયો જેણે જોયાં છે તે સિંહગઢ તળેના 'ખડકવાસલા' જેવા બંધથી પણ સંતુષ્ટ ભલે થાય, પણ એનું કુતૂહલ બાલ્યાવસ્થામાં તો ન જ હોય.

ભાવનગર પાસેના બોર તળાવનું વર્ણન મેં લખ્યું છે; બીજાપુરની કૃષ્ણા નદીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે; બીજા વિષે હજુ લખ્યું નથી એનું દુઃખ છે. છતાં આજે કોઈ મજાના જલરાશિનું દર્શન થશે એવી અપેક્ષા જ ન હતી. વ્યાખ્યાન, સંભાષણ અને ભોજન આટોપી અમે તંદુલા કૅનૉલ જોવા વાહનારૂઢ થયા અને બંધને રસ્તે દોડ્યા. બંધ પરથી મોટર લઈ જવા માટે રજા મેળવવા એક માણસ આગળ ગયેલો, તે આવે એટલી ધીરજ અમારી પાસે ન હતી. અમે રજા મળશે જ એવી ધારણાને જોરે આગળ વધ્યા અને બંધ સુધી પહોંચ્યા. બંધ ઉપર ગયા, અને —

હું તો અવાક્ બની ગયો!

કેવડો લાંબો અને પહોળો પાણીનો પટ! અને પાણી પણ કેટલું સ્વચ્છ! જાણે આકાશ જ આનંદાતિશયમાં દ્રવીભૂત થઈને નીચે અવતર્યું ન હોય! અને પાણીના રંગ!! જાંબુડા, નીલા, પીરોજી, ચાંદીવર્ણા અને ગુલાબી!! અને એ પણ સ્થાયી નહીં! આકાશનાં વાદળાં જેમ જેમ દોડે તેમ તેમ આ પાણીનો રંગ પણ રૂપ ફેરવે. નાનાં મોજાંને કારણે પાણીની તરલતા ખીલતી તો હતી જ, તેમાં આ રંગ-પરિવર્તનની ચંચલતા ઉમેરાઈ! પછી પૂછવું જ શું? જ્યાં જુઓ ત્યાં કાવ્ય ડોલતું હતું, ચમત્કાર નાચતો હતો. બે બાજુના કિનારા જાણતા હતા કે પોતાનું મહત્ત્વ કોને આભારી છે, એટલે અદબ જાળવી જળરાશિની ખુશામત કરતા હતા.

આ બંધની ખૂબી એના વિસ્તાર ઉપરાંત એની બીજી એક વિશેષતામાં રહેલી છે. તંદુલા અને સુખા બે બહેનપણી નદીઓ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેંદુલા મોટી બહેન. એ ૩૦–૪૦ માઈલ દૂરથી આવે છે. એની આગળ સુખા તો કેવળ બાળકી. ત્રણ માઈલ દોડીને જ એ અહીં પહોંચી છે. આ બે નદીઓ જ્યાં કાંઈક પાસે પાસે આવે છે ત્યાં જ આ હેતાળ બંધ, 'મારા ગળાના સમ આગળ ગયાં તો' એમ કહી, એ એની આડો પડ્યો છે. ખાસ્સો ત્રણ માઈલનો લાંબો બંધ આ બે નદીઓને રોકે છે. અને પછી પોતાની મરજી પ્રમાણે થોડું થોડું પાણી છોડી દે છે. કાચી માટીનો આવડો મોટો બંધ હિંદુસ્તાનમાં તો શું પણ આખી દુનિયામાં પણ બીજે ક્યાંય નહીં હોય! બંધ નીચેની ૧૫ માઈલ સુધીની અભિમાની જમીન એવાં ઉપકારનાં પાણી લેવાની ના પાડે છે. એટલે એ નહેર ત્યાર પછીના સાઠ સિત્તેર માઈલ સુધીનાં બે બાજુનાં ખેતરોની જ સેવા કરે છે. બંધને કારણે ઉપરની કેટલી જમીન પાણી તળે ડૂબી ગઈ છે એનો ખ્યાલ નરી નજરથી ક્યાંથી આવે? તપાસ કરતાં જણાયું કે લગભગ ત્રણસો ને વીસ ચોરસ માઈલ જમીનનાં પાણી અહીં ભેગાં થયાં છે. પાણીનો વિસ્તાર ૧૬ ચોરસ માઈલ જેટલો છે! ૧૯૧૦માં આ બંધની શરૂઆત થઈ અને પોણા કરોડથી વધારે રૂપિયા ખર્ચાયા પછી જ એ પૂરો થયો. વરસાદના દિવસોમાં આ બન્ને નદીઓનાં પાણી એક થાય છે. અને પછી તો બધે જળબંબોળ દૃશ્ય જોઈ માણસને सर्वतः संप्लुतोदकेનું સ્મરણ થાય છે. અને જ્યારે વચલો બેટ જરાતરા પોતાનું માથું ઊંચું રાખવાનો પ્રયાસ કરે છે ત્યારે એની એ હેરાનગતિ જોઈ આપણને હસવાનું જ મન થાય. આજે એ બેટ પર કેટલાંક ઊંચાં ઝાડો यद् भावि तद् भवतु વૃત્તિથી એ રેલસંકટની રાહ જોતાં ઊભાં છે. એમને કંઈ પેલી લાલ કિનારી-વાળી હોડી લઈને ભાગવાપણું થોડું જ છે? આવા પાદપો ટકાય ત્યાં સુધી ટેકપૂર્વક ટકે છે; અને અંતે મૂળિયાં ઉઘાડાં પડે એટલે પાણીમાં પડતું મૂકે છે.

ઉનાળામાં જ્યારે બે નદીનાં પાત્ર જુદાં જુદાં થાય છે ત્યારે, તડકા તથા વિરહને કારણે એ વધુ સુકાઈ ન જાય એટલા ખાતર, વચમાં એક નહેર ખોદીને બન્નેનાં પાણી એકબીજામાં પહોંચી શકે એવી ગોઠવણ કરેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણકાર જાણે છે કે નદીઓને હૈયું હોય છે; એમને વાત્સલ્ય હોય છે, ચારિત્ર્ય પણ હોય છે અને ઉન્માદ તથા પશ્ચાત્તાપ પણ હોય છે. આ બે બહેનો જે કાંઈ અહીં કરે છે તેમાં એકબીજાની શોભાની અદેખાઈ જરાયે કરતી નથી. મત્સર કે સાપત્ન ભાવ એમના મોઢા પર દેખાતા જ નથી. બંધરૂપી જબરદસ્ત સંયમને કારણે પોતાની શક્તિ કેટલી વધી છે એનું એમને ભાન છે. વહેતા જવું એ જ એક નદીનો ધર્મ નથી. ફેલાવું અને આશીર્વાદરૂપ થવું એ પણ નદીધર્મ જ છે એનું ભાન તમામ નદીઓને કરાવવા ખાતર જ એ અહીં પથરાઈને પડી છે.

નદીને કાંઠે ઝાડ ન હોય ત્યારે ત્યાં એક જાતની શોભા હોય છે અને ઝાડ જ્યારે એના પાત્રને ઢાંકવાનો વૃથા પ્રયત્ન કરે છે ત્યારે એ વિફળતામાંથી પણ એ ઝાડો સફળ શોભા ઉત્પન્ન કરે છે.

અમે સામે કાંઠે આ ઝાડીની મુલાકાતે ગયા. વખત બપોરનો હતો. ઊંઘણસી ઝાડો નદીની પાસે વાતો કરતાં કરતાં નીંદમાં ડૂબી જતાં હતાં અને બધે ગરમ–શીતળ શાન્તિ પથરાતી હતી. ફક્ત જાતજાતનાં પક્ષીઓ મંદ મંજુલ ટહુકા કરી એકબીજાને આ કાવ્ય માણવા ઉત્તેજિત કરતાં હતાં.

અને લાલ મંકોડાઓ, જેને મરાઠીમાં 'वाघ मुंग्या' અથવા 'अुंबील' કહે છે, તેઓ, ઝાડનાં પહોળાં પાંદડાં એકબીજાને એક જાતની ચીકણી જાળની મદદથી ચોડી, કાવ્ય ભરી રાખવાની કોથળીઓ બનાવી રાખતા હતા.

મારી આંખો પણ હૈયાની કોથળી કરી એમાં સામેનું દૃશ્ય ભરી કાઢવા આખા પ્રદેશને ચૂસતી હતી.

નદીને એમાં વાંધો ન હતો.

માર્ચ, ૧૯૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૮

સહસ્રધારા

જૂનું દેવું વખતે ટળી શકે પણ જૂના સંકલ્પો ટળતા નથી. પચીસ વરસ પહેલાં જ્યારે હું દેહરાદૂન રહ્યો હતો ત્યારે સહસ્રધારા જોવા જવાનો સંકલ્પ કરેલો. ઘણી ઉત્કંઠા હતી છતાં જવાયું નહીં. થોડા દિવસ સુધી એનો ખરખરો રહ્યો પણ પાછળથી એ ભૂંસાયો. કાળે કરીને સહસ્રધારા જેવું સ્થાન દુનિયામાં ક્યાંય છે એ સ્મૃતિ પણ ભૂંસાઈ ગઈ. પણ સંકલ્પ કંઈ ટળે?

આચાર્ય રામદેવે મને ઘણો આગ્રહ કર્યો કે એક વાર અમારું કન્યાગુરુકુલ જોઈ જાઓ. મારે પણ એ ખીલતી સંસ્થા જોવી હતી. ગયે વરસે ન જવાયું એટલે આ વરસે વચનબદ્ધ થઈ હું ત્યાં ગયો. હવે કુદરત પાછળ પડીને ગાંડા નથી થવું, હવે તો માણસોને મળવું છે, સંસ્થાઓ જોવી છે, રાષ્ટ્રીય સવાલોની ચર્ચા કરવી છે, સારા સારા માણસો શોધી કાઢીને કામે ગોઠવવા છે, સેવકો સાથે વિચારોની અને અનુભવોની આપલે કરવી છે — એવી વિવિધ ધારાઓ મનમાં ચાલતી હતી, ત્યાં સહસ્રધારાનું સ્મરણ ક્યાંથી જ થાય? હું તો હિંદી-હિંદુસ્તાનીની ચર્ચામાં જ મશગૂલ હતો. એટલામાં યુવાન રણબીર મને મળવા આવ્યો. કોકે એની ઓળખાણ કરાવી. એણે પોતાની મેળે કહ્યું કે દેહરાદૂનમાં જોવા લાયક સ્થાનોમાં ફૉરેસ્ટ કૉલેજ છે, લશ્કરી નિશાળ છે અને પ્રાકૃતિક દશ્યોમાં ગુચ્છુ-પાણી અને સહસ્રધારા છે. બસ છેલ્લું નામ સાંભળ્યું અને પચીસ વરસની વિસ્મૃતિના પથરાની કબર તોડી જૂની સ્મૃતિ અને જૂનો સંકલ્પ ભૂતની પેઠે નજર આગળ ઊભાં થયાં. હવે એ સંકલ્પને ગતિ આપ્યે જ છૂટકો.

તૈલવાહન મોટરની સગવડ થઈ અને પાંચસાત માઈલનો ઓતરાદો રસ્તો કાપી અમે રાજપુર પહોંચ્યા. અહીંથી જ ઉપર મસૂરી જવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અમે રાજપુરથી અઢીએક માઈલ પૂર્વ તરફ જંગલમાં પગપાળા ચાલ્યા. બરાબર ૬૫ મિનિટ ચાલીને અમે સહસ્રધારા પહોંચ્યા. સાંજનો વખત હતો. પાછળ સૂરજ આથમવાની તૈયારી કરતો જાય અને એનાં લંબાતાં કિરણો અમારો આગળનો પંથ લાંબો ને લાંબો કરતાં જાય. પાંચદસ મિનિટની અંદર અમે માનવસંસ્કૃતિ છોડી જંગલમાં પ્રવેશ કર્યો. પાણીનાં વહેણ વહી વહી ઊંડાં કોતરો થયાં હતાં. એમાં થઈને જવાનું હતું. અમે ચાર જણ હતા. વાતો કરતા જઈએ, આસપાસનું સૌન્દર્ય નિહાળતા જઈએ અને વખતનો હિસાબ કાઢતા જઈએ. અમરનાથ, તુંગનાથ, બદ્રિવિશાળ જેવાં સ્થાનો જેણે જોયાં છે તેને મસૂરીના પહાડના શા પાડ? પણ ઘણે વર્ષે ફરી હિમાલયની તળેટીમાં જવાનું થયું એટલે આ દૃશ્ય પણ આંખોને ભવ્ય લાગ્યું.

મસૂરીના પહાડમાં અનેક વાર ટેકરીઓ સરી પડે છે, જેને અંગ્રેજીમાં લૅન્ડ-સ્લિપ અથવા લૅન્ડ-સ્લાઈડ કહે છે. કોઈ ઝુંઝાર યોદ્ધાને જબરદસ્ત ઘા થયો હોય તેવું આ દૃશ્ય હોય છે. મોટા મોટા પર્વતો નાનાંમોટાં વૃક્ષોથી ઢંકાયેલા હોય અને વચમાં જ મોટો પહાડનો ભાગ તૂટી જવાથી એક આખી બાજુ ઉઘાડી પડી હોય એવું દૃશ્ય જોઈ હૈયામાં કંઈનું કંઈ થઈ જાય છે. આવાં પ્રમાણ બહારનાં પ્રાકૃતિક દૃશ્યો બહુ મોટાં હોય છે. અને એ અકસ્માત સામે કશો ઇલાજ હોતો નથી. એટલે આવા ઘા વિષમ લાગતા નથી. ઊલટું એનો આદર-પાત્ર વૈભવ જ દેખાય છે.

અમે નીચે ઊતર્યા, ફરી ચડ્યા. ફરી ઊતર્યા, ખૂબ ચડ્યા, ત્યાંથી ચક્કર આવે એવો ઉતાર આવ્યો.

અમે રાજીખુશીથી ચતુષ્પાદ થઈને ધીમે ધીમે નીચે ઊતર્યા. રસ્તામાં દરેક ઠેકાણે જ્યાં ઊતર્યા ત્યાં એક પથરાની કોરી નદી પથરાયેલી હોય જ. ચોમાસામાં એ એટલો તો કોલાહલ કરે છે કે આખી ખીણ સહસ્રનિનાદથી ગાજી ઊઠે છે, પણ અત્યારે જ્યાં જુઓ ત્યાં ભીષણ શાંતિ. નાનાં નાનાં પક્ષીઓ એકબીજાને દૂર દૂરથી ઇશારા ન કરતાં હોત તો અહીં ઊભા રહેતાં પણ હૈયામાં 'ધડક' પેસી જાત. છેલ્લો ઉતાર આવ્યો અને જ્યાં જોઈએ ત્યાં સ્લેટવાળો પથ્થર. જાન બચાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાદ તખ્તીને પકડવા જઈએ ત્યારે એના ચૂરા થઈને હાથમાં આવી જાય છે.

જેમતેમ કરીને નીચે ઊતર્યા. લગભગ કલાક થવા આવ્યો. જેની મોટરમાં આવ્યા હતા તે ભાઈ કહે, 'હું તો અહીં જ બેસું છું, તમે આગળ જાઓ.' મેં કહ્યું, 'તમારી સાથે અમે કરાર કર્યો હતો કે એક કલાકમાં પાછા ફરીશું. પણ સહસ્રધારા પહોંચતાં જ એક કલાક કરતાં વધારે જશે એટલે તમે પાછા જ જાઓ અને મોટર લઈને વખતસર દેહરાદૂન પહોંચો. અમે ભાડાની બસમાં આવી જઈશું.' રણબીર કહે, 'હવે તો દસ મિનિટમાં આપણે પહોંચી જઈશું. સામે ટેકરીની કેડે પેલી ધોળી ઝૂંપડી દેખાય છે એની બાજુ ઉપર જ સહસ્રધારા છે.'

આટલે દૂર આવ્યા છીએ ત્યારે પાંચ મિનિટ વધારે, એમ વિચાર કરી અમે ચાલ્યા. પાછા વળીને જોવાનું મન થયું, તો સૂરજ આકાશમાં લટકતો હતો અને તળેટીની ખીણના પહાડો બે હાથ ઊંચા કરી દડો ઝીલવાની તૈયારી કરતા હોય એમ એનું સ્વાગત કરતા હતા. ઉપર ઉછાળેલું બાળક માતાના હાથમાં પડતાં જ્યારે હસે છે અને માતા રાજી થાય છે તેવું એ દૃશ્ય હતું. આવે વખતે માતાનો ઉમળકો મનમાં સેવવો કે બાળકનું વિશ્વાસપૂર્ણ હાસ્ય ખીલવવું, કયા આનંદ સાથે તાદાત્મ્ય અનુભવવું, એનો નિશ્ચય ન થવાથી મન મૂંઝાય છે. આટલું જ એક દૃશ્ય જોવા માટે અહીં સુધી અવાય! પણ સંકલ્પ તો સહસ્રધારાનો હતો, એટલે અમે લંબાતાં સૂર્યકિરણ તરફ પીઠ ફેરવી આગળ ધસ્યા.

ત્યાં એકાએક મોટો ધોધ ધબધબતો દેખાયો. ઊંચેથી સ્વચ્છ પાણી મજબૂત થયેલી માટીની પ્રાકૃતિક દીવાલ પરથી સરી પડે છે, અવાજ કરે છે, અને અલમસ્ત એકતાનતાથી અવતરે છે. પાસે કોઈ છે કે નહીં, કોણ જુએ? શું થાય છે એની એને કશી પરવા નથી. ધબધબ ધબ અને ધબ ચાલે જ છે. પથરા ઉપરથી પાણી પડે છે ત્યારે એટલું આશ્ચર્ય થતું નથી. પણ આ તો પોતાની જીદ ન છોડનાર માટી પરથી પાણી પડે છે. હું જોતો જ ઊભો રહ્યો. પાણીના દૃશ્યમાં આટલો કેફ હોય છે એમ જો દારૂડિયાઓ જાણે તો નશો છોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહર્નિશ અહીં આવીને બેસી જાય. ક્ષણ માટે હું તો ભૂલી જ ગયો કે પાછા જવાનું છે. આપણે, ભલે એક ક્ષણ માટે, પણ જ્યારે કુદરત સાથે એકરૂપ થઈએ છીએ ત્યારે એ ખરેખર અદ્વૈતાનંદ હોય છે. પોતાનું ભાન ભૂલી ગયા પછી આનંદ જ રહેવાનો.

ત્યારે શું જેને આપણે જડસૃષ્ટિ કહીએ છીએ તે જડ નથી પણ અદ્વૈતાનંદની સમાધિમાં એકતાન થઈને પડી છે? એનો જવાબ કોણ આપી શકે?

રણબીર કહે, 'હવે આપણે સહેજ આગળ જઈએ.' હવે મોડું કરવાની મારી દાનત ન હતી. પણ થોડુંક રહી ગયું એમ મનમાં વિષાદ ન રહે એટલા ખાતર હું આગળ ચાલ્યો. નીચે પાણી વહેતું હતું. ધીમે રહીને અમે નીચે ઊતર્યા ત્યાં તો સુરાખારની મહેક આવવા લાગી. નીચે ઊતરીને એ પાણી સહેજ પીધું. કહે છે કે તમામ ચર્મરોગ માટે આ પાણી 'બહોત મુફીદ હૈ.' આ પાણી અને તેના અદ્‌ભુત ગુણનો વિચાર હું કરતો હતો પણ હૈયું તો પેલા હમણાં જ જોયેલા ધોધના ધબકારા સાથે તાલ ધરતું હતું. એટલામાં જમણી બાજુએ ઊંચે એક ઝઝૂમતી કરાડની છતમાંથી પાણીનાં ટીપાં પડતાં જોયાં. જાણે અત્યંત સૌમ્ય અને મૂક જલતરંગ, અથવા વૃંદગાયન.

આ જ ખરી સહસ્રધારા. હજારો ટીપાં એ ગુહા ઉપરથી અને અંદરથી ટપટપે છે. પણ એનો અવાજ ભેગો થતો નથી. શાંતપણે ટીપાંઓ પડતાં જ જાય છે. એક બાજુ પરથી અમે ઉપર ચડ્યા. ત્યાં એક ઊંડી સરખી ગુફા હતી. વચમાં થાંભલા જેવો પથરાનો ભાગ હતો. એની આસપાસ અમે ફર્યા. બધે જ સહસ્રધારાનો વરસાદ ચાલતો હતો. એ આખો પહાડ ઓગળી જતો હોય એમ લાગતું હતું. અમે બરાબર પલળી ગયા. એક કલાક સુધી તેજ ચાલીને આવેલા હોવાથી શરીરમાં ગરમી ખૂબ હતી. તેથી આમ પલળી જવાનો આનંદ તો ઓર જ જણાયો. કેટલું ઠંડું અહીંનું દૃશ્ય! અહીં રહેવા માટે માણસનો ભવ કામનો નથી. અહીં તો વેદમંત્રનું ચાતુર્માસે રટણ કરનાર દેડકાંઓનો અવતાર લઈને જ રહેવું જોઈએ. જે હૈયું થોડા સમય પહેલાં શક્તિશાળી ધોધ સાથે એકરૂપ થયું હતું તે જ અહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ક્ષણમાં આ ઝરમર ઝરમર સહસ્રધારાના બાલનૃત્ય સાથે તન્મય થઈ ગયું. મેં રણબીરને હૈયું ભરીને ધન્યવાદ આપ્યા અને કહ્યું, 'જો આટલો સુંદર ભાગ જોયા વગરનો રહી જાત, તો ખરેખર પસ્તાવા જેવું થાત.' વરસાદ સામે રક્ષણ આપતી ગુફાઓ તો મેં અસંખ્ય જોઈ છે. પણ ઉનાળામાં પણ પોતાના પેટમાં વરસાદને સંઘરતી ગુફા તો આ જ પહેલવહેલી જોઈ. સિલોનની મધ્યમાં એક ઠેકાણે ચિત્રામણવાળી મોટી ગુફા છે તેમાંથી એક ઠેકાણે એક નાનકડું ઝરણું ટપટપે છે, પણ આવો અખંડ વરસાદ તો અહીં જ પહેલવહેલો જોયો. અમને પાછા જવાની ઉતાવળ હતી તેવી આ વરસાદને ન હતી. એને એનું જીવનકાર્ય મળી ચૂક્યું હતું. પથરા પરની લીલને કારણે પગ લપસતા હતા. અને અહીંના સૌંદર્ય, પાવિત્ર્ય, અને શાંતિને કારણે પગ અહીં ચોંટી રહેતા હતા. આ સ્થિતિમાં જેટલો વખત ગયો તેટલો જ લાભ એમ મનને થતું હતું.

અંતે ત્યાંથી પાછા ફરવું જ પડ્યું. હવે તો બેવડા વેગથી પાછા જવાનું હતું. રસ્તામાં કેટલાયે મજૂરો અને ગોવાળો ઉતાવળે ચાલતા દેખાયા. બિચારા ગરીબ લોકો, મુશ્કેલીથી આવે ઠેકાણે જીવે છે. પણ અમને તો સહસ્રધારાની અમી-નજર તળે એ લોકોને રહેવાનું મળે છે એની જ અદેખાઈ થઈ.

ઊતરતાં ઊતર્યા, પણ હવે અંધારામાં ચડાશે કેમ એ સવાલ હતો. મનમાં થયું કે એકાદ સોટી હાથમાં હોય તો સારું. ત્યાં એક ગામડિયા દુકાન હતી. દુકાનદારને અમે કહ્યું, 'ભૈયા, એક અચ્છીસી લકડી દે દોગે?' હું એક કાને સાંભળતો નથી, તો દુકાનદાર બંને કાને બહેરો, મારી વાત સમજે નહીં, અને હું અધીરો બનેલો. અંતે એક સાથીએ ઇશારાથી એને કહ્યું. એણે તરત અંદરથી પોતાની વાંસની લાકડી આણી આપી. પૈસા આપું તો લે નહીં. એની લાકડી લઈને મેં જ એના ઉપર ઉપકાર કર્યો હોય એવી ધન્યતા આંખમાંથી બતાવતો એ કહે, 'લે જાઈએ, આપ લે જાઈએ.' ત્યાર પછી રણબીરે એના કાનમાં જોરથી કહ્યું, 'યે મહેમાન તો મહાત્મા ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આશ્રમ સે આતે હૈં,' પછી તો એની ધન્યતાનો અને મારા સંકોચનો પાર ન રહ્યો. લાકડી લઈને હું નાઠો.

હવે અમારું બોલવાનું બંધ થયું. પગ દોડતા જાય અને હું મનમાં પ્રાર્થના બોલતો જાઉં. આકાશમાં ગુરુ અને શુક્ર ચંદ્ર વિષે કંઈ ટીકા કરતા હતા.

પેલા મોટરવાળા ભાઈ પહાડની ટોચે બેસી અમારા પાછા આવવાની રાહ જોતા હતા. જ્યારે અમે ભેગા થયા ત્યારે એ કહે, 'તમે દોડતા ગયા અને ઉતાવળા પાછા આવ્યા અને હું આટલો વખત નિરાંતે આ ખીણના ભવ્ય વિસ્તારનો અને આથમતા પ્રકાશનો, એના પલટાતા રંગનો આનંદ માણતો રહ્યો, ત્યારે કહો આપણામાંથી વધારે આનંદ કોણે લૂંટયો?'

મેં મનમાં પ્રતિધ્વનિની પેઠે પૂછયું, 'ખરેખર, કોણે લૂંટયો?'

ડિસેમ્બર, ૧૯૩૬

૪૯

રણ કે સરોવર

ઘટના નિયમિત થઈ એટલે શું એની અદ્ભુતતા મટી ગઈ?

છ કલાક પહેલાં ક્યાંય પાણી દેખાતું ન હતું. ઉત્તરથી દક્ષિણ સુધી સીધો સમુદ્રકિનારો ફેલાયો છે. પશ્ચિમ તરફ જ્યાં આકાશ નમ્ર થઈ ધરતીને સ્પર્શ કરે છે ત્યાં સુધી—ક્ષિતિજ સુધી—પાણીનું નામ ન મળે, એકે મોજું ન દેખાય. આ જ ક્ષણે આ સ્થાનને નવેસર જોનારને થાય કે આ તો કોઈ રણનો ભાગ હશે. વરસાદ પડીને ભીનો થયો છે એટલું જ; અથવા એને એમ થાય આ કોઈ જબ્બર કળણ છે, માત્ર એમાં ઘાસ નથી એટલું જ. દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી સપાટ સીધી જમીન જોઈ કેટલો આનંદ થાય છે! આટલી સપાટ ભૂમિ તૈયાર કરાવવાનું એન્જિનિયરને સોંપીએ તો એને અનહદ મહેનત કરવી પડે. પણ આ તો કુદરતની કારીગરી. ઊંચા ઊંચા પહાડોમાં ભવ્યતા હોય છે, જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા સમતત* પ્રદેશોમાં વિશાળતા, વિસ્તીર્ણતા હોય છે. આ વિશાળતાનું પાન કરવામાં મગ્ન હતા એટલામાં દૂર ક્ષિતિજ ઉપર વહાણ જેવું કંઈક દેખાયું. જમીન પર વળી વહાણ કેવું? એટલામાં દક્ષિણથી ઉત્તર સુધી ફેલાયેલી એક ભૂખરી લીટી ધીમે ધીમે જાડી થવા લાગી. એના પર વચમાં વચમાં ધોળી લહેરો દેખાવા લાગી. પાણીનું કટક આવ્યું. સેનાપતિના હુકમ પ્રમાણે એક-કતાર મોજાંઓ આગળ ધસવા લાગ્યાં. આવ્યું, આવ્યું, પાણી આગળ આવ્યું. અર્ધો પટ એણે વ્યાપી નાખ્યો. સૂરજ ચડતો જાય, તાપ વધતો જાય અને મોજાંનો ઉન્માદ પણ વધવા માંડે. શું આ મોજાં ઈશ્વરનું સોંપેલું કંઈ અસાધારણ કાર્ય કરવા માટે ચાલતાં આવે છે? યમદૂત જેવાં નહીં, પણ દેવદૂત જેવાં તો જરૂર લાગે છે. જંગલમાં વરુનાં ટોળાં ફલાંગ ભરતાં, કૂદતાં આવે તેમ મોજાંઓ વધવા લાગ્યાં. જ્યાં નીરવ ભીનું રણ હતું ત્યાં ઊછળતાં ગરજતાં મોજાંઓનો સાગર ફેલાઈ ગયો. ભરતી પુરજોસમાં આવી. મોજાંઓ આવે છે અને કાંઠા પર અથડાય છે. જરાક તાકીને મોજાં તરફ કલાક, અડધા કલાક સુધી જોયા કરો, તરત મનમાં સ્ફુરી આવે છે કે આ મોજાં જડ નથી પણ સચેતન છે. એમનો પણ સ્વભાવધર્મ છે. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી. ડાબી બાજુના તરવડનાં ઝાડ પાણીમાં ડોલવા લાગ્યાં. જાણે હમણાં ડૂબી જાય છે. મરજાદ-વેલ ઘણે દિવસે ભાણેજ સળવા આવ્યો છે એમ જોઈ સ્નેહભીની થઈ છે; અને મોજાંઓનો મદ તો ઊતરે જ નહીં. હાથીની પેઠે દોડે, અને કિનારા પર વપ્રક્રીડા અનુભવે. કેટલું અદ્ભુત દૃશ્ય. જમીન પર ઢોળાવ હોય, નીચાણ હોય અને પાણી નદીરૂપે વહેતું હોય ત્યારે એનું આશ્ચર્ય નથી લાગતું. નીચાણ તરફ વહેવું એ પાણીનો સ્વભાવધર્મ છે. પણ સપાટ ભૂમિ પર જ્યાં પાણી ન હતું, ત્યાં વરસાદ કે રેલ વગર પાણી દોડતું આવે અને પાણીનું જાડું પડ જમીન પર પથરાતું જાય એ કેટલું આશ્ચર્ય? જ્યાં હમણાં જ આપણે દોડતા, ફરતા હતા ત્યાં પગ ન ઠરી શકે એવી જળાકાર સ્થિતિ શી

---

* સમ-તત = stretched evenly. દાખલા તરીકે ગંગામુખ આગળનો સુંદરવનનો પ્રદેશ સમતત કહેવાતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે થઈ હશે? આટલા ટૂંકા વખતમાં આવડો મોટો વિપર્યાસ! જ્યાં હવામાં હાથ હલાવતા અમે ફરતા હતા ત્યાં ઊછળતાં મોજાંઓ વચ્ચે હાથનાં હલેસાં ચલાવી તરવાનો આનંદ લૂંટીએ છીએ. જાણે ઘોડા પર બેસી સહેલ કરવા ઊપડ્યા છીએ. આ ભરતીની ક્ષણે જો કોઈ માણસ નવેસર આવીને જુએ તો એને થાય કે ખારા પાણીનું આ છલકતું સરોવર હજારો વરસથી અહીં આમ ને આમ જ ફેલાયેલું હશે. પણ જો થોડા કલાક ઊભા રહેવાની તસ્દી લઈએ અને જોઈએ તો ખબર પડશે કે આવડા મોટા મહાયુદ્ધ જેવા આક્રમણનો પણ અંત છે. પોતાની લીલા જેમ ફેલાવી, તેમ પાછી ખેંચવાનો વખત આવ્યો લાગે છે. ઈશ્વરનું કાર્ય જાણે સમાપ્ત થયું. ઈશ્વરે જાણે પોતાની પ્રાણશક્તિ પાછી ખેંચી લીધી. હવે એક એક મોજું કિનારા તરફ દોડતું આવતાં છતાં પાણી પાછાં વળ્યાં છે એવું સ્પષ્ટ દેખાય છે.

ચાલ્યું, પાણી ખસવા લાગ્યું. દરિયાની પેલી પાર શું મોટો ખાડો પડ્યો કે એને પૂરવા આ બધું પાણી દોડતું જાય છે? અગ્રેસર મોજાંઓને પાછાં ફરતાં જોઈ પાછળથી આવેલાં મોજાંઓ અધવચ્ચે જ વિરસ થાય છે અને દોડતાં દોડતાં જ હસી પડે છે. સાગરના પાણીની ગણતરી કોણ કરે! એ શી રીતે મપાય? આટલાં પાણી આવ્યાં કેમ અને જાય છે કેમ? શું એને કોઈ પૂછનાર નથી? અથવા પૂછનાર છે તેથી જ આટલા નિયમથી આવે છે ને જાય છે? જેમ જેમ વધારે વિચાર કરીએ છીએ તેમ તેમ આ બધા બનાવની અદ્‌ભુતતા મન પર વધુ ને વધુ ઠસે છે. ભરતી અને ઓટ એ શી ચીજ છે, એનો શો ઉપયોગ છે, એ ન હોત તો સમુદ્રનું શું થાત, સમુદ્રજીવી પ્રાણીઓના જીવનમાં શા શા ફેરફાર થાત, ચંદ્ર ને સૂર્યનું આકર્ષણ અને સાગરનું પૃથ્વીના પડથી છૂટાપણું વગેરે વાદો છે તો બરાબર, પણ આની પાછળ ઉદ્દેશ શો એ જાણવા તરફ જ મન વધારે દોડે છે. પણ એ જિજ્ઞાસા હજી તૃપ્ત થઈ નથી.

જેટલી વાર સમુદ્રમાં ભરતીઓટ જોઈએ છીએ તેટલી વાર એ સરખી જ રીતે અદ્‌ભુત લાગે છે અને ઈશ્વરની સૃષ્ટિમાં જ્યાં ત્યાં એ જ્ઞાનમય પ્રભુ સનાતનપણે વિરાજે છે એની પ્રતીતિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वम् समाप्नोषि ततोऽसि सर्वः । એમ કહીને હૃદય એને પ્રણામ કરે છે. સૃષ્ટિ મહાન છે તો સરજનહાર વિભુ કેવો હશે? એને કોણ ઓળખે? એને પોતાને પણ ઓળખવાની દરકાર હશે ખરી?

ઓરડી, ૧ મે, ૧૯૨૭

૫૦

ચાંદીપુર

મારી ખાતરી હતી કે, ગયે વખતે ચાંદીપુરમાં જે દૃશ્ય મેં જોયું તે મને આ વખતે જોવાને મળવાનું નથી. એટલે બહુ આશા ન રાખવાનું પોતાના મનને સમજાવીને જ આ વખતે અમે ચાંદીપુર જવા ઊપડ્યા: છતાં ચાંદીપુર તે ચાંદીપુર. એની સામાન્ય શોભા પણ અસામાન્ય ગણાય.

કલકત્તા કટકના રસ્તા ઉપર બાલાસોર અથવા વાલેશ્વર કરીને એક કસબો છે. ચાંદીપુર ત્યાંથી આઠ માઈલ પૂર્વે સમુદ્રકિનારા પર આવેલું સ્થાન છે. લશ્કરી ખાતાએ આ સ્થાનનો સહેજસાજ ઉપયોગ કર્યો છે. પણ તેથી કંઈ એનું મહત્ત્વ વધ્યું નથી. અહીંથી ત્રણ માઈલ ઉપર બુઢ્ઢી બલંગ નદી જ્યાં સમુદ્રને મળે છે, ત્યાં સરસ બંદર થાય એમ છે. હવા ખાવાનું સરસ સ્થાન પણ એ બની શકે એમ છે, પણ હજી તેમ બન્યું નથી. ચાંદીપુરનું આજનું મહત્ત્વ એની સનાતન પ્રાકૃતિક શોભાને લીધે જ છે. અને તેથી જ મેં એને ઉગમણી ઓરડીનું નામ આપ્યું છે.

મુંબઈથી ઉત્તરે ઘોલવડ સ્ટેશનથી દોઢ માઈલ ઉપર ઓરડી કરીને જે સ્થાન છે ત્યાંનો દરિયો જ્યારે ઓટને કારણે પાછો હઠે છે, ત્યારે દોઢ બે માઈલનો પટ ખુલ્લો મૂકી દે છે અને પાણી લગભગ ક્ષિતિજ સુધી પહોંચી જાય છે. આખો સમુદ્રકિનારો જાણે દેવોનું કે દાનવોનું ભીંજાયેલું ટેનિસ-કોર્ટ હોય એવો સીધો સપાટ દેખાય છે, અને જ્યારે ભરતી સાથે પાણી આવવા માંડે છે ત્યારે જોતજોતામાં એ આખો કિનારો પાણીથી ભરાઈ જઈ સરોવરની પેઠે છલકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુહૂર્તમાં ભીનું રણ અને મુહૂર્તમાં છીછરું સરોવર, એવી એ પ્રકૃતિની લીલા જોઈ હું જે વિસ્મય પામ્યો હતો, તે મેં જ્યારે લખી કાઢ્યું, ત્યારે મને સ્વપ્નામાંયે ખ્યાલ નહોતો કે, બરાબર એવું જ એક સ્થાન ઉગમણી બાજુ પૂર્વ કિનારે કુદરતે સરજી રાખ્યું હશે.

રાષ્ટ્રભાષા–પ્રચારને અંગે જ્યારે હું આ પહેલાં કલકત્તાથી ઉત્કલ આવ્યો હતો, ત્યારે બાલાસોરનું કામ પતાવી ચાંદીપુર જોવા ખાસ આવ્યો હતો. રસ્તામાં ઠેર ઠેર પાણીનાં ખાબોચિયાંમાં નીલ કમલ ઊગેલાં જોઈ મારા હર્ષનો પાર રહ્યો ન હતો. કમળ એટલે પ્રસન્નતાનું પ્રતીક. સુંદરતા, કોમળતા, તાજગી અને પવિત્રતા જ્યારે એકત્ર આવ્યાં, ત્યારે એમણે કમળનું રૂપ ધારણ કર્યું. કમળ સફેદ હોય છે ત્યારે તપસ્વિની મહાશ્વેતાનું સ્મરણ કરાવે છે. એ જ જ્યારે લાલ હોય છે ત્યારે ગંધર્વનગરી પર રાજ્ય કરતી કાદંબરીની શોભા બતાવે છે. પણ નીલ કમળ તો જાણે પ્રત્યક્ષ કુંજવિહારી શ્રીકૃષ્ણનો જ ભાગ ભજવતું હોય એવું લાગે છે. આપણે ત્યાં નીલ કમળ બહુ જોવાને નથી મળતાં, એ પણ કારણ હોય. પણ આ રસ્તે નીલ કમળો જોઈ હું રાજી રાજી થયો એટલું ખરું.

બાલાસોરથી ચાંદીપુરનો રસ્તો લગભગ સીધી સડક છે. છેક કાંઠા ઉપર ડાક બંગલાને બારણે જઈએ ત્યાં સુધી સમુદ્રનાં દર્શન થતાં જ નથી, પણ જ્યારે થાય છે ત્યારે પોતાની વિશાળતાથી ચિત્ત હરી લે છે. ગયે ફેરે અમે ગયેલા ત્યારે ભરતી ધીમે ધીમે વધતી હતી, અને નાજુક મોજાંઓ ક્ષિતિજ સાથે સમાન્તર રેષામાં ધીમે ધીમે આગળ વધતાં હતાં. ક્ષિતિજથી શરૂ થઈને કિનારા સુધી આવતાં મોજાંઓ જાણે લાંબી બે ત્રણ માઈલની એક રસી તાણીને કોઈ આગળ આણતું હોય એવી રીતે સીધાં અને સમાન્તર આવતાં હતાં. મારી સાથે કોઈ વિદ્યાર્થી હોત તો હું એને સમજાવત કે, નોટબુકમાં આંકણી લઈને લીટી દોરવી હોય તો આના જેવી સરસ સમાન્તર આવવી જોઈએ. જમીન જ્યારે બધી રીતે સરખી સપાટ હોય છે ત્યારે અંગ્રેજ લેખકો એને ટેનિસ-કોર્ટની ઉપમા આપે છે. પણ ક્યાં ટેનિસ-કોર્ટ અને ક્યાં માઈલો સુધી વિસ્તરેલી લાંબી પહોળી સિકતા-સ્થલી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ આખું દૃશ્ય ધરાઈને જોયું. ધરાયા પછી પણ જોયું. સામે જોયું, બાજુએ જોયું. આપણે કેટલા પુણ્યશાળી છીએ એવી ધન્યતાના ભાન સાથે જોયું. અને પછી હવે આગળ શું કરવું એવો વિચાર મનમાં આવ્યો. એને વિષે લખવાનું તો હતું જ. રાજાને રત્નો જડે ત્યારે એ પોતાના ખજાનામાં પહોંચાડી દે છે. રમણીઓને હાથ ફૂલો લાગે એટલે અંબોડે ચડાવીને જ જંપે. કુદરતના ઉપાસક-લેખકને કોઈ દૃશ્યનું પાન કરવાને મળે એટલે તે લેખબદ્ધ કે કવિતાબદ્ધ કર્યા પછી જ સ્વસ્થ થવાનો. પણ તે તો ઘેર ગયા પછી થઈ શકે. અત્યારે અહીં શું કરવું જોઈએ? કુદરતનો વિસ્તાર પહોળો હોય કે ઉત્તુંગ હોય, એનો આસ્વાદ કેવળ આંખે લેવાનો નથી હોતો. પગને પણ એમનો ગરાસ આપ્યે જ છૂટકો.

અમે ડાક બંગલાની ઊંચાઈએથી ખસતી અને હસતી રેતી થઈને દોડતા નીચે ઊતર્યા. ત્યાં તો અમે મોટાં મોટાં માણેક આમ તેમ દોડતાં અને પૃથ્વીના ઉદરમાં અલોપ થતાં જોયાં. કેટલો એમનો લાલ ચળકતો તરલ રાતો રંગ! મખમલમાં જેમ ફીકી અને ઊંડી લાલાશ હોય છે, તેવી જ છટા પ્રકાશને કારણે માણેકમાં પણ દેખાય છે. એ જ લાવણ્ય અમે આ દોડતાં અને પગાળાં રત્નોમાં જોયું. આ કરચલાઓ જેટલા આકર્ષક હતા તેટલા જ બિહામણા પણ લાગતા. આવીને કરડશે તો પોતાના જેટલું જ લાલ લોહી કાઢશે, એવી બીક લાગતી. પણ જેટલા તેઓ બિહામણા હતા તેટલા જ બીકણ પણ હતા. માણસને જોઈને ઝટ દઈને પોતાના ઘરમાં અલોપ થતા. અમે એમની પાછળ દોડ્યા અને એમની દોડધામ જોવાનો આનંદ મેળવ્યો.

દોડતાં દોડતાં દાબડા જેવા નાના મોટા શંખલા અમે જોયા. એના ઉપરની ભાત જોઈ મારી તો ખાતરી થઈ કે, આનો આકાર જોઈને જ અહીંના મંદિરના કળશ તૈયાર કરાયા હશે. સોપારી ઘાટ કરતાં આ ઘાટ કળાની દૃષ્ટિએ કેટલોયે ચડિયાતો છે.

ચિ. મદાલસાએ આવા કેટલાયે દાબડાઓ વીણ્યા. એમાં આર-પાર કાણું હોવાથી એનો હાર બનાવવાની કલ્પના સહેજે સૂઝે એમ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદ્રનો પટ, એનાં મોજાંઓ, પેલા કરચલાઓ અને આ શંખલાઓ બધાની વાતો કરતાં કરતાં અમે પાછાં ફર્યાં. કેટલાંક નીલ કમલોને સાથે લીધાં અને ભારતવર્ષનાં દર્શનમાં એક કીમતી ઉમેરો થયાના સમાધાન સાથે અમે ઘેર પહોંચ્યા.

હમણાં જ્યારે ફરી બાલાસોર આવ્યા, ત્યારે એ આખા દૃશ્યનું આબેહૂબ સ્મરણ થયું, અને એને પોતાની શ્રદ્ધાની અંજલિ અર્પણ કરવાને ફરી ચાંદીપુર જવાનો કાર્યક્રમ અમે ગોઠવ્યો.

આકાશમાં વાદળાં ઘેરાયાં હતાં. છતાં અમે મનમાં આશા સેવેલી કે, ચાંદીપુર પહોંચતાં આપણે પાણીમાંથી નીકળતા સૂર્યનું દર્શન કરીશું. એટલા માટે સાડાત્રણ વાગ્યે ઊઠી નિત્યવિધિ પૂરો કર્યો. ચાર વાગ્યે ડૉક્ટર ભુવનચંદ્રની મોટર મંગાવી અને મોટરવેગે આઠ માઈલનું અંતર કાપ્યું. રસ્તામાં ન મળે ખાબોચિયાં અને ન મળે શ્રીકૃષ્ણની આંખોની હરીફાઈ કરતાં નીલ કમળો. મારી ખાતરી હતી કે, એ મોજાંઓ આપણને જોવા મળવાનાં નથી. અષ્ટમીનો ચંદ્ર માથે ફીકો ચળકતો હતો. એટલે મેં માન્યું હતું કે અહીં તો ફક્ત છલકાતું શાન્ત સરોવર જ દેખાશે. અમે અમારા ઓળખીતા ડાકબંગલાના આંગણામાં આવ્યા અને મેં જોયું કે, પાણી તો ક્યારનાં પાછાં વળી ચૂક્યાં છે. દૂર ડહોળું પાણી રેતીના ઢગલા પડ્યા હોય એના જેવું લાગતું હતું. ફક્ત રેતીનો પટ વધુ ને વધુ ઉઘાડો પડતો હતો. અમે જો ચારેક મિનિટ વહેલા પહોંચ્યા હોત, તો સૂર્યને પાણીમાં પગ રાખતો જોયો હોત. વાદળાં હતાં પણ સૂર્ય પાસેનું ક્ષિતિજ સ્વચ્છ રેખીવ દેખાતું હતું. વાદળાના ડાઘા સૂર્યની પેલી શોભા વધારતા હતા. સૂર્યને જોઈને મારો હંમેશનો શ્લોક બોલવાનું પણ મને સૂઝ્યું નહીં. મેં ફક્ત તાળીઓનું અર્ધ્ય અર્પણ કર્યું અને દૂર સમુદ્રમાંથી નીકળેલા સૂર્યનારાયણનું ઉપસ્થાન કર્યું. હું મનમાં મનુનો શ્લોક બોલ્યો :

> आपो नारा अिति प्रोक्ता आपो वै नर-सूनवः ।
> ता यदस्य अयनं जातम् अिति **नारायण** स्मृतः ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં અમૃતલાલે લલકાર્યું —

प्रथम प्रभात अुदित तव गगने.

નીચે રેતીના પટમાં પહોંચતાં અમને વાર ન લાગી. શરમાળ કરચલાઓએ અમારું સ્વાગત પોતપોતાના દરમાં ઘૂસીને જ કર્યું.

સમુદ્રનાં વળતાં પાણીએ દૂર દૂરથી અમને ઇશારાથી પૂછ્યું, અહીં સુધી આવવું છે? પાણીના આમંત્રણને ના કેમ પડાય?

અમે ચાલ્યા, વચમાં વચમાં બે ચાર આંગળાં ઊંડું પાણી જોઈને પગ છબછબાવતા ચાલ્યા. ઘડીકમાં સૂરજ જોવાનું મન થાય, ઘડીકમાં પાછા વળીને કિનારો જોવાનું. થોડાંક સરુનાં ઝાડો, એક બે ઝૂંપડીઓ અને જકાત ખાતાનો વાવટો ચઢાવવાનો ઊંચો થાંભલો, એના કરતાં વધારે આકર્ષક ત્યાં કશું દેખાતું ન હતું. એના કરતાં પગ તળેના પાણીમાં વાદળાં પ્રતિબિંબિત થયાં હતાં તેની શોભા જ વધારે આનંદ દેતી હતી. પાછા ખસતાં પાણીની મોહિની પાછળ પાછળ અમે કેટલાયે દૂર ગયા હોત. પણ અમે ભૂલ્યા ન હતા કે અમારી આગળ બીજો કાર્યક્રમ છે. અને વખતના બજેટ બહાર અહીં મોજ કરાય નહીં. કિનારાથી કેટલે દૂર આવ્યા તેનો હિસાબ કાઢવા માટે પગલાં ગણતા ગણતા અમે પાછા આવ્યા. બે બે ફૂટનાં પગલાં ભરતાં અમે હજાર ગણ્યાં અને દોડતા માણેકોની રત્નભૂમિ સુધી પહોંચી ગયા. ઉપર ચડીને જોઈએ છીએ તો અવળચંડાં પાણી ધીરે ધીરે અમારી પાછળ આવતાં હતાં અને પાણીને આવતાં જોઈ કેટલાક માછીઓ રેતીના પટમાં પોતાની જાળ થાંભલાને આધારે લાંબી ઊભી કરતા હતા.

જૂની વાર્તાઓ પૂરી થાય છે, 'ખાધું પીધું ને રાજ કર્યું,' એ વાક્યથી. અમારાં વર્ણનો મોટે ભાગે પૂરાં થાય છે, 'પ્રાર્થના કરી અને પછી નાસ્તો કર્યો,' એ બયાનથી. સાથેના એક ભાઈએ કહ્યું કે, આજકાલ અહીં જ્યારે લશ્કરવાળાઓ તોપો ફોડે છે ત્યારે ધરતીકંપ થયો હોય તેમ આખી વસ્તી કંપે છે. તૈયાર થયેલો જીવલેણ માલ બરાબર ઊતર્યો છે કે નહીં તે તપાસવાનું થાણું અહીં છે. અવાજ ગમે તેટલો મોટો હોય તોયે, ક્રાન્તિ પછી જેમ શાન્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થપાય છે તેમ, આકાશના વિવરમાં તે વિલીન થાય છે અને અંતે નીરવતા જ રહે છે.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

મે, '૪૧

૫૧

સાર્વભૌમ ભરતી-ઓટ

દરેક મોજું કિનારા સુધી આવે છે અને પાછું જાય છે. આ એક જાતની ભરતી અને ઓટ જ છે. તે ક્ષણજીવી છે. મોટી ભરતી-ઓટ બાર બાર કલાકે આવે છે. એ પણ એક જાતનું મોટું મોજું જ ગણાય. બાર કલાકની ભરતી-ઓટ જેનું મોજું છે એવી ભરતીઓટ તે કઈ? અખાત્રીજની ભરતી જો વરસની સૌથી મોટી ભરતી તો સૌથી મોળી ભરતી ક્યારે આવે છે?

આપણે શ્વાસ લઈએ છીએ અને છોડીએ છીએ એ પણ એક જાતની ભરતીઓટ જ છે. હૃદયના ધબકારા થાય છે અને એની સાથે લોહી આખા શરીરમાં ફરી વળે છે એ પણ એક જાતની ભરતી-ઓટ જ છે. બાલ્યકાળ, જુવાની અને ઘડપણ એ પણ મોટી ભરતી-ઓટ છે. આવી રીતે ભરતીઓટનો ક્રમ વિશાળનો વિશાળતર થઈ આખા વિશ્વને પહોંચી શકે છે. જ્યાં ત્યાં ભરતીઓટ જ છે. રાષ્ટ્રોને ભરતી-ઓટ થાય છે. સંસ્કૃતિઓને ભરતીઓટ થાય છે. ધાર્મિકતામાં પણ ભરતીઓટ હોય છે. દરેક ઓટ પછી ભરતીને પ્રેરણા આપનાર તે આપણા રામચંદ્ર ને કૃષ્ણચંદ્ર જેવા અવતારી પુરુષો. સમુદ્રની ભરતીઓટને પ્રેરણા આપનાર ચંદ્ર ઉપરથી જ શું રામ અને કૃષ્ણને ચંદ્રની ઉપમા આપી હશે? બંનેનું દર્શન આહ્લાદક હતું એ ઉપરથી એમને ચંદ્રની ઉપમા મળેલી એમ કવિઓ કહે છે. અને કવિઓ કહે છે તે સાચું જ હોવું જોઈએ. પણ આમ પણ કેમ ન હોય કે ધર્મની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓટ અટકાવનાર અને નવી ભરતીને ગતિ દેનાર એ બન્ને ધર્મચંદ્ર હતા એ ઉપરથી જ એમને ચંદ્રની ઉપમા આપી હશે. એ કારણ અત્યાર સુધી ભલે અપાયું ન હોય પણ આજથી તો ધર્મસાગરના ચંદ્ર તરીકે જ એમનું નામ રામચંદ્ર અને કૃષ્ણચંદ્ર પડ્યું છે એમ આપણે તો માનવાના.

જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ કરી શકે તે 'અઘટિત–ઘટના–પટીયસી' એવી ઈશ્વરની માયા કહેવાય છે. એ માયાનું અહીં આપણને રોજ દર્શન થાય છે; તોય આપણે કેમ ભક્તિનમ્ર થતા નથી? અદ્‌ભુત વસ્તુ રોજની થઈ એટલે શું એ નિઃસાર થઈ? સારા જીવનમાં ત્રણ વસ્તુઓએ પોતાના ગાંભીર્યથી વધારેમાં વધારે અસર કરી છે: હિમાલયના ઉત્તુંગ પહાડો, કૃષ્ણરાત્રિનું રત્નજડિત ઊંડું આકાશ, અને વિશ્વાત્માનું અખંડસ્તોત્ર ગાતો મહાર્ણવ. ત્રણ હજાર વર્ષ પહેલાં અથવા બે હજાર વર્ષ પહેલાં હશે (હજારનો અહીં હિસાબ નથી) બુદ્ધ ભગવાનના ભિક્ષુઓ તથાગતનો સંદેશો દેશદેશાંતર પહોંચાડી આ જ સમુદ્રકિનારે આવ્યા હશે. સોપારાથી માંડીને કાન્હેરી સુધી, ત્યાંથી ઘારાપુરી સુધી અને થાણા જિલ્લાના અને પૂના જિલ્લાની સરહદ પર આવેલા નાણાઘાટ, લેણ્યાદ્રિ, જુન્નર વગેરે સ્થાનો સુધી, કાર્લે અને ભાજેના પ્રાચીન પહાડો સુધી અને આ તરફ નાશિકની પાંડવગુફાઓ સુધી શાંતિસાગર જેવા બૌદ્ધ ભિક્ષુઓ વિહાર કરતા હશે તે વખતનો ભારતસમાજ જુદો હતો. તે વખતના સવાલો જુદા હતા. તે વખતની કાર્યપ્રણાલી જુદી હતી. પણ તે વખતનો સાગર તો આ ને આ જ. આવી જ રીતે ઘૂઘવતો હશે. હશે શું, હતો જ. અને 'દશ્યજાત બધું નશ્વર છે, કર્મ જ એક સાચું છે. જેનો સંયોગ છે તેનો વિયોગ થવાનો જ. જે સંયોગવિયોગથી પર થયા, તેમને માટે જ શાશ્વત નિર્વાણસુખ છે' એમ આજની પેઠે તે દિવસે પણ મહાસાગર બોલતો હતો. એ જમાનો બદલાયો. મહાસાગરનું નામ પણ બદલાયું. પણ એનો સંદેશો બદલાયો નથી. ભરતીઓટથી જે પર થાય તેને જ શાશ્વત શાન્તિ મળવાની છે. તે જ બુદ્ધ છે. તે જ સુગત છે. એ ગયો એ ગયો. ભરતી પાછી આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓટ પાછી આવશે. એ પાછો આવવાનો નથી. તથાગત ખરેખર જ સુ-ગત છે.

બોરડી, ૭ મે, ૧૯૨૭

૫૨

કરાંચી જતાં

[એક કાગળમાંથી]

મુંબઈના ઉજાગરાનું સાટું વાળવા જલદી સૂઈ ગયો હતો તે સવારે ચાર વાગ્યે જાગ્યો. સ્ટીમર ડોલતી ડોલતી આગળ વધતી હતી. અહીં ક્યાંય જમીન નજરે પડતી નથી. ઉપર આકાશ ને નીચે પાણી. માણસનો પાણી પર કેવડો વિશ્વાસ કે જમીન નજર બહાર થયા છતાં દિવસ અને રાત એ દરિયો ખેડતો જઈ શકે છે! સંસ્કૃતમાં પાણીને જીવન કહે છે. તરસ ટાણે જે પેટમાં ઊતરે છે તે જીવન, અને તોફાન ટાણે જેના પેટમાં આપણને પહોંચવું પડે છે તે મરણ, એવા પાણીને માટે આપણા પૂર્વજોએ બે જુદા શબ્દો કલ્પ્યા નથી.

પ્રાર્થના માટે સાથીઓને ઉઠાડું કે નહીં એનો વિચાર થોડો વખત મનમાં ચાલ્યો. પછી મન સાથે નક્કી કર્યું કે જહાજના પારણામાં પોઢેલા આ બાળકોને જગાડવા કરતાં બધા વતી આપણે એકલા એકલા જ હળવેથી પ્રાર્થના કરી લઈએ એ સારું. પણ તો પછી તે સામુદાયિક પ્રાર્થના કેમ ગણાય? મનમાં થયું કે ચાલો પાસેના કૅનવાસના જાડા પડદા ઊંચા કરીને જોઉં કે પ્રાર્થનામાં સાથ દેવા કોઈ તારાઓ જાગે છે કે નહીં. અનુરાધાએ કહ્યું કે 'અમે હમણાં જ ઊઠ્યાં છીએ. કૃષ્ણચંદ્ર પધારવાની તૈયારી છે.'

એટલામાં બે શીંગડાં ઊંચાં કરીને ચંદ્ર બોલ્યો, 'તૈયારીને કાંઈ શીંગડાં ઊગવાનું બાકી નથી રહ્યું. આ જુઓ હું આવ્યો જ છું.' એણે ડાબા હાથમાં પારિજાત ધારણ કર્યો હોવાથી એ વિશેષ રૂપાળો લાગતો હતો. જોતજોતામાં અભિજિતે ક્ષિતિજ ઉપરથી માથું ઊંચું કર્યું અને પછી સ્વાતિ, અભિજિત અને પારિજાત આ ત્રિકોણનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો પિરામિડ પૂર્વ ક્ષિતિજ પર ઊભો થયો. એ બધાને સાથે લઈને મેં મારી પ્રાર્થના પૂરી કરી.

એટલામાં ચંદ્ર કાંઈક ઉપર આવ્યો અને અમારા જહાજથી માંડીને ચંદ્રના પગ સુધી એક સોનેરી પટો પાણી પર ચળકવા લાગ્યો. મને થયું કે ચંદ્રલોકમાં જવા માટે કેટલો સહેલો અને સરળ રસ્તો! જહાજમાંથી ઊતરી પડીએ અને ચાલવા માંડીએ એટલી જ વાર! પણ પાશ્ચાત્ય લોકો તો કહે છે કે ચંદ્રલોક પર ગાંડા લોકોની જ વસ્તી છે. એટલે ફરી વિચાર થયો કે આટલી મહેનતને અંતે જો ત્યાં પોતાના સમાનધર્મા અથવા ન્યાત-ભાઈઓ જ મળવાના હોય તો એ તકલીફ શા માટે ઉઠાવીએ?

*　　*　　*

મને આકાશનાં વાદળાં બહુ ગમે છે. નાનું હોય કે મોટું ધોળું હોય કે કાળું, સળંગ હોય કે ચીથરેહાલ મને આનંદ પમાડવાનું જ. પણ રાતનાં વાદળાં મને બિલકુલ ગમતાં નથી. એમનો આકાર ને રંગ ભલે ગમે આકર્ષક હોય છે, પણ તારાઓની વચ્ચેથી ભૂત પેઠે — અથવા મારાઓની પેઠે-લપાતાં-છુપાતાં તેઓ જાય છે એ જ મને ગમતું નથી.

ઉષઃકાળ પહેલાં આકાશ કેટલું રમણીય દેખાતું હતું! ચાંદરણામાં સમુદ્રનાં મોજાંઓ — મોજાંઓ શાનાં? નાજુક વિચિમાલા, અથવા સાગર બાપાએ હળવું સરખું સ્મિત કરવાથી એના મોં પર પડેલી કરચલીઓ — બરાબર ગણી લેવાય એટલાં સ્પષ્ટ હતાં. પણ આ વિઘ્નસંતોષી વાદળાંઓએ વચ્ચે આવીને બધું બગાડી મૂક્યું.

અમે પુરજોસમાં ધપતા હતા. ઉગમણી બાજુએ, એટલે કે અમારી જમણી બાજુએ જમીન દેખાય છે કે કેવળ ભ્રમ છે એવી વિમાસણમાં હું હતો એટલામાં એકાએક દીવા દેખાવા લાગ્યા. મારી ખાતરી થઈ કે અમે શ્રીકૃષ્ણની દ્વારકાની નજીક પહોંચ્યા છીએ. થોડે અંતરે દીવાઓનું બીજું ઝુંડ ચમકતું હતું. એમાં એક દીવાદાંડીનો પ્રકાશ કોઈ વૃદ્ધની સ્મૃતિની પેઠે વચમાં વચમાં સ્પષ્ટ થતો હતો. ત્યાર પછી એક મિલના ભૂંગળામાંથી ધુમાડાની એક શાંત નદી ક્ષિતિજ સાથે સમાંતર વહેવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશના તારાઓ જોયા અને તારું સ્મરણ થયું. સવારની ઉષા સાથે તારી શી દોસ્તી છે, કોણ જાણે? આપણે મળ્યા તે પહેલાં જ ઓરડીમાં મેં પૂર્વ દિશાને અનસૂયા એ નામ બક્ષ્યું છે. 'જીવનનો આનંદ' એ ચોપડીમાં 'અનસૂયા પ્રાચી' એ નોંધ જોઈ લેજે.

* * *

૩૦-૧૨-'૩૭

૫૩

દક્ષિણને છેડે

૧

ધનુષ્કોટીમાં હું પહેલવહેલો વીસ વરસ પહેલાં આવેલો. મને સ્મરણ છે ત્યાં સુધી શ્રી રાજાજીએ મારી સાથે શ્રી વરદાચારીને મોકલ્યા હતા. વરદાચારી રામાયણના ભક્ત. આખો રસ્તો રામાયણની જ રસિક વાતો ચાલી હતી. અમે ધનુષ્કોટી પહોંચ્યા અને વરદાચારીનો સનાતની આત્મા શ્રાદ્ધ કરવાને તલસવા લાગ્યો. એક યોગ્ય બ્રાહ્મણને શોધી કાઢી તેઓ એ વિધિમાં મશગૂલ થયા અને બાકીના અમે સામસામે ઘૂઘવતા રત્નાકર અને મહોદધિની ભવ્ય શોભા જોવાને છૂટા થયા.

બે નદીઓના સંગમ અથવા પ્રયાગ અનેક ઠેકાણે જોવાને મળે છે. સંગમનું કાવ્ય આર્યોનાં ભેજાં કે હૈયાં સુધી પહોંચે એટલે એમને ત્યાં યજ્ઞ-યાગ કરવાનું સૂઝવાનું જ. યજ્ઞયાગ માટેના આવા પ્રકૃષ્ટ અથવા પ્રશસ્ત સ્થાનને પ્ર-યાગ કહે છે.

બે નદીઓ મળે છે ત્યારે મોટે ભાગે અંગ્રેજી Y જેવી આકૃતિ થાય છે. મહારાષ્ટ્રમાં કહ્હાડ પાસે બે નદીઓ સામસામે આવીને મળે છે અને પછી કાટખૂણામાં એક બાજુએ વહે છે. અંગ્રેજી T જેવી પાંચ કાંઠાની એની આકૃતિ થાય છે. બે નદીઓ સામસામી આવીને એકબીજીને બાથમાં લે છે માટે એને પ્રીતિસંગમ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાને જ્યાં યમુના મળે છે ત્યાં પણ લગભગ T જેવો જ આકાર થાય છે. માત્ર એમાં ગંગા સીધી જાય છે અને યમુના કશા આગ્રહ વગર, અને કંઈક સંભ્રમ સાથે ગંગાને મળે છે.

યમુના પ્રથમ તો 'आत्मनि अप्रत्यय' દેખાય છે. પણ એક વાર ગંગાને મળી એટલે બન્ને બહેનો ઉલ્લાસના ઉન્માદમાં આવી જાય છે અને જો એકબીજામાં ઝટ મળી ગયાં તો મળવાનો આનંદ ત્યાં જ મટી જશે એ બીકે દૂર દૂર સુધી બંને ઓઢીવતી મળ્યા જ કરે છે. ધર્મકવિઓએ એ સ્થાનને પ્રયાગ-રાજનું ગૌરવભર્યું નામ અમસ્તું નથી આપ્યું.

પણ જ્યારે કોઈ નદી સાગરને મળે છે ત્યારે એ સાગર-સરિતા-સંગમનો ઉન્માદ શિવપાર્વતીના મિલન જેવો અદ્ભુત-રમ્ય હોય છે. એનું વર્ણન ભક્તવૃત્તિથી અથવા સંતાનની ભાષામાં ન જ થઈ શકે. માણસે પોતે માણસ છે એ ભૂલી જઈ પોતાની શક્તિ કરતાં પણ ઊંચે ઊડી સાગર–સરિતાના એ અ-સમાન સંગમનું વર્ણન કરવું રહ્યું.

પણ ધનુષ્કોટીમાં તો વિષ્ણુ અને મહાદેવના મિલન જેવો એ સમુદ્રનો સાગરસંગમ છે. રત્નાકર માનાર (Manar)ની બાજુથી આવે છે. મહોદધિ પાલ્ક (Palk) ની સામુદ્રધુનીનો પ્રતિનિધિ છે. એ બંનેને ઝટ મળવા કેમ દેવાય? પૃથ્વીએ જાણે રામધનુષ્યની કમાનદાર કોટી આડી મૂકીને એ બેને મળતા એક કોશ સુધી રોકયા. આ તરફ રત્નાકર ઊછળે છે અને પેલી તરફ મહોદધિ ગરજે છે અને પવન સૂચવે તેમ પોત-પોતાના પ્રવાહ દોડાવે છે.

અને શી આ બે જણની સંતલસ! મહોદધિ જો લીલો રંગ ધારણ કરે તો રત્નાકર સાવ નીલો થાય છે, અને જ્યારે રત્નાકર પર લીલાશ ચડે છે ત્યારે મહોદધિ આકાશને પણ દીક્ષા આપી શકે એવો ઘેરો નીલો રંગ રેલાવી દે છે.

મળવાની ઇચ્છા હોવા છતાં મળાતું નથી એમ જ્યાં સુધી લાગે છે, ત્યાં સુધી બન્ને જણા ધૂંઆફૂંઆ થાય છે. ક્ષણે ક્ષણે નવો અમર્ષ બતાવે છે. પણ એક વાર મળવાની છૂટ થઈ ગઈ એટલે જાણે કશી જ ઉત્સુકતા હતી નહીં. મળવું હતું અને મળી ચૂક્યા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી શાન્તિ અને સહજતા મોઢા પર રાખીને બન્ને મળી લે છે. અસ્વસ્થતા જાણે દૂર પાછળ મૂકી દીધી હોય એવી રીતે પાણીને તળિયેથી આગળ વધેલા રેતીના બાંધને કારણે ઊછળતાં મોજાંઓની બે હાર દૂર દૂર દેખાય છે. એક હાર મહોદધિ તરફ ફેલાયેલી હોય છે અને બીજી રત્નાકરની અંદર. પણ જ્યાં વચલા પ્રદેશમાં એ બે જણનું પ્રત્યક્ષ મિલન થાય છે, ત્યાં તો સરોવરની શાન્તિ જ ફેલાયેલી હોય છે. અને એમાં આશ્ચર્ય શું? અદ્વૈતમાં આનંદની પરિસીમા હોઈ શકે છે પણ ત્યાં ઉન્માદને સ્થાન ક્યાંથી?

ધનુષ્કોટીને છેડે ઊભા રહીને એક વાર ગોળ ચક્કર ફરી જોવું જોઈએ. જ્યાંથી ચાલીને આવ્યા એટલી જમીનની છબ બાદ કરીએ તો બધે મહાસાગરના વિશાળ પાણીનું ક્ષિતિજ સાથે બનતું વલય જ જોવાને મળે છે.

રંગૂન કે કરાંચી જતાં મધદરિયે ચારેકોર સમુદ્રવલય અને ક્ષિતિજવલય એક થઈ જાય છે એનો કેફ ઓછો નથી હોતો. પાણીના આ ક્ષિતિજવિસ્તાર ઉપર આકાશનું એટલું જ મોટું પણ અનંતગણું ઊંચું ઊંડું ઢાંકણું રાખેલું છે અને એ દાબડેશ્વરમાં એક નાનકડા જહાજમાં બેઠા 'कोटश्च कीटायते'— આપણે, મોતીની પેઠે સંઘરવામાં આવ્યા છીએ એવી કલ્પના ઊઠ્યા વગર રહેતી નથી. પણ જેમ જેમ વધુ વિચાર કરીએ તેમ તેમ પોતાની તુચ્છતા મન પર વધારે ને વધારે ઠસે છે.

ધનુષ્કોટીનું એવું નથી. પૃથ્વી સાથે આપણે અનુબદ્ધ છીએ, પગ તળે મજબૂત જમીન છે, અને એ જમીન ધીમે ધીમે વિસ્તાર પામીને એક વિશાળ દેશ અને ખંડ તરફ લઈ જઈ શકે છે એ ખ્યાલ આપણને આશ્વાસન આપે છે એટલું જ નહીં પણ પ્રચંડ આત્મ-વિશ્વાસના અધિકારી બનાવે છે. ધનુષ્કોટીને છેડે જેટલી વાર પહોંચ્યો છું તેટલી વાર મને માણસ તરીકેના આત્મગૌરવનું ભાન વિશેષપણે થયું છે. અને તેથી ત્યાં હું મારી 'ભૂમિકા' ઉપર મજબૂત રહીને સાગરની ઉપાસના કરી શક્યો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે જ્યારે મંડપમ્ છોડીને પુલ ઉપર થઈને પામબન પહોંચ્યો છું, ત્યારે ત્યારે 'રઘુવંશ' માં લખેલું કાલિદાસનું આ પ્રદેશનું વર્ણન યાદ આવ્યા વગર રહેતું નથી. કાલિદાસની વર્ણનશક્તિ ભલે મારી પાસે ન હોય, પણ હું એનો સમાન-ધર્મા છું એ વિશે મનમાં જરાયે શંકા રહેતી નથી. હું ક્યાં કવિયશઃપ્રાર્થી છું કે કાલિદાસ સાથે પોતાનું નામ દેતાં સંકોચ કરું? મને હસનારા ટીકાકારોને એમનું જ વચન સંભળાવી દઈશ.

पर्वते परमाणौ च पदार्थत्वं प्रतिष्ठितम् ।।

પણ જ્યારે ધનુષ્કોટી પાસે આવું છું ત્યારે કાલિદાસને ભૂલી જાઉં છું, અને લંકા શી રીતે જવાશે એની મથામણમાં પડેલા હનુમાનની નજરે દક્ષિણ તરફ જોવા માંડું છું. જે જે વાનર-યૂથ-મુખ્યોએ સેતુની કલ્પના કરી અને અમલમાં મૂકી તેમની નજરે તલાઈમાનારની દિશાએ જોવા માંડું છું અને એ રીતે કલ્પના દોડાવીને થાક્યા પછી ચાર ધામની યાત્રા પૂરી કરી રામેશ્વર પહોંચેલા વૃદ્ધ યાત્રીઓનું હૃદય ધારણ કરી કલ્પના કરું છું કે "એક આખી જિંદગી લગભગ પૂરી કરી ભારતવર્ષ જેટલા જ વિશાળ જીવનપ્રદેશને ફરી વળ્યો. હવે પાછા જઈને શું કરવું છે? ઇહલોકનું કામ જેવુંતેવું પૂરું થયું. સફળતા મળી કે વિફળતા, પણ ફરી એ ને એ જ જીવન ઘૂંટવું નથી. હવે તો એ આખું જીવન પીઠ તરફ રહે એ જ સારું. પાછા વળીને એને જોવાનો સ્મરણ-રસ પણ રહ્યો નથી. હવે તો સાંપરાયનો, પરજીવનનો પરમાર્થ-પણે વિચાર કરવામાં જ શ્રેય છે." એવી વિચારપરંપરા મનમાં ઊઠી. મન એક રીતે અસ્વસ્થ બને છે અને બીજી રીતે પરમ ઉપશમ અનુભવે છે.

આ ફેરે જ્યારે ધનુષ્કોટી આવ્યો, ત્યારે પરંપરાને અનુસરીને મહોદધિમાં સ્નાન કર્યું. મહાસાગરનું ક્ષમાપન પણ કર્યું. પણ મનમાં તો એક જ વિચાર આવ્યો કે આ સ્થાને હવે ફરી આવવાનું નથી. સિલોનમાં કોક વખતે જવું છે, પણ ધનુષ્કોટીનાં જે દર્શન કર્યાં તે તો છેવટનાં જ. આમ કેમ લાગ્યું તે કહેવું મુશ્કેલ છે. પણ ધરાયાનો વિચાર આ જ વખતે મનમાં ઊઠ્યો ખરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

રામેશ્વર, – ધનુષ્કોટી પછી કન્યાકુમારી. એક સ્થાન ભવ્ય તો બીજુ ભવ્યતર. અહીં બે નહીં પણ ત્રણ સાગરોનો સંગમ છે. એ સંગમનું વાતાવરણ અભેદભક્તિના આનંદ જેવું છે. આ અહીં હિંદી મહાસાગર પૂરો થાય છે, અને અહીં મુંબઈનો એટલે કે પશ્ચિમ સમુદ્ર અને અહીં બંગાળનો પૂર્વ સમુદ્ર શરૂ થાય છે એમ તો કહેવાય પણ નહીં અને મનાય પણ નહીં. અહીં ભારતવર્ષનો દક્ષિણનો છેડો છે અને ત્રણે સાગર એને ત્રણે બાજુએથી વીંટળાઈને પડ્યા છે. સંગમ તો આપણે કહીએ. સાગર માટે અહીં સંગમ જેવું કશું જ નથી. સંગમની કલ્પના આપણી છે. સાગરોને પૂછીશું તો તેઓ કહેશે કે જે ભેદને હસ્તી જ નથી એ મટી ગયાની વાત પણ શી રીતે કરાય? ‘સંગમ’-ની કલ્પના સાવ ભૂલભરેલી છે. કહેવું જ હોય તો એને ‘સંભવન’ કહો. જ્યાં એકતા જ છે ત્યાં ગમે તે ભાગને ગમે તે નામ આપી શકો છો. નામ અને રૂપનું દ્વૈત અહીં મોળું પડે છે, ઓગળી જાય છે અને પછી નર્યું અદ્વૈત જ પોતાની અખંડ મસ્તીમાં ઘૂઘવે છે.

કન્યાકુમારીમાં જે ભવ્યતા મેં અનુભવી છે, તેવી ભવ્યતા એક હિમાલયને છોડીને અને ગાંધીજીના જીવનને છોડીને મેં અન્યત્ર ક્યાંય અનુભવી નથી.

કન્યાકુમારીનું મહત્ત્વ પહેલવહેલું મેં ગાંધીજીને મોઢે જ સાંભળેલું. તેઓ ભાગ્યે જ દશ્યોનું વર્ણન કરવા બેસે છે. પણ કન્યાકુમારીથી પાછા આશ્રમમાં આવ્યા પછી એમણે એ સ્થાનનું ઉત્સાહભર્યું વર્ણન મારી આગળ કરેલું.

જ્યારે ’૨૭ની સાલમાં, એમની સાથે દક્ષિણ હિંદુસ્તાનની મુસાફરી મેં કરી, ત્યારે નાગર-કોવિલ આવતાંવેંત એમણે પોતાના મિજમાનને ખાસ ભલામણ કરી કે ‘કાકાને કન્યાકુમારી જવું છે. મોટરનો બંદોબસ્ત કરો.’ તે દિવસે એમણે બે વાર તપાસ કરી કે કન્યાકુમારી જવાની ગોઠવણ બરાબર થઈ કે નહીં.

પૂ. બાને લલચાવતાં મને જરાય મુશ્કેલી નહીં પડી. બીજાં બે જણ પણ સાથે થઈ ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે દૃશ્ય વિષેનાં વખાણો પૂ. બાપુજીને મોઢે સાંભળ્યાં હતાં તે દૃશ્ય જોવાની ઉત્કંઠા મારામાં ગળાબૂડ વધી હતી. અહીં આવ્યા પછી તો એનો કેફ જ ચડ્યો. ત્યાર પછી જેટલી વાર અહીં આવ્યો છું તેટલી વાર ફરી ફરી એ ને એ જ કેફ ચડે છે.

અને આશ્ચર્ય એ કે એ કેફ સાથે બ્રહ્મચર્ય વિશેના પણ ઊંડા વિચારો મનમાં ઊઠ્યા વગર રહેતા નથી. દેવી કન્યાકુમારીનું આ સ્થાન છે એ ખ્યાલને લીધે એવા વિચારો મનમાં ઊઠે છે એમ મને લાગતું નથી; કોઈ કાળે મને એવું લાગ્યું નથી. સ્વામી વિવેકાનંદે આ સ્થાને આવીને એ જ કેફ અનુભવ્યો હતો એ માહિતીને કારણે પણ કોઈ કાળે મનમાં અહીં આવતાંવેંત બ્રહ્મચર્યના વિચાર ઊઠ્યા નથી. ગાંધીજીની ભવ્યતાની ભવ્ય સાધના સાથે પણ એ વિચાર જોડાયો છે એમ નથી. પણ સ્વયંભૂપણે એ વિચાર મનમાં ઊઠે જ છે.

આ વખતે (૫-૧-૧૯૪૭) ત્રીજી વાર અહીં આવ્યો છું. આવતાંવેંત સૌથી પહેલાં સમુદ્રનાં મોજાં, આકાશનાં વાદળાં, પૂર્વપશ્ચિમની ક્ષિતિજ અને પાછળના ડુંગરા — બધાં સ્નેહીઓ જોઈ લીધાં.

આજે પોષનો મહિનો છે અને સુદ તેરસની તિથિ છે. આજે ચંદ્ર રોહિણીમાં કે મૃગમાં હોવો જોઈએ. અમે મોટરને વેગે કટકે કટકે, કન્યાકુમારી તરફ દોડતા હતા ત્યારે જ ચંદ્ર આકાશમાં ઊંચે ઊઠીને ટાંપીને બેઠો હતો કે સૂરજ આથમે કે તરત, વગર વિલંબે, આકાશનો કબજો લઈ લઉં. સંધ્યાને પોતાનો વર્ણવિલાસ પાથરવાને એણે ઝાઝો અવકાશ આપ્યો નહીં. છતાં પણ જેટલો વખત મળ્યો તેટલામાં સંધ્યાએ રંગોનાં અનેક દૃશ્યો બતાવી તો દીધાં જ.

સૂર્યાસ્ત જોવાની ઘણી અભિલાષા હતી પણ પશ્ચિમનાં વાદળાંઓએ જરાક ઠપકો આપતાં અમને કહ્યું, “કોઈનો અસ્ત જોવા માટે તલસાતું હશે? ખરું જોતાં સૂર્યનો અસ્ત થતો જ નથી. તમારા પૂરતો પ્રકાશનો અસ્ત થાય છે. એને માટે સૂરજને જોવા કરતાં ઉદય કે અસ્ત બન્ને પ્રસંગે એ જે એકરૂપતા ધારણ કરે છે તેનો રંગ જ કેમ ના જોઈ લો?

अुदये सविता रक्तो रक्तश्चास्तमने तथा ।
संपत्तौ च विपत्तौ च महताम् अेक-रूपता ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શ્લોક વાદળાંઓએ પણ નાનપણમાં મોઢે કરી રાખ્યો હશે!

સૂરજ જ્યારે ક્ષિતિજની તળે ગયો ત્યારે વાદળાંનાં બાકોરાંમાંથી સૂર્યપ્રકાશનાં લાલ મયૂખો ઉપર સુધી ફેલાયાં. અને ઉપર ફેલાયાં એના કરતાં દક્ષિણ અને ઉત્તર તરફ વધારે ફેલાયાં. બાકોરાં ઘણાં ન હતાં પણ જે હતાં તે મોટાં હતાં. તેથી કિરણનાં મયૂખો જાણે લાલ રંગના પટા ખેંચ્યા હોય એવાં થયાં હતાં. અને આકાશ પોતાના વૈભવમાં ભારેખમ દેખાતું હતું. આ શોભા ધાર્યા કરતાં સહેજ વધારે ટકી તેથી એને જ જોયા કરવાનું મન કંઈક તૃપ્ત થયું.

જ્યાં કુમારીના ન-થયેલા-લગ્ન-ના અક્ષત વેરાયા છે, એ બાજુના ખડક ઉપર મોજાંઓનું તાંડવ જોવા અમે જઈને બેઠાં. જોતજોતામાં સંધ્યા પશ્ચિમમાં વિલીન થઈ અને ચંદ્રનું રાજ્ય શરૂ થયું. વાદળાંઓએ આકાશને ઘેરી લેવાનો મનસૂબો પૂરો કર્યો ન હતો, એટલામાં દક્ષિણના વાદળામાંથી એક મોટો તારો ચળકવા લાગ્યો. એ બીજો કોણ હોઈ શકે? એ તો અગસ્તિ મહારાજ પોતે દક્ષિણ-પૂર્વ દિશા પર આરૂઢ થતા હતા. સદ્‌ભાગ્યે યમુના અને યામમત્સ્ય પણ ત્રાંસી લીટીમાં આકાશમાં દેખાયા. દક્ષિણ દિશાનું ધ્યાન કર્યાનું ફળ મળ્યું. સંતુષ્ટ થયેલી આંખે અમે ઉત્તર તરફ નજર ફેરવી. ત્યાં આકાશમાં દેવયાની (કૅસિયોપિયા)નો M ઉપર સુધી ચડ્યો હતો. એના તળે લગભગ ક્ષિતિજ પાસે એક તાડ જેટલી ઊંચાઈએ એ તાડના પાંદડાનું જ આસન બનાવી ધ્રુવકુમારે અમને પોતાનાં સુભગ દર્શન દીધાં. દેવયાનીને અને ધ્રુવને જોતાં જોતાં નજર પશ્ચિમ તરફ વળી, ત્યાં હંસે કહ્યું કે શ્રવણ તો ક્યારના આથમી ગયા છે. એટલે પૂર્વ તરફ નજર ફેરવી. ત્યાં બ્રહ્મહૃદયે કહ્યું કે બ્રહ્મમંડળનો વિસ્તાર આટલામાં જ ક્યાંક હોવો જોઈએ.

અમે ફરી દક્ષિણ તરફ મોઢું ફેરવ્યું. અગસ્તિ એટલો બધો ઊંચો આવ્યો ન હતો કે એની ઝૂંપડીની કલ્પના કરી શકાય. પણ વ્યાધ તો દેખાવો જ જોઈએ. પણ વ્યાધ ગમે તેટલો તેજસ્વી હોય તોય વાદળાંના જાડા પડને એ શી રીતે વીંધી શકે? અમે અમારી નજરે વાદળાંઓનું પડ વીંધવાનો પ્રયત્ન કર્યો, એટલે શંકા ગઈ કે વાદળાંઓમાં અમુક ભાગ ઊજળો દેખાય છે એની પાછળ જ વ્યાધ હોવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાદળાંની પેલી પાર વ્યાધનો પ્રકાશ અને આ પાર અમારી નજર — બંનેના હુમલાથી વાદળાં પાતળાં પડ્યાં અને પાતળા પડદા પાછળ નાટકનાં પાત્રો આછાં દેખાય તેવી રીતે વ્યાધ દેખાવા લાગ્યો. જોતજોતામાં વ્યાધ પૂર્ણ રીતે છતો થયો અને પછી વ્યાધ, અગસ્તિ, યમુના અને યામમત્સ્યની શોભા તેલુગુ અક્ષરોની શિરોરેખા જેવી દેખાવા લાગી.

હમણાં મૃગ દેખાશે, રોહિણી ચળકશે, અશ્વિન ડોકિયું કરશે. એમ આશાએ આકાશ તરફ અમે તાકતાં હતાં એટલામાં રજનીનાથે પોતાની આસપાસ કૂંડાળું ફેલાવ્યું અને એ સુવર્ણ-વલય સાથે આકાશમાં વાદળાંઓ પણ વધ્યાં. આકાશમાં ચંદ્રિકા ફેલાઈ હોય તોય શું? રાતનાં વાદળાં બહુ ધ્યાન આકર્ષી શકતાં નથી. એટલે અમે કાળામેશ સમુદ્રના ગંભીર જળ ઉપર નાચતી ધોળા ફીણની ચળકતી લીટીઓની હારો જોઈને જ આંખોને ઉજાણી આપી.

સમુદ્રનાં જળ ઉપર અને આકાશનાં વાદળાં પર વિવિધ રંગના નાચ ધરાઈને જોયા પછી આ ગંભીરતા એટલી તો તૃપ્તિદાયક લાગતી હતી કે એ તૃપ્તિ સાથે સ્થિતપ્રજ્ઞનો આદર્શ ગાવામાં અને સંધ્યાની ઉપાસના સાધવામાં અનેરો આનંદ ઉદ્‌ભવ્યો. આ સાગર પૂર્ણ છે. એના પર ફેલાયેલું આ આકાશ પૂર્ણ છે. એ એના દર્શનથી જીવનની સંધ્યાસમયે હૃદયમાં ઉદ્‌ભવેલો અમારો ઉપશમપ્રધાન આનંદ પણ પૂર્ણ છે. હવે એ ત્રિવિધ પૂર્ણતામાંથી ગમે તે કાઢી લઈએ કે ઉમેરી દઈએ, પૂર્ણત્વમાં કશી ઊણપ આવવાની નથી. મેળવેલી પૂર્ણતા ખૂટી શકે છે, કેમ કે એ ખરી પૂર્ણતા જ નથી. કેળવેલી પૂર્ણતા સ્થાયી છે, કેમ કે એ વારસાં સાથે જ આપણે જન્મ્યા હતા. ત્યાં સુધી પહોંચતાં વાર લાગી એ જ ઊણપ. જે કેળવી તે આત્મસાત થઈ. હવે ત્યાંથી ચડવા-ઊતરવાપણું છે જ નહીં.

જે વિરાટ છે, ભૂમા છે, બૃહત્તમ છે, તેની સાથે એકરૂપ થયા પછી જે જીવન સ્વાભાવિકપણે જિવાય છે તે જ ખરું બ્રહ્મચર્ય છે. વાસના દબાવી દીધી તો તે કોક વખતે ફરી ઊછળવાની, વાસના મારી નાખી તો તે ભૂતની પેઠે પજવતી રહેવાની. વાસનાને તૃપ્ત કરવાના ઘાટ ઘડ્યા તો તે વ્યસનની પેઠે અખંડ વળગવાની અને વધવાની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસનાઓને વધાવી લીધી તો માથે એનું ચક્કર ભમ્યા જ કરવાનું. વાસનાને તો સામે થઈને પૂછવું જોઈએ કે તું કોણ છે? મિત્રના રૂપમાં શત્રુતા કરવા આવી છે કે જીવનને સમૃદ્ધ કરવાની સાધના તરીકે આવી છે? વાસના જ્યાં સુધી સ્પષ્ટ અને ઉઘાડી થઈ નથી ત્યાં સુધી જ મોહક હોય છે. મોહ અસ્પષ્ટતાનો હોય છે, એકાંગી દર્શનનો હોય છે. વાસનાને વશ થવામાં મુખ્ય મદદ આંધળાપણાની જ હોય છે. વાસનાનો આંધળો વિરોધ પણ એને મજબૂત જ બનાવે છે. બે આંખે જોવાથી વાસનાને ઓળખી ન શકીએ. એને, મહાદેવની પેઠે, ત્રણ આંખે જોવી જોઈએ, પછી એની શત્રુતા એની મેળે ઓગળી જાય છે.

વાસનાનો સામનો કેવળ તપસ્યાથી નથી થઈ શકતો; જ્યારે પ્રજ્ઞા સ્થિર થયા પછી વાસનાનો વિરોધ જ નથી કરવો પડતો.

જીવનમાં જ્યાં સુધી અપૂર્ણતાનું ભાન છે, ત્યાં સુધી બ્રહ્મચર્ય સિદ્ધ થયું ન ગણાય. અપૂર્ણતા પોતે બાધક નથી. બાળકમાં અપૂર્ણતા ક્યાં ઓછી છે? એ નિર્મળ ભાવે જીવતું જાય છે અને એની અપૂર્ણતા સ્વાભાવિક ક્રમે મટતી જાય છે. અપૂર્ણતાનું ભાન આવ્યું કે તરત માણસ પામર થાય છે. સાગરની પેઠે પૂર્ણ થયા પછી મોજાંઓ ગમે તેટલાં ઊછળો, પાણીનો જથ્થો ગમે ત્યાં દોડે પણ સાગરને વહેવાપણું નથી. એ आत्मनि तृप्तः છે તેથી જ એને પોતાની માઝા મૂકવાનું હોતું નથી. એને મર્યાદાનું ભાન જ ન હોવાથી એનાથી એ અનાયાસે, અભાવિતપણે પળાય છે. એ જ ખરું બ્રહ્મચર્ય.

પ્રાર્થના પૂરી કરી અને છેલ્લા ચાર દિવસનાં સંસ્મરણો નોંધી રાખવાની ઊર્મિ જાગી. થોડીક નોંધ કર્યા પછી જ ઊંઘ આવી શકી.

બીજે દિવસે બ્રાહ્મમુહૂર્તે ભૂતની પેઠે સમુદ્રકિનારે જઈ બેસત, પણ વરસાદે જરાક રોક્યા. પ્રાર્થના સમયે સમુદ્રકિનારે જતાં જતાં ફરી આકાશ તરફ જોયું. દક્ષિણ દિશા એટલી બધી સાફ, સુંદર અને પારદર્શક હતી કે પૂર્વ તરફ ભેગાં થયેલાં વાદળાંઓની મનમાં ચીડ જ ચડી. એ જો દક્ષિણનું અનુકરણ કરત તો એમનું શું બગડત?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણે ત્રિશંકુ બરાબર ઊભો હતો. જયવિજય એના દ્વારપાળનું કામ કરતા હતા. કેરીના અથવા ખોટો ક્રૂસ એક બાજુ પર જઈને પડ્યો હતો. એ બે વચ્ચે કેટલાક એવા તો સુંદર તારા ચળકતા હતા કે જે વર્ધા મુંબઈ તરફના લોકોને આખા જન્મારામાં જોવાને નહીં મળે.

ઉત્તર તરફ સપ્તર્ષિ સાવ નમ્રપણે ફેલાયા હતા. ધ્રુવ રાતની પેઠે લગભગ જમીનને અડવા આવ્યો હતો. સ્વાતિ અને ચિત્રા માથે ચળકતાં હતાં. હસ્ત સહેજસાજ વાંકો થયો હતો. પશ્ચિમે ચંદ્ર આથમ્યો હતો પણ ચંદ્રિકા હજી પોતાની હસ્તી જણાવતી હતી. પુનર્વસુના હોડકામાંથી ફક્ત પ્રશ્વન જ વાદળું વીંધીને ડોકિયું કરતો હતો. અટૂલો તારો એકાકી પોતાના સ્વભાવ પ્રમાણે પ્રશ્વન અને મઘા સાથે કટ્ટી કરીને દૂર જઈને ઊભો હતો! મઘાનું દાતરડું ફાલ્ગુનીના ચોરસને સાચવતું હતું. પૂર્વ તરફ વિશાખા તળે ગુરુ, શુક્ર શોભતા હતા અને એ બન્ને ઠીક ઠીક ઊંચા આવેલા હોવાથી પાતળી અનુરાધા, વાંકી જયેષ્ઠા અને અણિયાળું મૂળ એમને આધાર આપતા હતા. ગુરુ, શુક્ર જ્યારે પારિજાત પાસે આવે છે ત્યારે એ ત્રણેની સરખામણી સરસ થાય છે. અને મંગળ પાસે ન હોવાનું દુઃખ નથી રહેતું.

હિંદુસ્તાનની એક જ્યોતિર્મયી વ્યાખ્યા મને સૂઝી છે. જો કન્યાકુમારીની દક્ષિણે આપણે ગયા તો ધ્રુવ દેખાતો બંધ થાય. અને જો કાશ્મીરની ઉત્તરે ગયા તો દક્ષિણે અગસ્તિ દેખાય જ નહીં. એટલે મેં વ્યાખ્યા બાંધી છે કે જ્યાંથી ધ્રુવ અને અગસ્તી બંને દેખાઈ શકે તે જ આપણો ભારત દેશ છે.

પ્રાર્થના પછી બધાં પ્રાણીઓને કરવું પડતું ઉદરભરણ નામનું યજ્ઞકર્મ ધરાઈને કર્યું અને નાહવા માટે તૈયાર કરેલા કુંડમાં અમે ઊતર્યા. આ નવી ઢબે બાંધેલા કુંડમાં સમુદ્રનું પાણી અખંડ આવ્યાં કરે છે. અર્ધો કુંડ ચાર ફૂટ ઊંડો છે, બાકીનો આઠ ફૂટ. કપડાં બદલવા માટે બે ઓરડીઓ પણ બાંધેલી છે. આવી સુઘડ વ્યવસ્થા ધાર્મિક પુણ્યને ઓછી કરનારી ન જ ગણાવી જોઈએ. નાહીને અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કન્યાકુમારીને દર્શને ગયા. આ મંદિર ત્રાવણકોરના હિંદુ રાજ્યમાં આવેલું હોવાથી હરિજનો માટે ક્યારનું ખુલ્લું થયું છે. મંદિરને બારણે સરકારનું જાહેરનામું છે કે જેઓ જન્મે કે ધર્મે હિંદુ છે તેટલા જ બધાને આ મંદિરમાં પ્રવેશ છે.

મંદિરનું સ્થાપત્ય સાદું પણ પ્રશસ્ત છે. પથરાના થાંભલા ઉપર છત તરીકે આડા પથરા જ મૂકેલા હોવાથી અંદરથી આખું મંદિર ભોંયરાનો ખ્યાલ આપે છે. દેવીની મૂર્તિ ઉગમણી દિશા તરફ જુએ છે, પણ એ બાજુનો બહારનો દરવાજો બંધ હોવાથી દેવીને સમુદ્રનું દર્શન થતું નથી અને સમુદ્રને દેવીનું દર્શન થતું નથી ! બિચારા બંગાળ સાગરે કોઈ કાળે દાવો કર્યો નથી કે તે પોતે જન્મે કે ધર્મે હિંદુ છે ! અને સમુદ્ર હોઈ એનાથી માઝા મૂકી મંદિરપ્રવેશ કરાય નહીં.

કન્યાકુમારીની કથા કરુણ છે. અહીંના કિનારા પર વેરાયેલી અક્ષત જેવી ધોળી મોટી રેતી, માણેકના ચૂર જેવી લાલ રેતીનો ગુલાલ અને શાહીચૂસ તરીકે વપરાતી કાળી રેતી, એ બધી પ્રાકૃતિક વસ્તુઓ એ કરુણ કહાણીને વધારે કરુણ કરવામાં મદદ કરે છે. જો દુનિયામાં બધાં જ મહાકાવ્યો કરુણાન્ત હોય છે તો હિન્દી મહાસાગરની અધિષ્ઠાત્રી દેવી કન્યાકુમારીની કથા પણ કરુણાન્ત હોય એ જઉપપન્ન છે. કરુણ રસમાં જે ઊંડાણ હોય છે તે દ્વારા જ જીવનની પ્રતીતિ થઈ શકે છે.

दुखं सत्यं सुखं माया; दुखं जन्तोः परं धनम् ।
दुखं जीवन-हृद्‌गतम् ॥

છીછરું જીવન માને છે કે સુખ એ જ જીવનની અનુભૂતિ છે, જીવનનું સારસર્વસ્વ છે. એ ભ્રમણા ભાંગવાનું કામ દુઃખને સોંપવામાં આવ્યું છે. દુઃખથી પરાસ્ત ન થતાં જે માણસ દુઃખને જીવનની સાધના તરીકે સ્વીકારે છે તે જ સુખદુઃખથી પર જઈને જીવન-સમૃદ્ધિનો આનંદ માણી શકે છે. એ આનંદ સુખદુઃખાતીત હોઈ સાગર જેવો ગંભીર અને આકાશ જેવો અનંત હોય છે.

એ આનંદના ભાગ્યમાં કોઈની સાથે વિવાહબદ્ધ થવાનું લખાયું નથી.

ડિસેમ્બર, ૧૯૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૪

સમુદ્રની પીઠ પર

[કલકત્તાથી રંગૂન જતાં]

સાંજે ચાર વાગ્યાનો વખત હશે. અમારી આગબોટ ઊપડી. તડકો સૌમ્ય થયો હતો. મંદમંદ પવન વાતો હતો. પાણી પર સૂરજના નાચતા ચળકાટમાં પીળાશ આવવા લાગી હતી. લાલ લાલ 'બોયાં'ને ચૂકવીને આગબોટ આગળ ચાલી. બંને કિનારા પર જહાજો દેખાય, નાની નાની હોડીઓ દેખાય. સેંટ વિલિયમનો કિલ્લો અમે વટાવ્યો અને આગળ ચાલ્યા. કેટલીક ગોદીઓમાં નાનાંમોટાં વહાણો બંધાતાં હતાં. બંને કાંઠાની જમીન પાણીની સપાટીથી બહુ ઊંચી ન હતી, તેથી બંને બાજુએ દૂર દૂર સુધી દેખાતું હતું. પણ દૃશ્ય કંઈ ચિત્તને ઠારે એવું ન હતું. આવી મોટી નદીઓ જ્યાં સમુદ્રને મળવા જાય છે ત્યાં કાંઠા બહુ ગંદા હોય છે. ભરતીઓટને લીધે ભીના થયેલા કાદવમાં કૂદમકૂદા કરતા કરચલા વગર કશું દેખાતું જ નથી.

જેમ જેમ આગળ વધ્યા તેમ તેમ નદી પહોળી થવા લાગી. દૂરના કાંઠા પર જ્યારે ધોળી રેતી દેખાઈ ત્યારે મને કાંઈક ટાઢક વળી. સુંદરવનનો પ્રદેશ વટાવી, રાત પડે તે પહેલાં અમે ડાયમંડ હાર્બર પાસે આવી પહોંચ્યા. અમારું જહાજ હવે મોજાંઓ સાથે ડોલવા લાગ્યું. થોડોક વખત તૂતક પર ઊભા રહી અમે હિંદુસ્તાનનો કિનારો અલોપ થતો જોઈ લીધો. પણ પછી તો ફેર આવવા લાગ્યા. એટલે વાળુ કરી અમે સૂઈ ગયા. સૂતા પહેલાં પ્રાર્થનાને અંતે ગિરધારીએ 'આગુનેર પરશમણિ છોંઆઓ પ્રાણે' એ રવીન્દ્રનાથનું સુંદર પદ ગાયું. તે સાંભળવા કેટલાક લોકો ભેગા થયા. અને એ ગાયનને પ્રતાપે અમારી પથારીઓ સારી રીતે ફેલાવતાં કોઈએ અદેખાઈ ન કરી.

સવારે સૌથી પહેલો હું જાગ્યો. એ વખતે અરુણોદય પણ થયો ન હતો. આકાશમાં ચંદ્રમા ચાલે તેમ જહાજ એકલું એકલું પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાપતું ચાલતું હતું. શી તે વખતની શાંતિ! આગબોટના પેટમાં યંત્રરૂપી હૈયું જો એના ધબકારા ન સંભળાવત તો બહારની શાંતિ આટલી ઉઠાવદાર ન થાત. ચોમેર જાણે લોઢાનો કે સીસાનો ઠરેલો રસ પાથર્યો હોય તેવો દરિયો દેખાતો હતો. હું તૂતકને કોરે જઈ ઊભો. જહાજ જેમ ડોલે તેમ પાણી ઉપર ચડે ને નીચે જાય. જ્યાં જુઓ ત્યાં મોજાં. મોજાં એકબીજા સાથે અથડાય એટલે એમાંથી ફીણ નીકળે. અંધારામાં એ ફીણ ચળકે છે, અને એ ચળકાટની વાંકીચૂકી લીટીઓ મળીને એક વિચિત્ર ભાત દેખાડે છે. જહાજના હાલવાની અસર મગજ પર થાય છે. તેમાં જો આપણે મોજાંના અખંડ અને સનાતન નૃત્યની લીલા નિહાળીએ તો તો એનો કેફ જ ચડે છે.

આગળ જતાં મોજાં ફૂટતાં બંધ થયાં. સાગરનું હૈયું ઠેકઠેકાણે ઊંચે ચડે ને નીચે ઊતરે. સામાન્યપણે મોજાં ચડે ને ફૂટે એ જોવાની મજા હોય છે, પણ એમાં એટલું ગાંભીર્ય નથી હોતું. ધ્વનિકાવ્યનું રહસ્ય શબ્દોમાં સ્પષ્ટ કરવાથી જેમ ઊતરી જાય છે તેના જેવું જ મોજાં ફૂટવાથી થાય છે. પણ જ્યારે મોજાં અંદર ને અંદર ઊછળે છે ને સમાઈ જાય છે ત્યારે એનું સૂચન વિવિધ, અનંત અને અસ્પષ્ટ અથવા અવ્યક્ત રહે છે. અંધારું હોવા છતાં હવા જ્યારે સાફ હોય છે ત્યારે વ્યોમ અને સાગરનું મિલનવર્તુળ ધ્યાન ખેંચ્યા વગર રહેતું નથી. ક્ષિતિજ આગળ મોજાંનો સવાલ નથી હોતો. સમુદ્રની કાળાશની સરખામણીમાં અંધારું આકાશ પણ ઊજળું દેખાય છે. વેદકાળના ઋષિઓને જેમ જીવન-રહસ્ય દેખાયું હશે તેવું ક્ષિતિજ રાત્રે દેખાય છે. ઋષિઓને અનંત કાળનાં આધ્યાત્મિક તત્ત્વો અનંત આકાશમાં ચળકતા તારાની પેઠે સ્પષ્ટ દેખાય છે, જ્યારે પાર્થિવ જીવનનો ભવિષ્યકાળ એમની આર્ષ દૃષ્ટિ આગળ પણ સાગરના વારિરાશિની પેઠે અજ્ઞાત, અવ્યક્ત જ રહે છે.

આમ ધ્યાન અને કલ્પનાની રમત ચાલતી હતી એટલામાં

'આંધારેર ગાયે ગાયે પરશ તব
સારા રાત ફોટાક તારા નব নব.'

એ શોભા ઓછી થવા લાગી અને અરુણોદયે પૂર્વ દિશા નક્કી કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી. રાત ઓસર્યાનું એ કાવ્ય જોવા મેં જીવતરામને ઉઠાડયા. એ ઊઠે એ પહેલાં જ ગિરધારી ઊઠ્યો, અને કહે, 'મને બતાવો, શું છે, મને બતાવો.' એને હું શું બતાવું? એ કંઈ પક્ષી કે જહાજ હતું કે એને આંગળી ચીંધીને હું બતાવું? મેં એને કહ્યું, 'પેલું લાલ આકાશ દેખાય છે તે જો, થોડી વારમાં ત્યાં સૂરજ ઊગશે.'

હવે દરિયાએ પોતાનો રંગ ફેરવ્યો. પૂર્વ તરફ જાણે લાલ જાંબુડા રંગનો ધોધ ચાલ્યો આવતો હતો. અને આશ્ચર્ય એ કે પશ્ચિમ તરફ પણ એ જ રંગનો પડઘો પડયો હતો. માત્ર પશ્ચિમ તરફ દરિયા કરતાં આકાશે જ એ રંગ વધારે ઝીલી લીધો હતો. પૂર્વની પ્રસન્નતા વધવા લાગી. લાલ રંગમાં ચળક ઉમેરાઈ. કુંકુમનું સિંદૂર બન્યું, અને સિંદૂરમાંથી સુવર્ણ જામ્યું. મુંબઈ તરફ રહેનારા આપણે પશ્ચિમ કિનારાના સમુદ્રમાં થતા સૂર્યાસ્તની શોભા અનેક વાર જોઈ શકીએ છીએ, પણ સાગર-મંથનમાંથી લક્ષ્મી નીકળી હોય તેવી ઉદયમાન ઉષાની વર્ધમાન શોભા જોવાનો આનંદ ઓર જ હોય છે. આકાશ જેમ જેમ હસવા લાગ્યું તેમ તેમ સમુદ્રના મુખ ઉપર આનંદ-લજ્જાના શેરડા વધવા લાગ્યા. જાણે એ સમોવડિયા યુવાનો વચ્ચે વિનોદ ચાલતો હોય.

એક તરફ આ પ્રભાતનો વિકાસ જોવાને મન લલચાતું હતું, ત્યારે બીજી તરફ જહાજના ડોલવાથી માથામાં ફેર આવવાની શરૂઆત થતી હતી. એક ઘડી આ મોજાં થોભી જાય અને જહાજ સ્થિર થાય તો કેવું સારું, એમ મનમાં થયું. પણ સમુદ્રનાં મોજાં અને માણસના મનોરથ કોઈ કાળે થોભ્યાં છે? કંટાળીને આરામખુરશી પર પડવાનો હું વિચાર કરતો હતો, એટલામાં બાલસૂર્યનો ઘુમ્મટ પાણીમાં નાહી બહાર નીકળ્યો. ઊગતા સૂર્યના બિંબ ઉપર એક વિશિષ્ટ તરલતા હોય છે: જાણે સૂર્ય ટાઢા પાણીમાંથી કાંપતો કાંપતો બહાર નીકળે છે. અને પાણીમાં જે પ્રકાશ વેરાયેલો હોય છે તે જાણે સૂર્યનો અંગરાગ ધોવાઈ ગયેલો છે. સૂર્યનું બિંબ પૂરેપૂરું બહાર નીકળતાંવેંત સવિતા નારાયણનો ધ્યાનમંત્ર મેં લલકાર્યો: ध्येयः सदा सवितृ-मण्डल-मध्यवर्ती ઇત્યાદિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવતરામથી આવી ગંભીરતા જરાયે સહન ન થાય. એ એકદમ બોલી ઊઠ્યા, 'બસ કરો, કેવી વાનર-ભાષા બોલો છો!' મેં એમને કહ્યું, 'તમે ભૂલો છો. આ તમારી ભાષા નથી, સંસ્કૃત છે.' વિનોદમાં ભાક્તના ઊભરાના ચૂરેચૂરા થઈ ગયા, પ્રાર્થના જેમ તેમ પૂરી થઈ, અને અમે જહાજમાં રોજ રોજ જેમાંથી પસાર થવું પડે છે તે ભયંકર દિવ્યની ચિંતા કરવા લાગ્યા. શૌચ જવા માટે તૂતક પરથી નીચે જવાનું હોય છે. નીચલો મજલો આમે હંમેશાં ગંધાય છે; પણ સવારે તો એ મજલો નરકનો હરીફ બનેલો હોય છે. હવા ગંદી અને ખારી. ઠેકઠેકાણે લોકોએ ઊલટી કરેલી. એંજિનની વરાળમાંથી છૂટતી એક જાતની ગંધ અને ખલાસીનાં રસોડાંમાંથી એ જ વખતે શરૂ થયેલી ડુંગળી અને માછલાંની બદબો, એ બધાના મિશ્રણમાંથી પસાર થઈને શૌચકૂપમાં પ્રવેશ કરવો એના કરતાં દરિયામાં ભૂસકો મારવો એ મને ઓછું ત્રાસદાયક લાગે. હાથની વાત હોત તો અમે ત્રણ દિવસ શૌચ જવાનું જ માંડી વાળ્યું હોત. પણ —

જઈ તો આવ્યા, પણ અમારાં ત્રણેનાં મોઢાં એવાં તો થઈ ગયાં હતાં કે એકબીજા તરફ જોવાનુંયે મન ન થાય. કોઈ ટોળું કજિયો કરવા જાય ને સારી પેઠે માર ખાઈને આવે અને જેમ પોતાના સર્વસાધારણ અનુભવનો ઉલ્લેખ સરખો કોઈ ન કરે, તેમ અમે એ દિવ્યનું નામ સરખું ન લીધું.

મેં ગિરધારીને કહ્યું, 'ચાલ, ખાવા બેસ.' એ કહે, 'મને ભૂખ નથી.' જીવતરામે પણ ખાવાની ના પાડી. મેં કહ્યું, 'ભલા લોકો, તડકો વધશે એટલે ફેર આવવા માંડશે. પછી ખાવાની તમારી તાકાત શી? ઠંડો પહોર છે. ધરાઈને ખાઈ લો. તડકા પહેલાં બધું પચી જશે.' ગિરધારી પૂછે, 'કસરત કર્યા વગર એમ ને એમ પચી જશે?' મેં જવાબ વાળ્યો, 'આપણા બધાની વતી આ જહાજ કસરત કરી રહ્યું છે. એટલે તારે એની ચિંતા ન રાખવી.' ગિરધારી મારી વાત ન સમજ્યો. એ તો મારા મોઢા તરફ જોઈ જ રહ્યો. અમે ત્રણે જણાએ ધરાઈને ખાધું. ત્રણેમાં જીવતરામ પાકા. તેમણે રસાળ ફળો જ ખાધાં. મેં મારી પસંદગી પ્રમાણે ખાઈ એના પર

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક આખું લીંબુ ચૂસી લીધું. બિચારા ગિરધારીને ઉત્તમ કેળાંનો સ્વાદ લાગ્યો. એણે કેળાં જ ધરાઈને ખાધાં. એક બે કલાકની અંદર જ કેળાં ખાધાને સારુ એ એવો તો પસ્તાયો કે આખી મુસાફરીમાં એણે ફરી કેળાંનું નામ ન લીધું.

બપોર થયા. હું મારી નબળાઈ જાણતો હતો. મેં પથારી પાથરીને હાથપગ લાંબા કર્યા. હાથમાં બીજું લીંબુ લીધું અને આંખ મીંચીને સૂઈ ગયો. મદ્રાસ તરફનું એકાદ જહાજ કલકત્તે જતું હશે, એને દૂરથી જોઈને લોકો બોલવા લાગ્યા, 'એ જહાજ દેખાય, એ જહાજ દેખાય.' એટલામાં બંને જહાજોએ ભોં ઓં . . . કરીને એકબીજાને સલામ ભરી. પણ મેં તો આંખો મીંચીને કલ્પના દ્વારા જ એ દૃશ્ય જોઈ લીધું. ગિરધારીથી રહેવાયું નહીં. એ ચટ ઊઠી ઊભો થયો. એ ઊભો થયો કે તરત જ એનાં કેળાંએ પેટમાં રહેવાની ના પાડી. એ ગભરાયો. મેં સૂતાં સૂતાં જ એને પાણી આપ્યું. સૂતાં સૂતાં જ આદુનો કકડો આપ્યો. જરાક શાંત પડ્યા પછી એ મારી પથારીમાં આવીને સૂતો. પણ એક વાર વલોવાયેલું પેટ કંઈ એકદમ શાંત થાય ?

અમે તૂતક પર સૂતા હતા ત્યાંથી એક બાજુએ ઉપરની કૅબિનમાં બે દેશી ખ્રિસ્તીઓ બેઠા હતા. એમાંથી એક જણને ઊલટી થવા લાગી. તે જોરજોરથી ઊલટી કરે તેમ તેમ બીજો એનો મિત્ર એની મશ્કરી કરે. 'વન હિગિન્સ ઊલટી કરોઇંગ' વગેરે વગેરે એનાં ઉદ્‌ગારો પેલાની ઊલટી કરતાં પણ વધારે જોરથી ચાલવા લાગ્યા. ગિરધારી ઘડીકમાં હસવા જાય ને પાછો પસ્તાય.

આમ કરતાં સાંજ પડી. સાંજે મારામાં ફરી જીવ આવ્યો. અમે ફરી થોડું ખાધું, પણ એ કોઈને માફક ન આવ્યું. સાંજની શોભા મેં બેઠે બેઠે જ નિહાળી. લોકો કહે, 'હવે આપણે કાળાપાણીમાં આવ્યા છીએ.' અને સાચે જ પાણીનો રંગ બીક ઉપજાવે એવો કાળોમેંશ દેખાતો હતો. લોકો કહે, 'હમણાં અંદામાન દેખાશે.' કોઈ કહે, 'ના, આપણું જહાજ બહુ દૂર છે. એ ટાપુ નહીં દેખાય.'

સંધ્યાની શોભા કંઈક જુદી જ હતી. સવારના રંગ અને સાંજના રંગ સરખા નથી હોતા. ઉદય અને અસ્ત સરખા હોય જ કેમ ? ઉદય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વર્ધમાન બાલ્યકાળ છે, જ્યારે અસ્ત એ વિજયી વીરના નિધન જેવો ગમગીન હોય છે. ઉષાના મુખ પર મુગ્ધ હાસ્ય હોય છે, જ્યારે સંધ્યાની મુખમુદ્રા પર ક્ષણજીવી ઉલ્લાસ અને વિલાસ હોય છે. સમુદ્રના રંગ ફરી પલટાવા લાગ્યા. સૂરજ આથમ્યો અને ધીરે ધીરે જોતજોતામાં તારાઓનું પારિજાત ફૂલવા લાગ્યું.

જહાજના વીજળીના સૌમ્ય દીવા તો ક્યારના ચમકવા લાગ્યા હતા. મને આ દીવા નાનપણથી બહુ ગમે છે. એટલા સૌમ્ય કે નજીકની આસપાસનું બધું દેખાય, છતાં દીવા આંખને આંજી ન નાખે. અંધારાને મારીને પોતાનું સામ્રાજ્ય હાંકવાની મહત્ત્વાકાંક્ષા એમનામાં નથી હોતી. અંધારા સાથે મીઠી માંડવાળ કરી, 'તમે પણ રહો અને અમે પણ રહીએ' એવી જીવનનીતિ આ દીવાઓએ પસંદ કરેલી હોય છે. શહેરના વીજળીના દીવા નવાસવા અધ્યાપકની પેઠે પોતાનો બધો જ પ્રકાશ ઠાલવી દેવા માગે છે. આગબોટના દીવા યોગીઓની પેઠે आत्मन्येव संतुष्ट હોય છે.

પથારીમાં પડ્યા પડ્યા અમે આ દીવાની વાતો કરતા હતા, એટલામાં અમારી આગબોટે ભોં ઓં . . . નો રણકો શરૂ કર્યો. મેં જાણ્યું કે એણે ક્યાંક બીજી ભેંસ ભાળી છે. એટલામાં દૂરથી સામો રણકો સંભળાયો. હું બેઠો થયો. રાતના સમુદ્રમાં જહાજ જોવાનું મને બહુ ગમે છે. વીજળીના દીવાની એક લાંબી હાર, અને ઊંચી ડોલ-કાઠી પર બે રાતા મોટા દીવા ભૂતની પેઠે જ્યારે અંધારામાંથી દોડે છે ત્યારે આપણે જાણે પરીઓની દુનિયામાં પ્રવેશ કર્યો હોય એમ જ લાગે છે. જહાજનો ખૂણો જેમ જેમ બદલાય તેમ તેમ સામેનું દૃશ્ય નવી નવી રીતે ખીલતું જાય છે; અને જહાજ જ્યારે દૂર જાય છે અને અલોપ થવાની અણી પર આવે છે ત્યારે તો ઊંઘને લીધે ચાલતી સ્મૃતિ-વિસ્મૃતિ વચ્ચેની સંતાકૂકડી જેવું જ એ દૃશ્ય દેખાય છે. આકાશના તારા જોતો જોતો હું સૂઈ ગયો.

ત્રીજે દિવસે સવારે વરસાદ પડવા લાગ્યો. જહાજના એક ખ્રિસ્તી કારકુને આવી અમને બધાને નીચે જવાનું કહ્યું. લોકો આનું કારણ ઝટ ન સમજી શક્યા. એણે કહ્યું, 'એક મોટો વંટોળિયો અગ્નિખૂણા તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તરફ આવતો જણાયો છે.' આને સાઈક્લોન કહે છે. સાઈક્લોનમાં જહાજ સપડાય તો એ ભારે આફત જ ગણાય. ઘણાં વહાણો સાઈક્લોનથી ડૂબી ગયાં છે. પેલા કારકુને કહ્યું કે, 'આમ તૂતક પર બેસશો તો વખત છે વંટોળિયાથી ઊડી જશો.' લોકો બીકના માર્યા એક પછી એક નીચલા મજલામાં ભરાઈ ગયા. અમે નીચે જવાની સાફ ના પાડી. એણે અમને સમજાવવાનો પ્રયત્ન કર્યો. અમે કહ્યું, 'વંટોળિયો આવશે તો આ મોટાં મોટાં દોરડાંને પકડીને પડ્યા રહીશું.'

'પણ વરસાદથી તમે ભીંજાઈ જશો.'

'ભીંજાઈ જઈશું તો સુકાઈ પણ જઈશું.'

અમારી જીદ જોઈ કારકુન ચાલ્યો ગયો. વરસાદ આવ્યો. સારી પેઠે આવ્યો. વંટોળિયાનો ઘેરાવો ત્રણચાર માઈલનો હોય છે. સદ્ભાગ્યે વંટોળિયો અમારા જહાજ સુધી ન આવ્યો. ધૂમકેતુની જેમ વંટોળિયાને ચારે બાજુ પૂંછડાં હોય છે. એવો એક પૂંછડાનો સપાટો અમારા જહાજને કંઈક વાગ્યો. અમે સારી પેઠે ભીંજાયા એટલે અમે નીચે જવાને બદલે ઉપલી કૅબિનમાં જઈ બેઠા.

આખરે રંગૂન આવ્યું. બંદર પર ઊતરનાર લોકોની અને તેમને લેવા આવેલા ઇષ્ટમિત્રોની ભીડનો પાર ન હતો. ડૉ. પ્રાણજીવન મહેતા જાતે અમને લેવા બંદર પર આવ્યા હતા. અમે જોયું કે રંગૂનમાં જ્યાં ત્યાં રબરી રસ્તા છે એટલે ગાડીઓ દોડે ત્યારે ફક્ત ઘોડાના પગનો જ અવાજ થાય.

તે દિવસ આખો અમારા પગ તળેની જમીન જાણે ડોલતી હોય એવું અમને લાગતું. એક દિવસના આરામ પછી જ ત્રણ દિવસનો સમુદ્ર ભેજામાંથી ઊતરી ગયો.

માર્ચ, ૧૯૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૫

સરોવિહાર

અમારે રંગૂન પાસેનું પ્રખ્યાત સરોવર જોવું હતું. યુરોપનો આકાર જેમ વાંકોચૂંકો છે તેમ આ સરોવરનો પણ છે. એમાં કેટલાય અખાતો, ભૂશિરો અને સંયોગીભૂમિઓ હશે. રંગૂન એ કોંકણના જ અક્ષાંશ પર આવેલું હોવાથી અને સમુદ્ર નજીક હોવાથી ત્યાંની વનશ્રી પણ મને કોંકણ જેટલી જ ખુશનુમા લાગી. જ્યાં જુઓ ત્યાં મોટાં મોટાં ઝાડ. સૃષ્ટિએ જાણે પોતાનો બધો જ વૈભવ બતાવવા બહાર કાઢ્યો હોય. વનશ્રી અને જલદેવતાનું જ્યારે મિલન થાય છે ત્યારે લક્ષ્મી ત્યાં વગર નોતરે પણ આવવાની જ. અમે પાછલે પહોરે એ સરોવર પાસે જઈ પહોંચ્યા. કેટલીય વખત સરોવરને કાંઠે કાંઠે સહેલ કરી. દરેક ખૂણેથી સરોવરની શોભા જુદી દેખાય. કેટલાંક રૂપગર્વિત ઝાડો આખો વખત સરોવરના અરીસામાં પોતાનું દર્શન કર્યા જ કરતાં હતાં.

ફરતાં ફરતાં અમારી ધીરજ ખૂટી. સરોવર તો નૌકાવિહારને માટે જ ઈશ્વરે સરજેલું છે. હબસી જેતને બોલાવી એની હોડીમાં અમે બેઠા, અને કશા ઉદ્દેશ વગર અનેક દિશાએ ફર્યા. વચમાં એક બેટ આવેલો હતો. એની મુલાકાત લીધા વગર પાછા કેમ ફરાય? બેટ પર એક સુંદર આરામગૃહ બાંધેલું હતું. એનાં પગથિયાંની બે દીવાલ પર સિમેંટથી બનાવેલા બે ભયંકર અજગર લાંબા થઈ ને પડ્યા હતા. હોડી ચલાવતાં એક વાંક વળીએ એટલે એકાએક શ્વેડેગોન પેગોડા પોતાના ઊંચા શિખરથી દર્શન દે. આગ્રાના કિલ્લામાંથી તાજમહાલ જોવાની જે મજા આવે છે તેવી જ મજા અહીં મળતી. વસ્તુની નજીક જઈએ એટલે એનું બધું સૌંદર્ય પ્રગટ થાય છે, પણ એનું કાવ્ય તો દૂરથી જ ખીલે છે. આ ખૂબી જાણવાથી જ શું ચાંદાસૂરજ અને નવલખ તારા આપણાથી આટલા દૂર દૂર વિચરતા હશે?

સાંજ પડી એટલે અમારે પરાણે પાછા આવવું પડ્યું. સરોવરે અમને શકુંતલાની પેઠે ફરી આવવાનું આમંત્રણ તો આપ્યું જ. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે સવારે નાહવાનો કાર્યક્રમ કાઢી અમારી એક મોટી ટોળી ઊપડી. ત્યાં પહોંચ્યા પછી અમારી સાથેના લોકોએ કહ્યું કે, 'ગોરાઓની બોટિંગ ક્લબને લીધે આ સરોવરમાં નાહવાની મનાઈ છે.' તડકો થતાં કુમુદ બિડાઈ જાય તેમ મારો ઉત્સાહ બિડાઈ ગયો. આટલી મહેનત પછી રસપૂર્ણ સરોવરમાં તરવાના લહાવાથી વંચિત થવું કોને ગમે? પણ અમારી સાથેના ભાઈઓ થોડા જ સત્યાગ્રહીઓ હતા? તેઓ છડેચોક કાયદાની સામે થવાને બદલે ચૂપચાપ કાયદો તોડવાનું વધારે પસંદ કરનારા. એમણે સરોવરમાં ક્યારનો એક એકાંત ખૂણો શોધી કાઢ્યો હતો જ્યાં ગોરાઓની હોડીઓ પણ ન આવે અને એમની દૃષ્ટિ પણ ન પહોંચે. એ સ્થાને પહોંચતાં મેં જોયું કે એની શોભા કંઈ બીજા ખૂણાઓ કરતાં ઓછી ન હતી. એકાંતમાં ચોરીથી નાહવાનો લાભ લેવામાં કંઈક જુદો રસ પણ હતો. ગિરધારીને તરતાં આવડતું ન હતું, એના શ્રીગણેશ પણ અહીં જ થયા. પાણીમાં તરતા રહેવાનો અનુભવ જ્યારે પહેલવહેલો મળે છે ત્યારે માણસને જે આનંદ થાય છે તેને ઉપમા આપવી હોય તો ઈંડું ફોડીને બહાર નીકળેલા પક્ષીના આનંદની જ આપી શકાય. ખૂબ તડકો નીકળ્યો તોયે ગિરધારી પાણી બહાર નીકળવાનું નામ ન લે. અર્ધો કલાક વધારે રહેવાને એ મને અંગ્રેજીમાં વીનવે; અને એ ન માનું એટલે બંગાળીમાં વિનંતી કરે. જાણે ભાષા બદલવાથી વિનંતીમાં વધારે જોર આવતું હોય. એને નારાજ કેમ કરાય? અમે મનસોક્ત જળ-વિહાર કર્યો.

યયાતિને પણ જો જીવનનો લહાવો છોડવો પડ્યો તો અમારા તરવાના લહાવાનો અંત આવ્યો એમાં નવાઈ શી? થાકેલે પણ હળવે શરીરે અમે પાછા ફર્યા. રસ્તામાં અનેનાસના બગીચા હતા. દૂર દૂર સુધી કાંટાળાં અનેનાસના ફુવારા જમીનમાંથી ઊડતા હતા. અનેનાસનો આવડો મોટો બગીચો કદી જોયેલો નહીં એટલે પેટમાં ભૂખ હોવા છતાં અને અહીં અનેનાસની પ્રાપ્તિની જરા પણ આશા ન હોવા છતાં લાંબા વખત સુધી અમે ત્યાં ઊભા રહ્યા.

માર્ચ, ૧૯૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૬

સુવર્ણદેશની માતા ઐરાવતી

ઈરાવતી કે ઐરાવતી? હું માનું છું કે નદીનું નામ ઈરા ઘાસ ઉપરથી ઈરાવતી પડેલું હોવું જોઈએ. આ નદીના કાંઠાનું પૌષ્ટિક ઘાસ ખાઈ મદમત્ત થયેલા હાથીને ઐરાવત કહેતા હશે. અથવા ઇંદ્રના ઐરાવત જેવી મહાકાય અને ગજગતિએ ચાલનારી આ નદી જોઈ કોઈ બૌદ્ધ ભિક્ષુને થયું હશે, "ચાલો, આને જ આપણે ઐરાવતી કહીએ."

પણ ઐતિહાસિક કલ્પનાતરંગ ચલાવવાનું કામ એઠાકૂ લોકોનું છે. મુસાફરને એ ન પોસાય.

ઐરાવતી જો હિંદુસ્તાનમાં હોત તો સંસ્કૃત કવિઓએ એને વિષે ઐરાવતી જેટલો જ પહોળો અને લાંબો કાવ્યપ્રવાહ વહેવડાવ્યો હોત. બ્રહ્મદેશના કવિઓએ એમની આ માતા વિષે અનેક કાવ્યો લખ્યાં હોય તો આપણે શું જાણીએ? બ્રહ્મી નથી આપણી જન્મભાષા કે શાસ્ત્રભાષા અથવા રાજભાષા. પડોશની ભાષા શીખવા જેટલી પ્રવૃત્તિ આપણામાં છે જ કયાં? ઘણાં વર્ષો સુધી પરદેશમાં રહ્યા તો આપણે ત્યાંની ભાષા બોલી શકીએ પણ એ ભાષાના સાહિત્યનો આસ્વાદ મેળવવા જેટલી મહેનત આપણે નથી જ કરતા. કોઈ અંગ્રેજ જો બર્મી ભાષા શીખી બર્મી કવિતા અંગ્રેજીમાં કરી આપે તો જ વખતે તે આપણે વાંચીશું.

કોઈ પણ દેશ ઐરાવતી જેવી નદી માટે મગરૂર અને કૃતજ્ઞ થઈ શકે. બ્રહ્મદેશમાં રંગૂનથી ઉત્તર તરફ છેક મંડાલે સુધી અમે ટ્રેનમાં ગયા હતા. ત્યાંથી નજીકના અમરાપુરા જઈ અમે ઐરાવતીનાં પ્રથમ દર્શન કર્યાં. અમરાપુરા પાસે પ્રચંડ બૌદ્ધ મૂર્તિઓ છે એની અમને ભાળ લાગી હોત તો બુદ્ધ ભગવાનનાં દર્શનથી જ ઐરાવતીના વિહારની અમે શરૂઆત કરી હોત.

અહીં પણ નદીનો પટ ખૂબ પહોળો છે. નદીનો પ્રવાહ ધીરોદાત્ત ગજગતિએ ચાલે છે. આવી નદીના પૃષ્ઠ ઉપર હોડીમાં અથવા 'વાફર' (સ્ટીમલૉંચ)માં બેસી મુસાફરી કરવી એ જીવનનો એક લહાવો જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમરાપુરાથી મંડાલે પાછા જઈ અમે 'વાફર'માં બેઠા. દરિયાની મુસાફરી જુદી અને નદીની મુસાફરી જુદી. નદીમાં મોજાં નથી હોતાં. બે બાજુનો કાંઠો આપણને સાથ દે છે. અને આપણને નથી લાગતું કે આપણે જીવન નામ ધારણ કરનાર પણ જીવલેણ એવા મહાભૂતના સકંજામાં સપડાયા છીએ. નદીનો પ્રવાસ એ પૃથ્વીના ગોળાના હવામાં ચાલતા સનાતન પ્રવાસ જેટલો જ શાંત અને આહ્‌લાદક હોય છે. અત્યારે એ ઐરાવતીના પ્રવાસનું સ્મરણ કરું છું ત્યારે દ્રૌપદીસમી માનિની નર્મદાનો ચાણોદ-કર્નાળી તરફનો પ્રવાસ, સીતાસમી તાપીનો સાગર-સંગમ સુધીનો પ્રવાસ, કાશી-તલ-વાહિની ભારતમાતા ગંગાનો પ્રવાસ, મથુરા-વૃંદાવનનો કૃષ્ણસખી કાલિંદીનો પ્રવાસ, કાશ્મીરના નંદનવનમાં કરેલો પાર્વતી-વિતસ્તાનો પ્રવાસ અને વનશ્રીના પિયરરૂપ ગોમાંતક પ્રદેશમાંનો અથવા કેરળનો જલપ્રવાસ એકસામટા યાદ આવે છે. એમાંયે ધરાઈએ એટલો લાંબો પ્રવાસ તો વિતસ્તા અને ઐરાવતીનો જ. સિંધુ, ગંગા, બ્રહ્મપુત્રા અને નર્મદાને તોલે આવે એવી આ નદી છે. ઐરાવતીનો પટ અને પ્રવાહ જોતાંવેંત કોઈ મહાન સામ્રાજ્ય પર રાજ કરનાર આ કોઈ સમ્રાજ્ઞી તો નહીં હોય એવો ભાવ મનમાં આવે છે. આરાકાન અને પેગુ-યોમા એનું રક્ષણ કરે છે ખરા, પણ ઐરાવતીની પ્રતિષ્ઠા સાચવવા તેઓ આદરપૂર્વક દૂર દૂર ઊભા છે.

અમારું જહાજ ચાલ્યું. કામધેનુનાં વત્સો જેમ સાંજ પડ્યે મા પાસે દોડતાં આવે તેમ આસપાસના વિસ્તીર્ણ પ્રદેશના ટોળેટોળાં શ્રમજીવી કૃષીવલો ઐરાવતીને કાંઠે ભેગા થાય છે. અમારું જહાજ એ એક મોટી ચાલતી ગુજરી જ ગણાય. નાનું કે મોટું બંદર આવે એટલે અમારું જહાજ લોકોને આમંત્રણ ફૂંકે. બસ, કીડીઓનો રાફડો ઊભરાય તેમ લોક દોડતા આવે. ખાવાની ચીજો, કપડાં, નેતરનાં વાસણો, કારીગરીની વસ્તુઓ, જાતજાતના પદાર્થો જહાજ પર ફેલાય. જહાજમાં પણ કેટલાક વેપારીઓ પોતાનો માલ લઈને તૈયાર બેઠા જ હોય. પક્ષીઓ કલબલ કરે તેમ લેવડદેવડનો ઘોંઘાટ શરૂ થાય. આપણે ભાષા જાણતા હોઈએ તો જ ઘોંઘાટનો કંટાળો આવે. અહીં લોકો લડે, વઢે કે રડે, આપણે માટે બધું સરખું; જાણે એક મોટું નાટક ભજવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનિમય પૂરો થાય એટલે જહાજ ઊપડે. વિયાવાની તૈયારીમાં હોય એવી ભેંસ જેવું અમારું જહાજ ડોલતું ડોલતું ચાલે. જહાજના એક હલકટ ગોરા અમલદાર સાથે અમારું બગડવાથી અમારી મુસાફરીની શરૂઆત મીઠા પાણીમાં પણ ખારી થઈ ગયેલી. પણ મંદ મંદ પવનમાં એ બધું ઊડી ગયું, અને અમે કુદરતની પેઠે પ્રસન્ન થયા.

ફરી એક બંદર આવ્યું. અહીં વેપાર કંઈક વિશેષ ચાલતો હશે. નાનીમોટી અસંખ્ય હોડીઓનું ધણ નદીને કાંઠે કાદવમાં આળોટતું હતું. ઢોરની પીઠ પર માખીઓ બણબણે તેમ ગામડાંના છોકરાઓ આ હોડીઓ વચ્ચે કૂદતા ને રમતા હતા. બ્રહ્મી લોકોમાં છૂંદણાંનો શોખ ભારે હોય છે. એમની કેવડાના રંગની ચામડી પર લાલ અને લીલાં છૂંદણાં શોભે છે પણ ખરાં. મહારાષ્ટ્રનાં ગામડાંમાં એવી માન્યતા છે કે, આ ભવે શરીર પર ઘરેણાં છૂંદીએ તો આવતે ભવે સોનાનાં ઘરેણાં મળે, અને કપાળ પર ચાંલ્લો કે ચંદ્રમા છૂંદવાથી અખંડ સૌભાગ્ય મળે. અહીંના લોકોમાં પણ એવી કંઈક માન્યતા હોવી જોઈએ, કેમ કે ઘણા ગામડિયાઓ કેડથી ગોઠણ સુધીના આખા ભાગ પર ભાતવાળી લુંગી છૂંદાવે છે. તેથી જે કેટલાક ભાઈઓ નદીમાં ઉઘાડા નાહવા પડ્યા હતા તેઓ કપડાં વગર પણ નાગા જેવા લાગતા નહોતા. જહાજ વધારે થોભવાનું હોય ત્યારે અમે કિનારા પર જઈ પાસેનાં ગામડાંમાં ફરી આવતા. બ્રહ્મી ઘરો અને શેરીઓથી અમારી આંખો ટેવાઈ ગઈ હતી. એમની ભાષા અમને નહોતી આવડતી, છતાં એ નિર્વ્યાજ ગામડિયાઓનું જીવન અમને પરિચિત જેવું જ લાગતું. મુત્સદ્દી અને વેપારી લોકોના રાગદ્વેષો બાદ કરીએ અને ધાર્મિક અધાર્મિક લોકોની કલ્પનાસૃષ્ટિ કોરે મૂકીએ તો માણસજાત બધે સરખી જ છે. હું માનું છું કે દુનિયાભરમાં ગામડાં બધાં રૂપે અને સ્વભાવે સરખાં જ હોવાં જોઈએ.

પ્રવાહ સાથે જાણે તાલ ધરતાં હોય તેવાં સ્તૂપો અને મંદિરો વચમાં વચમાં આવી જતાં. ઊંચી ટેકરીઓ અને શિખરો હમેશ માણસજાતને પ્રિય છે જ. તેમાં વળી નાર્મલ નદી જેવી ઐરાવતી ચારે દિશાએ પોતાની કૃપાનો ઉત્પાત ફેલાવે ત્યારે ઊંચાં ઊંચાં સ્થાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ માણુસનું આશ્રયસ્થાન થઈ પડે છે. એના પ્રત્યેની કૃતજ્ઞતા મંદિર બાંધીને માણુસ ન દાખવે તો બીજી કઈ રીતે વ્યક્ત થાય? કુદરતે આપણુને શીખવ્યું છે કે, લીલાં પાંદડાંમાં પીળાં પરિપક્વ ફળ પોતાની બધી ખુમારી દાખવી શકે છે. એ પાઠનો લાભ લઈ અહીંના લોકોએ ઝાડો વચ્ચે મંદિર બાંધી એના પર આકાશનું આનંત્ય ચીંધનાર સોનાની આંગળીઓ ઊંચી કરેલી છે. કુદરતની શોભા માણુસ સુધારી ન શકે એમ માનનારાઓએ આ શિખરો એક વાર જોવાં જોઈએ.

બપોરનો વખત હતો. અંગ્રેજી જાણુનાર એક બ્રહ્મી કૉલેજિયન જોડે અમે વાતો કરતા હતા. એટલામાં એક નીરવ સાદ સંભળાયો. છિંદવીન નદી પોતાનો કરભાર લઈને ઐરાવતીને મળવા આવી હતી. બેનો શો પ્રેમસંગમ! રામદાસ અને તુકારામ એકબીજાને મળ્યા હોય અથવા ભવભૂતિ શેતરંજ રમતા કાળિદાસને પોતાનું 'ઉત્તરરામચરિત' સંભળાવતો હોય એવો એ દેખાવ હતો.

કલ્પનામાં તો છિંદવીનના અજ્ઞાત પ્રદેશમાં શાન રાજ્યો સુધી હું જઈ પણુ આવ્યો. હાથમાં તીરકામઠું અથવા કુહાડી લઈને ફરનાર નિશ્ચિંત અને નિર્ભય એવા કેટલાયે વનવાસીઓ મને ત્યાં મળ્યા. સંશય આવે તો જીવ લેનાર અને વિશ્વાસ બેસે તો જીવ આપનાર એ કુદરતનાં બાળકોનું દર્શન સુધારાનો કાદવ ધોઈ કાઢનાર મંગલસ્નાન જેવું હતું. જહાજ પરનું પક્ષી ગમે તેટલું ઊડે તોયે આખરે જહાજ પર જ પાછું આવે છે તેમ કલ્પના પણુ જંગલની સહેલ કરી ફરી પાછી જહાજ પર આવી. કેમ કે અમે પકોકુ બંદર પર આવી પહોંચ્યા હતા.

પકોકુ પાસેની કાદવવાળી નદીમાં નાહી અને બ્રહ્મી પરોણુાગતનો સ્વીકાર કરી અમે ફરી જહાજ ઉપર સવાર થયા અને ઘાસલેટના કૂવાઓ જોવા યેનનજાંવ સુધી પહોંચ્યા. અહીં અમેરિકન મજૂરોનું રાજ ચાલે છે એમ કહી શકાય. આસપાસ વનશ્રી નહીં જેવી. અહીં એક તરફ આ ઘાસલેટના કૂવાનું આધુનિક ક્ષેત્ર અને બીજી તરફ ટેકરી પર આવેલા નાનકડા પ્રાચીન બૌદ્ધ મંદિરનું તીર્થક્ષેત્ર બંને જોઈ કેટલાયે વિચારો મનમાં આવ્યા. મંદિરની કારીગરીમાં હાથીના મોઢા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળું એક પક્ષી કોતરાયેલું હતું. બીજા પણ અનેક સંકરો અહીં જણાયા. પાસેના મઠમાં કેટલાક બૌદ્ધ સાધુઓ રાગડા તાણીને સંધ્યા-કાળની પ્રાર્થના કે એવો જ કંઈક વિધિ કરતા હતા. ઐરાવતીને જાણે કશો પક્ષપાત ન હોય એવી રીતે ઘાસલેટના કૂવાના પંપનો ધમાલિયો અવાજ પણ એ પોતાના હૃદય ઉપર વહન કરે છે અને अनिच्चा वत संखारा अुप्पादव्यय-धम्मिणोનો શ્રાંત અથવા ચિરંતન સંદેશો પણ વહન કરે છે. અમેરિકાનું સામર્થ્ય ભલે અજોડ હોય પણ એ ખંડ તો બાળક જ કહેવાય ને? એને જીવનનું રહસ્ય આટલામાં ક્યાંથી હાથ લાગવાનું? એને તો નદીને કાંઠે ત્રણ ત્રણ હજાર ફૂટ ઊંડા કૂવા ખોદી ઘાસલેટ કાઢવાનું જ સૂઝવાનું. દુનિયાના સર્વ સૃષ્ટ પદાર્થો ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે, એમાં બધું જ નશ્વર અને વ્યર્થ છે, અસાર છે, સાર તો કેવળ એમાંથી બચી જઈ નિર્વાણ મેળવવામાં છે, એ વાત કયો અમેરિકન સ્વીકારી શકે? પણ ઐરાવતી નદી તો નવ-ઉત્સાહને લીધે જ્ઞાનનો ઇન્કાર ન કરે અને જ્ઞાનના ભારથી ઉત્સાહ નહીં ખોઈ બેસે. એને તો મહાસાગરમાં વિલીન થવું છે અને છતાં એ વિલીન થવાનો આનંદ અખંડ જાગતો અને વહેતો રાખવો છે.

ચેનનજાંવથી અમે પ્રોમ સુધી ગયા અને ત્યાં ઐરાવતીની વિદાય લીધી. અહીંથી આગળ જઈ, એ મહાનદી અનેક મુખે સાગરને મળે છે. ઐરાવતી ખરેખર સુવર્ણદેશની માતા છે.

માર્ચ, ૧૯૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૭

સમુદ્રના સહવાસમાં

[આફ્રિકા જતાં]

મુંબઈથી માર્માગોવા જતા સુધી નજરને હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાનો સાથ હતો. માતા દૃષ્ટિઆડ થાય નહીં ત્યાં સુધી જેમ બાળકને વિશ્વાસ હોય છે કે આપણે માતા સાથે જ છીએ, તેવી જ રીતે કિનારો દેખાતો હતો ત્યાં સુધી હિંદુસ્તાન છોડયું એમ લાગતું ન હતું. માર્માગોવા છોડયું અને અમારી આગબોટ 'કંપાલા'એ સ્વદેશ સાથે કાટખૂણો કરી, સીધો ભરદરિયામાં પ્રવેશ કર્યો. જોતજોતામાં હિંદુસ્તાનનો કિનારો અલોપ થયો અને ચારે કોર ફક્ત પાણી અને પાણી જ ફેલાયું. રાત પડી અને આકાશની વસ્તી વધી. પરિણામે એકલવાયાપણું ઘણું ઓછું થયું. પણ જેમ જેમ ભૂમધ્ય રેષા તરફ જવા લાગ્યા તેમ તેમ હવાની અને વાદળાંઓની ચંચળતા વધી. મોસમ સારી હોવાથી સમુદ્ર શાન્ત હતો. મોજાંઓ જરાક જરાક હસીને વિરામ પામતાં હતાં. કેટલાંક મોજાંઓ કાચી છીંકની પેઠે ઊઠતાં ઊઠતાં જ શમી જતાં હતાં. સમુદ્રનો રંગ કોક વખતે ભૂરી શાહી જેટલો નીળો થતો; કોક વખતે કાળો મેંશ, અને જહાજ પાણી કાપતું જાય ત્યારે બે બાજુ એનું જે ધોળું ફીણ ફેલાય છે, તેની અનેક અબરી ભાત બની જતી. નીળા સાથે એની એક શોભા, જ્યારે કાળા સાથે બીજી. પ્રથમ પ્રથમ સમુદ્રના મોઢા ઉપર મોજાંઓ ઉપરાંત, ચામડા પર હોય છે એવો કરચલીઓનો 'દાણો' દેખાતો હતો. કોક વાર એ બધી કરચલીઓ અલોપ થઈ પાણી ચળકતાં વાસણોની પેઠે સુંવાળું દેખાતું હતું. જહાજ ધીમે ધીમે ડોલતું જતું હતું. જહાજો કદમાં નાનાં હોય છે ત્યારે વધારે ડોલે છે. મોટાં જહાજો પોતાની ધીરગતિ સહેજે છોડતાં નથી. સામેથી મોજાંઓ આવે તો જહાજ ડોલવા ઉપરાંત ઘોડેસવારની પેઠે આગળ પાછળ ડોલે છે, જેને અંગ્રેજીમાં 'પિચિંગ' કહે છે. પિચિંગ લાંબા વખત સુધી ચાલે તો માણસને એ ગમતું નથી. સદતું પણ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એને બંધ શી રીતે કરાય? હીંચકા ખાઈને કંટાળ્યા હોઈએ તો હીંચકો બંધ કરી એના પરથી ઊતરી જવાય છે. પણ અહીં તો એક વાર જહાજમાં બેઠા કે આઠ દિવસ સુધી એનું ડોલવું અને હીંડોલવું માન્ય રાખ્યે જ છૂટકો. કોક વખતે શંકા આવતી કે બન્ને ગતિના મિશ્રણથી ચક્કર આવશે કે કેમ? મનમાં એવી પણ બીક પેસતી કે ચક્કરની શંકા મનમાં ઊઠી એટલા માટે પણ ચક્કર આવશે. ખાતી વખતે પણ સ્વાદપૂર્વક ખાતા હોઈએ તોયે મનમાં શંકા રહે જ કે ખાધેલું પેટમાં ટકશે ખરું? એ શંકા મારવી સહેલી નથી હોતી. ગમે તેમ હો, અમે અમારા આઠે દિવસ કશા અકસ્માત વગર ખૂબ આનંદમાં પસાર કર્યા. લોકોએ બીક બતાવી હતી કે છેલ્લા ચાર દિવસ ભારે જશે. પણ એવું કશું થયું નહીં. ભૂમધ્ય રેખા જે દિવસે અમે ઓળંગી તે દિવસે અમુક વખત સુધી પવન સુસવાટભર્યો વહેતો હતો પણ તેથી અમે કાંઈ ગમગીન થયા નહીં.

ચારે કોર જ્યારે પાણી જ હોય છે ત્યારે થોડો વખત એની મજા પડે છે. પછી આખું વાતાવરણ ગંભીર બની જાય છે. એ ગંભીરતા ઓસર્યા પછી આંખોને અકળામણ થાય છે. આપણી આખી સૃષ્ટિ આ જહાજ પૂરતી. વિશાળ દરિયા આગળ એ કેટલી નાનકડી અને તુચ્છ! દરિયાની દયાથી જીવનારી. અને બાકી બધું પાણી, પાણી અને પાણી. આટલા પાણીનો ઉદ્દેશ શો? જમીન પર ધરતીનો ગમે તેટલો વિશાળ ખંડ જોતા હોઈએ તોપણ એમ નથી લાગતું કે આટલી જમીન શા માટે સર્જાઈ હશે? વિશાળ અને અનંત આકાશ જોઈને પણ એમ નથી લાગતું કે આટલું આકાશ શા કાજે નિર્માયું હશે? પણ સમુદ્રનાં પાણી જોઈને એ વિચાર મનમાં અચૂક ઊઠે છે. જમીનથી ટેવાયેલી આંખો પાણીનો વિસ્તાર અખંડ જોવો પડવાથી અકળાય છે અને અંતે થાકીને ક્ષિતિજ પરનાં વાદળાં જોઈને વિસામો મેળવે છે. પણ ઘણી વાર એ વાદળાં આકાર વિનાનાં અને અર્થહીન હોય છે. આકાશ જ્યારે મેદુર બને છે ત્યારે તો એની ગમગીની અસહ્ય થઈ ઊઠે છે. ઈશ્વરની કૃપા છે કે અકળામણનો પણ અંતે અંત આવે છે અને ખુલ્લી આંખો પણ અંતર્મુખ થઈને મન ઊંડા વિચારમાં મહાલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત્રે અને ખાસ કરીને વહેલી સવારે તારાઓ જોવાની મજા હતી. પણ 'આખું આકાશ એકસામટું જોવા ન જ દઈએ' એમ કહી વાદળાંઓ બાળકોની પેઠે આકાશના મોઢા ઉપર પોતાના હાથ ફેરવતાં હતાં. એમની દયાથી જે વખતે જેટલો ભાગ દેખાય તેટલો જ વાંચી લેવાનું અમારું કામ રહેતું. ગુરુવારની સવાર હશે. જહાજ સીધું ચાલતું હતું અને એના મુખ્ય થાંભલા પાછળ છેક પાછળની બાજુ શર્મિષ્ઠા હતી. થાંભલા આડે ભાદ્રપદાનું ચોરસ જેમતેમ ગોઠવાઈ જતું હતું. ઊતરતા ધ્રુવની પડખે દેવયાની ઊગતી હતી. પોણા પાંચ વાગ્યા અને ત્રિકાણ્ડ શ્રવણ માથા પરના ખસ્વસ્તિકને ઠેકાણે લટકવા લાગ્યો. હંસ, અભિજિત અને પારિજાત ત્રણે મળીને એક સુંદર ચંદરવો થયો હતો. ડાબી બાજુ ગુરુ, ચંદ્ર અને શુક્ર એક લીટીમાં આવ્યા હતા. ચંદ્રનું ચાંદરણું એટલું આછું હતું કે એને છાશની ઉપમા પણ ન અપાય. સામી બાજુ જોતાં ડાબે વૃશ્ચિક એનાં અનુરાધા, જ્યેષ્ઠા અને મૂળ સાથે લટકતો હતો, જ્યારે જમણી બાજુ સ્વાતિ આથમતી હતી. બિચારો ધ્રુવમત્સ્ય લગભગ ક્ષિતિજ ભેગો થયો હતો. બીજે દિવસે ચંદ્રનો પક્ષપાત શુક્ર તરફ વળ્યો. રાત્રે સપ્તર્ષિનાં દર્શન કરી અમે સૂતાં હતાં તે વખતે આકાશમાં પુનર્વસુનું હોડકું અમારી સાથે દક્ષિણની મુસાફરીએ ઊપડેલું જોઈ ઘણો આનંદ આવતો. પુનર્વસુના વહાણમાં બેસવાના ચિત્રાના કોડ હજી અતૃપ્ત જ રહ્યા છે. વખતે મઘા નક્ષત્રની અદેખાઈ એને આડે આવતી હશે! શનિવારે ચંદ્ર અને શુક્રની યુતિ શોભતી હતી. છેલ્લે છેલ્લે એ બન્નેએ નીલો રંગ ધારણ કર્યો હતો ભાદ્રપદાનું પહોળું નાળચું અહીં ઘણે ઊંચે ચઢેલું દેખાતું હતું.

ગઈ કાલથી ધ્રુવ અલોપ થયો હતો.

સવારે જ્યારે ઉષા સ્વાગત કરવા સ્મિત કરે છે તે વખતે આખા ક્ષિતિજ આગળ રૂપા જેવી ચળકતી કિનારી બને છે. ત્યાર પછી સમુદ્ર પ્રસન્નપણે હસે છે અને ઉષાને પ્રકટ થવાને ગુલાબી અવકાશ આપે છે.

શનિવારે સામી બાજુથી આવતું એક વહાણ દેખાયું. દીવાનો પ્રકાશ મિચમિચાવી એણે અમારા જહાજ સાથે વિવેક કર્યો. અમારા જહાજે સામે વિવેક કર્યો હશે જ. એ જહાજો બહુ પાસે આવ્યાં હોત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો બન્ને ભાંભરત; પણ જ્યાં અવાજ પહોંચતો નથી ત્યાં પ્રકાશથી વાતો કરવી પડે છે. ચાર દિવસના એકાન્ત પછી અમારા જહાજ જેવી જ બીજી એક સૃષ્ટિ જીવનના પટ પર વિહરતી જોઈ ખૂબ જ આનંદ થયો. અમારા જહાજ પરના લોકો આફ્રિકાનાં સ્વપ્નાં સેવતા હતા. સામા જહાજ પરના ઉતારુઓ હિંદુસ્તાનનાં સ્વપ્નાં સેવતા હશે. દરેક વહાણના ઉતારુઓના મનોવ્યાપારનો સરવાળો કર્યો હોય તો કેવી મજા પડે!

જહાજ પર ઉતારુઓની ત્રણ ન્યાતો હોય છે. પ્રતિષ્ઠાની અસ્પૃશ્યતા ભોગવનારા તે પહેલા વર્ગના ઉતારુઓ. એમને વધારે સગવડ મળે એવું કાંઈ નહીં, પણ એમના રાજ્યમાં બીજા કોઈ જઈ ન શકે એ એમની મોટાઈ. ઉપરના તૂતકનો મોટો ભાગ એમના આરામ અને રમતો માટે રાખેલો હોય છે. બીજા વર્ગના ઉતારુઓ પણ સારી સરખી સગવડ ભોગવે છે. ત્રીજા વર્ગના ઉતારુઓ માણસમાં ગણાય જ નહીં. એમનાં ધણ ગમે ત્યાં ગોઠવાયેલાં હોય. આઠ દિવસ સુધી માણસને પશુ-જીવન ગાળવું પડે એ હાડમારી નાનીસૂની નથી.

અને હવે બીજા ત્રીજા વચ્ચે એક ઇન્ટરનો વર્ગ ઉપજાવેલો છે. પશુ અને માણસ વચ્ચેનો એ વાનર-વર્ગ કહેવાય. એમાં ઘણી ભીડ હોવા છતાં માણસની પેઠે સૂઈ શકાય છે એ જ ગનીમત.

અમે જહાજ પર છીએ એની જાણ કેટલાક લોકોને થઈ એટલે અનેક લોકો અમારી સાથે વાતો કરવા આવતા. એમાંયે અમે સવાર-સાંજ પ્રાર્થના કરીએ છીએ એ સમાચાર જ્યારે જહાજના ખલાસીઓ સુધી પહોંચ્યા ત્યારે એમણે અમને નીચેના ડેક ઉપર સાંજે પ્રાર્થના માટે બોલાવ્યા. લગભગ બધા ખલાસીઓ સુરત જિલ્લાના હતા. ભજનના રસિયા. અનેક ભજનો જાણે; અને રાગ સાથે ગાઈ શકે. એમની ભજન-મંડળી જામતી ત્યારે આખા દિવસનો થાક અને જન્મારાની ચિંતા તેઓ ભૂલી જતા. નીલા રંગના પોશાક પહેરી આખો દિવસ યંત્રની પેઠે કામ કરનારા લોકો આ જ છે એમ જાણતાં છતાં એ સાચું લાગતું નહીં. એ લોકો આગળ મેં અનેક પ્રવચનો કર્યાં. એમનું જીવન એક જાતની સાધના જ છે એ સમજાવવાનો પ્રયત્ન કર્યો. મેં એમ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું કે જમીન પર જ દીવાલો ચણી શકાય, દરિયા પર નહીં. માટે ખલાસીઓએ નાતજાતના વાડા ન રચ્યા. એમણે દરિયા-દિલ થવું ઘટે છે.

અમે લોકો આ રીતે ભજનમાં તલ્લીન રહેતાં ત્યાં જહાજ પરના ઘણા ગોવાનીઝ લોકોએ એક રાત્રે સ્ત્રીપુરુષોનો એક નાચ ગોઠવ્યો. એમણે એને માટે જે ફાળો કર્યો તેમાં અમને એમણે બાતલ રાખ્યાં નહીં. એટલે અમે હક-પૂર્વકનાં પ્રેક્ષકો બન્યાં!

ગોવાના ખ્રિસ્તી લોકોમાં યુરેશિયન લગભગ નહીં જેવા છે. ધર્મે ખ્રિસ્તિ પણ રક્તે શુદ્ધ હિંદી એવા લોકોએ પશ્ચિમના જે સંસ્કારો અપનાવ્યા છે તેની અસર જોવા લાયક હોય છે. કેટલીક જોડીઓ સંયમપૂર્વક નૃત્યકળાનો આનંદ લેતી હતી. કેટલીક જોડીઓ જાણે કોઈ સામાજિક વિધિમાંથી પસાર થતી હોય એવી ગંભીર, અલિપ્ત અને યાંત્રિક ઢબે નાચતી હતી. ત્યારે કેટલીક જોડીઓ નૃત્યના નિયમો મંજૂર રાખે તેટલી છૂટ લઈ નૃત્યમાં અને એકબીજામાં લીન થતી હતી. એક બે જોડીઓમાં ઉંમર અને ઊંચાઈનું પ્રમાણ એટલું બધું વિસદૃશ હતું કે આટલી બધી વિટંબણા સહન કરવાનું એમને માથે શી રીતે આવ્યું એમ જ લાગતું હતું. સાંકડી જગામાં આટલા બધા લોકોનું નૃત્ય જેમ તેમ પૂરું થયું. આખર સુધી ઉજાગરો કરવાની દાનત ન હોવાથી અગિયાર થાય તે પહેલાં જ અમે સૂઈ ગયાં.

અમારું જહાજ પશ્ચિમ તરફ એટલે કે પૃથ્વીની દૈનંદિન ગતિથી ઊલટી દિશાએ ચાલતું હોવાથી અમારે લગભગ દરરોજ ઘડિયાળના કાંટા ફેરવવા પડતા. જહાજ તરફથી સૂચના મળતી કે 'મધરાતે અડધો કલાક ઓછો કરો' અથવા 'એક કલાક ઓછો કરો.' સૃષ્ટિનો નિયમ સમજી અમે આટલું નુકસાન વેઠવા તૈયાર થતાં. આફ્રિકા પહોંચતાં સુધી અમે કુલ અઢી કલાક ખોયા. (બેલ્જિયન કોંગો જતાં હજી એક વધારે કલાકનો ભોગ આપવો પડેલો.)

ભૂગોળની વિગતો ન જાણનાર વાચકો માટે એટલું કહી દેવું જરૂરનું છે કે રેખાંશની દર ૧૫ ડિગ્રીએ એક કલાક ઉમેરવો અથવા ખોવો પડે છે. અને પ્રશાંત મહાસાગરમાં એશિયા ને અમેરિકા વચ્ચે જહાજો જ્યારે ૧૮૦ રેખાંશ ઉપર હોય છે ત્યારે એમને આવતાં કે જતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક આખો દિવસ વધારવો અથવા ઘટાડવો પડે છે. એ રેખાંશને અંગ્રેજીમાં ' ડેટ લાઈન ' કહે છે. જેમ આપણે ત્યાં અધિક માસ આવે છે તેમ ' ડેટ લાઈન ' ઉપર જતાં એક અધિક વાર આવે છે, જ્યારે આવતાં એક વારનો ક્ષય થાય છે.

આક દિવસથી નથી છાપું, નથી ડાક, નથી મુલાકાતીઓ અને નથી કોઈ શહેર કે ગામડું — અરે સોગન ખાવા કોઈ ડુંગર કે બેટ નથી! આવી સ્થિતિમાં કલાકો ને કલાકો ને દિવસોના દિવસો મૂંગા મૂંગા પસાર થાય ત્યારે વાર અને તારીખનું પણ ઠેકાણું નથી રહેતું. અમારા જહાજની ઊંચાઈનો હિસાબ કરતાં અમારી આસપાસ ક્ષિતિજ સુધી કેટલો સમુદ્ર પથરાયેલો છે એની જહાજવાળાઓ આગળ તપાસ કરી ત્યારે ખબર પડી કે અમારી આંખો ૨૫૦ ચોરસ માઈલનો સમુદ્ર એક ચક્કરમાં પી શકતી હતી.

કેટલી બધી શાન્તિ! અને તે પણ ડોલતી, હીંડોલતી, વહેતી અને છતાં સ્થિર એવી શાંતિ, આકાશના આશીર્વાદ તળે, ઊભરાતી હતી. Swelling and rolling peace — abiding and abounding. કોણ જાણે શી રીતે આ શાંતિના સેવન સાથે મારામાં માનવપ્રેમ ઊભરાતો હતો અને તમામ માણસજાતને સ્વસ્તિ, સ્વસ્તિ, સ્વસ્તિ કહેતો હતો. માનવજાતિનો ઇતિહાસ હજીયે સરવાળે રૂપાળો નથી બન્યો. આ જ સમુદ્રે કેટલાયે અન્યાય અને અત્યાચાર જોયા હશે, કેટલાયે ગુલામોના નિસાસા અહીંની હવામાં ભળ્યા હશે અને કેટલીયે પ્રાર્થનાઓ સૂર્ય, ચંદ્ર અને તારાઓ સુધી પહોંચ્યા છતાં વિફળ ગઈ હશે. અને છતાં જો મનુષ્ય-રક્તને કારણે સમુદ્રમાં લાલાશ આવી નથી, દુઃખીઓના નિસાસાથી અહીંની હવા કલુષિત થઈ નથી અને લોકોની નિરાશાથી આકાશની જ્યોતિઓ ઝાંખી પડી નથી તો માણસજાતનો જરા સરખો ઇતિહાસ વાંચીને મારો માનવપ્રેમ શા માટે સંકુચિત કે પાતળો થાય? જો મારા અસંખ્ય દોષો વીસરી જઈને હું મારા પર પ્રેમ કરી શકું છું અને પોતાને વિષે અનેક જાતની આશાઓ સેવી શકું છું, તો મારા જ અનંત પ્રતિબિંબરૂપી માનવજાતને મારો પ્રેમ ઓછો કેમ મળે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ભાવના સાથે આફ્રિકાની ભૂમિ ઉપર વિષમ રીતે ભજવાતો મનુષ્યજાતનો ત્રિખંડ સહકાર નિહાળવા હું મોમ્બાસા પહોંચી ગયો.

આ આઠ દિવસમાં ઘણું વંચાશે, ઘણું લખાશે એવી જે આશા રાખેલી તે સફળ ન થઈ. પણ એ આઠ દિવસ જીવનના દર્શન, ચિંતન અને મનનથી પૂરેપૂરા ભરેલા હતા.

નવેમ્બર, ૧૯૫૦

૫૮

નીલોત્રી

આફ્રિકાની યાત્રા કરવામાં એક ઉદ્દેશ હતો ઉત્તર-પૂર્વ આફ્રિકાની માતા સમી ઉત્તરવાહિની નીલ નદીના ઊગમ-સ્થાન નીલોત્રીનાં દર્શનનો. ગંગોત્રી અને જમનોત્રીની યાત્રા કર્યા પછી નીલોત્રીની યાત્રા કરવી જ જોઈએ એવું હમણાં હમણાં લાગવા માંડ્યું હતું. એ દિવસ હવે નજીક આવ્યો. જુલાઈની પહેલી તારીખ ઊગી અને અમે કંપાલા છોડી જીંજા માટે પ્રસ્થાન કર્યું. પોતાના જરૂરી કામને કારણે શ્રી અપ્પાસાહેબ આજે પાછા નૈરોબી ગયા અને અમે મોટર લઈને અમારે રસ્તે ઊપડ્યાં.

કંપાલાથી જીંજાનો રસ્તો રળિયામણો છે. અનેક નાની નાની અને પહોળી ટેકરીઓ ચડતાં ઊતરતાં અમારી મોટર અમારી અને નીલોત્રી વચ્ચેનું બાવન માઈલનું અંતર કાપતી ગઈ અને અમારી ઉત્કંઠા વધારતી ગઈ. કેવડું મોટું ભાગ્ય કે તળ જીંજા સુધી પહોંચતાં પહેલાં જ અમારો સંકલ્પ બર આવ્યો અને અમને નીલોત્રીનાં દર્શન થયાં! જમણી બાજુ વિક્ટોરિયા અથવા અમરસરનું સરોવર દૂર સુધી ફેલાયું છે. અને એમાંથી સહજલીલાથી ભૂસકો મારી નીલ નદી છતી થાય છે! અમે નદી પરના પુલ પર પહોંચી ગયાં. મોટરમાંથી નીચે ઊતર્યાં અને જમણી બાજુ વળી રિપન ફૉલ્સ નામે ઓળખાતા નાનકડા ધોધમાં નીલ નદીનાં દર્શન કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોધના તુષારથી પગ ઢંકાઈ ગયા છે. માથા પર મુગટ ચળકે છે, એની પાછળ એક લીલુંછમ ઝાડ મુગટને ઉઠાવદાર બનાવે છે. દેવીના બે હાથમાં મોલની પૂળીઓ છે અને મોઢા ઉપર પ્રસન્ન વાત્સલ્ય ખીલી રહ્યું છે — એવી મૂર્તિ કલ્પનાની નજરે પડી. મૂર્તિ નીલરંગની ન હતી, પણ શ્યામવર્ણ તરફ સહેજ ઢળતી ગોરી જ હતી. આખા શરીર પરથી પાણીના રેલા ચાલતા હતા અને તેથી દેવીના મોઢા પરનું હાસ્ય વધારે સુંદર લાગતું હતું.

ધરાઈને દર્શન કર્યા પછી અમે ડાબી બાજુએ જોયું. જમણી બાજુએ પાણી અમારી તરફ ધસી આવતાં હતાં. ડાબી બાજુનાં પાણી અમારાથી દૂર દૂર દોડી જતાં હતાં. બન્નેની અસર તદ્દન જુદી. અમે જાણતાં હતાં કે જેમ જમણી બાજુ રિપન ધોધ છે તેમ ડાબી બાજુ, સહેજ દૂર, ઓવેન ધોધ છે. આપણા દેશમાં આને કોઈ ધોધ કહે જ નહીં. પાણીની સપાટીમાં થોડાક ફૂટનું અંતર ઉત્પન્ન થયું એટલા પરથી ધોધ થતો હશે? ધોધ ત્યારે જ કહેવાય જ્યારે પાણી ધબધબ પડતું હોય. જેટલું પડે તેટલું જોરથી પાછું ઉપર ઊછળતું હોય અને ફીણ અને તુષારના ગોટેગોટા આસપાસ નાચતા હોય.

યાત્રાને અન્તે તરત જઈને મંદિરોમાં દર્શન કરીએ છીએ ત્યારે એને, યાત્રીઓની પરિભાષામાં 'ધૂળભેટ' કહે છે. પગે યાત્રા કરી હોય, આખું શરીર ધૂળથી છવાયેલું હોય અને ઉત્કંઠાને કારણે એવા ને એવા જ રૂપમાં દોડી જઈ ઇષ્ટદેવના ચરણે ઢળી પડતા હોઈએ અથવા ભેટી પડતા હોઈએ ત્યારે એ ધૂળભેટ કહેવાય. અમે તો મોટર વેગે આવેલાં. સવારે થોડોક વરસાદ થયેલો હોવાથી રસ્તા-પર પણ ધૂળ ન હતી. એટલે આ પ્રથમ દર્શનને ભીની-ભેટ જ કહેવાય. એને ભાવ-ભીની કહીએ તો જ તે વધારે યથાર્થ વર્ણન થાય. મૂર્તિ ભીની, જમીન ભીની, આંખો ભીની, અને અનેક મિશ્ર ભાવોથી તરબોળ એવું હૈયું પણ ભીનું. अद्य मे सफलं जन्म, अद्य मे सफलाः क्रियाः એ લીટી જેણે પ્રથમ ગાઈ તે મારા જેવા અસંખ્ય યાત્રીઓનો પ્રતિનિધિ જ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીલ માતાનાં આ પ્રથમ દર્શન હૃદયમાં સંઘરી અમે જીંજામાં પ્રવેશ કર્યો. વિદ્યાપીઠના એક વખતના વિદ્યાર્થી ઍડવોકેટ શ્રી ચંદુભાઈ પટેલને ત્યાં જ અમારો ઉતારો હતો. જૂના વિદ્યાર્થીને ત્યાં મહેમાનગીરી અનુભવવી એ જેટલી આનંદદાયક હોય છે તેટલી જ આકરી કે અઘરી હોય છે. ઘરની સારામાં સારી સગવડો આપણને આપી પોતે અગવડ વેઠવામાં એ આનંદ માનતા હોય, પણ આપણને મૂંઝવણ થયા વગર કેમ રહે?

હવે અમે નીલોત્રીના વિધિસર દર્શને ઊપડયાં. જ્યાં અમરસરનાં જળ ખડકોની કિનારી પરથી નીચે ઊતરે છે અને નીલ નદીને જન્મ આપે છે ત્યાં અમે પહોંચ્યાં. ઉતાવળે પાણી સુધી પહોંચી, પહેલાં પગ ઠંડા કર્યા. આચમન કરી હૈયું ઠાર્યું અને એક ક્ષણ માટે એ સ્થાનનું ધ્યાન ધર્યું. મારી ટેવ પ્રમાણે ઈશોપનિષદ, માંડુક્ય ઉપનિષદ અથવા અઘમર્ષણ સૂક્ત મોઢામાંથી નીકળવું જોઈતું હતું. પણ એકાએક શ્લોક નીકળ્યો :—

ध्येयः सदा सवितृ-मंडल-मध्यवर्ती
नारायणः सरसिजासन-सन्निविष्टः ।
केयूरवान् मकर-कुंडलवान् किरीटी
हारी हिरण्मय-वपुर् धृत-शंख-चक्रः ॥

નીલ નદીને કિનારે, જુદે જુદે વખતે, જુદે જુદે ઠેકાણે, ત્રણ વાર નીલામ્માનું ધ્યાન ધર્યું અને દર વખતે મોઢામાંથી અચૂક આ જ શ્લોક નીકળ્યો. હવે મારે મિશ્ર દેશની સંસ્કૃતિનાં પુરાણોમાં શોધવાનું રહ્યું કે નીલ નદીનો ભગવાન સૂર્યનારાયણ સાથે કોઈ ખાસ સંબંધ છે ખરો?

હું જો સંસ્કૃત કવિ હોત તો આ નદીના પાણીમાં રહેતાં જાતજાતનાં માછલાં, એ પાણી પર ઊડતાં બોલકણાં પક્ષીઓ અને એને કિનારે આળોટતા કિબોકા (હિપોપોટેમસ)ની ધન્યતાનાં સ્તોત્રો ગાત. નીલને કિનારે જે વૉટરવર્ક્સ છે તેની સારવાર માટે નિમાયેલા એક ગુજરાતી ભાઈની, એની જ ભાષામાં અદેખાઈ વ્યક્ત કરી મેં સંતોષ માન્યો, "તમે કેટલા ધન્ય છો કે નીલોત્રીનાં તમને અહોરાત્ર દર્શન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે અને અહીંથી ન ખસવા માટે તમને પગાર આપવમાં આવે છે!" એ ભાઈને આવી ધન્યતા લાગતી હતી કે નહીં એ જોવા કે પૂછવા હું ત્યાં ન થોભ્યો.

મારે મન નદીઓ બે પ્રકારની હોય છે: જે પહાડમાંથી નીકળે છે તે અને જે સરોવરમાંથી નીકળે છે તે. પહેલીને હું શૈલજા કહું અથવા પાર્વતી; અને બીજીને સરોજા (દુનિયાભરનાં કમળો મને ક્ષમા કરશે એવી આશા રાખું છું). શૈલજા નદીઓનો ઊગમ બહુ નાનો, પાતળો, લગભગ તુચ્છ જેવો હોય છે. એટલે એને વિષે આદર ઉત્પન્ન કરવા માટે મોટાં મોટાં માહાત્મ્યો લખી કાઢવાં પડે છે. ગંગોત્રી પાસે ગંગાનો પ્રવાહ કોક વાર એટલો નાનકડો હોય છે કે સામાન્ય માણસ પણ એક કાંઠે એક પગ અને બીજે કાંઠે બીજો પગ મૂકીને ઊભો રહી શકે છે. સરોજા નદીઓનું એવું નથી હોતું. વિશાળ અને સ્વચ્છ વારિ-રાશિમાંથી મનમાં આવે તેવડો જથ્થો ખેંચીને તેઓ છતી થાય છે. એથી એમના ચાલવા બોલવામાં ગર્ભશ્રીમંતાઈનું આત્મ-ભાન હોય છે.

નીલોત્રીની યાત્રાએ આવવાનું બીજું પણ એક અદમ્ય આકર્ષણ હતું. મહાત્મા ગાંધીના પાર્થિવ દેહને દિલ્હી રાજઘાટ પર અગ્નિસાત્ કર્યા પછી એમનાં ફૂલ અને ચિતાભસ્મનું વિસર્જન હિંદુસ્તાનનાં અને જગતનાં અનેકાનેક પુણ્ય સ્થળે કરવામાં આવ્યું હતું. એમાંનું જ એક સ્થાન નીલોત્રી છે.

અમે જીંજા નગરીના જાહેર મહેમાન હોવાથી અહીંના લોકોએ અમારી હાજરીનો 'લાભ લેવા'નું નક્કી કર્યું અને જે ઠેકાણે ચિતા-ભસ્મનું વિસર્જન કર્યું હતું, એને પડખે એક કીર્તિસ્તંભ ઊભો કરવાનું નક્કી થયેલું હોવાથી, એનો પાયો મારે હાથે નંખાવવાનું ગોઠવ્યું.

સન ૧૯૫૦ની બીજી જુલાઈએ અધિક આષાઢ કૃષ્ણ તૃતીયાને દિવસે સવારે સેંકડો લોકોની હાજરીમાં એ વિધિ મેં પૂરો કર્યો. એ ઉત્સવ માટે ગાંધીજીનું એક મોટું ચિત્ર સામે રાખ્યું હતું. એની નજર મારા પર પડતાં જ હું અસ્વસ્થ થયો. વૈદિક વિધિ પૂરો થયા પછી મેં ગાંધીજીના જીવન વિષે અને આફ્રિકા જ એમની પ્રથમ તપોભૂમિ હોવા વિષે થોડું પ્રવચન કર્યું. ફોટો વગેરે લેવાની આધુનિક વિધિમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુક્ત થતાંવેંત કિનારાના એક પથરા ઉપર બેસી નીલમાતાના સુભગ જલપ્રવાહ ઉપર મેં મીટ માંડી અને અંતર્મુખ થઈ ધ્યાન કર્યું. તે વખતે મનમાં વિચાર આવ્યો કે આ સ્થાને યુરોપ, આફ્રિકા અને એશિયા ત્રણે ખંડનાં, બલ્કે અમેરિકાનાં પણ — મહાન અને સામાન્ય આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષ અહીં આવશે, સર્વોદયના ઋષિ મહાત્મા ગાંધીના જીવન, જીવનકાર્ય અને અંતિમ બલિદાનનું અહીં ચિંતન કરશે અને માનવ માનવ વચ્ચેનો ભેદભાવ ભૂલી જઈ વિશ્વકુટુંબની સ્થાપના કરવાનું વ્રત લેશે. ભવિષ્યના એ તમામ આગામી પ્રવાસીઓને મેં ત્યાંથી વંદન મોકલ્યું.

૨

નીલ નદીની બે શાખાઓ છે: શ્વેત અને નીલ. જીંજા પાસે જેનો ઉગમ છે તે શ્વેત શાખા છે. નીલશાખા પણ સરોજા જ છે. ઈથિયોપિયા, જેને આપણા લોકો હબસાણ (એબિસીનિયા) કહેતા તે દેશમાં તાના કરીને એક સરોવર છે. એ સરોવરમાંથી નીલશાખાનો ઉગમ છે. આ શાખાઓ લાખો વરસથી વહેતી આવી છે અને એમને કાંઠે રહેનાર પશુપક્ષીઓને અને માણસોને જલદાન કરતી આવી છે. પણ યુરોપિયન લોકોને જેની ભાળ ન હોય એ વસ્તુ અજ્ઞાત જ કહેવાય! એક રીતે એમનું કહેવું સાચું પણ છે. બીજા લોકો નદીને કાંઠે રહેતા છતાં એ નદી મૂળે આવી ક્યાંથી અને આગળ ક્યાં સુધી જાય છે એની શોધ ન કરે તો આખી નદીનું જ્ઞાન એ લોકોને છે એમ ન કહેવાય. દાખલા તરીકે તિબ્બતના લોકો માનસ-સરોવરવાળી સાંનપો (વિશાળ પ્રવાહ) નદી જાણે. એ નદી પૂર્વ તરફ વહેતી વહેતી જંગલમાં અલોપ થાય છે, એટલું જ બહુ બહુ તો તેઓ જાણે. આપણા લોકો આ બાજુથી બ્રહ્મપુત્રનો ઉગમ શોધતા શોધતા એ જ જંગલોના આ બાજુના છેડા સુધી પહોંચ્યા. આગળનું તેઓ કશું જાણે નહીં. જ્યારે અનેક અંગ્રેજો, પ્રતિકૂળ પરિસ્થિતિ હોવા છતાં, એ જંગલો-માંથી પસાર થયા ત્યારે જ તેઓ સ્થાપિત કરી શક્યા કે તિબ્બતની સાંનપો નદી જ આ બાજુ આવી છે, અને બીજી અનેક નાની મોટી નદીઓનાં પાણી ઝીલીને બ્રહ્મપુત્ર થઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીલ નદીના ઊગમ શોધનારાઓમાં મિ. સ્પીક અંતે સફળ થયો અને એણે સિદ્ધ કર્યું કે જીંજા પાસે સરોવરમાંથી જે નદી અવતરે છે તે જ ઇજિપ્ત-માતા નીલ છે.

આ સ્પીક સાહેબ હિંદુસ્તાન સરકારની નોકરીમાં હતો. એને સમાચાર મળ્યા કે પ્રાચીન હિંદુઓ મિસર એટલે કે હાલના ઇજિપ્ત દેશ વિષે ઘણું જાણતા હતા. એણે તપાસ કરીને જાણ્યું કે સંસ્કૃત પુરાણોમાં કહ્યું છે કે નીલ નદીનો ઊગમ મીઠા પાણીના અમરસરમાંથી થયો છે; એ જ પ્રદેશમાં ચંદ્રગિરિ છે; છેક દક્ષિણે જતાં મેરુ પર્વત આવેલો છે વગેરે. પુરાણોમાંથી કેટલાક સંસ્કૃત શ્લોકોનો એણે અનુવાદ કરાવ્યો અને એને આધારે નીલના ઊગમની શોધ કરવાનો મનસૂબો કર્યો.

એ પ્રથમ ઝાંઝીબાર ગયો અને ત્યાંથી બધી તૈયારી કરીને કેનિયા પ્રદેશ ઓળંગી યુગાન્ડામાં ગયો. ત્યાં એને અમરસરવાળું અચ્છોદ સરોવર મળ્યું. (અચ્છ – સુઅચ્છ = સ્વચ્છ. ઉદ – ઉદક = પાણી. મીઠા પાણીના સરોવરને અચ્છોદ કહેવાય.) અને ત્યાંથી નીકળતી નીલ નદી પણ મળી. સુદાન અને ઇજિપ્તમાં વહેતી નદી એ જ છે એ એણે સિદ્ધ કર્યું. આ વાતને હજી પૂરાં સો વરસ પણ થયાં નથી.

આફ્રિકા ખંડ ખરેખર ત્યાં વસતી અનેક આફ્રિકન જાતિઓનો મુલક છે. એ પ્રદેશ વિષે યુરોપિયન લોકોને પૂરતી માહિતી ન હતી એ કાંઈ ત્યાંના લોકોનો દોષ નહીં. યુરોપ તરફના અને ખાસ કરીને અરબસ્તાનના લોકો આફ્રિકાને કિનારે જઈ ત્યાંના લોકોને પકડી લેતા અને પોતપોતાના દેશમાં લઈ જઈ ગુલામ તરીકે વેચતા. પકડેલા લોકોમાં સ્ત્રીઓ પણ હોય, બાળકો પણ હોય. પણ લૂંટારાઓ એમનો માણસ તરીકે શાનો વિચાર કરે?

કેટલાક મિશનરી લોકોને સૂઝ્યું કે આવા જંગલી લોકોના આત્માના ઉદ્ધાર અર્થે એમને ખ્રિસ્તી બનાવવા જોઈએ. લોભી વેપારીઓ પણ જે ગહન પ્રદેશમાં જવાની હિંમત કરતા નહીં ત્યાં આ ઉત્સાહી ધર્મપ્રચારકો પહોંચી જતા અને ત્યાંની ભાષા શીખીને ઈસા મસીહનું 'શુભ વર્તમાન' એમને સંભળાવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ જતાં યુરોપના રાજાઓએ આફ્રિકા ખંડ અંદર અંદર વહેંચી લીધો. એમાં નિયમ એવો કે જે દેશના મિશનરીઓએ જેટલો પ્રદેશ શોધી કાઢ્યો (!) તેટલો પ્રદેશ તે દેશના રાજાની માલિકીનો ગણાય. આમાં એક વખતે બન્યું એવું કે સ્ટેન્લી કરીને એક મિશનરીએ ઇંગ્લંડના રાજા પાસે કોંગો નદીના વિસ્તારનો પ્રદેશ 'શોધવા' માટે મદદ માગી. ઇંગ્લંડના રાજાએ એટલે કે પાર્લમેન્ટે એ મદદ ન આપી. એટલે એ ગયો બેલ્જિયમના રાજા પાસે. રાજા લિયોપોલ્ડ લોભી અને ઉત્સાહી હતો. એણે બધી મદદ આપી. પરિણામે જ્યારે આફ્રિકા ખંડની વહેંચણી થઈ ત્યારે કોંગો નદીના વિસ્તારનો મુલક બેલ્જિયમને ભાગે ગયો! એ બેલ્જિયમ કોંગોનો પ્રદેશ લગભગ હિંદુસ્તાન જેટલો મોટો છે. ત્યાંથી રબર મેળવવા માટે ગોરાઓએ ત્યાંની પ્રજા ઉપર જે જુલમ ગુજાર્યો છે તેનાં વર્ણનો વાંચતાં રુવાંટાં ખડાં થાય છે એમ કહેવું અલ્પોક્તિ થાય. લાગણીવાળો માણસ એ વર્ણનો વાંચે તો એનું લોહી થીજી જ જાય. છતાં ગોરાઓએ અહીંની પ્રજાને ધીરે ધીરે 'સુધારી' ખરી. હવે એ લોકો કપડાં પહેરે છે. વાળમાં જાત જાતની સેંથીઓ પાડે છે અને શરાબ પણ પીએ છે. આમ ઘણાખરા ખ્રિસ્તી થઈ ગયા!

આપણા લોકોએ યુગાન્ડામાં જઈને કપાસની ખેતી વધારી, રાજ્યકર્તાની મદદથી ત્યાં મોટી મોટી ઍસ્ટેટો કરી અને કરોડો રૂપિયા કમાયા. આપણે પણ ત્યાંના લોકોને સુધાર્યા છે. દરજીકામ, સુથારકામ, કડિયાકામ, રસોઈકામ વગેરે ધંધાઓમાં એમની મદદ લીધી એટલે ધીમે ધીમે એ લોકો પાવરધા થયા. હિંદુસ્તાનનાં કપડાંની અને વિલાયતથી આવતી શરાબ આદિ જાતજાતની વસ્તુઓ વેચવાની દુકાનો ખોલી અને એ લોકોને જીવનનો આનંદ માણતા કર્યા!

ધોળા અને ઘઉંવર્ણા લોકોના આવા પુરુષાર્થની સાક્ષી એવી નીલ નદી અહીં ચૂપચાપ વહેતી જાય છે અને પોતાનો પરોપકાર પોતાના બન્ને તટ તરફ દૂર સુધી ફેલાવતી જાય છે.

આપણા દેશમાં ગંગા નદીનું જે મહત્ત્વ છે તેજ મહત્ત્વ, વધારે ઉત્કટ રીતે ઉત્તર-પૂર્વ આફ્રિકામાં નીલ નદીનું છે. દુનિયાની સૌથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહત્ત્વની છએક પ્રાચીન સંસ્કૃતિઓમાં ઇજિપ્તની મિશ્ર અથવા મિસર સંસ્કૃતિને સ્થાન છે. એની અસર યુરોપના ઇતિહાસ ઉપર જ નહીં પણ એના ધર્મ ઉપર પણ પડી છે. આપણે ત્યાં જેવી ચાર વર્ણની સંસ્કૃતિ ખીલી તેવી જ સંસ્કૃતિ પ્રાચીન મિસર દેશમાં પણ દેખાઈ આવે છે અને એનો પડઘો ગ્રીક ફિલસૂફ પ્લેટોની 'સમાજરચના'માં સંભળાય છે. ચાર વર્ણની સંસ્કૃતિ એ જમાના માટે ગમે તેટલી અનુકૂળ હોય અને ભવ્ય ગણાઈ હોય તોપણ તોફાની યુરોપ એ જીરવી ન શક્યું. યુરોપમાં જે ખ્રિસ્તી ધર્મ ફેલાયો છે એનું પાલન-પોષણ ઇજિપ્તમાં ઓછું નથી થયું. પણ ત્યાં કેળવેલાં વૈરાગ્ય અને તપસ્યા અને દેહદંડન ઘણું અજમાવ્યા પછી યુરોપે છોડી દીધું. આમ હોવા છતાં યુરોપની સંસ્કૃતિનાં મૂળિયાં શોધવા જતાં ઇજિપ્તના ઇતિહાસમાં જવું જ પડે છે. અને એ ઇતિહાસનું ઘડતર અમુક અંશે નીલ નદીને આભારી છે.

જેમ નદીનાં પાણી આગળ વહે છે, પાછળ જઈ શકતાં નથી, તેમ ઇજિપ્તની સંસ્કૃતિ નીલ નદીના ઊગમ તરફ, યુગાન્ડા પ્રદેશમાં પહોંચી ન શકી એ વસ્તુ પણ આપણું ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. જો ઇજિપ્તના લોકો અમરસરની આસપાસ આવીને વસ્યા હોત તો આફ્રિકાનો જ નહીં પણ દુનિયાનો ઇતિહાસ જુદી રીતે લખાત.

આપણે ત્યાં જેટલી નદીના ઊગમ આપણે જોઈએ છીએ તે બધા જંગલમાં, દુર્ગમ પ્રદેશમાં હોય છે. અને એ ઊગમ નાના પણ હોય છે. નીલ નદીનો ઊગમ પહોળો છે એનું કાંઈ નહીં; પણ ત્યાં એક શહેર વસ્યું છે એ જ એ ઊગમના કાવ્યમાં ઊણપ આણનારી વસ્તુ છે. આપણે ત્યાં કૃષ્ણા અને એની બીજી ચાર બહેનપણીઓ સહ્યાદ્રિના જે પ્રદેશમાંથી નીકળે છે તે પ્રદેશ દુર્ગમ અને પવિત્ર હતો. સંતોએ ત્યાં શિવજી મહાબળેશ્વરની સ્થાપના કરી. પણ અંગ્રેજોએ એને પોતાનું ગ્રીષ્મ-નગર બનાવી એ તપોભૂમિને વિહારભૂમિ કે વિલાસભૂમિ બનાવી દીધી, એનું સ્મરણ જીંજામાં થયા વગર રહ્યું નહીં.

અને હવે તો ત્યાં ઓવેન ફૉલ્સ આગળ એક મોટો બંધ બાંધીને વીજળી પેદા કરવાના છે. દુનિયાનો એ એક અદ્ભુત બંધ થશે. એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ યુગાન્ડાને જ નહીં પણ સુદાન અને ઇજિપ્ત સુધી પહોંચવાની છે. એમાંથી ખોરાક વધશે, દુકાળ દૂર થશે, અસંખ્ય અશ્વત્થામા ('હૉર્સપાવર') જેટલી શક્તિ માણસની સેવામાં મળશે. એટલે એવી પ્રવૃત્તિને આશીર્વાદ તો આપ્યે જ છૂટકો. છતાં હૃદય કહે છે કે માણસજાત એ વાટે કાંઈક એવું ખોવાની છે, કે જેનું વળતર મોટામાં મોટી જાહોજલાલીથી પણ ન થઈ શકે.

નીલ નદી માતા હતી, દેવી હતી. હવે એ વર્તમાન કાળની લોકધાત્રી દાઈ થવાની છે!

નવેમ્બર, ૧૯૫૦

૫૯

અર્ણવનું આમંત્રણ

સમુદ્ર અથવા સાગર જેવો પરિચિત શબ્દ છોડી અર્ણવ શબ્દ મેં પસંદ કર્યો એ કેવળ આમંત્રણ સાથેના અનુપ્રાસના લોભ ખાતર નહીં. અર્ણવ શબ્દ પાછળ ઊંચાં ઊંચાં મોજાંઓનું અખંડ તાંડવ સૂચિત છે. તોફાન, અસ્વસ્થતા, અશાન્તિ, વેગ, પ્રવાહ અને દરેક જાતનાં બંધન પ્રત્યેનો અમર્ષ એ બધા ભાવ અર્ણવ શબ્દમાં આવી જાય છે. અર્ણવ શબ્દનો ધાત્વર્થ અને એનું ઉચ્ચારણ બન્ને એ ભાવમાં મદદ કરે છે અને તેથી જ ઘણી વાર વેદમાં અર્ણવ શબ્દ સમુદ્રના વિશેષણ તરીકે વપરાય છે. ખાસ કરીને વેદના વિખ્યાત અઘમર્ષણ સૂત્રમાં જે અર્ણવ–સમુદ્રનો ઉલ્લેખ છે તે એની ભવ્યતા સૂચવે છે.

આવા અર્ણવનો સંદેશો આજની આપણી દુનિયા આગળ રજૂ કરવાની શક્તિ મને પ્રાપ્ત થાય એટલા માટે વૈદિક દેવતા સાગર–સમ્રાટ વરુણને હું નમન કરું છું.

જ્યાં રસ્તો નથી ત્યાં રસ્તો પાડનાર દેવ તે વરુણ. પ્રભંજનના તાંડવથી જ્યારે રણમાં રેતીનાં મોજાંઓ ઊછળે છે ત્યારે ત્યાંય મુસાફરોને દિશા–દર્શન કરી આપનાર પણ વરુણ; અને અનંત આકાશમાં પોતાની પાંખોની શક્તિ અજમાવનાર ત્રિખંડનાં યાત્રી પક્ષીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યોમમાર્ગ બતાવી આપનાર પણ વરુણ જ છે. અને વેદકાળના ભુજ્યુથી માંડીને ગઈ કાલે જ જેને મૂછ ઊગી છે એવા ખલાસી સુધી દરેકને સમુદ્રનો રસ્તો બતાવનાર જેમ વરુણ છે તેમ નવાં નવાં અજ્ઞાત ક્ષેત્રોમાં પ્રવેશ કરી, નવા નવા રસ્તા પાડનાર યમરાજ હો, કે અગસ્તિ હો, એમને હિંમત અને પ્રેરણા આપનાર દીક્ષાગુરુ વરુણ જ છે.

વરુણ જેમ યાત્રીઓનો ભોમિયો છે તેમ મનુષ્ય જાતિ માટે એ ન્યાય અને વ્યવસ્થાનો દેવ છે. ऋतम् અને सत्यम्નો સાક્ષાત્કાર એને પૂર્ણપણે થયેલો હોવાથી એ દરેક આત્માને સત્યને રસ્તે જવાની પ્રેરણા આપે છે. ન્યાય પ્રમાણે ચાલવામાં જે સૌંદર્ય છે, સમાધાન છે અને જે અંતિમ સફળતા છે, તે વરુણ પાસેથી જાણી લેવી. અને જો કોઈ લોભી, અદૂર દૃષ્ટિ માનવી વરુણની એ ન્યાયનિષ્ઠાનો અનાદર કરે તો વરુણ એને જલોદરથી પીડે છે જેથી માનવી સમજી શકે કે લોભનાં ફળ કોઈ કાળે રૂડાં નથી હોતાં.

જેમ પરમ-મંગલ, કલ્યાણકારી, સદાશિવ પોતે સોંઘા ન થઈ જાય એટલા માટે રૂદ્રરૂપ ધારણ કરે છે, તેવી જ રીતે રત્નાકર સમુદ્ર પણ અટ્ટહાસ્ય કરતાં મોજાંઓથી બીકણ માણસને દૂર રાખે છે. સુંવાળી વનસ્પતિ અને ધરરખા મનુષ્યો પોતાના કિનારા ઉપર સ્થિર ન થઈ જાય એટલા માટે ભરતીઓટ ચલાવી એ બધાને સમજાવે છે કે મારી સાથે અમુક અન્તર તમારે રાખ્યે જ છૂટકો.

સમુદ્રને તીરે ઊભા રહી જ્યારે મોજાંઓને આવતાં અને જતાં જોયાં, અમાસ અને પૂર્ણિમાની ભરતીઓ આવતી અને જતી જોઈ, અને બુદ્ધિ જ્યારે કશો જવાબ આપી ન શકી ત્યારે હૈયું બોલી ઊઠ્યું આટલું ન સમજી શકો ? તમારામાં શ્વાસોચ્છ્વાસથી તમારી છાતી જેમ ફૂલે છે અને બેસે છે, તેમ જ આ વિરાટ સાગર શ્વાસ લે છે એના આ ધબકારા છે; એનો એ ઉમળકો છે. જમીન ઉપર માણસે જે પાપ અને ઉત્પાત ચલાવ્યા છે તેને ક્ષમા કરવાની શક્તિ કેળવવા માટે મહાસાગરને આટલો હૃદયનો વ્યાયામ કરવો પડે છે!

જે મોજાંઓ દુર્બળ લોકોને ધમકાવીને દૂર રાખે છે, એ જ મોજાંઓ વિક્રમના રસિયાઓને સ્નેહાળ અને ફેનિલ આમંત્રણ આપે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેઃ "ચાલો ! આ સ્થિર જમીન ઉપર શું ઊભા છો? ઊભા ઊભા કટાઈ જશો ! લ્યો એક વહાણ, થાઓ એના ઉપર સવાર, ફેલાવો સઢ અને ચાલો પવનનો પ્રાણ જ્યાં દોરતો જાય ત્યાં. અમે બધા છીએ તો સાગરનાં બાળક, પણ અમારો શિક્ષાગુરુ છે પવન. એ જેમ નચાવે, તેમ અમે નાચીએ છીએ. તમે પણ એ જ વ્રત લ્યો, અને ચાલો અમારી સાથે." જો હૈયામાં ઉમંગ હોય તે આવું આમંત્રણ પાછું ઠેલી ન શકે.

નાનપણમાં સિંદબાદની વાર્તા તમે નથી વાંચી? સિંદબાદ પાસે અઢળક ધન હતું, વાડી વજીફા બધું હતું. પોતાના વહાલથી એનું જીવન ભરી દેનાર સગાંવહાલાં પણ એની આસપાસ ઘણાં હતાં છતાં સમુદ્ર જ્યારે ઘૂઘવે ત્યારે એનાથી ઘરમાં રહેવાતું ન હતું. મોજાંઓનું પારણું છોડી પલંગ ઉપર પોઢે તે પામર ગણાય. હૈયું કહે: "ચાલો!" સિંદબાદ સમુદ્રની યાત્રાએ ગયો, ત્યાં અનેક રીતે હેરાન થયો. મીઠા કરતાં કડવા ખારા અનુભવો એને વધારે થયા એટલે સહીસલામત પાછા આવતાં એણે સોગંદ ખાધા કે સમુદ્રયાત્રાનું ફરી નામ ન લઉં.

પણ અંતે એ માનવીસંકલ્પ. એ સંકલ્પને સમ્રાટ વરુણનો થોડો જ આશીર્વાદ હતો? થોડા દિવસ ગયા અને ગૃહ-સ્થી જીવન એને અલૂણું લાગવા માંડ્યું. રાત્રે એ ઊંઘે પણ એને ઊંઘ ન આવે, મોજાંઓ એની સાથે વાતો કર્યા જ કરે. ઉત્તર રાત્રીએ સહેજ ઊંઘનું ઝોકું આવી જાય તો ત્યાં સ્વપ્નમાં પણ મોજાંઓ જ ઊછળે અને પોતાની આંગળીઓ હલાવી હલાવી એને બોલાવતા જાય. ક્યાં સુધી એ પોતાની જીદ પકડી રાખે? એ અન્યમના હોય અને સહેજ ફરવા નીકળે તો એના પગ બગીચાનો રસ્તો છોડી દઈ સમુદ્રની ધોળી અને ચળકતી રેતી તરફ જ એને લઈ જાય. અંતે એણે સારાં સારાં વહાણો ખરીદ્યાં, મજબૂત હૈયાવાળા ખલાસીઓને નોકરીમાં રાખ્યા, જાત-જાતનો માલ સાથે લીધો અને "જય દરિયા પીર" કહીને વહાણો હંકાર્યાં.

આ તો થઈ કાલ્પનિક સિંદબાદની વાત. પણ આપણે ત્યાં સિંહપુત્ર વિજય તો ઐતિહાસિક પુરુષ હતો. બાપ એને કશે જવા ન દે. એણે ઘણી આજીજી કરી, પણ એમાં એ ફાવ્યો નહીં. અંતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે અકળાઈને એવાં તો તોફાનો ચલાવ્યાં કે પ્રજા ત્રાસી ગઈ અને રાજા પાસે જઈને કહેવા લાગી કે "રાજા, કાં તો તારા દીકરાને દેશવટો આપ, નહીં તો અમે તારો દેશ છોડીને બહારવટે જઈએ છીએ." પિતાએ મોટાં મોટાં વહાણો આણ્યાં. એમાં પોતાને દીકરાને અને એના તોફાની સાથીઓને બેસાડી દીધા અને કહ્યું: "હવે જ્યાં જવાય ત્યાં જાઓ. પાછું મોઢું નહીં બતાવતા." તેઓ ચાલ્યા. સૌરાષ્ટ્રનો કિનારો એમણે છોડ્યો, ભૃગુકચ્છ છોડ્યું; સોપારા છોડ્યું; દાભોળ છોડ્યું; છેક મંગલાપુરી સુધી પહોંચ્યા. ત્યાં પણ તેઓ રહી ન શક્યા એટલે હિંમતપૂર્વક આગળ વધી તામ્રદ્વીપમાં જઈ વસ્યા અને ત્યાંના રાજા થયા. વિજયના પિતાએ પોતાના દીકરાને પાછા આવવાની મનાઈ કરી હતી, પણ એની પાછળ પાછળ કોઈ જાય નહીં એવું ફરમાન કાઢ્યું ન હતું. એટલે અનેક દરિયા-શૂરા વિજયને રસ્તે જઈ નવો નવો વિજય મેળવવા લાગ્યા. જતાં જતાં એ મહાબળિયો જાવા અને બાલિદ્વીપ સુધી ગયા. ત્યાંની સમૃદ્ધિ, ત્યાંની આબોહવા અને ત્યાંનું પ્રાકૃતિક સૌન્દર્ય જોયા પછી પાછા આવવાનું મન જ કોણ કરે? પછી તો ઘોઘાનો વર આખો પશ્ચિમ કિનારો ઓળંગી, લંકાની લાડીને પરણે એ લગભગ નિયમ થઈ પડ્યો.

આ બાજુ બંગાળના નદીપુત્રો નદી-મુખેન સમુદ્રમાં પ્રવેશ કરવા લાગ્યા. જે બંદરથી ઊપડી, તામ્રદ્વીપ જવાતું, તે બંદરનું નામ તેમણે તામ્રલિપ્તિ પાડ્યું. આમ તામ્રદ્વીપ–લંકામાં અંગ-વંગના બંગાળીઓ, ઓરિસ્સાના કલિંગો અને પશ્ચિમના ગુજરાતીઓ ભેગા થયા. મદ્રાસ તરફના દ્રવિડો તો ત્યાં ક્યારના પહોંચી ગયા હતા. આ રીતે પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ભારત પોતપોતાના અર્ણવોના આમંત્રણથી લંકામાં એક થયું.

બુદ્ધ ભગવાને નિર્વાણનો રસ્તો શોધી કાઢ્યો અને પોતાના શિષ્યોને આદેશ આપ્યો કે, "આ અષ્ટાંગિક ધર્મતત્ત્વનો દશે દિશ ફેલાવો કરો!" એમણે પોતે ઉત્તર ભારતમાં ચાલીસ વર્ષ સુધી પ્રચાર કાર્ય કર્યું. આસેતુહિમાચલ પોતાનું રાજ્ય ફેલાવવા નીકળેલા સમ્રાટ અશોકને દિગ્વિજય છોડી ધર્મવિજય કરવાનું સૂઝ્યું. ધર્મવિજય એટલે આજની પેઠે ધર્મને નામે દેશદેશાંતરની પ્રજાને લૂંટી, ગુલામ કરી, એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय गुरुकुल काँगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વટલાવવાનું કામ નહીં, પણ લોકોને કલ્યાણનો માર્ગ બતાવી પોતાનું જીવન કૃતાર્થ કરવાનો અષ્ટાંગિક માર્ગ બતાવવો. જે બુદ્ધ ભગવાન પોતે ગેંડાની પેઠે અકુતોભય થઈને જંગલમાં ફરતા, તેમના સાહસિક શિષ્યો અર્ણવનું આમંત્રણ સાંભળી દેશદેશાંતરમાં જવા લાગ્યા. કેટલાક પૂર્વ તરફ ગયા, કેટલાક પશ્ચિમ તરફ. આજે પણ પૂર્વ અને પશ્ચિમ સમુદ્રને કિનારે એ સાધુઓનાં થાણાંઓ પહાડમાં કોતરેલાં જડે છે. સોપારા, કાન્હેરી, ધારાપુરી, વગેરે સ્થળો બૌદ્ધ મિશનરીઓની પરદેશ યાત્રાનાં સૂચક છે. ઓરિસ્સાની ખંડ-ગિરિ અને ઉદય-ગિરિની ગુફાઓ પણ એ જ સાક્ષી પૂરે છે.

આ જ બૌદ્ધધર્મી પ્રચારકો પાસેથી પ્રેરણા મેળવી, પ્રાચીનકાળના ખ્રિસ્તીઓ પણ અર્ણવ માર્ગે ચાલ્યા અને એમણે અનેક દેશોમાં ભગવદ્ભક્ત બ્રહ્મચારી ઈશુનો સંદેશો ફેલાવ્યો.

જેઓ સ્વાર્થવશ સમુદ્રયાત્રા કરે છે, તેમને પણ અર્ણવ સહાય તો આપે છે. પણ વરુણ કહે છે: “સ્વાર્થી લોકોને મારી અટક છે. એમને મારો નિષેધ છે. પણ જેઓ ધર્મપ્રચારને અર્થે નીકળશે, તેમને તો મારા આશીર્વાદ જ છે. પછી એ મહિન્દ અને સંઘમિત્તા હોય કે વિવેકાનંદ હોય. સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર હોય કે એનો ગુરુ ઇગ્નેશિયસ લોયલા હોય.”

હવે અર્ણવોની મદદ લેતા સ્વાર્થી લોકોના હાલ તપાસીએ. મકરાણીઓ બલુચિસ્તાનની દક્ષિણે રહી પશ્ચિમ સાગરનો કિનારો ખેડતા. એટલે હિંદુસ્તાનનો વેપાર તેમના જ હાથમાં હતો; ઝનૂનપૂર્વક તેઓ તે પોતાના જ કબજામાં રાખતા. એટલે એક વરુણપુત્રને થયું કે આપણે બીજો દરિયાઈ રસ્તો શોધી કાઢવો જોઈએ. વરુણે એને કહ્યું કે અમુક મહિનામાં અરબસ્તાનથી તમારું વહાણ તમે ભરદરિયે હંકારો તો સીધા કાલીકટ તરફ આવી પહોંચશો. એક બે મહિના તમે હિંદુસ્તાનમાં વેપાર કરીને પાછા જવા તૈયાર થાઓ એટલામાં હું મારા પવન ઊલટા ચલાવી, તમને આવ્યા એ જ રસ્તે પાછા સ્વદેશ પહોંચાડીશ. આ વાત ઈ. સ. ૫૦ પૂર્વેની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર દૂર પશ્ચિમે પ્રાચીન કાળમાં વાઇકિંગ કરીને ચાંચિયા લોકો રહેતા હતા. વરુણના એ વહાલા હતા. ગ્રીનલંડ, આઇસલંડ, બ્રિટન અને સ્કેન્ડીનેવિયા વચ્ચેના ઠંડા અને તોફાની સમુદ્રને તેઓ ખેડતા. તેમના જ વંશજો તે આજના અંગ્રેજો છે. નોર્વે, બ્રિટન, ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગલ એ દરિયાકિનારે વસતાં રાષ્ટ્રોએ વારાફરતી દરિયો ખેડ્યો. એ બધાને હિંદુસ્તાન આવવું હતું. વચમાં પૂર્વ તરફ મુસલમાની રાજ્યો હતાં. એમને વટાવી અથવા ટાળી હિંદુસ્તાનનો રસ્તો શોધવો હતો. બધાએ વરુણદેવની ઉપાસના શરૂ કરી અને અર્ણવને રસ્તે ચાલ્યા. કોઈ ગયા ઉત્તર ધ્રુવ તરફ, કોઈ ગયા અમેરિકા તરફ. કેટલાકોએ આફ્રિકાની અવળી પ્રદક્ષિણા કરી અને અંતે બધા હિંદુસ્તાન પહોંચ્યા ખરા. સમુદ્ર એટલે લક્ષ્મીનો પિતા. એને જે ખેડે એ લક્ષ્મીનો કૃપાપાત્ર થવાનો જ. એ બધાઓએ નવા નવા દેશ જીત્યા, ધન દોલત ભેગી કરી, પણ વરુણદેવનું ન્યાયાસન તેઓ ભૂલ્યા. વરુણદેવ ન્યાયનો દેવ છે. એની પાસે ધીરજ પણ છે અને પુણ્યપ્રકોપ પણ છે. જ્યારે એણે જોયું કે મેં એમને સમુદ્રનું રાજ્ય આપ્યું, પણ એ લોકોએ રાજાને શોભે એવો ન્યાય-ધર્મ ન પાળ્યો ત્યારે વરુણ રાજાએ પોતાનો આશીર્વાદ પાછો ખેંચી લીધો અને બધાને જળોદરની સજા કરી. હવે એ રાષ્ટ્રો હિંદુસ્તાન અને આફ્રિકા બન્ને ખંડમાંથી જે કાંઈ સંપત્તિ મેળવી હતી તે અંદર અંદર લઢવા માટે વાપરવા લાગ્યાં છે અને પોતાના પ્રાણ સાથે એ બધી સંપત્તિ જળના ઉદરમાં પહોંચાડી દે છે. સમુદ્રયાન હોય કે આકાશયાન હોય, અંતે એણે સમુદ્રના જળના ઉદરમાં પહોંચવાનું જ છે. હવે વરુણરાજા કોપ્યો છે. સાગરની સેવા લેનારાઓમાં જો સાત્ત્વિકતા ન હોય તો તેઓ દુનિયામાં ઉત્પાત મચાવનાર છે એની એને ખાતરી થઈ ગઈ છે. અત્યાર સુધી એણે વિજ્ઞાનશાસ્ત્રીઓને તેમ જ જ્યોતિષશાસ્ત્રીઓને, વિદ્યાર્થીઓને તેમ જ લોકસેવકોને દરિયાની મુસાફરીની પ્રેરણા આપી. હવે એ હિંદુસ્તાનને એક નવી જ પ્રેરણા આપવા માગે છે: હિંદુસ્તાન આગળ એક નવું મિશન ખોલવા માગે છે. આપણે એ સાંભળવા તૈયાર છીએ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશ્ચિમ સમુદ્રને કિનારે આપણે વસીએ છીએ. દિવસ રાત પશ્ચિમ સાગરનું* આમંત્રણ સાંભળીએ છીએ. અત્યાર સુધી આપણે બહેરા હતા. એ સંદેશો આપણે કાને પડતો છતાં અંદર ઊતરતો ન હતો. હવે એ સ્થિતિ રહી નથી. યુરોપની મહાપ્રજાઓએ આપણા પર રાજ્ય જમાવી આપણને મોહિનીમાં નાંખ્યા હતા. હવે એ મોહિની ઊતરી છે. હવે આપણા કાન ખૂલ્યા છે. દુનિયાના નકશા તરફ આપણે નવી આંખે જોવા લાગ્યા છીએ. મહાસાગરો ભૂમિખંડોને તોડતા નથી. પણ જોડે એ આપણે હવે સમજતા થયા છીએ. આફ્રિકાનો આખો પૂર્વ કિનારો અને કલકત્તાથી માંડીને સિંગાપુર આલ્બની (ઑસ્ટ્રેલિયા) સુધીનો પૂર્વ તરફનો પશ્ચિમ કિનારો આપણને આમંત્રણ આપે છે કે "ઈશ્વરે તમને જે જ્ઞાન, ચારિત્ર્ય અને વૈભવ આપ્યો હોય, તેનો લાભ અહીંની કોમોને આપો. એક બાજુ આફ્રિકા છે બીજી બાજુ જાવા છે, બાલી છે, ઑસ્ટ્રેલિયા છે, ટાસ્માનિયા છે અને પ્રશાન્ત મહાસાગરના અસંખ્ય ટાપુઓ છે. એ બધા અર્ણવની વાણીથી આપણને બોલાવે છે. એ બધે ઠેકાણે સાગરના પ્રેર્યા અનેક મિશનરીઓ ગયા હતા, પણ બધે તેઓ પોતાની સાથે શરાબ લઈ ગયા, વંશવંશ વચ્ચેનો ઉચ્ચનીચ ભાવ લઈ ગયા, ઈશુ ખ્રિસ્તને ભૂલી જઈ ફક્ત એમનું બાઇબલ લઈ ગયા. અને એ બાઇબલની ઓથે એમણે પોતપોતાના દેશનો વેપાર ચલાવ્યો. અર્ણવ એમને લઈ ગયો ખરો, પણ વરુણ એમના પર નારાજ થયો છે. આપણે ભારતવાસીઓ પ્રાચીન કાળમાં ચીન તરફ ગયા, યવનોના દેશ ગ્રીસ તરફ ગયા, જાવા અને બાલી તરફ ગયા. આપણે 'सर्वे सन्तु निरामयाः।' વાળી સંસ્કૃતિનો વિસ્તાર કર્યો, પણ આપણે તે તે ઠેકાણે આપણાં સામ્રાજ્યો સ્થાપવાની દુર્બુદ્ધિ ન સેવી. બીજાઓના પ્રમાણમાં આપણા હાથ સાફ છે એટલે વરુણનો આદેશ થયો છે— અર્ણવ આપણને આમંત્રે છે અને કહે છે, "બીજાઓ વિજય-પતાકા

* આપણા આ પાડોશીને આપણે અરબી સમુદ્ર તરીકે ઓળખીએ છીએ એ વિચિત્ર છે! વિલાયતથી આવતા ગોરાઓ એને "અરબી સમુદ્ર" ભલે કહે. આપણો એ મુંબઈ સમુદ્ર છે અથવા પશ્ચિમસાગર છે. એ જ નામ આપણે ચલાવવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈને ચાલ્યા; તમે અહિંસાધર્મની ત્રિરંગી અભય-પતાકા લઈને ઊપડો અને જ્યાં જાઓ ત્યાં સેવાની સુવાસ ફેલાવો. શોષણ માટે નહીં, પણ પછાતોના પોષણ માટે અને શિક્ષણ માટે ચાલો. આફ્રિકાના શાલિગ્રામ વર્ણના તમારા ભાંડુઓ તમને બોલાવે છે. પૂર્વ તરફના કેતકી સુવર્ણ વર્ણના તમારા ભાંડુઓ તમારી રાહ જુએ છે. એ બધાની સેવાએ ઊપડો અને બધાને કહો કે અહિંસા એ જ પરમ ધર્મ છે. ઉચ્ચનીચ ભાવ, અભિમાન, અહંકાર, આવી હીન વૃત્તિઓને આ ધર્મમાં સ્થાન ન હોય. ભોગ અને ઐશ્વર્ય એ બન્ને જીવનના કાટ છે. સંયમ અને સેવા, ત્યાગ અને બલિદાન, એ જ જીવનની કૃતાર્થતા છે. એ ધર્મ જેઓ સમજ્યા હોય, તેઓ બધા ઊપડો! પૂર્વસાગર અને પશ્ચિમ સાગર વચ્ચે દક્ષિણ તરફ ધૂસતો હજાર હજાર માઈલનો કિનારો તૈયાર કરી હિંદુસ્તાનને હિંદી મહાસાગરમાં જે સ્થાન અપાયું છે તે સમુદ્ર-વિમુખ થવાને માટે નથી જ. એ તો અહિંસાના વિશ્વધર્મનો પરિચય આખા વિશ્વને કરાવવા માટે છે.”

યુરોપના મહાયુદ્ધને અંતે દુનિયાનું રૂપ જેમ ફરવાનું હશે તેમ ફરશે, પણ અસંખ્ય ભારતીઓ અર્ણવનું આમંત્રણ સાંભળી વરુણ પાસેથી દીક્ષા લઈ ધીરે ધીરે દેશદેશાંતરમાં ફેલાશે એ વિષે શંકા નથી. હું સાગરના પૃષ્ઠ ઉપર આપણાં વહાણો ડોલતાં જોઉં છું. એમની અભય-પતાકાઓ આકાશમાં ફરતી જોઉં છું અને મારું હૈયું ઊછળે છે. અર્ણવનું આમંત્રણ હવે હું જાતે ઝાઝું સ્વીકારી ન શકું તોયે, યુવાન હૈયાંઓ સુધી એને પહોંચાડી શકું છું એ જ ધન્યતા છે. વરુણરાજાને નમન હજો! જય વરુણ રાજકી જય!!

ઓક્ટોબર, ૧૯૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ

[**નોંધ:** શ્રી કાકાસાહેબનાં પુસ્તકોમાં ટિપ્પણની સૌથી વધુ જરૂર આ 'લોકમાતા'ને હતી. 'હિમાલયનો પ્રવાસ' અને 'ઓતરાતી દીવાલો' એ બે પુસ્તકોનાં ટિપ્પણની પેઠે આ ટિપ્પણમાં પણ મને લેખક તરફથી ઘણી મદદ મળી છે. ઉપરાંત ભાઈ શ્રી ઉમાશંકર જોષીએ 'ઉત્તરરામચરિત'ના પોતાના અનુવાદમાંથી અનેક શ્લોકો વાપરવા દીધા છે તે માટે હું તેમનો ઋણી છું. પૃ. ૩૨ ઉપરના कुलशिखरिणः વાળા શ્લોકની આખી સમજૂતી શ્રી કાકાસાહેબ સંપાદિત 'सद्बोधशतकम्'માંથી લીધેલી છે. ગીતાના શ્લોકોના અનુવાદ સામાન્ય રીતે 'અનાસક્તિયોગ'ને અનુસરીને આપેલા છે. મારા આ ટિપ્પણનો ઉપયોગ આ પુસ્તકની મરાઠી આવૃત્તિના ટિપ્પણ માટે ભાઈ શ્રી સતીશ કાલેલકરે કર્યો છે, અને તેમનાં કેટલાંક ટિપ્પણો મેં આમાં સમાવી લીધાં છે, એટલું અહીં નોંધવું જોઈએ. **નગીનદાસ પારેખ**

તા. ક. 'જીવનલીલા' નામના આ નવા સંસ્કરણમાં ૨૦ લેખો નવા ઉમેરાયા છે એટલે ટિપ્પણમાં પણ ઉમેરો થયો છે. જૂનાં ટિપ્પણમાં જરૂર લાગી ત્યાં ફેરફાર કર્યો છે. **ન૦**]

મુખપૃષ્ઠ ઉપરનો શ્લોક

विश्वस्य मातरः ० આમ આટલી નદીઓ મેં યાદ આવી તે પ્રમાણે ગણાવી. હે રાજન્! આ બધી વિશ્વની માતાઓ છે, અને બધી જ શક્તિશાળી છે અને મહાન ફળ આપનારી છે.

ધૃતરાષ્ટ્રના પ્રશ્નના ઉત્તરમાં સંજય ભારતવર્ષનું વર્ણન કરતાં ભારતની નદીઓની યાદી સંભળાવ્યા પછી ઉપસંહારમાં આ વચનો કહે છે. મહાભારતના ભીષ્મપર્વના નવમા અધ્યાયના ૩૭મા અને ૩૮મા શ્લોકનાં પહેલાં બબ્બે ચરણો લઈને આ શ્લોક બનાવેલો છે.

यथास्मृतिः ० નદીઓ છે તો અનેક પણ મને યાદ આવી તેટલી કહી, એવો ભાવ છે. ૩૭મા શ્લોકનાં છેલ્લાં બે ચરણોમાં એ સ્પષ્ટ છે:

तथा नद्यस्त्वप्रकाशाः शतशोऽथ सहस्रशः ।

તેમ જ જાણીતી નહીં એવી તો સેંકડો અને હજારો નદીઓ છે. [આમાં સંજયની (તેમ જ લેખકની?) પોતાના દેશ માટેની દેશભક્તિ દેખાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. सुजला सुफला માતાઓની વિપુલતા રખે કોઈ ઓછી સમજે તે વિષેની અતિસ્નેહમાંથી જન્મતી પાપશંકા પણ એમાં હશે ખરી?]

जीवनलीला

પૃ. ૩ ગ્રામ્ય: ગામમાં રહેનારાં. એ શબ્દ ઋગ્વેદમાં વપરાયો છે.

પૃ. ૬ डलयोः सावर्ण्यम्: ડ અને ળ એ સરખા વર્ણો છે. हलयोरभेदः । એમ પણ કહેવાય છે.

પૃ. ૭ लिम्पतीव० અંધકાર જાણે અંગોને લેપે છે અને નભ, આકાશ જાણે અંજન કહેતાં કાજળ વર્ષે છે.

પૃ. ૮ દેશ એટલે...પણ છે: સરખાવો નીચેનું અપભ્રંશ પદ્ય:

सरिहिं न सरेंहि न सरवरेंहिं नहि अुज्जाणवणेंहिं ।
देस रवण्णा होन्ति वढ निवसन्तेंहिं सुअणेंहिं ॥

[હે મૂઢ, દેશો રમણીય બને છે તે સરિતા કે સરોથી નહીં, સરોવરો કે ઉદ્યાનવનોથી નહીં, પણ તેમાં વસતા સુજનોથી.]

સરિતા-સંસ્કૃતિ

પૃ. ૧૦ ક્ષેમેન્દ્ર: અગિયારમા સૈકામાં થઈ ગયેલા કાશ્મીરી પંડિત કવિ. એમણે ચાળીશ ઉપરાંત ગ્રંથો રચેલા કહેવાય છે. તેમાં 'भारतमंजरी', 'बृहत्कथामंजरी', 'नृपावलि', 'सुवृत्ततिलक', 'औचित्यविचारचर्चा', 'कविकंठाभरण' વગેરે જાણીતા છે.

પૃ. ૧૧ મીનળદેવી: કર્ણાટકમાં આવેલ ચંદ્રાવતીની રાજકન્યા, કર્ણદેવ સોલંકીને વરેલી, સિદ્ધરાજ જયસિંહની માતા; ધોળકાનું વિખ્યાત 'મલાવ તળાવ' અને વીરમગામનું 'મુનસર' તળાવ બંધાવનાર, અને મૂંડકાવેરો બંધ કરાવનાર, પ્રજાવત્સલ રાણી.

ઉર્વશી: ઉરૂ દેશની તે ઉર્વશી.

नदीमुखेनैव

પૃ. ૧૩ કૂલ-મર્યાદા: કૂલ = કિનારો. કિનારાની મર્યાદા. 'કુલમર્યાદા' શબ્દ ઉપરથી આ શબ્દ યોજ્યો છે.

નામરૂપનો ત્યાગ...જાય છે: સંભારો મુંડકોપનિષદનું વચન—

यथा नद्यः स्यन्दमानाः समुद्रे
अस्तं गच्छन्ति नामरूपे विहाय ।

[જેવી રીતે વહેતી નદીઓ નામરૂપને છોડીને સમુદ્રમાં અસ્ત પામે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપસ્થાન

પૃ. ૧૪ ઉપસ્થાન : વંદના, પૂજા, ઉપાસના. સર૦ સૂર્યનું કે સંધ્યાનું ઉપસ્થાન.

પૂર્વજોની નદીભક્તિ : લેખક સરસ્વતીપુત્ર સારસ્વત છે, એનું અહીં સ્મરણ થયા વગર રહેતું નથી.

ભક્તિના ઉદ્ગાર શ્રવણ કરીને : ભક્તિનું શ્રવણ કરીને, શ્રવણભક્તિ કરીને. ઉદ્ગાર = વચનો. (પ્રેમાદરપૂર્વક સાંભળવું એ પણ ભક્તિનો જ એક પુણ્યપ્રદ પ્રકાર છે.)

સંસ્કૃતિપુષ્ટ : દુનિયાની ઘણીખરી સંસ્કૃતિઓ નદીઓને કાંઠે જ વિકસી છે. જેમ કે, ઇજિપ્તની નાઈલને કાંઠે, ખાલ્ડિયા (ઇરાક)ની યુફ્રેટિસ અને ટૈગ્રિસને કાંઠે, ચીનની યાંગ્સેકયાંગ અને હોઆંગહોને કાંઠે, મધ્ય એશિયાની અમુદરિયા અને સરદરિયાને કાંઠે, હિંદની પંચસિંધુ, ગંગા-યમુના અને કૃષ્ણા-ગોદાવરીને કાંઠે.

ભગવાન સૂર્યનારાયણના પ્રેમ વિષે : તાપી — તપતી સૂર્યની પુત્રી ગણાય છે માટે. એ સંવરણ રાજાને વરી હતી, અને કુરુની માતા હતી. પ્રેમાનંદને નામે ચડેલા 'તપત્યાખ્યાન'માં એની વાત આવે છે.

પૃ. ૧૯ 'ઇતિહાસનો ઉષાકાળ' : સામાન્ય રીતે ઉષઃકાળ શબ્દ વપરાય છે. પણ અહીં જાણી જોઈને 'ઉષાકાળ' શબ્દ બનાવ્યો છે. તેજપુર પાસે બાણાસુર અને ઉષા રહેતાં હતાં એમ સ્થાનિક ઇતિહાસ કહે છે.

ઉષા-અનિરુદ્ધની કથા ભાગવતના દશમા સ્કંધમાં અધ્યાય ૬૨–૬૩માં આવે છે. બલિના પુત્ર બાણાસુરની કન્યા ઉષાને એક વાર સ્વપ્નમાં કોઈ સુંદર તરુણનો સમાગમ થયો. સ્વપ્ન ઊડી જતાં એ તેના વિયોગથી લવારો કરતી હતી તે એની સખી ચિત્રલેખા સાંભળી ગઈ. તેણે પૂછતાં ઉષાએ સ્વપ્નની વાત કહી સંભળાવી અને એ પુરુષને પરણ્યા વગર પોતે જીવી શકશે નહીં એમ જણાવ્યું. ચિત્રલેખાએ એક પછી એક ચિત્રો દોરીને બતાવવા માંડચા. અંતે કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધનું ચિત્ર જોઈ તેણે કહ્યું કે આ જ મેં સ્વપ્નમાં જોયેલો પુરુષ છે.

ચિત્રલેખા યોગબળથી દ્વારકા જઈ ત્યાંથી અનિરુદ્ધને પલંગ સહિત ઉપાડી લાવે છે. ઉષા-અનિરુદ્ધ ગાંધર્વ વિધિથી પરણે છે અને ચાર માસ સાથે ગાળે છે. એવામાં ઉષાના પિતાને ખબર મળે છે કે ઉષાના મંદિરમાં કોઈ પુરુષ વસે છે એટલે તે ક્રોધે ભરાઈ ત્યાં પહોંચી જાય છે અને અનિરુદ્ધ ઉપર ધસી જતાં બંને વચ્ચે યુદ્ધ થાય છે, તેમાં બાણ અનિરુદ્ધને નાગપાશે બાંધીને કેદ કરે છે. અહીં દ્વારકામાં અનિરુદ્ધની શોધાશોધ ચાલતી હતી ત્યાં નારદે આવીને સમાચાર આપ્યા કે તેને તો શોણિતપુર (હાલનું તેજપુર)માં બાણાસુરે કેદમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્યો છે. એટલે યાદવો શોણિતપુર પર ચડી જાય છે અને બાણને હરાવી ઉષા-અનિરુદ્ધને લઈને વાજતે ગાજતે પાછા દ્વારકા આવે છે.

સંભૂય-સમુત્થાનના : ભેગા થઈને ઉન્નતિ સાધવાના. Joint Stockના. સ્મૃતિઓમાં આ શબ્દ મળે છે.

પૃ. ૧૬ સમુદ્ર સુધી જતાં અટકનારી : દક્ષિણ ગુજરાતમાં વલસાડ પાસેની વાંકી પણ પોતાના નામ પ્રમાણે વંકાતી વંકાતી છેક સમુદ્ર પાસે આવી એવી વંકાય છે કે બે ત્રણ માઈલ દૂર ઉત્તરે જઈને ઔરંગાને મળે છે, અને તેની સાથે જ સમુદ્રમાં ભળે છે.

પૃ. ૧૮ ગતિ આપ્યે જ છૂટકો : વાસના પીડિત ભૂતોને માંત્રિકો ગતિ આપે છે તેમ.

૧. સખી માર્કણ્ડી

પૃ. ૩ માર્કંડી : બેલગામથી નવ માઈલ ઉપર આવેલા લેખકના ગામ બેળગુંદીની પાસે થઈને વહેતી ટચૂકડી નદી.

અપાત : ધોધ.

વૈજનાથ : [સં૦ વૈદ્યનાથ] બેલગામ પાસેનો એક ડુંગર. વૈદો કહે છે કે એ ડુંગરમાં કીમતી વનસ્પતિ છે.

તાલુકાનો : કર્ણાટકના બેલગામ તાલુકાનો.

જિજ્ઞાસા : જાણવાની ઇચ્છા. સર૦ પિપાસા.

પૃ. ૪ માર્કંડેય : મૃકુંડ મુનિના પુત્ર, માર્કંડ. એમની કથા આગળ આવે છે.

સાધુ સુંદર : ० સાધુચરિત, સુંદર અને શાણો પુત્ર હશે, તેનું આવરદા સોળ જ વર્ષનું હશે. જે મૂઢ અને કદરૂપો હશે તે સો વર્ષ જીવશે. અને એવો ને એવો જ રહેશે. આ બેમાંથી તારા મનને જે ગમે તે હું તને આપું.

આ પંક્તિઓ એક મધ્યકાલીન કવિના લખેલા માર્કંડેય આખ્યાનમાંથી લીધેલી છે. મરાઠી સ્ત્રીઓમાં ઘણીને એ મોઢે હોય છે.

મૃત્યુંજય : મહાદેવનું નામ. એ અલુક્ સમાસ છે. એમાં વિભક્તિના પ્રત્યયનો લોપ થતો નથી. સર૦ ધનંજય, સમિતિંજય, ગણંજય (dictator).

એની આયુધારા : એને સાત કે ચૌદ કલ્પનું આયુષ્ય મળ્યું હતું એવું કથામાં આવે છે. એ ઉપરથી કોઈને દીર્ઘજીવી થવાનો આશીર્વાદ આપવો હોય ત્યારે 'માર્કંડાયુર્ભવ' એમ કહેવાય છે. અહીં આ નદીરૂપી આયુધારા એવો અર્થ લેવો. એ લેખકની કલ્પના છે.

ભાઈબીજ : કારતક સુદ બીજ. એ દિવસે યમુનાએ પોતાના ભાઈ યમને પોતાને ઘેર બોલાવી પૂજા કરીને જમાડયો હતો તેથી એ દિવસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમદ્વિતીયા પણ કહે છે. એ દિવસે બહેન પોતાના ભાઈની પૂજા કરી જમાડતી વખતે નીચેનો મંત્ર બોલી આચમન કરાવે છે:

भ्रातस् तवानुजाताऽहं भुंक्ष्व भक्तम् अिदं शुभम् ।
प्रीतये यमराजस्य यमुनाया विशेषतः ।।

બહેન મોટી હોય તો भ्रातस्तवाग्रजाताहं એમ બોલે છે.

મૃગનક્ષત્ર : ભાઈબીજ શિયાળામાં આવે છે એટલે એ વખતે મૃગનક્ષત્ર આખી રાત આકાશમાં હોય છે. એવી मृगनीता रात्रयः ।

લાવણ્ય: [સં૦ लवण+य] મીઠાશ, ઝલક, યૌવનની કાંતિ. એનું લક્ષણ :

मुक्ता-फलेषु छायायाः तरलत्वम् अिवान्तरा ।
प्रतिभाति यद् अंगेषु तल्लावण्यम् अिहोच्यते ।।

૨. કૃષ્ણાનાં સંભારણાં

પૃ. ૫ સાતારા : કૃષ્ણાને કાંઠે આવેલા સાતારા નગરમાં લેખકનો જન્મ થયો હતો. શાહુ વગેરે મહારાષ્ટ્રના રાજાઓની એ રાજધાની હતી.

શ્રીશાહુ મહારાજ : શિવાજીના દીકરા સંભાજીનો દીકરો — એનું નામ શિવાજી હતું. ઔરંગઝેબે એનું નામ પાડ્યું શાહુ. નાનપણમાં એને દિલ્હીના દરબારમાં બંદી તરીકે રહેવું પડ્યું હતું. ત્યાંના એશઆરામને લીધે એણે રાજ્યનો ભાર પોતાના પ્રધાનને — પેશવાને સોંપ્યો હતો અને પોતે સાતારામાં રહેતો હતો.

સમાધિ : કબર

અમે બાળકો : લેખક અને તેમના ભાઈ.

'વાસુદેવો' : મોરપીંછની ટોપી પહેરી ભજનો ગાઈ ભીખ માગનાર એક માગણ પંથના માણસો.

પૃ. ૬ નરસોબાની વાડી : કૃષ્ણા નદીને કાંઠે કુરુંદવાડ પાસે આવેલી છે. અહીં દત્તાત્રેયનું તીર્થસ્થાન છે.

અમૃતખેતરો : અમૃત જેવાં મીઠાં ફળ આપનારાં ખેતરો.

સર૦ નાનકશા વિષેની લોક-વાર્તા :

શીખગુરુ નાનકશા સ્વર્ગે ગયા ત્યાં પણ ગમગીન રહેતા. ભગવાને કારણ પૂછતાં કહ્યું કે સ્વર્ગમાં બધું છે પણ મકાઈના ડોડા નથી અને 'સરસૂ'નું શાક નથી માટે એ ખાવા પૃથ્વી પર પાછા જવાનું મન થાય છે. લોકમાનસ જ આવી કથા જોડી કાઢે.

સાંગલી : કૃષ્ણા કાંઠે આવેલું એક દેશી રાજ્ય અને શહેર.

સંસ્થાન : દેશી રાજ્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકશ્રુતિ : વૈવિધ્ય વગરનો. એ શબ્દ વૈદિક છે. વેદમાં ત્રણ પ્રકારના ઉચ્ચારો થતા હતા : ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. એવા ઉદાત્ત, અનુદાત્ત કે સ્વરિતમાંથી એક જ લઈ એમાં ફરક કર્યા વગર એનો એકસરખો ઉચ્ચાર કરવો તેને એકશ્રુતિ ઉચ્ચાર અથવા અવાજ કહે છે. અંગ્રેજી 'મોનોટોનસ'.

પૃ. ૭ જંગમ : ચાલતો.

સ્થાવર : ન ચાલતો, સ્થિર.

શ્રી સમર્થ : રામદાસ. શ્રી શિવાજી મહારાજના ગુરુ. એમણે 'દાસબોધ', 'મનોબોધ' વગેરે ઘણું ધાર્મિક સાહિત્ય લખ્યું છે. બ્રહ્મચારી હતા. અનેક મઠો સ્થાપીને એમણે ધર્મપ્રચાર કરેલો.

ઘોરપડે : સંતાજી, શિવાજીનો એક સેનાપતિ. રાજારામના વખતમાં ધનાજી અને સંતાજી ઘોરપડે એ બે સેનાપતિઓ વચ્ચે ભારે વિરોધ જામ્યો હતો. ઘોરપડે મુરારરાવ, [૧૭૦૪–૧૭૭૭] પણ શાહુનો અગ્રણી સરદાર હતો. પોતાના પરાક્રમથી આખો કર્ણાટક જીતી ગુત્તીમાં રાજધાની સ્થાપી હતી એટલે એ ગુત્તીકર ઘોરપડે પણ કહેવાય છે. ચંદા સાહેબ સાથેના પેશવાના ત્રિચિનાપલ્લી આગળ થયેલા ઘનઘોર યુદ્ધમાં એણે જ પેશવાને વિજય અપાવ્યો હતો. આથી શાહુએ એને કર્ણાટકની સરદેશમુખી અને ત્રિચિનાપલ્લીના કિલ્લાની સૂબેદારી આપી હતી. આખરે એ હૈદરને હાથે કેદ પકડાયો હતો અને તેણે એને ચાંદીની બેડી પહેરાવી કપાલદુર્ગમાં રાખ્યો હતો. ત્યાં જ એનો અંત આવ્યો હતો.

પટવર્ધન : પરશુરામ ભાઉ [૧૭૩૯–૧૭૯૯] સવાઈ માધવરાવ પેશવાના સમયનો મોટો સેનાપતિ. ભારે શૂરવીર અને લડવૈયો હતો. હૈદર સાથેના યુદ્ધમાં એના એક પછી એક ત્રણ ઘોડા મરી ગયા પણ એ ગભરાયો નહીં. ૧૭૮૧ના અરસામાં એણે અંગ્રેજ સેનાપતિ ગોડાર્ડને હરાવ્યો હતો. ૧૭૯૬માં એનું નાના ફડનવીસ સાથે બગડ્યું અને તેણે એને કેદમાં પૂર્યો. ૧૭૯૮માં એનો છુટકારો થયો પણ તરત જ એ પટ્ટણકુડીના યુદ્ધમાં ગયો અને ત્યાં લડતો લડતો મરાયો.

નાના ફડનવીસ : [૧૭૪૨–૧૮૦૦] મરાઠાશાહીના અંતિમકાળનો મહાન ચતુર મુત્સદ્દી.

રામશાસ્ત્રી પ્રભુણે : [૧૭૨૦–૧૭૮૯] પેશવાઈના જમાનાના પ્રખ્યાત ન્યાયશાસ્ત્રી. વીસ વરસની ઉંમર થતાં સુધી એ નિરક્ષર હતા. જે શાહુકારને ત્યાં નોકરી કરતા હતા તેણે મર્મભેદક વચન કહ્યાં એટલે એઓ કાશી ભણવા ચાલ્યા ગયા. અને ભારે વિદ્વાન ધર્મશાસ્ત્રી થયા. ૧૭૫૧માં પેશવાના દરબારમાં સેવા સ્વીકારી અને ૧૭૫૯માં મુખ્ય ન્યાયાધીશ થયા. અત્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિસ્પૃહ હતા. મોટા માધવરાવ એના કહ્યા પ્રમાણે ચાલતા. નારાયણરાવના ખૂન માટે એમણે રાઘોબાને દેહાંત પ્રાયશ્ચિત્ત લેવાનું બેધડક કહ્યું હતું.

દેહૂ : ઇન્દ્રાયણી નદીને કાંઠે આવેલું ગામ. પૂનાથી દૂર નથી. 'સંત તુકારામ'નું ગામ હોઈ પવિત્ર ગણાય છે.

આળંદી : ઇન્દ્રાયણી નદીને કાંઠે આવેલું ગામ. પૂનાથી બહુ દૂર નથી. અહીં શ્રી જ્ઞાનેશ્વરે જીવતાં સમાધિ લીધી. દેહૂ આળંદીની નદી ઇન્દ્રાયણી ભીમા નદીને મળે છે. એ ભીમા પંઢરપુર પાસે વાંકી વળે છે માટે ત્યાં એને ચંદ્રભાગા કહે છે. ત્યાર પછી જ એ મોટી થઈ કૃષ્ણાને મળે છે.

તુંગભદ્રા : તુંગા અને ભદ્રા એ બે નદીઓ મળીને તુંગભદ્રા થાય છે. જુઓ 'મુળામુઠાનો સંગમ'. તુંગભદ્રાને કાંઠે હંપી પાસે, કર્ણાટક સામ્રાજ્યનું પાટનગર વિજયનગર વસેલું હતું.

તેલંગણ : ત્રિલિંગનો પ્રદેશ. 'जेना पेटमां कृष्णानुं अेक बिंदु पण पहोंच्युं छे ते महाराष्ट्रीपणुं भूलवानो नथी.' અને 'कृष्णामां प्रांतीयता छे ज नहीं.' એ બે વિધાનો વચ્ચે વિરોધ છે ખરો? લેખકનું કહેવું છે કે મહારાષ્ટ્રના સદ્ગુણો વિષે મનમાં આદરભાવ રહેવાનો જ, પણ ત્રણે પ્રાંતો વિષે આત્મીયતા જાગવાથી સંકુચિતતા ન જ કેળવાય.

ફૂલ : અસ્થિ.

પૃ. ૮ પહાડનાં અસ્થિ : પથરા.

જીવનલીલા : જીવન એટલે જળ અને જિંદગી બંને અર્થ લેવાના.

અનંત બુવા મરઠેકર : કાકાસાહેબના પ્રિય સુહૃદ, જેમના પવિત્ર સ્મરણને 'હિમાલયનો પ્રવાસ' અર્પણ થયો છે તે. શ્રી સમર્થ રામદાસ સ્વામીએ અને તેમના શિષ્યોએ જે અનેક મઠો સ્થાપેલા છે, તેમાં 'મરઠે મઠ' પણ છે. એ મઠના ગૃહસ્થાશ્રમી મઠપતિઓના વંશમાં એઓ જન્મ્યા હતા. પિતાનો ધંધો પુરાણિક અને હરદાસનો હતો. અનંત બુવા પ્રથમ મરાઠી ટ્રેનિંગ કૉલેજ (અધ્યાપન મંદિર)માં શિક્ષક હતા. પાછળથી કાકાસાહેબ કરતાં પહેલાં ગંગનાથ વિદ્યાલયમાં જોડાયા હતા. એ વિદ્યાલય માટે પૈસા ઉઘરાવવા વડોદરા રાજ્યમાં બધે ફરતા. એમનો માસિક ખર્ચ કોઈ કાળે દસ રૂપિયાથી વધ્યો ન હતો. સંસ્થાના નિયમ પ્રમાણે એમને ખર્ચ ઉપરાંત પાંચ રૂપિયા હાથખરચી માટે લેવા પડતા તે પણ વિદ્યાર્થીઓ માટે ખરચી નાખવામાં અથવા હિસાબમાં ભૂલ આવી હોય તો તેમાં જોડવામાં વાપરતા. રહેણીકરણીમાં એમને ધારાળાગોર શ્રી રવિશંકર મહારાજ સાથે સરખાવી શકાય. એમનું પવિત્ર જીવન જોઈ ઘણા લોકો એમની પાસે કંઠી માગતા, પણ એમણે કોઈને કંઠી આપી નહોતી. તેઓ કહેતા, 'એ મારી યોગ્યતા નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયની લાગણી : આદરભાવ. લેખક પ્રત્યે અસાધારણ આદરભાવ ધરાવતા તેથી.

મુરબ્બી : લેખક કરતાં પહેલાં રાષ્ટ્રીય શિક્ષણના કાર્યમાં પડેલા અને વધારે ત્યાગી હતા તેથી.

ગંગોત્રી : ગંગા જ્યાંથી પ્રત્યક્ષ નીકળે છે તે સ્થાનને તો ગોમુખ કહે છે. તે પછીનું તીર્થ તે ગંગોત્રી.

અમરનાથ : કાશ્મીરના હિમાલયમાં આવેલું ગુફાવાળું તીર્થસ્થાન.

અમર થયા : દેવ થયા, ગુજરી ગયા.

વાઈ : કૃષ્ણા કાંઠે આવેલું પવિત્ર તીર્થસ્થાન. અહીં સંસ્કૃત વિદ્યાની પરંપરા સરસ જળવાઈ રહેલી છે.

ગંગાનું : કૃષ્ણાનું. વાઈના લોકો પ્રેમભક્તિપૂર્વક એ નામ વાપરે છે.

શિરસ્નાન : ચોમાસામાં વાઈનાં કેટલાંક મંદિરો નદીના પાણીમાં કળશ સાથે પૂરાં ડૂબી જાય છે.

પૃ. ૯ સ્વરાજ્ય ઋષિ : સ્વરાજ્યનું ધ્યાન કરનાર, સ્વરાજ્ય માટે તપશ્ચર્યા કરનાર, અને સ્વરાજ્યને મંત્ર આપનાર.

પટ-વર્ધન : પટ = વસ્ત્ર, વર્ધન = વધારનાર, દ્રૌપદીનાં વસ્ત્રો પૂર્યાં હતાં તે ઉપરથી.

રેંટિયાની સંખ્યા ૨૦ લાખની નક્કી થઈ હતી.

બેઝવાડા : આંધ્ર પ્રાંતનું એક મુખ્ય શહેર. એ પણ કૃષ્ણાકાંઠે છે.

શ્રી અબ્બાસ સાહેબ [૧૮૫૪–૧૯૩૬]: નિત્યયુવાન દેશભક્ત શ્રી અબ્બાસ તૈયબજી. ત્રીજી મહાસભાના પ્રમુખ શ્રી બદરુદ્દીન તૈયબજીના ભત્રીજા અને પાછળથી જમાઈ. પૂર્વ જીવનમાં એઓ વડોદરા રાજ્યની વરિષ્ઠ અદાલતના ન્યાયાધીશ હતા. ઉત્તર જીવનમાં ગાંધીજીની અસર નીચે ગુજરાતના જાહેર જીવનમાં એમણે મહત્ત્વને ફાળો આપ્યો હતો. પંજાબના હત્યાકાંડની તપાસમાં, અસહકારના આંદોલનમાં, તિલક સ્વરાજ્ય ફાળો ઉઘરાવવામાં, સરકારી શાળાઓ અને પરદેશી કાપડની દુકાનો ઉપરની ચોકીમાં, ખાદીફેરીમાં, હિંદુ-મુસ્લિમ એકતાના પ્રયત્નોમાં, રેલસંકટ નિવારણમાં, રાનીપરજની વહારે ધાવામાં, બારડોલીની મહેસૂલી લડતમાં, તથા ધરાસણાના અગર ઉપરના હલ્લાની આગેવાની લેવામાં એમની અનેકવિધ દેશસેવાને આપણે પ્રગટ થતી જોઈ છે.

શ્રી પુણતાંબેકર : મુંબઈના રાષ્ટ્રીય મહાવિદ્યાલયના તે વખતના આચાર્ય. પોતે બૅરિસ્ટર. ખાદી ઉપર નિબંધ લખવા માટેનું ઇનામ શ્રી વરદાચારી અને એમની વચ્ચે વહેંચી આપવામાં આવ્યું હતું. પાછળથી બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં ઇતિહાસના મુખ્ય અધ્યાપક અને નાગપુર વિશ્વવિદ્યાલયમાં રાજકારણ વિભાગના મુખ્ય અધ્યાપક થયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગિદ્વાણીજી : ગૂજરાત વિદ્યાપીઠના પહેલા કુલનાયક (વાઈસ ચાન્સેલર) અને ગૂજરાત મહાવિદ્યાલયના પહેલા આચાર્ય શ્રી અસુદમલ ટેકચંદ ગિદ્વાણી. અહીં આવ્યા તે પહેલાં એઓ દિલ્હીની રામજસ કૉલેજના પ્રિન્સિપાલ હતા.

કૃષ્ણાંબિકા : કૃષ્ણામૈયા.

રામશાસ્ત્રી પ્રભુણે વાઈ પાસે કૃષ્ણા કાંઠે રહેલા માટે.

નાના ફડનવીસ વાઈ પાસે મેણવલીમાં રહેલા માટે.

'રાષ્ટ્રીય' હિંદી : શુદ્ધ હિંદી તે પ્રાંતીય હિંદી; અનેક ભાષાની અસરથી બનેલી અને ભાંગીતૂટી હિંદી તે રાષ્ટ્રીય હિંદી!!

જન્મકાળનું : લેખકના જન્મકાળનું.

૩. મુળાસુઠાનો સંગમ

પૃ. ૧૦ અપવાદ વગર૦ : સર૦ Exception proves the rule. proves = કસે છે. अुत्सर्गाः सापवादाः ।

મિસિસિપી–મિસોરી : એની લંબાઈ ૫,૪૩૧ માઈલની છે. એ બે નદી મળે છે ત્યાંનો પટ ૫૦૦૦ ફૂટ પહોળો છે.

દ્વંદ્વ સમાસમાં બંને પદો સમાન કક્ષાનાં હોય છે, તે વાત ઉપર ભાર છે.

સીતાહરણથી માંડીને . . . સુધીનો ઇતિહાસ : રાવણ સીતાને ઉપાડી ગયો ત્યારે સીતાની સાડીનો છેડો હંપી પાસેના એક મોટા ખડક સાથે ઘસાયો હતો તેની રેખાઓ ખડક ઉપર હજી જોવામાં આવે છે! વળી, વિજયનગરના સામ્રાજ્યનો કારભાર પણ તુંગભદ્રાને કિનારેથી જ ચાલતો. ઈ. સ. ૧૩૪૯માં એ સામ્રાજ્ય સ્થપાયું હતું. એનો વિસ્તાર કૃષ્ણાથી કન્યાકુમારી સુધીનો હતો. સવા બસો વર્ષ સુધી મુસલમાનોના હુમલા સામે ટક્કર ઝીલ્યા પછી એ સામ્રાજ્ય ઈ. સ. ૧૫૬૫માં પડ્યું. એનો વિગતવાર ઇતિહાસ 'એ ફરગૉટન એમ્પાયર' નામના અંગ્રેજી તેમ જ 'વિજયનગર સામ્રાજ્યકા ઇતિહાસ' નામના હિંદી પુસ્તકમાં આપેલો છે.

ખડકવાસલા : પૂનાથી સિંહગઢ જવાને રસ્તે આવેલા એ સ્થાને પૂનાનું જલાગાર (વૉટર વર્ક્સ) આવેલું છે. સ્વતંત્ર ભારતના રાષ્ટ્રરક્ષા વિદ્યાલય માટે પણ એની પાસે જ સ્થળ પસંદ કરવામાં આવ્યું છે. જુઓ. પૃ. ૧૨.

મુણ્ડી : સંન્યાસી. માથા પર એકે ઝાડ વગરની, માથું મૂંડ્યું હોય એવી.

ચિંતાજનક : માણસ ચિંતામાં પડે એટલે એની આંખો ઉઘાડમીંચ થાય છે. તારાઓ પણ આખી રાત ઉઘાડમીંચ થાય છે. પાણીના હાલવાથી એ રીતે ઉઘાડમીંચ થતાં પ્રતિબિંબ એવો અર્થ કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાંગ : [ફા.] મસ્જિદમાં નમાઝ પહેલાં નમાઝનો વખત થયો છે માટે નમાઝ પઢવા આવો એમ જણાવવા જે શબ્દો મોટે અવાજે પુકારવામાં આવે છે તે. અરબીમાં એને જ અઝાન કહે છે. અહીં બાંગ શબ્દનો સામાન્ય અર્થ પુકાર જ ઉદ્દિષ્ટ છે.

લકડીપુલ : અમદાવાદના લોખંડી એલિસબ્રિજને પણ લક્કડિયો પુલ કહે છે. કદાચ એ બંને ઠેકાણે પહેલાં લાકડાના પુલ હશે. અથવા પાસે જ લાકડાં વેચવાની લાતીઓ હશે.

પૃ. ૧૧ ઓંકારેશ્વર : અહીં એક સ્મશાન છે. અને બીજું લકડીપુલ આગળ છે.

કૅપ્ટન મૅલેટ : પેશવાઈ ડુબાવવા માટે કાવતરાં કરનાર બ્રિટિશ એલચી.

ભાંડારકર : ડૉ. સર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર પીએચ. ડી. સંસ્કૃત વિદ્યા અને પ્રાચ્ય વિદ્યાસંશોધનના પારંગત. પ્રાર્થના સમાજના નેતા. લેખકનો 'ત્રિખંડ પંડિત ભાંડારકર' નામનો લેખ જોવો.

ગુજરાતના એક લક્ષ્મીપુત્ર : કર્વે વિશ્વવિદ્યાલય સાથે જેમનું નામ જોડવામાં આવેલું છે તે સર વિઠ્ઠલદાસ દામોદરદાસ ઠાકરસી.

ઉત્તુંગ-શિરસ્ક : ઊંચા શિરવાળી, ઊંચી.

નમ્રનામધેય : નમ્ર નામવાળી. મકાન મોટા રાજમહેલ જેવું છે, પણ તેનું નામ 'પર્ણકુટી' રાખેલું છે. એ જ મકાનમાં ગાંધીજીએ બે વાર ઉપવાસ કર્યા હતા.

યરોડાનું કારાગાર : નાના મોટા અસંખ્ય દેશવીરોના અને ખાસ કરીને ગાંધીજીના બંદીવાસને કારણે તથા ત્યાં થયેલા હરિજનોના મતાધિકારને લગતા કરારને કારણે દેશમાં અને દુનિયામાં પ્રસિદ્ધ થયું છે. ગાંધીજી એને યરવડા મંદિર કહેતા.

પ્રાણહરણપટુ : પ્રાણ લેવામાં કુશળ.

ભિક્ષાધીશ : ભિક્ષાના અધિકારી ભિખારી. લક્ષાધીશ સાથે મેળ બેસાડવા આ શબ્દ યોજ્યો છે.

પૃ. ૧૨ નિસર્ગોપચાર ભવન : ૧૯૪૪માં કારાવાસમાંથી છૂટયા પછી ગાંધીજીએ નિસર્ગોપચારનો પ્રચાર કર્યો હતો. અને તે અરસામાં તેમણે કેટલોક સમય આ નિસર્ગોપચાર ભવનમાં પણ ગાળેલો. વળી ઉરુળીકાંચનમાં એક નવું કેન્દ્ર પણ શરૂ કરેલું જે હજી ચાલુ છે.

સિંહગઢનો વાસ : લેખકને ક્ષયનો રોગ લાગુ પડયો હતો ત્યારે તેઓ કેટલોક વખત સિંહગઢ રહેલા તેનો આ ઉલ્લેખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. સાગર-સરિતાનો સંગમ

પૃ. ૧૩ સરૂનું વન : જુઓ 'સ્મરણયાત્રા'નું એ નામનું પ્રકરણ.

જ્યારે કોઈ કાળે . . . સામા થાય છે : ચંદ્રની અસરને લીધે જ્યારે સાગરમાં ઓટ આવે છે ત્યારે પાણી મારગ કરી આપે છે, અને ભરતી આવતાં ઊભરાઈને નદીમાં પેસી જાય છે એટલે સામાં થાય છે, એમ કહ્યું છે.

પૃ. ૧૫ મહાબળેશ્વર : સાતારા પાસે. કૃષ્ણાનો ઊગમ આ સ્થાને છે.

ત્ર્યંબક : નાશિક પાસે. ગોદાવરીનો ઊગમ આ સ્થાને છે.

ઊગમની શોધ૦ સર૦ "ગંગોત્રી, જમનોત્રી, કેદાર, બદરી, અમરનાથ, ખોજરનાથ, માનસ સરોવર, રાકસતાલ, પરશુરામ કુંડ, અમરકંટક, મહાબળેશ્વર, ત્ર્યંબક બધાં તીર્થો નદીનું મૂળ શોધવાની નૈસર્ગિક જિજ્ઞાસાનાં પરિણામ છે એમ હું માનું છું. ઉત્તર ધ્રુવ તરફ રહેતી આર્ય પ્રજા જેમ ઉષ્ણતા આપનાર સૂરજ ક્યાંથી ઊગે છે અને ક્યાં આથમે છે એ શોધવા માટે બહાર નીકળી અને ચારે ખંડો પર પ્રસરી, તેમ હિંદુસ્તાનના સંતાનો પોતાનાં ઢોરને લઈને કે એકલાં નદીનું મૂળ શોધતાં શોધતાં ફરતાં હોય એમાં નવાઈ નથી." — 'હિમાલયનો પ્રવાસ', પ્ર. ૨૧.

અજંટાની ગુફાઓ પાસે પણ એક નાની નદીનો ઊગમ છે.

૫. ગંગા મૈયા

પૃ. ૧૬ દેવવ્રત ભીષ્મ : શંતનુ અને ગંગાના આઠમા પુત્ર દેવવ્રત. પિતા શંતનુ, સત્યવતી નામે ધીવર-રાજકન્યાને પરણી શકે એટલા માટે એમણે આજીવન બ્રહ્મચારી રહેવાની ભીષણ પ્રતિજ્ઞા લીધી અને પાળી; તે ઉપરથી તેઓ ભીષ્મ નામે પ્રસિદ્ધ થયા. એ ઉપરથી જ આપણામાં કોઈ પણ ભારે પ્રતિજ્ઞાને ભીષ્મ પ્રતિજ્ઞા કહે છે. ભીષ્મ = ભીષણ, ભયંકર.

આર્યોનાં મોટાં મોટાં સામ્રાજ્યો : હર્ષનું, મૌર્યોનું વગેરે.

પૃ. ૧૭ કુરુ પાંચાલ : દિલ્હીની આસપાસનો પ્રદેશ તે કુરુ અને ગંગાજમના વચ્ચેનો દોઆબ તે પાંચાલ.

અંગવંગાદિ : ગંગાને જમણે કાંઠે આવેલું પ્રસિદ્ધ રાજ્ય તે અંગ; એની રાજધાની ચંપા હતી. એ નગરી આજના ભાગલપુરને સ્થાને કે તેની નજીકમાં હતી એમ મનાય છે. પૂર્વ બંગાળ તે વંગ. એમાં બંગાળના દરિયાકિનારાનો પણ સમાવેશ થતો હતો. ઉત્તર બંગાળ તે ગૌડ અથવા પુંડ્ર.

ગંગાનું જ્યારે દર્શન . . . યાદ આવે છે : ગંગાને કિનારે ખેતી અને વેપાર જ ખીલ્યાં છે એમ નથી, પણ કાવ્ય, ધર્મ, શૌર્ય અને ભક્તિ — ટૂંકમાં આખી સંસ્કૃતિ ખીલેલી છે.

પંડિત જવાહરલાલ નેહરુએ પોતાના (૧૯૪૬ના) 'ડિસ્કવરી ઑફ ઇન્ડિયા' નામના ગ્રંથમાં હિંદની નદીઓ વિષે લખતાં ગંગા વિષે લખ્યું છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

. . . . and the Ganga, above all *the* river of India, which has held India's heart captive and has drawn uncounted millions to her banks since the dawn of history. The story of the Ganga, from her source to the sea, from old times to new, is the story of India's civilization and culture, of the rise and fall of empires, of great and proud cities, of the adventure of man and the quest of the mind which has so occupied India's thinkers, of the richness and fulfilment of life as well as its denial and renunciation, of ups and downs, and growth and decay, of life and death. પૃ. ૪૩

. . . અને ગંગા તો ખાસ હિંદની નદી. ઇતિહાસના ઉષ:કાળથી માંડીને તે હિંદના હૃદય ઉપર સત્તા જમાવતી અને પોતાને કાંઠે અસંખ્ય માનવીઓને આકર્ષતી આવી છે. ગંગાના મૂળથી માંડીને સાગર સાથેના સંગમ સુધીની તથા પ્રાચીન કાળથી માંડીને અર્વાચીન કાળ સુધીની તેની કથા તે હિંદની સંસ્કૃતિની અને સુધારાની કથા છે — સામ્રાજ્યોનાં ઉત્થાન અને પતનની, વિશાળ અને ગૌરવશાળી માનધન નગરીઓની, માનવીનાં સાહસોની તેમ જ હિંદના ચિંતકોને મશગૂલ રાખનાર તત્ત્વના અન્વેષણની, જીવનની સમૃદ્ધિ અને સફળતાની તેમ જ નિવૃત્તિ અને સંન્યાસની, ચડતીની અને પડતીની, વૃદ્ધિની અને ક્ષયની, જીવનની અને મરણની કથા છે.

ઉત્તરકાશી : ગંગોત્રીમાંથી નીકળ્યા પછી ગંગા જ્યાં પહેલવહેલી ઉત્તરવાહિની બને છે તે સ્થાન. જુઓ 'હિમાલયનો પ્રવાસ', પ્ર. ૩૫.

દેવપ્રયાગ : જ્યાં ભાગીરથી અને અલકનંદાનો સંગમ થાય છે તે સ્થાન. જુઓ 'હિમાલયનો પ્રવાસ', પ્ર. ૨૫.

લક્ષ્મણઝૂલા : હૃષીકેશની પાસે ગંગા નદી ઉપર પહેલાં જ્યાં શીકાંનો પુલ હતો અને આજે જ્યાં લોઢાની દોરડી અને સળિયાનો બનાવેલો ઝૂલતો પુલ છે તે જગ્યા. એ જ સ્થળે લક્ષ્મણનું મંદિર છે, તે ઉપરથી આ નામ પડ્યું છે. જુઓ 'હિમાલયનો પ્રવાસ', પ્ર. ૨૩.

કરાલદંષ્ટ્રા : ભયંકર દાઢ. સર૦ बहूदरं बहुदंष्ट्राकरालम् । ગીતા, ૧૧–૨૪. दंष्ट्राकरालानि च ते मुखानि । ગીતા, ૧૧–૨૫.

ત્રિવેણીસંગમ : ગંગા, યમુના અને (ગુપ્તરૂપે) સરસ્વતીનો સંગમ. પ્રયાગ આગળ એ ત્રણે નદીઓ ભેગી થાય છે એટલે ત્યાં એ યુક્તવેણી કહેવાય છે. બંગાળમાં એકના અનેક પ્રવાહો થઈ જાય છે એટલે ત્યાં મુક્તવેણી કહેવાય છે.

વર્ધમાન : વધતી જતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગા શકુન્તલા જેવી . . .દેખાય છે : જુઓ આગળ પૃ. ૨૦.

શર્મિષ્ઠા અને દેવયાની : દૈત્યરાજ વૃષપર્વાની કન્યા શર્મિષ્ઠાને દૈત્યગુરુ શુક્રાચાર્યની કન્યા દેવયાની જોડે બહેનપણાં હતાં. એક દિવસ બંને જણ જલક્રીડા કરવા ગયાં. દેવયાની પાણીમાંથી પહેલી બહાર આવી અને તેણે ભૂલમાં શર્મિષ્ઠાનાં વસ્ત્રો પહેરી લીધાં. આમાંથી બંને વચ્ચે ઝઘડો થયો અને શર્મિષ્ઠાએ દેવયાનીને એક ઠાલા કૂવામાં હડસેલી મૂકી. થોડી વારમાં, શિકારે નીકળેલો રાજા યયાતિ પાણીની શોધમાં ત્યાં આવી ચડ્યો અને તેણે તેને બહાર કાઢી. દેવયાનીએ ઘેર જઈને બધી વાત પોતાના પિતાને કહી સંભળાવી એટલે તેઓ રોષે ભરાઈ વૃષપર્વાનું રાજ્ય છોડી જવા તૈયાર થયા. ત્યારે રાજાએ શર્મિષ્ઠાને દેવયાનીની દાસી તરીકે રાખવાનું કબૂલ કરી મહા મહેનતે તેમને મનાવીને રાખ્યા. એ પછી દેવયાની રાજા યયાતિને પરણી અને પોતાની દાસી શર્મિષ્ઠાને લઈને સાસરે ગઈ. ત્યાં શર્મિષ્ઠાનાં રૂપગુણથી મુગ્ધ થઈ યયાતિએ તેની સાથે ગુપ્ત લગ્ન કર્યાં. અંતે એનો જ સૌથી નાનો પુત્ર રાજાનો ઉત્તરાધિકારી થયો. તેથી જ અહીં 'મહત્' પ્રયાસથી એકબીજામાં ભળતા પ્રવાહનું સ્મરણ દેવયાનીની વાર્તા સાંભળતી વખતે થાય છે.

પૃ. ૧૮ પ્રયાગ-રાજ : [પ્ર (સારી રીતે) + યજ્ (પૂજા કરવી) + અ (અધિકરણ) = જ્યાં ઉત્તમરૂપે પૂજા થઈ છે એવું સ્થાન.] યાગ = યજ્ઞ. યજ્ઞ કરવાને સારુ પવિત્રતમ સ્થાન, ગંગા, યમુના અને સરસ્વતીનું સંગમસ્થાન, અલાહાબાદ.

સરયૂ : કૈલાસ પર્વત ઉપર આવેલા માનસ સરમાંથી નીકળતી નદી. સર (સરોવર)માંથી નીકળી એટલે સરયૂ કહેવાઈ. અયોધ્યા એના કાંઠા ઉપર આવેલું છે. એને જ ઘોગ્રા કહે છે.

ચંબલ : જુઓ પૃ. ૧૬૧

રંતિદેવ : જુઓ પૃ. ૧૬૧

શોણભદ્ર : જુઓ પૃ. ૧૫૭

ગજગ્રાહ : જુઓ પૃ. ૧૫૮

પાટલિપુત્ર : બિહારમાં આવેલું આજનું પટણા. એને જ કુસુમપુર પણ કહેતા. ચંદ્રગુપ્ત મૌર્ય, અશોક આદિ સમ્રાટોની રાજધાની. ગુરુ ગોવિંદસિંહના જન્મસ્થાનનો ગુરુદ્વારા અહીં જ છે.

મગધ સામ્રાજ્ય : સમુદ્રગુપ્તના સમયમાં એનો વિસ્તાર ઠેઠ સિંધુથી કાવેરી સુધીનો હતો.

'દાક્ષિણ્ય' : સંસ્કૃતમાં દક્ષિણ શબ્દના દક્ષિણ અને વિનયી એમ બંને અર્થ થાય છે. લેખકે અહીં એનો લાભ લઈને બે વસ્તુ સૂચવી છે. અહીંથી એ બંને નદીઓ દક્ષિણ દિશામાં વહેવા માંડે છે એનું વર્ણન એમણે દાક્ષિણ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવ્યું એ રીતે કર્યું છે. એટલે કે એમણે વિનય કેળવ્યો એમ પણ અર્થ થાય અને દક્ષિણ તરફ વલણ લીધું એમ પણ અર્થ થાય. વિનયના અર્થમાં દાક્ષિણ્યનું લક્ષણ આ પ્રમાણે આપેલું છે :

दाक्षिण्यं चेष्टया वाचा परचित्तानुवर्तनम् ।

(કેવળ સદ્ભાવને લીધે, વાણીથી અને વર્તનથી પારકાની વૃત્તિને અનુકૂલ થઈ રીઝવવું તે દાક્ષિણ્ય.)

પા. ૧૯ સગરપુત્રો : સૂર્યવંશી રાજા બાહુ શત્રુઓથી હારીને રાજપાટ છોડીને હિમાલયના જંગલમાં ભાગી ગયો અને ત્યાં જ તેનું અવસાન થયું. એ વખતે તેની એક રાણી યાદવી સગર્ભા હતી. તેની શોકે તેના ગર્ભનો નાશ કરવા તેને ખોરાકમાં ઝેર આપ્યું પણ તેનાથી ગર્ભનાશ થયો નહીં અને તેને પુત્ર જન્મ્યો. એ 'ગર' કહેતાં વિષ સાથે જન્મ્યો તેથી તેનું નામ સગર પડ્યું. સગરે મોટા થઈને પિતાનું રાજ્ય પાછું મેળવ્યું. તેની શૈબ્યા નામની એક રાણીએ અસમંજસ્ નામના એક પુત્રને અને એક પુત્રીને જન્મ આપ્યો અને વૈદર્ભી નામની બીજી રાણીએ એક માંસપિંડને જન્મ આપ્યો, તેમાંથી સાઠ હજાર પુત્રો થયા. સગરે ૯૯ યજ્ઞો કર્યા પછી જ્યારે સોમો યજ્ઞ શરૂ કર્યો અને તેના ઘોડાને છૂટો મૂક્યો ત્યારે ઇન્દ્ર તે ઘોડાને ચોરી જઈને પાતાળમાં કપિલ મુનિના આશ્રમમાં બાંધી આવ્યો. સગરના સાઠ હજાર પુત્રોએ ઘોડાની શોધમાં પૃથ્વી ખોદી નાખી અને તેમાં પાણી ભરાતાં તે સ્થાન સગરના નામ ઉપરથી સાગર નામે ઓળખાવા લાગ્યું. ભારે જહેમતને અંતે તેઓ પાતાળમાં પહોંચ્યા અને ત્યાં કપિલ મુનિના આશ્રમમાં તે ઘોડાને જોઈને તે મુનિને જ ચોર ધારી તેઓએ તેમનું ભારે અપમાન કર્યું. મુનિએ તેઓને શાપથી બાળીને ભસ્મ કરી નાખ્યા. ત્યાર પછી અસમંજસ્નો પુત્ર અંશુમાન મુનિને રીઝવીને ઘોડો લઈ આવ્યો અને એમ યજ્ઞ પૂરો થયો. વળી મુનિએ પ્રસન્ન થઈને તેને પોતાના સાઠ હજાર વડીલોના ઉદ્ધારનો માર્ગ પણ બતાવ્યો કે જો કોઈ સ્વર્ગમાં વહેતી ગંગાને પૃથ્વી પર ઉતારે અને તેના જળનો એઓને સ્પર્શ કરાવે તો એઓનો ઉદ્ધાર થાય. એટલે અંશુમાને પોતાનું બાકીનું આયુષ્ય તપશ્ચર્યામાં ગાળ્યું. એના પુત્ર દિલીપે પણ તે તપશ્ચર્યા ચાલુ રાખી અને અંતે તેના પુત્ર ભગીરથે ભારે તપશ્ચર્યા કરી ગંગાને પૃથ્વી ઉપર ઉતારી અને તેનો પ્રવાહ પોતાના સાઠ હજાર પૂર્વજોની ભસ્મ ઉપર થઈને ચલાવીને તેઓનો ઉદ્ધાર કર્યો. અહીં એનો ઉલ્લેખ છે. ભગીરથે ઉતારી માટે ગંગા ભાગીરથી કહેવાઈ.

[આમ ભગીરથને નહેર બાંધવામાં નિષ્ણાત ગણીને તે ઉપરથી Irrigation માટે લેખકે भगीरथविद्या એ સુંદર પારિભાષિક શબ્દ પ્રચલિત કર્યો છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. યમુના રાણી

પૃ. ૨૦ ભવ્યતાની ભવ્યતા ઓછી કરવી : ભવ્યતાના ગંજ ખડકી अतिपरिचयाद् अवज्ञा એ ન્યાયે તેનું મહત્ત્વ ઓછું કરવું.

ઊર્જસ્વિતા : ભવ્યતા.

ગગનચુંબી અને **ગગનભેદી** વચ્ચેનો ભેદ લક્ષમાં લો.

અસિત ઋષિ : વ્યાસના એક શિષ્ય. જુઓ 'હિમાલયનો પ્રવાસ' પ્ર. ૩૩નો અંત ભાગ. असित = કૃષ્ણ.

દેવાધિદેવ : મહાદેવ. સ્વર્ગમાંથી ઊતરતી ગંગાને મહાદેવે પોતાના માથા ઉપર ઝીલી લીધી હતી.

પૃ. ૨૧ કાવ્યહૃદયી એક ઋષિ : લેખકે એનું નામ પાડયું છે — 'યામુન ઋષિ'. જુઓ 'હિમાલયનો પ્રવાસ', પ્ર. ૩૧.

અંતર્વેદી : જૂના કાળમાં ગંગા જમના વચ્ચેના પ્રદેશને અંતર્વેદી કહેતા. તે ઉપરથી હવે કોઈ પણ બે નદી વચ્ચેના પ્રદેશને અંતર્વેદી (દો–આબ) કહે છે.

શ્રીનગર : કાશ્મીરનું શ્રીનગર નહીં. આ કેદારને રસ્તે આવેલું છે અને સિદ્ધપીઠ કહેવાય છે. અહીં કરેલ સાધના એળે જતી નથી અને શીઘ્રફલદાયી હોય છે. જુઓ 'હિમાલયનો પ્રવાસ', પ્ર. ૨૬. અને 'જીવતા તહેવારો'માં શંકરાચાર્ય વિષેનું પ્રકરણ.

બ્રહ્માવર્ત : કુરુક્ષેત્રની પાસેનો દૃષદ્વતી અને સરસ્વતી નદી વચ્ચેનો પ્રદેશ. હાલ બ્રહ્માવર્તને બિઠૂર કહે છે.

હત્યારા : કારણ, ત્યાં અનેક ભીષણ યુદ્ધો ખેલાયાં છે.

પૃ. ૨૨ સચિવવાણી : સચિવ = મિત્ર અથવા મંત્રી. અહીં બંને અર્થ લઈ શકાય. મિત્રતાભરી સલાહ અને સમાધાનની વાતો — વિષ્ટિ. કૌરવ-પાંડવ વચ્ચે સમાધાન થાય તે માટે શ્રીકૃષ્ણ ભગવાને વિષ્ટિ કરેલી એ હસ્તિનાપુરમાં જ.

રોમહર્ષણ : રૂંવાડાં ઊભાં કરે એવી. સર૦ संवादम् इमम् अश्रौषम् अद्भुतं रोमहर्षणम् । ગીતા, ૧૮–૭૪.

યમરાજની બહેનનું વીરાપણું : યમ અને યમુના અથવા યમી તથા અશ્વિનીકુમારો સૂર્ય અને તેની પત્ની સંજ્ઞાનાં સંતાન ગણાય છે. એક વાર સંજ્ઞાને પોતાના પિતા વિશ્વકર્માને ઘેર જવાનું મન થયું પણ સૂર્યે રજા ન આપી એટલે તે પોતાની માયાના બળથી છાયા નામની સ્ત્રી સરજી તેને સૂર્ય પાસે મૂકીને પિયર ચાલી ગઈ. છાયા સંજ્ઞાને એટલી બધી મળતી આવતી હતી કે સૂર્યને તો ખબરે ન પડી કે આ સંજ્ઞા નથી. છાયાએ જ યમને પણ ઉછેર્યો. પણ પાછળથી તેનામાં સાવકી માનો ભાવ જાગ્યો અને તેણે યમની ઉપેક્ષા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા માંડી. આથી એક દિવસ યમ તેને લાત મારવા તૈયાર થતાં તેણે યમને શાપ આપ્યો તેથી તેના બંને પગે ઘારાં પડયાં અને જતે દહાડે તેમાં કીડા ખદબદવા માંડયા. યમે બધી વાત સૂર્યને કરી. સૂર્યે તેને એક કૂતરો આપ્યો તે તેનાં ઘારાંમાંથી પરુ અને કીડા ચાટી જવા લાગ્યો.

એવું કહેવાય છે કે, દક્ષ પ્રજાપતિની તેર કન્યાઓ સાથે યમે લગ્ન કર્યાં હતાં અને તેમાં તેને શ્રદ્ધાથી સત્ય, મૈત્રીથી પ્રસાદ, દયાથી અભય, શાંતિથી સમ, તુષ્ટિથી હર્ષ, પુષ્ટિથી ગર્વ, ક્રિયાથી યોગ, ઉન્નતિથી દર્પ, બુદ્ધિથી અર્થ, મેધાથી સ્મૃતિ, તિતિક્ષાથી મંગલ, લજ્જાથી વિનય અને મૂર્તિથી નર અને નારાયણ નામે સંતાનો થયાં હતાં.

જીવનાં પાપપુણ્યનો એ ન્યાય કરે છે. તેમાં ચિત્રગુપ્ત નામે મંત્રી દરેકના પાપપુણ્યના ચોપડા રાખી એને મદદ કરે છે. દંડ એનું હથિયાર છે, અને પાડો એનું વાહન છે.

આખી સૃષ્ટિ પર શાસન ચલાવનાર આવા ભાઈની બહેન પણ એવી પ્રતાપી જ હોય એટલે તેના વીરા થવા માટે માણસમાં અસાધારણ યોગ્યતા હોવી જોઈએ. ગમે તે માણસ એ સ્થાન ન લઈ શકે.

પારિજાતના ફૂલ સમી : સુંદર અને સુકોમળ.

તાજબીબી : મુમતાજમહાલ નામ ભારેખમ લાગે એટલે આ નાજુક નામ વાપર્યું છે. આગ્રાના લોકોમાં 'તાજબીબીનો રોજો' તરીકે જ એ ઇમારત પ્રખ્યાત છે.

થીજેલાં આંસુઓ : શુભ્રમૂર્તિ તાજમહાલ. તાજમહાલ ઉપરના લેખમાં લેખકે લખ્યું છે: 'આ રોજો નથી, એક રસિક સમ્રાટનું દુ:ખ અહીં થીજી ગયું છે.' જુઓ 'જીવનનો આનંદ.' રવીન્દ્રનાથે એને કાળના કપોલ (ગાલ) ઉપરનું અશ્રુબિંદુ કહ્યું છે:

એ વાત જાણી'તી તેં તો ભારત-ઈશ્વર શા'જહાન
કાલસ્રોતે વહ્યાં જાય જીવન યૌવન ધન માન.
માત્ર તવ અંતર-વેદના
ચિરંતન રહો બની, સમ્રાટની હતી એ સાધના.
રાજશક્તિ વજ્રશી કઠિન,
સંધ્યારક્તરાગસમ તંદ્રાતલે છોને થતી લીન;
કેવળ એક જ દીર્ઘશ્વાસ,
નિત્ય ઉચ્છ્વસિત થઈ સકરુણ કરો આકાશ,
એ જ તારે મને હતી આશ.
હીરા-મુક્તા-માણિક્યની ઘટા,
જાણે શૂન્ય દિગંતની ઇન્દ્રજાળ, ઇન્દ્રધનુચ્છટા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલે એ સૌ લુપ્ત થઈ જાય
(માત્ર) રહી જાય
એક બિંદુ અશ્રુ કેરું જલ
કાલના કપોલ પરે શુભ્ર સમુજ્જ્વલ
આ તાજમહલ.

'ગીતાંજલિ અને બીજાં કાવ્યો.'

પાણી થીજીને એનું સફેદ બરફ થાય છે અથવા ઘી થીજીને ગોળું થાય છે તેમ સમ્રાટનાં આંસુ થીજીને એમણે ધોળા આરસપહાણનું રૂપ લીધું છે એવું અહીં સૂચન છે.

ચર્મણ્વતી : જુઓ આગળ પ્ર. ૪૦ મું

સિંધુ : માળવામાં થઈને વહેતી એ નામની નાની નદી. એનો ઉલ્લેખ મેઘદૂતના ૨૯મા શ્લોકમાં આવે છે :

वेणीभुत-प्रतनु-सलिला ताम्अतीस्तय सिंधु:
पाण्डु-च्छाया तट-रुह-तरुभ्रंशिभिर् जीर्णपर्णैः ।
सौभाग्यं ते सुभग विरहावस्थया व्यंजयन्ती
कार्श्यं येन त्यजति विधिना स त्वयैवोपपाद्यः ।।

મહા કવિ ભવભૂતિના 'માલતીમાધવ'માં ચોથા અંકના છેવટના ભાગમાં મકરંદ માધવને કહે છે: તો ઊઠ, પારા અને સિંધુ નદીના સંગમમાં સ્નાન કરીને આપણે નગરમાં જ દાખલ થઈએ. तदुत्तिष्ठ पारासिन्धुसंभेदमवगाह्य नगरीमेव प्रविशावः ।

કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર' નાટકના પાંચમા અંકના ૧૪મા અને ૧૫મા શ્લોક વચ્ચે એક પત્ર આવે છે તેમાં આ નદીનો ઉલ્લેખ છે. योऽसौ राजसूययज्ञदीक्षितेन मया राजपुत्रशतपरिवृत्तं वसुमित्रं गोप्तारम् आदिश्य संवत्सरोपावतनीयो निरर्गलस्तुरगो विसृष्टः सः सिन्धोर्दक्षिणरोधसि चरन्नश्वानिकेन यवनामां प्रार्थितः ।

[રાજસૂયયજ્ઞની દીક્ષા લીધેલા મેં સો રાજપુત્રોથી વીંટાયલા વસુમિત્રને રક્ષણ કરવાનો આદેશ આપીને એક વર્ષમાં પાછો લાવવાનું કહીને જે ઘોડો છૂટો મૂકયો હતો તે સિંધુને દક્ષિણ તીરે ફરતો હતો ત્યાં યવનોના અશ્વદળે તેની ઇચ્છા કરી (તેને રોકયો.)]

મોઢામાં સાકર નાખી : કાલ્પીમાં સાકરનાં કારખાનાં આવેલાં છે તેનું સૂચન.

અક્ષયવટ : પ્રયાગ, ભુવનેશ્વર, ગયા વગેરે તીર્થસ્થાનોમાં રોપવામાં આવેલા વડ. એ વડની પૂજા કરવાથી, તેને પાણી પાવાથી અક્ષય્ય પુણ્યની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્તિ થાય છે એવી માન્યતા છે, એટલે એ અક્ષયવટ કહેવાય છે. જુઓ 'હિમાલયનો પ્રવાસ.' પ્ર૦ ૨.

જૂનું અકબરનું૦: અકબરે અહીં કિલ્લો બંધાવેલો છે તેનું સૂચન. જુઓ 'હિ૦ પ્ર૦' પ્ર. ૨.

અશોકનો શિલાસ્તંભ: એના ઉપર અશોકનો ધર્મલેખ કોતરેલો છે. જુઓ 'હિ૦ પ્ર૦' પ્ર. ૨.

પૃ. ૨૩ સરસ્વતી: વાણી. ગુપ્તસ્રોતા સરસ્વતીનું પણ સૂચન ખરું.

કાદંબ: કલહંસ.

ધવલશીલા: શુભ્ર શીલ (ચારિત્ર્ય) વાળી. મેઘશ્યામ સામે તુલામાં મૂકવા આ વિશેષણ યોજ્યું છે.

ઇન્દીવરશ્યામ: ઇન્દીવર એટલે નીલકમળ. તેના જેવી શ્યામ.

ઇન્દીવરશ્યામ અને ગૌર વર્ણના સંગમમાંથી અન્યોન્ય શોભાને લીધે સૌંદર્ય ઉત્પન્ન થાય છે એ સંસ્કૃત કવિઓની જૂની કલ્પના છે: સર૦

इन्दीवर-श्यामतनुर् नृपोऽसौ त्वं रोचना-गौर-शरीर-यष्टिः ।
अन्योन्य-शोभा-परिवृद्धये वां योगस् तडित्तोयदयोर् इवास्तु ॥

रघुवंश-६—६५

સુધાજલા: સુધા એટલે અમૃત. અમૃત જેવાં જળવાળી. વળી અમૃતનો રંગ સફેદ માનેલો છે એટલે સફેદ જળવાળી એવો અર્થ પણ ખરો. ઉપરાંત સુધાનો અર્થ ચૂનો અથવા છો પણ થાય છે અને તે સફેદ હોય છે. એ રીતે પણ સફેદ જળવાળી એવો અર્થ થાય છે. સર૦ સુધાધવલ.

જાહ્નવી: ગંગા. સગરપુત્રોના ઉદ્ધાર માટે ભગીરથ ગંગાને લઈને જતો હતો. ત્યારે માર્ગમાં જહ્નુ નામના એક રાજર્ષિની યજ્ઞ-સામગ્રી તેમાં તણાઈ ગઈ. આથી રોષે ભરાઈ તેઓ પોતાના તપોબળથી ગંગાને પી ગયા. પણ ભગીરથે તેમની ખૂબ સ્તુતિ કરી. ત્યારે તેમણે પોતાના કાનમાંથી (કેટલાકના મત પ્રમાણે જાંઘમાંથી) ગંગાને બહાર કાઢી આપી. આથી ગંગાનું નામ જહ્નુ ઋષિના નામ ઉપરથી જાહ્નવી પડ્યું.

પરિરંભ: આલિંગન.

૭. મૂળ ત્રિવેણી

પૃ. ૨૪ બ્રહ્મકપાલ: એ નામની વિશાળ શિલા. જેના ઉપર બેસીને શ્રાદ્ધ કરવામાં આવે છે. જુઓ, 'હિમાલયનો પ્રવાસ', પ્ર. ૪૨–૩.

હરિના ચરણ: હરિકી પાયરીનું સૂચન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. જીવનતીર્થ હરદ્વાર

પૃ. ૨૫. ત્રિપથગા: ત્રણ માર્ગે જનારી; સ્વર્ગગામિની મંદાકિની, મર્ત્યવાહિની ગંગા અને પાતાલગામિની ભોગવતી.

પૃ. ૨૬ પ્રશમ-કારી: શાંતિકારક. પ્રશમનો અર્થ નિર્વાણ અને વૈરાગ્ય પણ થાય છે.

પૃ. ૨૭ મહોલ્લો: શીખ ગુરુઓનાં ભજનોને અંતે નાનકનું જ નામ આવે છે. એટલે કયું ભજન કયા ગુરુએ રચ્યું છે એ નામ ઉપરથી જાણી શકાતું નથી. ગ્રંથસાહેબનો જ્યારે સંગ્રહ થયો ત્યારે એ બધાં ભજનો ગુરુના ક્રમ પ્રમાણે અલગ પાડવામાં આવ્યાં અને દરેક ગુરુનાં ભજનોનો મહોલ્લો અલગ ગણાયો. એ મહોલ્લા ઉપરથી કયું ભજન કોનું છે તે જાણી શકાય છે.

આસાર્નાદ-વાર: આશાવરી રાગ.

મુક્તિફોજ: સાલ્વેશન આર્મી. એ લશ્કરી ઢબે સંગઠિત થયેલી ખ્રિસ્તી સંસ્થા છે. એના સભ્યો ભગવાં પહેરે છે.

પ્રચારે: પ્રચાર કરે. નામ ઉપરથી લેખકે નવું ક્રિયાપદ બનાવી લીધું છે.

પૃ. ૨૮ દીપદાનનું આને જ મળતું કાવ્યમય વર્ણન લેખકે 'હિમાલયનો પ્રવાસ,' એ પુસ્તકના 'ગંગાદ્વાર' નામે પ્રકરણમાં કરેલું છે, તે જોવું. વળી 'દ્વિરેફની વાતો' ભાગ ૧ લામાં 'જમનાનું પૂર' નામે વાર્તા જોવી.

વાજિનીવતી ઉષા: ઋગ્વેદમાં ઉષાના સૂક્તમાં એને વાજિનીવતી કહેલી છે. ત્યાં એનો અર્થ બળવતી અથવા સમૃદ્ધિશાલી એવો થાય છે.

> अुषस् तत् चित्रतमा भर अस्मभ्यं वाजिनीवती ।
> येन तोकं च तनयं च धामहे ॥

[હે બળવતી અથવા સમૃદ્ધિશાળી ઉષા, તું અમને સુંદર (બળ અથવા સંપત્તિ) આપ, જેના વડે અમે પુત્ર અને પ્રપૌત્રને ધારણ કરીએ.]

મં. ૧, સૂ. ૯૨-૧૩

વાજનો અર્થ બળ, વીર્ય, વેગ એવો થાય છે. તે ઉપરથી વાજિન્ એટલે બળવાન, વીર્યવાન, વેગવાન, અને પછી એ ગુણો ધરાવતો હોઈ યુદ્ધના રથનો ઘોડો એવો અર્થ થાય છે. એનું જ નારી જાતિનું રૂપ તે વાજિની=ઘોડી. તે ઉપરથી વાજિનીવત્ એટલે વેગવતી ઘોડીનો હાંકનાર અથવા માલિક એવો અર્થ થાય. અને એનું નારીજાતિનું રૂપ વાજિનીવતી થાય. એ વિશેષણ જ્યારે સિંધુ કે સરસ્વતીને લગાડવામાં આવે ત્યારે બળવાન, વેગવાન ઘોડાઘોડીઓથી સમૃદ્ધ એવો અર્થ થાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળ, વીર્ય સમૃદ્ધિનું મૂળ છે એટલે સમૃદ્ધિનો અર્થ પણ એમાંઆ વ્યો લાગે છે. અને ધાન્ય એ પણ એક પ્રકારની સમૃદ્ધિ છે એટલે તેનો અર્થ પણ એમાં સમાયો છે. કોઈ વાર વાજિનીવતીનો અર્થ 'અન્નવાળી' એવો પણ થાય છે.

स्वश्वा सिन्धुः सुरथा सुवासा हिरण्ययी सुकृता वाजिनीवती ।
ऊर्णावती युवतिः सीलमावत्युताधि वस्ते सुभगा मधुवृधम् ॥

मं. १० सू. ८२–८

[સારા અશ્વોવાળી સિંધુ, સારા રથોવાળી, સારાં વસ્ત્રોવાળી, હિરણ્યવાળી, સુઘટિત, અન્નવાળી, ઊનવાળી, શણવાળી, યુવતી અને સુભગા વળી મધુવૃધને (મધ વધારનાર છોડને) ધારણ કરે છે.]

કઠોપનિષદમાં वाजश्रवस्નો ઉલ્લેખ આવે છે. ત્યાં वाज=અન્ન. તેના દાન વગેરેને કારણે જેનો श्रवस्=યશ છે એવો.

वाजीकर ઔષધ એટલે શક્તિવર્ધક દવા. वाजीकरण પ્રયોગ એટલે શક્તિ વધારવાનો પ્રયોગ. એ શબ્દો પણ આની સાથે સંકળાયેલા છે.

૯. દક્ષિણગંગા ગોદાવરી

પૃ. ૨૯ ભૂપાળીઓ : પ્રભાતમાં આપણે ત્યાં જેમ પ્રભાતિયાં તેમ મહારાષ્ટ્રમાં ભૂપાળીઓ ગવાય છે.

ઉઠોનિત્યં૦ પ્રભાતમાં ઊઠીને મોઢેથી ચંદ્રમૌલી શિવનું નામ લો. શ્રી બિંદુમાધવ પાસે ગંગામાં સ્નાન કરો, ગોદાવરીમાં સ્નાન કરો. . . કૃષ્ણા, વેણ્યા, તુંગભદ્રા, સરયૂ, કાલિંદી, નર્મદા, ભીમા, ભામા એ બધી નદીઓમાં ગોદાવરી મુખ્ય છે. એ ગંગામાં સ્નાન કરો.

રામચંદ્રના અત્યંત સુખના દિવસો : સીતા અને લક્ષ્મણ સાથેના વનવાસના.

જીવનનો દારુણ આઘાત : સીતાના હરણનો.

પૃ. ૩૦ વાલ્મીકિની એક૦ ક્રૌંચવધ જેવા એક નાનકડા પ્રસંગમાંથી જન્મેલી કરુણાની લાગણીમાંથી જેમ રામાયણ જેવું મહાકાવ્ય જન્મ્યું છે તેમ.

અંતર્ભાવ : સમાસ.

પૃ. ૩૧ સહનવીર, દુઃખમૂર્તિ : એ વિશેષણોની યોગ્યતા લક્ષમાં લો. સરખાવો दुःख-संवेदनायैव रामे चैतन्यनम् आहितम् । —ઉત્તરરામચરિતમાંથી.

કષાય : તૂરાં.

કલ્પાંતિક : કલ્પ = બ્રહ્માનો એક દિવસ = ૧૦૦૦ યુગ = ૪૩૨૦ લાખ માનવી વર્ષો. સૃષ્ટિનું આવરદા એટલું ગણાય છે. સૃષ્ટિના અંત સુધી ટકે એવું તે કલ્પાંતિક [કલ્પ + અંત + ઇક].

સાર્વભૌમ : સર્વ સ્થળે વ્યાપેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનસ્થાન : દંડકારણ્યનો એક ભાગ, જ્યાં ગોદાવરી તીરે રામ રહ્યા હતા. ત્યાં રાક્ષસોનો ઉપદ્રવ ઓછો હતો એટલે માણસો વસી શકતાં હતાં આથી તેનું નામ જનસ્થાન પડયું હતું.

જટાયુ : અરુણનો પુત્ર, સંપાતિનો નાનો ભાઈ, દશરથનો પરમ મિત્ર. રાવણ જ્યારે સીતાને હરી જતો હતો ત્યારે સીતાના મુખના 'રામ રામ' એવા પોકાર સાંભળી એણે તેને છોડાવવા ભારે પ્રયત્ન કર્યો હતો પણ એ મરણતોલ ઘવાઈને પડયો અને રાવણ સીતાને લઈને ચાલ્યો ગયો. જ્યારે રામ સીતાની શોધમાં ફરતા ફરતા ત્યાં આવ્યા ત્યારે જટાયુએ એમને સમાચાર આપ્યા કે સીતાને રાવણ હરી ગયો છે અને પછી પ્રાણ છોડયા.

સીતા માતાની કાતર તનુયષ્ટિ : સરખાવો —

अस्मिन्नेव लतागृहे त्वमभवस्तन्मार्गदत्तेक्षणः
सा हंसैः कृतकौतुका चिरम्अभूद्गोदावरीसीकते ।
आयान्त्या परिदुर्मनायितमिव त्वां वीक्ष्य बद्धस्तया
कातर्याद्अरविन्दकुड्मलनिभो मुग्धः प्रणामाञ्जलिः ।।

દૃષ્ટિ આ જ લતાગૃહે રહી તમે માંડેલી એને પથે,
એ હંસો તણું જોતી કૌતુક રહી ગોદાવરી–રેતમાં;
જોઈને તમને ઊંચે મન થયા જેવા, રચી આવતાં
એણે બીકથી કંપી પદ્મકળીશી મુગ્ધ પ્રણામાંજલિ.

ઉત્તરરામચરિત, ૩–૩૭

હનુમાનને તો૦ કારણ તેઓ આજીવન બાળ-બ્રહ્મચારી હતા.

પૃ. ૩૨ પાડા પાસે વેદ બોલાવનાર : જ્ઞાનેશ્વરના પિતા વિઠ્ઠલપંત મૂળથી જ વૈરાગ્યપરાયણ વૃત્તિના હતા. તરુણ વયમાં તીર્થયાત્રા કરતા કરતા તેઓ એક વાર આળંદી પહોંચ્યા અને ત્યાંના એક બ્રાહ્મણે તેમની યોગ્યતા જોઈ પોતાની પુત્રી તેમને પરણાવી. પણ લગ્નથી તેમની વૈરાગ્યવૃત્તિ દબાઈ નહીં અને 'ગંગાસ્નાન કરવા જાઉં છું' કહીને તેઓ ઘેરથી નીકળ્યા તે કાશી જઈને રામાનંદ સ્વામી પાસે, 'મારે સ્ત્રીપુત્રાદિ જંજાળ નથી' એમ કહીને સંન્યાસ લીધો ત્યારે જંપ્યા. ત્યાર પછી બન્યું એવું કે એ રામાનંદ સ્વામી રામેશ્વરની યાત્રાએ જતાં માર્ગમાં આળંદીમાં ઊતર્યા. ત્યાં વિઠ્ઠલપંતનાં પત્ની, પતિએ સંન્યાસ લીધાની વાત જાણી, વ્રતોપાસનામાં જીવત ગાળતાં હતાં તે આ સંન્યાસીને પગે લાગવા આવ્યાં અને સંન્યાસીએ તેમને पुत्रवती भव। એવો આશીર્વાદ આપ્યો. એ સાંભળીને બાઈ હસી, ત્યારે સન્યાસીએ કારણ પૂછતાં તેણે પોતાની હકીકત કહી સંભળાવી. રામાનંદ સ્વામી આળંદીથી જ પાછા ફર્યા અને તેમણે વિઠ્ઠલપંતને ધમકાવી પાછા સંસારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલી આપ્યા. એ દંપતીને ચાર સંતાન થયાં: નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ, સોપાનદેવ અને મુક્તાબાઈ. પણ સંન્યાસ લીધેલા પુરુષને ફરી સંસારી થવાની શાસ્ત્રમાં અનુજ્ઞા નથી એટલે આ કુટુંબની સમાજમાં ભારે પજવણી થવા માંડી. એમનાં બાળકોને કોઈ જનોઈ દેવા તૈયાર નહોતું. છેવટે વિઠ્ઠલપંત પૈઠણ ગયા અને ત્યાંના બ્રાહ્મણોને પગે લાગીને કહ્યું કે ગમે તે પ્રાયશ્ચિત્ત બતાવો પણ મને શુદ્ધ કરો અને મારાં બાળકોને ઉપવીત સંસ્કાર કરવાની રજા આપો. પણ શાસ્ત્રમાં કશો આધાર મળ્યો નહીં એટલે બ્રાહ્મણોએ કહ્યું કે તમારું પાપ એવું મોટું છે કે તમારે દેહત્યાગ કરવો જોઈએ. અને તમારાં બાળકોને તો ઉપવીત ન જ અપાય. વિઠ્ઠલપંત અને તેમનાં પત્નીએ પ્રયાગ જઈ ગંગામાં જળસમાધિ લીધી !

આ પછી આ ચારે બાળકોએ આળંદીના બ્રાહ્મણો આગળ માગણી કરી કે અમો બ્રાહ્મણનાં બાળ છીએ અને અમને ઉપવીત સંસ્કાર થવો જોઈએ. પણ તેમણે જવાબ આપ્યો કે પૈઠણના બ્રાહ્મણો પાસેથી શુદ્ધિપત્ર લઈ આવો.

આથી આ ચારે બાળકો પૈઠણ ગયાં. ત્યાંના બ્રાહ્મણો પાસે પોતાને સમાજમાં લેવાની માગણી રજૂ કરી, પણ બ્રાહ્મણોએ કહ્યું, "સંન્યાસીનાં બાળકોને ઉપવીતનો અધિકાર કોઈ પણ શાસ્ત્રમાં આપેલો નથી. એને માટે કોઈ પ્રાયશ્ચિત્ત પણ બતાવેલું નથી. એટલે તમારે સર્વત્ર ઈશ્વરભાવ રાખી જિતેન્દ્રિય બનીને રહેવું, લગ્ન કરવાં નહીં અને સદા હરિભજનમાં મગ્ન રહેવું."

નિર્ણય આપવા મળેલી સભા વિખેરાવામાં હતી એવામાં કોઈકે આ ચાર બાળકોને તેમનાં નામના અર્થ પૂછ્યા. નિવૃત્તિનાથે કહ્યું, મારું નામ નિવૃત્તિ છે. હું કદી પ્રવૃત્તિ માર્ગમાં પડતો નથી. જ્ઞાનદેવે કહ્યું, હું જ્ઞાનદેવ સકળ આગમોનો જાણકાર છું. સોપાનદેવે કહ્યું, હું ભક્તોને ઈશ્વરનું ભજન કરાવી વૈકુંઠ મેળવી આપનાર સોપાન કહેતાં સીડી છું. મુક્તાબાઈએ કહ્યું, વિશ્વની લીલા બતાવવા પ્રગટેલી ઈશ્વરની લીલારૂપી હું મુક્તિ છું.

આ સાંભળીને પેલાએ કહ્યું, "નામ તો ગમે તેવાં પાડે છે. પખાલ વહી જનારા પેલા પાડાનું નામ પણ જ્ઞાનદેવ છે."

તરત જ જ્ઞાનેશ્વર બોલી ઊઠ્યા, "ખરી વાત. એ પાડામાં ને મારામાં કશો ભેદ નથી, એનામાં પણ મારો જ આત્મા રહેલો છે."

અને બન્યું એવું કે કોઈકે તે પાડાને ત્રણ સપાટા લગાવ્યા અને તે જ ક્ષણે જ્ઞાનેશ્વરની પીઠ ઉપર સોળ ઊઠ્યા !

ચારે બાળકો બ્રાહ્મણોને નમસ્કાર કરી પોતાને ગામ જવા માટે ગોદાવરી તીરે જઈને બેઠાં હતાં. ત્યાં કેટલાક જુવાનિયાઓ ભેગા થયા હતા. તેમણે મશ્કરી કરવા માટે કહ્યું કે, તમારે જો શુદ્ધિપત્ર જોઈતું હોય તો આ પાડાને મોઢે વેદ બોલાવો. તરત જ જ્ઞાનેશ્વર જઈને તે પાડા પાસે ઊભા અને પોતાનો હાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના માથા ઉપર મૂકી પેલા બ્રાહ્મણોને ઉદ્દેશીને બોલ્યા, "તમે તો ભૂદેવ છો. તમારું વચન નિષ્ફળ જાય જ નહીં. જુઓ આ પાડો વેદ બોલે છે." અને સાચે જ પાડો તડતડ વેદની ઋચાઓ બોલવા લાગ્યો.

દશગ્રંથી : ઋક્, યજુર્, સામ અને અથર્વ એ ચાર વેદો અને શિક્ષા (સ્વરોચ્ચાર સંબંધી), છંદ, વ્યાકરણ, નિરુક્ત (વ્યુત્પત્તિ અને અર્થ સંબંધી), જ્યોતિષ અને કલ્પ (સૂત્રો) એ છ વેદાંગ, એમ દશ ગ્રંથોને જાણનાર.

વ્યવસ્થાપત્રો : નિર્ણયપત્રો, ચુકાદા.

શંકરાચાર્યની થયેલી પજવણી : શંકરાચાર્યનાં માતા તેમને સંન્યાસ લેવાની રજા આપતાં નહોતાં. એક વાર શંકરાચાર્ય નાહવા પડ્યા, ત્યાં મગરે તેમનો પગ પકડ્યો. તેમણે માતાને બૂમ પાડીને કહ્યું કે તમે મને હવે સંન્યાસ લેવાની રજા આપો. માતાએ સંન્યાસ લેવાની રજા આપી એટલામાં શંકરાચાર્ય મગરના જડબામાંથી છૂટ્યા. તે પૂરેપૂરા માતૃભક્ત હતા. પણ સંન્યાસધર્મ પ્રમાણે તેઓ માતા પાસે રહી શકે એમ નહોતું. આથી માતાને છોડીને જતી વખતે તેમણે 'સંકટમાં હોય ને મને બોલાવીશ તો હું દોડતો આવીશ' એવું માતાને વચન આપીને તેની રજા લીધી. ઘણા દિવસ પછી માતા માંદી પડી અને પુત્રને મળવામાં તેનો જીવ ભરાયો. વચન આપ્યા પ્રમાણે શંકરાચાર્ય આવ્યા, અને માતાનું અવસાન થયું ત્યાં સુધી તેમણે તેની સેવા કરી. માતાએ સુખે પ્રાણ છોડ્યા.

પણ હવે જ ખરી પંચાત ઊભી થઈ. શબને સ્મશાને લઈ જવાને ગામના બ્રાહ્મણો તૈયાર નહોતા, અને પોતાના સ્મશાનમાં એ શબને બાળવાની પરવાનગી પણ આપતા નહોતા. લાકડાં પણ કોઈ આપે નહીં. સંન્યાસ લીધા પછી જે માણસ પોતાની પૂર્વાશ્રમની માતાને મળવા આવે તેનું એ કાર્ય શાસ્ત્રવિરુદ્ધ ગણાય, તેનો બહિષ્કાર જ કરવો જોઈએ, એવું બ્રાહ્મણોએ નક્કી કર્યું. ત્યારે શંકરાચાર્યે પોતાની માતાના દેહના ચાર ટુકડા કર્યા, કેળનાં થડ કાપી આણ્યાં, અને તેના ઉપર તે ટુકડા મૂકી પોતાની માતાના ઘરના આંગણામાં જ તેમણે યોગાગ્નિ પેટવ્યો અને એ રીતે પોતાના તપસ્તેજથી તેની સદ્ગતિ કરી.

શંકરાચાર્યનું ગામ જે રાજાના રાજ્યમાં હતું તે રાજા તેમનો શિષ્ય હતો. પોતાના પૂજ્ય ગુરુ ઉપર ગુજરેલા આ જુલમની ખબર તેને મળતાં જ તેણે પોતાના રાજ્યમાંના નાંબુદ્રી બ્રાહ્મણોને એવી સજા ફટકારી કે, તેમણે પોતાના ઘરનાં માણસોનાં શબ સ્મશાનમાં ન લઈ જતાં પોતાના ઘરના આંગણામાં ચાર ટુકડા કરીને બાળવાં; અને આ સજાનો તેણે કડકપણે અમલ કરવાનું ઠરાવ્યું. બ્રાહ્મણો થથરી ગયા. તેમણે રાજાની માફી માગી. ત્યારે તેણે શબના ટુકડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાને બદલે શબ ઉપર ચાર લીટા કરવા એવી આજ્ઞા આપી અને શબને સ્મશાનમાં લઈ જવાની પરવાનગી આપી.

અષ્ટવક્રા : આઠે અંગે વાંકી — ખૂબ વાંકવાળી.

પૃ. ૩૩ જીવનવિતરણ : જીવન = પાણી, વિતરણ = વહેંચવું તે. અહીંથી એણે પાણી વહેંચવા માંડ્યું.

યાનાન : 'ઉત્તર સરકાર'ને દરિયાકાંઠે ગોદાવરીના મુખ આગળ આવેલું ફ્રેંચ સંસ્થાન. ફ્રેંચ કંપનીએ ૧૭૫૦માં એનો કબજો લીધો હતો અને એ વર્ષ પછી ફ્રેંચ સરકારને સોંપી દીધું હતું. હવે એ સ્વતંત્ર ભારતમાં ભળી ગયું છે.

પૃ. ૩૪ ચંચળ કમળો વચ્ચે : કમળોને ગતિમાન કરી દૃશ્યની શોભા વધારવા માટે.

ભવભૂતિનું સ્મરણ : ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'માં ગોદાવરીનાં વિવિધ સૌંદર્યનું વર્ણન કરેલું છે માટે. અહીં કેટલાક શ્લોકો ઉતાર્યા છે :

अेतानि तानि गिरि-निर्झरिणी-तटेषु
वैखानसाश्रित-तरूणि तपोवनानि ।
येष्वातिथेयपरमा शमिनो भजन्ते
नीवार-मुष्टि-पचना गृहिणो गृहाणि ।।

આ તે જ તીર ગિરિનિર્ઝરિણીતણા, જ્યાં
વૃક્ષો તળે મુનિનિવાસ તપોવનોમાં;
આતિથ્યસેવી જહીં મૂઠી પકાવી સામો,
સેવી રહ્યા શમભર્યા ગૃહને ગૃહસ્થો.

ઉ૦ રા૦ ૧–૨૫

स्निग्ध-श्यामाः क्वचिद् अपरतो भीषणा भोग-रूक्षाः
स्थाने स्थाने मुखर-ककुभो झांकृतैर्निर्झराणाम् ।
अेते तीर्थाश्रम-गिरि-सरिद्-गर्त-कान्तार-मिश्राः
संदृश्यन्ते परिचित-भुवो दण्डकारण्य-भागाः ।।

સ્નિગ્ધ શ્યામ ક્વચિત, પટ બિહામણા રુક્ષ ક્યાંક,
સ્થાને સ્થાને દિશ મુખર ઝંકારથી નિર્ઝરોના,
પેલા તીર્થાશ્રમ–ગિરિ–નદી–ખીણ–કાંતાર–વાળા
આ દેખાતા પરિચિત અહો દંડકારણ્ય ભાગો.

ઉ૦ રા૦ ૨–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अिह समदशकुन्ताक्रान्तवानीरमुक्त-
प्रसवसुरभिशीतस्वच्छतोया वहन्ति ।
फलभरपरिणामश्यामजम्बूनिकुञ्ज-
स्खलनमुखरभूरिस्रोतसो निर्झरिण्यः ।।
અહીં મદિલ વિહંગોથી નમી નેતરોનાં
ફૂલથી સુરભિવંતી, શીત ને સ્વચ્છ વહેતી,
પરિણત ફળઝૂકી શ્યામ જાંબુની કુંજે
સ્ખલતી મુખર મોટા સ્રોતથી નિર્ઝરીઓ.

ઉ૦ રા૦ ૨–૨૦

अेते त अेव गिरयो विरुवन्मयूरास्-
तान्येव मत्तहरिणानि वनस्थलानि ।
आमञ्जुवञ्जुलरुतानि च तान्यमूनि
नीरन्ध्रनीपनिचुलानि सरित्तटानि ।।
તે એ જ સૌ ગિરિવરો, જહીં મોર ટહુકે,
આ એ જ મત્ત હરિણોની વનસ્થલીઓ.
જ્યાં મંજુ વંજુલ લતા, સરિતાતટો એ
ગાઢાં કદમ્બનિચુલદ્રુમથી લચેલા.

ઉ૦ રા૦ ૨–૨૩

मेघमालेव यश्चायमारादिव विभाव्यते ।
गिरिः प्रस्रवणः सोऽयं यत्र गोदावरी नदी ।।
આ પેલો મેઘમાલા શો ભાસે જાણે સમીપમાં,
ગિરિ એ તો પ્રસ્રવણ, ને આ ગોદાવરી નદી.

ઉ૦ રા૦ ૨–૨૪

अस्यैवासीन्महति शिखरे गृध्रराजस्य वासस्
तस्याधस्ताद्वयमपि रतास्तेषु पर्णोटजेषु ।
गोदावर्याः पयसि विततश्यामलानोकहश्रीर्
अन्तः कूजन्मुखरशकुनो यत्र रम्यो वनान्तः ।।
એને ઊંચે શિખર વસતા વાસ ત્યાં ગૃધ્રરાજ,
નીચે પર્ણો તણી કુટિરમાં ત્યાં અમેયે રમેલાં,
ઝૂકી જેનાં તરુની જળગોદાવરી માંહી શોભા,
કિલ્લોલે જ્યાં ભીતર વિહગો રમ્ય એવો વનાન્ત.

ઉ૦ રા૦ ૨–૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुञ्जत्कुञ्जकुटीरकौशिकघटाघुत्कारवत्कीचक-
स्तम्बाडम्बरमूकमौकुलिकुलः क्रौंचावतोऽयं गिरिः ।
अेतस्मिन्प्रचलाकिनां प्रचलतामुद्वेजिताः कूजितैर्
अुद्वेल्लन्ति पुराणरोहिणतरुस्कन्धेषु कुम्भीनसाः ॥

ઝૂંડો ગુંજત વાંસના ઘુવડના માળાથી ઘૂઘૂ થતાં
હેતાં જ્યાં કરી મૂક કાકકુલને, આ તે જ ક્રૌંચાવત
અદ્રિ; જ્યાં ઘૂમતા મયૂરગણની કેકાથી ઉદ્વિગ્ન થૈ
સર્પો જીર્ણ થડોથી ચંદનતણા શ્રૃંજંત ઝૂલી રહ્યા.

ઉ० રા० ૨–૨૯

अेते ते कुहरेषु गद्गदनदद्गोदावरीवारयो
मेघालम्बितमौलिनीलशिखराः क्षोणीभृतो दाक्षिणाः ।
अन्योन्यप्रतिघातसंकुलचलत्कल्लोलकोलाहलैर्
अुत्तालास्त अिमे गभीरपयसः पुण्याः सरित्संगमाः ।

પેલા તે કુહરો ગજાવી વહતી ગોદાવરીથી સુહ્યા,
આલંબે ઘન નીલ શૃંગશિરને એવા, નગો દક્ષિણ;
અન્યોન્યે અથડાઈ સંકુલ વહે કલ્લોલ-કોલાહલે,
વેગીલા વળી પુણ્ય વારિગહરા તે આ સરિત્સંગમો.

ઉ० રા० ૨–૩૦

यत्र द्रुमा अपि मृगा अपि बन्धवो मे
यानि प्रियासहचरश्चिरमध्यवात्सम् ।
अेतानि तानि बहुकन्दरनिर्झराणि
गोदावरीपरिसरस्य गिरेस्तटानि ॥

જ્યાં તે દ્રુમો વળી મૃગો પણ બંધુ મારાં,
ને જ્યાં વસ્યો ચિર પ્રિયાસહચારમાં હું,
જ્યાં ગર્જતા કંઈક કંદરનિર્ઝરો, તે
ગોદાવરી નિકટ આ તટ પર્વતોના.

ઉ० રા० ૩–૮

વૈદિક પ્રભાત : વેદકાળમાં આર્યો જ્યાં વસતા હતા ત્યાં પ્રભાત ધુમ્મસઘેરું થતું હતું માટે આમ લખ્યું છે. વેદકાળમાં જ ધર્મજ્ઞાનનો ઉષ:કાળ ઉદયકાળ હતો તે માટે પણ.

અવતરેલાં : [अव (નીચે) + तृ (જવું).] નીચે ઊતરેલાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૩૫ કવિની પ્રતિભાની પેઠે : સર૦ પ્રતિભાની વ્યાખ્યા — प्रज्ञा नवनवोन्मेषशालिनी प्रतिभा मता = નવાં નવાં સ્ફુરણવાળી પ્રજ્ઞા (બુદ્ધિ) તે પ્રતિભા.

ચરિત્ર : [चर् (ચાલવું) + अित्र (સાધન) = ચાલવાનું સાધન = પગ] ચાલ, આચરણ. (પગલાંની છાપ — ચરિત્ર — ની પાછળ પાછળ જનારને એ પગલાં બગલો કઈ દિશામાં ગયો છે એનું સૂચન કરે છે. બીજા અર્થમાં લુચ્ચાઈથી ભરેલું આચરણ કરનાર બગભગતને બગલો દિશાસૂચન કરે છે.)

૧૦. વેદોની ધાત્રી તુંગભદ્રા

પૃ. ૩૭ द्वन्द्वः सामासिकस्य च : સમાસોમાં હું દ્વન્દ્વ છું. ગીતા ૧૦–૩૩. આ સમાસમાં બંને પદોનું મહત્ત્વ સરખું જ છે, એ વસ્તુ ઉપર ભાર મૂક્યો છે.

૧૧. નેલ્લૂરની પિનાકિની

પૃ. ૩૮ નેલ્લૂર : [नेल्ल = ડાંગર + अूर = ગામ] ડાંગરનું ગામ. મદ્રાસની ઉત્તરે આવેલું છે.

૧૨. જોગનો ધોધ

પૃ. ૪૦ હોન્નાવર : ઉત્તર કાનડા જિલ્લાનું પશ્ચિમ સમુદ્ર કિનારે આવેલું તાલુકા શહેર.

પૃ. ૪૨ કારકળ : મંગળૂર અને ઉડપી વચ્ચે આવેલું દક્ષિણ કાનડાનું એક શહેર. અહીં હેદરે પુરસ્કારેલું હનુમાનનું મંદિર છે. પાસે જ ટેકરી ઉપર બાહુબલીની એક ભવ્ય મૂર્તિ ખડી છે.

मनसा० મનથી ધારીએ છીએ કંઈ અને દેવ કરે છે કંઈ.

ચિર સંચિત૦ સરખાવો :

બહુદિન વંચિત અંતરે સંચિત કિ આશા. — રવીન્દ્રનાથ.

ગુજરાતમાં રેલસંકટ : ૧૯૨૭માં આવેલું. જુઓ આગળ પૃ. ૬૮ની નોંધમાં.

શ્રી ગંગાધરરાવ દેશપાંડે : કર્ણાટકના આગેવાન.

પૃ. ૪૨ स्थितधीः० સ્થિતપ્રજ્ઞ કેમ બોલે, કેમ બેસે, કેમ ચાલે?

ગીતા, ૨–૫૪

कुलशिखरिणः० આખો શ્લોક આ પ્રમાણે છે :

विरम विरसायासाद् अस्माद् दुरध्यवसायतो
विपदि महतां धैर्य-ध्वंसं यद्‌ओक्षितुम्-ओहसे ।
अयि जडमते ! कल्पापाये व्यपेत-निजक्रमा
कुल-शिखरिणः क्षुद्रा नैते न वा जल-राशयः ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પોતાની મર્યાદા ન છોડનાર સાગર અને પોતાને સ્થાને સ્થિર રહેનાર કુલપર્વતો બંને પ્રલયકાળ આવે ત્યારે ચળે જ છે. પણ મહાત્માઓ આવી ક્ષુદ્રતા બતાવતા નથી. તેઓ તો જેમ સંકટ વધારે તેમ વધારે જ અડગ થવાના એમ સમજાવતાં કવિ કહે છે —

હે જડમતે, વિપદ્‌કાળે મહાત્માઓનો ધૈર્યનાશ થયેલો જોવા તું ઇચ્છતો હોય તો એ ખોટો પ્રયાસ છોડી દે. આ મહાત્માઓ કંઈ તમારા ક્ષુદ્ર કુલ-પર્વતો નથી તેમ પામર સાગર પણ નથી કે જેઓ પ્રલયકાળ આવતાં પોતાનો સ્વધર્મકર્મનો નિયમ પણ ઉલટાવી દે છે.]

પૃથ્વી પર ગમે તેટલો ઉત્પાત થાય તોપણ પૃથ્વીની સમતુલા સાચવી રાખનારા કુલપર્વતો ખસતા નથી. એટલે કોઈના ધૈર્યને ઉપમા આપવાની હોય ત્યારે કહે છે કે એનું ધૈર્ય તો કુલપર્વત જેવું છે.

એ જ પ્રમાણે નદીઓમાં ગમે તેટલાં પૂર આવે તોપણ એનાં પાણીથી સમુદ્ર અથવા મહાસાગર ઊભરાઈ જતા નથી. મહાસાગરો પોતાની મર્યાદા છોડતા નથી માટે મહાસાગરો પણ કવિઓની સૃષ્ટિમાં ધૈર્ય માટે અને મર્યાદા માટે આદર્શ ઉપમાન થયા છે.

પ્રસ્તુત શ્લોકમાં મહાત્માઓની અચળ સ્થિરતાનું વર્ણન કરતાં કવિ કહે છે કે એમની આગળ કુલપર્વતો પણ ક્ષુદ્ર ગણાય. અને જલરાશિ મહાસાગર પણ તુચ્છ ગણાય, કેમ કે હજારો અને લાખો વર્ષ સુધી પોતાની મર્યાદા ન છોડનારી આ બે વિભૂતિઓ પ્રલયકાળ આવે ત્યારે સ્વધર્મ કર્મ તજી દે છે. મહાત્માઓનું એવું નથી.

આદર્શ ઉપમાનને તુચ્છ ગણી ઉપમેય વસ્તુ ઉપમાન કરતાં પણ શ્રેષ્ઠ છે એમ બતાવવાની પદ્ધતિને સંસ્કૃતમાં પ્રતીપ અલંકાર કહે છે. આમાં અતિશયોક્તિ તો હોય જ છે.

પૃ. ૪૩ અજગર : अज = બકરું, તેને ગળી જાય તે અજગર.

પ્રતીપ : [प्रति = विरुद्ध + अप् = પાણી] વહેણની વિરુદ્ધ, ઊલટી.

પૃ. ૪૪ વિષણ્ણ : વિષાદમય.

પૃ. ૪૫ જોગ પોતાના . . . . જોગ આપે છે : શ્લેષ છે. બીજા જોગનો અર્થ થાય છે સાથ.

તમાશો : ફજેતી એવો અર્થ કરવો.

नमः पुरस्तात्० હે સર્વ ! તમને આગળ, પાછળ, બધી બાજુએ નમસ્કાર. તમારું વીર્ય અનંત છે, તમારી શક્તિ અપાર છે, બધું તમે જ ધારણ કરો છો તેથી તમે સર્વ છો. ગીતા, ૧૧–૪૦.

सुदुर्दर्शमिदं० જે મારું રૂપ તેં જોયું તેનાં દર્શન બહુ દુર્લભ છે. દેવો પણ તે રૂપ નિહાળવા ઝંખે છે. ગીતા, ૧૧–૫૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૪૬ તે સ્વપ્ન હતું૦ સરખાવો.

स्वप्नो नु माया नु मतिभ्रमो नु ? – શાકુન્તલ, ૬–૧૦

વ્યપેતભીઃ૦ બીક છોડી શાંત ચિત્ત થા, અને આ મારું પરિચિત રૂપ ફરી જો. — ગીતા, ૧૧–૪૯.

પૃ. ૪૭ મણિબહેન : સરદાર પટેલનાં પુત્રી.

લક્ષ્મી : શ્રી રાજગોપાલાચાર્યનાં પુત્રી, દેવદાસ ગાંધીનાં પત્ની. અણ્ણા તે રાજાજી.

पत्रं नव : જો કેરડાના વૃક્ષને પાંદડાં હોય જ નહીં તો તેમાં વસંતનો શો દોષ ? જો ઘુવડ દિવસે જુએ જ નહીં તો તેમાં સૂર્યનો શો દોષ ?

ભર્તૃહરિના આ શ્લોકનાં બાકીનાં બે ચરણો આ પ્રમાણે છે :

धारा नैव पतन्ति चातकमुखे मेघस्य किं दूषणम् ।

यत् पूर्वं विधिना ललाट-लिखितं तन्मार्जितुं कः क्षमः ।।

(ચાતકના મોંમાં જો ધારા પડતી જ ન હોય તો તેમાં મેઘનો શો દોષ ? વિધિએ જે લલાટમાં લખી મૂક્યું છે તેને ભૂંસી નાખવાને કોણ સમર્થ છે ?)

પૃ. ૪૮ 'ઉચ્છિષ્ટ' : [उत् + शिष्ट ખાસ વધેલું] એંઠા નહીં, પણ એકતે પાક લઈ લીધા પછી વધેલા.

કવિવર રવીન્દ્રનાથ અથર્વવેદના એક મંત્રને આધારે સર્વ કલાઓ અને મનુષ્યની સર્વ ઉચ્ચતર પ્રવૃત્તિઓનું મૂળ 'ઉચ્છિષ્ટ'ને ગણાવે છે. તેમનાં વચનો નીચે ઉતાર્યાં છે.

ऋतं सत्यं तपो राष्ट्रं श्रमो धर्मश्च कर्म च ।

भूतं भविष्यत् उच्छिष्टे वीर्यं लक्ष्मीबलं बले ।।

"Righteousness, truth, great endeavours, empire, religion, enterprize, heroism and prosperity, the past and the future dwell in the surpassing strength of the surplus."

The meaning of it is that man expresses himself through his super-abundance which largely overleaps his absolute need.

The renowned vedic commentator, Sayanacharya says :—

"The food offering which is left over after the completion of sacrificial rites is praised because it is symbolical of Brahma, the original source of the universal."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

According to this explanation, Brahma is boundless in his superfluity which inevitably finds expression in the eternal world process. Here we have the doctrine of the origin of the arts. Of all living creatures in the world man has his vital and mental energy vastly in excess of his need which urges him to work in various lines of creation for its own sake. Like Brahma himself, he takes joy in productions that are unnecessary to him, and therefore representing his extravagance and not his hand-to-mouth penury. The voice that is just enough can speak and cry to the extent needed for everyday use, but that which is abundant sings, and in it we find our joy. Art reveals man's wealth of life, which seeks its freedom in forms of perfection which are end in themselves.

ભાવાર્થ :

'ઋત, સત્ય, તપ, રાષ્ટ્ર, શ્રમ, ધર્મ, કર્મ તેમ જ ભૂત તથા ભવિષ્ય, વીર્ય અને લક્ષ્મી ઉચ્છિષ્ટના બળમાં વસેલાં છે.'

એનો અર્થ એ છે કે, માણસ પોતાની જરૂરિયાતોને પૂરી પાડ્યા પછી પણ જે અતિશય શક્તિ વધારાની રહે છે તે દ્વારા પોતાને વ્યક્ત કરે છે.

વેદના પ્રસિદ્ધ ટીકાકાર સાયણાચાર્ય કહે છે:—

'યજ્ઞવિધિ પછી ઉચ્છિષ્ટ રહેલા અન્નબલિને પવિત્ર એટલા માટે કહ્યાં છે કે અખિલ વિશ્વના મૂળ કારણરૂપ બ્રહ્મનું તે પ્રતીક છે.'

આ સમજૂતી પ્રમાણે બ્રહ્મની ઉચ્છિષ્ટ શક્તિ અપાર છે, અને તે સનાતન વિશ્વપ્રક્રિયારૂપે પ્રગટ થાય છે. અહીં આપણને કળાઓના ઉદ્ભવ સંબંધીનો સિદ્ધાંત જોવા મળે છે. જગતના બધા જીવો કરતાં માણસમાં પ્રાણ અને મનની શક્તિ તેની જરૂરિયાત કરતાં પુષ્કળ વધારે છે, અને તે તેને અનેકવિધ નિર્હેતુક સર્જક પ્રવૃત્તિઓ કરવાને પ્રેરે છે. ખુદ બ્રહ્મની પેઠે, તે પણ જે સર્જનો તેને અનાવશ્યક છે, અને તેથી તેની દીનતાનાં નહીં પણ ઉડાઉપણાનાં સૂચક છે, તેમાં આનંદ લે છે. જે અવાજ કેવળ જરૂરિયાત પૂરતો જ હોય છે તે રોજનાં કામકાજ પૂરતું બોલી કે રડી શકે છે, પણ જે અવાજ ભરપૂર હોય છે તે ગાય છે, અને તેમાં આપણો આનંદ રહેલો હોય છે. કળા માણસના જીવનની સમૃદ્ધિને પ્રગટ કરે છે. એ સમૃદ્ધિ નિર્હેતુક સર્વાંગ-સંપૂર્ણ સ્વરૂપોમાં મુક્તિનો આનંદ માણવા મથતી હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परिग्रहो भयायैव। : પરિગ્રહમાં જોખમ રહેલું જ છે. લેખકે ઉપજાવેલું સૂત્ર છે.

નિસ્ કોટિના : (Gneiss) પડપડવાળા પથ્થરો જેમાં અબરખ, ચકમક વગેરેનો સમાવેશ થાય છે.

બંને કાનડા જિલ્લા : ઉત્તર અને દક્ષિણ

પૃ. ૪૯ કોઈ પણ સ્થાન : મૂળ આ પ્રમાણે છે:

Beauty of place translates itself to the Indian consciousness as God's cry to the soul. Had Niagara been situated on the Ganges, it is odd to think how different would have been its valuation by humanity. Instead of fashionable picnics and railway pleasure-trips, the yearly or monthly incursion of worshiping crowds. Instead of hotels, temples. Instead of ostentatious excess, austerity. Instead of the desire to harness its mighty forces to the chariot of human utility, the unrestrainable longing to throw away the body, and realize at once the ecstatic madness of Supreme Union. Could contrast be greater ?

— The Web of Indian Life-241

ભૈરવ જાપ : "જ્યાં પહાડ પર ઊંચામાં ઊંચું શિખર અને પાસે એકદમ નીચે કરાડ તૂટેલી હોય તેને ભૈરવઘાટી કહે છે. જૂના વખતમાં અને આજે પણ ભૈરવ સંપ્રદાયી લોકો આવે ઠેકાણે કેટલીક વાર ભૈરવનો જાપ જપતા જપતા ઉપરથી નીચે ભૂસકો મારે છે. આ રીતે આત્મહત્યા કરવામાં પાપ નથી પણ મોક્ષ છે એમ મનાય છે. એ માન્યતા હાલના કાયદા પ્રમાણે ભલે ભૂલભરેલી હોય, પણ માનસશાસ્ત્રીઓ એની પાછળ રહેલું તત્ત્વ સહેજે સમજી શકે એમ છે. દુનિયામાં બધી રીતે નિરાશ થઈ કાયર બની માણસ આત્મહત્યા કરે તે, અને કુદરત સાથે એકરૂપ થવાની ઇચ્છા થઈ જાય, કુદરત સાથે કોઈ જાતની જુદાઈ સહન ન થાય, એવે વખતે માણસ આ ક્ષુદ્ર દેહનું બંધન ભૂલી જઈ અનંતત્વમાં સાત્મ્ય પ્રાપ્ત કરવા કૂદી પડે, એ બે વસ્તુ ભિન્ન છે; બંનેનું પરિણામ ભલે એક જ હોય. દરેક જાતના વિનાશને મરણ એ એક જ નામથી આપણે સંબોધીએ છીએ, પણ વસ્તુ એક જ નથી હોતી. કેટલીક વાર મરણ એ જીવનરૂપી નાટકનો વિષ્કંભક હોય છે, અને કેટલીક વાર તો તે નાટકનું ભરતવાક્ય — જીવનનું સાફલ્ય હોય છે." — (હિ૦ પ્ર૦ પ્રકરણ ૧૬મું)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૫૦ વિભવતૃષ્ણા : અહીં લેખકનો 'મોજાંઓનો તાંડવયોગ' નામનો લેખ જુઓ. આ પુસ્તક પૃ. ૧૩૮

નાભિનંદેત : મરણને પણ વધાવી લેવું નહીં, તેમ જીવનને પણ વધાવી લેવું નહીં. — મનુસ્મૃતિમાંથી.

હૉર્સ્પાવર : એને માટે લેખક અશ્વત્થામા શબ્દ સૂચવે છે. [अश्व = ઘોડો + स्थामन् = શક્તિ] સમાસમાં स्थामन् માંથી स्‌નો લોપ થાય છે.

ઉપવન : 'ન્યૂ ફોરેસ્ટ' નામે ઓળખાતો પ્રદેશ.

પૃ. ૫૧ નીરો : ઈ. સ. ૫૪ થી ૬૮ સુધી એ રોમનો બાદશાહ હતો. એની માતાની ઉશ્કેરણીથી એના પિતાનું ખૂન થયા પછી ગાદીના ખરા હકદાર બ્રિટેનિકસને બાજુએ રાખી પોતે ગાદીએ આવ્યો. પાંચ વરસ સુધી સારી રીતે રાજ્ય ચલાવ્યા પછી એ આપખુદ બની ગયો. બ્રિટેનિકસને, પોતાની માતાને તથા પત્નીને મારી નાખ્યાં. રોમ બાળવાના ખોટા આરોપસર ખ્રિસ્તીઓ ઉપર નાનાવિધના અત્યાચારો ગુજાર્યા. પોતાના ગુરુ અને પ્રધાન સેનેકાને તથા પોતાની બીજી પત્નીને એણે મારી નાખ્યાં. ત્યાર પછી બળવો ફાટી નીકળ્યો અને એણે રોમથી ભાગી જઈને આપઘાત કર્યો હતો. એણે રોમ શહેર સળગાવી મૂક્યું હતું અને પોતે ફિડલ વગાડતો હતો એવી દંતકથા છે, પણ ઇતિહાસમાં એનું સમર્થન મળતું નથી. પણ એ અત્યંત ઘાતકી હતો એ તો સ્પષ્ટ છે.

પૃ. ૫૧ આર્તિનાશન : દુઃખીઓનાં દુઃખ દૂર કરવાં તે. સર૦

न त्वहं कामये राज्यं, न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःख-तप्तानां प्राणिनां आर्ति-नाशनम् ।।

પૃ. ૫૨ વીરભદ્ર : દક્ષ પ્રજાપતિના યજ્ઞનો સંહાર કરનાર શિવગણ.

અંગ્રેજોને : અંગ્રેજો પણ અકળ રીતે હિંદનું લોહી ચૂસે છે, અને તેમનું એ સાચું સ્વરૂપ આપણે ઓળખતા થયા છીએ તો —

કાકદૃષ્ટિ : કાગડાના જેવી ચકોર દૃષ્ટિ. ('કાકા'ની દૃષ્ટિ એમ પણ અર્થ ખરો).

પૃ. ૫૩ प्राय : कंदुक : આર્યજન પડે છે તોપણ ઘણે ભાગે દડાની જેમ પડે છે, એટલે કે પડીને પાછો ઊંચે ઊછળે છે. ભર્તૃહરિનો એ આખો શ્લોક આમ છે :

प्रायः कन्दुक-पातेन पतत्यार्यः पतन्नपि ।
तथा त्वनार्यः पतति मृत्पिण्ड-पतनं यथा ।।

न हि कल्याण : કલ્યાણ કરનાર કોઈ દુર્ગતિને પામતો નથી. ગીતા, ૬–૪૦.

પૃ. ૫૪ જાણે મહાદેવ : રાવણના શિવ-તાંડવ-સ્તોત્રનું અહીં સ્મરણ થાય છે. નીચે બે શ્લોક ઉતાર્યા છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जटा-कटाह-संभ्रम-भ्रमन्निलिम्प-निर्झरी-
विलोल-वीचि वल्लरी-विराजमान मूर्धनि ।
धगद्धगद्धगज्ज्वलल्ललाट-पट्ट-पावके
किशोर-चंद्र-शेखरे रतिः प्रतिक्षणं मम ।। १ ।।

[જેમનું માથું જટારૂપી કટાહમાં વેગથી ઘૂમતી સુર-સરિતા (ગંગા)ની ચંચલ તરંગ-લતાઓથી સુશોભિત થઈ રહ્યું છે, લલાટાગ્નિ ધક ધક ધક બળી રહ્યો છે, શિર પર બાલચંદ્ર વિરાજમાન છે, તે (શિવ ભગવાન)માં મારો નિરંતર અનુરાગ રહો.]

जयत्वदभ्र-विभ्रम-भ्रमद्भुजंगम-श्वसद्
विनिर्गमत्क्रम-स्फुरत्कराल-भाल-हव्यवाट् ।
धिमिद्धिमिद्धिमिद् ध्वनन्-मृदंग-तुंग-मंगल-
ध्वनि-क्रम-प्रवर्तित-प्रचण्ड-ताण्डवः शिवः ।।१०।।

[સતત હાલતા એવા ભુજંગના નિઃશ્વાસથી જેમના ભાલનો કરાલ અગ્નિ ઉત્તરોત્તર વધુ સ્ફુરતો જાય છે અને ધમ ધમ ધમ એવા મૃદંગના ઉચ્ચ મંગલ ધ્વનિ પ્રમાણે જેઓ પ્રચંડ તાંડવ ખેલી રહ્યા છે એવા શિવનો જય થાઓ.]

પૃ. ૫૬ દેવેન્દ્ર : સિલોનનો દક્ષિણ છેડો. Dundra Head.

નારાયણનું જ સરોવર : સિંધ અને કચ્છની વચમાં આવેલું એક સરોવર.

જીવનરાશિ : જલરાશિ.

અધઃપાત : [अधः (નીચે) + पात (પડવું તે)] નીચે પડવું તે. જીવન અને અધઃપાત એ શબ્દો વાપરીને શ્લેષ સાધ્યો છે.

વાઙ્મયી મૂર્તિ : વાક્‌ની — વાચાની, શાબ્દિક મૂર્તિ. સાહિત્યકૃતિ.

પૃ. ૫૭ पुनरागमनाय च : ધાર્મિક પ્રસંગોએ પૂજાને અંતે દેવોને વિસર્જન કરતી વખતે આ વચન વપરાય છે. 'પાછા આવવા માટે' — એવો એનો અર્થ છે. વિદાય કાયમને માટે નથી ફરી મળવા માગીએ જ છીએ એ એનો ભાવ છે. લેખકની આ ઇચ્છાની અથવા સંકલ્પની પૂર્તિ કેટલાંક વર્ષો પછી કેવી રીતે થઈ તે આ પછીના લેખમાં આવે છે.

૧૩. જોગના ધોધનું પુનર્દર્શન

પૃ. ૫૮ एतावान् : આટલો એનો મહિમા છે, પુરુષ તો એથી પણ મોટો છે. આ વચન ઋગ્વેદમાંના પુરુષસૂક્તમાંથી લીધેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૬૦ અનૂદરી : નાના પેટવાળી. સર૦ મંદોદરી, કૃશોદરી.

પૃ. ૬૧ વિશ્વજિત્ યજ્ઞ : सर्ववेदस् જેમાં જીવનની બધી કમાણી આપી દેવાની હોય છે એવો યજ્ઞ. સર૦

स्थाने भवान् अेकनराधिपः सन्
अकिंचनत्वं मखजं व्यनक्ति ।
पर्याय-पीतस्य सुरैर्हिमांशोः
कला-क्षयः श्लाघ्यतरो हि वृद्धेः ।। रघुवंश, ५–१६

[આપ ચક્રવર્તી રાજા હોઈને વિશ્વજિત્ યજ્ઞને કારણે આવેલું અકિંચનત્વ દર્શાવો છો એ યોગ્ય છે. દેવોએ વારાફરતી પીવાને લીધે થયેલો ચંદ્રની કલાનો ક્ષય વૃદ્ધિ કરતાં વધારે વધાવવા લાયક હોય છે.]

પૃ. ૬૨ અલકેશ્વર : [અલકા+ઈશ્વર] કુબેર.

પ્રતિ-ધનુષ્ય : આકાશમાં ઇન્દ્રધનુષ્યની સહેજ ઉપર બીજું આછું ધનુષ્ય ઘણી વાર દેખાય છે તેને પ્રતિધનુષ્ય કહ્યું છે. તેના રંગો મૂળ ધનુષ્યના કરતાં ઊલટા ક્રમમાં હોય છે.

સુરધનુ : દેવોનું ધનુષ્ય, 'ઇન્દ્રધનુ'.

સુરધુની : સ્વર્ગની નદી, અહીં ફક્ત નદી. ગમે તે નદીને ગંગા કહે છે તેથી.

પ્રતિક્ષણે : સંભારો —

क्षीणे पुण्ये मर्त्य-लोकं विशन्ति ।

— ગીતા, ૯–૨૧

પૃ. ૬૫ રોમાં રોલાં [૧૮૬૬–૧૯૪૪]**:** ફ્રાંસના વિશ્વવિખ્યાત માનવતાવાદી, સાહિત્યકાર અને કલાવિવેચક. દસ ખંડમાં પ્રગટ થયેલી નવલકથા 'જોન ક્રિસ્ટોફર' એમની સર્વશ્રેષ્ઠ કૃતિ ગણાય છે. એને માટે એમને ૧૯૧૬માં નોબેલ પારિતોષિક મળ્યું હતું. એમણે ગાંધીજી, સ્વામી રામકૃષ્ણ પરમહંસ તથા વિવેકાનંદનાં ચરિત્રો લખીને હિંદી વિચારધારાને પશ્ચિમની દુનિયામાં સમભાવપૂર્વક સમજાવી. ગાંધીજી ગોળમેજી પરિષદમાં ગયેલા ત્યારે એમને ખાસ મળ્યા હતા. એમની હિંદને લગતી ડાયરી પ્રસિદ્ધ થયેલી છે, તે પણ ગાંધીજી, રવીન્દ્રનાથ વગેરે વિશે રસિક વાચન પૂરું પાડે છે. એઓ યુદ્ધના વિરોધી હતા અને કલા સર્વલોકગમ્ય હોવી જોઈએ એમ માનતા હતા.

માનવકૃત કલાકૃતિ : સૃષ્ટિમાં જે સૌંદર્ય હોય છે તેને કળા કહેતા નથી. કળા તો માનવી જ હોય. પ્રકૃતિનું સૌંદર્ય કળાની ઉત્પત્તિનું એક પ્રેરક કારણ છે એ ખરું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૬૬ અલ્પસ્ય૦ : થોડાને ખાતર ઘણાનો નાશ કરવાની ઇચ્છાવાળા. કવિ કાલિદાસના રઘુવંશમાં આ વચન આવે છે. દિલીપ જ્યારે ગાયના બદલામાં પોતાનું શરીર સિંહને આપવા તૈયાર થાય છે ત્યારે તેને સમજાવવા સિંહ કહે છે:

> अेकातपत्रं जगतः प्रभुत्वं,
> नवं वयः, कान्तम् अिमदं वपुश्च ।
> अल्पस्य हेतोर् बहु हातुम् अिच्छन्
> विचारमूढः प्रतिभासी मे त्वम् ।। रघु० २–४७

[જગતનું એકચ્છત્ર રાજ્ય, યુવાન વય, અને આ સુંદર વપુ (શરીર): થોડાને માટે આટલું બધું ત્યાગવા તૈયાર થયો છે તે તું મને વિચારમૂઢ લાગે છે.]

૧૪. જોગનો કોરો ધોધ

પૃ. ૬૬ ભૂખ્યો બંગાળી : જેને ખાવાના પણ સાંસા પડતા હોય એવા માણસને ગુજરાતીમાં લૂખો કે ભૂખ્યો બંગાળી કહે છે.

કઈ રાક્ષસી દુષ્ટતા : સંભારો—

> बुभुक्षितः किं न करोति पापम्
> क्षीणा नरा निष्करुणा भवन्ति ।

પૃ. ૬૭ ધોધાવતો હતો : ધોધ રૂપે વહાવતો હતો. લેખકે યોજેલું ક્રિયાપદ.

પાત : અધઃપાત, નીચે પડવું તે.

રાવણની પેઠે : જન્મ્યો ત્યારે મહારવ કરતો જ જન્મ્યો હતો અને તે ઉપરથી એના પિતાએ એનું નામ રાવણ પાડ્યું હતું.

તપસ્વિની : ઉનાળાનો તાપ ખમતી માટે તપસ્વિની.

પૃ. ૬૮ સંભાજીની આંખો : ૧૬૮૯માં સંભાજી કેદ પકડાતાં ઔરંગઝેબે તેને ઇસ્લામનો સ્વીકાર કરવાનું કહ્યું પણ તેણે પેગંબરનું અને બાદશાહનું અપમાન કર્યું એટલે તેની જીભ અને આંખ કાઢી નાખી તેનો વધ કરવામાં આવ્યો હતો.

રેલસંકટ : ૧૯૨૭માં ગુજરાતમાં અતિવૃષ્ટિને કારણે હજારો મકાનો પડી ગયાં હતાં અને લોકોને અન્નવસ્ત્ર અને આશરાની ભારે હાડમારી પડી હતી. તે વખતે સરદાર વલ્લભભાઈએ પોતાની અજબ વ્યવસ્થાશક્તિથી અને ધનિકોના સહકારથી પ્રજાને રાહત આપવાનું મહાભારત કામ સફળતાપૂર્વક પાર ઉતાર્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીમુખેનૈવ સમુદ્રમાવિશેત્ : નદીના મુખમાં થઈને સમુદ્રમાં પ્રવેશ કરવો. મહાકવિ કાલિદાસના 'રઘુવંશ'માં રઘુના વિદ્યાભ્યાસનું વર્ણન કરતાં લખ્યું છે :

> લિપેર્ યથાવદ્ ગ્રહણેન વાઙ્મયં
> નદી-મુખેનેવ સમુદ્રમ્આવિશત્ ।। રઘુ૦ ૩–૨૮

[નદીમુખમાં થઈને સમુદ્રમાં પ્રવેશ કરતો હોય તેમ લિપિના યથાવત્ ગ્રહણ દ્વારા તેણે સાહિત્યમાં પ્રવેશ કર્યો.]

એ ઉપરથી ગૂજરાત વિદ્યાપીઠ તરફથી ચાલતા ગૂજરાત મહાવિદ્યાલયના દ્વૈમાસિક 'સાબરમતી' માટે ધ્યાનમંત્રની જરૂર પડી ત્યારે શ્રી કાકાસાહેબે નદીમુખેનૈવ સમુદ્રમાવિશેત્ । એ વચન આપ્યું હતું. અને ત્યારથી કદાચ એમના મનમાં એ વચન જ કાલિદાસનું મૂળ વચન છે એવો ખ્યાલ દૃઢ થઈ ગયો હશે. મૂળમાં છે આવિશત્ = એણે પ્રવેશ કર્યો. કાકાસાહેબે એ પરથી ઉપજાવ્યું આવિશેત્ = પ્રવેશ કરવો ઘટે છે.

પૃ. ૬૯ કાળપુરુષ : कालोऽस्मि लोकक्षयकृत् प्रवृद्धः કહેનાર ગીતાનો વિરાટપુરુષ.

પૃ. ૭૦ तत्र का परिदेवना : તેમાં શોક શો ?
સંભારો :

> अव्यक्तादीनि भूतानि व्यक्त-मध्यानि भारत ।
> अव्यक्त-निधनान्येव तत्र का परिदेवना ।। गीता, २–२८

પૃ. ૭૨ ઉષ્મપા : ઊનું ઊનું પીનારા, પિતરો. અન્ન ખાઈને નહીં પણ કેવળ ઉષ્ણતા પીને ટકનારા પિતરો અને દેવો. ગીતામાં એ શબ્દ વપરાયો છે. ૧૧–૧૨.

૧૫. ગુર્જરમાતા સાબરમતી

પૃ. ૭૩ પરિસર : આસપાસનો પ્રદેશ. એને પર્યંત-ભૂ પણ કહે છે.

વનસ્પતિ ઉપાસક શ્રી શિવશંકર : જાણીતા અનુવાદક અને લેખક શ્રી ચંદ્રશંકર શુક્લના નાના ભાઈ. એમનું પુસ્તક 'ગુજરાતની લોકમાતાઓ.' વનસ્પતિનો ખૂબ રખડીને એમણે પ્રત્યક્ષ અભ્યાસ કરેલો છે. હરિપુરા મહાસભા વખતે વનસ્પતિનું પ્રદર્શન ગોઠવવામાં એમનો ઉત્સાહ અને પરિશ્રમ ખૂબ કામ આવ્યા હતા. વિશેષ પરિચય માટે 'ગ્રંથ અને ગ્રંથકાર' ભા. ૧૦ મો જુઓ.

પૃ. ૭૪ સા ભ્રમતિ : જુઓ નીચે 'કશ્યપ ગંગા' ઉપરની નોંધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણોએ તપ કર્યું છે: શૌનક, વસિષ્ઠ, વામદેવ, ગૌતમ, ગાલવ, ગાંગેય, ભરદ્વાજ, ઉદ્દાલક, જમદગ્નિ, કશ્યપ, જડભરત, ભૃગુ, જાબાલિ વગેરે અઠયાસી હજાર ઋષિઓએ સાબરમતીને તીરે તપશ્ચર્યા કરી કહેવાય છે.

પૃ. ૭૫ વૌઠાનો મેળો: દર વરસે દેવદિવાળી ઉપર ધોળકા નજીક વૌઠા પાસે ભરાતો મેળો. એ સ્થળે મેશ્વો, માઝમ, વાત્રક, અને શેઢી ભેગી થઈ વાત્રકરૂપે અને ખારી, હાથમતી અને સાબર ભેગી થઈને સાબરમતીરૂપે સંગમ પામે છે. આ મેળામાં લાખેક માણસો ભેગાં થાય છે. એના રસિક વર્ણન માટે જુઓ શિવશંકર શુક્લના પુસ્તક 'ગુજરાતની લોકમાતાઓ'માંનો લેખ — 'વૌઠાનો મેળો.'

સાબરમતીનાં જૂનાં નામો: સાબરમતી યુગે યુગે જુદે જુદે નામે ઓળખાઈ છે. સત્યયુગમાં કૃતવતી, ત્રેતામાં મણિકર્ણિકા, દ્વાપરમાં વિધુવતી કે ચંદના યા ચંદનાવતી અને કલિયુગમાં સાભ્રમતી એવું નામ એ પામી છે.

કશ્યપ ગંગા: એક કથા એવી છે કે એક વાર ઉપરાઉપરી સાત દુકાળ પડયા, ત્યારે ઋષિઓએ કશ્યપને વિનંતી કરી અને તેમણે શંકરનું આરાધન કર્યું. શંકર સાભ્રમતી ગંગાને લઈને અર્બુદારણ્યમાં આવ્યા અને પછી ત્યાંથી એ નદીની છૂટી ધારાઓ અરણ્યમાં થઈને ગુજરાત તરફ વહેવા લાગી. તે વખતે સમુદ્રે પ્રગટ થઈ કશ્યપને પ્રાર્થના કરી કે આ નદી મારા જળમાં મળે તેમ કરો. કારણ, અગસ્ત્ય ઋષિ મારું જળપાન કરી ગયા અને પછી લઘુશંકા-રૂપે તે મને તેમણે પાછું આપ્યું એટલે તે અપવિત્ર થઈ ગયું છે. આ નદીના સ્પર્શથી એ ફરી પાવન થશે. સાબરમતી બીજી નદીઓ સાથે સમુદ્રને મળી અને સમુદ્ર પાવન થયો!

બીજી કથા એવી છે કે ગંગા પાર્વતીની બીકથી આમ તેમ ભટકતી હતી, — સા भ्रमति — તેને કશ્યપ પોતાની જટામાં ઘાલીને અર્બુદારણ્યમાં લઈ આવ્યા અને ત્યાં જટા પછાડી એટલે એમાંથી એ ગંગાના સાત પ્રવાહો વહેવા લાગ્યા. મુખ્ય પ્રવાહ સાબરમતી કહેવાયો અને બાકીના છે તે વૌઠા આગળ એને મળનાર છ નદીઓ થઈ.

આમ કશ્યપ એને લાવ્યા એટલે એ કશ્યપગંગા કહેવાઈ.

પૃ. ૭૬ દધીચિએ તપ કરેલું: યજ્ઞકુંડમાંથી જન્મેલા અને ક્ષણે ક્ષણે વધીને સમગ્ર લોકને ઢાંકી વળેલા વૃત્રાસુર સામે પોતાનાં બધાં દિવ્ય શસ્ત્રાસ્ત્રો વ્યર્થ જતાં ઇન્દ્ર સહિત દેવોએ આદિપુરુષ અંતર્યામીનું શરણું લીધું. તેમણે દેવોને જણાવ્યું કે તમે મહર્ષિ દધીચિ પાસે જાઓ અને વિદ્યા, વ્રત અને તપથી બળવાન એવા તેમના શરીરની માગણી કરો. તે ના પાડશે નહીં. પછી તે શરીરનાં હાડકાંમાંથી વિશ્વકર્મા તમને એક ઉત્તમ આયુધ બનાવી આપશે. તે વડે જ આ વૃત્રાસુરનો નાશ થઈ શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવો સાબરમતી અને ચંદ્રભાગાના સંગમ આગળ દધીચિ ઋષિ તપ કરતા હતા તેમની પાસે ગયા અને તેમની પાસે તેમના શરીરની માગણી કરી એટલે તેમણે જવાબ આપ્યો :

"હે દેવો, જે પુરુષ અવશ્ય નાશ પામનાર પોતાના શરીરથી પ્રાણીઓ ઉપર દયા કરીને ધર્મ તથા યશ પ્રાપ્ત કરી લેવા ઇચ્છતો નથી, તે પુરુષ સ્થાવર પ્રાણીઓ વડે પણ શોક કરવા યોગ્ય છે. બીજાં પ્રાણીઓના દુઃખથી દુઃખી થવું અને બીજાં પ્રાણીઓના આનંદથી આનંદ માનવો એ ધર્મ જ અવિનાશી છે. . . માટે હું મારા ક્ષણભંગુર તથા કાગડાકૂતરાંના ભક્ષરૂપ શરીરનો ત્યાગ કરું છું. તેને તમે ગ્રહણ કરો."

આવો નિશ્ચય કરી ઋષિએ પરમબ્રહ્મ વિશે પોતાના આત્માને એકાગ્ર કરી દઈને શરીરનો ત્યાગ કર્યો.

ત્યાર પછી દેવોએ કામધેનુને બોલાવી. તેણે ઋષિનો દેહ ચાટવા માંડ્યો. ચાટતાં ચાટતાં કેવળ હાડકાં રહ્યાં તે લઈને વિશ્વકર્માએ ઇન્દ્રને વજ્ર બનાવી આપ્યું અને તેના વડે ઇન્દ્રે વૃત્રાસુરનો નાશ કર્યો.

દધીચિઋષિએ જે સ્થળે દેહાર્પણ કર્યું હતું ત્યાં કામધેનુનું દૂધ ઝર્યું હતું એટલે તે ઠેકાણે દૂધેશ્વર મહાદેવની સ્થાપના થઈ.

ખાદીની પ્રવૃત્તિ : ગાંધીજીએ સ્વદેશી અને ખાદીનો પ્રચાર કરવા માંડ્યો એટલે આશ્રમમાં ખાદી ઉત્પન્ન કરવાનું કેન્દ્ર શરૂ કર્યું, અને આજે પણ એ પ્રવૃત્તિ આશ્રમમાં ચાલુ છે.

ખેતી અને ગૌશાળાની પ્રવૃત્તિ : ખેતીમાં અને ગાયોની ઓલાદમાં સુધારો કરવાના હેતુથી આશ્રમે આ પ્રવૃત્તિ આરંભી હતી. ગૌશાળાની પ્રવૃત્તિ આદર્શ પૂરો પાડવાની દૃષ્ટિએ અને ખેતીની પ્રવૃત્તિ વિવિધ પ્રયોગોની દૃષ્ટિએ ચાલતી રહી છે. કોશ ખેંચવામાં બળદને પડતી તાણ નિવારવા જેમાં બળદના વજનથી કોશ ખેંચાતો હતો તે પરશુરામ કોશનો પ્રયોગ, જમીનનું ધોવાણ અટકાવવા પાળાઓની યોજના, લીલા ઘાસના સાયલો, માણસના મળમૂત્રના ખાતરનો ઉપયોગ એ બધું અહીં જ અજમાવાયું હતું.

રાષ્ટ્રીય શાળા : આશ્રમમાં ચાલતી શાળા. એમાં શ્રી કાકાસાહેબ, નરહરિભાઈ, કિશોરલાલભાઈ, વિનોબા વગેરે શિક્ષણના પ્રયોગો કરતા હતા અને તેના પાયા ઉપર જ પાછળથી ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ હતી.

લોકસંગીત અને શાસ્ત્રીય સંગીત : આશ્રમવાસી સંગીતશાસ્ત્રી પંડિત ખરેએ ગુજરાતનાં કેટલાંક લોકગીતોની સ્વરલિપિ તૈયાર કરી 'લોકસંગીત' નામે પુસ્તક પ્રગટ કર્યું હતું. વળી શાસ્ત્રીય સંગીતના પ્રચાર માટે તેમણે રાષ્ટ્રીય સંગીત મંડળની પણ સ્થાપના કરી હતી. અમદાવાદની

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल काँगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાસભા વખતે અખિલ ભારતીય સંગીત પરિષદનું અધિવેશન પણ અહીં ભરાયું હતું. તેમાં પણ ગાંધીજીની પ્રેરણા અને પંડિત ખરેનો પ્રયત્ન પ્રધાન હતાં.

'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા': ગાંધીજીએ ૧૯૧૯માં રોલેટ બિલ વિરુદ્ધ આંદોલન ઉપાડયું ત્યારે એમને પોતાના વિચારોના પ્રચાર માટે છાપાંઓની જરૂર પડી. શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક અને એમના મિત્રો 'નવજીવન અને સત્ય' નામે માસિક ચલાવતા હતા અને તે દ્વારા હોમરૂલનો પ્રચાર કરતા હતા, તે જ ગાંધીજીએ હાથમાં લીધું અને તેને અઠવાડિક બનાવી 'નવજીવન' નામે ચલાવ્યું. આખા દેશને સંબોધવા માટે અંગ્રેજી છાપાની જરૂર હતી તે પણ શ્રી શંકરલાલ બેંકર, જમનાદાસ દ્વારકાદાસ વગેરે 'યંગ ઇન્ડિયા' ચલાવતા હતા તે એમને સોંપાતાં પૂરી થઈ. આ બે છાપાંઓ ૧૯૩૩ સુધી ચાલ્યાં. પછી હરિજન પ્રવૃત્તિ ચલાવવા માટે ગાંધીજીએ જેલમાંથી પત્રો શરૂ કર્યાં ત્યારે તેઓનાં નામ 'હરિજન', 'હરિજનબંધુ', 'હરિજનસેવક' રાખવામાં આવ્યાં અને એ છાપાં જ આખર સુધી ગાંધીજીના વિચારનાં વાહન રહ્યાં.

સત્યાગ્રહો: ચંપારણનો, ખેડાનો, નાગપુરનો, બોરસદનો, બારડોલીનો વગેરે. આના સંક્ષિપ્ત હેવાલ માટે ગૂજરાત વિદ્યાપીઠે પ્રગટ કરેલી 'સત્યાગ્રહની સપ્તપદી' નામની ચોપડી જોવી.

મિલમાલિકો સાથે મજૂરોનો ઝઘડો: ૧૯૧૮માં અમદાવાદના મિલમાલિકો અને મજૂરો વચ્ચે મોંઘવારીના પ્રશ્ન ઉપર ઝઘડો થયો અને તેમાં મજૂરોને પક્ષે ન્યાય છે એમ ગાંધીજીને લાગતાં તેમણે તેમની દોરવણીનું કામ માથે લીધું. મિલમાલિકોએ કામબંદી જાહેર કરી અને મજૂરો કામ વગરના થયા. એમને કામ અપાવવાના પ્રયત્નો થયા. પણ કેટલાક મજૂરો નબળા પડયા એટલે તેમનામાં ફરી બળનો સંચાર કરવા અને તેમણે લીધેલી પ્રતિજ્ઞાના પાલનની ચાનક લગાડવા ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા. આને કારણે મિલમાલિકો ઉપર ખોટું દબાણ આવતું હતું એ જાણવા છતાં ગાંધીજી પાસે બીજો માર્ગ નહોતો. ત્રણ ઉપવાસને અંતે સમાધાન થયું અને મોંઘવારી ઠરાવવાનું કામ લવાદને સોંપવામાં આવ્યું. ત્યારથી અમદાવાદમાં માલિક-મજૂરના ઝઘડામાં લવાદીપ્રથાને સ્થાન મળ્યું અને આજે પણ એ રીત કામ દઈ રહી છે.

દાંડીકૂચ: લાહોર કોંગ્રેસમાં પૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ કર્યા પછી એનો અમલ કરવા માટે ગાંધીજીએ મીઠાનો કાયદાનો ભંગ કરવાનું ઠરાવ્યું અને તે માટે તેમણે પોતાના ૭૯ સાથીઓ સાથે પગપાળા આશ્રમથી દક્ષિણ ગુજરાતમાં દાંડીને દરિયા કિનારે જઈ ત્યાં કાયદો તોડવાનું નક્કી કરી આરંભેલી કૂચ. આ કૂચે આખા દેશમાં વીજળી પેઠે નવજીવન અને શક્તિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંચાર કર્યો. એ કૂચ ઊપડતી વખતે ગાંધીજીએ સ્વરાજ્ય લીધા વગર પાછા ન ફરવાની પ્રતિજ્ઞા લીધી હતી. સેવાગ્રામ જવાનું એ પણ એક કારણ હતું.

જલિયાનવાલા બાગ: રૉલેટ ઍક્ટના વિરોધમાં ગાંધીજીએ ૬ઠ્ઠી ઍપ્રિલ ૧૯૧૯ને દિવસે આખા દેશમાં હડતાલ પાડવાનો અને ઉપવાસ કરવાનો આદેશ આપ્યો હતો અને આખા દેશે તેનું અપૂર્વ ઉત્સાહથી પાલન કર્યું હતું. પણ ત્રણ દિવસ પછી એટલે ૧૦મી ઍપ્રિલ ૧૯૧૯ને રોજ અમૃતસરના ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટે ત્યાંના કૉંગ્રેસી આગેવાનો ડૉ. કિચલુ અને સત્યપાલને હુકમ કાઢી બોલાવ્યા અને કોઈ અજાણ્યે સ્થળે મોકલી આપ્યા. આથી શહેરમાં તોફાનો થયાં અને શહેર લશ્કરને સોંપાયું. પંજાબમાં બીજે પણ તોફાનો થયાં અને તેમાં જાનમાલનું ઘણું નુકસાન થયું. વળી ગાંધીજીની ધરપકડને કારણે દેશના બીજા ભાગોમાં પણ તોફાનો થયાં. પણ ત્યાં તો શાંતિ સ્થપાઈ ગઈ. ૧૩મી ઍપ્રિલે હિંદુઓનું બેસતું વર્ષ હતું અને અમૃતસરના જલિયાનવાલા બાગમાં જાહેર સભા ભરવાની જાહેરાત થઈ હતી. એ જગ્યા ચારે બાજુએ મકાનોથી ઘેરાયેલી હતી અને તેમાં દાખલ થવા માટે ખૂબ સાંકડો એક જ રસ્તો હતો. ત્યાં સાંજે વીસ હજાર સ્ત્રીપુરુષો અને બાળકો ભેગાં થયાં હતાં એવામાં જનરલ ડાયર ૧૦૦ દેશી અને ૫૦ ગોરા લશ્કરી સિપાઈઓ લઈને દાખલ થયો અને બે ત્રણ મિનિટમાં જ તેણે ગોળીબારનો હુકમ આપ્યો. તેના પોતાના કહેવા પ્રમાણે ૧૬૦૦ ગોળીઓ છોડવામાં આવી અને દારૂગોળો ખૂટી ગયો ત્યારે જ ગોળી ચલાવવાનું બંધ થયું. સરકારી આંકડા મુજબ ૪૦૦ માણસ મરણ પામ્યાં અને એકથી બે હજાર ઘાયલ થયાં.

પૃ. ૭૭ ગૂજરાત વિદ્યાપીઠ: ૧૯૨૦માં કૉંગ્રેસે અસહકાર પોકાર્યો ત્યારે વિદ્યાર્થીઓને સરકારી શાળામહાશાળાનો ત્યાગ કરવાનો આદેશ આપવામાં આવેલો. એ આદેશને માન આપીને જે વિદ્યાર્થીઓ સરકારી સંસ્થાઓમાંથી બહાર પડ્યા તેમાંના કેટલાક રચનાત્મક કામે વળ્યા પણ બાકીના માટે શિક્ષણની વ્યવસ્થા કરવા દેશભરમાં જે રાષ્ટ્રીય સંસ્થાઓ સ્થપાઈ (બિહારમાં બિહાર વિદ્યાપીઠ, કાશીમાં કાશી વિદ્યાપીઠ, પૂનામાં તિલક વિદ્યાપીઠ, વગેરે) તેમાં ગુજરાતની ગૂજરાત વિદ્યાપીઠનો પણ સમાવેશ થાય છે. એની સ્થાપના ૧૯૨૦માં થઈ. એના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ગુજરાતના જાહેર જીવનમાં અને સાહિત્ય અને સંસ્કારની પ્રવૃત્તિઓમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે એ જાણીતી વાત છે. આજે પણ એ સંસ્થા શિક્ષણ અને સાહિત્ય પ્રકાશનનું કાર્ય કરતી રહી છે.

૧૬. ઉભયાન્વયી નર્મદા

પૃ. ૭૮ અમરકંટક તળાવ: નાગપુર પાસે આવેલા માઈકાલ પર્વતનો એક ભાગ અમરકંટક નામે ઓળખાય છે. એની તળેટીમાંના તળાવનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ જ નામ છે. અમરકંટક આગળથી જ નર્મદા અને શોણ નીકળે છે. આથી નર્મદાને મેકલકન્યકા પણ કહે છે. અમરકંટક શ્રાદ્ધ માટે ઉત્તમ સ્થાન ગણાય છે.

પૃ. ૭૯ વિંધ્ય : પ્રખ્યાત પર્વત શ્રેણી એને ઓળંગીને અગસ્તિ દક્ષિણ તરફ જઈ વસ્યા હતા. એના ઉપર બિંદુવાસિનીનું પ્રખ્યાત દેવળ છે. તેનાથી થોડે દૂર અષ્ટભુજા જોગમાયાનું દેરું છે. એ દેરું શક્તિની એક પીઠ છે.

પૃ. ૮૦ સાતપુડા : નર્મદા અને તાપી વચ્ચે આવેલી સાત પડવાળી પર્વતશ્રેણી. તાપી નદી એમાંથી નીકળે છે.

ભૃગુકચ્છ : આજનું ભરૂચ. કચ્છ = નદીનો અથવા સમુદ્રનો કિનારો.

પૃ. ૮૦ આદિવાસીઓ : ભીલો વગેરે આ પ્રદેશના મૂળ વતનીઓ જેઓ આજે પણ ગરીબી અને અજ્ઞાન દશામાં સબડે છે.

પૃ. ૮૧. सविंदु : એ નર્મદાષ્ટક શ્રી આદ્યશંકરાચાર્યે લખેલું મનાય છે. એનો પ્રારંભ આ રીતે છે :

सबिन्दु-सिन्दुर-स्खलत्-तरंग-भंग-रंजितम्
द्विषत्सु पापजातजातकारिवारिसंयुतम् ।
कृतान्तदूत-काल-भूत-भीतिहारि-वर्मदे
त्वदीय पाद-पंकजं नमामि देवि नर्मदे ॥

પૃ. ૮૨ गतं त्वदीय॰ આખો શ્લોક આ પ્રમાણે છે :

गतं तदैव मे भयं त्वदम्बुवीक्षितं यदा
मृकुण्डसूनुशौनकासुरारिसेवि सर्वदा ।
पुनर्भवाब्धिजन्मजं भवाब्धिदुःखवर्मदे
त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥४॥

પંચગૌડ : સરસ્વતીના કાંઠાનો પ્રદેશ, કનોજ, ઉત્કલ, મિથિલા, અને ખાસ ગૌડ એટલે બંગાળથી શરૂ કરી ભુવનેશ્વર સુધીનો પ્રદેશ. વિંધ્યની ઉત્તરે આવેલા આ પાંચ પ્રદેશોમાં વસતા બ્રાહ્મણો. તે તે પ્રદેશ ઉપરથી એઓ અનુક્રમે સારસ્વત, કાન્યકુબ્જ, ઉત્કલ, મૈથિલ અને ગૌડ કહેવાય છે.

પંચદ્રવિડ : વિંધ્યાચલની દક્ષિણે વસતા પાંચ જાતના બ્રાહ્મણો : મહારાષ્ટ્ર, તૈલંગ, કર્ણાટ, ગુર્જર અને દ્રવિડ.

વિક્રમસંવત : વિક્રમાદિત્યને નામે ચાલતો એ સંવત ખ્રિસ્તી સનથી ૫૬ વર્ષ આગળ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાલિવાહન શક : શાલિ = સિંહ. સિંહ જેનું વાહન છે એવો. દંતકથા એવી છે કે એ નામનો પ્રસિદ્ધ રાજા બાળપણમાં સિંહના આકારના એક યક્ષનું વાહન બનાવીને બધે ફરતો એ ઉપરથી તેનું નામ શાલિવાહન પડેલું. એને નામે ચાલતી વર્ષગણના તે શક કહેવાય છે. એના વર્ષની શરૂઆત ચૈત્ર માસથી થાય છે અને વિક્રમ સંવતથી એ ૧૩૪–૫ વર્ષ અને ઈ. સ. થી ૭૮ વર્ષ પાછળ છે. ભારત સરકારે હવે એનો ઉપયોગ કરવાનું ઠરાવ્યું છે.

હમણાં શાલિવાહન શક ૧૮૭૮, ઈ. સ. ૧૯૫૬ અને વિક્રમ સંવત ૨૦૧૨ ચાલે છે.

પૃ. ૮૪ પાઘડીપને આવેલું ભરૂચ : પાઘડીના કાપડનો પનો ખૂબ ટૂંકો હોય છે અને લંબાઈ ઘણી હોય છે. એ ઉપરથી જે ગામ પહોળું બહુ ન હોય પણ લાંબુ ઘણું હોય તેને પાઘડીપને આવેલું કહે છે. ભરૂચ એ રીતે વસેલું છે.

કબીરવડ : ભરૂચની પૂર્વમાં શુક્લતીર્થ પાસે નર્મદાના પ્રવાહ વચ્ચેના એક બેટમાં આવેલો પ્રસિદ્ધ વડ. એને વિશે લોકવાયકા એવી છે કે કબીરજીએ દાતણ કરીને જે ચીરી નાખી હતી તેમાંથી આ વડ જન્મ્યો હતો. એ અને બીજા પ્રસિદ્ધ વડોનું લેખકે કરેલું વર્ણન જોવું. 'રખડવાનો આનંદ' – પૃ. ૧૨૯.

૧૭. સંધ્યારસ

પૃ. ૮૫ 'છેલ્લે પગથિયેં' : આ એક લોકગીતમાંની પંક્તિ છે.

છેલ્લે પગથિયે જઈ પગ દીધો,
પરવશ પડિયા પ્રાણ મારા વહાલા !

ત્યાં ગામલોકોને પાણીનું સુખ થાય એ માટે પોતાનું બલિદાન આપનાર વરવધૂ વાવમાં ઊતરે છે અને છેલ્લું પગથિયું એટલે નીચામાં નીચું પગથિયું. અહીં તો પગથિયાં ચડવાનાં છે એટલે ઊંચામાં ઊંચું પગથિયું.

પૃ. ૮૬ રસવતી પૃથ્વી અને **નિઃશબ્દ આકાશ :** અહીં ન્યાયશાસ્ત્રની વ્યાખ્યા જાણી જોઈને તોડી છે. મૂળ વ્યાખ્યા છે गंधवती पृथ्वी અને शब्दगुणम् आकाशम् ।

પૃ. ૮૭ વનેચરોએ : સંસ્કૃતમાં 'વનચર' એટલે જંગલમાં ફરનારાં-વસનારાં જંગલી પશુઓ અને વનેચર એટલે જંગલમાં ફરનારા–વસનારા જંગલી લોકો એવો ભેદ છે — તે અહીં સાચવ્યો છે. આપણા એક જાણીતા લેખકે પોતાનું ઉપનામ 'વનેચર' રાખેલું છે તે આ ભેદને લક્ષમાં રાખીને.

સુર અસુરના ગુરુઓ : બૃહસ્પતિ અને શુક્રાચાર્ય — અહીં એ નામના તારા ગુરુ અને શુક્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮. અંબા-અંબિકા

પૃ. ૮૯ અંબા-અંબિકા : મહાભારતમાં કથા આ પ્રમાણે છે: કાશીરાજની કન્યાઓના સ્વયંવરમાંથી ભીષ્મ તેની ત્રણે પુત્રીઓ — અંબા, અંબિકા અને અંબાલિકાને ઉપાડી લાવ્યા. એ માટે જે યુદ્ધ થયું તેમાં તેમણે શાલ્વરાજને હરાવ્યો. પણ એ કન્યાઓનાં રાજા વિચિત્રવીર્ય સાથે લગ્ન કરવાની વાત આવી ત્યારે એમાંની ફક્ત એકે — મોટી કન્યા અંબાએ — કહ્યું કે હું તો મનથી શાલ્વરાજને વરી ચૂકી છું. એટલે તેને શાલ્વરાજ પાસે મોકલવામાં આવી. પણ શાલ્વે તેનો સ્વીકાર કર્યો નહીં એટલે તેણે ભીષ્મના ગુરુ પરશુરામનું શરણું લીધું. પણ ભીષ્મ ગુરુના કહેવાથી પણ અંબાનો સ્વીકાર કરવા તૈયાર થયા નહીં અને ગુરુશિષ્ય વચ્ચે દારુણ યુદ્ધ થયું તેમાં અંતે ગુરુનો પરાજય થયો અને અંબાએ વનમાં જઈ ભીષ્મવધના સંકલ્પપૂર્વક તપસ્યા કરી અગ્નિપ્રવેશ કરીને દેહ પાડ્યો. એ જ પાછળથી દ્રુપદરાજાને ત્યાં શિખંડીરૂપે અવતરી અને ભીષ્મવધનું કારણ બની.

અહીં લેખકે પૌરાણિક વૃત્તાંતમાં મનસ્વીપણે ફેરફાર કર્યો છે, એ સ્પષ્ટ જ છે. આવા ફેરફારો રસનિષ્પત્તિમાં બાધારૂપ થઈ પડે છે કે કેમ એ વિચારવા જેવું છે.

રાજા કર્ણનાં બે આંસુ : ગુજરાતનો છેલ્લો રજપૂત રાજા વાઘેલા વંશનો કર્ણદેવ અત્યંત ક્રોધી અને વિલાસી હતો. તેણે પોતાના નાગર પ્રધાન માધવના ભાઈ કેશવને મારી નાખી તેની પત્નીને પોતાના અંતઃપુરમાં રાખી હતી. અપમાન અને અત્યાચારને લીધે રોષથી આંધળા બની માધવે દિલ્હી જઈ અલાઉદ્દીનને ગુજરાત ઉપર ચડાઈ કરવા સમજાવ્યો. તેણે પોતાના બે સરદારોને ગુજરાત ઉપર મોકલ્યા. તેમણે ગુજરાત જીત્યું, પાટનગર પાટણ લૂંટ્યું અને રાજા કરણની રાણીઓ અને બાળકોને પકડી દિલ્હી પહોંચાડ્યાં. કરણ ભાગીને દેવગઢના રાજાને આશરે ગયો. એના છેવટના દિવસો એણે અજ્ઞાતવાસમાં આબુના જંગલમાં આ નદીઓની આસપાસના પ્રદેશમાં શોકવિહ્વળ દશામાં રખડી રઝળીને પૂરા કર્યા હતા એમ કહેવાય છે, તેનું અહીં સૂચન છે. ૧૮૬૭માં લખાયેલી ગુજરાતની પહેલી નવલકથા આ જ વૃત્તાંતની આસપાસ ગૂંથાઈ છે. ત્યાર પછી એ પ્રસંગને અનુલક્ષીને લખાયેલી બીજી નવલકથાઓમાં શ્રી ધૂમકેતુની ‘કરણ વાઘેલો’ અને શ્રી મુનશીની ‘ભગ્ન પાદુકા’ મુખ્ય છે.

૧૯. રેણુકાનો શાપ

પૃ. ૮૯ અંતઃસ્રોતા [अन्तः (અંદર) + स्रोता (પ્રવાહવાળી)] જેનો પ્રવાહ ભૂમિની અંદર છે એવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણકદેવીનો શાપ : દંતકથા એવી છે કે ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે સોરઠ ઉપર સવારી કરી જૂનાગઢને ઘેરો ઘાલ્યો. એ ઘેરા દરમ્યાન ત્યાંના રાણા રા' ખેંગારના ભાણેજો જ ફૂટ્યા અને પરિણામે જૂનાગઢ પડ્યું, ખેંગાર હાર્યો અને મરાયો અને તેની રાણી રાણકદેવીને સિદ્ધરાજે કબજે લીધી. તે તેને લઈને પાટણ જતો હતો ત્યાં માર્ગમાં વઢવાણ આગળ તે સતી થઈ. ઇતિહાસમાં આનું સમર્થન મળતું નથી. સિદ્ધરાજે ખેંગારને હરાવી કેદમાં પૂર્યો એટલું ચોક્કસ છે. પાછળથી તેણે સિદ્ધરાજની આણ સ્વીકારતાં તેને છૂટો કર્યો હોય અને સોરઠ તરફ વળતાં વઢવાણ આગળ તેનું કોઈ કારણથી મોત થયું હોય અને ત્યાં તેની રાણી સતી થઈ હોય એમ બને.

રાણકનો અર્થ રેણુકા નથી. સર૦ સીતાનો શાપ અને સિકતાનો શાપ ફલ્ગુવાળા પ્રકરણમાં.

પૃ. ૯૦ યોમાઓ : આરાકાન યોમા, પેગુ યોમા. (બ્રહ્મી ભાષામાં યોમા એટલે પહાડ).

અલસ-લુલિત : [अलस (આળસથી ભરેલી) + लुलित (થાકેલા. ललित પાઠ હોય ત્યારે સુંદર.] ધીર ગતિએ અને થાકેલી રીતે ચાલે એવો અર્થ છે. એ શબ્દ 'ઉત્તરરામચરિત'ના ૧લા અંકના ૨૪મા શ્લોકમાં આવે છે :

अलस-लुलित-मुग्धानि अध्व-संजात-खेदात्
अशिथिल-परिरंभैर् दत्त-संवाहनानि ।
परिमृदित-मृणाली-दुर्बलानि अंगकानि
त्वम् अुरसि मम कृत्वा यत्र निद्राम् अवाप्ता ॥

પથ થકી અકડાયાં, થાકીને લોથપોથ,
મૃદુ વળી દૃઢ ભેટયે અંગ ચંપાયલાં જે,
અતિ મસળી મૃણાલિની સમાં દૂબળાં તે
મુજ ઉર પર નાખી જ્યાં તું ઊંઘી ગયેલી.

'લુલિત'નો અર્થ 'લોથ થઈ ગયેલાં' એવો વધારે અનુકૂળ છે.

અંત્યજોનો શાપ લઈને : તેમને પાણીની સગવડ ન આપીને.

એના વીરાના : શેત્રુંજા પર્વતના.

ખંડિતા : કાવ્યશાસ્ત્રમાં ગણાવેલી મુખ્ય આઠ નાયિકાઓમાંની એક. ઓર્ષ્યાકષાયિતા ઈર્ષ્યાએ ભરાયેલી સ્ત્રી. નાયક તરફથી આદર ન પામતાં ઘવાયેલી માનિની.

અહીં ખંડિતા એટલે જેનો પ્રવાહ ખંડિત થયો છે એવી એવો અર્થ પણ ખરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦. ઉંચાળીનો ધોધ

પૃ. ૯૨ નાગમોડી : નાગના જેવા વળાંકોવાળો, વાંકોચૂકો. શબ્દ મરાઠી છે. ગુજરાતીમાં વંકવોળામણો, વાંકોચૂકો, સર્પાકાર વગેરે શબ્દો વપરાય છે.

પૃ. ૯૩ સ્વાગતા : આગતા-સ્વાગતા, આતિથ્ય.

જવાપણું હતું : જવાનું હતું.

'જીપ' : યુદ્ધ દરમિયાન વપરાશમાં આવેલી, ખરાબ રસ્તો કાપવાને પૂરતી ખડતલ એવી મોટર ગાડી.

ઘનદાટ : [સં. घन = ગાઢું + મ० दाट = ગાઢું] ગાઢું

ઘનઘોર : [સં. घन = ગાઢું + સં. घोर = ભયંકર] ગાઢું અને ભયંકર.

પૃ. ૯૪ "જે થવાનું હશે . . . ०" : 'જે થવાનું હોય' એ રૂઢ ગુજરાતી પ્રયોગ છે.

પૃ. ૯૫ આટલાં ધોળાં પાણીમાં० નદીના નામ ઉપરથી આ સૂઝ્યું છે.

અવતાર કર્યો : નીચે ઊતર્યું.

પૃ. ૯૬ પદક્રમ : પગલાં મૂકવાં તે. સર૦

भयो त्रिविक्रम, कियो पदक्रम

अेक महीपर, बीजेको अंबर, वैजुके प्रभ

त्रीजेको शिर पर ॥

ચૂર : મગ્ન, તરબોળ. શબ્દ હિન્દી તેમ જ મરાઠીમાં આ અર્થમાં રૂઢ છે.

જીવનાવતાર : પાણીનું નીચે ઊતરવું તે.

સૂર્યનારાયણના આશીર્વાદ ઝીલવા : તડકો સહન કરવો.

A moving tapestry ० કેમ જાણે સફેદ સાટીન અને રૂપેરી તાર-કસબ-વાળા ભાતીગર કાપડના તાકા નહીં ઊકલતા હોય.

કટક : સંસ્કૃતમાં कटक = કડું, કંકણ. એ ઉપરથી આભૂષણ, ઘરેણું એવો અર્થ કરી શ્લેષ સાધ્યો છે.

સોનાના ઢાંકણથી० સર૦

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् । ઓશાવાસ્ય० ૧૫

આ જગત० મૂળ મંત્ર — ओशावास्यम्‌अिदं सर्वं यत्किञ्च जगत्यां जगत्।

પૃ. ૯૭ લીલી નીલાશ : નીલનો અર્થ કાળું, વાદળી, લીલું ચળકતું એમ જુદા જુદા રંગો સૂચવે છે એટલે અહીં જે નીલાશ હતી તે લીલા રંગની હતી એમ સૂચવવા પુનરુક્તિના આભાસનું જોખમ વહોરીને પણ લીલી વિશેષણ વાપર્યું છે. અંજીરમાં કે મખમલમાં જેમ બે રંગની છટાની રમત દેખા દે છે તેમ પાણીમાં પણ અનેક વાર દેખાય છે એનું પણ સૂચન અહીં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧. ગોકર્ણની યાત્રા

પૃ. ૧૦૦ કપિલાષષ્ઠી : ભાદરવા વદ છઠ, હસ્ત નક્ષત્ર, વ્યતિપાત અને મંગળવાર – એ યોગવાળો દિવસ. દર સાઠ વરસે આવતો દુર્લભ દિવસ.

પૃ. ૧૦૧ બંનેને કૃતાર્થ કર્યાં : પાણીમાં નવડાવ્યાં.

પૃ. ૧૦૩ ધાવા : સં. ધા = દોડવું. એ ઉપરથી મરાઠીમાં દેવને મદદે બોલાવવા માટે ગાયેલાં પદોને ધાવા કહે છે. દોડજે રે દોડજે, ધાજે રે ધાજે — એવો પોકાર જેમાં હોય એવાં પદો.

૨૨. ભરતની આંખે

પૃ. ૧૦૮ अद्य मे० આજે મારી યાત્રા સફળ થઈ, હું પાણીના પ્રસાદથી ધન્ય થયો. મૂળમાં त्वत् प्रसादतः હતું તે અહીં ફેરવી લીધું છે.

પૃ. ૧૧૦ કારભારી ભરત : રામને બદલે એ રાજ્ય સંભાળતો હતો માટે. भरणात् भरतः ।

સૂર્યવંશના જ હતા૦ એટલે એમને તડકાની નવાઈ ન હોય.

૨૩. વેળગંગા

પૃ. ૧૧૧ વેરૂળનો લીલો કુંડ : વેરૂળને અંગ્રેજીમાં 'ઇલોરા' કહે છે. એટલે એ નામ જ વધારે પ્રસિદ્ધ થયું છે. શિવાજીના પૂર્વજોનું એ ગામ. ત્યાં એક સુંદર કુંડ છે. એને વિશે એવી દંતકથા પ્રચલિત છે કે ઇલિચપુરના યેલુ નામના રાજાને કોઈ એવો રોગ થયો હતો જેને લીધે તેના શરીરમાં કીડા પડી ગયા હતા. ઘણા ઘણા ઉપાયો કરવા છતાં એ રોગ મટતો નહોતો. આખરે તેને એવી આકાશવાણી સંભળાઈ કે તું આ તીર્થમાં સ્નાન કર, એથી તારું શરીર સારું થઈ જશે. તેણે તે પ્રમાણે સ્નાન કર્યું અને તેનો રોગ મટી ગયો. તે જ રાજાએ વેરૂળની ગુફાઓ કોરાવવાનું શરૂ કર્યું હતું એમ પણ કહેવાય છે. શિયાળામાં એ કુંડનું પાણી લીલીછમ લીલથી છવાયેલું હોય છે એટલે લીલું દેખાય છે. એની ચારે કોર સુંદર પગથિયાં બાંધેલાં છે.

અપૌરુષેય : માણસને હાથે ન થઈ શકે એવી અદ્‌ભુત.

સીતાજીનો પ્રકૃતિસૌંદર્ય પ્રત્યેનો પક્ષપાત : રામ જ્યારે સીતાને મૂકીને વનમાં જવાની વાત કરે છે ત્યારે સીતા વનમાં કષ્ટો સહન કરવાની તૈયારી બતાવી રામ સાથે જવાને તૈયાર થાય છે અને કહે છે :

> फलमूलाशना नित्यं भविष्यामि न संशयः ।
> न ते दुःखं करिष्यामि निवसन्ति त्वया सदा ।।१६।।
> अग्रतस्ते गमिष्यामि भोक्ष्ये भुक्तवति त्वयि ।
> अिच्छामि परतः शैलान्पल्वलानि सरांसि च ।।१७।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्रष्टुं सर्वत्र निर्भीता त्वया नाथेन धीमता ।
हंसकारण्डवाकीर्णाः पद्मिनीः साधुपुष्पिताः ।।१८।।
अिच्छेयं सुखिनी द्रष्टुं त्वया वीरेण संगता ।
अभिषेक करिष्यामि तासु नित्यमनुव्रता ।।१९।।
सह त्वया विशालाक्ष रंस्ये परमनंदिनी ।
अेवं वर्षसहस्राणि शतं वापि त्वया सह ।।२०।।

અયોધ્યાકાંડ ૨૭,૧૬-૨૦

[હું હમેશાં ફળમૂળ ખાઈને રહીશ. તમને સાથે રહીને કદી દુઃખી નહીં કરું. હું તમારી આગળ આગળ ચાલીશ અને તમારા ખાધા પછી ખાઈશ. મને તમારી સાથે નિર્ભયપણે બધે ફરીને પર્વતો, સરો અને સરોવરો જોવાની બહુ ઇચ્છા છે. હંસ અને કારંડવોથી ભરેલાં સુંદર પુષ્પોવાળાં સરોવર તમારી સાથે રહીને જોઈને સુખ પામવાની મને ઇચ્છા છે. એ પદ્મભર્યાં સરોવરોમાં હું સ્નાન કરીશ, અને તેમાં તમારી સાથે હું રોજ રમીશ. એમ સેંકડો બલકે હજારો વર્ષ પણ મને ક્ષણ સમાન લાગશે.]

'ઉત્તરરામચરિત'માં ચિત્રદર્શન પછી સીતા પોતાનો દોહદ જણાવે છેઃ 'મને થાય છે કે જાણે પ્રસન્ન અને ગંભીર વનરાઈઓમાં વિહરી, જેનાં જળઝીલણ પાવનકારી, આનંદદાયક અને શીતળ છે એવાં ભગવતી ભાગીરથીમાં સ્નાન કરું.' બીજા અંકમાં રામ જનસ્થાન વગેરે પ્રદેશો જોઈને બોલે છે: 'હા, ખરે જ, વૈદેહીને વનો ગમતાં. તે જ આ અરણ્યો! આથી વળી વધુ ભયાનક શું હોય?

વસીશ હું તારી સાથે મધુગન્ધિ વનો મહીં;
એમ આનંદતી! એનો હતો સ્નેહ જ એહવો.

ત્રીજા અંકમાં પણ સીતાએ પાળેલા હાથીનું, મોરનું, કદંબનું, હરિણોનું વર્ણન આવે છે.

सीतादेव्या स्वकरकलितैः सल्लकीपल्लवाग्रैर्-
अग्रे लोलः करिकलभको यः पुरा वर्धितोऽभूत् ।
वध्वा सार्धं पयसि विहरन्सोऽयमन्येन दर्पाद्
अुद्दामेन द्विरदपतिना संनिपत्याभियुक्तः ।।६।।
સીતાએ દૈ નિજ કર-ચૂંટયાં સલ્લકીપત્ર કૂણાં
સામે ઊભો ગજશિશુ પુરા ઘેલુડો જે ઉછેર્યો,
પત્ની સંગે જળ વિહરતાં દર્પથી તેની સામે
આવી, યુદ્ધે મદભર ચઢયો અન્ય છે હસ્તીરાજ. –૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनुदिवसम् अवर्धयत् प्रियाते
यमचिरनिर्गतमुग्धलोलबर्हम् ।
मणिमुकुट अिवोच्छिखः कदम्बे
नदति स अेष वधूसखः शिखण्डी ॥१८॥

દિન દિન કરી જે પ્રિયે ઉછેર્યો,
નવતર પિચ્છ ઝુલાવતો જ, તે આ
મણિમુકુટ સમો કદમ્બશૃંગે
સખી સહ મોર, શિખા પ્રસારી, ટહૂકે. —૧૮

भ्रमिषु कृतपुटान्तर्मण्डलावृत्तिचक्षुः—
प्रचलित-चटुल भ्रू ताण्डवैर्मण्डयन्त्या ।
कर-किसलय तालैर्मुग्धया नर्त्यमानं
सुतमिव मनसा त्वां वत्सलेन स्मरामि ॥१९॥

ભ્રમણ તુજ મહીં ત્યાં ઘૂમતાં ગોળ પક્ષ્મે
પ્રિયદૃગ ચતુર ભ્રૂનર્તને સોહી રહેતાં.
કૂંપળ સમ કરે દે તાલ મુગ્ધા નચાવે;
સ્મરું છું સુત સમાણો ચિત્તવાત્સલ્યથી હું. ૧૯

कतिपयकुसुमोद्गमः कदम्बः
प्रियतमया परिवर्धितो य आसीत् ।
स्मरति गिरिमयूर अेष देव्याः
स्वजन अिवात्र यतः प्रमोदमेति ॥२०॥

કંઈક કુસુમવંત આ કદંબ
પ્રિય સખીએ મુજ જે હતો ઉછેર્યો,
સ્મરી સ્વજન સમો પ્રિયા તણો, તે
પર ગિરિમોર પ્રમોદ પામતો શો! — ૨૦

नीरन्ध्र-बाल-कदली-वन-मध्यवर्ति
कान्ता सखस्य शयनीय-शिलातलं ते ।
अत्र स्थिता तृणमदाद् बहुशो यदेभ्यः
सीता ततो हरिणकैर् न विमुच्यते स्म ॥२१॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ એ જ ગાઢ કદલીવનમાં તમારી,
કાન્તા જહીં સુહૃદ, એહ શિલા-પથારી;
સીતા તૃણો અહીંથી નીરતી કૈંક વાર,
તેથી નથી છૂટતી તે હરિણોથી ક્રમે. ૨૧

कर-कमल-वितीर्णैर्अम्बु-नीवार-शष्पैस्
तरु-शकुनि-कुरंगान् मैथिली यान् अपुष्यत् ।
भवति मम विकारस् तेषु दृष्टेषु कोऽपि
द्रव अिव हृदयस्य प्रस्तरोद्भेदयोग्यः ।।२५।।

કરકમલથી અર્પી નીર-સામો-તૃણો, જે
તરુ-વિહગ-કુરંગો મૈથિલીએ ઉછેર્યાં,
નીરખી નીરખી સૌ તે પામું હું કો વિકાર,
હૃદયદ્રવ સમો,–જે તોડી દે પથ્થરોય. ૨૫

પૃ. ૧૧૨ સુવર્ણમય બનાવી દે છે: પાકની સમૃદ્ધિ અને પાકનો પીળો રંગ બંનેનું સૂચન છે.

પૃ. ૧૧૩ જીવનમય: જીવનનો અર્થ પાણી પણ થાય છે.

પૃ. ૧૧૪ રામરક્ષાસ્તોત્ર: બુધ કૌશિક ઋષિએ બનાવેલું અત્યંત મનોહર અને લોકપ્રિય સ્તોત્ર.

शिरो मे राघवः पातु, **भालं** दशरथात्मजः ।।४।।
कौसल्येयो **दृशौ** पातु, विश्वामित्रप्रियः **श्रुती** ।
घ्राणं पातु मखत्राता, **मुखं** सौमित्रिवत्सलः ।।५।।
जिह्वा विद्यानिधिः पातु, **कंठं** भरतवन्दितः ।
स्कन्धौ दिव्यायुधः पातु, **भुजौ** भग्नेशकार्मुकः ।।६।।
करौ सीतापतिः पातु, **हृदयं** जामदग्न्यजित् ।
मध्यं पातु खरध्वंसी, **नाभिं** जाम्बवदाश्रयः ।।७।।
सुग्रीवेशः **कटिं** पातु, **सक्थिनी** हनुमत्प्रभुः ।
अुरू रघूत्तमः पातु, रक्षःकुल-विनाशकृत् । ।।८।।
जानुनी सेतुकृत्पातु, **जङ्घे** दशमुखान्तकः ।
पादौ विभीषणश्रीदः, पातु रामोऽखिलं वपुः ।।९।।

વ્યુત્થાન: સમાધિમાંથી ઊતરવું અને સામાન્ય સ્થિતિ પર આવવું તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪. ખેડૂત નદી ઘટપ્રભા

પૃ. ૧૧૫ અમારા તરફના : દક્ષિણ મહારાષ્ટ્રને અડીને આવેલા.

બાળકોનું : ખેડૂતોનું.

૨૫. કાશ્મીરની દૂધગંગા

પૃ. ૧૧૬ સરોવર તોડીને : "આજે જ્યાં કાશ્મીરનો રમણીય પ્રદેશ છે ત્યાં પુરાણકાળમાં સતીસર નામનું સુદીર્ઘ સરોવર હતું. હરમુખ પર્વત અને પીરપુંજાલ વચ્ચે આ સરોવર ફેલાયેલું હતું. પાર્વતી પોતે આ સરોવરમાં વિહાર કરતાં. પણ પછી ઘણા રાક્ષસો સરોવરમાં આવી ભરાયા. તેથી દેવોએ સતીસરનો નાશ કરવાનું નક્કી કર્યું. ભગવાન કશ્યપે વરાહની ઉપાસના કરી. વરાહે સંતુષ્ટ થઈ પોતાની દાતરડી વતી પહાડમાં ખીણ પાડી અને સતીસરનું પાણી 'વરાહમૂલમ્'ની ખીણમાંથી વિતસ્તા નદીને રૂપે વહેવા લાગ્યું. વિતસ્તા તે જ જેલમ; અને 'વરાહમૂલમ્' તે બારામુલ્લા."

— જીવનનો આનંદ (આ. ૨), પૃ. ૩૪૩

ઉપત્યકા : ખીણ. (એમ જ અધિત્યકા એટલે ઉચ્ચ પ્રદેશ tableland)

પૃ. ૧૧૭ સતી-કન્યા : સતીના પ્રદેશમાં જન્મેલી માટે.

૨૬. સ્વધુની વિતસ્તા

પૃ. ૧૧૭ 'દુનિયામાં જો કોઈ ઠેકાણે ૦ મૂળ ફારસી કડી આ પ્રમાણે છે :

અગર ફિરદૌસ બરરૂએ જમીનસ્ત,
હમીનસ્તો, હમીનસ્તો, હમીનસ્ત.

પૃ. ૧૧૮ એને કાંઠે એક મોટી વૈભવશાળી સંસ્કૃતિ ૦ અનંતપુર આગળ એક પ્રાચીન શહેરના અવશેષો એક ટેકરા આગળ દબાઈ રહેલા હતા તે હમણાં ખોદી ખુલ્લા કરવામાં આવ્યા છે.

ચિનાર : ફક્ત કાશ્મીરમાં જ ઊગનાર મહાવૃક્ષ. એનાં પાંદડાં એરંડાનાં પાંદડાંના જેવાં પણ મોટાં અને ઘેરાં હોય છે.

બુતશિકન : [બુત = મૂર્તિ, શિકન = ભાંગનાર] મૂર્તિભંજક. બુતપરસ્ત = મૂર્તિપૂજક.

ગાઝી : [અ.] ધર્મને માટે યુદ્ધે ચડનાર મુસલમાન. ધર્મને માટે યુદ્ધમાં ખપી જનાર તે શહીદ. સર૦ જીતે તો ગાઝી ને મરે તો શહીદ.

પૃ. ૧૧૯ सर्वतः संप्लुतोदके ૦ ચારે બાજુએ પાણીની રેલ આવી હોય ત્યારે. ગીતા ૨–૪૬.

ભૂંડના દાંત જેવું : વરાહમૂલમ્ ઉપરથી આ ઉપમા સૂઝી લાગે છે.

પૃ. ૧૨૦ નિર્માલ્ય : દેવને ચડાવીને ફેંકી દીધેલાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ કરતાં લાંબી બાંયવાળા : "કાશ્મીરની હવા બહુ જ ઠંડી હોય છે. . . . . . આની સામે ત્યાંના લોકોએ રમૂજી ઉપાયો યોજ્યા છે. પટ્ટુના લાંબા લાંબા ડગલા પહેરે છે, એટલું જ નહીં, પણ ડગલાની બાંય હાથની આંગળીઓ કરતાં પણ વેંત બે વેંત લાંબી રાખે છે. નિશાળે જતો છોકરો એક બે ચોપડી હાથમાં લે તોપણ તે બાંયની અંદર ઢંકાઈ જાય! છોકરાને કાંઈ ખાવું હોય તોપણ બનતા સુધી બાંયમાંથી હાથ બહાર કાઢતા નથી. ખાવાની વસ્તુ બાંયના કપડા વતી પકડીને જ પતાવી દે છે."

—'જીવનનો આનંદ' (આ. ૨.), પૃ. ૩૫૩

વુલર : કાશ્મીરનું એક વિશાળ સરોવર.

પૃ. ૧૨૧ અર્થવાદ : મુખ્ય વિષયને સ્પષ્ટ કરવા કે તેનું ગૌરવ બતાવવા લખેલો ભાગ, સ્તુતિ.

સ્વર્ધુની : [स्वर्=સ્વર્ગ+ધુની=નદી] સ્વર્ગની નદી.

૨૭. સેવાવ્રતા રાવી

પૃ. ૧૨૧ શિષ્ટમંડળ : ડેપ્યુટેશન.

પૃ. ૧૨૨ સ્વામી રામતીર્થ : એમનું પૂર્વાશ્રમનું નામ તીરથરામ હતું. એમનું વિસ્તૃત જીવનચરિત્ર સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયે પ્રગટ કરેલું છે. શ્રી કાકાસાહેબની લેખક તરીકેની કારકિર્દીની શરૂઆત ત્રીસ વર્ષ ઉપર એમણે મરાઠીમાં લખેલા સ્વામી રામતીર્થના ચરિત્ર અને લેખસંગ્રહથી થઈ હતી, એ નોંધવા જેવી વાત છે.

અર્જુનદેવ [૧૫૬૩–૧૬૦૬]: પાંચમા શીખગુરુ. આદિ ગ્રંથની રચના એમણે જ કરી. તેમાં પહેલાં થઈ ગયેલા ગુરુઓ અને અન્ય સંતોની વાણી સંગ્રહવામાં આવી છે. એમના દુશ્મનોએ બાદશાહ આગળ એવી ફરિયાદ કરી કે એ ગ્રંથમાં હિંદુ તેમ જ ઇસ્લામ ધર્મની નિંદા કરવામાં આવી છે. પણ અકબરે એના કેટલાક ભાગો જોઈ એમને છોડી મૂક્યા અને એમનું ખૂબ સન્માન કર્યું. જહાંગીરના વખતમાં એમના દુશ્મનોએ ફરી એમને વિષે ફરિયાદ કરી. જહાંગીર પોતાના પુત્ર ખુશરોને કેદ પકડવા માગતો હતો ત્યારે તે ભાગતો ભાગતો અર્જુનદેવને આશ્રયે આવ્યો હતો અને તેમણે તેને રાખ્યો હતો. એને રાજદ્રોહ ગણાવી બાદશાહ પાસે એમને બે લાખ રૂપિયાનો દંડ કરાવ્યો. એમણે દંડ ભર્યો પણ નહીં અને કોઈને ભરવા દીધો પણ નહીં. આથી એમને જેલમાં પૂરી અનેક ઘાતકી રીતે રિબાવી રિબાવીને મારી નાખવામાં આવ્યા. તલવારના જોર વગર પોતાનો પંથ ટકવાનો નથી એવું સમજીને એમણે પોતાના પુત્રને સશસ્ત્ર ગાદી ઉપર બેસવાનો અને બને તેટલું લશ્કર રાખવાનો આદેશ પાઠવ્યો. આને લીધે શીખોના ઇતિહાસને નવું જ વલણ મળ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણજિતસિંહ [૧૭૮૦–૧૮૩૯]: શીખોના રાજા. અહમદશાહ અબ્દાલી પછી પંજાબ પ્રાંત પાછો શીખોના હાથમાં આવ્યો પણ તેનાં નાનાં નાનાં રાજ્યો પડી ગયાં અને તે માંહોમાંહે લડવા લાગ્યાં. તેર વરસની વયે ગાદીએ આવનાર રણજિતસિંહે ઓગણીસ વર્ષની વયે બધાં શીખ રાજ્યોનું આધિપત્ય પોતાના હાથમાં લીધું. અંગ્રેજો પણ એમનાથી ડરીને ચાલતા. ૧૮૨૩માં જ્યારે એમણે પેશાવર પ્રાંત જીતી લીધો ત્યારે તે પાછો અપાવવા માટે દોસ્ત મહંમદે અંગ્રેજોને ખૂબ કહ્યું હતું પણ તેમણે કશું કર્યું નહીં. ૪૦ વર્ષ સુધી સતત પરિશ્રમ કરી એમણે શીખોમાં લશ્કરી તાકાત પેદા કરી હતી. એમ કહેવાય છે કે જ્યારે રણજિતસિંહ અટક નદી ઓળંગીને આગળ જવા લાગ્યા ત્યારે તેમના ગુરુએ કહ્યું કે હિંદુઓને અટક ઓળંગવાની આજ્ઞા નથી, ત્યારે એમણે એવો ઉત્તર દીધો કે,

સબૈ ભૂમિ ગોપાલકી તામેં અટક કહાં?
જાકે મનમેં અટક હૈ, વોહી અટક રહા.

અને આખું અફઘાનિસ્તાન જીતી લીધું.

પૃ. ૧૨૪ અપ્સરા: [अप्=પાણી + सृ=સરવું=પાણીમાં સરનાર, વિહરનાર] ગંધર્વોની સ્ત્રી. એમને પાણીમાં રમવું ખૂબ ગમે છે માટે આવું નામ પડ્યું છે. રામાયણમાં એમની ઉત્પત્તિ આ પ્રમાણે આપી છે:

अप्सु निर्मथनादेव रसात्तस्माद्वरस्त्रिय:।
उत्पेतुर्मनुजश्रेष्ठ तस्मादप्सरसोऽभवन्।।

ઋષિની પેઠે: દેવોના રક્ષણ માટે ઇન્દ્રનું આયુધ તૈયાર કરવા પોતાનાં અસ્થિ આપનાર દધીચિ ઋષિની પેઠે.

પાર્વતીય: પર્વતમાં જન્મેલાં.

परोपकाराय० આ શરીર પરોપકાર માટે છે.

૨૮. સ્તન્યદાયિની ચીનાબ

પૃ. ૧૨૫ જહાંગીરની વિલાસિતા: પછીના વાક્યમાં સ્પષ્ટ થાય છે.

પૃ. ૧૨૬ મારા જીવનની સ્મૃતિ: સને ૧૯૧૧–૧૨માં.

૨૯. જમ્મુની તવી

પૃ. ૧૨૭ વિગ્રહ: યુદ્ધ. છૂટા પાડવું તે.

સંધિ: સમાધાન. ભેગા કરવું તે. નદીની બાબતમાં પાછલો અર્થ જ ઉદ્દિષ્ટ છે.

રાજનીતિમાં કાર્યસિદ્ધિના છ માર્ગો કહેલા છે: ૧. સંધિ. ૨. વિગ્રહ. ૩. યાન (ચડાઈ). ૪. સ્થાન અથવા આસન (મુકામ કરવો તે). ૫. સંશ્રય (આશ્રય લેવો તે). ૬. દ્વૈધ અથવા દ્વૈધીભાવ (બેવડી રમત).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મરતિ, આત્મક્રીડ૦ : મુંડકોપનિષદમાં શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞનું વર્ણન કરતાં કહેલું છે : आत्मक्रीड आत्मरतिः क्रियावान् अेष ब्रह्मविदां वरिष्ठः ॥ मुण्डक ३–१–४ ॥ આત્મામાં ખેલનાર, આત્મામાં રમનાર ક્રિયાવાન પુરુષ બ્રહ્મજ્ઞોમાં શ્રેષ્ઠ છે.

આત્મન્યેવ૦ ગીતાના નીચેના શ્લોક ઉપરથી :

यस्त्वात्मरतिरेव स्यात् आत्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टः तस्य कार्यं न विद्यते ॥ ३–१७

[જે મનુષ્ય આત્મામાં જ રમનારો છે, જે તેથી જ તૃપ્ત રહે છે અને તેમાં જ સંતોષ માને છે તેને કાંઈ કરવાપણું નથી હોતું.]

૩૦. સિંધુનો વિષાદ

પૃ. ૧૨૮ માનદંડ : માપવાનો દંડ, ગજ. મહાકવિ કાલિદાસના 'કુમાર-સંભવ' મહાકાવ્યના પહેલા શ્લોકમાં હિમાલય માટે આ શબ્દ વાપર્યો છે :

अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः ।
पूर्वापरौ तोयनिधीवगाह्य स्थितः पृथिव्याम् अिव मानदण्डः ॥

[ઉત્તર દિશામાં દેવોનો જેમાં વાસ છે એવો હિમાલય નામે નગાધિરાજ પૃથ્વીને માપવાના ગજની પેઠે પૂર્વ અને પશ્ચિમ સાગરમાં નાહતો ઊભો છે.]

આડાઈ : આ શબ્દના બે અર્થ થાય છે એમાં એની ખૂબી રહેલી છે.

પંજાબની પાંચ નદીઓ : જેલમ, ચીનાબ, રાવી, બિયાસ અને સતલજ.

યુક્ત પ્રાંતની પાંચ નદીઓ : ગંગા, યમુના, ગોમતી, સરયૂ, ચંબલ.

અતિભારતીય : કેવળ ભારતમાં જ નહીં, પણ તેની સીમા બહાર પણ વહેતી એ બંને નદીઓ ભારતવર્ષની બહારથી ભારતમાં આવે છે, એટલે કે ભારતવર્ષની સીમાને અતિક્રમીને = વટાવીને વહે છે માટે તેમને અતિ-ભારતીય કહી છે.

વૈદિક સપ્તસિંધુ : વેદમાં જેમનો ઉલ્લેખ છે એવી સાત નદીઓ, વિતસ્તા (જેલમ), અસિક્ની કે ચંદ્રભાગા (ચીનાબ), પરુષ્ણી કે ઇરાવતી (રાવી), શતદ્રુ (સતલજ), વિપાશા (બિયાસ; વ્યાસ), સિંધુ અને સરસ્વતી.

પ્રાચીન આર્યો . . . આફતમાં આવી પડ્યા : હિંદ ઉપર થયેલા લગભગ બધા જ હુમલા એ દિશામાંથી થયા હતા.

પૃ. ૧૨૯ પરોપનિસદી : અફઘાનિસ્તાનના. ગ્રીક ભાષામાં અફઘાનિસ્તાનને 'પરોપનિસદ' કહે છે.

યવન : આ શબ્દ Ionian Greeksના પ્રથમ શબ્દ ઉપરથી આવ્યો છે.

બાલ્હીક : બલ્ખ, બૅક્ટ્રિયા. બાલ્હીક શબ્દ વેદમાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રીય સરહદ: લશ્કરી દૃષ્ટિએ વિચારતાં હિંદના સંરક્ષણ માટે જરૂરી લાગતી. આક્રમકોને ફાવતું આવે એવું Strategic frontierનું એક નવું તૂત આજકાલ નીકળ્યું છે.

રાણી સેમીરામીસ [ઈ. સ. પૂર્વે ૮૦૦ની આસપાસ]: અસીરિયાની પુરાણપ્રસિદ્ધ રાણી. બાબિલોન એણે સ્થાપ્યું હતું એમ કહેવાય છે. નિનેવેહના સ્થાપનાર એના પતિ નીનસ કરતાં પણ એ વધુ પરાક્રમી હતી એમ મનાય છે. બાળપણમાં એને એની માતાએ તજી દીધી હતી અને કબૂતરોએ ઉછેરી હતી. પહેલાં એ નીનસના એક સેનાપતિને પરણી હતી. પણ પાછળથી નીનસની નજર એના ઉપર ઠરતાં એના પતિએ આપઘાત કર્યો અને એ નીનસને પરણી, અને તેના પછી એ જ ગાદીએ આવી. ઉત્તરવયમાં એણે પોતાના પુત્રને ગાદીએ બેસાડ્યો હતો.

ફારસ: ઈરાન.

સુવર્ણ કરભાર: ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં ઈરાનના શાહેનશાહ પહેલા દરાયસે સિંધ કબજે કર્યું હતું અને તેની પાસે વાર્ષિક ૧૮૫ હંડરવેટ (=૫૧૫ાા મણ) સોનાની ખંડણી લીધી હતી, તેનો અહીં ઉલ્લેખ છે.

યુએચી: ઈ. સ. પૂર્વે પહેલા સૈકાની આસપાસમાં શકોને ઉત્તર હિંદમાંથી દક્ષિણમાં હાંકી કાઢી ત્યાં સામ્રાજ્ય સ્થાપનાર મધ્ય એશિયાના કુશાન લોકો. એમાંના ઘણાખરાએ બૌદ્ધ અને કેટલાકે હિંદુ ધર્મ સ્વીકારી લીધો હતો. વિખ્યાત બૌદ્ધ સમ્રાટ કનિષ્ક જાતે કુશાન હતો. કુશાન સામ્રાજ્યના જાહોજલાલીના દિવસોમાં એનો વિસ્તાર એટલો હતો કે એમાં પશ્ચિમ એશિયાનાં બુખારા અને અફઘાનિસ્તાન, મધ્ય એશિયાનાં કાશગર, યારકંદ અને ખોતાન તેમ જ હિંદનાં કાશ્મીર, પંજાબ અને પૂર્વમાં બનારસ સુધીનો તથા દક્ષિણમાં વિંધ્ય સુધીનો બધો પ્રદેશ આવી જતો હતો.

હૂણ: ઈ. સ.ના પાંચમા છઠ્ઠા સૈકામાં હિંદ ઉપર ઉપરાઉપરી હુમલા કરી માળવા, સિંધ, અને સરહદ પ્રાંતમાં રાજ્ય જમાવનાર શ્વેત હૂણો. એ લોકોએ જ યુરોપમાં પણ ઍટિલાની સરદારી હેઠળ જબરો કેર વર્તાવ્યો હતો. અહીં પણ એમના કેરથી ત્રાસીને આખરે આર્યાવર્તના બધા રાજાઓ બાલાદિત્ય અને યશોધર્માની સરદારી હેઠળ એકઠા થયા અને તેમણે હૂણ રાજા મિહિરગુલને હરાવીને કેદ પકડ્યો. ત્યાર પછી થોડાં વર્ષો બાદ એ હુમલા અટક્યા. હૂણોનું રાજ્ય હિંદમાં અર્ધા સૈકા સુધી રહ્યું હતું.

ગિરગિટ: શ્રીનગરની વાયવ્યે ૧૨૫ માઈલ ઉપર ૪૮૯૦ ફૂટની ઊંચાઈએ આવેલું એ નામના જિલ્લાનું મુખ્ય મથક. એની આસપાસ બૌદ્ધ અવશેષો આવેલા છે. અંગ્રેજીમાં એને 'ગિલગિટ' કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રાલ : વાયવ્ય પ્રાંતમાં આવેલું એ નામના રાજ્યનું મુખ્ય શહેર.

સ્વાત : પંજકોરાને મળતી એક નાની નદી.

સફેદ કોહ : પર્વતનું નામ. કોહ = પર્વત. સર૦ કોહ-ઇ-નૂર = તેજનો પર્વત.

બૅક્ટ્રિયા : બલ્ખ.

પૃ ૨૩૦. કર્નલ યંગહસ્બંડ : સર ફ્રાંસિસ એડવર્ડ યંગહસ્બંડ [૧૮૬૩–] પંજાબમાં મરી ખાતે જન્મ. જાતે ઍંગ્લો ઇન્ડિયન. ૧૮૮૨માં લશ્કરમાં જોડાયો. ૧૮૯૦માં પોલિટિકલ ખાતામાં બદલી થઈ. ૧૮૮૬માં મંચૂરિયામાં શોધખોળ કરી. ૧૮૮૭માં ચિનાઈ તુર્કસ્તાનને રસ્તે પેકિંગથી હિંદુસ્તાન સુધીનો પ્રવાસ કર્યો. ૧૮૯૩–૪ ચિત્રાલમાં પોલિટિકલ એજન્ટ. ૧૮૯૫માં ચિત્રાલની લડાઈ વખતે 'ટાઇમ્સ'ના ખબરપત્રી તરીકે કામ કર્યું. ૧૯૦૩–૪માં બ્રિટિશ મંડળ સાથે લ્હાસા ગયા. પૂર્વના દેશો વિષે અનેક પુસ્તકો લખ્યાં છે. રૉયલ જ્યૉગ્રાફિકલ સોસાયટીના પ્રમુખ ૧૯૧૯.

વિસ્તૃત જીવન માટે જુઓ 'ફ્રાંસિસ યંગહસ્બંડ, એક્સ્પ્લોરર ઍન્ડ મિસ્ટિક'—જ્યૉર્જ સ્વીવર.

અમીર અમાનુલ્લાએ૦ હિંદમાં રૉલેટ બિલ સામે પ્રચંડ આંદોલન જાગ્યું હતું તે જ અરસામાં ૧૯૧૯ના એપ્રિલમાં અફઘાનિસ્તાનના અમીરે હિંદ ઉપર કરેલી ચડાઈનો અહીં ઉલ્લેખ છે. દસ જ દિવસમાં અફઘાનોને સખત હાર મળી અને તેમણે સુલેહની માગણી કરી. લંબાણ વાટાઘાટો પછી ૮મી ઑગસ્ટે રાવળપિંડી ખાતે સુલેહના કરારો ઉપર સહી થઈ.

ઉનાળાની ઘેલછામાં : એ વખતે ઉનાળો હતો, અને કામ અવિચારી હતું માટે. ઉનાળાની ગરમીમાં હુમલો કરશું તો અંગ્રેજો ટકી શકવાના નથી એવી અમીરની ગણતરી હતી. પણ તે ખોટી ઠરી અને અંગ્રેજોએ એ સાહસને 'મિડ-સમર મૅડનેસ'નું નામ આપ્યું.

પરમ દિવસે : મરાઠી પ્રયોગ. ગુજરાતીમાં પેલે દિવસે કહીએ છીએ.

કોહાટની ક્રૂરતા : ૧૯૨૪ના સપ્ટેમ્બરની ૯મી તથા ૧૦મી તારીખે કોહાટમાં બનેલા બનાવોનો અહીં ઉલ્લેખ છે. ધર્માંતર અને અપહરણોને કારણે ત્યાં વાતાવરણ તંગ તો હતું જ, તેવામાં ત્યાંની સનાતન ધર્મ સભાના મંત્રીએ એક ચોપાનિયું પ્રગટ કર્યું જેને લીધે મુસલમાનોની લાગણી ખૂબ ઉશ્કેરાઈ. તરત જ હિંદુઓએ જાહેર રીતે દિલગીરી વ્યક્ત કરી તથા ચોપાનિયાની બાકીની નકલો જાહેરમાં બાળી નાખી. તેમ છતાં મુસલમાનોને સંતોષ થયો નહીં અને તેમણે સરકારને સખત પગલાં લેવા દબાણ કર્યું. રાતે મસીદમાં ભેગા થઈ કેસરિયાં કરવાના કસમ લીધા. ૯મીએ સનાતન સભાના મંત્રીને ભારે જામીન ઉપર મુકદ્દમાના દિવસ પહેલાં જ છોડવામાં આવ્યા અને તોફાન શરૂ થયું. એની શરૂઆત કેવી રીતે થઈ એ વિષે મતભેદ છે પણ શરૂ થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી સામસામા ગોળીબાર થયા. આખા હિંદુ મહોલ્લાને આગ લગાડવામાં આવી, પોલીસે અને લશ્કરે પણ ગોળીબાર કર્યા અને એ બધાને પરિણામે જાનમાલનું પારાવાર નુકસાન થયું. બધા હિંદુઓને સરકારી રક્ષણ હેઠળ કેન્ટોન્મેન્ટમાં અને ત્યાંથી તેમની માગણીથી રાવળપિંડી લઈ જઈને રાખવામાં આવ્યા. બેલગામ મહાસભાએ આ સંબંધમાં કરેલા ઠરાવમાં હિંદુઓને એવી સલાહ આપી હતી કે કોહાટના મુસલમાનો તેમને માનપૂર્વક પાછા બોલાવે અને તેમના જાનમાલની સલામતીની ખાતરી આપે તો જ તેમણે પાછા જવું.

કુરમ : સુલેમાન પર્વતમાંથી નીકળી સિંધુને મળતી નદી. વૈદિક નામ ક્રુમુ.

ડેરા ઇસ્માઈલખાન : લાહોરની પશ્ચિમે ૧૨૫ માઈલ ઉપર આવેલું વાયવ્ય સરહદ પ્રાંતનું શહેર. અહીંથી ગોમલઘાટ મારફતે અફઘાનિસ્તાન સાથે વેપાર ચાલે છે. સુતરાઉ કાપડ અને વેલપત્તીના કામ માટે પ્રસિદ્ધ છે.

ડેરા ગાઝીખાન : ભાગલપુરની વાયવ્યે ૭૦ માઈલ ઉપર આવેલું પંજાબનું શહેર. સિંધુની રેલથી એને પારાવાર નુકસાન થતું હતું, તેથી ૧૮૯૧માં પથ્થરનો બંધ બાંધવામાં આવ્યો હતો. અહીંની કેટલીક મસીદો પ્રખ્યાત છે.

લાહોરનો વૈભવ : અકબર અને તેના વંશજોના જમાનામાં લાહોરની જાહોજલાલી ઘણી હતી. વઝીરખાનની મસ્જિદ, જામી મસ્જિદ, શીશ મહાલ, રણજિતસિંહની મહેલાતો અને શહેર બહાર શાહદરામાં આવેલી શહેનશાહ જહાંગીરની કબર અને શાલીમાર બાગ આજે પણ એની સાખ પૂરે છે.

વ્યાસ : બિયાસ, વિપાશા : વસિષ્ઠ મુનિના સો પુત્રોને રાક્ષસ ખાઈ ગયો એટલે તેઓ પુત્રશોકથી વિહ્વળ થઈ જઈને દેહત્યાગ કરવાના ઇરાદાથી જાતે બંધાઈને એ નદીમાં પડ્યા હતા, પરંતુ એણે તેમને વિપાશ એટલે કે પાશમુક્ત કર્યા હતા તેથી એ વિપાશા નામે ઓળખાય છે.

त्यागाय संभृतार्थानाम् : 'રઘુવંશ' કાવ્યની શરૂઆતમાં મહાકવિ કાળીદાસ રઘુઓનું વર્ણન કરતાં તેમની અનેક વિશેષતાઓ ગણાવે છે તેમાંની આ એક છે. જેઓ ત્યાગ = દાન માટે સંભૃત અર્થ = ધન ભેગું કરનારા છે, એવા રઘુઓના વંશની કીર્તિ હું ગાવા ઇચ્છું છું.

એમાંથી ગમે તેટલું ૦ 'વાહ' એટલે કે નહેરના રૂપમાં.

ઉદારતા : પહોળાઈ ?

રોહરી શરીફ : મક્કા શરીફ પેઠે. જ્યાં સો કે હજાર ઓલિયાનાં કબરસ્તાન હોય તે સ્થાનના નામ આગળ શરીફ એવું આદરસૂચક બિરુદ લગાડવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૧૩૧ પિટર્સબર્ગ : રશિયાની પશ્ચિમી રાજધાની. એને સેંટ પિટર્સબર્ગ પણ કહેતા. ત્યાર પછી પેટ્રોગ્રાડ થયું અને આજે એને લેનિનગ્રાડ કહે છે.

મંચર : જુઓ 'મંચરની જીવનવિભૂતિ', પૃ. ૧૩૨.

જયદ્રથના કાળમાં : મહાભારત કાળમાં. જયદ્રથ સિંધુ દેશનો રાજા હતો.

દાહિર : [૬૪૫–૭૧૨] સિંધનો બ્રાહ્મણ રાજા. જચ્ચનો પુત્ર. સિંધ પ્રાંતને અડીને આવેલા ખિલાફતના પ્રાંતના સૂબેદાર હજ્જાજને એણે અનેક વાર હરાવ્યો હતો. ત્યાર પછી મહંમદ બિન કાસમ નામના સત્તર વર્ષના સેનાપતિને એની સામે મોકલવામાં આવ્યો હતો. તેની સામેના યુદ્ધમાં એનો હાથી ભડકવાને પરિણામે એ માર્યો ગયો, એનું લશ્કર ભાગી ગયું અને ત્યારથી મુસલમાનોએ હિંદમાં પ્રવેશ કર્યો. એની રાણી લાડી સાથે મહંમદે લગ્ન કર્યાં. અને એની બે કુંવારી પુત્રીઓને ખલીફાને નજરાણામાં મોકલી આપી.

જચ્ચ : [૪૯૭–૬૩૭] ઉપર કહેલા દાહિરનો પિતા. એના વંશનો ઇતિહાસ ફારસીમાં લખાયેલ 'ચચનામા'માં મળે છે. એ ભારે શૂર હતો. એણે પોતાના રાજ્યની હદ ઠેઠ કાશ્મીર સુધી પહોંચાડી હતી. એ મૂળ તો સિંધના આરોર ગામના અગ્નિહોત્રી બ્રાહ્મણ શૈલજનો પુત્ર હતો. શરૂઆતમાં એ સિંધના રાજાના મંત્રીનો કારકુન થયો અને પછી ચડતો ચડતો પહેલાં વડો પ્રધાન અને પછીથી રાજા થયો અને રાણી સાથે પરણ્યો. બ્રાહ્મણાબાદના લુહાણા રાજાને ખંડિયો બનાવી ત્યાંના બૌદ્ધ ધર્મીઓ ઉપર એણે કરડો અમલ ચલાવ્યો હતો.

અનાચાર : સિંધના એક બ્રાહ્મણ રાજાને જ્યોતિષિએ કહ્યું કે તારી બહેનનો દીકરો તારું રાજ્ય પડાવશે. એટલે એના ઉપાય તરીકે એણે પોતાની બહેન જોડે જ લગ્ન કર્યાં ! બીજા રાજાએ એક સતી ઉપર અત્યાચાર કરેલો. આ બ્રાહ્મણ રાજાઓના ત્રાસથી લોકો એવા ત્રાસી ગયા હતા કે મહંમદ બિન કાસમને જાટ અને મેડ લોકોએ જ ખૂબ મદદ કરી હતી.

મહંમદ બિન કાસિમ : સિંધ પ્રાંત જીતી ખિલાફતમાં સામેલ કરનાર કિશોર સેનાપતિ. દાહિર સાથેના યુદ્ધ બાદ એણે તેની બે પુત્રીઓને ખલીફા વલીદને નજરાણા તરીકે મોકલી આપી હતી. એમાંની એક સાથે લગ્ન કરવાની ખલીફાએ ઇચ્છા વ્યક્ત કરી ત્યારે તેમણે એવું કહ્યું કે મહંમદે અમને ભ્રષ્ટ કરેલી છે એટલે અમે એ માનને લાયક નથી. આથી ખલીફાએ ચિડાઈને મહંમદને એવો હુકમ ફરમાવ્યો કે દેખત કાગળે તારે ગાયના ચામડામાં સિવાઈને મારી સામે રજૂ થવું. મહંમદે ખલીફાની આજ્ઞા અક્ષરશઃ પાળી. સિવાયા પછી બીજે દિવસે તે મરણ પામ્યો. જ્યારે તેનું શબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ હાલતમાં રજૂ થયું ત્યારે છોકરીઓએ ખલીફાને સાચી વાત જણાવી કે અમે તો અમારા વંશનું વેર લેવા માટે જૂઠું બોલી હતી. ખલીફે એ બંનેને પણ ગરદન મરાવી.

સર ચાર્લ્સ નેપિયર: [૧૭૮૨–૧૮૫૩] ૧૮૦૮માં સ્પેનમાં મૂર લોકો સામે લડેલો, અને કોરૂનામાં કેદ પકડાયેલો. ૧૮૧૩માં અમેરિકા સામે લડેલો. ૧૮૧૫માં નેપોલિયન સામે લડેલો. કવિ બાયરનનો એ મિત્ર હતો. ૧૮૪૧માં હિંદ આવ્યો. ૧૮૪૨માં સિંધના લશ્કરની આગેવાની લીધી, અને એ જ વર્ષને અંતે ઇમામગઢના કિલ્લાનો કબજો લીધો. ૧૮૫૪માં મિયાણીનું યુદ્ધ જીત્યો. મીરપુરના શેરમોહંમદને હરાવી ભગાડી મૂક્યો. ૧૮૪૪–૪૫માં સિંધની પહાડી જાતિઓને તાબે કરી. ૧૮૪૭માં સિંધ સરકારમાંથી છૂટો થયો. ૧૮૪૯માં હિંદનો સર સેનાપતિ થયો. ડેલહાઉસી સાથે મતભેદ થતાં રાજીનામું આપી ઘેર ગયો. ૧૮૫૩માં અવસાન. અન્યાયથી સિંધ કબજે કર્યા પછી આ સિપાઈએ રિપોર્ટ કર્યો: 'I have sinned (sind).' મેં સિંધ કબજે કર્યું છે.

પૃ. ૧૩૨ તરસ્વી: વેગીલો.

રેલને ઘોડા કે હાથીની ઉપમા: નદીમાં જ્યારે એકદમ મોટું પૂર આવે છે, પાણી જ્યારે ઘોડાની પેઠે ધસતું આવે છે ત્યારે તેને ઘોડાપૂર કહે છે, અને એ પૂરનો મોખરાનો ભાગ પાણીની ભીંત રૂપે આગળ ધસતો હોય છે, તેને ઘોડો કહે છે. ઘોડા જેટલું ઊંચું પૂર તે ઘોડાપૂર, અને હાથી જેટલું ઊંચું પૂર તે હાથીપૂર અથવા ઘોડાને તાણી જાય તે ઘોડાપૂર અને હાથીને તાણી જાય તે હાથી પૂર – એવી કંઈક કલ્પના આ નામો પાછળ હોવી જોઈએ.

તારાઓ: તરનારાઓ.

સુહિણી: એ એક ધનવાન કુંભારની દીકરી હતી. બુખારાનો એક ખાનદાન મોગલ યુવાન મેહાર એના પ્રેમમાં પડ્યો હતો, અને એને મળી શકાય માટે વેશપલટો કરીને એના બાપને ત્યાં નોકર રહ્યો હતો. બંને વચ્ચે પ્રેમગાંઠ બંધાવા લાગી પણ એ એના પિતાને શી રીતે રુચે? આથી તેણે મેહારને છૂટો કર્યો. તે સિંધુને સામે કાંઠે જઈ રહ્યો. સુહિણી રોજ રાતે માટીના ઘડાને આધારે સિંધુ તરીને મેહારને મળવા જતી. આ વાતની જાણ થતાં જ એક દિવસ રાતે એના ઘડાને ઠેકાણે કાચો ઘડો મૂકવામાં આવ્યો. એ તો પ્રેમની મસ્તીમાં ઘડો લઈને સિંધુમાં પડી પણ થોડે જતાં જ ઘડો ઓગળવા લાગ્યો અને એણે મેહારને સાદ પાડ્યો. સામે કાંઠેથી તે એને બચાવવા દોડ્યો તો ખરો પણ બચાવી ન શક્યો અને બંને પ્રેમીઓ ભેગાં જળસમાધિ પામ્યાં. જુઓ લેખકની વાર્તા 'સતી કે કુલટા'—'પ્રેમ કથાઓ' પ્રકાશક: વોરા ઍન્ડ કંપની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧. મંચરની જીવનવિભૂતિ

પૃ૦ ૧૩૩ દિશો ન જાને૦ : હું નથી દિશા જાણતો, નથી શાંતિ પામતો.

ઇદાનીમ્૦ : હવે હું શાંત થયો છું અને ઠેકાણે આવ્યો છું.

પૃ. ૧૩૪ સ્વપ્નસૃષ્ટિ પર : ખાધું પીધું ને રાજ્ય કીધું એમ કહેવાય છે તેમ કહેવા માટે અહીં સ્વપ્નસૃષ્ટિનો આશરો લેવો પડ્યો છે. નિદ્રા લીધી. આ જ પ્રયોગ હિમાલયના પ્રવાસમાં પણ આવે છે.

ઘટમાળ : રેંટ.

પૃ. ૧૩૫ અજગરોની ઉપાસના કરતા હતા : અજગર ભારે આળસુ ગણાય છે. તે ઉપરથી આળસની ઉપાસના કરતા હતા એવો અર્થ.

રૈહાના બહેન : શ્રી અબ્બાસ તૈયબજીનાં પુત્રી. ભક્તહૃદયી અને સુકંઠ ગાયિકા. એમનું 'Heart of a Gopi' એ પુસ્તક પ્રખ્યાત છે. એનું ભાષાંતર ફ્રેંચ તથા પોલિશ ભાષામાં પણ થયું છે. હિંદીમાં 'ગોપીહૃદય' તરીકે પ્રસિદ્ધ થયું છે. ગુજરાતીમાં શ્રી બ. ક. ઠાકોરે એનો પદ્યાનુવાદ 'ગોપીહૃદય' એ નામે કર્યો છે.

પૃ. ૧૩૭ મંઘો : મકાનમાં હવા લેવા માટે મકાનને મથાળે રખાતું ચોરસ મૂંગળું તે મંધ.

૩૨. મોજાંઓનો તાંડવયોગ

પૃ. ૧૩૯ તરફ઼વાળી સતાર : તંતુવાદ્યના મુખ્ય તારની નીચે ઝંકાર માટે રખાતા તારનો સમૂહ તે તરફ઼.

વપ્રક્રીડા : શીંગડાં કે દંતૂશળ વગેરે વડે જમીન ખોદી નાખવાની રમત તે વપ્રક્રીડા. મેઘદૂતમાં એનો ઉલ્લેખ આવે છે :

तस्मिन्नद्रौ कतिचिदबला विप्रयुक्तः स कामी
नीत्वा मासान् कनकवलयभ्रंशरिक्तप्रकोष्ठः ।
आषाढस्य प्रथमदिवसे मेघमाश्लिष्टसानुं
वप्रक्रीडापरिणतगजप्रेक्षणीयं ददर्श ।।

પૃ ૧૪૦ અમર્ષ : તિરસ્કાર અથવા અપમાનથી જન્મેલો સ્થિર ક્રોધ. કાવ્યશાસ્ત્રમાં એની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. अधिक्षेपापमानादेरमर्षोऽभिनिविष्टता । ભારવિ કવિના 'કિરાતાર્જુનીય' કાવ્યમાં દૂતમુખે દુર્યોધનની રાજનીતિનાં વખાણ સાંભળી દ્રૌપદી ઊકળી ઊઠે છે અને યુધિષ્ઠિરને કહે છે કે

अमर्षशून्येन जनस्य जन्तुना
न जातहार्देन न विद्विषादरः ।। १, ३३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[જેનામાં અમર્ષ નથી તેવા જનનો સ્નેહીઓ આદર કરતા નથી, તેમ શત્રુઓ પણ આદર કરતા નથી.]

શિવ-તાંડવ-સ્તોત્ર : કવિ રાવણનું લખેલું આ સ્તોત્ર પ્રસિદ્ધ છે. જુઓ 'જોગનો ધોધ'નું ટિપ્પણ પૃ. ૨૮૯.

પ્રમાણિકા અને **પંચચામર** : સંસ્કૃતના આ બે લોકપ્રિય અને અત્યંત સહેલા છંદો છે. પ્રમાણિકાનાં બે પદ મળીને એક પંચચામર થાય. એને નારાચ પણ કહે છે.

प्रमाणिकापदद्वयम् वदेत पंचचामरम् ।

લગાલગા લગાલગા એ પ્રમાણિકાનું એક ચરણ છે.

પુષ્પદંત : એક ગંધર્વ અને શિવગણ. શિવમહિમ્નસ્તોત્રનો કર્તા. વાયવ્ય દિશાના દિગ્ગજનું નામ પણ પુષ્પદંત છે. 'કથા સરિત્સાગર'માં પુષ્પદંતની કથા આવે છે.

ગોમુત્રિકાબંધ : ચિત્રકાવ્યનો એક પ્રકાર. ગુણાકાર સંજ્ઞાઓ ઉપર નીચે ચારે કોર દોરેલી હોય ત્યારે જેવી આકૃતિ થાય તેવી આકૃતિનો બંધ.

શ્રાવણ-ભાદરવો : રાજમહેલમાં પાણીનો પ્રવાહ વહેતો કર્યો હોય અને વચમાં એનો નાનકડા પથરા પરથી વહેતો ધોધ કર્યો હોય ત્યારે એ ધોધને શ્રાવણ-ભાદરવો કહે છે.

પૃ. ૧૪૨ ઓઝોન : સ્વચ્છ હવામાં ઑક્સિજન અને નાઈટ્રોજનનું જે પ્રમાણ હોય છે એના કરતાં જ્યારે ઑક્સિજન વધારે હોય ત્યારે એને ઓઝોન કહે છે. ક્ષય રોગથી પીડાતા લોકો માટે ઓઝોન લાભદાયી ગણાય છે.

૩૩. સિંધુ પછી ગંગા

પૃ. ૧૪૩ સૌવીર દેશ : સિંધ અને મારવાડના સીમાડા ઉપર આવેલો પ્રદેશ.

પૃ. ૧૪૫ સદાકત આશ્રમ : [સદાકત = સત્ય + આશ્રમ] બિહારના જાણીતા દેશભક્ત મઝહરુલ હક સાહેબે એની સ્થાપના ૧૯૨૦–૨૧ના અરસામાં કરી હતી.

પૃ. ૧૪૮ रसो वै सः તે નિશ્ચય રસ છે. — તૈત્તિરીય૦ ૨–૭.

તૈત્તિરીયોપનિષદમાં બ્રહ્મનું વર્ણન કરતાં આ વચન વપરાયેલું છે.

विषयाः ૦ દેહધારી નિરાહારી રહે છે ત્યારે તેના વિષયો મોળા પડે છે. પરંતુ રસ નથી જતો, તે રસ તો ઈશ્વર-સાક્ષાત્કાર થવાથી શમે છે. ગીતા. ૨–૫૯.

પૃ. ૧૪૯ કૈંકર્ય : [કિંકર = (નોકર) + ય] નોકરપણું, નોકરી.

પૃ. ૧૫૦ ॐ पूर्णमदः ૦ આ પૂર્ણ છે, તે પૂર્ણ છે, પૂર્ણમાંથી પૂર્ણ પ્રગટે છે. પૂર્ણમાંથી પૂર્ણ લેતાં પૂર્ણ શેષ રહે છે.

આ શાંતિ-મંત્ર ઈશાવાસ્યોપનિષદના પ્રારંભમાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪. નદી પર નહેર

પૃ. ૧૫૦ 'રાખી': રાખડી. હિંદી અને બંગાળીમાં એ શબ્દ પ્રચલિત છે.

રૂડકી: અહીં ઇજનેરી કૉલેજ છે.

कलौ आद्यन्तयोः स्थितिः: કળિકાળમાં પહેલો અને છેલ્લો એ બે જ વર્ણનું અસ્તિત્વ છે. સંસ્કારલોપને કારણે ક્ષત્રિય અને વૈશ્ય શૂદ્ર જેવા બન્યા છે. એટલે હવે બ્રાહ્મણ અને શૂદ્ર એ બે જ વર્ણ બાકી રહ્યા છે, એવી વાત દક્ષિણમાં ફેલાવવામાં આવી છે.

દ્વિજત્વ: જે લોકોને જનોઈ લઈ આ જન્મમાં જ બીજો જન્મ લેવાનો અધિકાર છે તે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ત્રણે દ્વિજ કહેવાય છે.

जन्मना जायते शूद्रः संस्कारात् द्विज अुच्यते ।

પૃ. ૧૫૧ ભગીરથો: ભગીરથે હિમાલયના પહાડોમાંથી ગંગા ઉતારી બંગાળના ઉપસાગર સુધીના પ્રદેશને ફળદ્રુપ બનાવ્યો તે ઉપરથી જલસેચનની આખી વિદ્યાને એ નામ આપી એ વિદ્યામાં કુશળ હોય તેને પણ ભગીરથ કહ્યા છે.

માછલાંની પેઠે: માછલાં પાણીના જ જીવ છે. તેમના જેટલી સહજ રીતે. કેવળ ઉપમાને જોરે વર્ણન કેટલું જીવંત અને તાદૃશ થઈ શકે છે એનો ખ્યાલ નહેરના વર્ણન ઉપરથી આવે છે.

પરતંત્ર પુત્રી: પારકાના તંત્રમાં સપડાયેલી. વહુની સાથે એનું સામ્ય બતાવવા આ વિશેષણ યોજ્યું છે.

નિમ્નગા: નીચે જતી. કોઈ પણ નદીને નિમ્નગા કહી શકાય, કારણ તે નીચાણ તરફ જ જતી હોય છે. અહીં નીચે થઈને વહેતી એવો અર્થ લાવવા માટે આ શબ્દ વાપર્યો છે.

પરીવાહ: વધારાનું પાણી વહી જવા માટે રાખેલો માર્ગ. Overflow

પૃ. ૧૫૨ સંસ્કૃતિના પ્રવાહની દૃષ્ટિએ . . . અસ્પૃષ્ટ રહી શકી છે: આ વિધાનનું હિંદુસ્તાનના ઇતિહાસમાંથી દૃષ્ટાંતો લઈને સમર્થન થઈ શકે એમ છે?

૩૫. નેપાળની વાઘમતી

પૃ. ૧૫૨ પાણપટ્ટી: છાપરેથી નેવાં પડે છે, ત્યાં જરા અંદરથી જડેલી પટ્ટી. ગુજરાતીમાં એને મોવટી કહે છે.

પૃ. ૧૫૩ અતિમાનુષી: અલૌકિક, માણસથી પરની. અંગ્રેજી 'સુપરહ્યુમન.'

પૃ. ૧૫૪ ભગિની નિવેદિતા: સ્વામી વિવેકાનંદનાં અંગ્રેજ શિષ્યા Miss Margaret Noble મિસ માર્ગારેટ નોબલનું ગુરુએ પાડેલું નામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોરક્ષનાથ : અયોધ્યા પાસે જયશ્રી નગરીમાં સદ્બોધ નામે બ્રાહ્મણને સદ્વૃત્તિ નામે સ્ત્રી હતી. એક વખત મત્સ્યેન્દ્રનાથ ભિક્ષા નિમિત્તે તેમને ત્યાં આવી ચડ્યા. સાધુપુરુષ જાણી સ્ત્રીએ પોતાને સંતાન નહોતું એ વાત કાઢી, એટલે તેમણે તેને ભભૂતિ આપી. પણ પ્રસાદ તરીકે લેવાને બદલે તેણે ઉકરડે નાખી દીધી. બાર વરસ પછી મત્સ્યેન્દ્રનાથ પાછા આવ્યા અને 'છોકરો ક્યાં છે?' એમ પૂછ્યું. સદ્વૃત્તિએ સાચી વાત કહી દીધી એટલે મત્સ્યેન્દ્રનાથે ઉકરડા આગળ જઈને 'અલખ' કરીને બૂમ પાડી એટલે 'આદેશ' એવો સામો જવાબ દેતી ગોરક્ષનાથની બાળમૂર્તિ બહાર આવી. ગોરક્ષનાથને અયોનિજ કહે છે તે આ જ કારણે. ગોરક્ષનાથ ગુરુ પાસે રહી બધી વિદ્યા શીખ્યા. મત્સ્યેન્દ્રનાથ યોગી તેમ જ ભોગી પણ હતા, પરંતુ ગોરક્ષનાથનો વૈરાગ્ય અગ્નિ જેવો પ્રખર હતો. સિંહલદ્વીપની પ્રમીલારાણીના મોહપાશમાંથી મત્સ્યેન્દ્ર-નાથને ગોરક્ષનાથે જ છોડાવ્યા હતા. તેઓ યોગી, શિવોપાસક, અદ્વૈતવાદી, અને કીમિયાગાર તરીકે પ્રસિદ્ધ છે. તેમના મઠ બંગાળ, પંજાબ, . નેપાળ, કાઠિયાવાડ, મહારાષ્ટ્ર, સિંહલદ્વીપ વગેરે બધે સ્થળે આવેલા છે.

મત્સ્યેન્દ્રનાથ અને ગોરક્ષનાથ નેપાળના ગુરખા લોકોના દેવ છે. ગોરક્ષ-નાથ ઉપરથી જ એ લોકોનું નામ ગુરખા પડ્યું છે.

નેપાળમાં બૌદ્ધોનો મહાયાન પંથ ચાલતો હતો તેને ગોરક્ષનાથે જબરી શિકસ્ત આપી હતી અને ત્યાંના લોકોમાં શિવની ઉપાસના પ્રચલિત કરી હતી. ગોરખનાથના સમયનો નિર્ણય થઈ શક્યો નથી.

૩૬. વિહારની ગંડકી

પૃ. ૧૫૫ ગંડકી : બિહારમાં બે નદી ગંડકી નામ ધરાવે છે. લેખકે જોયેલી મુઝફ્ફરપુર પાસેની ગંડકી તે વૃદ્ધ અથવા નાની ગંડકી. બીજી મોટી ગંડકી.

બાણ : એક ખાસ જાતના લંબગોળ પથ્થર, શિવલિંગ.

બૌદ્ધ જગતના બે છેડા : નર્મદા અને ગંડકી વચ્ચે બૌદ્ધ જગત સમાયેલું હતું.

માંડલિક નદીઓ : પાણીરૂપી કર ભરનારી નદીઓ, એને મળનારી નદીઓ.

જનક : જનક વિદેહી. એઓ એટલા બધા અનાસક્ત હતા કે જ્યારે એમની રાજધાની બળતી હતી ત્યારે પણ તેઓ વિચલિત થયા નહોતા.

પૃ. ૧૫૬ અષ્ટાંગિક માર્ગ : ભગવાન બુદ્ધે ઉપદેશેલા આર્ય અષ્ટાંગિક માર્ગનાં આઠ અંગો આ પ્રમાણે છે: ૧. સમ્યક્ દૃષ્ટિ; ૨. સમ્યક્ સંકલ્પ; ૩. સમ્યક્ વાચા; ૪. સમ્યક કર્માંત; ૫. સમ્યક આજીવ; ૬. સમ્યક્ વ્યાયામ; ૭. સમ્યક્ સ્મૃતિ; ૮. સમ્યક્ સમાધિ. વિશેષ સ્પષ્ટીકરણ માટે જુઓ 'બુદ્ધચરિત' પૃ. ૧૧૮–૨૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર : માણસની સદ્‌વાસનાનો નાશ કરનાર, બૌદ્ધધર્મમાં કલ્પેલી આસુરી સંપત્તિની અધિષ્ઠાત્રી વ્યક્તિ, સેતાન.

૩૭. ગયાની ફલ્ગુ

પૃ. ૧૫૬ સીતાનો શાપ : પ્રસંગ એવો છે કે, એક વાર રામ, સીતા અને લક્ષ્મણ ફરતાં ફરતાં ફલ્ગુને તીરે આવી પહોંચ્યાં. ત્યાં રામને એકાએક યાદ આવ્યું કે આજે મારે પિતૃશ્રાદ્ધનો દિવસ છે. આથી તેમણે લક્ષ્મણને ગામમાં સામગ્રી લેવા મોકલ્યા. લક્ષ્મણને આવતાં વાર લાગી એટલે રામ પોતે ગામમાં ગયા. પણ ત્યાં તો શ્રાદ્ધનુ મુહૂર્ત વહી જવા લાગ્યું. એટલે સીતાએ નાહીધોઈને જે કંઈ વસ્તુ હાજર હતી તે વડે પોતાના પતિને બદલે પોતે તેમના પિતૃઓને પિંડદાન કર્યું. અને પિતૃઓ ભારે સંતોષપૂર્વક હાથ લંબાવીને પિંડ લઈ ગયા. જતી વખતે સીતાએ તેમને કહ્યું, 'આપ લોકો જાતે પિંડ લઈ ગયા છો એ વાત મારા પતિ શી રીતે માનશે?' ત્યારે આકાશવાણી થઈ કે, 'તું સાક્ષી રાખ.' આથી સીતાએ ફલ્ગુ નદી, ગાય, અગ્નિ અને કેવડાને સાક્ષી રાખ્યાં.

ત્યાર પછી રામલક્ષ્મણ બધી સામગ્રી લઈને આવી પહોંચ્યા અને તેમણે સીતાને ચરુ તૈયાર કરવા કહ્યું. પણ સીતા કશું બોલ્યાં નહીં, તેમ ચરુ પણ તૈયાર કર્યો નહીં. આખરે રામે પૂછ્યું ત્યારે તેમણે બધી વાત માંડીને કહી સંભળાવી. પણ રામલક્ષ્મણને વિશ્વાસ આવ્યો નહીં. ત્યારે સીતાએ ફલ્ગુ નદી વગેરે સાક્ષીઓનો હવાલો આપ્યો, પણ તેમણે બધાંએ કહ્યું કે અમે એમાંનું કશું જાણતાં નથી. એટલે નિરુપાયે સીતાએ ફરી ચરુ તૈયાર કર્યો અને રામે પિંડદાન માટે પિતૃઓને આહ્‌વાન કર્યું. તે વખતે આકાશવાણી થઈ કે જાનકીએ અમને તૃપ્ત કર્યાં છે. પણ રામે એ માન્યું નહીં એટલે બીજી વાર આકાશવાણી થઈ. તેનાથી પણ રામને સંતોષ ન થયો, એટલે સૂર્યે જાતે આવીને સાક્ષી પૂરી ત્યારે રામને ખાતરી થઈ.

આમ, સાક્ષી હોવા છતાં વાત છુપાવી એટલે સીતાએ એ ચારેને આ પ્રમાણે શાપ આપ્યા : 'ફલ્ગુ, તું પાતાળમાં રહેશે. કેવડા, તું શિવને અગ્રાહ્ય થઈશ. ગાય, તારું મોં અપવિત્ર લેખાશે, અને પૂછડું પવિત્ર લેખાશે. અગ્નિ, તું સર્વભક્ષક થશે.' — 'શિવપુરાણ,' અધ્યાય ૩૦.

ચરુ : પિંડ માટેનો રાંધેલો ભાત.

પૃ. ૧૫૭ શ્રી ગદાધરનું મંદિર : નદીના પટથી ઘણી ઊંચાઈએ આવેલું છે એટલે. એના પૌરાણિક માહાત્મ્ય માટે 'હિં૦ પ્ર૦' પ્રકરણ ૪૩ જુઓ.

બોધિગયા : જ્યાં બુદ્ધને બોધિ=જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે સ્થાન. જુઓ, 'હિં૦ પ્ર૦' પ્રકરણ ૫મું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮. ગરજતો શોણભદ્ર

પૃ. ૧૫૭ अयं शोणः "સ્વચ્છ જળવાળો, અગાધ તેમ જ ભાઠાંથી શોભતો એવો આ શોણ છે. હે બ્રહ્મન્, આપણે કયે રસ્તે થઈને પાર જઈશું?" એમ રામચંદ્રે પૂછ્યું ત્યારે વિશ્વામિત્રે કહ્યું,—"જે રસ્તે થઈને મહર્ષિઓ જાય છે તે મેં બતાવેલો માર્ગ આ રહ્યો."

ક્ષત્રિય ગુરુશિષ્ય: ક્ષત્રિયોના ગુરુ ઘણે ભાગે બ્રાહ્મણ જ રહેતા, પણ અહીં તો ગુરુ વિશ્વામિત્ર પોતે પણ મૂળે ક્ષત્રિય હતા.

પૃ. ૧૫૮ પીવર કાય: ભરેલા શરીરવાળો, પુષ્ટ.

ગજેન્દ્ર ગ્રાહ: હાહા અને હુહુ નામે બે ગંધર્વો હતા. સંગીતવિદ્યામાં કોણ ચડી જાય એ વિષે બંને વચ્ચે વાદ જાગ્યો. એટલે તેમણે ઇન્દ્ર પાસે જઈને પોતાની કળા બતાવી. ઇન્દ્રે કહ્યું કે તમારા બેમાં કોણ ચડે એનો નિર્ણય દેવલ ઋષિ સિવાય કોઈ આપી શકે એમ નથી. આથી તેઓ ઋષિ પાસે ગયા અને ગાવા લાગ્યા. પણ ઋષિ ધ્યાનમાં હતા અને કશું બોલ્યા નહીં એટલે આ તો જડ છે, કશું સમજતો નથી એમ માની તેમણે ઋષિનું અપમાન કર્યું. આથી ઋષિએ તેમને શાપ દીધો કે તમે મૃત્યુલોકમાં અવતરશો. પણ પછી તેમની વિનંતી ઉપરથી એવો ઉ:શાપ આપ્યો કે હરિ તમારો ઉદ્ધાર કરશે. આમ એ બંને અનુક્રમે ગજેન્દ્ર અને ગ્રાહ (મગર) રૂપે પૃથ્વી ઉપર અવતર્યા. એક વાર ગજેન્દ્ર ધરામાં જળક્રીડા માટે ઊતર્યો ત્યાં ગ્રાહે તેને પગ પકડીને ખેંચવા માંડ્યો. ગજેન્દ્રે ખૂબ પ્રયત્ન કર્યો પણ તેનું કશું ચાલ્યું નહીં અને તે ઊંડા પાણીમાં ઘસડાતો જ ગયો. અંતે જ્યારે તલપુર સૂંઢ બાકી રહી ત્યારે તેણે ઈશ્વરની સ્તુતિ કરી એટલે ગરુડવાહન હરિએ આવીને એ બંનેનો ઉદ્ધાર કર્યો. આ કથા પંચરત્ન ગીતામાં આવતા ગજેન્દ્રમોક્ષમાં મળે છે. (અનેક વર્ષો ઉપર લેખકે Tug of war માટે 'ગજગ્રાહ' એ શબ્દ ગુજરાતીમાં પ્રચલિત કર્યો હતો.)

સિંધુ અને બ્રહ્મપુત્ર: બ્રહ્મપુત્રાનું ખરું નામ 'બ્રહ્મપુત્ર' છે. અંગ્રેજી (રોમન) લિપિને કારણે આ ગોટાળો થયો લાગે છે. લેખકે આ પુસ્તકમાં બંને રૂપ વાપર્યાં છે.

ક્યાં જાઉં૦: કાલિદાસે શોણનો આ ભાવ એક ઉપમામાં બરાબર વાપર્યો છે. ઇન્દુમતીનો સ્વયંવર થઈ ગયા પછી નાસીપાસ થયેલા રાજાઓ અજનો માર્ગ રોકે છે ત્યારે અજ એ રાજાઓની સેના ઉપર ધસી જાય છે તેને ભાગીરથી ઉપર ધસી જતા ઊછળતા તરંગોવાળા શોણની ઉપમા આપી છે.

तस्याः स रक्षार्थम् अनल्पबोधं
आदिश्य पित्र्यं सचिवं कुमारः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रत्यग्रहीत् पार्थिव-वाहिनीं तां
भागीरथीं शोण अिवोत्तरंगः । रघु० ७–३६

नाल्पे सुखमस्ति, यो व भूमा तत्सुखम् । 'થોડામાં સુખ નથી, જે ભૂમા — આખા વિશ્વને સમાવી લે એવું વિશાળ છે તેજ સુખરૂપ છે.' (છાંદોગ્ય ૭–૨૩.)

આરો : સંસ્કૃતમાં તીર્થ = આરો, Ford.

૩૯. તેરદાળનું મૃગજળ

પૃ. ૧૫૯ જમખંડી : દક્ષિણ મહારાષ્ટ્રનું એક દેશી રાજ્ય અને તેનું મુખ્ય શહેર.

તેરદાળ : અહીંનો કિલ્લો ખૂબ મજબૂત ગણાતો.

૪૦. ચર્મણ્વતી ચંબલ

પૃ. ૧૬૧ રંતિદેવ : ભરતથી છઠ્ઠી પેઢીએ થયેલો સૂર્યવંશી રાજા. મહાભારતમાં એની વાર્તા બે વાર આવી છે. મેઘદૂતમાં પણ એનો ઉલ્લેખ આવે છે.

હેકેટોમ : (शत शुक्ष यज्ञ) જેમાં ૧૦૦ બળદોની આહુતિ આપવામાં આવતી એવો ગ્રીક લોકોનો યજ્ઞ.

ભૂદેવોને : બ્રાહ્મણોને. અગ્નિ અને બ્રાહ્મણ દેવોનાં મુખ ગણાય છે. તેમણે ખાધેલું દેવોને પહોંચે છે.

૪૧. નદીનું સરોવર

પૃ. ૧૬૩ બેલાતાલ૦ તાલ એટલે તળાવ. સર૦ નૈનીતાલ.

હિમાલયની માફી માગીને : કારણ, ત્યાં એ નામની એક નદી છે.

પૃ. ૧૬૪ મહારાજ પુલકેશી : વાતાપી વંશનો રાજા. ૬ઠ્ઠી સદીના મધ્ય ભાગમાં એણે મહારાષ્ટ્રનાં નાનાં નાનાં રાજ્યોને ભેગાં કરી એક સામ્રાજ્ય સ્થાપ્યું હતું અને અશ્વમેધયજ્ઞ સુધ્ધાં કર્યો હતો. એના પુત્ર કીર્તિવર્માએ પિતાનું સામ્રાજ્ય વિસ્તાર્યું અને તેમાં અંગવંગ અને મગધનો ઉમેરો કર્યો. ઈ. સ. ૬૦૯માં જ્યારે બીજો પુલકેશી ગાદીએ આવ્યો ત્યારે એ ચાલુક્ય સામ્રાજ્ય વિંધ્યથી માંડીને દક્ષિણમાં પલ્લવ સામ્રાજ્ય સુધી વિસ્તરેલું હતું. એણે માલવો, ગુર્જરો અને કલિંગોને તાબે કર્યા. અને સૌથી મોટું પરાક્રમ તો એ કર્યું કે મહારાજ હર્ષ દક્ષિણ ઉપર ચડી આવતો હતો તેને રોક્યો અને હરાવ્યો (ઈ. સ. ૬૩૬). હર્ષે પણ પાછા જવામાં જ ડહાપણ માન્યું. पुलकेशी = पुलिकेशी, દક્ષિણની ભાષામાં पुलि અથવા हुलि એટલે વાઘ. વાઘની યાળ જેવા જેના કેશ છે એવો.

લાવણ્ય : [लवण + य] મીઠાશ, સુંદરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલૂણું : [અ + લૂણું] બેસ્વાદ, અસુંદર, વિશ્રી.

અનાવિલા : કાદવ વિનાની સ્વચ્છ.

પૃ. ૧૬૫ દશાર્ણ : વિંધ્યાચળની દક્ષિણપૂર્વમાં આવેલો દેશ. દશ + ઋણ (દુર્ગ) જેમાં છે એવો. નદીનું નામ દશાર્ણા. મેઘદૂતમાં એનો ઉલ્લેખ આવે છે.

पाण्डुच्छायोपवनवृतयः केतकैः सूचिभिन्नैर्-
नीडारम्भैर्गृहबलिभुजाम् आकुलग्रामचैत्याः ।
त्वय्यासन्ने परिणतफलश्याम-जम्बुवनान्तः
संपत्स्यन्ते कतिपयदिनस्थायिहंसा दशार्णाः ॥ २३ ॥

વેત્રવતી : માળવાની એક નદી, બેતવા. મેઘદૂતમાં એનો ઉલ્લેખ આવે છે.

तेषां दिक्षु प्रथित-विदिशा-लक्षणां राजधानीं
गत्वा सद्यः फलम् अविकलम् कामुकत्वस्य लब्ध्वा ।
तीरोपान्त-स्तनित-सुभगं पास्यसि स्वादु यस्मात्
सभ्रूभंगं मुखम् अिव पयो वेत्रवत्याश् चलोर्मि ॥ २४ ॥

૪૨. નિશીથ-યાત્રા

પૃ. ૧૬૬ सबिंदुसिंदु० શ્રી શંકરાચાર્ય વિરચિત 'નર્મદાસ્તોત્ર'માંનાં આ વચનો છે. એ જ સ્તોત્રમાં નીચેનો શ્લોક આવે છે જેમાં નર્મદાને 'શર્મદા' કહેલી છે.

त्वदम्बुलीन दीनमीन दिव्य संप्रदायकं
कलौ मलौघभारहारि सर्वतीर्थनायकम् ।
सुमत्स्य-कच्छ-नक्रचक्र-चक्रवाक-शर्मदे
त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥

પૃ. ૧૬૮ મારી જાત કાગડાની : કાગડો કદી એકલો ખાતો નથી. બીજા કાગડાઓને બોલાવે જ છે. અહીં તો લેખકનું નામ 'કાકા' છે તે પણ ખરું.

પૃ. ૧૭૫ नान्तःप्रज्ञं० માંડુક્યોપનિષદમાં તુરીય રૂપના વર્ણનમાં આ વચનો આવે છે. એનો અર્થ — તે અંતઃપ્રજ્ઞ નથી, બહિષ્પ્રજ્ઞ નથી, ઉભયતઃપ્રજ્ઞ નથી, પ્રજ્ઞાનઘન નથી, પ્રજ્ઞ નથી, અપ્રજ્ઞ નથી.

૪૩. ધુંવાંધાર

પૃ. ૧૭૮ ધારધુંવા : મૂળ શબ્દના બંને ખંડો આમાં સચવાય છે પણ મૂળનો ઘોષ સચવાતો નથી એ હાનિ ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૧૮૨ पूषन्नेकर्ष० અને ॐ क्रतो स्मर कृतं स्मर :

पूषन्नेकर्षे यम सूर्य प्राजापत्य ! व्यूह रश्मीन्, समूह ।
तेजो, यत्ते रूपं कल्याणतमं तत्ते पश्यामि
योऽसावसौ पुरुषः सोऽहमस्मि ।।१६।।
वायुर् अनिलम् अमृतम् अथेदं भस्मान्तꣳ शरीरम् ।
—ॐ क्रतो स्मर कृतꣳ स्मर; क्रतो स्मर कृतꣳ स्मर ।।१७।।

[હે જગત્પોષક સૂર્ય, હે એકાકી ગમન કરનાર, હે યમ (સંસારનું નિયમન કરનાર), હે સૂર્ય (પ્રાણ અને રસનું શોષણ કરનાર), હે પ્રજાપતિ-નંદન, તું પોતાનાં કિરણો સમેટી લે. તેજ એકત્ર કર. તારું જે અતિશય કલ્યાણમય રૂપ છે તે હું જોઉં છું. સૂર્યમંડળમાં રહેલો એ જે પેલો પુરુષ છે તે હું છું.

હવે મારા પ્રાણ સર્વાત્મક વાયુરૂપ સૂત્રાત્માને પામો અને આ શરીર ભસ્મશેષ થઈ જાઓ. હે મારા સંકલ્પાત્મક મન, હવે તું સ્મરણ કર, પોતાનાં કરેલાંને યાદ કર, હવે તું સ્મરણ કર, પોતાનાં કરેલાંને યાદ કર.]

પૃ. ૧૮૩ ચંદ્રગુપ્ત અને સમુદ્રગુપ્ત : ચંદ્રગુપ્તની પુત્રી પ્રભાવતી વાકાટક વંશમાં પરણી હતી અને તેણે ઘણાં વરસ સુધી પોતાના પુત્રને બદલે રાજ્યકારભાર સંભાળ્યો હતો. તે વખતે ચંદ્રગુપ્તે ખાસ માણસો મોકલ્યા હતા તેનો અહીં ઉલ્લેખ છે. સમુદ્રગુપ્તની વિજયયાત્રામાં આ પ્રદેશ પણ સમાઈ જતો હતો.

કલચુરી : વાકાટક સામ્રાજ્યના પતન પછી જે અનેક નાનાં નાનાં સ્વતંત્ર રાજ્યો ઊભાં થયાં તેમાં ઉત્તર મહારાષ્ટ્રના કલચુરીઓનું રાજ્ય પણ હતું. એની રાજધાની જ્યાં આપણી સન ૧૯૩૯ની મહાસભા મળી હતી તે ત્રિપુરીમાં હતી.

વાકાટક : વાકાટકોનું સામ્રાજ્ય મધ્ય હિંદના વરાડ પ્રાંતમાં આશરે ઈ. સ. ૨૨૫થી ૫૪૦ સુધી અસ્તિત્વમાં હતું. છઠ્ઠા સૈકાનો પહેલો દસકો એ એનો સૌથી વધુ જાહોજલાલીનો કાળ હતો. તે વખતે લગભગ આખું હૈદરાબાદનું રાજ્ય, મુંબઈનું મહારાષ્ટ્ર, વરાડ અને મધ્ય હિંદનો ઘણોખરો ભાગ એમાં સમાઈ જતો હતો. વળી, ઉત્તર કોંકણ, ગુજરાત, માળવા છત્તીસગઢ અને આંધ્ર ઉપર પણ એની આણ વર્તતી હતી. એ વખતે હિંદમાં બીજું કોઈ સામ્રાજ્ય એટલું વિશાળ કે બળવાન નહોતું.

આ લેખ સાથે શ્રી રા. વિ. પાઠકનો 'ધુંવાધાર અને ભેડાઘાટ' લેખ જોવો. 'મનોવિહાર', પૃ. ૧૦૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪. શિવનાથ અને ઈબ

પૃ. ૧૮૩ મલિક કફૂર : અલાઉદ્દીન ખિલજીનો પ્રીતિપાત્ર ખોજો. એણે દક્ષિણનાં રાજ્યો જીતવામાં ભારે પરાક્રમ બતાવ્યું હતું અને ત્યાંના લોકો ઉપર અત્યાચાર પણ પુષ્કળ કર્યા હતા. ઈ. સ. ૧૩૧૦માં એણે હોયસળ સામ્રાજ્યના પાટનગર દ્વારસમુદ્ર અથવા હળેબીડને ઘેરો ઘાલ્યો, અને લૂંટ્યું.

કાલા પહાડ : બંગાળના નવાબ સુલેમાન કિરાણીનો અને પછી તેના પુત્ર દાઉદનો સેનાપતિ. પૂર્વમાં આસામ, પશ્ચિમમાં કાશી અને દક્ષિણમાં ઓરિસ્સા એટલા પ્રદેશમાં જેટલાં પ્રસિદ્ધ હિંદુ દેવાલયો હતાં તેમાંથી કોઈ એના હાથમાંથી બચવા પામ્યું નહોતું. કોઈને ભાંગી નાખ્યું, કોઈને તોડી નાખ્યું, તો કોઈને ધૂળ ભેગું કરી નાખ્યું. જગન્નાથની મૂર્તિ એણે બાળીને સમુદ્રમાં ફેંકી દીધી હતી. હિંદુઓ ઉપર એણે જાત જાતના અત્યાચારો ગુજાર્યા હતા. કેટલાક કહે છે કે એ પહેલાં બ્રાહ્મણ હતો અને કોઈ નવાબકન્યાના પ્રેમમાં પડી મુસલમાન થયો હતો. મુસલમાન ઇતિહાસોમાં એને પઠાણ જણાવેલો છે. ૧૫૬૫માં તેણે ઓરિસ્સા જીત્યું હતું. ૧૫૮૦માં એનું મરણ થયું હતું.

પૃ. ૧૮૬ નામરૂપનો ત્યાગ કરવાથી જ૦ : સંભારો —

यथा नद्यः स्यन्दमानाः समुद्रेऽस्तं गच्छन्ति नामरूपे विहाय ।
तथा विद्वान् नामरूपाद् विमुक्तः परात्परं पुरुषम् उपैति दिव्यम् ।

मुण्डकोपनिषद् ३–२–८

[જેવી રીતે નિરંતર વહેતી નદીઓ પોતાના નામરૂપનો ત્યાગ કરીને સમુદ્રમાં અસ્ત પામી જાય છે તેવી રીતે વિદ્વાન નામરૂપથી મુક્ત થઈને પરાત્પર દિવ્ય પુરુષને પામે છે.]

सर्व महत्त्वं० જે કુલમાં બધા મોટાઈ ઇચ્છતા હોય તે કુળ નાશ પામે છે. જે રાષ્ટ્રમાં બધા જ નેતા થઈ બેસે છે તે રાષ્ટ્ર નાશ પામવાનું જ.

૪૫. દુર્દૈવી શિવનાથ

પૃ. ૧૮૭ રાક્ષસ પદ્ધતિ : કન્યાનાં સગાંને મારીને અથવા યુદ્ધમાં હરાવીને બળજબરીએ કન્યાને હરી જઈ લગ્ન કરવાં તે રાક્ષસ-પદ્ધતિનાં લગ્ન કહેવાય. લગ્ન આઠ પ્રકારનાં ગણાય છે : ૧. બ્રાહ્મ, ૨, દૈવ, ૩. આર્ષ, ૪. પ્રાજાપત્ય ૫. ગાંધર્વ, ૬. આસુર, ૭. રાક્ષસ, ૮. પિશાચ.

૪૬. અબરી ઈબ

પૃ. ૧૮૮ કવિઓને૦ ઓછું અને અસ્પષ્ટ

૪૭. તંદુલા અને સુખા

પૃ. ૧૯૦ વ્યંજન : શાક, ચટણી

પૃ. ૧૯૨ यद् भावि० જે થવાનું હોય તે થાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૮. સહસ્રધારા

પૃ. ૧૯૪ આચાર્ય રામદેવ : સ્વામી શ્રદ્ધાનંદના મદદનીશ. હરદ્વાર ગુરુકુળના આચાર્ય.

પૃ. ૧૯૬ ધબધબતો : ધબધબ અવાજ કરતો. આ તથા પછીના પાના ઉપર આવતું 'ટપટપે છે' એ બંને નામ-ક્રિયાપદો લેખકે નવાં બનાવ્યાં છે.

૪૯. રણ કે સરોવર

પૃ. ૨૦૨ सर्वम् समाप्नोषि० તું બધાને આવરી રહ્યો છે એટલે તું સર્વ છે. ગીતા, ૧૧–૪૦.

૫૦. ચાંદીપુર

૨૦૩ મહાશ્વેતા : બાણની વિખ્યાત કથા 'કાદંબરી'ની નાયિકાની સખી.

કાદંબરી : બાણની કથાની નાયિકા. કાદંબરીનો મૂળ અર્થ છે મદ્ય, સુરા.

સિકતા-સ્થલિ : સિકતા = રેતી : સ્થલી = દૃઢ ભૂમિ. રેતીની દૃઢભૂમિ.

પૃ. ૨૦૪ મદાલસા : શ્રી જમનાલાલ બજાજની પુત્રી.

પૃ. ૨૦૫ आपो नारा० પાણીને **नारा** કહ્યું છે. અને તે નર અર્થાત્ પરમાત્માથી જન્મ્યું છે. એ પાણી પહેલાં તેનું એટલે પરમાત્માનું **अयन** એટલે કે નિવાસસ્થાન હતું. તેથી (પરમાત્માને) નારાયણ (નારા = પાણીમાં જેનું અયન = નિવાસસ્થાન છે એવા) કહેવામાં આવ્યા છે. મનુસ્મૃતિ, ૧–૧૦.

પૃ. ૨૦૬ પ્રથમ પ્રભાત૦ આ પંક્તિ કવિવર રવીન્દ્રનાથના વિખ્યાત રાષ્ટ્રગીત 'અયિ ભુવનમનોમોહિનિ'માંથી લીધેલી છે. એ આખું ગીત આ પ્રમાણે છે :

અયિ ભુવન-મનોમોહિનિ
અયિ નિર્મલ-સૂર્ય-કરોજ્જ્વલ-ધરણિ
જનક-જનની-જનનિ — અયિ૦

નીલ-સિંધુ-જલ-ધૌત-ચરણતલ
અનિલ-વિકંપિત-શ્યામલ-અંચલ
અંબર-ચુંબિત-ભાલ-હિમાચલ
શુભ્ર-તુષાર-કિરીટિનિ — અયિ૦

પ્રથમ પ્રભાત–ઉદય તવ ગગને
પ્રથમ સામ-રવ તવ તપોવને
પ્રથમ પ્રચારિત તવ વન-ભવને
જ્ઞાન-ધર્મકત કાવ્યકાહિની — અયિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિર કલ્યાણમયી તુમિ ધન્ય,
દેશવિદેશે વિતરિછ અન્ન,
જાહ્નવી-જમુના-વિગલિત-કરુણા
પુણ્ય-પીયૂષ-સ્તન્ય-વાહિનિ. — અચિ૦

જીવલેણ માલ : બૉમ્બ, સુરંગ વગેરે

૫૧. સાર્વભૌમ ભરતી–ઓટ

પૃ. ૨૦૯ સુ-ગત : એ પણ બુદ્ધ ભગવાનનું જ એક નામ છે. વિશિષ્ટ મિશન માટે આવેલા તે તથાગત; અને બધા સંકલ્પો અને સંસ્કારોનો નાશ કરી નિર્વાણ સુધી ગયેલા તે સુગત.

૫૨. કરાંચી જતાં

પૃ. ૨૦૯ અનુરાધા, કૃષ્ણચંદ્ર : અનુરાધા નક્ષત્ર, કૃષ્ણપક્ષનો ચંદ્ર. રાધા અને કૃષ્ણ એ શબ્દોનો લેખકે સારો લાભ લીધો છે.

૫૩. દક્ષિણને છેડે

પૃ. ૨૧૧ ધનુષ્કોટી : ધનુષમાં જે દોરી હોય છે તેને કહે છે જ્યા, અને વાંસનો કે ગજવેલનો જે વાંકદાર ભાગ હોય છે તેને કહે છે કોટી. ધનુષ્કોટીમાં બે સમુદ્ર વચ્ચે જમીનનો જે ભાગ ફેલાયેલો છે તે લાંબી જીભ જેવો અથવા ધનુષની કોટી જેવો વાંકવાળો અથવા કમાનદાર છે. તેથી એ સ્થાનનું નામ ધનુષ્કોટી પડયું છે.

રત્નાકર અને મહોદધિ : બન્નેનો અર્થ એક જ છે. સમુદ્ર. એની સમજૂતી આગળ પૃ. ૨૧૨ ઉપર આવશે.

પ્રશસ્ત : મૂળ અર્થ છે કલ્યાણમય, શુભ, કુશળ. પ્રશંસાપાત્ર એવો પણ એનો અર્થ થાય છે. અહીં, આ બંને અર્થો ઘટી શકે છે. મરાઠીમાં અને બંગાળીમાં એનો અર્થ પહોળું, વિશાળ એવો પણ થાય છે.

પૃ. ૨૧૨ : आत्मनि अप्रत्यय : આત્મમાં એટલે કે પોતામાં વિશ્વાસ વગરની. बलवदपि शिक्षितानां आत्मनि अप्रत्ययं चेतः । શાકુન્તલ.

પૃ. ૨૧૩ દાબડેશ્વર : મોટો દાબડો.

कोटश्च कीटायते : કોટ અથવા નગર પણ કીડા જેવું થઈ જાય છે.

ભૂમિકા : બે સમુદ્ર વચ્ચે ઊભા રહેવા માટે જમીન હતી તેને ઉદ્દેશીને આ શબ્દ અહીં વાપર્યો છે. અલ્પાર્થે क પ્રત્યય લાગે છે તેનો પણ એમને લાભ મળ્યો છે.

પૃ. ૨૧૪ 'રઘુવંશ'માં લખેલું વર્ણન : ૧૩મા સર્ગમાં રાવણનો વધ કરી સીતાને લઈને રામ પુષ્પક વિમાનમાં અયોધ્યા પાછા ફરે છે ત્યારે લંકાથી નીકળતાં જ સાગર ઉપર થઈને જતાં પંદરેક શ્લોકમાં સાગરનું વર્ણન કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वैदेहि पश्यामलयाद्विभक्तं मत्सेतुना फेनिलमम्बुराशिम् ।
छायापथेनेव शरत्प्रसन्नम् आकाशमाविष्कृतचारुतारम् ।।२।।

गर्भं दधत्यर्कमरीचयोऽस्माद् विवृद्धिमत्राश्नुवते वसूनि ।
अबिन्धनं वह्निमसौ बिभर्ति प्रह्लादनं ज्योतिरजन्यनेन ।। ४ ।।

तां तामवस्थां प्रतिपद्यमानं स्थितं दश व्याप्य दिशो महिम्ना ।।
विष्णोरिवास्यानवधारणीयम् ईदृक्तया रूपमियत्तया वा ।। ५ ।।

ससत्वमादाय नदीमुखाम्भः संमीलयन्तो विवृताननत्वात् ।
अमी शिरोभिस्तिमयः सरन्ध्रैरूर्ध्वं वितन्वन्ति जलप्रवाहान् ।। १० ।।

मातङ्गनक्रैः सहसोत्पतद्भिर्भिन्नान्द्विधा पश्य समुद्रफेनान् ।
कपोलसंसर्पितया य येषां व्रजन्ति कर्णक्षणचामरत्वम् ।। ११ ।।

वेलानिलाय प्रसृता भुजङ्गा महोर्मिविस्फूर्जथुनिर्विशेषाः ।
सूर्यांशुसंपर्कसमृद्धरागैर्व्यज्यन्त अेते मणिभिः फणस्थैः ।।१२ ।।

तवाधरस्पर्धिषु विद्रुमेषु पर्यस्तमेतत्सरसोर्मिवेगात् ।
अूर्ध्वांकुरप्रोतमुखं कथंचित् क्लेशादपक्रामति शङ्खयूथम् ।। १३ ।।

प्रवृत्तमात्रेण पयांसि पातुम् आवर्तवेगभ्रमता घनेन ।
आभाति भूयिष्ठमयं समुद्रः प्रमथ्यमानो गिरिणेव भूयः ।। १४ ।।

दूरादयश्चक्रनिभस्य तन्वी तमालतालीवनराजिनीला ।
आभाति वेला लवणाम्बुराशे-र्धारानिबद्धेव कलङ्करेखा ।। १५ ।।

वेलानिलः केतकरेणुभिस्ते संभावयत्याननमायताक्षि ।
मामक्षमं मण्डनकालहानेर्वेत्तीव बिम्बाधरबद्धतृष्णम् ।। १६ ।।

अेते वयं सैकतभिन्नशुक्तिपर्यस्तमुक्तापटलं पयोधेः ।
प्राप्ता मुहूर्तेन विमानवेगात् कूलं फलावर्जितपूगमालम् ।। १७ ।।

હે વૈદેહી, છાયાપથથી બે ભાગમાં વહેંચાઈ ગયેલા પ્રસન્ન અને સુંદર તારાવાળા શરદના આકાશ જેવા મારા સેતુએ બે ભાગમાં વહેંચી નાખેલો મલય સુધી ફેલાયેલો આ ફેનિલ સાગર જો.

એમાંથી જ સૂર્યનાં કિરણો વૃષ્ટિ માટે જળ લે છે, અહીં ધન વૃદ્ધિ પામે છે, એ જ વડવાગ્નિને પાણીરૂપી ઈંધણાં પૂરાં પાડે છે, અને આહ્લાદક ચંદ્ર એમાંથી જ જન્મ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિન્ન ભિન્ન અવસ્થાને ધારણ કરતા અને પોતાના મહિમાથી દશે દિશાને વ્યાપી વળેલા આ સાગરનું રૂપ વૈવિધ્ય અને વિશાળતાની દૃષ્ટિએ વિષ્ણુના જેવું અવર્ણનીય છે.

પેલા તિમિઓ ખુલ્લાં મોંમાં માછલાં વગેરેવાળું નદીના મુખમાંનું પાણી લઈને મોં બંધ કરી દે છે અને પછી માથામાંનાં છિદ્રમાંથી પાણીના ફુવારા ઉડાવે છે.

માતંગ મગરોના એકાએક કૂદવાથી બે ભાગમાં વહેંચાઈ જતું સાગરનું ફીણ તેમના કપોલને ઘસાતાં ક્ષણને માટે એમના કર્ણોના ચામર જેવું બની જાય છે.

કાંઠાના વાયુનું ભક્ષણ કરવા બહાર નીકળેલા અને મોટાં મોજાંઓને કારણે સ્પષ્ટ ન દેખાતા ભુજંગો સૂર્યનાં કિરણોના સંપર્કને લીધે જેમની લાલી વધી છે એવા ફણાના મણિઓ વડે દેખાઈ આવે છે.

તારા અધરની સરસાઈ કરતા પરવાળાના ઊંચા ફણગાઓમાં મોજાંના વેગથી ભેરવાઈ ગયેલા શંખો મહામહેનતે પાછા છૂટા થાય છે.

સાગરનું પાણી પીવાની શરૂઆત કરતાં વંટોળિયાથી ભમવા માંડેલા મેઘને કારણે સમુદ્ર પાછો મંદરાચલથી મથાતો હોય એવો લાગે છે.

લોખંડના ચક્ર જેવા સાગરનો તમાલ તાલની વનરાજિથી નીલો કિનારો દૂરથી ચક્ર ઉપર કલંકરેખા હોય એવો દેખાય છે.

તારા બિંબાધરમાં જેની તૃષ્ણા છે એવો હું શણગારનો વિલંબ સહી નહીં શકું એમ જાણીને કાંઠા ઉપરથી આવતો પવન, હે વિશાલાક્ષી, કેતકીની રેણુ વડે તારા વદનને શણગારે છે.

વિમાનના વેગને લીધે આપણે જોતજોતામાં જેની રેતીમાં ફાટેલી છીપોમાંથી મોતી વેરાયેલાં છે અને જ્યાં ફલોથી લચી પડેલી પૂગમાલાઓ છે એવા સાગરના કાંઠા ઉપર આવી પહોંચ્યાં.

पर्वत परमाणौ च० એનું પૂર્વપદ આ પ્રમાણે છે: कवयः कालिदासाद्याः कवयो वयमप्यमी આખા શ્લોકનો અર્થ આ પ્રમાણે થાય છે: કાલિદાસ વગેરે પણ કવિઓ અને આ અમે પણ કવિઓ. પર્વતમાં અને પરમાણુમાં સમાન એવું પદાર્થત્વ રહેલું છે. આ શ્લોક કાલિદાસનો હોવાનો સંભવ નથી.

પૃ. ૨૧૪ વાનર-યૂથ-મુખ્યો: સંભારો હનુમાનની સ્તુતિનો શ્લોક:

मनोजवं मारुततुल्यवेगं
जितेन्द्रियं बुद्धिमतां वरिष्ठं ।
वातात्मजं वानरयूथमुख्यं
श्रीरामदूतं मनसा स्मरामि ।। – रामरक्षा स्तोत्र

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંપરાય: મરણ પછીની સ્થિતિ. કઠોપનિષદમાં નચિકેતાએ યમરાજને સાંપરાય વિશે પૂછ્યું છે.

પૃ. ૨૧૬ उदये सविता० ઉદય સમયે સૂર્ય લાલ હોય છે અને અસ્ત વખતે પણ લાલ હોય છે. મોટા માણસો સંપત્તિમાં તેમ જ વિપત્તિમાં એકરૂપ રહે છે.

પૃ. ૨૧૭ મયૂખ : મયૂખ=ખીલો. બે કિરણ એકઠાં થવાથી જે આકાર થાય છે તે. અંગ્રેજીમાં એને 'પેનસિલ ઑવ રેઝ' કહે છે.

અગસ્તિ મહારાજ : આર્યોની સંસ્કૃતિ દક્ષિણમાં ફેલાવતા વિંધ્યને વીંધીને જનાર ઋષિ. આ અસાધારણ તપોબળવાળા ઋષિ મિત્રાવરુણના પુત્ર હતા. ઘડામાં જન્મ થયો હતો તે ઉપરથી એમનું નામ 'ઘટયોનિ' પડ્યું હતું.

વિંધ્યાચળ સૂર્યનો માર્ગ રોકવા ઊંચો વધ્યા કરતો હતો અને દક્ષિણ દેશને અંધકારમાં રાખતો હતો. અગસ્ત્યને જોઈ વિંધ્યે ઋષિને દંડવત્ પ્રણામ કર્યા. 'મારે દક્ષિણમાં જવું છે, હું પાછો આવું ત્યાં સુધી આમ આડો જ રહેજે' કહી એઓ દક્ષિણમાં ચાલ્યા ગયા. પાછા આવ્યા જ નહીં. આ ઉપરથી આપણામાં 'અગસ્ત્યના વાયદા' એવી કહેવત થઈ પડી છે.

દેવોની વિનંતીથી તેમણે સાગરપાન કર્યું હતું. ઇલ્વલ અને વાતાપિ નામના બે દૈત્યોનો તેમણે અંત આણ્યો હતો.

આવા મોટા ઋષિ હોવા છતાં નહુષ રાજા એમની પાસે પોતાની પાલખી ઊંચકાવતો હતો. એક વાર એમને ધીમા ચાલતા જોઈને રાજાએ 'સર્પ' 'સર્પ' ઉતાવળે ખસ કહીને એમને જલદી કરવાનું કહ્યું અને પોતાના પગ વડે વેગ આપ્યો. આથી ક્રોધે ભરાઈ એમણે રાજાને સર્પ બનાવી દીધો હતો. વિંધ્યગિરિનો મદ ઉતાર્યા પછી એમણે દક્ષિણ દેશમાં જઈ ત્યાં વિદ્યા અને જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો હતો. (વિષ્ણુપુરાણ, મહાભારત).

અગસ્ત્ય ઋષિના નામ ઉપરથી દક્ષિણ આકાશમાં પ્રકાશતા એક તારાને અગસ્ત્ય કહે છે, જેનો અહીં ઉલ્લેખ છે.

એની ઝૂંપડી : દક્ષિણ આકાશમાં અગસ્ત્યના તારા પછી તારાઓનો એક સમભુજ પંચકોણ થાય છે. એના તારા એક પછી એક વધુ ઉજ્જ્વળ હોય છે. લેખકે એ પંચકોણને અગસ્ત્યની ઝૂંપડીનું નામ આપ્યું છે. એ પંચકોણ વચ્ચે એક તારો દેખાય છે તેને એ ઝૂંપડીની અંદર લટકતો અને સહેજસાજ ઝોલા ખાતો દીવો કલ્પ્યો છે.

પૃ. ૨૧૮ હવે એ ત્રિવિધ પૂર્ણતામાંથી . . . નથી : સંભારો

पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૨૧૯ બ્રાહ્મમુહૂર્ત : સવારે લગભગ સાડા ત્રણ વાગ્યાનો સમય. આત્મચિંતન માટે એ સમય સરસ ગણાયો છે. ब्राह्ममुहूर्ते चोत्थाय चिन्तयेत् हितम् आत्मनः।

પૃ. ૨૨૦ જે વર્ષો મુંબઈ૦ કારણ એ સ્થાનો એટલાં ઉત્તરમાં છે કે ત્યાંથી આકાશનો આ ભાગ દેખાય જ નહીં.

ઉદરભરણ અને **યજ્ઞકર્મ :** સરખાવો :

वदनीं केवळ घेतां नाम घ्या श्री हरिचें
सहज हवन होतें नाम घेतां फुकाचें ।
जीवन करि जिवित्वा अन्न हें पूर्ण ब्रह्म
अुदरभरण नोहे जाणिजे यज्ञकर्म ॥

[મોઢામાં કોળિયો લેતાં શ્રીહરિનું નામ લો. ફોકટનું નામ લેતાં સહજ હવન થાય છે. અન્ન એ પૂર્ણ બ્રહ્મ છે અને તે જીવિત કહેતાં આવરદાને જીવન બનાવે છે. આ ઉદરભરણ નથી પણ એને યજ્ઞકર્મ જાણવું.]

પૃ. ૨૨૧ કન્યાકુમારીની કથા : બંડાસુર નામના એક દાનવે શંકરની આરાધના કરી હિરણ્યકશિપુની પેઠે હું આનાથી ન મરું, આનાથી ન મરું એવું વરદાન માગી લીધું હતું. પણ તે લાંબી યાદીમાં એને કુંવારી કન્યાનું નામ મૂકવાનું સૂઝયું નહોતું. વરદાનથી નિર્ભય બનેલા એ દાનવે જગત ઉપર ભારે ત્રાસ ગુજારવા માંડ્યો એટલે આખરે પ્રજાનો પોકાર સાંભળી શિવજીએ પાર્વતીને કુંવારી કન્યારૂપે અવતરવાનું જણાવ્યું. તે મુજબ પાર્વતીએ લલિતા દેવી રૂપે અવતરી એ દાનવનો વધ કર્યો અને પછી હાથમાં કંકુ અને ચોખા લઈને લગ્ન માટે શિવની રાહ જોતાં ઊભાં રહ્યાં. પહેલેથી નક્કી એવું થયું હતું કે દેવી દાનવનો વધ કરે એટલે શિવે આવી તેની સાથે લગ્ન કરવાં. શિવ નીકળ્યા પણ ખરા, પણ માર્ગમાં ક્રોધમૂર્તિ દુર્વાસા મળતાં તેમના સ્વાગતમાં કેટલોક સમય વીતી ગયો અને એમાં કલિયુગ બેસી ચૂક્યો એટલે લગ્ન થઈ શકે એવું રહ્યું નહીં. આથી દેવીએ હાથમાંનાં કંકુચોખા ફેંકી દીધાં અને કલિયુગ પૂરો થવાની રાહ જોતાં ત્યાં જ ઊભાં રહ્યાં. પાર્વતીના એ ચોખા આજે પણ દરિયા કિનારે મળે છે, અને એ ચોખા પિવડાવ્યાથી પ્રસૂતિની પીડા હળવી થાય છે એમ માની લોકો પથ્થરના એ ચોખા જેવા કણ લઈ જાય છે. કંકુ જેવી લાલ રેતીનો તો એ સ્થાને સુમાર નથી.

૫૪. સમુદ્રની પીઠ પર

પૃ. ૨૨૨ સેન્ટ વિલિયમનો કિલ્લો : કલકત્તામાં અંગ્રેજોએ બાંધેલો કિલ્લો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાયમંડ હાર્બર: ગંગાની શાખા હૂગલી નદીના મુખ આગળ આવેલું બંદર.

ગિરધારી: આચાર્ય કૃપાલાનીનો ભત્રીજો. તે વખતે લેખક સાથે શાંતિનિકેતનમાં રહેતો હતો.

આગુનેર પરશમણિ છોંઆઓ પ્રાણે: અગ્નિનો સ્પર્શમણિ પ્રાણને અડાડ. આખું ગીત આ પ્રમાણે છે:

આગુનેર પરશમણિ છોંઆઓ પ્રાણે
એ જીવન પુણ્ય કરો દહન-દાને.
આમાર એઇ દેહખાનિ તુલે ધરો,
તોમાર ઐ દેવાલયેર પ્રદીપ કરો,
નિશિદિન આલોક-શિખા જ્વલુક ગાને.

આંધારેર ગાયે ગાયે પરશ તવ
સારા રાત ફોટાક તારા નવ નવ.
નયનેર દૃષ્ટિ હતે ઘુચબે કાલો,
જેખાને પડબે સેથાય દેખબે આલો,
વ્યથા મોર ઉઠબે જ્વલે ઊર્ધ્વ-પાને.

[હે ભગવાન! અગ્નિનો સ્પર્શમણિ (મારા) પ્રાણને અડાડ. દહન-દાનથી આ જીવનને પાવન કર. મારો આ દેહ તું ઉપાડ અને એને તારા પેલા દેવાલયનો પ્રદીપ બનાવ; રાત દિવસ ગાનરૂપી આલોકશિખા (જ્યોતિ) જ્વલ્યા કરો. રાત્રિના અંધકારને અંગે અંગે તારો સ્પર્શ આખી રાત નવા નવા તારાઓ ખીલવો. નયનની દૃષ્ટિમાંથી કાળાશ દૂર થઈ જશે અને જ્યાં જ્યાં તે દૃષ્ટિ પડશે ત્યાં ત્યાં પ્રકાશ જ દેખાશે. અને મારી વ્યથા ઊર્ધ્વ દિશામાં સળગી ઊઠશે.]

આકાશમાં ચંદ્ર . . . ચાલતું હતું: સર૦ કવિ નાનાલાલનું 'શરદપૂનમ'ના એકલ ચંદ્રનું વર્ણન:

જેવું ઝૂલે સાગર ઉર નાવડું,
કે મેઘને અંક કપોતિની રૂડું,
એવી સખિ! ચંદ્રકલા સુઝૂલતી,
જ્યોત્સ્નાસરે એકલ ભીંજતી જતી.

એવું જ સુંદર ચિત્ર રવીન્દ્રનાથના એક ગીતમાં આવે છે:

આજ શુક્લા એકાદશી, હેરો નિદ્રાહારા શશી,
ઐ સ્વપ્ન પારાવારેર ખેયા એકલા ચાલાય બસિ.

[આજે શુક્લા એકાદશી છે. નિદ્રાવિહોણો શશી જુઓ, પણે સ્વપ્ન પારાવારની નાવડી એકલો બેઠો બેઠો ચલાવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૨૨૩ મોજાંના અખંડ . . . કેફ જ ચડે : સર૦ " . . . મોજાંઓનું એક અખંડ તાંડવ જ એકાએક નજરે પડ્યું . . . મને તો ત્યાં ઉન્મત્ત કરનાર નશો જ મળી ગયો." આ પુસ્તક પૃ. ૧૩૯.

આંધારેર ગાયે ગાયે૦ : જુઓ પૃ. ૨૨૨ ઉપરનું ટિપ્પણ.

પૃ. ૨૨૪ સમુદ્રનાં મોજાં . . . થોભ્યાં છે : સંભારો—'હૃદય અને સમુદ્ર બંને સ્વભાવે જ ઊર્મિલ હોય છે.' 'મોજાંઓનો તાંડવ-યોગ'ની પ્રસ્તાવના, પૃ. ૧૩૮.

અંગરાગ : શરીરની શોભા વધારવા માટે લગાડેલાં સુગંધી દ્રવ્યો.

ધ્યેયઃ સદા૦ : સૂર્યમંડળની મધ્યમાં રહેલા, કમલાસન ઉપર વિરાજમાન, તેમ જ કેયૂર, મકરકુંડલ, કિરીટ અને હાર ધારણ કરનાર, સુવર્ણમય શરીરવાળા, શંખચક્રધારી નારાયણનું સદા ધ્યાન ધરવું ઘટે.

પૃ. ૨૨૫ જીવતરામ : આચાર્ય જીવતરામ ભગવાનદાસ કૃપાલાની.

આ તમારી ભાષા . . . સંસ્કૃત છે : અહીં સૂચવેલો ધ્વનિ સમજાય છે?

ભયંકર દિવ્ય : દિવ્ય = કસોટી, પરીક્ષા. મરાઠીમાં 'ભયંકર દિવ્ય' નામની એક નવલકથા ખૂબ જાણીતી છે.

પૃ. ૨૨૭ નિધન : મરણ. નિધાન : ખજાનો.

તારાઓનું પારિજાત : " પારિજાતના ઝાડનાં ઊંડા લીલા રંગવાળાં પાંદડાં વચ્ચે એનાં ધોળાં ફૂલ સાંજે ખીલે છે, આખી રાત મઘમઘે છે અને સવાર પડયે ઝાકળનો સ્પર્શ થતાં વેંત ખરી પડે છે; એ જ રીતે ઊંડા નીલા આકાશમાં સાંજ થતાં વેંત ચમકતા તારાઓ એક પછી એક ખીલે છે, આખી રાત ટમટમે છે, અને સવાર પડયે અરુણનો સ્પર્શ થતાં વેંત અલોપ થાય છે." — કાકા કાલેલકર.

આની સાથે રવીન્દ્રનાથના એક ગીતનો ઉપાડ સંભારવા જેવો છે :

ઓલો શેફાલિ,

સબુજ છાયાર પ્રદોષે તુઇ જ્વાલિસ દીપાલિ.

[ઓ શેફાલી, લીલી છાયારૂપી પ્રદોષને વિશે તું દીપાવલિ પ્રગટાવે છે.]

નજીકની આસપાસનું : પ્રયોગ સારો નથી લાગતો.

કાકાસાહેબ સૂચવે છે કે એ પ્રયોગ સારો ન જ લાગતો હોય તો "નજીક પૂરતું આસપાસનું" એમ કહેવાય. immediate vicinity.

आत्मन्येव च संतुष्टः : આત્મમાં જ સંતુષ્ટ. ગીતા ૩, ૧૭.

આખો શ્લોક આ પ્રમાણે છે :

यस्त्वात्म-रतिर् अेव स्याद् आतम-तृप्तश् च मानवः ।
आत्मन्येव च संतुष्ठस् तस्य कार्यं न विद्यते ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પણ જે મનુષ્ય આત્મમાં રમનારો છે, જે તેથી જ તૃપ્ત રહે છે, અને તેમાં જ સંતોષ માને છે, તેને કંઈ કરવાપણું નથી હોતું.]

પૃ. ૨૨૮ સાઇક્લોન: વંટોળિયો. અંગ્રેજીમાં પવનના તોફાનના જુદા જુદા પ્રકાર માટે જુદા જુદા શબ્દો વપરાય છે. ગેઈલ, સ્ટૉર્મ, હરિકેન, ટૉર્નેડો, ટાઈફૂન, વ્હર્લવિન્ડ, ટેમ્પેસ્ટ, વગેરે.

૫૫. સરોવિહાર

પૃ. ૨૨૯ કેટલાંક રૂપગર્વિત . . . કરતાં હતાં: કેટલાક લોકો દર્પણની વ્યુત્પત્તિ દર્પ પેદા કરે તે દર્પણ એવી આપે છે, તે સંભારો.

એનું કાવ્ય તો દૂરથી જ ખીલે: સર૦ 'Tis distance lends enchantment to the view.

શકુંતલાની પેઠે: શાકુંતલના ત્રીજા અંકને અંતે શકુંતલા દુશ્યંત સાથે વિશ્રંભાલાપ કરતી હોય છે ત્યાં આર્યા ગોતમી વગેરે આવી પહોંચે છે એટલે શકુંતલા રાજાને લતાઓની પાછળ જવા કહે છે. અને જતી વખતે પોતાનો સંતાપ જ્યાં દૂર થતો હતો તે લતાવલયને ઉદ્દેશીને કહે છે :

लतावलय, संतापहारक, आमंत्रये त्वां भूयोऽपि परिभोगाय ।

હે સંતાપહારક લતાવલય, ફરી વાર પણ ઉપભોગ માટે આવવાનું કહી આમંત્રણ આપી તારી રજા લઉં છું. આમ લતામંડપને બહાને રાજાની રજા લઈ બધાંની સાથે જાય છે.

પૃ. ૨૩૦ યયાતિ: ચંદ્રવંશના ચોથા રાજા નહુષનો પુત્ર. એને બે પત્નીઓ હતી — દેવયાની અને શર્મિષ્ઠા. તેમનાથી એને અનુક્રમે યદુ અને પુરુ નામના બે પુત્રો થયા, જેઓ પાછળથી યાદવ અને પૌરવ વંશના સ્થાપક થયા. એના બીજા ત્રણ પુત્રોનાં નામ દ્રુહ્યુ, તુર્વસુ અને અનુ.

શુક્રાચાર્યના શાપને લીધે એને અકાળે વૃદ્ધત્વ પ્રાપ્ત થયું. એની વિનંતીને લીધે શુક્રાચાર્યે એવો ઉઃશાપ આપ્યો કે તારો કોઈ પુત્ર તારું ઘડપણ લઈને તને યૌવન આપે તો તું યુવાન થાય. એકલો પુરુ પોતાનું યૌવન આપવા તૈયાર થયો, તેનું યૌવન લઈ યયાતિ ભોગ વિલાસમાં ડૂબી ગયો. પણ પાછળથી તેને વિરતિ જન્મી. તેને સમજાયું કે

न जातु कामः कामानाम् उपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव पुनरेवाभिवर्धते ।।

[ભોગોના ઉપભોગથી કામના શમતી નથી. બલકે બલિથી વધતા અગ્નિની પેઠે ઊલટી વધે છે.]

તેણે પુરુને તેનું યૌવન પાછું આપી દીધું અને વનમાં જઈને તપશ્ચર્યા દ્વારા દેહત્યાગ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેનાસના ફુવારા : એના છોડનો આકાર ફુવારા ઊડતા હોય એવો લાગે છે માટે.

૫૬. સુવર્ણદેશની માતા ઐરાવતી

પૃ. ૨૩૧ **પણ ઐતિહાસિક . . . પોસાય** : સર૦ 'મુસાફરો ઇતિહાસ અને દંતકથા સાંભળે છે, પણ તેની ચર્ચા કરવા બેસતા નથી. નવરાશ જ હોય તો કલ્પનાતરંગ ચલાવે છે.' — 'હિમાલયનો પ્રવાસ.'

વાફર : Steam-launch : સ્ટીમ-લૉંચ. સ્ટીમ = વરાળને મરાઠીમાં વાફ કહે છે. તે ઉપરથી સ્ટીમ + અર = સ્ટીમર તેમ વાફ + અર = વાફર. ફેર એટલો જ કે વાફર શબ્દ નાન્યતર જાતિનો છે. કોંકણીમાં એને વાફોર કહે છે.

આ શબ્દ પહેલાં 'ગોકર્ણની યાત્રા'માં વપરાઈ ગયો છે.

પૃ. ૨૩૨ **જીવન નામ ધારણ કરનાર** : પાણીનું એક નામ જીવન પણ છે.

પાર્વતી : પર્વતમાં જન્મેલી, પહાડી.

ગોમાંતક : ગોવા.

કૃષીવલો : ખેડૂતો

આમંત્રણ ફૂંકે : સ્ટીમર પોતાનું ભૂંગળું ફૂંકીને બોલાવે છે તે ઉપરથી.

પૃ. ૨૩૩ **કૃપાનો ઉત્પાત ફેલાવે** : કૃપાને ઊંચી ઉછાળે એટલે કે જ્યારે એનાં પાણી ઊંચાં ચડે — એમાં પૂર આવે. ઉત્પાતનો બીજો અર્થ પણ ખરો. નાઈલમાં પૂર આવે છે ત્યારે જે કાંપ પથરાઈ જાય છે અને તેથી જે ખેતી ખીલે છે તેને ઇજિપ્શિયન ભાષામાં 'નાઈલની કૃપા' કહે છે. એવી જ ઐરાવતીની કૃપા. એમાં મહાપૂર આવે તો એ કૃપાનો ઉત્પાત થાય.

પૃ. ૨૩૪ **સોનાની આંગળીઓ** : મંદિરનાં સોનાનાં (સોનાના વરખે મઢેલાં) ચળકતાં શિખરો.

શેતરંજ રમતા કાલિદાસને૦ દંતકથા એવી છે કે ભવભૂતિ 'ઉત્તર-રામચરિત' લખી રહ્યા ત્યાર પછી તેમણે એ આખો ગ્રંથ કાલિદાસને વાંચી સંભળાવ્યો. કાલિદાસ શેતરંજના ભારે શોખીન હતા, એટલે તેઓ શેતરંજ રમતા જાય અને સાંભળતા જાય. કાલિદાસ ધ્યાનપૂર્વક સાંભળતા નથી એમ માનીને ભવભૂતિને માઠું લાગ્યું. પણ આખરે જ્યારે કાલિદાસે એક સૂક્ષ્મ અને રસિક સુધારો સૂચવ્યો ત્યારે ભવભૂતિ છક થઈ ગયા. આખું નાટક સાંભળી રહ્યા પછી કાલિદાસે કહ્યું, "નાટક સરસ છે, ફક્ત એક અનુસ્વાર વધુ પડી ગયું છે." ભવભૂતિએ રામસીતાની ગોઠડીનું વર્ણન કરતાં લખ્યું હતું :

अविदित-गत-यामा रात्रिरेवं व्यरंसीत् ।।

એવી રીતે (એવં) (આડી તેડી વાતો કરતાં કરતાં) પહોર કેમ ગયા તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખબર પડ્યા વગર રાત્રિ વીતી ગઈ. એમાંથી કાલિદાસે એક અનુસ્વાર કાઢવા સૂચવ્યું એટલે અર્થ બદલાઈ ગયો અને તેમાં ચમત્કાર આવ્યો.

अविदित-गत-यामा रात्रिरेव व्यरंसीत् ।।

(આડી તેડી વાતો કરતાં કરતાં) પહોર કેમ ચાલ્યા જાય છે એની ખબર પડ્યા વગર રાત્રિ માત્ર ખૂટી ગઈ (આપણી વાતો ન ખૂટી).

ખરી રીતે કાલિદાસ અને ભવભૂતિ સમકાલીન નહોતા. આ તો માત્ર દંતકથા છે.

શાનરાજ્યો: બ્રહ્મદેશમાં ચીનની સરહદને અડીને આવેલાં અર્ધ સ્વતંત્ર રાજ્યો. ત્યાંની મુખ્ય વસ્તી શાન લોકોની છે. એ લોકો મોટે ભાગે બ્રહ્મદેશ, આસામ, સિયામ અને દક્ષિણ ચીનમાં વસે છે. વર્ણે ગૌર, ધર્મે બૌદ્ધ, ઉદ્યોગી, ખેતીના, ખાણના અને ધાતુના કામમાં પાવરધા. છૂંદણાંના શોખીન. એમનામાં બહુપત્નીનો રિવાજ છે.

પૃ. ૨૩૫ સંકર: મિશ્રણ, ભેળસેળ. સર૦ વર્ણસંકર.

अनिच्चा वत० अनित्या वत संस्कारा उत्पत्ति-व्ययधर्मिणः

ઉત્પત્તિ અને નાશ એ જ જેમનો ધર્મ છે એવા સંસ્કારો (સૃષ્ટ પદાર્થો) અનિત્ય જ છે.

શ્રાંત: થાકેલો. હારેલા લોકોનું તત્ત્વજ્ઞાન.

ચિરંતન: ચિરકાળ ટકનારો. સંપૂર્ણ જ્ઞાન જેને થયું છે એવા લોકોનું તત્ત્વજ્ઞાન.

એ ખંડ તો૦ નવો વસેલો એટલે.

સુવર્ણદેશ: બ્રહ્મદેશનું બૌદ્ધકાલીન નામ સુવર્ણદેશ હતુ.

૫૭. સમુદ્રના સહવાસમાં

પૃ. ૨૩૬ માર્માગોવા: ખરું નામ મુરગાંવ છે. મુંબઈની દક્ષિણે ગોવાનું આ મહત્ત્વનું કૃત્રિમ બંદર ઠીક ઠીક ઊંડું હોવાથી વેપાર તેમ જ લશ્કરી દૃષ્ટિએ તે મહત્ત્વનું છે. પોર્ટુગીઝ સરકારની માલકી હોવા છતાં એનો અમુક વહીવટ ભારત સરકારના હાથમાં છે.

કાચી છીંકની પેઠે: ઉપમાનું નાવીન્ય અને ઔચિત્ય જોયું?

પૃ. ૨૩૭ મેદુર: વાદળાંઓથી છવાયેલું ગાઢું. જયદેવના 'ગીતગોવિંદ'ના પહેલા જ શ્લોકમાં એ શબ્દ આવે છે:

मेघैर्मेदुरमंबरं वनभुवः श्यामास्तमालद्रुमैः-
नक्तं भीरुरयं त्वमेव तदिमं राधे ! गृहं प्रापय ।
अित्थं नंदनिदेशतश्चलितयोः प्रत्यध्वकुंजद्रुमं
राधामाधवयोर्जयंति जमुनाकूले रहःकेलयः ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૨૩૮ ભાદ્રપદાનું ચોરસ : ચોરસ શબ્દ ગુજરાતીમાં નરજાતિમાં વપરાય છે. મરાઠીમાં પણ ચૌરસ નરજાતિ છે.

ત્રિકાંડ : ત્રણ કાંડ એટલે ભાગવાળો. શ્રવણના ત્રણ તારા હોય છે. મૃગનક્ષત્રના પેટમાં ત્રણ તારાઓનું ઈષુ ત્રિકાણ્ડ નક્ષત્ર હોય છે. તેના જેવો જ શ્રવણ હોય છે તેથી એને ત્રિકાણ્ડ કહ્યો છે.

ખસ્વસ્તિક : આપણે જ્યાં ઊભા હોઈએ ત્યાંનો માથા પરનો આકાશનો ભાગ અથવા બિન્દુ. એને અંગ્રેજીમાં 'ઝેનિથ' કહે છે. આપણા જ્યોતિષમાં એને ખસ્વસ્તિક કહે છે.

પ્રકાશ મિચમિચાવી : જેમ તારખાતામાં 'કટ્ટ' અને 'કડ' એવા બે અવાજથી આખી લિપિ ગોઠવાઈ છે તેમ જ રાત્રે પ્રકાશ મિચમિચાવીને દૂર સુધી સંદેશાઓ પહોંચાડી શકાય છે. દિવસે સૂર્યપ્રકાશથી પણ એવા સંદેશાઓ મોકલાય છે જેને હેલિયોગ્રાફ કહે છે.

પૃ. ૨૩૯ ભાંભરત : ભૂંગળાં વગાડી વાત કરત.

ધણ : પશુની હાલત ભોગવતાં માણસોનો સમૂહ. એટલે જ આ શબ્દનું ઔચિત્ય.

પૃ. ૨૪૨ ત્રિખંડ સહકાર : આફ્રિકાખંડની ભૂમિ ઉપર ત્યાંના કાળા મૂળ વતનીઓ ઉપરાંત ઉત્તર તરફથી આવેલા ગોરા યુરોપિયનો અને પૂર્વ તરફથી આવેલા ઘઉંવર્ણા કે પીળા એશિયા ખંડના આરબો, હિંદીઓ અને ચીનાઓ વસે છે. ગોરાઓ રાજ્યકર્તા તરીકે, એશિયાવાસીઓ વેપારીઓ તરીકે અને મૂળ વતની આફ્રિકનો ગુલામ અને મજૂર તરીકે એકબીજા સાથે સહકાર કરે છે એટલે એવા માનવી જીવનને ત્રિખંડ વિષમ સહકાર કહ્યો છે.

૫૮. નીલોત્રી

પૃ. ૨૪૨ શ્રી અપ્પાસાહેબ : ઔંધના છેલ્લા રાજાના બીજા દીકરા અપ્પાસાહેબ પંત. ભારત સરકાર વતી ત્યાં કમિશનર તરીકે એટલે કે ભારતના એલચી તરીકે કામ કરતા હતા. એમણે ત્યાંના લોકો ઉપર બહુ સારી છાપ પાડી હતી.

એક રાજ્ય બીજા રાજ્યમાં પોતાના જે પ્રતિનિધિ અથવા એલચી કે વકીલો મોકલે છે તેના ચાર વર્ગો પાડવામાં આવે છે. સૌથી ઉચ્ચ કક્ષાનો રાજદૂત '**ઍમ્બેસેડર**' કહેવાય છે. તે પછી '**મિનિસ્ટર**' આવે, પછી '**મિનિસ્ટર રેસિડન્ટ**' આવે અને છેલ્લે '**ચાર્જ દ ઍફેર્સ**' આવે.

એક રાજ્ય બીજા રાજ્યમાં પોતાના નાગરિકોનાં વેપારી હિતોના રક્ષણમાં મદદ કરવા જે અમલદારને મોકલે તે '**કૉન્સલ**' કહેવાય. અને જે અમલદાર એક સ્થાનના કે આખા પ્રદેશના વેપારી સંબંધોને લગતાં કામકાજ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખરેખ રાખતો હોય તે **'કૉન્સલ જનરલ'** કહેવાય. એ જ ખાતાનો નીચલા દરજ્જાનો અમલદાર તે **'કૉન્સુલર એજન્ટ'** કહેવાય.

બ્રિટિશ રાષ્ટ્રસમૂહમાંના કોઈ દેશમાં મોકલેલા એલચીને **હાઈકમિશનર** અથવા **કમિશનર** કહે છે.

પૃ. ૨૪૪ ધ્યેયઃ સદા૦ જુઓ પૃ. ૨૨૪ ઉપરની નોંધ.

જો હું સંસ્કૃત કવિ હોત : સંસ્કૃત કવિ વાલ્મીકિના ગંગાષ્ટકમાં કહ્યું છે —

त्वत्तीरे तरुकोटरान्तरगतो गंगे ! विहंगो वरं
त्वन्नीरे नरकान्तकारिणि ! वरं मत्स्योऽथवा कच्छपः ।
नैवान्यत्र मदान्ध-सिंधुर-घटा-संघट्ट-घंटा रणत्-
कार-त्रस्त-समस्त-वैरि-वनिता-लब्ध-स्तुतिर् भूपतिः ।।

[હે ગંગે, તારે કાંઠે આવેલાં વૃક્ષની બખોલમાંનું પંખી સારું; હે નરકનો અંત લાવનારી, તારા પાણીમાંનું માછલું કે કાચબો સારો, પણ બીજે જેના મદમસ્ત હાથીઓના ઘંટાના અવાજથી બધા રિપુઓની ત્રાસી ગયેલી સ્ત્રીઓની સ્તુતિ પામેલો ભૂપતિ નહીં સારો.]

ઈશોપનિષદ, માંડુક્યોપનિષદ, અઘમર્ષણ સૂક્ત : અઢાર જ મંત્રનું નાનકડું **ઈશોપનિષદ** હિંદુ ધર્મનું સારતત્ત્વ આપી દે છે. શ્રી વિનોબાએ એને વેદોનો સાર અને ગીતાનું બીજ કહ્યું છે. ગાંધીજીએ પણ કહ્યું છે કે એમાં હિંદુ ધર્મનું સમસ્ત સારતત્ત્વ આવી જાય છે. ખાસ કરીને એનો પહેલો મંત્ર એમને ખૂબ પ્રિય હતો અને તેના ઉપર એમણે વારંવાર વિવરણ કર્યું હતું :

ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुंजीथा मा गृधः कस्यस्विद्धनम् ।।

માંડુક્યોપનિષદ : ઈશોપનિષદ કરતાં પણ નાનું છે. એમાં બાર જ મંત્ર છે અને તેમાં ઓમ્કારના વર્ણન દ્વારા આખો અદ્વૈત સિદ્ધાંત માંડેલો છે. એના ઉપર શ્રી ગૌડપાદાચાર્યે લખેલી કારિકાઓ અદ્વૈત સિદ્ધાંતનો પ્રથમ નિબંધ ગણાય અને તેના પાયા ઉપર શ્રી શંકરાચાર્યે પોતાના મતની સ્થાપના કરી છે.

અઘમર્ષણ સૂક્ત : ઋગ્વેદના ૧૦મા મંડળમાં આવેલું ૧૯૦મું સૂક્ત. એના ઋષિનું નામ પણ અઘમર્ષણ જ છે. એ સૂક્ત સંધ્યાવંદનમાં સવારસાંજ વપરાય છે. અઘમર્ષણનો અર્થ પાપને ધોઈ કાઢવું તે, એવો થાય છે; પણ એ સૂક્તમાં પાપનો ઉલ્લેખ સરખો નથી. એમાં ઋષિ કહે છે : બાહ્ય વિશ્વની વિશાળતા અનુભવો; હૃદયનું ઊંડાણ તપાસો; આ બધી આંતરબાહ્ય સૃષ્ટિ શાને આધારે નભી રહી છે એ જોઈ લો; કાળની અને સૃષ્ટિની અનંતતા ધ્યાનમાં લાવો; એટલે તમારું મન આપોઆપ વિશાળ થશે. વિશાળ મનમાં પાપને સ્થાન મળતું નથી. આ અનાદિ અનંત સૃષ્ટિમાં ઋતમ્ અને સત્યમ્ બે જ સ્થાયી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ઋતમ્ એટલે વિશ્વનો સાર્વભૌમ નિયમ, કાયદો. ચરાચર વિશ્વનો સનાતન ધર્મ તે ઋતમ્. એને આધારે જ અનાદિ, અનંત સૃષ્ટિ ચાલે છે (ઋ=ચાલવું). એ ઋતની અંદર રહેલું પરમ તત્ત્વ, જે હમેશાં રહેલું જ છે અને જેનો નાશ નથી, તેને સત્ય કહે છે. એ સત્ય સર્વવ્યાપી હોઈ એને વિષ્ણુ (સર્વત્ર પ્રવેશ પામનારું અથવા ફેલાતું) પણ કહે છે. એ સત્યમ્ અને ઋતમ્ દ્વારા વિશ્વ પેદા થાય છે, વિલીન થાય છે અને ફરી પેદા થાય છે. વિશ્વચક્ર તપથી ચાલે છે. એ વિશ્વ તો પરમાત્માનો કેવળ મહિમા છે, પરમાત્મા તો એના કરતાંયે મોટો છે, સુખનું ધામ છે, આનંદનું નિધાન છે. એની કલ્પના હૃદયમાં ફેલાશે તેમ તેમ હૃદય સ્વચ્છ થશે. જેમ જેમ હૃદયથી મોટા થશો તેમ તેમ પાપની સૂગ ચડશે અને પાપને ઊભવાને સ્થાન જ નહીં રહે. यो वै भूमा तत्सुखम् । नाल्पे सुखम् अस्ति એટલું જાણી લેવું એ જ પાપનાશક મંત્ર છે. વધુ માટે જુઓ 'અઘમર્ષણ' નામનો લેખ. 'જીવનનો આનંદ'.

પૃ. ૨૪૭ મિ. સ્પીક, (Speke) જોન હેનિંગ [૧૮૨૭–૧૮૬૪] નાઈલના મૂળનો શોધક. હિંદી લશ્કરમાં ભરતી થયો હતો. પંજાબની લડાઈમાં ખ્યાતિ પામ્યો. રજાઓમાં હિમાલય, તિબેટ વગેરે પ્રદેશોમાં ફરી મોજણી કરવાનો શોખ. આફ્રિકાની ભૂગોળને લગતા પ્રશ્નોમાં રસ જાગતાં ૧૮૫૪માં બર્ટનની ટોળી સાથે આફ્રિકા ગયો. સોમાલીલૅંડમાં ફર્યો. એનું વર્ણન What led to the Disconvery of the Source of the Nile (૧૮૫૪) માં કર્યું. ત્યાર પછી એ આફ્રિકાના મધ્યમાં આવેલાં સરોવરોની શોધમાં ઊપડ્યો. એમાંનું ઉત્તરનું સરોવર વિક્ટોરિયા ન્યાંઝા જ નાઈલનું મૂળ છે એવી એની ધારણા હતી અને તે એણે સાચી સાબિત કરી બતાવી, ૧૮૬૨. એનો હેવાલ એણે The Journal of the Discovery of the Source of the Nile નામના પુસ્તકમાં પ્રગટ કર્યો. બર્ટને એનો વિરોધ કર્યો. તેને મતે ટાંગાનિકા સરોવર નાઈલનું મૂળ હતું. બંને વચ્ચે જાહેર ચર્ચા ગોઠવાઈ. ચર્ચાને આગલે દિવસે જ સ્પીક શિકારે ગયો ત્યાં પોતાની જ બંદૂકની ગોળીથી વીંધાઈ ગયો.

ચંદ્રગિરિ: રામાયણ અનુસાર સિંધુ અને સાગરના સંગમસ્થાને આવેલો શતશૃંગ પર્વત. અહીં 'રુવેન ઝોરી' પર્વત.

મેરુ પર્વત: ભાગવત અનુસાર જંબુદ્વીપમાં આવેલા ઇલાવૃત્તની મધ્યમાં આવેલો સોનાનો પર્વત. અહીં મધ્ય આફ્રિકાનો એ જ નામનો એક પર્વત.

પૌરાણિક ભૂગોળના સામાન્ય પરિચય માટે 'શ્રીમદ્ભાગવત' (છાયાનુવાદ) –ગોપાલદાસ પટેલકૃત પૃ. ૧૫૬–૧૬૬ જોવાં.

અચ્છોદ સરોવર: બાણ ભટ્ટની કાદંબરીમાંથી આ નામ લીધું છે.

'શુભ વર્તમાન': સુવાર્તા; અંગ્રેજી 'ગૉસ્પેલ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ. ૨૪૮ સ્ટૅન્લી, સર હેનરી મૉર્ટન [૧૮૪૦-૧૯૦૪]: સામાન્ય ખેડૂતનો છોકરો. મૂળ નામ જોન રોલાંડ. બાળપણ કઠણાઈમાં ગયેલું. શાળામાં શિક્ષકને મારીને નાસી ગયેલો. સોયદોરો વગેરે વેચનારને ત્યાં, ખાટકીને ત્યાં અને પછી ન્યૂ ઑર્લિયન્સ (અમેરિકા) જતી એક સ્ટીમરમાં કૅબિનબૉય તરીકે કામ કર્યું. ન્યૂ ઑર્લિયન્સના એક વેપારી હેનરી મૉર્ટન સ્ટૅનલીએ એને મદદ કરી અને પાછળથી દત્તક લીધો. ત્યારથી એ સ્ટૅનલી તરીકે ઓળખાયો. પાલકપિતાનું અવસાન થતાં લશ્કરમાં જોડાયો. યુદ્ધ દરમ્યાન કેદ પકડાયો. છૂટીને ઘેર આવ્યો તો માએ જાકારો દીધો. એની ઊંડી અસર થઈ. રોટલા માટે ખલાસીનું જીવન સ્વીકાર્યું. અમેરિકાના નૌકાદળમાં દાખલ થયો. પછી છાપાં માટે લખવાનું શરૂ કર્યું. સારી વર્ણનશક્તિ બતાવી, અનેક યુદ્ધોમાં ખબરપત્રી તરીકે કામ કર્યું. ૧૮૬૯માં 'ન્યૂયૉર્ક હેરલ્ડ'ના સંચાલકે એને તારથી પારિસ બોલાવ્યો, અને આફ્રિકામાં શોધખોળના પ્રવાસે ગયેલા લિવિંગ્સ્ટનની શોધમાં જવાનો આદેશ આપ્યો. ભગભગ એક વર્ષના હાડમારીભર્યા રઝળપાટ પછી એ ઉજીજીમાં લિવિંગ્સ્ટનને મળ્યો, ૧૦મી નવેમ્બર ૧૮૭૧. આ પ્રવાસનું વર્ણન એણે How I Found Livingstone નામના પુસ્તકમાં કર્યું, ૧૮૭૨. શરૂઆતમાં લોકોએ એની વાત ન માની પણ એણે સાથે આણેલી લિવિંગ્સ્ટનની નોંધો બતાવી ત્યારે બધા ચૂપ થયા. વિક્ટોરિયા રાણીએ એને તપખીરની રત્નજડિત ડબ્બી ભેટ આપી. આ પ્રસંગે એના ઉપર લોકોએ દાખવેલા અવિશ્વાસથી અને વરસાવેલી ગાળોથી એનું મન કાયમનું ખાટું થઈ ગયું.

૧૮૭૪માં લિવિંગ્સ્ટનના અવસાન પછી તેનું અધૂરું કાર્ય પૂરું કરવા 'ડેલી ટેલિગ્રાફ'ના માલિકે નાણાં ભેગાં કરી એની આગેવાની હેઠળ એક મંડળી આફ્રિકા મોકલી. ત્રણ વરસના પ્રવાસ પછી એણે સાબિત કર્યું કે લિવિંગ્સ્ટને જેને લુઆબાબા કહી હતી તે અને કૉંગો નદી એક જ છે, અને તેનો આખો જળમાર્ગ એણે નક્કી કરી આપ્યો. આ માટે એણે ખેડેલાં જોખમો અને વેઠેલાં કષ્ટોનો જોટો નથી. એણે વિક્ટોરિયા ન્યાંઝાનું ક્ષેત્રફળ નક્કી કર્યું, ટાંગાનિકાની લંબાઈ અને ક્ષેત્રફળ નક્કી કર્યાં, ડવેરુ નામના નવા સરોવરની શોધ કરી. આ પ્રવાસનું વર્ણન એણે Through the Dark Continent નામના પુસ્તકમાં કર્યું છે, ૧૮૭૮. એના આ પ્રવાસને પરિણામે નાઈલના મૂળની આસપાસનો પ્રદેશ અંગ્રેજોના રક્ષણ હેઠળ આવ્યો.

કૉંગો આફ્રિકાના મધ્યપ્રદેશને ચીરીને જતો જળમાર્ગ છે એ એની શોધ ખૂબ મહત્ત્વની હતી અને તેનું મહત્ત્વ બેલ્જિયમના રાજા લિયોપોલ્ડ બીજાને બરાબર સમજાયું હતું. તેણે આફ્રિકાથી પાછા સ્વદેશ ફરતા સ્ટૅનલીને રસ્તામાં જ મળવા પોતાના માણસોને માર્સેલ્સ મોકલ્યા અને તેને પાછા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૉંગો જવાની સૂચના કરી, પણ આરામ માટે ઝંખતા સ્ટૅનલીએ તે વખતે તો એ ન સ્વીકારી. ૧૮૭૯માં લિયોપોલ્ડે ફરી પોતાની સૂચના તાજી કરી. સ્ટૅનલીએ દરમ્યાન અંગ્રેજ વેપારીઓનો કૉંગો વિશે રસ જાગ્રત કરવા પ્રયત્ન કરી જોયો હતો પણ નિષ્ફળતા મળી હતી એટલે તેણે બ્રુસેલ્સ જઈ લિયોપોલ્ડની સૂચના અને યોજનાનો સ્વીકાર કર્યો. એ ફરી કૉંગો ગયો. પાંચ વર્ષની જહેમતને પરિણામે એણે કૉંગોનું સ્વતંત્ર રાજ્ય લિયોપોલ્ડના આધિપત્ય હેઠળ સ્થાપ્યું. આનું વર્ણન એણે The Congo and the Founding of its Free State એ ગ્રંથમાં કર્યું છે, ૧૮૮૫.

૧૮૮૪માં એ પાછો યુરોપ આવ્યો. એનાં ભાષણોને પરિણામે જર્મનીને આફ્રિકામાં રસ જાગ્યો. યુરોપનાં રાજ્યો આફ્રિકા ઉપર કબજો જમાવવા હરીફાઈ કરવા લાગ્યાં. સ્ટૅન્લીએ ઇંગ્લંડમાં કાયમી વસવાટ કર્યો પણ બેલ્જિયમના રાજા પ્રત્યેની વફાદારી પણ તેને ખેંચતી હતી. એ બંનેનું હિત સાધવાના હેતુથી તે ફરી આફ્રિકા ગયો. ભૂમધ્યરેખા આગળના પ્રદેશોમાં ફરતાં એની સાથેના માણસોમાંથી $\frac{2}{3}$ જેટલાં માણસો મરી ગયાં, એના કેટલાક સાથીઓને ત્યાંના લોકોએ મારી નાખ્યા. પણ એણે હિંમત હાર્યા વગર કામ જારી રાખ્યું અને અંગ્રેજો માટે ત્યાંના અમીન પાસે કેટલીક સારી રાહતો મેળવી. આ ભયંકર પ્રવાસનું વર્ણન In Darkest Africa નામના ગ્રંથમાં એણે કર્યું છે, ૧૮૯૦.

આ પ્રવાસેથી પાછા ઇંગ્લંડ આવ્યા પછી એના ઉપર વિવિધ સંમાનો વર્ષાવવામાં આવ્યાં. ઑક્સફર્ડ અને કેમ્બ્રિજનાં વિશ્વવિદ્યાલયોએ એને માનાર્હ પદવીઓ આપી. એ એક કલાકાર બાઈને પરણ્યો. તેના આગ્રહથી પાર્લમેન્ટમાં ચૂંટાયો. પણ એ કામ એને ફાવ્યું નહીં. એણે પોતાના જુવાનીના પ્રવાસોનું વર્ણન My Early Travels and Adventures નામે ગ્રંથમાં કર્યું. ૧૮૯૭માં એ છેલ્લી વાર આફ્રિકા ગયો. એનું વર્ણન Through South Africa નામે ગ્રંથમાં કર્યું, ૧૮૯૮. ૧૮૯૯માં ઇંગ્લંડના રાજાએ એને નાઈટનો ઇલકાબ આપ્યો. જીવનનાં છેલ્લાં વર્ષો નિવૃત્તિમાં ગાળી ૧૯૦૪ માં એ અવસાન પામ્યો.

રાજા લિયોપોલ્ડ : ઉપરની નોંધ જુઓ.

પૃ. ૨૪૯ મિસર સંસ્કૃતિ : મિસરમાં (૧) પુરોહિતો, (૨) રાજ્યકર્તા વર્ગ, (૩) ખેડૂતો અને (૪) કારીગરો, મજૂરો કે ગુલામો એવી ચાર વર્ણોવાળી સમાજ-વ્યવસ્થા હતી.

પ્લેટોની 'સમાજ રચના' : પ્લેટોએ 'રિપબ્લિક' નામના ગ્રંથમાં જે આદર્શ નગરરાજ્યનું ચિત્ર રજૂ કર્યું છે તેમાં તેણે લોકોના ચાર વર્ગો પાડ્યા છે : (૧) રાજ્યકર્તા તત્ત્વજ્ઞો, (૨) લડવૈયાઓ, (૩) ખેડૂતો, કારીગરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વેપારીઓ અને (૪) ગુલામો. એ ગ્રંથનો અનુવાદ 'પ્લેટોનું આદર્શ નગર' નામે ગુજરાતીમાં થયેલો છે.

અંગ્રેજોએ ... વિલાસભૂમિ બનાવી : સંભારો 'જોગનો ધોધ', આ જ પુસ્તક પૃ. ૪૯.

પૃ. ૨૫૦ અશ્વત્થામા : અશ્વ + સ્થામન્. સ્થામન્ = બળ. અહીં સ્થામન્‌માંના 'સ'નો લોપ થાય છે.

૫૯. અર્ણવનું આમંત્રણ

પૃ. ૨૫૦ અમર્ષ : અપમાન કે તિરસ્કારથી જન્મતો સ્થિર ક્રોધ. જુઓ પૃ. ૧૪૮ ઉપરનું ટિપ્પણ.

ધાત્વર્થ : ધાતુ પ્રમાણે થતો અર્થ.

અર્ણવ શબ્દમાં ધાતુ 'ऋ' છે. તેનો અર્થ ખળભળવું, ક્ષીણ ક્ષીણ થવું, અજંપો અનુભવવો એવો થાય છે. એ ઉપરથી જે ખળભળે છે, ક્ષીણ ક્ષીણ થાય છે, અશાંત છે, તે अर्णः = પાણી. અને જેમાં એવું પાણી છે તે અર્ણવ. ऋणोत्यर्णः । अर्णांसि अुदकानि अत्र सन्ति अिति अर्णवः ।

અઘમર્ષણ સૂક્ત જુઓ પૃ. ૨૪૪ ઉપરનું ટિપ્પણ.

વરુણ : વેદમાં વરુણને પશ્ચિમ દિશાનો અને સાગરનો અધીશ્વર કહ્યો છે. वृ (વીંટી વળવું) + अुन (કર્તાર્થે) જે પૃથ્વીને વીંટી વળ્યો છે તે.

પૃ. ૨૫૧ ભુજ્યુ : ઋગ્વેદમાં એવો ઉલ્લેખ આવે છે કે ભુજ્યુના પુત્ર તુગ્ર ઉપર એના પિતાનો રોષ ઊતર્યો. આથી તેણે એને બીજા ટાપુ ઉપરના દુશ્મનો સામે લડવાને મોકલી આપ્યો. રસ્તામાં તેનું વહાણ કાણું થઈ ગયું અને તે મહા મુશ્કેલીમાં આવી પડ્યો. પણ એ વખતે અશ્વિનીકુમારોએ સો હલેસાંવાળા વહાણમાં આવીને તેને સહીસલામત કાંઠે પહોંચાડ્યો.

ऋतम् અને सत्यम् : જુઓ પૃ. ૨૪૪નું ટિપ્પણ.

જલોદર : પેટમાં પાણી ભરાઈ જાય એવો રોગ. અહીં જલરૂપી ઉદર એવો અર્થ કરીને લેખકે શબ્દ વાપર્યો છે. જુઓ આગળ પૃ. ૨૫૫.

તમારામાં ૦ સંભારો આ પુસ્તકનો લેખ 'સાર્વભૌમ ભરતી-ઓટ.' પૃ.૨૦૭.

પૃ. ૨૫૨ સિંદબાદ : અરેબિયન નાઇટ્સમાં એની સાત સફરોની રસિક કથા આવે છે.

સિંહપુત્ર વિજય : સિલોનની પ્રાચીનતમ પરંપરા અનુસાર ઈ૦ સ. પૂર્વે ૬ઠ્ઠી સદીના મધ્ય ભાગમાં સૌરાષ્ટ્રમાંથી સિંહપુર (શિહોર)નો રાજકુમાર વિજય સાહસિક પ્રવાસ કરીને સિલોન પહોંચ્યો હતો. એ પૌરાણિક નહીં પણ ઐતિહાસિક વ્યક્તિ છે એમ વિદ્વાનો માને છે. જુઓ શ્રી સુનીતિકુમાર ચટ્ટોપાધ્યાયકૃત 'ભારતીય આર્યભાષા અને હિંદી', પૃ. ૯૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૃગુકચ્છ : આજનું ભરૂચ.

સોપારા : પ્રાચીન શૂર્પારક.

દાભોળ : પશ્ચિમ કિનારે આવેલું એક રળિયામણું અને મહત્ત્વનું બંદર.

મંગલાપુરી : આજનું માંગલોર.

તામ્રદ્વીપ : સિલોન.

જાવા અને બાલિદ્વીપ : સિંગાપુરની દક્ષિણે આવેલા બે બેટો. ત્યાં મુસલમાની ધર્મ પળાય છે અને હિંદુ સંસ્કૃતિની અસર હજી ચોક્કસ છે.

તામ્રલિપ્તિ : આજનું તામલુક.

દશે દિશ ફેલાવો કરો : મહાવંશમાં એવો ઉલ્લેખ આવે છે કે—"બૌદ્ધ ધર્મનો પ્રચાર કરનાર મોગ્ગલીપુત્ત (તિસ્સ) સ્થવિરે સંગીતિનું કામ પૂરું કર્યા પછી ભવિષ્યત્ કાલનો વિચાર કરીને અને મધ્યદેશ બહાર બૌદ્ધ ધર્મની સ્થાપના થવાની છે એ ધ્યાનમાં લઈને, કાર્તિક માસમાં તે તે સ્થવિરોને તે તે ઠેકાણે મોકલ્યા. કાશ્મીર અને ગાંધાર દેશમાં (તેણે) મજ્ઝંતિક નામના સ્થવિરને મોકલ્યો. મહાદેવ સ્થવિરને મહિષ મંડળમાં મોકલ્યો. વનવાસીમાં (તેણે) રક્ખિત નામના સ્થવિરને મોકલ્યો. મહારાષ્ટ્ર દેશમાં (તેણે) મહાધમ્મ રક્ખિત નામના સ્થવિરને મોકલ્યો અને યોન (યવન) લોકના દેશમાં મહારક્ખિત સ્થવિરને મોકલ્યા.

મજ્ઝિમ સ્થવિરને તેણે હિમવંત (હિમાલય) પ્રદેશમાં અને સુવર્ણ ભૂમિમાં (બ્રહ્મદેશ?) સોણ અને ઉત્તર, એ બે સ્થવિરોને મોકલ્યા (તેણે) મહા–મહિન્દ, ઇટ્ઠિય, ઉત્તિય, સંબલ અને ભદ્દસાલ, એ પાંચ પોતાના સ્થવિર શિષ્યોને, 'તમે સુંદર લંકાદ્વીપમાં મનોરમ બુદ્ધ ધર્મની સ્થાપના કરો', એમ કહી (તે દ્વીપમાં) મોકલ્યા." ૧–૮.

ધર્મવિજય : કલિંગ વિજય પછી પોતાના મનમાં જાગેલા પશ્ચાત્તાપનું વર્ણન કરતો જે શિલાલેખ અશોકે કોતરાવેલો છે તેમાં એણે કહેલું છે કે "મહારાજના મતે ધર્મ દ્વારા મેળવેલો વિજય એ જ શ્રેષ્ઠ વિજય છે."

પૃ. ૨૫૪ ગેંડાની પેઠે અકુતોભય : મૂળ બૌદ્ધ ગ્રંથોમાં ગેંડાની નહીં પણ ગેંડાના એકલ શિંગડાની ઉપમા છે. બધાં પ્રાણીને બે શિંગડાં હોય છે પણ ગેંડાને નાક પર એક જ હોય છે, તેને અનુલક્ષીને આ ઉપમા યોજાયેલી છે. ધમ્મપદમાં આવા સંદર્ભમાં એકલ હાથીની ઉપમા આવે છે:

नो चे लभेथ निपकं सहायं सद्धिचरं साधु विहारिधीरं ।
राजा व रट्ठं विजितं पहाय अेको चरे मातंगरञ्ञे व नागो ॥

[જો નિપુણ સાથે ચાલનાર, સાધુ વિહારવાળા ધીર પુરુષને મિત્ર તરીકે ન મેળવે તો હારેલું રાજ્ય છોડીને રાજા જાય તેમ, માતંગ અરણ્યમાં હાથી ફરે તેમ, એકલાં ફરવું.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अेकस्स चरितं सेय्यो नत्थि बाले सहायता ।

अेको चरे न च पापानि कयिरा अप्पोस्सुक्को मातङ्गरञ्ञे व नागो ।।

[એકલી ચર્યા શ્રેય છે, બાળક (અજ્ઞાની) પાસેથી સહાયતા મળતી નથી; માતંગ અરણ્યમાં હાથીની પેઠે અલ્પોત્સુક થઈને એકલી ચર્યા કરવી; પાપ ન કરવું.]

સોપારા, કાન્હેરી, ઘારાપુરી : આ બધાં મુંબઈની આસપાસ આવેલાં સ્થાનોમાં બૌદ્ધ ગુફાઓ અને શિલાલેખો મળી આવે છે.

ખંડગિરિ, ઉદયગિરિ ઓરિસ્સામાં આવેલા બે પહાડો. એમાં બૌદ્ધ ગુફાઓ છે. સમ્રાટ ખારવેલનો પ્રખ્યાત શિલાલેખ પણ અહીં જ છે.

મહિન્દ, સંઘમિત્તા : અશોકે પોતાનાં પુત્ર પુત્રી મહિન્દ્ર અને સંઘમિત્તાને બૌદ્ધ-ધર્મના પ્રચાર અર્થે સિલોન મોકલ્યાં હતાં તેનો અહીં ઉલ્લેખ છે.

પૃ. ૨૫૫ વાઇકિંગ : ઉત્તરસમુદ્રમાં ૮ માથી ૧૦ મા સૈકા દરમ્યાન ચાંચિયાગીરી કરનારા લોકો એ નામે ઓળખાતા હતા.

ઉત્તરધ્રુવ તરફ : અંગ્રેજ, ફ્રેન્ચ અને ડચ ખલાસીઓએ ઉત્તર ધ્રુવ તરફ થઈને આવવાના પ્રયત્ન કરેલા પણ નિષ્ફળ ગયેલા.

અમેરિકા તરફ : કોલંબસ વગેરે.

આફ્રિકાની અવળી પ્રદક્ષિણા કરી : વાસ્કો ડી ગામા વગેરેએ.

લક્ષ્મીનો પિતા : પુરાણોમાં સમુદ્રને લક્ષ્મીનો પિતા કહેલો છે કારણ લક્ષ્મી સમુદ્રમાંથી નીકળી હતી. અહીં એનો લાભ લઈને દરિયો ખેડતાં પ્રાપ્ત થતી લક્ષ્મીનો અર્થ સૂચવ્યો છે.

પૃ. ૨૫૬ સિંગાપુર : મલાયા દ્વીપકલ્પને દક્ષિણ છેડે આવેલો ટાપુ. એ અને એની બાજુના કેટલાક ટાપુઓ મળીને 'ક્રાઉન કોલોની ઑવ સિંગાપોર'ને નામે ઓળખાય છે. એનું મુખ્ય શહેર સિંગાપોર અગ્નિ એશિયાનું મુખ્ય બંદર અને બ્રિટિશોના નૌકાદળનું મહત્ત્વનું કેન્દ્ર છે. વિમાની વ્યવહારનું પણ એ કેન્દ્ર છે. એનો મુખ્ય વેપાર રબર, કલાઈ, કૉફી અને ફળોનો છે. ૧૯૪૨–૪૫ના ગાળામાં એ જાપાનના કબજામાં ગયું હતું. એની વસ્તી ૧૯૫૧માં લગભગ સાડા દસ લાખની હતી.

આલ્બની : પશ્ચિમ ઑસ્ટ્રેલિયાનું બંદર. એનો મુખ્ય વેપાર ખેતીની અને એવી જ બીજી પેદાશોનો છે. એની વસ્તી ૧૯૪૭માં આશરે પંદર હજારની હતી.

सर्वे सन्तु निरामयाः । આખો શ્લોક આ પ્રમાણે છે :

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।

सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखम् आप्नुयात् ।।

[અહીં સૌ સુખી રહો, સૌ નિરામય = નીરોગી રહો, સૌ ભદ્ર જુઓ, કોઈ દુઃખ ન પામો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-3 DEC 1966

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનસંસ્કૃતિ

સમાજ અને સંસ્કૃતિવિષયક લેખોના આ સંગ્રહમાં લેખકે સમાજના પ્રકટ તથા ગૂઢ સવાલોનું પોતાનું ઊંડું નિરીક્ષણ તથા સંસ્કૃતિરક્ષણ અને આદર્શસિદ્ધિનું દર્શન ગાંધીજીની સર્વોદયકારી ફિલસૂફીની કસોટી પર કસી જોઈને રજૂ કર્યું છે.

કિં. રૂ. ૫–૦–૦ ટપાલરવાનગી ૧–૦–૦

માનવી ખંડિયેરો

શ્રી પેરી બરજેસની 'હુ વૉક એલોન' નામની એક રક્તપિત્તિયાની આત્મકથારૂપે લખાયેલી નવલકથાનું શ્રી કિશોરલાલભાઈ સાથે મળીને કરેલું ભાષાંતર.

શ્રી નેત્રમણિભાઈને

શ્રી નેત્રમણિભાઈને લખેલા આરોગ્ય, અધ્યાત્મ તથા જીવનના બીજા પ્રશ્નોની ચર્ચા કરતા અંગત પત્રોનો સંગ્રહ.

કિં. રૂ. ૦–૧૪–૦ ટપાલરવાનગી ૦–૪–૦

જીવનપ્રદીપ

લેખકના ગીતા ઉપરના નિબંધોનો આ સંગ્રહ ગીતાને સમજવાની ઇચ્છા રાખનારને ઉપયોગી થઈ પડશે.

કિં. રૂ. ૨–૦–૦ ટપાલરવાનગી ૦–૮–૦

संकलिता भगवद्गीता

આમાં ગીતાના શ્લોકોનો ક્રમ બને એટલો જાળવી વિષયોના વિવેચનને અનુસરીને તેમને ચોપન અધ્યાયોમાં વહેંચી દીધા છે, અને અધ્યાયોનાં નામ નવાં આપ્યાં છે.

કિં. રૂ. ૧–૪–૦ ટપાલરવાનગી ૦–૫–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનો આનંદ — કિં. રૂ. ૪-૦-૦ ટપાલરવાનગી ૦-૧૩-૦

[સુધારેલી વધારેલી ત્રીજી આવૃત્તિ]

કાકાસાહેબના કળા અને કુદરત વિષયક આ લેખો વાચકને પ્રતીતિ કરાવશે કે જો મનુષ્ય દૃષ્ટિ કેળવે તો તેની આસપાસ પથરાયેલી કુદરતનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોનાં દર્શન અને નિરીક્ષણમાંથી તે અખૂટ આનંદ લૂંટી શકે, તથા કુદરતની રોજિંદી ઘટનાઓમાં પણ જે નિર્વ્યાજ સૌન્દર્ય અને આનંદ છુપાયેલાં પડ્યાં છે તે માણવાની ચાવી સહેજે હાથ કરી શકે.

રખડવાનો આનંદ — ૪-૦-૦ — ૦-૧૩-૦

[જીવનનો આનંદ : ભાગ ૨]

આ પુસ્તકમાં અખંડ પ્રવાસી લેખકે પોતાના અનેક પ્રવાસના જાતજાતના અનુભવો અને દેશદર્શનથી પોતાને થયેલો અનેકવિધ આનંદ પોતાની લાક્ષણિક શૈલીમાં વ્યક્ત કર્યો છે.

હિમાલયનો પ્રવાસ — ૧-૮-૦ — ૦-૮-૦

આ યાત્રાવર્ણનમાં કાકાસાહેબ કુદરતની વિવિધ રંગલીલા અને લોકદર્શનનું કાવ્યમય બયાન આપવા સાથે ધર્મના રહસ્યને સમજવા માટેની એક નવી જ ભૂમિકા રચી આપે છે. ભારતવર્ષનાં ધર્મ, કલા, સમાજ, સંસ્કૃતિ, શિક્ષણ—એમ અનેક અંગોને તેઓ પોતાના વિશિષ્ટ દૃષ્ટિકોણથી સ્પર્શે છે.

બ્રહ્મદેશનો પ્રવાસ — ૦-૧૦-૦ — ૦-૪-૦

લેખકે કરેલા બ્રહ્મદેશના પ્રવાસનું બયાન. લેખકની નવી પ્રસ્તાવના તથા શ્રી નગીનદાસ પારેખના ટિપ્પણ સહિત.

પૂર્વ આફ્રિકામાં — ૩-૦-૦ — ૦-૧૦-૦

લેખકે પૂર્વ આફ્રિકાના પ્રવાસના આ વર્ણનમાં દેશના ભૌગોલિક અને પ્રાકૃતિક સૌન્દર્યના અને પ્રવાસના વિવિધ અનુભવોના વર્ણન ઉપરાંત ત્યાંનાં વિવિધ પ્રશ્નોની છણાવટ અને તેના ઉકેલની દિશાનું માર્ગસૂચન પણ કર્યું છે.

સ્મરણયાત્રા — ૨-૦-૦ — ૦-૯-૦

આ પુસ્તકમાં લેખકે પોતાના છથી અઢાર વર્ષ સુધીના જીવનના વિવિધ પ્રસંગોને રસિક અને કલાત્મક રીતે આલેખ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar